


આનંદ.





अर्पणपत्रिका.

"धर्मः कीर्तिर्द्वयं स्थिरम्"

શ્રી કચ્છી દશાઓશવાળ જૈન જ્ઞાતિના અગ્રેસર નાયક.

સ્વર્ગવાસી શેઠ નરશીં નાથા,

આપ મહાનુભાવ, આખી કચ્છીદશા ઓશવાળ જ્ઞાતિના મુગટમણિ હતા આપનું દ્રવ્યશરીર અદૃશ્ય થયું છે, તથાપિ આપનુ યશ શરીર ભાવરૂપે ભારતીય જન-સમાજમા ચિરકાળ સ્થાયી રહેલુ છે આપની ધાર્મિક ઉદારતા અને અને જન હિ-તકારી સખાવત અપ્રતિમ હતી, જેના પ્રભાવથી આપને નામે અદ્યાપિ આખી જ્ઞાતિ સર્વ સ્થળે ઓળખાય છે. આપ સ્વજ્ઞાતિજનના ઉદ્ધારને માટે સદા હૃદયથી પ્રેરાયા હતા. આપ જીવનના આરભથી તે અંત સુધીમા સ્વધર્મ, સ્વજ્ઞાતિ, સ્વદેશ અને સાધર્મિવાત્સલ્યમા સ્નેહ તથા આદરયુક્ત રહ્યા હતા, અને શ્રાવક ધર્મને આ-ચરવામા પૂર્ણ કળાને પામ્યા હતા. એવા આપ મહાશયનો આત્મા કે જે પરમાનદરૂપ પરલોકના માર્ગનો પથિક બન્યો છે, તે આત્માનુ સતત સ્મરણ કરવા માટે આ **આનંદ મદિર** નવલ કથાનો દ્વિતીયાવતારરૂપ ગ્રથ તેને અર્પણ કરી અમે કૃતાર્થ થઇએ છીએ.

અમે છીએ,

આપના જ્ઞાતિબધુ તનુજો,

શ્રી જૈનધર્મ વિદ્યા પ્રસારક વર્ગના,

વ્યવસ્થાપકો.



प्रस्तावना

(દ્વિતીયાવૃત્તિની.)

શ્રી જ્ઞાનવિમલસૂરિની રસ—વાણીમાંથી ઉદ્ભવેલો આ ગ્રંથ જૈનવર્ગને અતિ પ્રિય થઇ પડવાથી તેની આ દ્વિતીયાવૃત્તિ કરવાનો પ્રસંગ સમય આવેલો છે તે ઉપરથી આ ગ્રંથની મહત્તા અને ઉપયોગિતા કેટલી છે? તે સર્વને વિદિત કર્યા વિના રહેશે નહીં

આ ગ્રંથના દ્વિતીયાવતરણમાં કેટલીએક સુધારણા કરી તેના પ્રથમના સ્વરૂપને પ્રતિહત કર્યા શિવાય વિશેષ અલંકૃત કરવામાં આવેલું છે ધર્મ અને નીતિના શિક્ષણથી ભરપૂર એવા આવા ચરિતાનુયોગના ગ્રંથો પ્રગટ કરવાથી અનેક પ્રકારના લાભ પ્રાપ્ત થાય છે. તેની અંદર જીવનના ઉચ્ચ પ્રદેશનું જે વર્ણન કરવામાં આવે છે, તે ધાર્મિક બોધ સાથે આ સંસારની ઉપાધિમાં શાંતિપ્રદ થઇ પડે છે, અને આધિવ્યાધિથી ભરેલા અંતઃકરણને હલાવાને શક્તિમાન્ થઇ શકે છે

જૈન કવિઓની ભાવના પ્રાયે કરીને વૈરાગ્ય અને સંયમ ભાવમાં પર્યવસાન પામે છે, તથાપિ તે અદ્ભુત રસ સાથે સાંસારિક પ્રવર્त्तनમાં સારી સુધારણા કરી શકે છે કલ્પના સાથે વર્ણવેલી માનસિક પ્રકૃતિ વિષે વિવેચન કરી વિજ્ઞાન અને ઉપાય જ્ઞાનની બે શક્તિઓને ખીલવવાને જૈન કવિઓની કાવ્ય રચના અનુપમ હોય છે. તે ધર્મના અંગભૂત, દાન, શીળ, તપ અને ભાવને તેઓ ઉત્તમ પોષણ આપે છે એવા જૈન અનગાર કવિના હૃદયના સંગીત રૂપે રચાએલા કાવ્ય ઉપરથી ઉપજાવેલી આ નવલ કથા ભાવના તથા ભાષાની શક્તિથી અલંકૃત કરી બાહેર પાડતાં જૈન વાચકવર્ગને વિશેષ લાભ થયો છે અને તેમની મનોભાવનાને ઉત્તેજક કરવાને આ નવલ કથા સમર્થ થયેલ છે, એથી અમોને વિશેષ આનંદ થાય છે અને એ આનંદની ઉદીરણાથી આ દ્વિતીયાવૃત્તિ પ્રગટ કરવા નેઅમો ઉત્સાહિત થયા છીએ.

સાંપ્રતકાળે નવીન કેળવણીના પ્રભાવથી લોકોની પ્રીતિ પદ્યકાવ્યના કરતાં ગદ્યકાવ્ય વાંચવા ઉપર વિશેષ પ્રવર્ત્તી છે તેમાં પણ નવલ કથાની પદ્ધતી વાંચકોના હૃદયને વધારે આકર્ષે છે અને દ્રવીભૂત કરી શકે છે, તેથી પ્રાચીન રાસ કાવ્યો ઉપરથી આવી નવી યોજના કરવાની અમારી પ્રવૃત્તિ થાય છે, જે પ્રવૃત્તિમાં આ **આનંદ મંદિર** નવલ કથાએ અમને આનંદ સહિત વિશેષ પ્રોત્સાહિત કર્યા છે અને તે ઉત્સાહને લઇને અમે રાસ ઉપરથી આવી આવી નવલ કથાઓ રચાવી ક્રમવાર બાહેર પાડવાનો નિશ્ચય કર્યો છે. આ ગ્રંથની પ્રથમાવૃત્તિ બહાર પડતા વિદ્વાન્ મુનિ મહારાજાઓ અને ગૃહસ્થોએ પોત પોતાના વાક્ ચાતુર્યના વચનોમાં આ ગ્રંથની ભારે પ્રશંસા કરી છે અને આ નવલ કથાની યોજનાની મનોહરતા તરફ પૂર્ણ પ્રેમ દર્શાવ્યો છે. તેથી અમો અમારા આશ્રમનું પૂર્ણ રીતે સાફલ્ય માનીએ છીએ અને અમારા ઉત્સાહને વૃદ્ધિ કરાવનારા એ વિદ્વાનોનો અમે પૂર્ણ આભાર માનીએ છીએ

છેવટે આવા આવા ઉત્તમ ગ્રંથોથી જૈનસાહિત્યને વધારવામાં તથા ખીલાવવામાં પૂર્ણ

ઉત્તેજન આપનારા અમારા કચ્છી જૈન ગૃહસ્થોનો અમારે અંતઃકરણપૂર્વક આભાર માનવાનો છે, કે જેમની સહાયથી ધાર્મિક તથા સાંસારિક બોધથી ભરેલા આવા આવા ગ્રંથરત્નો જૈન સાહિત્યમાં વધારવાને અમે શક્તિમાન્ થયા છીએ. અમારા જૈન ભાઈઓની જૈનસાહિત્ય પ્રતિની આવી ઉત્તમ પ્રકારની પ્રીતિ જોઈ અમને હમેશાં આનંદ ઉપજે છે અને એજ આનંદના ઉભરામા અમે આવા કાર્યો કરવાને સદા પ્રવર્તીએ છીએ

સંવત્ ૧૯૬૪ શ્રાવણ શુક્લ પંચમી	શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ, પાલીતાણા.



છપાય છે!   છપાય છે!!   છપાય છે!!!

" પાંડવ પ્રબોધ. "

આ ગ્રંથ મૂળ પાડવ ચરિત્ર ઉપરથી રસોત્પાદક ભાષાથી લખાએલ છે મૂળ ભાવાર્થને કાયમ રાખી કેવળ તેને અલંકૃત કરવામા આવેલ છે. પાડવ ચરિત્રના પુસ્તકો **ન** મળવાથી એટલે ખલાસ થવાથી જનસમાજમા કેટલાક ભાઈઓના તેના પ્રતિ સંપૂર્ણ વાચવાની લાગણી હોવાથી તેવા બંધુઓને લાભ થાય માટે આ જુદી પદ્ધતિથી લખાએલ છે. આધુનિક સમયના ઉછરતા યુવાનોને મીઠાશ આવે એટલા માટે અનુભવી લેખક પાસેથી લખાવા છપાવવાનો અમે **પ્ર**યાસ કર્યો છે. તો દરેક જૈનબંધુએ આ ગ્રંથ ખરીદ કરી કૃતાર્થ થવું એજ ભલામણ છે.   અસ્તુ.

"શ્રાવકસંસાર"

આ પુસ્તક એવી પદ્ધતીથી લખાએલ છે કે, આજ કાલમાં ચાલતા કુધારાને તદ્દન તાદૃશરૂપે બતાવી તેનો તિરસ્કાર કરવામાં આવેલ છે.

શ્રાવકનો સંસાર કેવી રીતે સુધરે? અથવા કેવી રીતે સંસ્થિતિમાં આવે?તેના માટે આ પુસ્તકમાં બહુજ સરસ ચિતાર છે. કન્યાવિક્રય, બાળલગ્ન, વૃદ્ધવિવાહ અને બીજા પણ ઉપયોગી વિષયો લઇ આ ગ્રંથને અલંકૃત કરવામાં આવેલ છે.

આજકાલના જમાનાને અનુસરતા બંધુઓને આ લેખ બહુ પ્રિય થઈ તેમને પ્રશંસા પાત્ર બની શકે તેવું છે. તો આ અમૂલ્ય તક ન ગુમાવતાં તેના પ્રતે ગ્રાહક ભાવ ધરી તમારા અનુપમ સંસારને અનુપમજ કરશો એવી આશા છે.

"ઉત્તમકુમાર નોવેલ."

આ પુસ્તક રાશ ઉપરથી ગદ્યરૂપે સરલ ભાષામાં લખાએલ છે. પ્રાચીન સમયમાં કેવા પુરૂષો ધીરવીર હતા તેના માટે આધુનિક સમયના આવા ચરિત્રો આપણને સંપૂર્ણ પુરાવા આપે છે.

ચરિત્રોનો હેતુ એવો છે કે, આદર્શની જેમ આપણે પોતામાં રહેલા અવગુણ જોઈ શકીએ તેના માટે આવા પુરૂષોના ચરિત્રોજ બસ છે. માટે પોતાનું જીવન સન્માર્ગે દોરવાને આ પુસ્તક વાચવા અમો વાચક બંધુને ભલામણ કરીએ છીએ.

તત્વ ચિંતામણી

યાને

શમ અને મોહનો સંવાદ



આ ગ્રંથને એક અપૂર્વ પદ્ધતીથી રચવામા આવેલ છે. જેનો અનુભવ વાંચવાથી થઇ શકે તેમ છે. શમ તથા મોહને પાત્ર બનાવી તેનો પક્ષ વિપક્ષનો સંવાદ ચાલે છે. શમ પોતાનો પક્ષ સિદ્ધ કરે છે. અને મોહ પોતાના પક્ષને દઢીભૂત કરે છે.

આ ગ્રંથ શાન્તિ ઇચ્છક પુરૂષને વાંચવા લાયક છે માટે તેવો લાભ દરેક બંધુએ લેવો એવી અમારી પ્રાર્થના છે.

શ્રાવિકા ભૂષણ તૃતીય અલંકાર.

આ ગ્રંથના બે અલંકારો અમારા તરફથી જન સમાજ સમક્ષ પ્રસિદ્ધ થએલ છે. કેટલાક બંધુઓ તથા બહેનો તરફથી વિશેષ આગ્રહ થવાથી અને અમારી પણ તેવા પ્રકારની ઇચ્છા હોવાથી આ ત્રીજું અલંકર પ્રગટ કરેલ છે. શ્રાવિકાને શણગારવા માટે આ ખરેખર અલંકરજ છે એમ કહીએ તો ચાલે માટે આ સત્ય અલંકારને ખરીદ કરવા ચુકશો નહીં.

મળવાનું ઠેકાણું.

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ.

પાલીતાણા.

તેનુ મહાત્મ્ય પ્રગટ કરવાથી ધાર્મિક લોકોની ધર્મ શ્રદ્ધા વૃદ્ધિ પામે છે, તે સાથે સાંસારિક ઉન્નતિના કારણભૂત નીતિના માર્ગનું સારી રીતે અવલોકન થાય છે, એ ઉપરથીજ આ આનંદ મંદિરની યોજના ઉદ્ભવ પામેલી છે આ નવલકથા શ્રીચંદ્ર કેવળીના રાસ ઉપરથી લખાએલી છે. એ રાસની કથા જૈન પ્રજામાં સારી રીતે પ્રખ્યાત છે. તેની રચના, મૂળ સંસ્કૃત અને માગધીમાંથી ઉદ્ભવી છે. એ રાસના કર્ત્તા શ્રી જ્ઞાનવિમળસૂરિ છે. સામાન્ય લોકોના ઉપકારને માટે તેમણે મૂળ ગ્રંથનું પ્રાકૃત ભાષામા અવતરણ કરેલું છે. એ સુબોધક અને સિક્ષણ લેવા લાયક લેખ ઉત્કૃષ્ટ ઉદ્દેશથી અને ઉદાર વૃત્તિથી વિવિધ પદ્યોમાં લખાએલો છે. મૂળ લેખજ ધર્મ અને નીતિના શિક્ષણના પાઠોથી ભરેલું હોવાથી રત્નને સુવર્ણનો યોગ થતાં જેમ તે વધારે દીપી નીકળે તેમ તે ઉપરથી રચી કાઢેલ આ નવલકથાનો આકાર વધારે દીપી નીકળશે, એવું ધારીને આ અભિનવ યોજના કરવામાં આવી છે.

'આનંદ મંદિર' એ નામ ઉપજાવેલું નથી, પણ તેનું મૂળ નામ છે વાચકને ધાર્મિક અને સાંસારિક પ્રસંગ વાચતાં આનંદ આવે તેવા વિષયોની તેમા યોજના કરેલી છે, તેથી એ નામ સર્વ રીતે સાર્થક થાય તેવું છે. આનંદમાં પ્રાણી માત્રની સ્વાભાવિક ઇચ્છા છે, એટલુંજ નહીં, પણ તે આનંદની અભિલાષામાં નિર્દોષ અને પ્રશંસનીય હેતુ હોવાની જરૂર છે. અધમ અથવા અયોગ્ય આનંદનું નામ આનંદ નથી, નીતિથી નિર્મળ ધર્મારાધનની ઇચ્છાઓની તૃપ્તિ એનું નામજ આનંદ છે. એ આનંદમાં પવિત્ર ઇચ્છાઓમાં શુદ્ધ મન અને શરીરનું આરોગ્ય, સતી સ્ત્રી, અને સુશીલ સંતાનો, તથા ઉત્કૃષ્ટ અને અભિવંદનીય અભિલાષાઓની પ્રાપ્તિ, એટલાં વાનાંનો સમાવેશ થાય છે. એ બધો આનંદ આ નવલકથાનાં મુખ્ય અને બીજાં પાત્રોમાં સ્પષ્ટ રીતે દેખાય છે, અને એ આનંદ મેળવવાંના ઉત્તમ માર્ગ બતાવવો, એજ આ ગ્રંથનો મુખ્ય ઉદ્દેશ છે. આ ગ્રથ સુકૃતની શ્રેણીના ફળને અનુભવનારા પાત્રોના આકારમાં લખાએલો હોવાથી તે વધારે અસરકારક થઇ પડશે. મળ પાત્રોને ઉદ્દેશીને ગુણાનુસાર સુધારો વધારો કરી, આબિલ તપના પ્રભાવને દર્શાવી, વધારે સુબોધક અને સુશોભિત કરવા બનતો પ્રયાસ કરેલો છે, પણ તે કેટલે અંશે સફળ થાય છે, તે હવે જોવાનું છે.

ગ્રંથના મુખ્ય મુખ્ય વિષયોને પ્રસંગે જે જે સુબોધક અને અસરકારક ગાથાઓ શ્લોકો અને કાવ્યો તે પ્રસંગને યોગ્ય જોવામા આવ્યાં, તે મૂળ ગ્રંથમાંથીજ ઉતારો કરી મુકેલા છે. જેથી તે ભાગ મૂલ ગ્રંથના સમગ્ર ભાવનું સૂચન કરનારો થઇ પડશે

મૂળ રાસ ગ્રંથના કર્ત્તા શ્રી જ્ઞાનવિમળસૂરિ વિક્રમ સંવત ૧૭૭૦ માં વિદ્યમાન હતા, તેમણે આ આનંદ મંદિર રાસ શંખેશ્વરપુરમાં આરંભી ત્યાંજ સમાપ્ત કર્યો હતો. માઘ માસની શુક્લ તેરશને દિવસે પુષ્યાર્કના યોગમાં ચડતે પોહોરે સર્વ મુનીઓની તથા સંઘની સમક્ષ તે ગ્રંથને પ્રમાણ કરવામાં આવ્યો હતો આ વૃત્તાંતની સાથે પોતાની ગુરૂ પટ્ટાવલીનો ક્રમ તે ગ્રંથની છેલ્લી ઢાળમાં ગ્રંથકારે સારી રીતે દર્શાવેલ છે.

છેવટે જ્ઞાન, દર્શન અને ચરિત્રના પ્રભાવને પ્રગટ કરનાર આ ચરિત્રનો લેખ સર્વ સાધર્મિ બંધુઓના વાચવામાં આવે. અને તેથી કરીને તેમનામાં સાંસારિક ઉન્નતિની. અનુભવ સિદ્ધ ધર્મ કાર્યની, નીતિના નિર્મળ બોધની અને આત્મજ્ઞાનની ભાવનાઓ સ્ફુરિત થાય, તેમજ પોતાના ઉચ્ચ આશયોનું અને મહાનુભાવ સમકિતનું પહા બળ પ્રગટ થાય, એવા શુભ ઇરાદાથી આવા ચરિતાનુયોગના ગ્રંથોને નવલકથા દ્વારા પેહેલી આવૃતિ પ્રગટ કરવામાં પૂર્ણ સહાય આપનાર **સ્વર્ગવાસી બાઇ લીલબાઇના પતિ** શેઠ **લક્ષ્મીચંદ ધનજીને** સંપૂર્ણ ધન્યવાદ ઘટે છે, તેવા ધાર્મિક ગૃહસ્થનું અનુકરણ કરી પ્રાચીન જૈન સાહિત્યને ઉત્તમ અને વિસ્તીર્ણ બનાવવા માટે બીજા પણ સ્વધર્મ પ્રેમી જૈન ગૃહસ્થો વિશેષ ઉમંગી થશે, તો ભારત વર્ષની જૈન પ્રજા પોતાના ધર્મના ઉદયગિરિપર સત્વર આરૂઢ થવાની આશા બાંધશે.

"તથાસ્તુ."



अनुक्रमणिका.



જાહેર ખબર.

તૈયાર છે !　　　　તૈયાર છે !!　　　　તૈયાર છે !!!

શ્રાવિકાના સત્ય અલંકારો.

સદ્ગૃહસ્થો! આ હેડીંગ તમોને આશ્ચર્યકારી કાંઈ પણ થઇ શકશે નહીં. કારણકે. આનો ભાવાર્થ તમો જુદોજ સમજી શકશો. સત્ય આભૂષણ, એટલે સર્વથા હિતકારી અને નિર્ભયકારી કહેવાય છે. તે શાથી મળે? તેને માટે અમારા તરફથી "શ્રાવિકાભૂષણ" નામે પુસ્તક બહાર પડેલ છે. જેને માટે કેટલાક સારા વિદ્વાનોના સંતોષકારક અભિપ્રાય મળેલ છે. આજકાલના શ્રાવકસંસારને સુધારવાને આ પુસ્તક અદ્વિતીય છે.

આ ગ્રંથના જુદા જુદા અલંકારો ગોઠવેલા છે. તેમાં વિવિધ પાત્રો ગોઠવી હાલના જમાનાને તથા પ્રાચીન કાળને અનુસરીને સારા વિદ્વાનના હાથથી લખેલ છે.

આ પુસ્તકના બે અલંકારો અમોએ અમારી જૈનપ્રજાની સમક્ષ મુકેલા છે. અને તૃતીયાલંકાર થોડા વખતમાં બહાર પાડવા ભાગ્યશાળી થઇશું.

દરેક શ્રાવકો પોતાની યથાશક્તિ સૌવર્ણાદિકના અલંકારો પોતાની ગૃહીણીને માટે ખરીદ કરે છે. પણ તેમણે જાણવું જોઇએ કે, જ્યાંસુધી આવા અલંકારો તેઓને આપવામા આવતા નથી, ત્યાંસુધી સુવર્ણના ભૂષણો શોભી શક્તા નથી માટે દરેક વીરપુત્ર. આ અલંકારો ખરીદ કરી તેમાંથી સાર ગ્રહણ કરી ભાગ્યશાળી [illegible] શકશે.

નોંધ. આ ગ્રંથ મોટો છે. પણ તેને જુદા ભાગે વેચવાથી તેની કીંમત પણ ઓછી રાખેલ છે. માટે આ અમૂલ્ય અલંકાર ખરીદવા ભલામણ છે.

પ્રથમાલંકાર દ્વિતીયાવૃત્તિ રૂા. ૦-૧૨-૦

દ્વિતીયાલંકાર રૂા. ૧-૦-૦

વાંચીને વિનોદ પામો.

તત્વને જાણવાની દરેકને સ્વાભાવિક ઈચ્છા હોય છે, પણ તેની શોધ કરવી તે કર્ત્તાને આધીન છે.

આજકાલ તત્વેચ્છુ પુરૂષો વધારે જોવામાં આવે છે. પણ તેમને તેવા પ્રકારનાં સાધનો થોડે અંશે મળવાથી તેઓ આગળ વધી શકતા નથી આવા હેતુથી જનસમાજના હિતાર્થે અમારા તરફથી "તત્વાભૂમિમા પ્રવાસ" એ નામનું પુસ્તક બહાર પડ્યું છે. જેની અંદર વિદ્વાન્ કવિ બનારસીદાસના પદ્યો તથા તેનું ભાષાંતર સ્પષ્ટપણે બતાવવામા આવ્યું છે. પ્રસંગે બોધક શ્લોકો વિગેરેથી પણ આ ગ્રંથ અલંકૃત છે, ભાષા મધુર અને સરલ છે વાચકવૃંદને પ્રિય થાય અને તેઓ વાચી વિનોદ પામે તેટલા માટે આ ગ્રંથ ચાળીશ ફારમનો છતાં પણ તેની કીંમત જુજ રાખવામાં આવી છે.

આ પુસ્તક તત્વેચ્છુને વધારે પ્રિય થઇ પડે તેમ છે, માટે જેમને મંગાવવું હોય, તેઓએ નીચેના શીરનામે પત્ર લખી જણાવવું.

પાકું પુંઠું ૧—૨—૦ કાચું પુંઠું ૦—૧૪—૦

પ્રાચીન જૈન મહાસતીઓના ચમત્કારી ચરિત્રથી સુશોભિત.

"જૈન સતી મંડળ ભાગ ૧ લો."

આ ગ્રંથ શ્રાવિકાઓને સચ્ચરિત્રપર પાથવામા સહાયભૂત થઇ શકે, આધુનિક અને પ્રાચિન, આર્ય ભૂમિની સ્થિતિનો ચિતાર દર્શાવનાર અને વાચકના હૃદયને ઉત્તેજિત કરનાર છે, આજકાલની શ્રાવિકાઓ પ્રાચીન મહાસતીઓના અદ્ભુત આચરણ વાંચી, પોતે પણ તેવાં બને, એવા હેતુથી માનવજીવન સુધારક માટે આ પુસ્તકની તેઓએ સહાયતા લેવી. આ ગ્રંથ ત્રીશ ફારમનો છતાં અમારી શ્રાવિકા બ્હેનોને ખરીદ કરવામાં અડચણ ન આવે, તેટલા માટે તેની સાધારણ કીંમત રાખવામાં આવી છે.

પાકું પુંઠું રૂ. ૧—૮—૦ કાચું પુંઠું રૂ. ૧—૦—૦

"શ્રાવિકા સુબોધ દર્પણ."

વ્યવહારોપયોગી

આ પુસ્તક દરેક સ્ત્રીને વાંચવા લાયક છે. સ્ત્રીએ કેવી રીતે ઘરવ્યવહાર ચલાવવા તથા તેમાં નડતી અડચણો શાથી દૂર થાય? એ મુખ્ય બાબત સ્ત્રીને પ્રથમ જાણવાની છે, પોતાનાં બાળબચ્ચાંઓને શી રીતે ઉછેરવાં તથા તેમની મગજ શક્તિ અને શારીરિકશક્તિ શી રીતે વધે? તેઓને કયે અવસરે કઇ વસ્તુ પથ્ય છે? ઇત્યાદિ અનેક ઉપાયો બતાવવામાં આવ્યા છે. સગર્ભા સ્ત્રીએ કેવી રીતે વર્તવું? તથા ગર્ભની કેવી રીતે સંભાળ રાખવી? આ બાબત સવિસ્તર વર્ણવેલી છે બાળકનું શરીર કેમ તંદુરસ્ત રહે? અથવા તે કેમ બગડે તેના માટે શા ઉપાયો લેવા? વિગેરે ઘણું ધ્યાન આપેલું છે. આ પુસ્તક થોડી કીંમતે વધારે લાભકારક અવશ્ય થાય તેવું છે.


પાકું પુંઠું–રૂા ૦-૧૨-૦ કાચું પુંઠું–રૂા ૦-૮-૦

મળવાનુ ઠેકાણુ

શ્રી જૈન ધર્મ વિદ્યા પ્રસારક વર્ગ

પાલીતાણા.






आनंद मंदिर.



પ્રકરણ ૧ લું.

અજાણ્યો મુસાફર.



સ ધ્યાન્હ કાળ વીતી ગયો હતો, ગગનમણિ તરણિએ પોતાનો દિવ્ય રથ પશ્ચિમ દિશા તરફ ઉતાર્યો હતો, કાર્ય સ્થાનમા મશલતો ચાલતી હતી, રાજ સેવકો દિવસના કર્ત્તવ્યમાથી મુક્ત થવાની તૈયારી કરતા હતા, વ્યવહાર માર્ગનો મહા પ્રવાહ બધ પડવાની તૈયારી માટે ઉન્મુખ થવા તત્પર હતો, રાજકીય કાર્યમાથી નિવૃત્ત થવા તત્પર થયેલા અધિકારીઓ સાયકાળના સ્વતંત્ર આનદ માટે હૃદયમાં ઉમગ રાખતા હતા, ઉદ્યોગ કરવા બાહેર ગયેલા પતિઓના સમાગમ માટે રાહ જોઇ રહેલી રમણીઓ અનેક સંકલ્પ વિકલ્પ કરતી હતી. આ વખતે એક મુસાફરે આવી કોઈ યોગ્ય પુરૂષને પુછ્યું, ભદ્ર ! આ નગરીનું નામ શું છે ? અહી રાજા કોણ છે ? રાજાને શી પ્રજા છે ? અને તેમનુ રાજ્ય કેવુ છે ? આ પ્રશ્ન સાભળતા તે પુરૂષ બોલ્યો—ભાઇ ! આ નગરીનુ નામ **કુશસ્થલી** છે. કેટલાએક **કુશાવર્ત્ત** એવા નામથી પણ ઓળખાવે છે. આ નગર ભરતખંડમાં પ્રખ્યાત છે વિદ્વાન્ કવિઓ આ નગરીની આગળ ઇદ્રની **અમરાવતી**-ને પણ હલકી ગણે છે તેની સુદર શોભા જોવાને દૂર દેશના પુરૂષો આવે છે. આ નગરીમા **પ્રતાપસિહ** નામે રાજા છે તે મહા પ્રતાપી રાજા પરોપકારમાં અગ્રેસર છે, પરધનને લેવામાં પંગુ છે, બીજાના ગુણ કહેવામાં બાહોશ છે, અન્યના દોષ કહેવામાં મુગો છે, અને પોતાના દોષ જોવામા હજાર નેત્રવાળો છે એ ન્યાયી રાજા હમેશા સાત ક્ષેત્ર અને સુપાત્રમાં દ્રવ્યને આપે છે કેશરીસિહની ગર્જનાથી જેમ ગજેદ્રની ઘટા નાશી જાય, તેમ રાજા પ્રતાપનુ નામ સાભળી શત્રુઓ નાશી જાય છે. એ તેજસ્વી મહારાજાની રાજ્ય સમૃદ્ધિ મોટી છે. તેના રાજ્યમા દશ લાખ શહેર છે, દશ લાખ તેજદાર ઘોડાઓ તેની અશ્વશાળામા હેપારવ કરે છે, હાથી અને રથની સખ્યા દશ હજારની છે તેના રાજ્યમા એક કરોડ પેદલ છે, સામત અને તેના અંગ રક્ષકો મહારાજા પ્રતાપ પ્રત્યે પૂર્ણ વફાદાર છે ભદ્ર ! વધારે શુ કહેવુ ? એ મહારાજાના

પ્રતાપ આગળ લજ્જા પામી સૂર્ય સર્વદા ગગન મંડળમાં ભમ્યા કરે છે, અને ઉદયાસ્ત પામ્યા કરે છે.

એ મહાનુભાવ પ્રતાપસિંહ રાજાના અંતઃપુરમાં પાંચસો રાણીઓ છે. તે સર્વમાં અતિ પ્રિય **જયશ્રી** નામે તેને પટરાણી છે. તેના ઉદરથી કાંતિથી પ્રકાશમાન ચાર પુત્રો થયેલા છે. જેઓનાં **જય, વિજય, અપરાજિત અને જયંત** એવા નામ છે. ભદ્ર ! આ પ્રમાણે આ નગરનો મહારાજા પ્રતાપસિંહ સંપૂર્ણ ભાગ્યથી પરિપૂર્ણ છે. એના ન્યાયી રાજ્યમાં પ્રજા સુખી છે. સર્વ પોતપોતાના ધર્મમાં પ્રવર્ત્તે છે. ચોર, દુષ્ટ, કપટી, અને દુરાચારી લોકો આ નગરમાં પેશી શકતા નથી. પ્રતાપનું પ્રતાપી નામ સાંભળતાંજ તેઓ કંપી ચાલે છે. આ સર્વ હકીકત સાભળી તે પુરૂષ ખુશી થયો. તેણે આ વૃતાંત કહેવા માટે તે પુરૂષનો ઉપકાર માન્યો, અને બંને પૂર્ણ સંતોષ સાથે એક બીજાથી જુદા પડયા.

આ વૃતાંત પુછનાર પુરૂષ **વરદત્ત** નામે એક મુસાફર વ્યાપારી છે. તે વ્યાપાર માટે વિવિધ દેશમાં ફર્યા કરતો હતો, વિદેશના કૌતુકો જોવાનો તેને શોખ હતો. તે વરદત્ત વ્યાપારી, રાજા પ્રતાપસિંહના ગુણ અને તેના રાજ્યની જાહોજલાલી સાભળી, પ્રતાપસિંહને મળવા ઉત્સુક થયો આવા ગુણી રાજાના સમાગમથી પોતે કૃતાર્થ થશે, એમ માનવા લાગ્યો. તત્કાળ તેણે કુશસ્થલી નગરીમાં પ્રવેશ કર્યો. નગરીની સુંદર શેરીઓ, ધનાઢય લોકોની હવેલીઓ, અને વિમાન જેવા જિન ચૈત્યોને જોતો જોતો વરદત્ત રાજદ્વારનો માર્ગ પુછતો ચાલ્યો. રસ્તામાં અનેક કૌતુક જોવાથી હૃદય વિષે આનંદ પામતો વરદત્ત રાજ્યદ્વાર આગળ આવ્યો. પ્રતિહારને મોકલી, તેણે મહારાજાને ખબર આપ્યા. કૌતુકપ્રિય એવા પ્રતાપસિંહે તરતજ પાસે લાવવાની આજ્ઞા આપી. પ્રતિહાર સન્માન સાથે વરદત્તને નૃપતિની સભામા લાવ્યો વરદત્ત વિનયથી પ્રણામ કરી, આગળ બેઠો. તેના પ્રણામનો સ્વીકાર કરી, પ્રતાપસિંહ બોલ્યો—શેઠજી ! કયાં રહો છો ? અહીં આવવાનું શું પ્રયોજન છે ? તમારાં અંગ લક્ષણ ઉપરથી તમે કુલીન પુરૂષ દેખાઓ છો. વરદત્તે પુનઃ પ્રણામ કરી કહ્યું, મહારાજા ! હું વ્યાપારને પ્રસંગે વિવિધ દેશમાં ફરૂં છુ, આપની કૃપાથી મેં ઘણા દેશ જોયા છે. દરેક સ્થળે એક મુસાફર વ્યાપારી તરીકે હુ પ્રખ્યાત છું. વિવિધ દેશનાં કૌતુક જોવાનો મને બહુ શોખ છે મારૂં નામ વરદત્ત છે. મહીપાલે માન દૃષ્ટિ કરી, ફરીથી પુછ્યુ—વરદત્ત શેઠ ! કહો, તમે આ નગરી જોઇ હશે આ નગરીથી ચડીઆતી કોઇ નગરી તમારા જોવામાં આવી છે ? અથવા કાંઇ આશ્ચર્ય અવલોકયું હોય તો જણાવો વરદત્ત બોલ્યો—મહારાજા ! આપની સુંદર નગરી જોઇને મને અપાર આનંદ થયો છે, તથાપિ **દીપશિખા** નામે એક નગરી આથી પણ સુદર છે, એ નગરીથીજ હુ અહીં આવું છું. આ ભુવનમાં એ નગરી જોવા લાયક છે. એ નગરીની આગળ ઇંદ્રની અમરાવતી પણ કાંઇ બીસાતમાં નથી, તેની સુદર રચના અદ્ભુત છે, ઘરોની બાંધણી, મનોહર કિલ્લા, અને વિહાર સ્થળ અતિ અદ્ભુત છે, દરેક ભુવન વાસ્તુ શાસ્ત્રોના નિયમથીજ બાંધેલા છે, તેની બજાર, ચોક અને શેરીઓની રચના મનોહર છે,



જે જોતાંજ હૃદયમાં અનહદ આનંદ ઉપજે છે. તેની મધ્યમાં એક જિનેશ્વરનો રમણીય વિહાર આવેલો છે, નગરીના ચારે દરવાજાની આગળ દુકાનોની એક સરખી શ્રેણી રહેલી છે, નગરીની ચારે દિશાઓમાં ક્રમવાર વર્ણના ઘરો ગોઠવેલાં છે, ઇશાન દિશામાં રાજકુટુંબ રહે છે, અગ્નિ દિશામા વ્યાપારીઓ વસે છે, વાયુખુણમાં ક્ષત્રીયોના સ્થાન છે, અને નૈઋત દિશામા બીજી તમામ કોમના લોકો વસે છે. તેની બહાર એક કમળ શ્રેણીઓથી સુશોભિત પદ્મ સરોવર છે, ત્યાં પાષાણની સેતુઓ બાંધેલી છે, વાપિકા, કુવા, વાટિકા અને મનોહર સ્થળો તેની આસપાસ આવેલાં છે. મહારાજા! એ દીપશિખા નગરીનુ જેટલું વર્ણન કરૂં, તેટલુ થોડું છે. તે નગરી આપને જોવા લાયક છે. આપ મહારાજાને જો કૌતુક જોવાની ઇચ્છા હોય તો, તે નગરી જોવા અવશ્ય પધારવું. આપની સત્કીર્તિ સાંભળી હુ ખાસ આપ મહારાજાને નિવેદન કરવા આવ્યો છું.



પ્રકરણ ૨ જું.

માર્ગમાં.




સમર- મધ્યાન્હ કાળનો સમય છે, સરિતાના તીર ઉપર એક વિશાળ તંબુ ગોઠવ્યો છે, આસપાસ પહેરાગીરો નગ્ન શસ્ત્ર ધરી ઉભા છે, કેટલાએક સરિતામાં સ્નાન કરવા જાય છે, કોઇ આસપાસથી વિવિધ વસ્તુઓ લાવે છે, એક તરફ સૈન્યનો મોટો પડાવ પડયો છે, હાથી, ઘોડા, રથ, અને પેદલ રૂપે ચતુરંગ સેના એ વિશાળ તંબુની આસપાસ પડી છે, અનેક સુભટો કોલાહલ કરી રહ્યા છે, જાણે કોઇ નવીન નગર વસેલું હોય, તેમ છાવણીનો દેખાવ થઇ રહ્યો છે, વનના શીકારી પ્રાણીઓ ભય પામી દૂર નાશી ગયાં છે, વનસ્થલી પૂર્ણ રીતે પુરસ્થલી થઇ ગઇ છે.

આ સમયે કોઇ ચાર પુરૂષ ફરતા ફરતા ત્યાં આવી ચડ્યા. સુભટોની સેનારૂપ સરિતાને ઉલ્લંઘન કરી તેઓ છાવણીના મધ્ય ભાગમાં આવ્યા હતા. પેલા વિશાળ તંબુની પાસે આવતાં તેઓને પેહેરેગીરે રોકયા, અને પુછ્યુ કે, તમે કોણ છો? તેઓમાંથી એક ચતુર પુરૂષે જવાબ આપ્યો—અમે કળા જાણનારા મુસાફરો છીએ. માર્ગમાં જતાં મહારાજાની છાવણી જોઇ અમને શિબિર પતિનાં દર્શન કરવાની ઇચ્છા થઇ છે, અમારી કળાના પરીક્ષક રાજા શિવાય કોઇ નથી, એવુ ધારી અમે અહીં આવ્યા છીએ. આ મહારાજા કયાના છે? અને કોણ છે? તે જણાવશો તો કૃપા થશે.

પહેરાગીરે કહ્યું, આ કુશસ્થલીના પ્રતાપી મહારાજા પ્રતાપસિંહ છે. તેઓ વરદત્ત નામના કોઇ મુસાફર વ્યાપારીના કહેવાથી ચતુરંગ સેના લઇ દીપશિખા નામની

નગરી જોવાને જાય છે. તેઓએ કુચ કરી અહી પોતાની છાવણી નાખેલી છે. તમારે તમારી કળા દર્શાવવા જો તેમને મળવું હોય તો, પેલા તંબુ વાંમે રહેલા પ્રતિહારને જણાવશો, એટલે તે તમને ત્યાં લઇ જશે પેહેરેગીરે વિશેષમા જણાવ્યુ કે, અમારા મહારાજા કળા કૌશલ્ય ઉપર સદા ખુશી છે તેમા વળી આ તેમની મુસાફરી વધારે આનદદાયક છે જ્યારે મહારાજા પોતાની રાજધાનીમાંથી નીકળ્યા, તે વખતે તેમને શુભ શુકનોએ વધાવી લીધા હતા. વાજિંત્રોના નાદ સાથે ચતુરંગ સેનાથી પરિવૃત્ત થઇ નીકળતાંજ મહારાજાએ અગણિત દાન આપ્યાં હતાં. પ્રજાના આગેવાન ગૃહસ્થોએ તેમને પ્રયાણનાં મગળ તિલક કર્યાં હતાં, જળ ભરેલા કુંભવાળી સૌભાગ્યવતીઓ પ્રથમ સામી મળી હતી, વાછડાવાળી ગાયે આગળ આવી શુભ સૂચન કર્યુ હતુ, તે વખતે નિર્ધૂમ અગ્નિ, દર્પણ, મગળપાઠ, શ્રેણીબંધ આઠ બળદ અને મલપતા અશ્વ સામા મળ્યા હતા. તે કાળે પવન અનુકુળ વાતો હતો, દિશાઓ નિર્મળ થઇ હતી, સર્વ ગ્રહ અનુકુળ હતા, શુભ નક્ષત્ર અને શુભ યોગ પ્રાપ્ત થયા હતા, અવયોગનો પ્રવેશ બિલકુલ ન હતો, મધુ, મદિરા, મૃત્તિકા અને મગલિક પદાર્થોનુ દર્શન થયુ હતુ, કાક પક્ષી અને તેતર પક્ષિ વામ તરફ ગયાં હતા, જમણી તરફ ભૈરવ બોલ્યા હતા, હરણ, શિયાળ વિગેરેએ પણ શુભ સુચના કરી હતી, માળીએ ફળ, તથા પુષ્પની માળા મહારાજાને અર્પણ કરી હતી, મગળ કથક પુરોહિતે દધિ, ધ્રો અને કુંકુમ આમળ ધર્યા હતા, ઉત્તમ શુભ શકુની પક્ષિઓએ મહારાજાને પ્રદક્ષિણાઓ કરી હતી આવા શુભ શુકનથી અમારા મહારાજાએ અતિ પ્રસન્નતાથી પ્રયાણ કરેલુ છે, અને તેથી તેઓની આ મુસાફરી અતિ આનદમય છે આ પ્રસંગે તમારો મેળાપ સફળ થશે, અને તમારી કળાઓની તેઓ સારી કદર કરશેજ.

પેહેરેગીરનાં આવાં વચન સાભળી, તે ચાર મુસાફર ખુશી થયા, અને તેની રજા લઇ આગળ જઇ પ્રતિહારને મળ્યા, અને મહારાજાને પોતાના આગમન વિષે કહેવરાવ્યું પ્રતિહારના કહેવાથી રાજાએ આજ્ઞા કરી કે, તેઓને સત્વર તંબુમા પ્રવેશ કરાવો નરપતિના આદેશથી પ્રતિહાર તેમને પટ મડપમા લાવ્યો મહારાજાને વિનયથી પ્રણામ કરી, અને આશીષ આપી, તેઓ સન્મુખ ઉભા રહ્યા તેમનો પ્રણામ સ્વીકારી પ્રતાપસિહ બોલ્યો—તમે કોણ છો ? તમારાં નામ શુ છે ? તમે શી શી કળા જાણો છો ? તમારો ગુરૂ કોણ છે ? અને અહી શામાટે આવ્યા છો ? તેઓ અજલિ જોડી બોલ્યા—મહારાજા ! અમે કળાકુશળ ચાર મુસાફરો છીએ **ચતુર, કુશળ, સોમ,** અને ગુણધર એવા અમારા નામ છે. તેઓમાથી એક પુરૂષ બોલ્યો—હુ પક્ષીઓની ભાષા જાણુ છુ. બીજાએ કહ્યુ, હુ બીજાના મનની વાત જાણી શકુ છુ. ત્રીજો બોલ્યો—હુ પુરૂષ તથા સ્ત્રીના લક્ષણ જાણું છુ. ચોથાએ કહ્યુ, હુ રથભ્રમની કળામાં પ્રવીણ છુ અમ ગુરૂ શ્રીગણધર બ્રાહ્મણ છે આપ મહારાજાની ગુણજ્ઞતાની સત્કીર્તિ સાંભળી અમે અહીં આવ્યા છીએ તમારા ચરણની સેવા કરવાની ઇચ્છા અમે રાખીએ છીએ. આપ ગુણી છો, તેથી ગુણીને ગુણી સાથે વસવુ ગમે છે.




તે કળા કુશળ ચાર પુરૂષોના વચન સાંભળી, પ્રતાપસિંહ ખુશી થયો તે પ્રથમ-થીજ ગુણીનો ગ્રાહક હતો, તેથી તેને તે ચતુર મુસાફરો ઉપર વિશેષ પ્રીતિ થઇ તેમને સન્માન આપી, પોતાની પાસે રાખ્યા, અને દીપશિખા નગરીનાં દર્શનના કૌતુકથી થવાના આનંદના તેઓને ભાગીદાર કર્યા રાજા પ્રતાપસિંહ ત્યાંથી કુચ કરી આગળ ચાલ્યો માર્ગમાં અનેક જાતની ક્રીડાઓ કરતો હતો નવ નવા નગર, ગામ, નદીઓ, વાપિકા, વાડીઓ અને જંગલને જોતો જોતો હૃદયમા આનંદ પામતો હતો. ઘણા રાજ્ય તથા કશબામા આવતાં તેને ઉંચી જાતની ભેટો મળતી હતી, રસ્તામા નવ નવા કૌતુકને જોતો હતો, અઢળક દાન આપતો હતો. અને ચંદ્રના જેવી ઉજ્વળ સત્કીર્ત્તિને ચોતરફ ફેલાવતો હતો



પ્રકરણ ૩ જું.

રાજા દીપચંદ્.



વિદ્વાન્ અને કવિઓ રૂપ અલંકારથી અલંકૃત થયેલી સભાથી દરબાર સુશોભિત લાગે છે, છડીદારો મધુર અને દીર્ઘ સ્વરે ખમા ખમા કરી રહ્યા છે, ચારણ ભાટ મધુર સ્વરે શૌર્યતાથી બિરૂદાવલી બોલી રહ્યા છે, એક તરફ મંત્રી સામંતનો સમાજ નમન કરી વફાદારી બતાવે છે, વારાંગનાઓ નૃત્યથી સભ્યજનનાં મનને આકર્ષે છે, મૃદંગ, વીણા અને બીજા વિવિધ વાદ્યો તાર સુર સાથે વાગી રહ્યા છે. આ મહા સમાજના આનંદની લહેરોમા મગ્ન થયેલો મહારાજા મધ્ય ભાગે ઉંચા સિંહાસનપર વિરાજમાન થયો છે. આ વખતે પ્રતિહારે આવી મંત્રીને કાનમા આવી ખબર આપ્યા કે, " ઉદ્યાનપાળ આવી જણાવે છે કે, " આપણા બાહેરના ઉદ્યાનમા કુશસ્થલીના મહારાજા પ્રતાપસિંહ ચતુરંગ સેના લઇ ઉતર્યા છે " તે સાભળતાજ મંત્રીએ સિંહાસન આગળ આવી રાજાને તે ખબર આપ્યા તત્કાળ તેની મનોવૃત્તિમા હુલ્લાસ સાથે ઉત્કંઠા ઉત્પન્ન થઇ, અને મહારાજા પ્રતાપસિંહને સ્વાગત પૂર્વક આતિથ્ય કરવા તત્પરતા બતાવી

વાચનાર ! અધીરા થશો નહી. આ મનોહર દરબારને અલંકૃત કરી રહેલ તે દીપશિખા નગરીનો રાજા દીપચંદ્ર છે. આજે પોતાના રાજ્યાભિષેકનો દિવસ હોવાથી તે સભા ભરી મહોત્સવ કરતો હતો આ મંગળમય દિવસે મહારાજા પ્રતાપસિંહના આગમનરૂપ મંગળ સમાચાર સાભળી તેને વિશેષ આનંદ થયો હતો. કુશસ્થલી પતિ માર્ગમા પ્રયાણ કરતો દીપશિખા નગરી પાસે આવેલા ઉદ્યાનમાં પડાવ કરી રહેલો હતો દીપશિખા નગરીના દર્શનની તેની ઉત્કંઠા આજે સફળ થવાની અણી ઉપર આવી છે. મહા પ્રતાપી

પ્રતાપ રાજા પોતાના પ્રતાપથી ઇચ્છિત મનોરથ પૂર્ણ કરવાને ભાગ્યશાળી થયો છે, તે ઉદ્યાનમાં પડાવ કરતાંજ એક પક્ષીએ મધુર સ્વર કરી તેના સ્નેહીનો સમાગમ સૂચવ્યો હતો, તેથી પ્રતાપસિંહ વિશેષ ઉલ્લાસ પામી ત્યાં રહેલો છે. તેની મનોવૃત્તિમાં નિશ્ચય થયો કે, આ દીપશિખા નગરીમાંથી કોઇ સ્નેહીનો સમાગમ થવો જોઇએ. મહા પ્રતાપી પ્રતાપસિંહ તે શુભ શુકનના ફળની રાહ જોતો, અને દૂરથી દીપશિખા નગરીનો મનોહર દેખાવ નિરખતો ઉદ્યાનમાં રહેલો છે.

આ તરફ રાજા દીપચંદ્ર મહોત્સવની પરિષદા વિસર્જન કરી, પોતાના પરમ સ્નેહી પ્રતાપસિંહને મળવા તૈયાર થયો, પોતાની ખાસ સેના તૈયાર કરી વાજિત્રોના નાદ સાથે દીપચંદ્ર, પ્રતાપની સામો ઉદ્યાનમાં આવ્યો. દૂરથી તેને આવતો જોઇ પ્રતાપને પરમ હર્ષ થયો, અને પોતાના આગમનને કૃતાર્થ માનવા લાગ્યો. પ્રતાપસિંહ તંબુની બાહેર નીકળી જ્યાં સામો જવા તૈયાર થયો, ત્યાં તો ક્ષાત્રકુળદીપક દીપચંદ્ર રાજા ઉતાવળો ચાલી આવી પહોંચ્યો, અને તે પૂર્ણ સ્નેહથી પ્રતાપના ચરણમાં નમી પડ્યો. પ્રતાપે બેઠો કરી, તેને ઉમંગથી આલિંગન કર્યું. સર્વ સમાજ તે બંને ભાવિક ભૂપતિઓની ભેટ જોઇ ખુશી થયો, પરસ્પર કુશળતા પુછ્યા પછી દીપચંદ્ર વિનયથી બોલ્યો—રાજેંદ્ર ! આપના આગમનથી હું કૃતાર્થ થયો છુ. હવે ચરણકમળના રજથી મારી નગરીને પવિત્ર કરો, આપ ક્ષત્રિય કુળદીપક મહારાજાના પધારવાથી દીપશિખા નગરી પોતાના નામને આજે સાર્થક કરશે, માટે કૃપા કરી આપ નગરીમાં પધારો. દીપચંદ્ર રાજાનાં આવાં વિનય ભરેલાં વચનથી પ્રતાપસિંહની નગરી જોવાની ઉત્કંઠા વિશેષ થઇ, અને આવા સન્માન સાથે નગર પ્રવેશ થવામાં પ્રથમ થયેલાં શુભ શુકનને તે સફળ માનવા લાગ્યો.

ક્ષણવાર પછી કુશસ્થળીના મહારાજાને લઇ દીપચંદ્ર રાજા ચડી સ્વારીએ નગરીમાં આવ્યો. નગરીના રાજમાર્ગમાં તે પુરની અલૌકિક શોભા જોવામાં આવી. એ સુંદર નગરીના કિલ્લાની શોભા અલૌકિક હતી. ગૃહસ્થોનાં મંદિરોની શ્રેણીઓ ગગન સાથે વાતો કરતી હતી, નગરીના દરવાજા તોરણમાળાથી અલંકૃત હતા, સુંદર શેરીઓની રચના જાણે વિશ્વકર્માની કૃતિ હોય તેવી લાગતી હતી, ઉંચી ચંદ્રશાળાઓ નીચે નકશીદાર ઝરૂખા આવી રહ્યા હતા, હેમવર્ણી રંગની હવેલીઓમાં ગોખ અને ગલીચાની રચના આશ્ચર્ય ઉત્પન્ન કરતી હતી, ગવાક્ષમાંથી જોતી ગૌર અંગવાળી ગૌરીઓના મુખથી આકાશ સેંકડો ચંદ્રની શોભા ધરતુ હતું, ચૌટામાં મળેલ લોકોની ઠઠ નગરીના જન-સમૂહની સમૃદ્ધિ સૂચવતી હતી, હારબંધ આવેલી ધ્વજા પતાકાની પંક્તિઓ વિચિત્ર શોભા જણાવતી હતી, અર્દ્ધ ચંદ્રાકાર અને ચતુરસ્ર શેરીઓનો દેખાવ પ્રેક્ષકની દૃષ્ટિમાં સુધા સિંચન કરતો હતો, દુકાનોમાં ગોઠવેલી મહા મૂલ્યવાળી વસ્તુઓ પ્રત્યેક દૃષ્ટાને લલચાવી આકર્ષતી હતી, ઠામ ઠામ નવરંગિત વેશને ધારણ કરી રમણીઓ ફરતી હતી, ઉત્તમ અલંકારથી અલંકૃત થયેલી ગૃહસ્થની અબળાઓ મહારાજાની સ્વારી નીરખવાને પોતપોતાના મર્યાદાવાળા સ્થાનમાં ઉમંગથી ઉભી હતી, કનકથી કમનીય એવી મુગ્ધ કન્યાઓ મહારાજાને દુખડાં લઇ વધાવતી હતી, શેહેરીઓની સૌભાગ્યવતી સુંદરીઓ



પુષ્પના પુંજથી પુરપતિને વધાવવા આગળ આવતી હતી, તરૂણ પુરૂષો યૌવનના બળથી જનસમૂહને પ્રસાર કરી અગ્રેસર થતા, અને પોતાના પુરપતિને પ્રેમથી પ્રણામ કરતા હતા, વૃદ્ધા સ્ત્રીઓ આનંદપૂર્વક અંતરથી આશીષ આપતી હતી, પ્રત્યેક સ્થળે નવરંગિત દેખાવો થઇ રહ્યા હતા, સ્વારીના અગ્રભાગે ગોઠવેલી ચતુરંગ સેના વાજિંત્રોથી અને જયધ્વનિથી ગગન મંડળને ગજાવતી હતી, પોતાના મહારાજાનો આજે રાજ્યાભિષેકનો દિવસ છે, એવું ધારી સર્વ પ્રજા વિશેષ આનંદ દર્શાવતી હતી આવા મહોત્સવથી વિરાજિત એવી દીપશિખાનગરીનું આજે અધિક શોભાથી વિરાજિત હતી તેની દિવ્ય શોભા જોઇ મહારાજા પ્રતાપસિંહને અપાર આનંદ થતો હતો.



પ્રકરણ ૪ થું.

રાજકન્યાનું દર્શન.



ક સુંદર મહેલના ઝરૂખામાં જાણે દિવસે તારો ઉગ્યો હોય, તેવો એક તેજનો પુંજ દેખાતો હતો, મનોહર સૌંદર્યના કિરણોનો દિવ્ય પ્રકાશ આસપાસના પ્રદેશને પ્રકાશિત કરી રહ્યો હતો, લાવણ્યના લાલિત્યથી લલિત એવી બીજી લલનાઓનો સમૂહ એ તેજને વિશેષ પુષ્ટિ આપતો હતો, આ તેજનો પુંજ એક રાજકન્યાનો હતો, દીપશિખાના દેદીપ્યમાન મહારાજા દીપચંદ્રના અંતઃપુરનો એ મહેલ હતો, મહારાજા પ્રતાપને સાથે લઇ આવતા દીપચંદ્રની સુશોભિત સ્વારી જોવાને રાજકન્યા સખીઓના પરિવાર સાથે ઝરૂખાના અગ્રભાગે આવી હતી, પોતાના પિતાના અતિથીનુ અવલોકન કરવા તેની વિશેષ ઉત્કંઠા થઇ હતી, પોતાની રાજધાનીમાં એક અભિનવ મહારાજા આવે છે, એવુ તેણીએ પૂર્વથી સાભળ્યુ હતું. પિતાના રાજ્યાભિષેકનો દિવસ છે, એથી તે મુગ્ધાએ મનોહર પોશાક ધારણ કર્યો હતો, નવરંગિત વેશથી વિભૂષિત થયેલી રાજકન્યા રાજમાર્ગ તરફ એક દૃષ્ટિએ જોતી હતી.

નગરીની વિવિધ રચના જોતા જોતા પ્રતાપસિંહ આ રાજમેહેલની નજીક આવ્યો. પ્રત્યેક પ્રદેશનું અવલોકન કરતા મહારાજા પ્રતાપની દિવ્ય દૃષ્ટિ એ રાજકન્યા ઉપર પડી. મુગ્ધાનુ મનોહર સૌંદર્ય જોઇ, મહારાજા એકાએક ચમકી ગયો. તત્કાળ તેની મનોવૃત્તિમાં મદન પ્રગટ થઇ આવ્યો. તેને જોતાંજ મહારાજાએ ચિંતવ્યુ કે, શું આ દેવકન્યા તો નહીં હોય ? ઉર્વશી કે રંભા અહીં ક્યાંથી આવી હશે ? આવી દિવ્ય કન્યાનું દર્શન મનુષ્યલોકમાં ક્યાથી ? શુ અનુપમ સૌંદર્ય ? કેવુ મનોહર લાલિત્ય ? કેવો વિલાસમય વેષ ? કેવુ લાવણ્ય ? આ કોનો મેહેલ હશે ? આ કન્યારત્નને કઇ પુણ્યવતી પ્રમદાના ઉદરને અલંકૃત કર્યું હશે ? માનુષલોકમા આવા રત્નો અવતરતાં હોય, તો પછી આ

દેવલોક કેમ ન કહેવાય ? અહા ! કેવો સુંદર દેખાવ છે ? આ મુગ્ધાનો મુખચંદ્ર કેવો ચળકે છે ? તેના લલાટ ઉપર કેવું તેજ પ્રકાશે છે ? તેની નાસિકા, હોઠ, ભ્રકુટી, અને કંઠની શોભા અનુપમ છે આ સુંદર બાળા કયા પુણ્યવાન્ પુરૂષને માટે નિર્માણ થઇ હશે ? આ મહાભાગા કયા ભાગ્યવાન્ પુરૂષને અલંકૃત કરશે ? જો આ સુંદરી સંપાદન થાય તો, દીપશિખા નગરીની મુસાફરી સફળ થાય. રાજા દીપચંદ્રની જો તે કન્યા હોય, તો મારી આશાલતા વખતે સફળ થાય ખરી, અથવા રાજા દીપચંદ્રને ઘેર અતિથી થઇ, આ કન્યારત્નની માગણી કરવી તે યોગ્ય નથી.

આ પ્રમાણે ચિંતવન કરતો પ્રતાપસિંહ લયમાં યોગીની જેમ તે કન્યામાં લીન થઇ ગયો પ્રતાપનો મનરૂપ ભમરો તે કન્યારત્નના મુખ કમળમા આસક્ત થઇ ગયો. ક્ષણ વાર લયમા જેમ યોગી સ્થિર રહે, તેમ સ્થિર અને શુન્ય રહેલા પ્રતાપને જોઇ, તેના રથમાં પછવાડે બેઠેલો રાજા દીપચંદ્રનો એક સેવક બોલ્યો—મહારાજા ! હું કહું તે ક્ષમા કરજો આપની મનોવૃત્તિ વિકારી થયેલી દેખાય છે, જે વસ્તુ જોઇ તમને મોહ થયેલો છે, તે વસ્તુ તમનેજ પ્રાપ્ત થશે. તમારા મનોરથ સુકૃતના ઉદયથી સફળ થશે.

આ પ્રમાણે સેવકનાં વચન સાંભળી પ્રતાપસિંહ આશ્ચર્ય સહિત ખુશી થયો. તેણે સેવકને કહ્યુ, રાજકિંકર ! તને સાબાશી ઘટે છે. મારી મનોવૃત્તિ તેં યથાર્થ રીતે જાણી લીધી છે. ભદ્ર ! કહે, આ કોનો મેહેલ છે, અને મનોહર કન્યા કોની છે ? સેવક બોલ્યો—મહારાજા ! આ તમારો પરમ ભક્ત રાજા દીપચંદ્રની રાણી દીપવતીનો મેહેલ છે. રાણી દીપવતીની કુક્ષિરૂપી કમલિનીમા હંસલી સમાન એ **સૂર્યવતી** નામે તેની પુત્રી છે. એ રાજકુમારી પવિત્ર ગુણની ખાણ છે, ત્રણ ભુવનમાં સારરૂપ છે, અને કળાઓનો ભંડાર છે. વિધાતાએ એક સ્થાને પોતાની રચનાનું સૌંદર્ય જોવા માટે બનાવી હોય તેવી તે મનોહર છે. એ બાળા આપને માટેજ તૈયાર થઇ છે તેણીના પૂજ્ય પિતાનો એવો સંકલ્પ છે કે, આપણી રાજધાનીમા મીજમાન થઇ આવેલા મહારાજા પ્રતાપસિંહને આ ભાગ્યવતી કન્યાનીજ ભેટ કરવી.

આ સાંભળતાંજ પ્રતાપસિંહને અતિ આનંદ ઉત્પન્ન થઇ આવ્યો, તેના શરીર ઉપર રોમોદ્ગમ પ્રગટ થયો, આનંદનાં અશ્રુથી નયનકમળ ભરાઇ ગયા તેણે સેવકને કહ્યુ, ભદ્ર ! આ બધી વાર્ત્તા શી રીતે છે ? તે કહે. સેવક બોલ્યો—મહારાજા ! જ્યારથી આ રાજકુમારીનો યૌવન વયમા પ્રવેશ થયો છે, ત્યારથી અમારા રાજાને ચિંતા પ્રગટ થઇ છે. આવી સુંદર કન્યાને યોગ્ય પતિ શોધવા માટે મહારાજાએ અનેક ઉપાય કરવા માંડયા, તથાપિ કોઇ યોગ્ય ગ્રાહક મળતો નહોતો. મહારાજાના હૃદયમાં એ ચિંતાની જ્વાળા પ્રજ્વલિત થઇ પ્રવર્ત્તતી હતી, તેવામાં આપ મહારાજાની વધામણી આજે વનપાળના મુખથી સાંભળવામાં આવી. રાજ્યાભિષેકના મહોત્સવને પ્રસંગે આપનું આગમન સાંભળી, તેમને અપાર આનંદ થયો તેજ પ્રસંગે મંત્રીની સાથે મહારાજાએ જણાવ્યું કે આજના મહોત્સવમા કુશસ્થલીના મહારાજાનું આગમન મને વિશેષ હર્ષદાયક થઇ પડ્યું છે રાજકન્યા સૂર્યવતીની જે ચિંતા મને ઉદ્વેગ કરાવતી હતી, તે ચિંતાનો

આજે અંત આવ્યો છે. મારી ઇચ્છા એવી છે કે, કુશસ્થલીના મહારાજા પ્રતાપસિંહ આપણાથી મોટા રાજા છે, તેઓની તરફ રાજભક્તિ દર્શાવવી, એ આપણો ધર્મ છે તેવા સમર્થ મહારાજા જ્યારે આપણે ઘેર આવે, ત્યારે આપણે તેમનુ ઉત્તમ આતિથ્ય કરવુ જોઇએ મહા પ્રતાપી પ્રતાપસિંહને આપણા રાજ્ય તરફથી કાંઇ પણ ભેટ ધરવી જોઇએ. તો મારી એવી ઇચ્છા છે કે, તે પ્રતાપી મહારાજાને રાજકુમારી સૂર્યવતીની ભેટ કરવી, અને એ કન્યારત્નને સર્વ રીતે તે યોગ્ય વર છે આ પ્રમાણે રાજા દીપચંદ્ર અને તેમના મંત્રી વચ્ચે વાતચીત થયેલ હતી, તે મે પ્રત્યક્ષ રીતે સાભળી હતી, તેથી હુ આપને આપના મનોરથ સફળ થવા માટે કહેવાને શક્તિમાન થઇ શકયો છુ.

રાજ સેવકના આવા વચન સાભળી પ્રતાપસિંહના આનંદમાં વિશેષ વધારો થયો, દીપશિખા નગરીનુ દર્શન સંપૂર્ણ રીતે કૃતાર્થ થયુ, પ્રયાણ વખતે પોતાને જે શુભ શુકન થયેલા, તે આજે સફળ થયા, એમ તેને નિશ્ચય થયો આ પ્રમાણે આનંદ ઉદધિમા તણાતા બંને રાજાઓએ સ્વારીના ઠાઠ સાથે રાજદ્વારમા પ્રવેશ કર્યો, અને રાજકન્યા સૂર્યવતીના સૌભાગ્યે પ્રતાપસિંહ રાજાના હૃદયકમલમા પ્રવેશ કર્યો. મોટા સત્કારથી મહારાજાનુ સન્માન કરી ક્ષાત્રકુલ દીપક દીપચંદ્ર પોતાના આત્માને કૃતાર્થ માનવા લાગ્યો. રાજદ્વારની પાસે એક સુંદર મહેલમા પ્રતાપસિંહને ઉતારવામાં આવ્યો, અને તેની ચતુરંગ સેના રાજ્યના વિશાળ સૈન્યાલયમાં ગોઠવી દીધી. પ્રતાપસિંહના પરિકરથી, અને રાજકીય સમૃદ્ધિથી રાજા દીપચંદ્રની રાજધાની વિશેષ શોભવા લાગી.

જ્યારે પ્રતાપસિંહની સ્વારી રાણી દીપવતીના મહેલ પાસે આવી હતી, તે વખતે સુશોભિત રાજકન્યા સૂર્યવતીની સ્થિતિ પણ પ્રતાપના જેવીજ થઇ હતી પ્રતાપસિંહની પ્રતાપી મૂર્ત્તિ જોઇ, એ મુગ્ધાના મનમાં મદનનો જન્મ થયો હતો, કામના વિકારોએ એ નવ યુવતિને ચોતરફથી ઘેરી લીધી હતી. પોતાની સ્થિતિ હજુ માતા પિતાને આધીન છે, પોતે પરતંત્રતાના પાસમા પડેલી છે, તથાપિ તે રાજબાળાએ સંકલ્પ કર્યો હતો કે, આ મારા દક્ષિણ પાણીને ગ્રહણ કરનાર આ પ્રતાપી મહારાજાજ થાય આ સુંદર શરીરનો ભોક્તા ભવિષ્યમા આ પ્રતાપ શિવાય બીજો કોઇ નથીજ. જો પૂર્વનાં કાઇ પણ સુકૃત હોય, કાઇ ધર્મની ઉપાસના કરી હોય, જૈન વ્રત તથા તપસ્યા જો પૂર્વે કાંઇ પણ આચર્યા હોય, તો આ પ્રતાપસિંહની સાથે આ શરીરનો સંબંધ થજો આવો સંકલ્પ કરી, રાજકન્યા પ્રતાપની મનોહર મૂર્ત્તિના મોહમા પડી હતી. પ્રતાપ રાજાના રાજ તેજથી તે મુગ્ધ રમણી આકર્ષાણી હતી, પ્રતાપના અંગના પ્રત્યેક અવયવ અવલોકી, એ રાજકન્યાની પ્રીતિરૂપ લતા વૃદ્ધિ પામી હતી, પ્રતાપના સૌંદર્ય રસનુ પાન કરતી, એ ચંદ્રમુખી નિર્નિમેષ દૃષ્ટિએ તેના સામુ જોઇ રહી હતી, પૂર્ણ ચંદ્ર પ્રત્યે ચકોરીની જેમ એ ચતુરાની ચિત્ત વૃત્તિ દેખાતી હતી.

મહારાજા પ્રતાપસિંહ દીપશિખા નગરીની શોભા જોઇ, મનમા આનંદ પામ્યો હતો, તે પછી જ્યારે નગરીના મધ્ય ભાગમા આવેલા શ્રી જિન ચૈત્યના દર્શન કર્યા, ત્યારે તેને વિશેષ આનંદ થયો હતો એ વિમાન જેવા ચૈત્યમા સ્થાપિત કરેલા શ્રી આદીશ્વર

પ્રભુને તેણે ત્રિકરણ શુદ્ધિથી વંદના કરી, પોતાની ઉત્તમ ભાવના ભાવી હતી. રાજા દીપચદ્રે પ્રતાપસિંહને પ્રસન્ન કરવા અનેક જાતની ગોઠવણ કરી હતી મોટા દાઠમાઠથી નગરીમાં પ્રવેશ કરાવી, નગરીના વિશાળ રાજ માર્ગો શણગારવામાં આવ્યા હતા. પ્રત્યેક ચત્વર ઉપર મહારાજાને સન્માન આપવાને પ્રજા વર્ગનાં ગૃહસ્થોનાં મંડળ ગોઠવ્યાં હતાં, શેરીઓમાં આવેલી હવેલીઓમાં ઉભી રહેલી કુલીન કાંતાઓ બ ને નૃપતિઓને વ્હાલથી વધાવતી હતી. આ સુદર દેખાવથી અને મધ્ય ભાગમા આવેલા જિન ચૈત્યની વદનાથી, રાજકન્યાના અવલોકનથી, રાજ સભાના સન્માનથી અને સુંદર ઉતારાની ગોઠવણથી કુશસ્થલીના મહારાજાને એટલો બધો આનંદ થયો કે, જે આનદ તેના વિશાળ હૃદયમા પણ સમાઇ શકયો નહિ.

પ્રકરણ ૫ મું.

પટરાણીની પદવી.

આજે પ્રાત કાળનો સમય હતો, દીપશિખા રાજધાનીમા આનંદ ઉત્સવ સમાપ્ત થઇ રહ્યો હતો, રાજકુમારી સૂર્યવતીના લગ્ન પ્રસગે આવેલા વિદેશી મિજમાનો વિદાયગીરીના પોશાક લઇ પોતપોતાના સ્થાન પ્રત્યે જવા તૈયારી કરતા હતા. રાજા દીપચદ્રે નીમેલા સત્કાર મંડળ તરફથી સર્વ જાતની ગોઠવણો થતી હતી, સર્વની આગળ યોગ્યતા પ્રમાણે વરિષ્ટ વાહનો હાજર થતાં હતાં, આર્હત ભકનો સ્નાન મંગળ કરી જિન ચૈત્યની પૂજામાંથી પરવારી સ્વસ્થાન પ્રત્યે જવા ઉત્કંઠિત થતા હતા. આ સમયે મહારાજા પ્રતાપસિહના ઉતારાનો મેહેલ નવરંગિત શોભા ધરી રહ્યો હતો, તેના દ્વાર આગળ ભૈરવ રાગને દર્શાવનારાં વિવિધ વાજિંત્ર વાગી રહ્યા હતા. રાજા દીપચદ્રની કુળદીપિકા સૂર્યવતીએ કુશસ્થલી રાજધાનીનું રાણી પદ મેળવ્યુ હતુ. મહારાજા પ્રતાપસિંહ જેવા પ્રતાપી પતિના સમાગમના સુખથી એ સુદરી સર્વ રીતે સાર્થક થઇ હતી. સૂર્યવતી જેવી સદ્ગુણી સુદરીની ભેટ લઇ પ્રતાપસિંહ પોતાના આત્માને પુણ્યવાન ગણતો હતો પોતાની આ મુસાફરીમાં તેણે મોટો વિજય, મોટો લાભ, સર્વોત્તમ સમૃદ્ધિ અને સર્વ શ્રેષ્ટ વિલાસ પ્રાપ્ત કર્યાં હોય, તેમ માનતો હતો રાણી દીપવતી પોતાની પુત્રીને માટે નવા નવા પદાર્થો તેના સ્વતત્ર મહેલમાં મોકલાવતી હતી. પ્રભાતમાં સુખ શયન પુછવાને રાણી દીપવતીની દાસીઓ ગમનાગમન કરતી હતી રાજા દીપચદ્ર પુત્રી સબધી સર્વ ચિતામાંથી મુક્ત થઇ પોતાના યોગ્ય જામાતાની બરદાશ માટે અનેક જાતના ઉપચાર કરતો હતો ટુકામાં એટલું કે, મહારાજા પ્રતાપસિહ

પોતાની રાજધાનીથી પણ અધિક વૈભવ સંપાદન કરી શ્વસુર ગૃહમા રહ્યો હતો, અને તે નીચેની પ્રસિદ્ધ કહેવત બરાબર સાર્થક કરતો હતો.

" श्वसुरगृहनिवासः स्वर्गतुल्यो नराणाम् ॥ "

આ સમયે એક પુરૂષ પ્રતાપસિંહના મેહેલ પાસે આવી ઉભો રહ્યો, તેણે સભ્યતાનો વેષ ધારણ કર્યો હતો, તેના વિશાળ લલાટ ઉપર વિદ્વતાનુ તેજ પ્રકાશતું હતું, દ્રવ્યની અપેક્ષા છતા તે નિસ્પૃહ દેખાતો હતો, એક હાથમાં સામુદ્રિકનું પુસ્તક ધર્યું હતું, બીજા હાથમા મંત્ર જપની માળા રહેલી હતી, તેની નિર્મળ મનોવૃત્તિમાં પ્રતાપસિંહ જેવા કૃતજ્ઞ અને વિદ્યા પરીક્ષક રાજાને મળવાની ઉત્કંઠા ઉત્પન્ન થઇ હતી દ્રવ્યના લાભ કરતા પોતાના ગુણની પરીક્ષા કરવાનો લાભ તે વિશેષ માનતો હતો. તેણે દ્વારપાળને પોતાનુ આગમન મહારાજાને સૂચવવા કહ્યુ, એટલે તત્કાળ દ્વારપાળ મહારાજાને નિવેદન કરવા આવ્યો. આ વખતે મહારાજા પ્રતાપસિંહ નિત્ય ક્રિયામાંથી નિવૃત્ત થઇ, પોતાની પ્રિયતમા સૂર્યવતીની સાથે વાર્ત્તા વિનોદ કરતો હતો. દ્વારપાળે તે ખબર કહ્યા, એટલે પ્રતાપ રાજા ખુશી થયો, અને પોતાની પ્રિયાને કહ્યુ, કેમ પ્રિયા ! સામુદ્રિકવેત્તાને બોલાવી કાંઇ વિદ્યા વિનોદ કરવો છે ? તમારી શી ઇચ્છા છે ? સૂર્યવતી સાનંદા થઇ બોલી— પ્રાણેશ ! જેવી આપની ઇચ્છા. પ્રિયાની મનોવૃત્તિ જાણી રાજાએ આજ્ઞા કરી, એટલે દ્વારપાળ તે સામુદ્રિક લક્ષણ જાણનારને બોલાવી લાવ્યો. જ્યા પ્રતાપસિંહ અને સૂર્યવતી બેઠા હતા, ત્યા તેને દાખલ કર્યો. તે વિદ્વાન પુરૂષ આશીષ આપી ઉભો રહ્યો, એટલે રાજા પ્રતાપસિંહે તેને સન્માન પૂર્વક આસન ઉપર બેસાર્યો. મહારાજાએ કુશળતા પ્રશ્ન પૂર્વક પુછ્યુ, આપ કોણ છો ? અને ક્યાંથી આવો છો ? તે વિદ્વાન પુરૂષ બોલ્યો— પૃથ્વીપતિ ! હુ સામુદ્રિક લક્ષણ જાણનાર એક વિદેશી વિદ્વાન છુ ઘણા દિવસ થયા આ દીપશિખા નગરીમા આવી વસ્યો છું મહારાજા દીપચંદ્ર મારી વિદ્યાની કદર જાણી મને આશ્રય આપે છે. તે કુશળ મહારાજા મને ઘણી વાર બોલાવી મારી વિદ્યાની પરીક્ષા કરે છે, અને તેથી ખુશી થઇ, મને યોગ્ય ઇનામ આપે છે. હુ ભિક્ષા કે, દક્ષિણા લેનાર યાચક નથી, પણ રાજાઓ તથા ગૃહસ્થોને ખુશી કરી ઇનામ લેનારો છું. હુ પ્રથમથીજ દાન પાત્ર થવા ઇચ્છતો નથી, પણ ઇનામ કે, ઉપહાર પાત્ર થવાને ઇચ્છુ છુ, મને દ્રવ્યનો લોભ નથી, પણ ગુણજ્ઞની સાબાશીનો લોભ છે. આપ મહારાજાની સત્કીર્ત્તિ મેં પ્રથમથીજ સાંભળેલી છે. એક વખતે આપની સત્કીર્તિ મને આપની રાજધાની તરફ આકર્ષણ કરવા તત્પર થઇ હતી, પણ મહારાજા દીપચદ્રના દૃઢ ગુણોએ મને અહીંજ બાંધી લીધો છે, આપ ઉત્તમ ગુણજ્ઞ, અને શ્રોતા છો, તેથી આપની પાસે અનેક ગુણીજન આવ્યા હશે, પણ આ એક અલ્પ ગુણીને તેની વિદ્યાની પરીક્ષા કરી ઉત્તમ ન્યાય આપવા કૃપા કરશો. આ વખતે હુ ખાસ આપને કહેવા આવ્યો છુ કે, મહારાજા દીપચદ્રના રાજકુમારી સૂર્યવતીના સામુદ્રિક લક્ષણ ચમત્કારી છે, જે આપને ધ્યાન પૂર્વક સાંભળવા યોગ્ય છે.

તે વિદેશી વિદ્વાનના આવા વચન સાભળી પ્રતાપસિહ હાસ્ય કરી બોલ્યો—[illegible]દિતવર્ય ! આ તમારા રાજકુમારીના સામુદ્રિક લક્ષણ કેવા છે ? તે યથાર્થ રીતે જણાવો [illegible]ન [illegible]સિહનાં આ વચન સાભળી, તે ચતુર વિદ્વાન બોલ્યો—મહારાજા ! એ રાજકુમા[illegible] સર્વ લક્ષણ મે તેમના પિતાના દરબારમા જોયેલા છે. હવે તેમની ફળશ્રુતિ સભ[illegible]વા માટેજ હુ અહીં આવ્યો છુ. એ રાજકુમારીને આપ મહારાજા પટરાણીની [illegible] આપજો, એ લક્ષણોથી અને ભાગ્યથી સર્વ રીતે યોગ્ય છે તેમના હસ્તની અને [illegible]ની રેખાઓના લક્ષણથી હુ કહી શકું છુ કે, એ મહા દેવીના કુક્ષિ રત્નમાથી બે [illegible]ન્ પુત્ર પ્રગટ થશે. જેમ રોહણગિરીની ભૂમિ રત્નને જન્મ આપે, તેમ તે બે કુળ[illegible]ને જન્મ આપશે, તેમના ભાગ્યવાન બે પુત્રોથી પિતા, શ્વસુર, પિતામહ અને [illegible] પણ પૃથ્વીમા પ્રખ્યાત થશે આ મનોજ્ઞ મહાદેવી તમારા અતપુરને [illegible] તેમના ધાર્મિક અને પવિત્ર પુત્રથી જગતમા ધર્મ કીર્તિનો પ્રસાર થશે, એ મહા[illegible] તમારો પ્રભાવિક પ્રતાપ પૃથ્વી ઉપર ગ્રીષ્મ ઋતુના સૂર્યની જેમ તપશે, [illegible] તમારી વિજય પતાકા ફરકશે વળી સૂર્યવતીના સૂર્ય જેવા તેજસ્વી [illegible] પ્રકાશીત રહેશે, અને ભવિષ્યમા ભારતની જૈન પ્રજા પોતાના [illegible] તેના નિર્મળ ગુણનું યશોગાન કર્યા કરશે

[illegible] આવાં વચન સાંભળી પ્રતાપસિહના મુખ ઉપર હર્ષની પ્રભા પ્રસરી [illegible] અને ગંભીર સ્વરે બોલી ઉઠ્યો—ભદ્ર ! તમારાં વચન યથાર્થ [illegible] પટરાણીની મહાન્ પદવી આપુ છુ કુશસ્થલીની રાજ[illegible] પટરાણી થઇ પૂજાશે, અને મારા અતપુરનો ઉત્તમ અલકાર [illegible] વિરાજમાન થશે. આ પ્રમાણે કહી, મહારાજાએ તે સામુદ્રિક [illegible] અર્પણ કર્યા, અને પ્રણામ કરી તેના પ્રસન્ન મુખ કમળની આ[illegible] તે વિદ્વાન આનદ પામતો રજા લઇ ચાલતો થયો, અને [illegible] પટરાણીનુ સબોધન આપી, પ્રેમપૂર્વક આલિગન કર્યુ દીપ[illegible] કુશસ્થલીના મહારાજાના પટરાણીની પદવી પ્રાપ્ત કરી



પ્રકરણ ૬ ઠું.

પલ્લીપતિનો પરાભવ.



દીપશિખા નગરીનો મહારાજા સભા મંડપમાં બેઠો છે, મંત્રીઓ તથા સામંતો આવી હાજર થયા છે, એક તરફ વારાંગના નૃત્ય ગીત કરે છે, રાજા દીપચંદ્રના સિંહાસનની દક્ષિણ ભાગે પ્રતાપસિંહ બેઠો છે, સાસરા અને જમાઇનો સંબંધ પ્રતિદિન પ્રીતિમાં વધતો જાય છે, મહારાજા પ્રતાપસિંહ પોતાની રાજધાનીમાં જવા વારવાર પ્રાર્થના કરે છે, તથાપિ રાજા દીપચંદ્ર અતિ આગ્રહથી તે પ્રાર્થનાનો ભંગ કરે છે. દિવસ ઉપર દિવસ, અને માસ ઉપર માસ, ચાલ્યા જાય છે, હવે પ્રતાપસિંહની પ્રાર્થના સફળ થવાની વકી છે ઘણા સમયને લઇ રાજા દીપચંદ્રને પોતાનો દૃઢ આગ્રહ શિથિલ કરવો પડયો છે. આજ કાલ વિદાયગિરીનો સમય પાસે આવતો જાય છે, સૂર્યવતીનો વિયોગ તેની માતા દીપવતીને સહન કરવાનો સમય આવતો જાય છે. સૂર્યવતી પોતાની રાજધાની જોવાને ઉત્કંઠિત છે, પણ પિતા અને માતાના વિયોગથી તેણીનુ હૃદય કંપાયમાન થાય છે.

આ સમયે દ્વારપાળે આવી નમન કરી દીપચંદ્ર રાજાને જણાવ્યું કે, મહારાજા ! કોઇ દૂત આપને મળવા આવ્યો છે, અને તે સત્વર મળવા ઇચ્છે છે. દીપચંદ્રે આજ્ઞા આપી, એટલે દ્વારપાળ તે પુરૂષને લઇ સભામાં આવ્યો દૂરથી મહારાજાને પ્રણામ કરી ઉભો રહ્યો, અને તેણે રાજસભાના લોકો તરફ દ્રષ્ટિ કરી, તે ઉપરથી રાજા દીપચંદ્રે તેનું હૃદય જાણી લીધુ, અને તત્કાળ સભા વિસર્જન કરી થોડા મંત્રીઓ અને ખાસ સામંતોને સમસ્યાથી રોકી, પોતે બેસી રહ્યો. તે દૂત બોલ્યો—મહારાજા ! હું સિંહપુરથી આવુ છુ, આપની ભત્રીજી ચંદ્રવતીના પતિ શુભગાંગ રાજાએ મને મોકલ્યો છે. તેમણે કહ્યું છે કે, અમારા સિંહપુરનગરથી પૂર્વમા **વાસંતિકા** નામે એક ભયંકર અટવી છે, તેની અંદર **શૂર** નામે એક પલ્લીપતિ રહે છે, તેનો આચાર અતિ દુષ્ટ છે, તે અમારી સાથે મોટુ વેર રાખે છે. હમણા એવુ બન્યું કે, અમારા મહેલમાંથી એકાવલી હારની ચોરી કરી, ચોર લોકો નાશી ગયા, અમારા રક્ષકોએ તેઓની પુઠ પકડી, અને છેવટે તેઓને બાંધી પકડી લાવ્યા, જ્યારે તેમને માર મારવામા આવ્યો, એટલે તેઓ માની ગયા કે, અમે શૂર પલ્લીપતિના દાસ છીએ, અને તમારા હારના ચોર છીએ. અ-

મારા સ્વામી પલ્લીપતિના કહેવાથી અમે આ ચોરી કરેલી છે. તે સાંભળતાંજ મને ક્રોધ ચડયો, અને તેમની પાસેથી હાર લઇ તેઓને શૂળીએ ચડાવવાની શિક્ષા કરવામાં આવી, જે શિક્ષાથી એ દુષ્ટ ચોર પંચત્વને પ્રાપ્ત થયા. આ ખબર કોઇ બાતમીદાર પાસેથી સાંભળી શૂર પલ્લીપતિને અતિ કોપ ચડી આવ્યો. તે વનેચરોનું મોટું સૈન્ય લઇ સિંહપુર ઉપર ચડી આવ્યો છે. અત્યારે મારા નગર ઉપર મોટો ઘેરો નાખી એ દુષ્ટ વનેચર પડયો છે. દ્રવ્યના નિધાનને જેમ સર્પ વીટાઇ વળે, તેમ તેના સૈનિકો મારા નગરને વીંટાઇ વળ્યા છે. તો જો તમારાથી બને તો મોટું સૈન્ય લઇ મને સહાય કરવા આવશો. આપત્તિ વખતે સહાય કરવી, એ સંબંધીનો ધર્મ છે.

મહારાજા ! આ પ્રમાણે શુભગાંગ રાજાએ મને કહેવાને મોકલ્યો છે. તે સાંભળી દીપચંદ્ર વિચારમાં પડયો, એક તરફ પોતાને સિંહપુરના રાજાને સહાય કરવા જવું જોઇએ, અને બીજી તરફ એ પલ્લીપતિ ઘણો દુર્જય છે, તેની સામે જવું, તે પણ અતિ વિષમ છે. આ બંને વિચારરૂપ હિંચકામાં દીપચંદ્રનું શક્તિ મન આંદોલિત થવા લાગ્યું, તે ચિંતાની અસર તેની મુખાકૃતિપર છવાએલી જોઇ, પ્રતાપસિંહે પુછ્યું, રાજેંદ્ર ! કેમ વિચારમાં પડયા છો ? તે પલ્લીપતિ કેવો છે ? દીપચંદ્ર બોલ્યો—મહારાજા ! એ પલ્લીપતિ ખરેખરો યમદૂત છે, એ પ્રદેશમાં તેની હાક વાગે છે. વાસતિકા અટવીના બધા માર્ગ તેણે રોકયા છે, ચોર લોકોની મોટી સેના તેના તાબામાં છે, તેના ભયથી લોકો ત્રાસ પામે છે, તેણે આસપાસના માર્ગ રોકયા છે, તેથી કોઇ તે રસ્તે જઇ શકતું નથી. ઘણા લોકોનો વ્યાપાર ભાંગી ગયો છે, તેના તાબામાં રહેલી વનેચરોની સેના સર્વ સ્થળે ત્રાસ વર્તાવે છે. મહારાજા ! વધારે શું કહેવું ? તેની ઉપર ચડી જવામાં પરાભવ શિવાય બીજું કાંઇ થવાનુંજ નહીં. અમારી નગરી પણ કુગ્રહની જેમ તેનાથી ભય પામે છે. આ વખતે શુભગાંગ રાજાની સહાય કરવી જોઇએ, પણ એ દુષ્ટની સામે થવાને મારી હિંમત ચાલતી નથી. આ વિષે તમારી શી સલાહ છે ?

દીપચંદ્રનાં આવાં વચન સાંભળી હસ્તીની ગર્જના સાંભળી જેમ કેશરીસિંહ ગાજી ઉઠે, તેમ પ્રતાપસિંહ ગાજી ઉઠયો. તેનામાં ક્ષાત્રતેજ પ્રકાશિત થઇ ગયું. શૌર્યતાનો પ્રભાવ તેના અંગે અંગમાં વ્યાપી ગયો, દક્ષિણ હાથમાં ખડ્ગ ઉચું કરી તે બોલ્યો—દીપશિખાપતિ ! ચાલો, સત્વર તૈયારી કરો. ક્ષાત્રતેજની આગળ એ પલ્લીપતિ કોણ માત્ર છે ? શીયાળથી કેશરી કેમ ભય પામશે ? ક્ષત્રીય વીરની આગળ તે વનેચરના શા ભાર છે ? આટલું કહેતાંજ તેણે પ્રયાણની ભેરી વગડાવી. પ્રયાણનું વાદ્ય સાંભળી તેની ચતુરંગ સેના સજ્જ થઇ ગઇ, તેના શૂરવીર સુભટો મસ્ત થઇ માહાલવા લાગ્યા. યુદ્ધના ઉત્સાહથી સર્વનાં મન પ્રફુલ્લિત થઇ ગયાં. પ્રતાપસિંહના પ્રતાપનું તેજ પ્રત્યેક સૈનિકમાં પ્રગટ થઇ ગયું. આવી મહાન્ તૈયારી જોઇ રાજા દીપચંદ્ર આશ્ચર્ય પામી ગયો. પ્રતાપની ઉત્સાહ શક્તિ જોઇ તેના મનમાં નિશ્ચય થયો કે, આ પ્રતાપી પ્રતાપ જરૂર પલ્લીપતિનો પરાભવ કરશે.

શુભ મુહૂર્તે પ્રયાણ કરી સમસ્થળને વિષમ કરતું, અને વિષમસ્થળને સમ કરતુ,

પ્રતાપનું સૈન્ય સિંહપુરની પાસે આવી પહોચ્યું તે નગરની સરિતાના તીર ઉપર પ્રતાપે પોતાની છાવણી નાખી. એક મોટા વિશાળ તંબુમા રાજા પ્રતાપસિંહ, અને દીપચદ્ર સાથે રહ્યા શુભગાગ રાજાને સહાય કરવા આવેલા આ બને રાજાઓની ખબર શૂર પલ્લીપતિને કોઇ બાતમીદારથી મળી. પોતાના સૈન્ય ઉપર મોટો ઘેરો થશે, એવી તેના ભિલ્લોને ધાસ્તી લાગી, તેથી ભિલ્લોએ પલ્લીપતિને કહ્યું કે, કુશસ્થળીનો પ્રતાપ બળવાન્ છે, તેની સાથે દીપચદ્રની સેના મળવાથી તેમના લશ્કરનો મોટો જમાવ થયેલો હશે, તેથી આપણે અહીથી નાશી છુટવું યોગ્ય છે. તેમનાં આવાં કાયરતાવાળા વચન સાંભળી પલ્લીપતિએ કહ્યું, બહાદૂર સૈનિકો ! તમે દ્રઢ થઇ ઉભા રહેજો, આવા કાયરતાના વિચાર લાવશો નહીં. વનેચરોની સેના આગળ નાગરીક સેના કોણ માત્ર છે ? વીર પુરૂષો મૃત્યુથી બીતા નથી. તમે ધૈર્યતા રાખો સામા થાઓ. હવે નાસવાનો અવકાશ નથી કુશસ્થળીના પ્રતાપના પંઝામા તમે સપડાયા છો, જો હિંમત હશે તો, તેમાથી છટકી શકશો.

શૂર પલ્લીપતિના આવા વચન સાંભળી, વનેચરોને દઢ હિંમત આવી. તત્કાળ દીપકમા પતગીઆની જેમ તેઓ મરણીયા થઇ યુદ્ધ કરવા તત્પર થયા. તેઓએ વિચાર્યું કે, જો આપણે નાશી જઇશુ, તો લોકોમા આપણું હાસ્ય થશે. પછી ધનુષ્ય બાણ લઇ, પ્રતાપના સૈન્ય ઉપર ધસી આવ્યા, વર્ષા કાળના મેઘની જેમ બાણોની વૃષ્ટિ કરવા લાગ્યા, દશે દિશાઓને બાણોથી ઢાંકી દીધી વનેચરોનો ધસારો જોઇ, પ્રતાપસિહના સૈનિકો યુદ્ધ કરવા સામા થયા. બને સૈન્યની વચ્ચે ભયકર યુદ્ધ પ્રવર્ત્યું. ધનુષ્ય, બાણ, ખડગ, ભાલા, અને અગ્નિ શસ્ત્રની વૃષ્ટિ થવા માડી વીર લોકોના ચરણ ઘાતથી પૃથ્વી કાંપવા લાગી. વનેચર લોકો મરણીયા થઇ પ્રતાપના સૈન્ય ઉપર તુટી પડયા યુદ્ધ વિરોના હોકારથી ગગન ગાજી ઉઠયુ, શૂરવીરોના સિહનાદથી બધુ વિશ્વ શબ્દાત્મક થઇ ગયુ. આ અવસરે કોપથી રાતા લોચન કરતો, પલ્લિપતિ મદગધી ગજેદ્ર ઉપર ચડી, સૈન્યની મોખરે આવ્યો. તેના ગજેદ્રના મદગધથી પ્રતાપની સેનાના ગજેદ્રો ચીસ પાડી નાસવા લાગ્યા. તેણે પોતાના પ્રબળ ધસારાથી પ્રતાપના સૈન્યમા ભગાણ પાડયુ. તે જોતાંજ રાજા દીપચંદ્ર ચમકી ગયો, ને વિચારમા પડયો કે, આ શું થયુ ? હવે શી રીતે જીતી શકાશે ? દીપચંદ્રની શંકા જાણી પ્રતાપસિહે પોતાનો રથ આગળ હંકાર્યો. સારથિએ ચતુરાઇથી રથ હાંકી પ્રતાપને આગળ કર્યો. વીર રસને વધારનારા વાજિત્રો વાગતાં હતાં પ્રતાપે બાણોની વૃષ્ટિ કરી, વનેચરોને હઠાવી દીધા પ્રતાપસિંહના પ્રૌઢ પ્રતાપરૂપ દીપકમાં વનેચરો પતગીયા થઇ પડવા લાગ્યા કેટલાએક બાવરા બની દશ દિશામા જતુ, તેમ ચિંતાતુર થવા લાગ્યા, દશે દિશાઓમાં ભીલ્લ લોકોની સેના વીખરાઇ ગઇ, પછી પ્રતાપે ક્ષણ માત્રમાં પલ્લીપતિને કેદ કરી લીધો. પલ્લીપતિ ભયલીન થઇ પ્રતાપની શરણે આવ્યો આજ દિન સુધી એકઠો કરેલો લોકોનો ચોરીનો માલ તેણે પ્રતાપને તાબે કર્યો.

પ્રતાપસિહની સેના એવી છુટી કે, પલ્લીપતિના કબજામાંથી કોટી ગમે ધન માલ લઇ, પ્રતાપસિહની આગળ હાજર કરી દીધો. પ્રતાપની વિજય પતાકા ચડેલી જોઇ,

રાજા દીપચંદ્ર ખુશી થયો, અને સિંહપુરનો રાજા શુભગાંગ હર્ષ પામતો પ્રતાપસિંહની પાસે આવ્યો પ્રતાપશાળી પ્રતાપસિંહને અને દીપચંદ્રને પ્રણામ કરી, તે નમ્ર વચને બોલ્યો—મહારાજા ! આપે પધારી મને વિજયદાન દીધું છે. આ વિશ્વનો મહા રિપુ પલ્લીપતિનો પરાભવ કરી, આપે અનેક આશિષો સંપાદન કરી છે, અમારા બધા પ્રદેશને આપ મહારાજાએ નિષ્કંટક કર્યો છે. આ સિંહપુર આપનું સદાને માટે આભારી છે. પછી તેણે પોતાના સંબંધી દીપચંદ્ર રાજાની પણ કેટલીએક પ્રશંસા કરી, તેના સંબંધને લઇ, પ્રતાપસિંહ જેવા એક પ્રતાપી રાજાનો સંબંધ જાણી શુભગાંગને વિશેષ આનંદ થયો. પલ્લીપતિની પલ્લીને ઠેકાણે પ્રતાપે પોતાની પ્રિયાના નામથી **સૂર્યપુર** નામે એક નગર વસાવ્યું. શુભગાંગ રાજાના આગ્રહથી સિંહપુરમાં કેટલાએક દિવસ રહી, મહારાજા પ્રતાપસિંહ તથા દીપચંદ્ર રાજા પાછા દીપશિખા નગરી તરફ જવા તૈયાર થયા. મહાન્ ઉપકારમાં દબાએલા શુભગાંગ રાજાએ એ બંને નૃપતિઓની એકનિષ્ઠાથી અને ભક્તિથી સેવા કરી હતી. પલ્લીપતિએ જે ચોરીનો માલ એકઠો કર્યો હતો, તે માલ તે તે માલ ધણીને બોલાવી પ્રતાપે સોંપી દીધો. ત્યારથી વાસંતિકા અટવી નિર્ભય થઇ, અને વ્યાપારી મુસાફરોને માટે સર્વે રસ્તાઓ ખુલ્લા થઇ ગયા. પલ્લીપતિને એક સેવક તરીકે રાખી પ્રતાપસિંહ પોતાના સસરાની સાથે પાછો દીપશિખા નગરીમાં આવ્યો. આથી પ્રતાપસિંહની વિજયકીર્ત્તિ વિશ્વમાં વિશેષ પ્રસાર પામી હતી.



પ્રકરણ ૭ મું.

માતાનો ઉપદેશ.



ગગનમણિ પ્રગટ થઇ આકાશને અલંકૃત કરી રહ્યો છે, રાજા દીપચંદ્રના દરબારમાં લોકોની ઠઠ જામી છે, અનેક જાતની તૈયારીઓ થઇ રહી છે, હાથી, ઘોડા, રથ, અને પેદલ સજ્જ થઇ ઉભા છે, અનેક જાતનાં રાજવાહનો સજ્જ થઇ રાહ જુવે છે, રાજા દીપચંદ્રના મુખ ઉપર ગ્લાની આવી ગઇ છે, તેના અંતઃપુરમાં શાંતિ સાથે તૈયારી થતી જાય છે. રાણી દીપવતીના મહેલમાં ધોંધાટ છતાં શાંતિ દેખાય છે, દાસ દાસીઓનાં મુખ ઉપર શોકની છાંયા પ્રસરી રહી છે, નગરીના લોકો ઉત્સાહ વગરના થઇ ઉભા છે. ઘણા વખતથી આનંદ મંગળમાં માહાલેલી દીપશિખા નગરી આજે આનંદ મંગળની સમાપ્તિ સૂચવે છે. વાંચનારને ઉત્કંઠા થઇ હશે કે, આ બધાનું શું કારણ હશે ? બીજું કાંઇ અમંગળ કારણ નથી, મંગળ છતાં અમંગળનો દેખાવ આપનારૂં એ કારણ છે આજે મહારાજા પ્રતાપસિંહ સૂર્યવતીને સાથે લઇ પોતાની રાજધાની પ્રત્યે પ્રયાણ કરે છે, તેમના વિયોગથી આ દેખાવ થયેલો છે. રાજા દી-

પચંદ્ર અને રાણી દીપવતી, કુમારી સૂર્યવતીના વિયોગથી શોકાતુર છે. પ્રતાપસિંહ જેવા પ્રતાપી રાજાનુ ગમન પણ રાજા દીપચદ્રને નિરૂત્સાહ કરનારૂ થયુ છે જે મહેલમાં પ્રતાપસિહ રહેતો હતો, તે મહેલને શૂન્ય થયેલો જોવાને દીપચદ્ર અસમર્થ થયો છે. ચિરકાળના સહવાસથી દીપચદ્ર રાજાને ઘણો આનદ મળ્યો છે, તે સાથે વળી રાજકુમારી સૂર્યવતીનો વિયોગ તેને વિશેષ શોકોત્પાદક થઇ પડયો છે સૂર્યવતીના સમાગમ સુખને સંવેદા સપાદન કરનારી તેની સખીઓ, દાસીઓ અને બીજો પરિવાર શોકાતુર છે.

એક તરફ રાણી દીપવતીએ પોતાની પ્રિય દુહિતાને માટે અનેક પ્રકારનો દાયજો તૈયાર કરાવી ગોઠવી દીધો છે, પોતાની પ્રિય પુત્રીના વિયોગથી તેના મુખચદ્ર ઉપર શોકની મલિન છાયા પડી છે, બાલ્ય વયથી લાલન પાલન કરેલી, અને માતાના મધુર વાહાલમા તથા લાડમા રમેલી બાળા આજે પોતાની માયાળુ માતાથી વિખુટી પડે છે. ક્ષણે ક્ષણે સંભાળ લેનારી, અને પ્રેમથી સદા મગ્ન રાખનારી માતા આજે ગરીબ ગાયની જેમ પુત્રીને પરાધીનતામા દોરાવે છે પિતૃગૃહના વૈભવમાથી મુક્ત કરી, તેને પતિગૃહના વૈભવમા મુકે છે. પુત્રીનો જન્મ આવાજ કારણથી અધમ ગણેલો છે. તેનું સર્વ જીવન બે વિભાગમા પૂરૂ થાય છે. જન્મની સાથેજ તેને જન્મભૂમિનો વિયોગ સહચારી થાય છે, તેના સસારની રચના અન્ય સ્થળેજ આરભાય છે. માતા પિતાના લાલન પાલનનુ સુખ તેના તારૂણ્ય વયના આરભમાજ સમાપ્ત થાય છે. પિતૃગૃહમાં વૈભવ હોય, અને પતિ ગૃહમા દારિદ્ર હોય, નો દુહિતા દારિદ્રનીજ ભાગીયણ થાય છે, તેના જીવનની સમાપ્તિ પરાધીનતામાજ પૂરી થાય છે

કુશસ્થલીનો પતિ જ્યારે તૈયાર થઇ રથ આગળ ઉભો રહ્યો, ત્યાં નયનમા શોકાશ્રુ ધારણ કરતો દીપચદ્ર તેની પાસે આવ્યો. અનેક પ્રકારે પ્રીતિનાં વચન કહેવાની તેની ઇચ્છા હતી, પણ તે બોલી શક્યો નહી; તેના નયનમાથી અશ્રુની ધારા વહેવા લાગી, કઠ રૂંધાઇ ગયો, અને પ્રેમના આવેશમા તે પૂર્ણ રીતે દબાઇ ગયો છેવટે તેણે ગદ્ગદ્ સ્વરે કહ્યું, મહારાજા પ્રતાપસિંહ ! તમારી કુશળતા પ્રતિક્ષણે જણાવશો, અને જે પ્રીતિ લતા તમે વાવેલી છે, તેની ઉપર સર્વદા સ્નેહ જળનું સિંચન કરજો, તેને ખરૂ જીવન આપી નવપલ્લવિત કરજો તમારા ઉદય સાથે સૂર્યવતીના સદ્ભાગ્યનો સૂર્ય હમેશા ઉદિત રહી પ્રકાશમાન થયા કરજો આટલા શબ્દો બોલતા તેનો કઠ વિશેષ રૂંધાઇ ગયો, અને તેની પ્રેમવાણી તેના પ્રેમસાગરમા લીન થઇ ગઇ તેનો આવો પ્રેમરૂપ પૂર્ણચદ્રને જોઇ પ્રતાપસિંહનો પણ પ્રેમસાગર ઉછળવા લાગ્યો તેના હૃદયમા અતરગ પ્રેમ પ્રગટ થવાથી તે પણ વિશેષ બોલી શક્યો નહીં છેવટે તેણે એટલાજ શબ્દો કહ્યા કે, તમારી રમણીય રાજધાની છોડતા મને અપાર ખેદ થાય છે, તમારા સત્કારથી અને તમારી પ્રીતિથી મને જે આનદ પ્રાપ્ત થયો છે, તેનુ વર્ણન કરવાને મારી પાસે પૂરતા શબ્દો નથી, તમારી પ્રીતિનો બદલો વાળવા મારી પાસે કાઇ પણ સાધન નથી તે બદલો વાળશે નહિ, ત્યા સુધી હુ તમારો યાવજ્જીવિત ઋણી છુ. પ્રતાપસિંહના આ શબ્દોએ દીપચદ્રના હૃદયને વીંધી નાંખ્યુ તેવામા એક દાસે આવી ખબર આપી કે, મહારાજા ! રાણી

દીપવતીને મહેલ પધારો. સૂર્યવતીઆ તમને મળવાની રાહ જોઇ ઉભાં છે તે સાંભળતાંજ દીપચંદ્ર પ્રતાપસિંહની રજા લઇ દીપવતીના મેહેલ તરફ આવ્યો. પોતાના પૂજ્ય પિતાને આવતા જોઇ સૂર્યવતીએ લજ્જાથી અભિનંદન આપ્યું. સૂર્યવતીને જોતાજ દીપચંદ્રનાં નેત્ર અશ્રુથી ભરાઇ આવ્યાં, કંઠ ગદ્‌ગદ્ થઇ ગયો, પિતાનું પુત્રી વાત્સલ્ય પ્રગટ થઇ આવ્યું ક્ષણ વાર રાજા બોલી શક્યો નહી પછી મંદ સ્વરે બોલ્યો—વત્સે ! તારો વિયોગ સહન કરવાનો સમય અમને પ્રાપ્ત થયો છે. જેવી રીતે તે તારા સદ્‌વૃત્તથી પિતૃ કુળને પ્રકાશિત કર્યું છે, તેવી રીતે તારા શ્વસુર કુળને ઉજ્વળજે તુ આર્હત ધર્મની ઉપાસક છુ, તેથી તને વિશેષ શિક્ષાની જરૂર નથી ક્ષત્રિય કન્યાઓમા કુળાભિમાન સ્વાભાવિક હોય છે. બેટા ! સદાચરણથી સુશોભિત થઇ સર્વદા સદ્‌વૃત્ત ધારણ કરજે, અને જ્યારે ઇચ્છા થાય, ત્યારે તારા પિતાની રાજધાનીને અલંકૃત કરજે તારા સૌભાગ્યનો સૂર્ય સર્વદા પ્રકાશિત રહેજો—આટલુ કહેતાજ દીપચંદ્ર ગળગળો થઇ ગયો સૂર્યવતીને ભેટી મસ્તક સુંઘી શોકમય મુદ્રા સહિત રાજા તે સ્થળેથી ચાલી નીકળ્યો.

રાજા દીપચંદ્રના જવા પછી રાણી દીપવતીએ સૂર્યવતીને વક્ષસ્થળમાં દબાવી, અને તેના મસ્તકને પ્રેમાશ્રુથી ભીંજાવી નીચે પ્રમાણે કહ્યું—પ્રિય સુતા ! તારા સિવાય આ મહા મહેલમા મને ક્ષણવાર પણ ગમશે નહીં તારા વિયોગનુ દુ:ખ મને સતત પીડા કરશે, તથાપિ પુત્રીનો અવતાર પરને અર્થે છે, એટલે બીજો શો ઉપાય ? તારા સૌભાગ્યનો મહિમા પતિગૃહમાંજ વધવાનો છે, તારા સર્વ જીવનનો સબંધ શ્વસુર કુળની સાથે જોડાયો છે, અને તારા સંસારરૂપ વૃક્ષને પલ્લવિત થવાની ભૂમિ પણ તેજ છે [illegible] ઉપાય નથી મારી વહાલી સુતા ! તુ સર્વ ગુણ સંપન્ન છે, એટલે તને [illegible] ની જરૂર નથી તથાપિ એક માતા તરીકે મારી ફરજ બજાવવા ખાતર [illegible] આપુ છુ વહાલી ! તને હવે એક બીજા રાજ્યમા મોકલીએ છીએ, [illegible] રાજકુમારીના પદવી હવે સમાપ્ત થઇ છે, અને [illegible] પદવી તને પ્રાપ્ત થઇ છે. પુત્રી ! રાજ્યને અંગે અનેક દોષ ઉદ્‌ભવે છે [illegible] ખાણરૂપ છે, તેવુ તે દોષની પણ ખાણરૂપ છે સુખ સંપત્તિ, [illegible] અને વિલાસ એ રાજ્યરૂપ વૃક્ષના ફળ છે, અને તે ફળ જો ઉપયોગ પૂર્વક [illegible], તો પાપના કારણ થતા નથી, અને ઉપયોગ વિના ભોગવ્યા હોય તો [illegible] છે રાજ્ય લક્ષ્મીનો મદ ધાર્મિક પ્રવૃત્તિને ભુલાવી દે છે એ મદના [illegible] નારકીના અધિકારી થયા છે પ્રિય સુતા ! તેવા રાજ્યમાં હવે [illegible] પ્રવેશ થાય છે તુ ક્ષણે ક્ષણે ચેતીને ચાલજે. પ્રભાતકાળે પતિની [illegible] સ્મરણ કરજે, જિન પ્રતિમાની પૂજા કર્યા વગર કદિ પણ [illegible] સેવન કરજે, જે જે આશાતનાઓ છે, [illegible] વિધિથી ધર્મની આરાધના કરજે, ગુરુ ક વડીલ વર્ગનો વિનય કરજે. [illegible] આજ્ઞાનો યત્ન કરજે, શીળ એ નારીઓનો દિવ્ય [illegible] શુદ્ધ હૃદયથી પતિની સેવા કરનારી શ્રાવિકા [illegible] અંગીકાર કરજે, સર્વદા જૈન

તત્વનો વિચાર કરી માનવ જીવનને સફળ કરજે. પ્રિય સુતા ! કુલીન સ્ત્રીઓને કુળ લજ્જા એ કલ્પલતા છે એ કુળ લજ્જારૂપ કલ્પલતાનો તુ આધાર મંડપ થજે, એ કલ્પલતાને સર્વદા સિંચન કરી તેના સદાચારરૂપ ફળને સંપાદન કરજે. મનોહરા ! તને વિશેષ કહેવાની કાંઇ જરૂર નથી તુ સ્ત્રી ધર્મને જાણે છે, જૈન સતીઓના ચરિત્રો તે સાભળ્યા છે, આર્હત ધર્મના પવિત્ર સંસ્કાર તારામાં વાસ કરી રહ્યા છે, જૈન વ્રત અને તપ તે આચર્યા છે, સાધ્વીઓના ઉપાશ્રયનુ સેવન કરેલુ છે, અને મુનિઓના મુખથી સદુપદેશ સાભળ્યા છે, તેથી પ્રિય સુતા ! તને જે શિક્ષા આપવી તે પુનરૂક્તિ જેવી છે. છેવટે એટલુજ કહેવાનુ કે, ક્ષત્રિઓની સ્ત્રીઓમા જે ગુણ સ્વાભાવિક હોવા જોઇએ, તે બધા ગુણ તારામાં દેખાય છે, તેમનુ સર્વદા રક્ષણ કરજે. ક્ષત્રિયાણીઓ વીરમાતા કહેવાય છે ક્ષત્રિ ધર્મના ધુરંધર કુમારોની તેઓ ક્ષેત્રભૂમિ છે. વિશ્વમાં શ્રેષ્ટ કુળની પદવી ક્ષત્રિયોને મળેલી છે તીર્થંકરો, ચક્રવર્ત્તીઓ, વાસુદેવો, પ્રતિવાસુદેવો, અને બીજા ત્રિષષ્ટિશલાકા પુરૂષોની જન્મદાત્રી પ્રાયે કરીને રાજપુત્રીઓ હોય છે. સતી ધર્મરૂપ કલ્પવૃક્ષની પોષક માતા રાજપુત્રીઓજ છે પ્રિય સુતા ! તું પણ તે માહેલી એક રાજપુત્રી છુ ભવિષ્યમા વીર્યધારિણી વીરમાતા થવાની છુ રણવીર, ધર્મવીર, અને દાનવીર પુરૂષોની પ્રગટ કરનારી તારા જેવીજ રાજપુત્રીઓ હોય છે આ બધા વિચારનું મનન કરજે તુ કઇ સ્થિતિમા રહેવાને યોગ્ય છુ, તે તું જાણે છે. જેવી રીતે તારા પ્રખ્યાત પિતાની કીર્તિ વધે, તારી માતાને માન મળે, અને દીપશિખા નગરીનું રાજકુટુંબ પ્રશંસા પામે, તેવી રીતે પતિગૃહમા વર્તજે પ્રતાપસિંહ જેવા વીરપતિનું રાણીપદ દીપાવજે, અને સર્વદા આર્હત ધર્મની ઉપાસનામા તત્પર રહેજે.

આટલું કહી માતા દીપવતી ગળગળી થઇ ગઇ, તેના કંઠમાથી નીકળતો સ્વર બદલાઇ ગયો પુનઃ પુત્રીને બાથમા લઇ બોલી—સૂર્યવતી ! તું મારા હૃદયમાં વસનારી અને મારા પ્રાણનો આધાર છુ તારા વિયોગનુ દુઃખ મારાથી શી રીતે સહન થઇ શકશે ? આ મેહેલમા જ્યા તારી બેઠક હતી, જ્યા તું સખીઓની સાથે ગીત ગાતી હતી, તે સ્થાન તારા વિના મારાથી કેમ જોઇ શકાશે ? પ્રિય બેન ! હવે સમય ઘણો થઇ ગયો છે, પ્રયાણનુ મુહૂર્ત્ત ચાલ્યુ જાય છે, માટે ઉતાવળ કર પુનઃ પાછી વહેલી આવજે તારા પિતાની રાજધાનીને સંભારજે આટલુ કહી દીપવતીએ સૂર્યવતીને પાછી હૃદય સાથે દાબી માતાનુ હેત જોઇ, સૂર્યવતીના નયનમાંથી અશ્રુધારા ચાલતી હતી. પોતાને માતાનો વિયોગ સહન કરવો પડશે, એથી ઘણું વસમુ લાગ્યુ, હૃદય ભરાઇ આવ્યુ, અને કંઠ ગદગદિત થઇ ગયો ચાલતી વખતે સૂર્યવતી કાંઇ પણ બોલી શકી નહીં છેવટે ઘણો પ્રયત્ન કરી, એટલુ બોલી કે, માતા ! તમારા વિયોગથી આ પુત્રીને ઘણુ સહન કરવુ પડશે તમારા સહવાસમાં રહી, સૂર્યવતીએ જે સુખ પ્રાપ્ત કર્યું છે, જે લાડ ભોગવ્યાં છે, જે વૈભવ સુખ અનુભવ્યા છે, અને જે પિતૃગૃહના પ્રીતિ રસનો સ્વાદ મેળવ્યો છે, તે પુનઃ ક્યારે પ્રાપ્ત થશે ? જનની ! તમારી પ્રેમ ભરેલી દૃષ્ટિ બીજે ક્યાથી મળશે ? આ જગતમા દુહિતાઓનો આશ્રય માતાજ છે. પુત્રી ઉપર માતાનુ જે વાત્સલ્ય તે સ્વર્ગીય વાત્સલ્ય છે વનિતાઓના જીવનનો આધાર પિતૃગૃહમા જનનીજ છે. માયાળુ માતા ! હવે

હું રજા લઉં છું. વારંવાર આ માતૃ વિયોગી દુહિતાને સંભારજો, અને પછી સત્વર મને બોલાવી લેજો. આટલું કહેતાં સૂર્યવતીનુ હૃદય એવુ ભરાઇ આવ્યુ કે, તે એક શબ્દ પણ બોલી શકી નહીં. તેવામાં એક સેવકે આવી જણાવ્યુ કે, મહારાજા દીપચંદ્ર સૂર્યવતીબાને રથમાં બેસવા બોલાવે છે. તત્કાળ માતા અને પુત્રી વિખુટાં પડયાં. પ્રતાપસિંહનો રથ સૂર્યવતીને સાથે લઇ રાજ્યદ્વારની બહાર નીકળ્યો. નગરીની બહાર કેટલેક દુર વળાવી રાજા દીપચંદ્ર પાછો વળ્યો. શ્વસુર અને જામાતા પરસ્પર પ્રેમાશ્રુ પાડતા જુદા પડયા. દીપવતી રાણી જ્યાં સુધી સૂર્યવતીનો રથ દેખાયો, ત્યા સુધી પોતાના મેહેલ ઉપરથી જોઇ રહી. છેવટે વિયોગના દુ:ખનો અનુભવ કરતી, મેહેલમાં માંડ માંડ સમય નિર્ગમન કરવા લાગી. રાજા દીપચંદ્રને કેટલાક દિવસ સુધી રાજ્યમેહેલમાં ગમ્યુ નહી. છેવટે અનંતકાળ શકિતના પ્રભાવથી સર્વે સ્વસ્વ કાર્યમાં પ્રવૃત થયાં મહારાજા પ્રતાપસિંહે સૂર્યવતીની સાથે મહોત્સવ પૂર્વક કુશસ્થલી નગરીમા પ્રવેશ કર્યો કુશસ્થલીની પ્રેમી પ્રજાએ પોતાનાં નવીન મહારાણીને વધાવી લીધાં.



પ્રકરણ ૮ મું.

એક નિમિત્તિઆનો વૃત્તાંત.



શસ્થલીના રાજમહેલની ચંદ્રશાળા ઉપર સંગીત ક્રીડા થઇ રહી છે; સીતાર, વીણા, મૃદંગ, અને સારંગીના સૂર ચાલી રહ્યા છે, આસપાસ સમાન વયના તરૂણો હાસ્યરસ અનુભવે છે, સંગીતના પ્રતિધ્વનિથી રાજ મહેલ ગાજે છે. ક્ષણવાર સંગીત વિરામ પામે એટલે અનેક હાસ્ય રસની, સાંસારિક અનુભવની, અને વિવિધ જન સ્વભાવની વાર્તાઓ ચાલે છે, કોઇ વિવિધ ચેષ્ટાઓ કરી અન્યોઅન્ય સ્વભાવનાં અનુકરણ કરે છે, વળી ક્ષણવારમાં પાછુ સંગીત ચાલે છે. સંગીતના નાયકો પુરૂષ વર્ગનાજ છે, આ મંડળની અંદર ચાર કિશોરવયના નાયકો બેઠા છે, તેમને રંજન કરવાને સેવક જન અનેક જાતની ચેષ્ટાઓ કરે છે, અને તેમને આનંદ પમાડી આત્માને કૃતાર્થ માને છે.

વાંચનાર ! અધીરા થશો નહીં, એ સર્વની ઓળખાણ તમને હમણાંજ કરાવીશું. એ ચાર નાયક તે પ્રતાપસિંહની પેલી રાણી જયશ્રીના **જય, વિજય, અપરાજિત** અને **જયંત** નામે ચાર કુમારો છે. તેઓ મેહેલની અગાશીમાં બેસી સંગીતનો અને વાર્તાનો વિનોદ કરે છે. તેઓ વિનોદમાં મગ્ન થઇ રહ્યા છે, આ વખતે ચોટામાં નીચેની ભૂમિ ઉપર લોકોનુ એક ટોળું તેમના જોવામા આવ્યું. તે જન વૃંદમાં સામેલ થવાને અનેક લોકો રાજ્ય માર્ગમાથી દોડી આવતા જોયા. તે જોઇ તે કુમારોને તે જાણવાનું

સાસુ, સસરા, સ્વામી, નણંદ વિગેરે ગુરૂજનનો વિનય કરતી. તથાપિ મારી મા-
તાનો પ્રેમ તેના ઉપર થયો નહિ, પવિત્ર મનથી તે પ્રભુની પૂજા કરવા જતી, તે પણ
મારી માતાને ગમતું ન હતું. હમેશાં ક્ષણે ક્ષણે તેણીના અપરાધ જણાવતી, અને કઠોર
શબ્દોથી એ કુળવધુને દુઃખ દેતી હતી કર્મના ઉદયથી તેની ઉપર મારી માતા નાગિલા
ઘણો દ્વેષ રાખતી, અને કોઇ વાર તો કડુ વચન કહી, તે શાંત ગુણી બાળાના નેત્રમાથી
અશ્રુપાત પણ કરાવતી.

એક વખતે એવું બન્યું કે, મારા પિતા શ્રીધરની મુદ્રિકા પડી ગયેલી, તે ગૃહ
કાર્ય કરતી શ્રીદેવીના હાથમા આવી. તેણીએ સારે ઠેકાણે મુકી દીધી ક્ષણવારે માગ
પિતાએ પુછ્યું કે, મારી મુદ્રિકા કયા ગઇ ? એટલે તે શુદ્ધ હૃદયની શ્રીદેવીએ લાવી આપી,
અને પોતાના સસરાને સોપી. તે વખતે મારી માતા શોકયની જેમ બોલી—જુઓ, આ
ચોરટીનાં કેવાં લક્ષણ છે ? આવી ચોર વહુ ઘરમા કેમ રખાય ? પોતાના પૂજ્ય સસરાની
ચીજ ચોરતાં પણ તેને શંકા આવી નહિ, બીજુ શુ કહુ ? તે તો પગલે પગલે અપરાધ
કરે છે. એ નિર્લજ્જ નારી વાઘરણની જેમ વલવલ કરે છે જેમ તેમ બોલી બીજાને
આળ ચડાવે છે, તેવામાં હુ ઘેર આવી ચડયો. શંખણી સાસુએ મને તે વાત જણાવી,
એટલે મને રીસ ચડી આવી. મે તેને હાથે પકડી, અને તેની ઉપર મુશળનો પ્રહાર કર્યો,
મુશળનો વિપરીત માર તેના મસ્તકપર વાગવાથી મસ્તક ફુટી ગયુ, અને તેમાથી રૂધિરની
ધારા ચાલી. આવુ બન્યા છતાં એ શાંત બાળા કાંઇ બોલી નહિ, તેણીએ મનમા વિચાર્યુ
કે, આ પૂર્વ કર્મનાં ફળ ભોગવવાં હશે, જેને માણસ દુખદાયક માને છે, તે તો નિમિત્ત
માત્ર છે શુભાશુભ કર્મને લઇનેજ શુભાશુભ ફળ મળે છે. આ સર્વ વાર્ત્તા કોઇએ
જઇ શ્રીદેવીની માતાને કહી, તે સાભળી છાતિફાટ રૂદન કરતી, તેની માતા શીઘ્ર-
વતી પુત્રીની વારે દોડી આવી પુત્રી મારના આઘાતથી બેભાન થઇ પડી હતી. માતાએ
ઘણી રીતે બોલાવવા માંડી, તોપણ શ્રીદેવીએ કાંઇ જવાબ આપ્યો નહિ તેની માતાએ
વિલાપ કરતા કહ્યું, પુત્રી ! તને શુ થયું ? એક વાર તારી મધુરી વાણી સંભળાવ, મને
હવે માતા કહી કોણ બોલાવશે ? પછી ત્યાથી તેની માતા પોતાને ઘેર તેને તેડી ગઇ
માતાએ તેના નેત્ર ઉઘાડી પુછવા માડયું—પ્રિય સુતા ! એક વાર ઉત્તર આપ. તારા
વિના મારે સર્વ વિશ્વ શૂન્ય થશે, એક વાર તો બોલ. આવી રીસ કોના ઉપર કરી છે ?
હે સદ્ગુણી સુતા ! કોઇ વખત પણ તે આવો દેખાવ કર્યો નથી. તું બાલ્યવયથીજ
અવિનય તો શીખીજ નથી, તુ અહર્નિશ વિનય કરનારી છું, તને ઉપાલંભ તો આવડતોજ
નથી, તારા મુખ ઉપર રૂદન તો અમે જોયુ નથી. બેન ! એક વાર તારી માતાને બોલાવ
તારા વિના ધર્મની વાર્ત્તાઓ કોણ કરશે ?

આ પ્રમાણે તેની માતાએ કલ્પાંત કરવા માડયો, એ વાત લોકોમાં ફેલાવાથી
લોકો મારી માતાને નિંદવા લાગ્યાં. કોઇ શંખણી, અને ચંડાળ કહી ગાળો આપવા
લાગ્યા કોઇ અમારા ઘર પાસે આવી, મને તિરસ્કાર આપવા લાગ્યા, એ બનાવથી અમારૂં
કુટુંબ ઝાંખું પડી ગયું, મારી માતાને અને પિતાને પશ્ચાતાપ થયો, તેના મનમા થયુ કે,
આ પાપનું કારણ હું છુ, મારી સાસુએ પણ પોકારથી રૂદન કરવા માંડયુ

આ વખતે દૈવયોગે કોઇ વૈદ્ય આવી ચડ્યો તેણે મંત્ર વિદ્યાના પ્રભાવથી શ્રીદેવીના શરીર ઉપર જળ છાટ્યુ, તત્કાળ શ્રીદેવી સચેતન થઇ, સર્વ પરિવાર હર્ષ પામ્યો. ક્ષણવારે વૈદ્યે કહ્યુ કે આ સ્ત્રી મારા મંત્ર પ્રભાવથી સચેત થઇ છે, પણ તેની આયુષ્યનો અંત આવ્યો છે, હવે તેને ધર્મરૂપ ઔષધનુ સેવન કરાવો, કે જેથી તેનો અંતકાળ સુધરે, અને દુષ્કર્મનો લય થાય વૈદ્યના ઉપદેશથી તેને દેવગુરૂનું સ્મરણ કરાવી ચાર શરણ સંભળાવ્યા તેના ભાવિક હૃદયમા શુભ ભાવના ભાવવામા આવી, ચોરાશી લાખ જીવાયોનીને ખમાવ્યા. અઢાર પાપસ્થાનને વોસરાવ્યા, સુકૃતની અનુમોદના કરી, અને દુષ્કૃતની નિંદા કરી, છેવટે નવકાર મંત્રને સંભળાવતા મારી સ્ત્રી શ્રીદેવીએ પોતાના પ્રાણનો ત્યાગ કર્યો

શ્રીદેવીના મૃત્યુથી આખા સિંહપુરમા હાહાકાર થઇ રહ્યો, તેના માતા પિતાએ અનેક પ્રકારે કલ્પાત કર્યું, પુત્રીના મોહથી તેમને ઘણુ લાગી આવ્યુ, અનુક્રમે તેની ઉત્તરક્રિયા કરવામાં આવી, નગરના લોકો મારી માતા નાગિલાને ફીટકાર દેવા લાગ્યા આ બનાવથી મારા પિતા શ્રીધર ગણુક લોકોને મુખ બતાવી શકતા નહતા, ત્યાથી બીજે ગામ જઇ, તેણે કેટલાક દિવસ નિવાસ કર્યો

કેટલાક માસ ગયા પછી મારા પિતા શ્રીધરે કોઇ બીજા જોશીની **ઉમા** નામે પુત્રીની સાથે મને પરણાવ્યો એ સ્ત્રી દુર્ગુણી, શંખિણી, ક્ષણે ક્ષણે રીસ કરનારી, મર્મ વચન બોલનારી, ક્રૂર હૃદયવાળી, હઠીલી, વાદિલી, વૈર કરનારી અને મારકણી હતી પ્રાયે કરીને પાત્ર ગયા પછી ઠીકરૂજ મળે છે. એ સ્ત્રી કુડ-કપટની કોથળી હતી, તેણીમા જરા પણ દયા નહતી, તે સાસુને બકરી કરી રાખતી હતી, અને ઘરમાં વાઘેણની જેમ રહેતી હતી આવી ખગબ સ્ત્રી ઘરમા આવવાથી મારા માતા પિતા ચિંતવવા લાગ્યા કે, આ પાપ ક્યાથી મળ્યુ ? એના દુશ્ચરિત્રથી તેઓ કંટાળી ગયા હતા

રાજકુમારો ! એમ કેટલાક દિવસ ગયા પછી મારા માતા પિતા મૃત્યુ પામી ગયા સાસુ સસરાના મરણ પછી ઉમા તદ્દન સ્વતંત્ર થઇ, તે નિશંકપણે ચાલવા લાગી. તે સમર્થ સ્ત્રીએ પોતાની ભુરાઇથી મને તાબે કરી દીધો, હુ તેને વશ થઇ રહ્યો, બાહેર અને અંદર તેના વિના રહી શકતો નહતો, તે સાથે મને તેણીમા અતિ મોહ પણ ઉત્પન્ન થયો હતો, એ મોહનાગે મારા મનને મર્કટ બનાવી દીધુ મંત્રથી જાણે વશ કર્યો હોય, તેમ હું તેની આગળ બકરી જેવો બની ગયો, તેના અવગુણોને પણ હુ ગુણ કરી માનવા લાગ્યો, અને તેના સહવાસથી મારા અવતારને ધન્ય ગણવા લાગ્યો જ્યા ત્યા તે સ્ત્રીના ગુણની હુ પ્રશંસા કરતો, અને સર્વ જગતમા ઉમા જેવી કોઇપણ સ્ત્રી નથી, એમ હુ કહેતો હતો

એક વખતે **સોમદેવ** નામના મિત્રની સાથે વાતચિત કરતા મેં મારી સ્ત્રી ઉમાની પ્રશંસા કરવા માંડી—મિત્ર સોમદેવ ! મારા જેવી લક્ષણવતી અને ગુણવતી સ્ત્રી જગતમાં કોઇ નથી, તે રમણીના જેવા ગુણ કોઇ પણ બીજી રામામા હશેજ નહીં. મારી આ પ્રશંસા સાંભળી, સોમદેવ બોલ્યો—મિત્ર ! હુ તને સત્ય કહુ છુ કે, તારી સ્ત્રીની

પ્રશંસા આવી રીતે તેના મુખ આગળ કરીશ નહિ. નીતિ શાસ્ત્રમાં કહ્યુ છે કે, "ગુરૂજનનાં વખાણ પ્રત્યક્ષ કરવાં, મિત્ર અને બંધુઓને પરોક્ષ રીતે વખાણવા, સેવકોને કામ કર્યા પછી વખાણવા, પુત્ર અને સ્ત્રીમાં વખાણ મૃત્યુ પછી કરવા." માટે તુ આવી પ્રશસા તેની આગળ કરીશ નહિ તારી સ્ત્રી તને ઉત્તમ લાગે છે, પણ તે ઉત્તમ સ્ત્રી નથી, તેનામાં કુલટા સ્ત્રીનાં જેવાં લક્ષણ છે. તુ એ કુલટા સ્ત્રીથી ચેતતો રહેજે એ ભામિની તને ભરમાવે છે. જો તુ તેણીને અતિ વશ થઇશ તો, તે છેવટે તારી સાથે છળ કરશે, અધમ સ્ત્રીઓના દોષ એકી સાથે જોવામાં આવતા નથી, નીચ નારીઓની ગતિ જળની જેમ નીચ તરફ હોય છે, કુલટા કામિની અન્યને ચિંતવે, અન્યને ભોગવે અને અન્યની સાથે રાગ કરે છે. મિત્ર ! તારે સારી રીતે ચેતવાનુ છે, તે સ્ત્રી તારી નથી, એ ચપળા તારે ઘેર પણ રહેશે નહિ જો તારે તેની પરીક્ષા કરવી હોય તો, તું પરગામ જવાનો મિષ કરી બાહેર જા, અને પછી છાનો ઘરમા રહી તેની ચેષ્ટા જો, એટલે તને તેના કુચરિત્રનુ બરાબર જ્ઞાન થશે. હું તને પ્રત્યક્ષ બતાવી આપુ

સોમદેવના આ વચન સાંભળી હું ચમકી ગયો, મારા મુગ્ધ હૃદયમાં સકલ્પ વિકલ્પ થવા લાગ્યા. મને વિચાર થયો કે, આ મારો મિત્ર છે, પણ તે ખળતા કરે છે અમારા દપતિ સ્નેહ ઉપર તેને ઇર્ષ્યા આવી લાગે છે. જો હું તે પ્રત્યક્ષ જોઉં, તોજ કબુલ કરૂ આવુ વિચારતા વળી મારા મનમા આવ્યુ કે, ઉમા સર્વ રીતે શુદ્ધ છે, તથાપિ આ સોમદેવને ખોટો કરી દેવા તેની પરીક્ષા કરી જોવી. પછી હુ ઘેર ગયો, મેં સ્ત્રીને કહ્યુ કે, પ્રિયા ! આજે એક જરૂરી કામ માટે પરગામ જવાનું છે, હુ ત્યાથી પાછો સત્વર આવીશ મારી સ્ત્રીએ મને કહ્યુ—પ્રાણેશ ! તમારા વિના મારાથી કેમ રહી શકાય ? પછી તેને સમજાવી હું માંડમાંડ ઘરની બહાર નીકળ્યો. ત્યાથી આખો દિવસ સોમદેવને ઘેર ગુપ્ત રહ્યો જ્યારે રાત્રીનો અંધકાર પ્રસર્યો, એટલે અમે બને મિત્રો મારા ઘરમાં તસ્કરની જેમ પેશી એક તરફ સતાઇ રહ્યા.

ક્ષણવાર પછી કોઇ જાર પુરૂષ મારા ઘરમાં આવ્યો, તેને ઉમાએ પલગ ઉપર બેસાર્યો પ્રેમથી સ્નાન ભોજન કરાવી તેની સેવા કરી, અને તે પછી તે દુષ્ટ જારે મારી સ્ત્રીની સાથે ભોગ કર્યો. તે જોતાજ મને ઘણો ક્રોધ ચડ્યો, પણ સ્ત્રી હત્યાના ભયથી હુ તે નજરે જોઇ બેશી રહ્યો છેવટે ક્રોધાધીન થયેલા મે વિચાર્યું કે, સ્ત્રી હત્યા તો ન કરવી, પણ આ જાર પુરૂષનુ વૈર લેવુ આ જાર જાતે ક્ષત્રિય છે, તેથી તેને મારવામા કાંઇપણ અન્યાય નહીં થાય પછી ભોગવિલાસ કરી સુઇ ગયેલા તે બન્નેમાંથી મે ખડ્ગવડે તે જારને નિદ્રામાજ મારી નાખ્યો પછી હું પાછો ગુપ્ત રીતે તે ઘરમાં છુપાઇ રહ્યો. ક્ષણવારમા તેના રૂધિરથી શય્યા ભીની થઇ, એટલે તે સ્ત્રી જાગી ઉઠી શય્યામા રૂધિર જોઇ 'આ શુ થયુ ?' એમ વિચારવા લાગી તે વખતે ઘરનુ દ્વાર ઉઘાડુ હતુ. તે જોઇ તેણે વિચાર્યુ કે, કોઇ તેના વૈરીએ આ કાર્ય કર્યુ હશે, પણ ત્યા કોઇ તેના જોવામા આવ્યુ નહીં પછી તે હિમ્મતવાળી સ્ત્રીએ તે જારના શબની પોટલી બાંધી કોઇના કુવામા નાખી દીધી તેની આવી હિમ્મત જોઇ મને વિચાર થયો કે, જુઓ,

આ સ્ત્રી કેવી ધીઠ અને હિમ્મતવાળી છે ? કેવા કુકર્મ કરનારી છે ? આવી અધમ નારીઓને ધિક્કાર છે. પછી ઉમાએ "હજુ રાત્રી બાકી છે," એવું જાણી એક કડાહ લીધો, અને તેવડે વડા, વેડમી, ખીચડી, પુડલા, લાપશી અને તિલવટ બનાવ્યાં. તે પદાર્થ તે કડાહમા ભરી સાથે લીધા ઘરને તાળુ સાચવી તે સ્ત્રી બાહેર ચાલી હુ પણ ગુપ્તરીતે તેની પાછળ તેની ચેષ્ટા જોવાને આવ્યો. તે ધૈર્યવાળી ઉમા નગરની બાહેર જ્યા સ્મશાન હતુ ત્યા આવી સ્મશાનની પાસે એક પર્વતની ગુફા હતી, તેમાં તે પેઠી ત્યા એક મદિર હતુ, તેની અંદર એક જોગિણી ઘણા યોગિનીના પરિવાર સાથે બેઠેલી જોવામા આવી.

તે યોગિણીનુ નામ **ખર્પરા** હતુ, તે સર્વમા મુખ્ય હતી, તેને મારી સ્ત્રી ઉમાએ પ્રણામ કર્યો તેને જોઇ ખર્પરા બોલી—ઉમા ! તુ ભલે આવી, તારૂ કાર્ય સિદ્ધ થયુ છે પછી ઉમાએ તે કડાહ આગળ ધરી કહ્યુ, મહા માયા ! તમે જે મંત્ર મને આપ્યો હતો, તે મે સાધ્યો છે, તેનું આ બળિદાન છે, તે ગ્રહણ કરો માતા ! જો હવે મને તમે **તરૂ**ઉડણની વિદ્યા આપો તો, હું મારા પતિનું બલિદાન દઇશ ખર્પરા બોલી— ઉમા ! તે વિદ્યાનો મંત્ર લેવા કૃષ્ણ ચતુર્દશીની રાત્રે વહેલી આવજે, તે વખતે કાજળ જેવો વેશ પેહેરજે આ પ્રમાણે કહી, તે યોગિણીએ ઉમાને વશીકરણનું ચૂર્ણ આપ્યું. ઉમા તે ચૂર્ણ લઇ ઘેર આવી, તેની પાછળ હું પણ પાછો ઘેર આવ્યો. ઘરમા આવ્યા પછી તેનું આ ચરિત્ર જોઇ મારા મનમા શાત રસ ઉત્પન્ન થયો. ભયાનક, બીભત્સ, આશ્ચર્ય, અને રૌદ્ર રસ મે ધૈર્ય રાખી અનુભવ્યા, શ્રૃગાર અને હાસ્ય રસને મેં મારા મનમાથી દૂર કરી નાખ્યા શરીરમા સર્વ સ્થળે શાત રસ પ્રસરી રહ્યો. પછી તે અધમ નારીને ધિઃક્કારતો હુ ઘરની બાહેર નીકળ્યો, અને મારા આત્માને ધિક્કારવા લાગ્યો કે, હુ આવી નીચ નારીમા મૂઢ બન્યો. પછી ત્યાંથી મારા મિત્ર સોમદેવને ઘેર ગયો, તે હિતકારી મિત્રને આ બધો વૃત્તાંત જણાવ્યો. મે કહ્યુ, હે ઉપકારી મિત્ર ! તું મારો ખરેખરો હિતકારી થયો છું, તેં મારા માતા, પિતા અને ભ્રાતાથી પણ અધિક હિત કર્યુ છે પવિત્ર મિત્ર ! તે મને આ વખતે જીવિતદાન આપ્યુ છે. જો તે મને ચેતાવ્યો ન હોત તો, હુ તે કુલટાના પાશમાં આવી જાત, અને મૃત્યુને શરણ થઇ જાત

સોમદેવ બોલ્યો—મિત્ર ! મેં તારો શો ઉપકાર કર્યો છે ? મિત્રને સહાય કરવી, એ મિત્રનો પવિત્ર ધર્મ છે. ભાઇ ધરણ ! હવેથી ચેતીને ચાલજે. ચદ્ર, રવિ, ગ્રહ અને તારાઓનું ચરિત્ર બુદ્ધિમાન્ પુરૂષો જાણી શકે છે, પણ સ્ત્રીચરિત્ર જાણી શકાતુ નથી. જળની અગાધતા મચ્છ જાણે છે, અને આકાશની વિશાળતા પક્ષીઓ જાણે છે, પણ કોઇ વિષમ ચરિત્રવાળી વામાઓનું ચરિત્ર જાણી શકાતું નથી મિત્ર ! તારી સ્ત્રી કેવી અધમ ? તેવી અધમ નારીઓ પતિનુ ભક્ષણ કરતા વિલબ કરતી નથી. મેં કહ્યુ, મિત્રવર્ય ! મને તેનુ ચરિત્ર બહુ લાગ્યુ છે હવે હું એ નીચ નારીનું મુખ જોઇશ નહિ, તેમજ આ સસારમા પણ રહીશ નહીં આત્મઘાત કરી મારા આત્માને શાંતિ

[illegible] મન [illegible] કર્યાં, તેનો [illegible] શીર ગુરુ શાના શિર ઉપર [illegible] ભાસ્યા કરે. ત્યારે [illegible] ઉત્પન્ન થશે ઉપર [illegible] ફરી [illegible] મિત્ર ! તું હિમ્મત કરી [illegible] તે [illegible] શાં માનસિક શી પાસે તે [illegible] ગુરુની પાસે [illegible] માદરાણી તાડ સર્વ રીતે [illegible] મારી [illegible], અને પાણી પાણી [illegible]

[illegible] આજ મારે [illegible] મને [illegible] મને [illegible] પડી. તે [illegible] મને [illegible] હતો [illegible] ગામ [illegible] બહાર [illegible] તે [illegible] મારા [illegible]

[illegible]

મને એક વિદ્યા શીખવી છે, પણ તેનો સાધવાનો લાગ આવતો નથી. તેને માટે ચિત્ત પણ સ્થિર થતુ નથી ધાતુથી બંધાએલું આ શરીર ચિત્તને આધીન છે. ચિત્ત નષ્ટ થવાથી ધાતુઓ નાશ પામે છે, તેથી યત્નવડે ચિત્તનુ રક્ષણ કરવુ જો ચિત્ત સ્વસ્થ હોય તો, બુદ્ધિઓ ઉત્પન્ન થાય છે. તે વિદ્યા સાધ્યા વિના મારા મનને સ્વસ્થતા મળતી નથી. તે વિદ્યા સાધવામાં સુવર્ણનો રાશિ તથા રત્નો જોઇએ છીએ, તે મારી પાસે નથી. જો તારી પાસે હોય તો, આપણે તે વિદ્યા સિદ્ધ કરીએ.

મે કહ્યુ, સ્વામી ! મારી પાસે રત્ન ઘણાં છે, અને સુવર્ણ પણ ઘણું છે, માટે ચાલો, ચિત્ત પ્રસન્ન કરો. આપણે વિદ્યાધર ગુરૂનો મંત્ર સિદ્ધ કરીએ. તે સાભળીને તે સિદ્ધ પુરૂપ હર્ષ પામ્યો તેણે વિચાર્યું કે. આ પુરૂષ ભદ્રિક લાગે છે મારા જેવા અજાણ્યા પુરૂષનો તેને વિશ્વાસ આવ્યો, વળી તે પાપભીરૂ અને સજ્જન છે, વિનય ગુણ કેવો ઉત્તમ છે ? મારા વિનયથી એ સિદ્ધ પુરૂપ પ્રસન્ન થઇ ગયો. કામધેનુ દેવતાને મનવાંછિત આપે છે, સેવા પુરૂપને મનવાછિત આપે છે, અને વિનય સર્વને મનવાછિત આપે છે, વિનય ગુણથી પિતા, ગુરૂ, શેઠ અને દેવતા પ્રસન્ન થાય છે. મારો મુગ્ધભાવ જોઇ, તે સિદ્ધ પુરૂપ સંતુષ્ટ થઇ બોલ્યો—ભદ્ર ! તુ ખરેખરો ભદ્રિક છુ. આવો વિશ્વાસ કોઇની સાથે કરીશ નહી હાલ કળિકાળ છે, આ કાળમા ખળતા વિશેપ હોય છે, મે તારા સત્વની પરીક્ષા કરી છે, મારે કાઇ પણ રત્ન કે સુવર્ણનુ કામ નથી, હું નિસ્પૃહ છું, મારી આગળ કર્ણપિચાશી વિદ્યા છે, તે તારા કલ્યાણને માટે આપું, તે ગ્રહણ કર. એ કલ્યાણકારિણી વિદ્યા છે, મને ગુરૂએ પ્રસન્ન થઇને આપેલી છે, તે જો યોગ્ય પુરૂપને આપવામા આવે તો કાર્ય સિદ્ધ થાય છે તારૂ દ્રવ્ય તારી પાસે રહો, મારે તેની અપેક્ષા નથી આ પ્રમાણે કહી, તે સિદ્ધ પુરૂષે મને વિદ્યાનો મંત્ર આપ્યો, મે તેની સમક્ષ વિધિથી તે વિદ્યા સિદ્ધ કરી એ વિદ્યાથી સર્વ જાતના અશુભ દુર થાય છે, અને ભવિષ્ય જાણવામા આવે છે.

હુ કેટલાએક દિવસ એ સિદ્ધ પુરૂષની પાસે રહ્યો, પછી તેની આજ્ઞા લઇ મસ્તકે આશિષ ગ્રહણ કરી ત્યાથી દેશાતર જવા નીકળ્યો. વિવિધ નગર, ગામ અને સ્થાન જોતો જોતો, અને નવનવા આચાર અવલોકતો અને શીખતો એક વનમા આવ્યો. ત્યાં આમ્ર વૃક્ષની નીચે એક મહામુનિ કાઉસ્સગ્ગ કરી રહેલા જોવામા આવ્યા તે ઉત્તમ અનગારનું મનરૂપ માનસ સરોવર નિર્મળ હતું, તેમા આત્મારૂપ રાજહસ રમી રહ્યો હતો. તે રાજહસ સુમતિરૂપ હસલીની સાથે ઉભય પક્ષે થઇ, ક્રીડા કરતો હતો મહામુનિ નિર્મળ ધ્યાનમા મગ્ન થઇ રહ્યા હતા, જ્ઞાનમાર્ગે જડ ચેતન ભાવને જાણી રહ્યા હતા, ભવરૂપ જળને તરવામાં નાવરૂપ ભાવને ભાવતા હતા, તેમના દર્શનથી મને પરમ હર્ષ ઉત્પન્ન થયો તેના ચરણમા મે વદના કરી, અને આત્માને ધન્યવાદ આપ્યો. થોડી વાર પછી એ મહાત્મા ધ્યાનથી મુક્ત થયા. કાઉસ્સગ્ગ પારી આસનને પુજી તે ઉપર બેઠા. ગુરૂની શાત મુદ્રા જોઇ, મને આનંદ ઉપજ્યો મે અંજલી જોડી કહ્યુ—મહાનુભાવ ! આજે આપના દર્શનથી મને કૃતાર્થ કર્યુ છે, હવે પણ ધર્મદેશના આપી, મારા શ્રવણને પવિત્ર કરો, જેથી મારો

સર્વ પાપ નષ્ટ થાય મુનિવરે પ્રસન્ન થઇ નીચે પ્રમાણે અમૃત સમાન વાણીથી ઉપદેશ આપ્યો.

“ભદ્ર ! આ જગતમાં જૈન ધર્મ જયવંતો છે, એ અખિલ વિશ્વનો આધાર છે, દુર્ગતિમા પડતાં જતુઓને ધારણ કરે, તેથી તે **ધર્મ** કહેવાય છે. તેમાં સદ્ભાવનાથી ભાવેલો ભાવ ધર્મ શિવ સુખને આપનારો છે, સયમ વિગેરે દશ પ્રકારથી તેના દશ ભેદ પડે છે, સર્વજ્ઞ પ્રભુએ એ ધર્મ પ્રરૂપી, જગતનાં ભવિ જતુઓનો મહાન્ ઉપકાર ર્ક્યો છે. જેને બન્ધુ ન હોય, તેનો તે બન્ધુ છે, અસહાયને તે સહાય કરનારો છે, અસખાનો તે સખા છે, અને અનાથનો તે નાથ છે. શત્રુંજય સમાન બીજું તીર્થ નથી, નવકાર સમાન બીજો મત્ર નથી, અને દયા સમાન બીજો ધર્મ નથી—એ ત્રિવિધ પાપને હરે છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર, અને તપ, એ ચાર મહાન્ ગુણ છે. અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, અને મુનિ એ ગુણના ભાજન છે. નવકાર ગત પંચ પરમેષ્ઠીનો મહામત્ર શિવપદનો આકર્ષક છે, એને આશ્રયીને સિદ્ધચક્ર કહેવાય છે સિદ્ધોનું પ્રભાવિક ક્ષેત્ર સિદ્ધિગિરિ છે. જ્યાં દાન, દયા, અને દમ રહેલાં છે, તે ધર્મ જગતમાં સારરૂપ છે, એના પ્રભાવથી જગતમાં અસત યશ, અને શોભા વધે છે. છકાય જીવને પોતાની સમાન ગણવા, ઇંદ્રિયોનું દમન કરવું, અને વૈરાગ્ય ધરવો—એ ધર્મનો સાર છે. પચ પરમેષ્ઠીના સ્મરણથી ભવેભવની આપત્તિઓ જાય છે, સંપત્તિઓ મળે છે, અને ઉભય લોકનાં સુખ પ્રાપ્ત થાય છે. સર્વ તીર્થશિરોમણિ સિદ્ધગિરિના સ્પર્શથી અનંત મુનિગણ શિવપદને પામ્યા છે. એક ચિત્તે મન, વચન, કાયાવડે તેને સેવ્યાથી ઘણા ભવિજન ભવપારને પામ્યા છે, સહસ્ર ગમે કરેલાં પાપ એ ગિરિના પ્રભાવથી નાશ પામી જાય છે. જો પ્રાણી સમકિત મેળવી, એ તીર્થરાજને ભજે છે, તો તેઓ મોક્ષ સુખના અધિકારી અવશ્ય થાય છે. દાન વિગેરે ધર્મ મોક્ષપદનું મૂળ છે, સમકિતરૂપ કલ્પવૃક્ષ જો ફળિત થાય, તો સસારનો નાશ થઇ જાય છે. સમતા, સવેગ, ભવનો ત્યાગ (નિર્વેદ) અનુકપા, અને આસ્તા—એ પાંચ લક્ષણોથી સમકિત ઓળખાય છે. અપરાધ કરે તોપણ તેની ઉપર કોપ ન કરે, એ **સમતા** કહેવાય છે; મોક્ષની અભિલાષા તે **સવેગ** કહેવાય છે; આશ્રવના ત્યાગની ઇચ્છા કરે, તે **નિર્વેદ** કહેવાય છે; દુ:ખી જનનો ઉદ્ધાર કરવાની ઇચ્છા તે **અનુકંપા** કહેવાય છે, અને નિર્દોષ પુરૂષનાં વચન ઉપર પ્રતીતિ (વિશ્વાસ) તે **આસ્તા** (આસ્તિક્ય) કહેવાય છે; એ પાંચ લક્ષણો સમકિતને ઓળખાવે છે. તીર્થસેવા, પ્રભાવના, ભકિતરાગ, ગુણ ઉપર પ્રીતિ, અને જિન શાસનમા કુશળતા—એ પાચ સમકિતના આભૂષણ છે.”

આ પ્રમાણે એ મુનિની દેશના સાંભળી હું ઘણોજ ખુશી થયો, મારા હૃદયમાં ધર્મભાવના પ્રગટ થઇ. પછી મે એ મહા મુનિને પૂછ્યુ કે, મહારાજ! મને હત્યાનુ પાપ લાગેલુ છે, તે પાપમાથી હું શી રીતે મુક્ત થાઉ? તે કૃપા કરી કહો. મુનિરાજ બોલ્યા—ભદ્ર! તુ પાપની શકા રાખે છે, તેથી પુણ્યાત્મા અને લઘુકર્મી છુ, એ નિશ્ચય માનજે, તેથી જો તું સિદ્ધાચળ જઇ તપ ક્રિયા કરે તો, તારા સઘળાં પાપ નાશ



પામી જશે રાજકુમાર ! મુનિના તે અમૃત સમાન વચન સાંભળી મને અપાર આનંદ થયો 'હું પાપ રહિત થઇશ' એવું જાણી મારી મનોવૃત્તિમાં ચડતા પરિણામ થવા લાગ્યા. તત્કાળ આનંદના આવેશમાં ઉભો થયો, અને ભાવપૂર્વક તે મુનિને વંદના કરી, આ પ્રમાણે બોલ્યો—મહાનુભાવ ! તમે પરોપકારી છો, જગતના જીવનો ઉદ્ધાર કરવા સર્વદા તત્પર છો, મારા જેવા અપરાધીને તમે તાર્યો છે, દેશના આપીને મારો જન્મ સુધાર્યો છે. આટલું કહી એ મહોપકારી મુનિરાજને વંદના કરી, સિદ્ધાચળના તીર્થની યાત્રા કરવાની ઇચ્છાએ હું ત્યાંથી ચાલી નીકળ્યો. માર્ગમાં નવનવાં શહેર, ગામ તથા રમણીય સ્થળ ઉલ્લંઘન કરતો, હું આ કુશસ્થલી નગરીમાં આવી ચડયો છું આ નગરીને જોઇ મારા મનને આનંદ ઉપજ્યો. નગરમા પેશી જિનચૈત્ય તથા ગુરૂને વંદના કરી, અને સાધર્મી જનને દેખી હું આનંદ પામ્યો. રાજપુત્રો ! આ પ્રમાણે મારો ઇતિહાસ મેં તમને જણાવ્યો માર્ગમાં આજીવિકા માટે હું નૈમિત્તિઆનું કામ કરૂં છું. પેલા સિદ્ધ પુરૂષના પ્રસાદથી હું નિમિત અને ત્રિકાળની વાત કહી શકું છું. સર્વ લોકો મને **નૈમિત્તિક** કહી બોલાવે છે.

તે ધરણનો વૃત્તાંત જાણી પ્રતાપસિંહના ચારે કુમારો ખુશી થયા, અને તેમની મનોવૃત્તિમા એક છ પ્રશ્ન પુછવાની પ્રબળ ઇચ્છા ઉત્પન્ન થઇ.



પ્રકરણ ૯ મું.

સૂર્યવતીને સ્વપ્ન દર્શન.



હારાજા પ્રતાપસિંહ સૂર્યવતીને સાથે લઇ કુશસ્થલીમાં આવ્યા પછી સૂર્યવતીને પટરાણી પદ આપ્યું હતું. સર્વ અંતઃપુરમાં એ સૌભાગ્ય શોભિત સૂર્યવતી પ્રધાન પદથી પ્રકાશતી હતી તેના ઉત્કર્ષથી બીજી સપત્નીઓને ઇર્ષ્યા આવતી હતી. વિશેષ કરીને રાણી જયશ્રી વધારે ઇર્ષ્યાભાવ રાખતી હતી કારણ તેણીએ ચાર કુમારને જન્મ આપી પ્રથમ પટરાણી પદ મેળવ્યું હતું તેની પદવી ઉપર સૂર્યવતીના સૌભાગ્યરૂપ સૂર્યનો પ્રકાશ થવાથી એના મનમા એ શલ્ય વધારે સાલતું હતું. તેના ચાર કુમારો પણ પોતાની માતાને લઇ સૂર્યવતી તરફ દ્વેષ ભાવથી જેતા હતા.

અંધકારરૂપ કૃષ્ણ વસ્ત્રને ઓઢી નિશારૂપ નિશાચરી જગતને નિદ્રામાં રમાડતી હતી, જાગૃતીના સ્વાભાવિક ધર્મને તે લોપ કરતી હતી, દિવસનો ચેતન ધર્મ શાંત થઇ, તામિસ્ર ભાવમાં લીન થયો હતો, ગગનમાં તારાગણ ચંદ્રને અભાવે પોતાની સત્તા ચલાવતો હતો, સર્વત્ર શાંતિ પ્રસરી રહી હતી આ સમયે કુશસ્થલીના અંતઃપુરમા મહારાણી સૂર્યવતી ભરનિદ્રામા સૂતી હતી. સર્વ જાતની ચિંતામાંથી મુક્ત થઇ નિદ્રાના નિશ્ચિંત

આનંદને તે અનુભવતી હતી, તેના શયનગૃહમા સર્વત્ર શાંતિ પ્રસરી રહી હતી, સર્વે સ્થળે શાંતિનુજ સામ્રાજ્ય ચાલતુ હતું. આ સમયે એ સૂર્યવતીના નિદ્રિત નેત્રની આગળ અદ્ભુત સ્વપ્ન દૃશ્યમાન થયાં તેણીના જોવામાં આવ્યુ કે, પૂર્ણિમાની અર્દ્ધ રાત્રે ચંદ્ર મંડળ ચલિત થઇ, જાણે તેનામાં પેશી ગયુ, જાણે કોઇએ પ્રફુલિત પદ્મ સૂર્યવતીના હાથમાં આપ્યુ, તે તત્કાળ સંકોચ પામેલ, પણ તેણીના હાથમાં પાછુ વિકાશ પામી ગયુ, કોઇ જિન ચૈત્ય સુધા (ચુના) થી ધવલિત કરેલ પણ વૃષ્ટિથી તે મેલુ જાઇ જતું, તેથી જાણે સૂર્યવતીએ તેને મણિમય કરી દીધુ, કોઇએ સંકોચ પામેલ છત્ર સૂર્યવતીના શિર ઉપર ધર્યું, તે તત્કાળ વિકાશ પામી ગયુ, આ ચાર સ્વપ્ન સૂર્યવતીના જોવામાં આવ્યાં તે અવલોકતાંજ સૂર્યવતી જાગી ગઇ, તેના હૃદયમા અનેક સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા, સ્વપ્નની અદ્ભુતતાથી કાંઇ પણ શુભના લાભ માટે તેણીના નિર્મળ મનમા નવનવા મનોરથ ઉત્પન્ન થવા લાગ્યા રાણી સૂર્યવતીને આ સ્વપ્ન વાર્ત્તા પોતાના પતિને કહેવાની ઉત્કંઠા થઇ પ્રાતઃકાળ થયો, એટલે રાણી સૂર્યવતીએ પોતાના પતિ પ્રતાપસિંહને સ્વપ્નની વાર્ત્તા કહી સંભળાવી. સ્વપ્ન ઉપરથી રાજાના મનમા અતિશય હર્ષ ઉત્પન્ન થયો પ્રતાપસિંહ સ્વપ્ન ફળના અર્થો જાણતો હતો. આ સ્વપ્નાનુ ફળ તેના જાણવામાં આવ્યું તે વિચારીને બોલ્યો—પ્રિયા ! હવે તમે સોભાગ્યનાં શિખર ઉપર ચડશો. આ સ્વપ્નાનું શુભ ફળ તમારા ગર્ભાશયમાથી રત્ન ઉત્પત્તિ સુચવે છે. દેવી ! અલ્પ સમયમાં એક દેવકુમારને જીતે, તેવો પરાક્રમી પુત્ર તમારામા ઉત્પન્ન થશે. એ ધાર્મિક પુત્ર તમારી કુક્ષિને દીપાવશે, ધર્મરૂપ કલ્પવૃક્ષ તેનાથી સફળ થશે એ સૌભાગી પુત્ર સર્વેને સુખદાયક થશે પ્રત્યેક સ્વપ્નના ગૂઢાર્થ જાણવા માટે સ્વપ્ન શાસ્ત્રના વેત્તાઓને બોલાવી, હું વિશેષ અર્થ જાણી લઇશ, તે પછી તેના શુભ ફળને સવિસ્તર જણાવીશ પ્રિયા ! આ સ્વપ્નાંઓ તમારા સૌભાગ્યરૂપ સૂર્યના ઉદયગિરિરૂપ છે, તમારા પુણ્ય કર્મને પ્રગટ કરનારા છે, અને તમારી ધર્મભાવનાને પુષ્ટ કરનારાં છે. મહારાણી ! હવે અલ્પ સમયમાં તમારા ઉત્સંગમાં ક્રીડા કરતા એક તેજસ્વી કુમારનું અમે અવલોકન કરીશુ તમારા અંતપુરના આગણામા વિવિધ ક્રીડા કરનાર એક રાજકુમારને જોવા અમે સંપૂર્ણ ભાગ્યશાળી થઇશુ


પ્રતાપસિંહના મુખથી આવાં અમૃત સમાન વચન સાભળી, રાણી સૂર્યવતી અપાર આનંદમાં ઉભરાઇ ગઇ, તેનો મુખચંદ્ર પૂર્ણ કળાથી પ્રકાશમાન થયો, ' પતિના વચન સત્ય હજો ' એમ હૃદયને કહેવા લાગી, તેના વિશાળ લોચનમા આનંદનું તેજ ચળકવા લાગ્યું, પ્રત્યેક અંગમા રોમાવળી થવા લાગી, પોતાને જેવુ પટરાણી પદ મળ્યુ છે, તેવુ માતા પદ પ્રાપ્ત થશે, એમ હૃદયમાં મનોરથ કરવા લાગી પોતાની મહારાણીને થયેલ સ્વપ્નનાં દર્શનથી આનંદ પામતો રાજા પ્રતાપસિંહ સભા સ્થાનમા આવ્યો. તત્કાળ મંત્રીઓને આજ્ઞા કરી, સ્વપ્નપાઠકોને બોલાવ્યા તે સ્વપ્ન પાઠકો અષ્ટાંગ નિમિત્ત જાણનારા હતા, દિવ્ય, આંતરિક્ષ, ભૌમ, ઉત્પાત, અંગ, સ્વર, લક્ષણ, વ્યંજન અને સ્વપ્ન ઉપરથી તેઓ શુભાશુભ કહી શકતા હતા, ગંધર્વ, નગર, ઉલ્કાપાત, કેતુ વિગેરે દિવ્ય ઉત્પાત, વૃષ્ટિ વિગેરે આંતરીક્ષ ઉત્પાત, ભૂમિકંપ નિર્ઘાત પ્રમુખ તે ભૌમ



ઉત્પાત, અંગ સ્ફુરણ ચેષ્ટા તે અંગ, પક્ષીઓના નાદ જાણવા તે સ્વર, હાથ પગની આકૃતિને લગતા તે લક્ષણ અને મષ, તિલ એ વ્યંજન, અને સ્વપ્ન એમ આઠ પ્રકારના નિમિત્ત છે સૂત્રાર્થ તાર્ત્તિક ભેદથી તેઓ સારી રીતે તેમનુ વિવેચન કરી શકતા હતા. તે ચતુર વિદ્વાનોનો સત્કાર કરી, પ્રતાપસિંહે ચારે સ્વપ્નાના વૃત્તાંત નિવેદન કર્યા, સ્વપ્નાના હેતુપૂર્વક અર્થ વિચારી, તે વિચક્ષણ જોષીઓએ નીચે પ્રમાણે વિવેચન કર્યું

મહારાજા ! મહારાણી સૂર્યવતીએ જોયેલાં આ ચાર સ્વપ્ન ઘણાજ ઉત્તમ છે. પ્રથમના સ્વપ્નામાં 'ચંદ્ર મંડળ ચલિત થઇ ફરી સ્થાને આવ્યુ.' તે એમ સૂચવે છે કે, સૂર્યવતીને એવો પુત્ર થશે કે, જે સ્થાનાંતરે ચંદ્રની જેમ કળાવાન્ થઇ, ભારત વર્ષમા પ્રકાશિત થશે બીજા સ્વપ્નામા જે કમળ સંકોચ પામી, સૂર્યવતીના હાથમા પાછુ વિકાશ પામ્યુ, તે એમ સુચવે છે કે. તે રાજકુમાર પ્રથમ વિયોગી થઇ પછી સંયોગી થશે. ત્રીજા સ્વપ્નામા છત્ર દર્શન થયુ, તેથી તમારો રાજકુમાર વિશ્વમા એક છત્રધારી થશે ચોથા સ્વપ્નામા ચૈત્ય મણિમય થયુ, તેથી તે પ્રભાવિક કુમાર ધર્મ કૃત્યથી ભવિત થશે.

નરેંદ્ર ! આ સ્વપ્નાનુ સાધારણ ફળ અમે કહીએ છીએ. તેઓનો ગંભીર ભાવ તો અમે કહી શકતા નથી તે ભાવાર્થ તો કેવળી ગમ્ય છે. નિમિત્તિઆએ કહેલા સ્વપ્નના ફળ સાંભળી, પ્રતાપસિંહ ઘણોજ ખુશી થયો. તે ખુશાલીના ઉત્સાહમાં, આવી તેણે તે નિમિત્તિઆને પુષ્કળ દ્રવ્ય આપ્યુ જેથી તેઓને પરમ સંતોષ પ્રાપ્ત થયો મહારાજાએ તે સર્વ હકીકત રાણી સૂર્યવતીને જણાવી, જે સાંભળી મહારાણી મહાન હર્ષમગ્ન થઇ ગયા.



પ્રકરણ ૧૦ મું.

રંગમાં ભંગ.



સાયંકાળનો સમય હતો, ગગનમણિ પોતાની મુસાફરી પુર્ણ કરી અસ્તાચળના શિખર ઉપર ચડતો હતો, કમલિની પોતાના કાંતના વિયોગથી ભયભીત થઇ ભ્રમરના નાદથી પોકાર કરતી હતી, લોકો પ્રવૃતિના માર્ગમાથી નિવૃત થઇ વિશ્રાંતીની રાહ જોતા હતા, જિનાલયમા દીપપૂજા અને આરાત્રિકાના આરંભ થતા હતા, ભાવિક શ્રાવકો પ્રતિક્રમણની ક્રિયામા પ્રવર્ત્તવા તત્પર થતા હતા, રાત્રિ ભોજનના નિયમવાળા આસ્તિક આર્હતો એ નિયમ જાળવવાને એક નિશ્ચયથી રહ્યા હતા, રાજદ્વારમાંથી નિયોગી અધિકારીઓ [illegible] તૈયાર થતા હતા, [illegible] ગૃહસ્થો શાંતિ પવનની [illegible] હતા, [illegible] હતા.

આ સમયે કુશસ્થલીની મહારાણી પોતાના મહેલમાં એક સર્વદર્શક ગોખમાં બેશી નવનવા મનોરથ કરતી હતી, તેના રમણીય અંગ ઉપર ગર્ભનાં ચિન્હ દેખાતાં હતા, મુખની છાંયામાં પાંડુતા, અને સ્તનમંડળના અગ્ર ભાગે કૃષ્ણતા થઇ ગઇ હતી, તેના નિતંબની શોભામાં વિશેષ ગૌરવ પ્રગટ થયું હતું, તેના નયન કમળ ઉપર વિશેષ વિકાશ દેખાતો હતો, તેવામાં એક સુંદર વેશ ધરનારી તેની વિશ્વાસુ દાસી ત્યાં આવી. તેણીએ મહારાણીને નમન કરી દુખડા લીધા, તેના મુખ ઉપર ગ્લાનિ ભાવ દેખાતો હતો, લલાટ ઉપર પડેલા વળિઆં તેની ગંભીર ચિંતાને સુચવતા હતા, મુખનું સૌદર્ય ખંડિત લાગતું હતું, નેત્ર ઉપર શોકની છાયા પડી હતી. દાસીની તરફ જોઇ સૂર્યવતીને શંકા આવી. તત્કાળ તેણીએ અધીરાઇથી પુછ્યું, દાસી ! તું કયાંથી આવે છે ? હમેશા હાસ્ય કરનારૂં તારૂં મુખ ગ્લાન કેમ થયું છે ? તું મારા હૃદયની પ્રીતિ જાણનારી છું, આજે સ્વમાના આનંદમાં હું મગ્ન છું, ત્યારે તું કેમ શોક મુદ્રા ધરે છે ? કોઇએ તારૂં અપમાન તો નથી કર્યું ? તું મારૂં પ્રસાદ પાત્ર છું, તેથી મારી સપત્નીઓએ તને કાંઇ કષ્ટ તો નથી આપ્યું ? જયશ્રીના કોપનું ફળ તને તો નથી મળ્યું ? મારી સપત્નીના પુત્રો તારી લજ્જા ઉપર તો નથી આવ્યા ? શું છે ? તે તું સત્ય કહે.

સૂર્યવતીનાં આવાં વચન સાંભળી તે દાસી બોલી—બાઇ સાહેબ ! તમોએ જે જે શંકાઓ કરી પુછ્યું, તે માંહેલું એક પણ મારા શોકનું કારણ નથી. મહારાણીની મહેરબાનીથી આ દાસી અદ્યાપિ તેવા દુખનું પાત્ર થઇ નથી. મારા દુઃખનું કારણ નીચે પ્રમાણે બન્યું છે, તે આપ ધ્યાન દઇ સાંભળશો—

મહાદેવી ! હું પ્રભાત કાળે આપના મેહેલ તરફ આવતી હતી, ત્યાં જયશ્રીના ચાર કુમારો તેમના મેહેલ ઉપર સંગીતની ગમ્મત કરતા હતા, તેવામાં કોઇ વિદેશી નૈમિત્તિક ચૌટામાં ફરતો હતો, તેને તેઓએ સેવક મોકલી બોલાવ્યો. નિમિત્તિયાના આવ્યા પછી કુમારોએ તે ગમ્મતની મંડળીને વિસર્જન કરી દીધી. પોતે ચાર ભાઇઓએ મશલત કરી, તે નિમિત્તિઆને પોતાની પાસે બેસાર્યો, તે વખતે મને કૌતુક થયું કે, તેઓ નિમિત્તિઆને શું પુછે છે ? આવું ધારી તેમની બેઠક નીચે આવેલી નીસરણીની ઓથે હું ગુપ્ત રીતે સંતાઇ ગઇ, અને તેમની બધી વાર્ત્તા સાભળી લીધી. મહારાણી ! જ્યારથી તે વાર્ત્તા સાભળી છે, ત્યારથી મને અપાર ચિંતા અને શોક થયા કરે છે, તેને લીધેજ મારા મુખ ઉપર ગ્લાનિ આવી ગઇ છે. આપની આગળ તે વૃત્તાંત કહેવાને મારી જીભ ઉપડતી નથી, તથાપિ મહારાણીના શ્રેયને ખાતર મારે તે આપને નિવેદન કરવું જોઇએ.

તે આવેલા નિમિત્તિયાનું નામ ધરણ હતું. પ્રથમ તેણે પોતાના ઘરનો બધો વૃત્તાંત કુમારોને આગળ જણાવ્યો, જે સાંભળવામાં મને પણ રસ આવ્યો હતો. નિમિત્તિઆનો વૃતાંત સાભળ્યા પછી ચારે કુમારોએ મશલત કરી, પ્રશ્ન પુછવાનો નિર્ણય કર્યો. તેઓમાંથી પ્રથમ જયકુમાર તેની આગળ ફળ ધરીને બોલ્યો—પંડિતજી ! અમો ચારે સહોદર બંધુ છીએ આ નગરના મહારાજા પ્રતાપસિંહની રાણી જયશ્રીના ઉદરથી ઉત્પન્ન થયા છીએ. તમે ભવિષ્યવેત્તા છો, તેથી અમારે એટલુંજ પુછવાનું છે કે, આ

નગરીનું રાજ્ય અમારામાંથી કોને પ્રાપ્ત થશે ? ભવિષ્યમાં કુશસ્થલીનો મહારાજા કોણ થશે ? તે પ્રશ્ન સાંભળી તે નિમિત્તિએ શાસ્ત્ર અવલોકી વિચારી પોતાનું મસ્તક ધુણાવ્યું. શરમાઈ ગયો હોય, તેમ તે નીચું મુખ કરી નખવડે ભૂમિને ખોતરવા લાગ્યો તેની એવી મુદ્રા જોઈ, જયકુમારે કહ્યું, ભદ્ર ! જે સત્ય હોય તે કહો. અમારા મનમાં તેનો કાંઈ ક્ષોભ થવાનો નથી વળી તમારા કહેવા ઉપરથી અમે તેવા ઉપાય કરી શકીશું તે સાંભળી નિમિત્તિઓ બોલ્યો—રાજકુમારો ! પ્રશ્ન જોતા માલુમ પડે છે કે, આ સમૃદ્ધિવાળું રાજ્ય તમારા ચારેમાંથી કોઈના ભાગ્યમાં નથી કુશસ્થલીના સિંહાસન ઉપર કોઈ બીજો પ્રતાપી પુરૂષ બેસશે. રાજકુમારો આશ્ચર્ય પામી બોલ્યા—પંડિતજી ! આ શું કહો છો ? અમે ચાર જીવતા છતા પિતાના ઋદ્ધિમાન રાજ્ય ઉપર કોણ આવશે ? ધરણ બોલ્યો—રાજપુત્રો ! તમારા પિતા જે દીપશિખા નગરીની રાજકુમારી સૂર્યવતીને પરણી લાવ્યા છે, તેનો પરાક્રમી કુમાર આ રાજ્ય ઉપર ગાદીનસીન થશે નિમિત્તિઆનાં આવા કટુ વચન સાંભળી, ચારે કુમારો ઉશ્કેરાઈ ગયા, અને ઉંચે સ્વરે બોલ્યા—અરે ભિક્ષુક ! તું અન્નનો કીડો શું જાણે ? તારા વચન ઉપર અમને વિશ્વાસ નથી અમારા ચારે બંધુઓમાં જ્યેષ્ઠ અને પરાક્રમી એવો આ **જયકુમાર** કુશસ્થલીના સિંહાસનનો માલેક છે કુમારોની આવી કઠોર વાણી સાંભળી તે ધરણ નિમિત્તિઓ ભય પામી બોલ્યો—રાજપુત્ર ! અત્યારે મારૂં ચિત્ત દ્વિધા છે, માર્ગની ચિંતાએ મારા ચિત્તને ચંચળ કરી દીધું છે જ્યારે હું જાત્રા કરી પાછો આવીશ, ત્યારે ચિત્ત સ્થિર કરી, પુન. તમારા પ્રશ્નની નિરીક્ષા કરીશ આટલું કહી તેઓએ આપેલ ફળ તથા દ્રવ્ય લઈ, તે નિમિત્તિઓ જીવ લઈ ત્યાંથી પલાયન થઈ ગયો. તે અનુક્રમે સૌરાષ્ટ્ર દેશમાં રહેલા શત્રુંજય ગિરિમાં આવ્યો. ત્યાં મુનિવરના કહેવા પ્રમાણે સમભાવથી તેણે તપસ્યા કરી, અને તપના પ્રભાવથી પોતાને લાગેલા હત્યાના પાપથી તે મુક્ત થઈ ગયો

બાઈ સાહેબ ! એ નિમિત્તિઆના જવા પછી તે ચારે કુમારોના ચિત્તમાં ચિંતાએ પ્રવેશ કર્યો તત્કાળ તેમણે પરસ્પર કહેવા માંડ્યું—બંધુઓ ! વખતે એ નિમિત્તિઆની વાણી સત્ય થાય, તો પછી આપણે શું કરવું ? તેઓમાંથી એક કુમારે કહ્યું, અરે ! શી ચિંતા કરો છો ? શું તે જોશી દેવ થઈ ગયો છે, કે જેની વાણી સત્ય થાય ? બીજાએ કહ્યું, આપણે એવા ઉપાય કરીએ કે, તે જોશીની વાણી અસત્ય થાય. જુઓને, પૂર્વે પણ એવી વાત થઈ હતી કોઈ જોશીએ રાજાનો વિજળીથી ઘાત થવાને કહ્યું હતું. તે વખતે રાજાને ભૂમિગૃહમાં રાખી, જોશીની વાણીને જુઠી કરેલી હતી. ઉદ્યમ અને બુદ્ધિથી શું કાર્ય નથી થતું ? ત્રીજાએ કહ્યું, જો કદી સૂર્યવતીને પુત્ર થશે તો, આપણે તેને મારી નાખીશું. ચોથાએ કહ્યું, અરે ભાઈઓ ! શા માટે ચિંતા કરો છો ? એ જોશી કાંઈ સર્વજ્ઞ નથી આ પ્રમાણે વિચાર કરતા તેઓ ત્યાંથી ઉઠી ચાલવા તૈયાર થયા, એટલે હું તત્કાળ નીસરણીએથી ગુપ્ત રીતે નીકળી ચાલી આવી સૂર્યવતીબા ! તે કુમારોના કુવિચાર સાંભળી, મારા મનને અપાર ખેદ ઉત્પન્ન થયો છે આપની સપત્નીઓના કુમારોની મનોવૃત્તિમાં પાપનો પ્રવેશ થયો છે, તે જાણી મને અપાર ચિંતા થયા કરે છે હું અંતઃકરણથી એટલી પ્રાર્થના કરું છું કે, આર્હત ધર્મના પ્રભાવથી તેઓની મલીન બુદ્ધિ શુદ્ધ

થઇ જાઓ, તેમના કુવિચાર સુવિચાર થઇ જાઓ, જૈન શાસન દેવતા રાજગર્ભની રક્ષા કરજો. કુશસ્થલીના રાજ્યની કુળ દેવતા તે બાળ રાજાનુ સર્વદા રક્ષણ કરજો બા સાહેબ! આ સમાચારથી તમારે કાંઇ પણ ચિંતા કરવી નહિ તમારાં પુણ્ય કર્મના ઉદયથી સર્વ જાતના અંતરાય દૂર થઇ જશે. તમારા સૌભાગ્યરૂપ સૂર્યના ઉદયથી દુર્બુદ્ધિ લોકોનો હૃદયનો મલિન અંધકાર નાશ થઇ જશે.

દાસીનાં આ વચન સાંભળી, ભાનુમતિને વિશેષ શોક થઇ આવ્યો, તેણીનાં નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી, શરીર કંપવા લાગ્યુ, અને કંઠ રૂંધાઇ ગયો ક્ષણવારે સૂર્યવતીએ કહ્યુ, દાસી! હવે શુ થશે? મારા ગર્ભની રક્ષા કોણ કરશે? એ ચાર કુમારો બળવાન છે. છેવટે મારા ગર્ભને કે જન્મ પામેલા કુમારને મારી નાખશે આ મહા સંકટ શી રીતે દૂર થશે? દાસી બોલી, બા સાહેબ! ચિંતા કરો નહિ તમારા પુણ્યના પ્રભાવથી સર્વ વિઘ્ન દૂર થઇ જશે આ વાર્ત્તા મહારાજાને સત્વર જણાવો. એ નિમિત્તિઆની વાણી સફળ થશે, અને કુશસ્થલીના રાજ્યાસનને તમારો કુળદીપક કુમાર અલંકૃત કરશેજ. ભવિષ્ય વાણી સફળ થયા વિના રહેશે નહિ તમે જરાપણ ચિંતા રાખશો નહિ કલ્પવૃક્ષ જેવા જૈન ધર્મની સહાય લ્યો. સમકિતનું શરણ લીધાથી તમારી મનઃકામના પૂર્ણ થશે, તમારા શુભ સ્વપ્નના પ્રભાવ ઉપર વિશ્વાસ રાખો. અર્હંત વાણી અન્યથા થતી નથી દાસીના આવા આશ્વાસન ભરેલાં વચનથી સૂર્યવતીને ધીરજ આવી. તેના હૃદયમાં નિવાસ કરી રહેલી ધર્મ ભાવના ઉપર તેને પૂર્ણ શ્રદ્ધા થઇ



પ્રકરણ ૧૧ મું.

આનંદમાં ઉપાધિ.




પૂર્ણિમાની રાત્રિ છે, પૂર્ણ ચંદ્ર ગગનમંડળને દીપાવે છે, ચંદ્રના પ્રતાપની આગળ તારાઓ ઝાખા થઇ ગયા છે, રૂપગર્વિતા નાયિકાની જેમ નિશા નારી પૂર્ણચંદ્રની સાથે ખીલી છે, શશિ મંડળમાંથી સુધાસ્રોતના પ્રવાહ પ્રસરી રહ્યા છે, ભૂમિની ઔષધીઓ એ સુધાનો સ્વાદ મેળવે છે, ચંદ્ર પોતાની પુર્ણાવસ્થાના પ્રભાવમા આંદોલન કરે છે, ખરેખર તે રજનીનો રાજા થઇ પ્રજાને રંજન કરે છે આ વખતે રાણી સૂર્યવતી ચંદ્રશાળામાં બેઠી બેઠી ચંદ્ર મંડળને જુએ છે, ચંદ્રના પ્રકાશથી પ્રકાશિત થઇ, પરમ આલ્હાદ મેળવે છે, ચંદ્રની જ્યોત્સ્નામા મગ્ન થઇ. મહાસતી એ બાળાને ક્ષણવાર પછી દોહદ ઉત્પન્ન થયો. દોહદ પૂર્ણ કરવાને તેની મનોવૃત્તિ ચંચળ બની ગઇ તેને ઇચ્છા થઇ કે, આ નિર્મળ સુધામય ચંદ્રનું હુ પાન કરૂં; તે પાન કરી મારા ગૌરવવાળા ગર્ભને તૃપ્ત કરી દઉં આ ઇચ્છાથી તેનામા અભિનવ ચિંતાએ પ્રવેશ કર્યો. ગર્ભથી તેણીનું શરીર કૃશ તો હતુ, તે આ ચિંતાથી વિશેષ કૃશ થઇ ગયું

આ સમયે રાજ્ય કાર્યમાંથી નિવૃત્ત થઇ પ્રતાપસિંહ પ્રિયાની પાસે આવ્યો ચંદ્રની ચંદ્રિકાનો આનંદ પ્રિયાની સાથે લેવા તેની ઇચ્છા હતી ચંદ્રશાળામા પ્રવેશ કરતાજ સૂર્યવતીએ મંદતાથી પતિનો સત્કાર કર્યો. ઘણો પ્રયત્ન કરી ઉઠવા મન કર્યું, પણ ગર્ભ ગૌરવને જાણનારા પતિએ તેને તેમ કરવાની મના કરી, અને સત્વર સુંદરીની સમીપ બેશી ગયો સૂર્યવતીના શરીરની કૃશતા જોઇ કુશસ્થલીપતિ બોલ્યો—આનંદિની! આમ કેમ થઇ ગયાં છો? ગર્ભિની કૃશતા આટલી બધી હોય નહી, તમારા અર્ધચંદ્રકાર લલાટ ઉપર કાંઇ પણ ચિંતાના તરંગ દેખાય છે ગઇ કાલે જે ઉલ્લાસ જોવામા આવતો હતો, તે આજે નથી. સત્ય કહો, શી ચિન્તા છે? આ ચિન્તાનો સમય નથી, નિરવધિ આનંદ ભોગવવાનો સમય છે જે કાંઇ ઇચ્છા થઇ હોય તે કૃપા કરી જણાવો. ગમે તેવી અસાધ્ય ઇચ્છા હશે, તોપણ તે પ્રતાપસિંહ બાહુબળથી પૂર્ણ કરવા સમર્થ છે; મનમા જરા પણ શંકા રાખશો નહીં ગર્ભિણી રમણીઓના મનોરથ પૂરવા, તે પતિનો ધર્મ છે, તેમાજ પતિનુ પતિત્વ છે. પ્રતાપના આવા પ્રીતિ ભરેલા વચન સાભળી સૂર્યવતી બોલી—સ્વામી! આપે આપેલું આશ્વાસન મને આનંદ આપે છે, પણ મારી ચિન્તા દૂર થાય, તેમ મને લાગતુ નથી. આપના બાહુબળથી અસાધ્ય એવો મને મનોરથ થયેલો છે, તે મનોરથ પૂરવાને દેવ સિવાય કોઇ સમર્થ નથી. તે વાત માનુષી શક્તિને અસાધ્ય છે, તથાપિ તમારા વચન ઉપર વિશ્વાસ આવે છે, તેથી હું જણાવુ છુ—પ્રાણેશ! મને આજે આ ચંદ્ર મંડળનું પાન કરવાનો દોહદ થયો છે, એ સુધાનિધિના પાનથી હુ મારા ગર્ભને સુધામય કરવા ઇચ્છું છું રાણીના આવા વચન સાભળતાજ પ્રતાપસિંહ ચમકી ગયો પોતાની શક્તિના હદની બાહેરની વાત જાણી તે ગંભીર વિચારમા પડ્યો, પણ તેના હૃદયમાં એટલો તો આનંદ આવ્યો કે, આ દોહદનો પ્રભાવ જોતાં ગર્ભમાથી પ્રભાવિક પુત્ર ઉત્પન્ન થશે ક્ષણવાર વિચાર કરી તેણે સૂર્યવતીને કહ્યુ, પ્રિયા! આ તમારો દોહદ કષ્ટસાધ્ય છે, પણ તમે નિરાશ થશો નહી જૈન ધર્મના પ્રભાવથી તે પરિપૂર્ણ કરી શકાશે તે વિષે વિચાર કરવા હુ મારા વિચાર ભુવનમા જાઉં છુ ક્ષણવાર વિચારી તેનો નિશ્ચય કરી, હમણાં પાછો આવીશ, નિશ્ચિંત રહેજો આટલુ કહી તે તત્કાળ વિચાર ભુવન તરફ વળ્યો

પ્રતાપસિંહે ત્વરાથી એક દૂત મોકલી, પોતાના બુદ્ધિમાન્ મંત્રીને બોલાવ્યો વિચક્ષણ મંત્રી આવ્યો, એટલે રાજાએ રાણી સૂર્યવતીના અસાધ્ય દોહદની વાત કહી તે સાભળી તે ચતુર સચિવ બોલ્યો—મહારાજા! ચિંતા કરશો નહિ તે દોહદ યુક્તિથી પૂરી શકાશે "એક નવી પ્રસવેલી ગાયનું દૂધ સાકરની સાથે રૂપાના થાળમા લઇ, તેની અંદર ચંદ્ર મંડળનુ પ્રતિબિંબ પાડો, પછી તે મહારાણીને પાન કરાવો દેવી તેનું પાન કરી લે, એટલે ઉપર એક પુરૂષને એવી રીતે ગોઠવો કે, જે ચંદ્ર મંડળને છાયા કરી ઢાકી દે એટલે મહારાણી ચંદ્ર મંડળનુ પાન કરેલુ માનશે તે પછી તેમને મહેલમા લઇ શયન કરાવી દ્યો." મંત્રીની આ યુક્તિ સાભળી પ્રતાપસિંહ ખુશી થયો તત્કાળ તેણે તે પ્રમાણે ગોઠવણ કરી મહાદેવીના દોહદને પૂર્ણ કર્યો સૂર્યવતી દોહદ પૂર્ણ થવાથી આત્માને કૃતાર્થ માનવા લાગી બંને દંપતિ આનંદ રસ અનુભવવા લાગ્યા. પૂર્ણ દોહદા પ્યારીને પ્યારાએ કહ્યુ, પ્રાણેશ્વરી! હવે અલ્પ સમયમાં તમારો ઉત્સંગ પુત્રથી અલંકૃત થશે, તમારૂ વ

નિતા જીવન વાત્સલ્ય રસથી વિભૂષિત થશે. પ્રેમ તરંગમાં ઉછળતા પ્યારી એહનાં, પ્રાણ-જીવન ! તમારી વાણી સફળ થાઓ જેટલો મને લાભ છે, તેટલોજ લાભ તમને પણ છે માતા પિતાના પ્રેમનુ સમાન પાત્ર સંતાન છે આટલુ કહેતા સૂર્યવતી શરમાઇ ગઇ, અને મૃદુ હાસ્ય કરી તેણીએ મુખચંદ્રને પટાંચલમા ઢાંકી દીધો.

આમ બંને દંપતિ વાર્ત્તાવિનોદ કરતા હતા, તેવામા લોકોનો મહાન્ કોલાહલ સાંભળવામા આવ્યો ભુંભારવના પ્રતિધ્વનીઓથી રાજમહેલ ગાજી રહ્યો તે સાભળતાજ બંને રાજ દંપતિ ચમકી ગયાં. રાજા પ્રતાપસિંહ મહેલની બાહેર આવ્યો રાજ ચત્વરમા લોકોનું મોટું વૃંદ જોવામા આવ્યું. તત્કાળ ખડગ લઇ રાજા નીચે ઉતર્યો પ્રતાપસિંહને જોતાંજ લોકો નમન કરી, સન્મુખ ઉભા રહ્યા રાજાએ પુછ્યુ, તમે કોણ છો ? તેઓ બોલ્યા, મહારાજા ! અમે આપની વિદેશી પ્રજા છીએ, અમારૂ રક્ષણ કરો નૈરૃત્ય દિશા માં સમુદ્ર કાંઠે **કર્ણકોટ** અને **રત્નપુર** નામે બે નગર છે, તેમાં **મલ્લ** અને **મહામલ્લ** નામે બે રાજાઓ રાજ્ય કરે છે, તેઓ બંને આપણા રાજ્યની હદમા આવી, વાયુ અને અગ્નિની જેમ અમોને દુ:ખ આપે છે, દેશના નગર અને ગામડાંઓમા અનેક જાતની રંજાડ કરે છે, આના કોઇ અધિકારીને ગણતા નથી તે સાભળી રાજા કેશરીસિંહની જેમ કોપાયમાન થયો. તેણે લોકોને ધીરજ આપી કહ્યુ, જાઓ, હુ સૈન્ય લઇ, તે બંને શ્વાનને શિક્ષા કરવા આવુ છું. પછી સેનાપતિને આજ્ઞા કરી કે, પ્રયાણ ભેરી વગડાવો, અને ચતુરંગ સેના તૈયાર કરો. આવી આજ્ઞા આપી, પ્રતાપસિંહ સૂર્યવતીની રજા લેવા મહેલમા આવ્યો મહારાજાએ મહારાણીને જણાવ્યુ, પ્રિયા ! પ્રયાણ કરવાનો વખત આવ્યો છે પ્રજાના પોકારથી બે મહાન્ શત્રુઓની સામે યુદ્ધ કરવા જવુ પડશે. તમે નિશ્ચિંત રહેજો હું વિજય કરી સત્વર પાછો આવીશ તે સાભળતાજ સૂર્યવતી શોકાતુર થઇ ગઇ, તેના મુખચંદ્રને શોક રાહુએ ગ્રસ્ત કરી લીધો. તે સાથે પેલી દાસીએ કહેલી નિમિત્તિઆની વાત સ્મરણમાં આવી, તેથી ચિંતામાં વધારો થયો સૂર્યવતી મંદ સ્વરે બોલી—પ્રાણેશ ! પ્રજાના રક્ષણ માટે જવામાં તમને આગ્રહથી રહેવા કહેવુ, તે યોગ્ય નથી પ્રજાનુ રક્ષણ કરવું, એ તમારો ધર્મ છે, પણ તમારા સિવાય આ મહેલમા રહેવુ ધાસ્તી ભરેલુ છે કૃપા કરી મને પણ સાથેજ લ્યો. આ નવરંગિત મહેલના કરતા મારે રણક્ષેત્રમા રહેવું સારૂં છે પ્રતાપસિંહ બોલ્યો—પ્રિયા ! આ શું બોલો છો ? અહી તમને કોની ધાસ્તી છે ? મારા રાજ્યદ્વારમા પ્રવેશ કરી, તમને પરાભવ કરનાર કોણ છે ? તે સાભળતાજ સૂર્યવતી બોલી—પ્રાણેશ્વર ! તમારા રાજ્યમા કોઇ બીજો શત્રુ આવે, તેવી મને ધારતી નથી, પણ મારી સપત્નીના ચાર કુમારોની મને પૂર્ણ ધાસ્તી છે આપના બાહેર જવાથી તેઓ જરૂર મારો પરાભવ કરવાનાજ. એમ કહી તેણે દાસીએ કહેલી પેલા નિમિત્તિઆની વાત કહી બતાવી



નિમિત્તિઆની વાર્ત્તા સાંભળી, પ્રતાપસિંહને આશ્ચર્ય તો લાગ્યું, પણ તેના મનમા વિચાર થયો કે, રખેને તે કુમારો પોતાનો સાપત્ન ભાવ બતાવે, તો પછી સૂર્યવતીના ગર્ભની હાની થાય, માટે યુક્તિ કરી, તે કુમારોને સાથેજ લઇ જવા, આવો વિચાર કરી,

રાજાએ કહ્યુ, દેવી ! તમારા કહેવા ઉપરથી હુ તે કુમારોને સાથે લઇ જઇશ, ચિંતા કરશો નહિ તમારો ગર્ભ પ્રભાવિક છે, તે પોતાનાજ પ્રભાવથી રક્ષિત થશે, તેનુ અશુભ કોઇનાથી પણ ચિતવી શકાશે નહિ પુણ્યવત પ્રાણીઓ પોતાના પુણ્યથીજ રક્ષિત થાય છે, તેઓને અન્યની અપેક્ષા રહેતી નથી. તમારી ધર્મ ઉપરની પવિત્ર શ્રદ્ધા સર્વદા ગર્ભની રક્ષા કરશે આટલુ કહી તેણે ગર્ભિણી બાળાને ચુબન સહિત આલિગન આપ્યુ પ્રિયાએ "વિજય મેળવી પાછા સત્વર પધારો" એમ ચિતવી અતરની મૌન આશિષ આપી બને દપતિ ચિંતામા ને ચિંતામાજ જુદા પડ્યાં.



પ્રકરણ ૧૨ મું.

જયકુમારનુ કપટ.



ત્રીનો સમય હતો, પ્રતાપસિંહના અંતઃપુરમા શાંત ભાવ પ્રસરી રહ્યો હતો, રાણી સૂર્યવતી પોતાની દાસી સાથે અનેક વિચાર કરતી, અને ભયની શકા રાખતી, શય્યા ઉપર મદ થઇ પડી હતી, ક્ષણે ક્ષણે નવકાર મત્રનુ સ્મરણ કરતી હતી, તેણીએ મન, વચન, અને કાયાથી આર્હત ધર્મનું શરણ લીધુ હતું, પવિત્ર ધર્મ ભાવનાના પ્રભાવથી પોતે પોતાને સનાથ માનતી હતી, પ્રતાપસિહના જવા પછી તેના ચિત્તમા ચિતા તો હતી, પણ ધર્મના અવલબનથી તેને શમાવી દેતી હતી ચતુર દાસી તેને ધીરજ આપતી હતી

આ વખતે અંતઃપુરના દ્વારમાથી અવાજ થયો કે, 'દ્વાર ઉઘાડો' અવાજ સાભળતાજ મહાદેવી ચમકી ગઇ 'આ શુ વિઘ્ન આવ્યુ ?' એમ તેના હૃદયમા થવા લાગ્યુ દાસીએ કહ્યુ, બા સાહેબ ! ભય રાખશો નહી જૈન ધર્મની સહાય છે. નિમિત્તિઆની વાણી અવશ્ય સફળ થવાનીજ. ગમે તેવા અતરાય ઉત્પન્ન થશે, પણ તમારા પ્રતાપી ગર્ભના તેજથી તે દગ્ધ થઇ જવાના દાસી પોતાની બાઇને ધીરજ આપી, દ્વાર ઉઘાડવા ગઇ દ્વાર ઉઘડયુ એટલે તેઓ બોલ્યા—અમે જયકુમારના સેવક છીએ કુમાર સાહેબે અમોને ગર્ભના રક્ષણ સાટે મોકલ્યા છે મહારાણીને ખબર આપો કે, જ્યારે બાળકનો જન્મ થાય, ત્યારે અમને ખબર આપે અમો અહીં દ્વારની આગળ રાત્રિ દિવસ સાવધાન થઇ રહીશુ આથી દાસી વિચારમાં પડી, પણ તેમને ત્યાં રાખી, સૂર્યવતીની પાસે આવી, અને તેણીએ આ વૃત્તાત જણાવ્યો, એટલે મહારાણી વિશેષ ચિતાતુર થઇ ગયા દાસીએ ધીરજ આપી, ધર્મનુ શરણ કરવા વિનતિ કરી

વાચનારને આ ઠેકાણે પૂર્વનો સંબધ જાણવાની ઇચ્છા થઇ હશે, જ્યારે મહારાજ પ્રતાપસિહે મત્ત અને મહાકાલનો પરાભવ કરવા પ્રયાણુ કર્યું. તે વખતે તેણે

[illegible] નિશ્ચય કરવાના ઇરાદાથી ચારે કુમારોને બોલાવી પુછ્યું હતુ કે, [illegible] કરવાને સાથે આવો ક્ષત્રિય કુમારોને રણાભ્યાસ કરવો જોઇએ. [illegible] રણભૂમિનો રંગ જુએ, તો તેમને ક્ષાત્ર ધર્મનો પરિપૂર્ણ અનુભવ [illegible] કુમારોના શૌર્યની પરીક્ષા રણભૂમિ સિવાય નથી. પિતાના વચન સાંભળી [illegible] નિશ્ચય કર્યો, અને તૈયાર થઇ આવવાનું કહી તેઓ ત્યાંથી ઉઠી નીક- [illegible] આવ્યા પછી કપટી જયકુમારે તેના બંધુઓને સુચવ્યું કે, તમે ત્રણ [illegible], અને હું જ્વર પીડાનું બહાનું કરી ઘેર રહું. તે યોજના પ્રમાણે ત્રણ [illegible] પિતાને પ્રણામ કરી આગળ ઉભા રહ્યા. પ્રતાપસિંહે પુછ્યું, જય- [illegible] તેમણે કહ્યું, પિતાજી ! દૈવયોગે જયકુમારને જ્વર પીડા થઇ [illegible] શકશે નહીં. અમે આપની સેવામાં હાજર થયા છીએ મુગ્ધ [illegible] અને તે ત્રણ કુમારોને લઇ તરતજ પ્રયાણ કર્યું હતુ. [illegible] સર્વવતીના પ્રસવની રાહ જોઇ, રાજ્યમાં રહ્યો હતો [illegible] હતી. જો સર્વવતીને પુત્ર અવતરે, તો તેનો સંહાર કરી, [illegible] આવો તેનો કુવિચાર હતો રાજ્યલોભ એ મહા [illegible], ભારતવર્ષમાં અપાર હિંસાઓ થએલી છે, તે [illegible] છે, રુધિરની સરિતાઓ ચાલી છે, રા- [illegible] જયકુમારે એ લોભને વશ થઇનેજ એવી [illegible] પછી તરતજ તેણે સર્વવતીના પ્રસવની [illegible] તેના મહેલના દ્વાર આગળ ચોકી કરવા ગો- [illegible], [illegible] મહેલના દ્વારને ઉઘડાવ્યું હતું, અને જ્યાં સર્વવતી [illegible] ત્યાંથી પ્રવેશ કર્યો હતો.


[illegible] આગળ આવ્યાં, ત્યારથી સર્વવતીને વિશેષ શોક [illegible] પૂર્ણ શ્રદ્ધા રાખી રહેતી, પણ ક્ષણ ક્ષણ વારે તેના [illegible] ઉદ્ભવતી હતી [illegible] ધર્મનું [illegible] ઉપર સંપૂર્ણ આસ્તિક હતી સામાજિક [illegible] તેના [illegible] તેનો પરિવાર પણ [illegible] આવી હતી પોતે [illegible] સ્થિતિ

[illegible] જયકુમાર [illegible] સર્વવતીને [illegible]



પ્રકરણ ૧૩ મું.

શ્રીચંદ્રકુમારનો જન્મ.



ભ દિવસ, શુભ વેળા, અને શુભ ઘડી પ્રવર્ત્તતા હતા, દિશાઓ પ્રસન્ન હતી, પવન અનુકુળ રીતે વાતો હતો, ચંદ્રનો યોગ ઉત્તમ નક્ષત્રની સાથે થયો હતો, ગ્રહો ઉચ્ચ સ્થાનમા રહેલા હતા આ સમયે મધ્ય રાત્રે પૂર્વ દિશા જેમ સૂર્યને જન્મ આપે, તેમ સૂર્યવતીએ એક તેજસ્વી કુમારને જન્મ આપ્યો આ કુમારનો જન્મ છુપી રીતે રાખવામાં આવ્યો હતો જયકુમારની ભીતિથી રાણી મેહેલ શાંત હતો, જરા પણ આનંદ કે ઉત્સવ દેખાડવામા આવ્યો ન હતો, સૂર્યવતીની ચતુર દાસીએ સારી યુક્તિ વાપરી, કુમારનું રૂદન પણ છુપાવી રાખ્યુ હતું, રાણીના વિશ્વાસુ માણસો જે ઘણા થોડાજ હાજર હતા, તેઓને તે વિષેની અગાઉથી સુચના આપવામા આવી હતી

સૂર્યવતીને કુમારનુ સ્વરૂપ જોઇ હર્ષ થયો, પણ જયકુમારના ભયને લઇને તેણીને વિશેષ ચિંતા થવા લાગી બાળકુમારને નીરખી તેની માતા અંતરમાં આનંદ પામતી હતી. કુમારના શરીર ઉપર શુભ લક્ષણો ઝળકી રહ્યા હતા, તેના તેજની આગળ મધ્ય રાત્રિના દીવા ઝાંખા થઇ ગયા હતા રાજકુમારનું મુખ પૂર્ણ ચંદ્રના જેવુ હતુ, નેત્ર શરદઋતુના કમળને અનુસરતા હતા, લલાટ અષ્ટમીના ચંદ્ર જેવુ ચળકતુ હતુ, જાણે સ્વર્ગમાથી અશ્વિનીકુમાર આવેલ હોય તેવો તે દેખાતો હતો, તેજથી તેણે ભાનુને જીતી લીધો હતો, સૌમ્ય ગુણથી તે સોમ [ચંદ્ર] ની તુલના કરતો હતો, તેના રક્ત અધર મંગળના તારાને અનુસરતા હતા, બુધના જેવો તે ગુણની ખાણરૂપ હતો, ગુરૂની જેમ તે સર્વ કળાનો નિધિ હતો, કવિના [શુક્રના] જેવો તે કવિ થવાનો હતો, શત્રુઓમાં તે રાહુ જેવો, અને પરાભવ કરવામા કેતુ જેવો થવાનો હતો આ પ્રમાણે તે પ્રભાવિક કુમારમા નવ ગ્રહનો પ્રભાવ જોવામા આવતો હતો. શૃંગાર, વીર વિગેરે રસ પણ તેનામા સ્ફુરણાયમાન થતા હતા.

આવા અદ્‌ભુત અને દિવ્ય કુમારના દર્શનથી સૂર્યવતીને ઘણો આનંદ થાય, તેમા [illegible] જો કે જયકુમારનો ભય તેણીના કોમળ હૃદયમા અનેક કુતર્ક કરાવતો હતો, પણ [illegible] આવી [illegible] આવતી કે, આ મારો કુમાર પ્રભાવિક છે,


તેનામાં પૂર્વના પુણ્યનું પ્રબળ છે, તેના મનોહર મુખ ઉપર જૈન ધર્મના જય ચિન્હો જણાય આવે છે આર્હત આગમમા જે માનવ જીવનની ધાર્મિક ઉન્નતિનાં લક્ષણો કહેલા છે, તેવાં લક્ષણો મારા લાડકવાયા કુમારમાં સ્પષ્ટ રીતે જણાય છે પાપી જયકુમારની નઠારી ધારણા નિષ્ફળ થાઓ. આવુ વિચારતાં તેણીનામાં પાછી હિમ્મત આવતી હતી ક્ષણવારે પાછી અધીરાઇ આવતાં તે શોક સહિત વિચારતી કે, અરે દૈવ ! આવા સુંદર કુમારનો જન્મ થતાં પણ મારા દરબારમાં કાંઇ પણ ઉત્સવ નથી, એ કેવી વાત ? મારા પ્રતાપી સ્વામી હાજર હોત તો, કેવો જન્મોત્સવ થાત ? તેજસ્વી કુમારનો જન્મ અંધકારમાં થવાથી મને અપાર શોક થાય છે. આવો પ્રતાપી પુત્ર પ્રગટ થતાં મહારાજા પ્રતાપસિંહની રાજધાની ઉત્સવ રહિત અને શૂન્ય રહે, એ કેવો ગજબ ? મારાં પૂર્વના કર્મ કેવાં હશે ? અરે કર્મ ! તમે મને મહારાણીનુ અને તે પછી રાજ્યમાતાનુ પદ પ્રાપ્ત કરાવ્યું, પણ તે શા કામનુ ? આવા સૂર્યના જેવા કુમારનો જન્મ થતા પણ સૂર્યવતી શોકમા રહે, એ કેવી ઘટના ? આ પ્રમાણે સૂર્યવતી જ્યારે શોક કરતી, ત્યારે તેની ચતુર દાસી આ પ્રમાણે દીલાસો આપતી હતી. બા સાહેબ ! શોક કરશો નહિ, તમારા તેજસ્વી કુમાર પૂર્ણ ભાગ્યવાન્ છે. પેલા નિમિત્તિઆના કહેવા પ્રમાણે તે કુશસ્થલીના રાજસિંહાસનના અધિકારી છે, આગમની વાણી કદિ પણ અન્યથા થતી નથી. તમે ઘણીવાર સાભળ્યુ હશે કે, પુણ્યવંત પ્રાણીનાં લક્ષણ તેના શરીર ઉપરથી જણાય છે. જુઓને, અમારા બાળ રાજા કેવા તેજસ્વી છે ? તેમની કાંતિથી સુતિકાગૃહ પ્રકાશમાન થઇ રહ્યુ છે, તેમનુ આનંદદર્શક મુખચંદ્ર આપણા નેત્રને સુધાંજન આપે છે, તેમના વિશાળ લોચન કમળની લક્ષ્મીને તુચ્છ કરે છે, જુઓને, તેમનુ લલાટ દર્પણની જેમ કેવું ચળકે છે ? તેમના હાથ પગનુ સૌન્દર્ય કેવુ અનુપમ છે ? મહાદેવી ! કુંવરની મનોહર મૂર્ત્તિ જોઇ આનંદ પામો, તમે કુશસ્થલીના રાજમાતા થઇ ચુક્યાં છો, શામાટે ચિંતા કરો છો ? વીરમાતા ! હવે આર્હત ધર્મનુ સ્મરણ કરો. ધર્મના અધિષ્ઠાયક દેવતા, આ બાળ કુંવરની રક્ષા કરશે મહાદેવી ! જુઓને, તમારા કુમાર કેવા પુણ્યવાન છે ? તેમના જન્મ વખતે દિશાઓ પ્રસન્ન થઇ રહી છે, નવ ગ્રહ ઉચ્ચના થઇ તેના ભવિષ્યના જીવનમા ઉન્નતિ સુચવે છે, ગગન મંડળ ઉપર અદ્ભૂત પ્રસન્નતા પ્રસરી રહી છે, અલ્પ પુણ્યવાળા પ્રાણીના જન્મ વખતે આવો દેખાવ થાયજ નહી મહાપુરૂષના જન્મના જેવો આ દેખાવ છે પુણ્યવાન્ પ્રાણીનું જીવન સૃષ્ટિના સૌન્દર્યને વધારે છે આ સમયે નારકીના જીવ પણ શાતા પામ્યા હશે વીર જનની ! હવે જરા પણ ચિંતા કરવાનુ કારણ નથી તમારા બાળ કુમારનો જન્મોત્સવ સૃષ્ટિની કુદરતે કર્યો છે મનુષ્ય કૃત મહોત્સવ કરતા કુદરતી મહોત્સવ મોટો છે મહારાજા પ્રતાપસિંહજી હવે વિજય મેળવી સત્વર પાછા પધારશે બા સાહેબ ! જરા પણ ગભરાશો નહી. દાસીનાં આવાં વચન સાંભળી સૂર્યવતીને વિશેષ આનંદ થયો, તેણીએ એક દ્રષ્ટિએ પોતાના બાળ પુત્રને નીરખી ચુંબન કર્યું, હૃદય સાથે ચાંપી સ્તનપાન કરાવ્યુ.

ક્ષણવાર પછી શંકિત હૃદયા સૂર્યવતી બોલી—દાસી ! તુ કહે છે, તે યથાર્થ છે, પણ જ્યા સુધી જયકુમાર આપણી ઉપર દ્વેષ રાખી, વિઘ્ન કરવા સજ્જ થઇ રહ્યો છે,

ત્યા સુધી આપણે સર્વ રીતે ચેતવુ જોઇએ ગમે તે યુક્તિ કરી, આ બાળ કુંવરની રક્ષા કરવાની યોજના કરવી જોઇએ. કુવરના જન્મની વાત જો જયકુમારના જાણવામાં આવશે તો, જરૂર તે મોટુ વિઘ્ન ઉત્પન્ન કર્યા વગર રહેશે નહિ. વખતે કુર બુદ્ધિનો જયકુમાર આ બાળ કુમારનો નાશ કરી નાખે. તેના પાપી હૃદયમાં રાજ્યલોભ રમી રહ્યો છે, તેની ધારણા નઠારી છે, તેનો હેતુ વિપરીત છે, માટે ગમે તે યુક્તિ કરી, આ બાળ કુંવરની રક્ષા કરવી જોઇએ. સખી ! કહે, આ કુમારને શી રીતે ગુપ્ત રાખવો ? પ્રભાત કાળે તો જયકુમાર તપાસ કરાવશે.

ચતુર દાસી વિચાર કરી બોલી—દેવી ! મને એક ઉપાય સુઝી આવ્યો છે. આપણા મહેલની ગૃહ વાટિકામાથી પુષ્પનો સમૂહ લઇ હમેશા એક માલણ આવે છે, તે વિશ્વાસુ છે તેના પુષ્પના પુંજની અંદર ગુપ્ત રાખી, આ કુમારને તેની સાથે મોકલી દેવા માલણ પુષ્પના પુંજમાં તેને ગુપ્ત રીતે રાખશે, તે વાત ચોકીદારોના જાણવામાં આવશે નહિ પ્રાત કાળે ગર્ભનો પ્રસવ થઇ, તેનો નાશ થઇ ગયો, એવી વાત જયકુમારને જણાવશુ પછી આપણે ગુપ્ત રીતે તે પુષ્પના પુંજમાથી બાળ કુમારને લઇ આવીશું. દાસીની આ યુક્તિ સૂર્યવતીને સારી લાગી. તેણીએ તેણીનાં બુદ્ધિબળને માટે સાબાશી આપી.

પ્રાત કાળનો સમય થયો, ગગનમણિ સૂર્ય કુમારનું મુખ જોવા જાણે ઉત્સુક થયો હોય, તેમ પોતાના કીરણોને પ્રસારવા લાગ્યો. તે સમયે પેલી માલણ નિત્યના નિયમ પ્રમાણે પુષ્પ આપવા આવી. દાસી તેને સૂર્યવતીની પાસે લઇ ગઇ. સૂર્યવતીએ માલણને પાસે બોલાવી કહ્યુ, બેન ! તુ અમારી વિશ્વાસી અને રાજભક્ત સેવક છું. આજે એક કાર્ય કરવા માટે તને કહેવાનુ છે મને આશા છે કે, તારા જેવી ઉત્તમ સેવક સ્ત્રી તે કાર્ય કરવા તત્પર થયા વિના રહેશે નહિ બાઇ ! તે કાર્ય કરવાથી અમે તારો પૂર્ણ આભાર માનીશુ, અને તેનો બદલો તને સારી રીતે આપીશું. સૂર્યવતીનાં વચન સાભળી માલણ બોલી—દેવી ! તમે અમારાં અન્નદાતા છો, પરંપરાથી અમારા કુટુબના પાલક છો, આપ મહારાણી થઇ, મારા જેવી સામાન્ય દાસીને આવા ગૌરવ ભરેલા વચન કહો છો, તે યોગ્ય નથી, હુ આપની ચરણરજ દાસી છું, જે કાર્ય હોય, તે ખુશીથી ફરમાવો. આ હાડ ચામડી આપનીજ છે, આપની સેવા કરવી, એ અમારો ધર્મ છે આપની ઉપર જયકુમારની સખતાઇ છે, એ મારા જાણવામા છે સૂર્યવતી બોલી—માલણ ! આ ગઇ રાત્રે મારા ઉદરથી એક કુમારનો જન્મ થયો છે, તે ખબર જો જયકુમારને પડશે તો, જરૂર તેનો નાશ કરી નાખશે તેની ખબર રાખવાને મહેલના દ્વાર આગળ ચોકીદારો બેઠેલા છે હવે આ વાત ગુપ્ત રહે, તેથી એ કુમારને પુષ્પના પુંજની અંદર ગુપ્ત રાખી તું લઇ જા તારી વાટિકામા તેને યત્નથી રાખજે અમે જયકુમારની આગળ ગર્ભના પ્રસવનો નાશ થયો, એવી વાર્તા ચલાવીશુ, તે પછી તારી પાસેથી એ કુમારને લઇ જઇશુ. બેન ! તારા પૂર્ણ વિશ્વાસ ઉપર આ કામ કરવાનું છે સૂર્યવતીનાં વચન સાંભળી માલણ બોલી—બાઇ સાહેબ ! આપથી આપનુ એ કાર્ય કરીશ મારા પ્રાણની જેમ [illegible]



પ્રકરણ ૧૪ મું.

સ્વપ્નાનુ સાફલ્ય.



પ્રાતઃકાળનો સમય હતો, નભોમણિ પોતાના કીરણોથી જગતના અંધકારને દૂર કરતો હતો, નિશામાં નિદ્રાધીન થઇ પડેલા પ્રમાદીઓને ગુલાબી નિદ્રા આવતી હતી, અપ્રમાદી આસ્તિક ગૃહસ્થો સ્નાન પૂજાની પ્રવૃત્તિમાં પડતા હતા. આ સમયે એક પુરૂષ પોતાની પ્રિયા સાથે આનંદથી વાર્ત્તાલાપ કરતો હતો, તે પુરૂષનું હૃદય પૂર્ણ આસ્તિક હતું, તેના નિર્મળ હૃદયમાં આર્હત ધર્મની પવિત્ર શ્રદ્ધાએ વાસ કર્યો હતો, તેની સદ્ગુણી સ્ત્રી પણ તેવીજ હતી, તેણીનામા સતી ધર્મના અંકુર પ્રગટ હતા. પતિની આજ્ઞાને આધીન રહેનારી એ રમણી ખરેખરી શ્રાવિકા કહેવાતી હતી.

પુરૂષે આનંદના આવેશમાં આવી પ્રિયાને કહ્યું, પ્રિયે ! તને વધામણી આપું છુ આજ રાત્રે આપણી ધાર્મિક ક્રિયા સફળ થઇ છે. તારો સતી ધર્મ સફળ થઇ ચુકયો છે. આપણી જે ઇચ્છા ઘણા દિવસ થયા આશાના પ્રવાહમાં તણાતી હતી, તે આજે ફળવતી થઇ છે ધર્મની આરાધના કદિ પણ નિષ્ફળ થતી નથી—એ મહા વાકય અક્ષરશઃ સત્ય ઠર્યું છે. ધર્મરૂપ કલ્પવૃક્ષ સફળ થયા વિના રહેતુ નથી. ધર્મના પ્રભાવથી પ્રાણી ઉભય લોકને સાધે છે—એ ખરેખર છે. આર્હત ધર્મનું મહાત્મ્ય જગત ઉપર સામ્રાજ્ય ભોગવે છે. ચંદ્રવદના ! તમારી શ્રદ્ધા, તમારી દૃઢતા, અને તમારી પતિ ભક્તિ સફળ થઇ છે.


પતિના આવાં વચન સાભળી રમણી બોલી—પ્રાણનાથ ! કહો, તેવા આનંદની વાત શુ છે ? તમારો આનંદ જોઇ મને તે સાભળવાનુ કૌતુક વધતું જાય છે રમણીના આગ્રહથી તે પુરૂષ બોલ્યો—ગૃહેશ્વરી ! આજે મધ્ય રાત્રે એક શુભ સુચક સ્વપ્ન આવ્યુ " આપણા ગોત્રદેવી શ્વેત વસ્ત્ર પેહેરી મારી આગળ આવી ઉભા રહ્યાં. તેમણે મધુર વાણીએ કહ્યુ, વત્સ ! બેઠો થા. તારે ઘેર કલ્પવૃક્ષ રોપું છુ. હું તારી ધર્મભાવના જોઇ પ્રસન્ન થઇ છુ. તને પ્રાતઃકાળે એક પુત્રની પ્રાપ્તિ થશે જે કુમાર તારે ઘેર આવે, તેને તું પુત્રવત્ માનજે. તારો સ્વજન વર્ગ તેડી તે પુત્રનો જન્મોત્સવ કરજે. " પ્રિયા ! આટલુ કહી તે ગોત્રદેવી અંતર્ધ્યાન થઇ ગયા કાનના અમૃત જેવા આ વચન સાભળી તે માનિની મનમા મગ્ન થઇ ગઇ પોતાને પ્રાપ્ત થયેલ વધા દેખાઇ

મુક્ત થવાનો સમય જાણી આત્માને કૃતાર્થ માનવા લાગી. ગોત્રદેવીને નમન કરી ધર્મનો અતિ આભાર માનવા લાગી.

વાંચનાર ! અધીરા થશો નહીં. એ સ્ત્રી પુરૂષની ઓળખાણ હવે કરાવીએ છીએ. જે પુરૂષ છે, તે **લક્ષ્મીદત્ત** નામે કુશસ્થલી નગરીનો એક ધનાઢ્ય, અને આસ્તિક શ્રાવક છે. જે સ્ત્રી છે, તે તેની **લક્ષ્મીવતી** નામે રૂપ ગુણવતી રામા છે. આ બંને દંપતી સ્વધર્મમા તત્પર અને આર્હત ધર્મનાં ઉપાસક છે, તેમને કાંઇ પણ સંતતિ ન હતી. સંતતિના લાભને માટે તેઓ અનેક સુકૃતાચરણ કરતાં હતાં, અને ધર્મનાં દૃઢ રાગી બન્યાં હતા. લક્ષ્મીદત્ત શેઠ નિઃસંતાન હોવાથી કેટલાએક અજ્ઞાની લોકો તેને વાઝીયા શેઠ કહી નિંદતા હતા, અને લક્ષ્મીવતીને વંધ્યા સ્ત્રી કહેતા હતા. તેમને આંજે ગોત્રદેવીએ સ્વપ્નામાં પુત્ર પ્રાપ્તિ વિષે જણાવ્યું, તેથી તેઓને અતિ આનંદ થયો હતો. વંધ્યત્વરૂપ કલંકથી મુક્ત થવાનો અવસર આવવાથી તેઓને જે આનંદ થયેલ, તે નિ:સીમ આનંદ હતો. આ આનંદને લઈ લક્ષ્મીદત્ત શેઠે પ્રભુની પુષ્પમય આગી કરાવવા સેવકોને પુષ્પ લેવા મોકલ્યા. થોડી વારે તે સેવકો થોડાં પુષ્પો લઇ પાછા આવ્યા, અને શેઠને જણાવ્યુ કે. વિશેષ પુષ્પ મળતાં નથી, જેટલાં પુષ્પ મળ્યાં, તેટલા લઇ અમે આવ્યા છીએ. આથી શેઠ પોતાની જાતે જયકુમારની આજ્ઞા લઇ સેવક સહિત રાજાની ગૃહ વાટિકામાં પુષ્પ લેવા ગયો. ત્યાં પુષ્પના કરંડીઆ ભરાવા માંડયા.

આ વખતે એવું બન્યું કે, પેલી માલણ જે પુષ્પ પુંજમાં રાજકુમારને રાખી, કાર્ય પ્રસંગે ત્યાંથી ગયેલી હતી, તેજ પુષ્પ પુંજ લક્ષ્મીદત્ત શેઠના સેવકોએ લેવા માંડયો તે લેતાં તેમાં એક સુંદર કુમાર રત્નકંબલથી વીંટાએલો જોવામાં આવ્યો સેવકોએ તે વાત શેઠને કહી. ગોત્રદેવીના વચન પ્રમાણે લક્ષ્મીદત્ત શેઠે હર્ષથી તે પુત્રને લઇ લીધો રાજ કુમારનું આનંદજનક સ્વરૂપ જોઇ, શેઠ અત્યંત ખુશી થયો તત્કાળ ઘેર આવી, લક્ષ્મીવતીને અર્પણ કર્યો. કુમારનું લાવણ્ય જોઇ લક્ષ્મીવતીને અપાર આનંદ થયો પુત્રને ઉત્સંગમા લઇ લક્ષ્મીવતી તેને નિરખવા લાગી, તેનું અનુપમ સૌંદર્ય જોઇ જોઇ નેત્રાનંદ લેવા લાગી તે કહેવા લાગી કે, અહો ! મારા ભાગ્યનો ઉદય થયો, આવો રૂપનિધિ કુમાર આવવાથી મારા ઘર ઉપર કલ્પવૃક્ષની છાયા થઇ, રત્નોની અતર્કિત વૃષ્ટિ થઇ, મારી ધર્મ ઉપાસના ગોત્રદેવીએ સફળ કરી આ પ્રમાણે કહેતી લક્ષ્મીવતી પુત્રને ચુંબન કરતી હૃદયની સાથ દબાવા લાગી. લક્ષ્મીવતીના હૃદયમાં ખરેખર માતૃભાવ જાગ્રત થયો તે પોતાના ઉદરમાંથી અવતરેલો હોય, તેમ તે કુમારને માનવા લાગી. પોતાના પૂર્વના પુણ્યની પ્રબળતાને વખાણવા લાગી, અને આત્માને હવે વંધ્યત્વરૂપ કલંકથી મુક્ત માનવા લાગી.

લક્ષ્મીદત્ત શેઠે શહેરમાં એવી વાત ફેલાવી કે, મારી સ્ત્રી લક્ષ્મીવતીને ગુપ્ત ગર્ભ હતો, તેથી આજે પુત્ર અવતર્યો છે. પ્રત્યેક સ્થળે વધામણીઓ કહેવરાવી, અને શહેરના પ્રતિષ્ઠિત ગૃહસ્થોને ઘેર સાકર મોકલાવી, કુશસ્થલી નગરીમાં લક્ષ્મીદત્ત શેઠ પ્રતિષ્ઠિત હતા, તેથી ઘણા લોકો તેને ઘેર વધામણી કરવા આવતા હતા. શેઠે મોટા ઠાઠમાઠથી પુત્રનો જન્મોત્સવ કર્યો, જિન ચૈત્યમાં પૂજાઓ ભણાવી, અને આંગીઓ રચાવી. પોતે પવિત્ર




થઇ, સ્નાત્ર મહોત્સવ કરાવ્યો, યાચકોને અગણિત દાન આપ્યાં, નાટક તથા સંગિત કરાવ્યાં, ધવલ મંગળના ધ્વનિથી દશે દિશાઓ પૂરી દીધી, અનેક મંડળીઓમાં નાચ રંગ કરાવ્યા. કુશસ્થલી નગરીમા આનંદ ઉત્સવ થઇ રહ્યો.

આ શૌચ વિધી પછી બારમે દિવસે લક્ષ્મીદત્ત શેઠે કુમારનુ **શ્રીચંદ્ર** એવું નામ પાડયુ એ નામનો હેતુ એવો હતો કે, જ્યારે કુમારને પુષ્પના પુંજમા જોએલ, ત્યારે ચંદ્રના બિંબની જેમ લક્ષ્મીદત્તને આનંદ સુખ આપ્યું હતુ લક્ષ્મીદત્ત અને લક્ષ્મીવતી આ કુમારના લાભથી પોતાના સંસારને સફળ માનવા લાગ્યાં જૈન મુનિ જેમ પાચ સુમતિથી પાલિત થઇ વધે, તેમ શ્રીચંદ્ર કુમાર ઉત્સંગ, ક્ષીરપાન, સ્નાન, મંડન અને ક્રીડા—એ પાચ પ્રકારથી પાલિત થઇ વધવા લાગ્યો.



પ્રકરણ ૬૫ મું.

કુમાર વિયોગ.



જયકુમાર સૂર્યવતીના મહેલની બરાબર તપાસ કરી ગયા પછી સૂર્યવતીએ સૈંદ્રી દાસીને કહ્યુ, દાસી ! હવે વિઘ્ન બધા દૂર થયાં છે, પાપી જયકુમારની શંકા પરાસ્ત થઇ છે, માટે સત્વર વાટિકામા જા, અને પુષ્પ પુંજમાથી કુમારને લઇ આવ ઘણી વાર થઇ છે, કુમાર ભુખ્યા થયા હશે, મારા સ્તનમાથી પયધારા છુટે છે સૂર્યવતીની આજ્ઞાથી દાસી ગૃહ વાટિકામા આવી માલણને સાથે લઇ પુષ્પનો પુંજ જોયો, ત્યા કુમાર જોવામા આવ્યો નહી દ્રવ્યના નિધિની જેમ તેની આસપાસ શોધ કરી, પણ કોઇ ઠેકાણે કુમારને જોયો નહી તત્કાળ દાસીના હોશ ઉડી ગયા, તેના નેત્રમા તમસ આવી ગઇ, વિશ્વાસી અને ઉત્તમ હૃદયની માલણ પણ શ્યામ મુખી થઇ ગઇ. દાસીએ રુદન કરતા માલણને પુછ્યુ, કોઇ અહી આવ્યુ તો ન હતુ ? ના, બાઇ! કોઇ પણ આવ્યું નથી હું ઘોડીવાર એક રાજકીય કાર્ય પ્રસંગે બાહેર ગઇ હતી પછવાડેથી જો કોઇ આવ્યુ હોય તો, બનવા સંભવ છે માલણ! તે ખોટુ કર્યું, કુમારને એકલા પુષ્પમાં રાખી, તારે બહાર જવું ન હતું, દૈવ યોગે તે રોયા હોય, અને જયકુમારનાં માણસોને ખબર પડી હોય તો, વખતે વિપરીત થયુ હોય. માલણના મુખ ઉપર ગ્લાની આવી ગઇ, તેણીના નેત્રમાથી અશ્રુધારા [illegible] યત્નને બદલે અપયશ મળ્યો, એથી તેણીને બહુ લાગી આવ્યુ દાસી પણ [illegible] [illegible] ગઇ, હવે સૂર્યવતીને શો જવાબ આપવો, એમ તે ચિંતામા પડી વાટિકામાથી [illegible] આવતા તેના પગ ઉપડતા ન હતા [illegible] [illegible] સૂર્યવતીને [illegible] [illegible] આ ચિંતમા તે [illegible] [illegible] [illegible]

વિચારતી કે, રાણી સૂર્યવતીને સર્વદા આનંદના ખબર આપનારી, હું આજે કેવી સ્થિતિમાં આવી ? અરે દૈવ ! આજે મારો દાસી ધર્મ કલંકિત થયો, રાજકુમારના વિપરીત ખબર આપી, રાણી સૂર્યવતીના શોકનું કારણ હુંજ થઇશ, આમ વિચારતી પાછી ઉભી રહે છે. મહેલમાં દાદર આગળ આવી, ચડવાની શક્તિ રહી નહિ. 'હમણાંજ મહારાણી મને પુછશે; દાસી ! મારો કુમાર ક્યાં છે ? ત્યારે હું શું કહીશ ? આમ વિચારતી શનૈઃ શનૈ દાદર ઉપર ચડી. અહી સૂર્યવતી કુમારની રાહ જોઇ બેઠી હતી, ક્ષણે ક્ષણે ગોખમાંથી દાસીને અવલોકતી હતી, તે સાથે મનોરથ કરતી કે, મારો સુંદર કુમાર શું કરતો હશે ? ઘણી વાર થઇ છે, તેથી તેને સ્તનપાનની ઇચ્છા થઇ હશે, તે પોતાની માતાને રૂદન કરી બોલાવતો હશે, હવે હું એ સુંદર કુમારને ક્યારે જોઇશ ? દાસીને વાર થઇ, એટલે તેણીના હૃદયમાં શંકા થવા લાગી—દાસી કેમ રોકાણી હશે ? મારા નેત્રમણિ કુમારને કાંઇ વિઘ્ન તો નહીં આવ્યું હોય ? આ સુક્તિના ખબર જયકુમારને તો નહીં પડયા હોય ? કુશસ્થલી રાજધાનીનો ભવિષ્યનો રાજા એક હલકી માલણને સોંપી દીધો, એ પણ મેં સાહસ કર્યું છે. એ માલણની પવિત્રતામાં તો કાંઇ ખામી આવી નહીં હોય ?

આટલું કહી સૂર્યવતીએ પ્રભુની પ્રાર્થના કરી. " જગ ચિંતામણી જિનેંદ્ર ! મારા કુમારની રક્ષા કરજો, વિશ્વમાં કલ્પવૃક્ષરૂપ જૈન ધર્મ મારા બાળ કુમારને સહાય કરજો, આર્હંત ધર્મના અધિષ્ટાયક દેવતા કુમારની સર્વ સ્થળે રક્ષા કરજો. " આટલું કહી સૂર્યવતી દાદર આગળ આવી, ત્યાં દાસી એકલી આવતી જોવામાં આવી. દાસી ! કુમાર ક્યાં છે ? મારો બીજો પ્રાણ ક્યાં મુકી આવી ? દાસીનાં નેત્રમાથી અશ્રુની ધારા ચાલી,—ગદ્દગદ્દ કંઠે બોલી—બા સાહેબ ! પુષ્પના પુંજમાં કુમાર નથી, આસપાસ વાટિકામાં તપાસ કરી, પણ કોઇ સ્થળે કુમાર જોવામાં આવ્યા નહીં; માલણનો પ્રમાદ થયો છે, તે જાતે નિર્દોષ છે. આટલું સાંભળતાંજ વિદ્યુત્પાત થવાથી જેમ વૃક્ષની શાખા પડે, તેમ સૂર્યવતી મૂર્છા પામી દાદરની પાસે પડી તેના મુખ ઉપર કેશ છવાઇ ગયા, વસ્ત્ર વિપરીત થઇ ગયાં; પસીનાથી શરીર વ્યાપ્ત થઇ ગયું, રૂદન કરતી દાસીએ શીતોપચાર કરાવ્યા. ક્ષણવાર પછી મૂર્છા વિરામ પામી, એટલે સુર્યવતી જરા સાવધાન થઇ બેઠી થઇ, કરૂણ સ્વરે વિલાપ કરવા લાગી. અરે કુમાર ! તને કોણ હરી ગયું ? હે જીવન ! હે પ્રાણાધાર ! દુષ્ટ દૈવે આ શું કર્યું ? મારા લાડકવાયા ! તું ક્યાં ગયો ? તને સ્તનપાન કોણ કરાવશે ? દુર્દૈવ ! આ શુ કર્યું ? દ્રવ્યનો ભંડાર બતાવી પાછો લઇ લીધો, થાળમાં ભોજન પીરસી થાળ લઇ લીધો, મેરૂગિરિના શિખર ઉપર ચડાવી અને નીચે પાડી, મારા મનોરથરૂપ વૃક્ષોને કુવાડાથી છેદી નાંખ્યાં, મારા કર્મનોજ દોષ, બીજા કોઇનો દોષ નથી. પૂર્વે મેં મહા પાપ આચર્યાં હશે, તે આજે ઉદય આવ્યાં; મેં પાંચ આચાર વિરાધ્યા હશે, ગુણીજનની ઉપર આળ ચડાવી હશે, શીલનું ખંડન કર્યું હશે, કર્માદાન આચર્યાં હશે, જુ, માકડ, અને લીંખની હિંસા કરી હશે, કોઇની દીખમાં વિઘ્ન કર્યું હશે, જ્ઞાન દ્રવ્ય, દેવ દ્રવ્ય, અને સાધારણ દ્રવ્યનો નાશ કર્યો હશે, શોક્યના બાળકને વિખૂટાં પાડયાં હશે, કામણ, વશીકરણ, અને મોહન વિગેરે કરી, અન્યને દુઃખ આપ્યાં હશે, કોઇને ઘણા શાપ આપ્યા હશે, વૃદ્ધ જનનો વિનય કર્યો નહીં હોય, ચોરીનાં પાપ કર્યા હશે, એ સિવાય ભવે ભવ એવાં દુષ્ટ કર્મ

કર્યો હશે કે, જે કેવળી જાણી શકે. તે વિના મારો કુમાર ક્યાં જાય ? વત્સ ! એકવાર તારૂં મનોહર મુખ બતાવ, તને નેત્રથી નીરખી હું મારા અવતારને સફળ કરૂં. પુત્ર ! તારા પ્રતાપી પિતા વિજય કરી આવશે, ત્યારે હું તેમને શું કહીશ ? પુત્રના મુખ દર્શનની ઇચ્છા કરનારા મહારાજા મને કહેશે, દેવી ! કુમાર ક્યાં ગયો ? મારા રાજ્યનો અલંકાર કેમ ગુમાવ્યો ? તે વખતે મારે મરણ વિના બીજું કાંઇ શરણ નહીં થાય. અરે દુષ્ટ જયકુમાર ! તને આવું પાપ કર્મ કરતા ભય કેમ ન થયો ? સ્તનપાન કરનારા નાના બાળકને માતાનો વિયોગ કરાવી, વિનાશ કરતા તારા હૃદયમાં દયા કેમ ન ઉપજી ?

સૂર્યવતીનો શોક સાભળી, રાજ્ય કુળમાં અફસોસ થયો, તેથી વૃદ્ધ રાજ કુટુંબના લોકો દેવીને આશ્વાસન આપવા આવ્યા. તેમણે કહ્યું, રાણી ! શોક કરો નહીં, ભવિતવ્યતા બળવાન છે. કરેલા કર્મ પ્રાણીને ભોગવવા પડે છે. દેવી ! તમે તત્વજ્ઞાન જાણો છો, જિન વચનને પ્રમાણ કરો છો. વિલાપ કરવાથી શું વળવાનું છે ? વિલાપ છોડી દ્યો, પ્રભુનું ધ્યાન કરો. મેઘની વૃષ્ટિથી જેમ દાવાનળ શમી જાય, તેમ પ્રભુનાં ધ્યાનથી શોક શમી જાય છે. આ પ્રમાણે કહી રાજકુટુંબના વૃદ્ધ જનો ચાલ્યા ગયા.

સૂર્યવતીને જરા આશ્વાસન મળ્યું, પણ તેના હૃદયમાંથી શોકનો આઘાત જતો નથી. ક્ષણે ક્ષણે કુમારની બાળ મૂર્ત્તિ તેના નયનની આગળ ખડી થાય છે, તે વખતે તેનાં સ્તનમાથી પયધારા છુટે છે, ઘણી વાર શોક કરી કરીને સૂર્યવતી શાંત થઇ ગઇ, જીન ભગવંતનું સ્મરણ કરવા લાગી, પ્રભુનું ધ્યાન કરી, તેણીએ શોકને શમાવવા માંડયો, પણ શોકરૂપ શંકુ તેના હૃદયમાંથી દૂર થતો નથી, તેમ કરતા સૂર્યવતીનાં નયન ઉપર નિદ્રા આવી. અતિ શોકાતુર માણસને નિદ્રા સુલભ છે. પુત્રના વિરહથી દહન થતી મહારાણી નિદ્રાનું શીતળ સિંચન અનુભવવા લાગી. જેમ ક્ષુધાતુર માણસ અન્નનાં વલખા મારી પડયું રહે, તેમ સૂર્યવતી વલખા મારી નિદ્રાના ઘેનમા પડી રહી. નિદ્રા સુખને અનુભવ કરતી મહારાણીને સ્વપ્ન આવ્યું. શ્વેત વસ્ત્ર ધરનારી કુળદેવીએ આવી સ્વપ્નમાં કહ્યું, વત્સે ! બેઠી થા. કેમ પડી છુ ? હુ તારી કુળદેવી છુ. સૂર્યવતીએ કહ્યુ, માતા ! હુ દુખી છુ, તમે પધાર્યા, તે મારા સદ્‌ભાગ્ય. તમારાં પવિત્ર દર્શન કરી, મારા નેત્રને આનંદ થયો. માયાળુ માતા ! મને સુખી કરો. મારા એક દિવસના બાળકનો મેળાપ કરાવો. ગોત્ર દેવી બોલ્યા—વત્સે ! શોક કરીશ નહીં. તારો કુમાર વિજયી અને કુશળ છે. મેં પુણ્યના પુંજમાથી ઉત્તમ સ્થાને પહોંચાડયો છે. જો તે કુમાર તારી પાસે હોત તો, તને વિઘ્ન આવત. સૂર્યવતી ! જરા પણ અફસોસ કરીશ નહીં. તારો પુત્ર સુખી છે. બેટી ! જરા પણ અધીરી થઇશ નહી, એ કુમાર તને બાર વર્ષે મળશે તેનું નામ શ્રીચંદકુમાર પડશે ચંદ્રની જેમ શ્રીચંદ્રકુમાર બીજે સ્થાને ઉદિત થયો છે ગોત્રદેવીના આ વચન સાંભળી સૂર્યવતી સંતોષ પામી. શ્રી જીન ભગવંતના નામનું સ્મરણ કરતી જાગ્રત થઈ. પોતાનો બાળ કુમાર નિર્વિઘ્ન અને જીવતો છે, એમ જાણી તેના અંતરમાં આનંદ થઈ ગયો. સૂર્યવતીએ જાગ્રત થઈ સ્વપ્નની વાત કરી જનને જણાવી તે સાંભળી સર્વ પરિવાર પ્રસન્ન થયો. સૌ બોલી—બા સાહેબ ! ગોત્રદેવીએ સાક્ષાત આવી જે કહ્યું, તે સ-


હજો. જીનાગમની વાણી વ્યર્થ થતી નથી. નિમિત્ત શાસ્ત્ર અન્યથા થાયજ નહી. શ્રીચંદ્રકુમાર કુશળ રહી, બાર વર્ષે પાછા પ્રગટ થશે. કુશસ્થલી રાજધાનીમાં પ્રતાપસિંહ જેવા પિતા તરફથી તે યુવરાજ પદ પ્રાપ્ત કરશે. પાપી જયકુમારના મનોરથ વ્યર્થ થશે. મહારાણી ! છેવટે ધર્મીનો જય થાય છે, અને પાપીનો પ્રલય થાય છે.

રાણી સૂર્યવતી ગોત્ર દેવીનાં વચન ઉપર આધાર રાખી, ધર્મ આરાધના કરવા લાગી, પ્રભુની પૂજામાં પ્રવૃત્ત થવા લાગી, પ્રતિદિન દાન, પુણ્ય, તપ, અને વ્રત ઉપાસના કરવા લાગી. પંચપરમેષ્ટીની પ્રાર્થના કરવામાં, ભક્તિથી ભાવના ભાવવામાં અને એકનિષ્ઠાથી ધર્મ આચરવામાં તે સર્વદા તત્પર રહેવા લાગી.



પ્રકરણ ૧૬ મું.

પ્રતાપસિંહનો બીજો વિજય.



રાજા પ્રતાપસિંહ ત્રણ કુમારોને સાથે લઇ કર્ણકોટ અને રત્નપુરના રાજા મલ્લ અને મહામલ્લ ઉપર ચડી આવ્યો. કુશસ્થલીના બહાદુર સૈનિકો સિંહનાદ કરી નૃત્ય કરવા લાગ્યા. પ્રયાણ કરતાંજ શુભ શુકનોએ પ્રતાપને વિજયનાં ચિન્હ સુચવ્યાં હતાં સૈન્યના રજથી દશે દિશાઓ છવાઇ રહી હતી. પ્રતાપના પ્રતાપ આગળ સૂર્યનો પ્રતાપ પણ ઝાખો થઇ ગયો હતો. પ્રતિદિવસ પ્રયાણ કરતો પ્રતાપસિંહ નૈઋત દિશાના સમુદ્રને કાંઠે આવી પહોંચ્યો તેના સૈન્યનો મહાન કોલાહલ કર્ણકોટ અને રત્નપુરના કિલ્લામા પ્રતિધ્વનિરૂપે થવા લાગ્યો આસપાસ ફરતા બાતમીદારોએ મલ્લ અને મહામલ્લને આ ખબર આપ્યા. અચાનક ચડાઇ સાભળી, તે બને વીરો સજ્જ થઇ ગયા. તેમણે પોતપોતાના વીર સૈનિકોને તૈયાર થવા ભેરીના નાદ કરાવ્યા સ્વામીની આજ્ઞાથી બંને સૈન્ય બીજા સમુદ્રની જેમ ઉછળવા લાગ્યાં, વીરરસમાં રમણ કરનારા સુભટો સાગરના તીર ઉપર હર્ષના નૃત્ય કરવા લાગ્યા, કર્ણકોટના રાજા મલ્લની સેના પ્રતાપસિંહના સૈન્યની સામે આવી ઉભી રહી. સેનાપતિની આજ્ઞાથી મલ્લના સૈનિકોએ એકદમ ભયંકર ધસારો કરી, પ્રતાપસિંહની સેનાને મહાત કરી દીધી, તે જોઇ પ્રતાપસિંહના ત્રણે કુમારો શત્રુ સૈન્ય ઉપર ચડી આવ્યા. વિષ્ણુએ જેમ સાગરનું મથન કર્યુ હતું, તેમ પ્રતાપસિંહના પરાક્રમી પુત્રોએ મલ્લની મહા સેનાનું મથન કરવા માંડ્યું. સેનાનો પરાભવ થતો જોઇ રણમા મલ્લ જેવો મલ્લરાજા પ્રતાપસિંહના કુમારની સામે આવ્યો. મલ્લે પ્રચંડ પરાક્રમ કરી, ત્રણે કુમારોની સામે તુમુલ યુદ્ધ કરવા માંડ્યું. ક્રોધથી નેત્રને રક્ત કરતો, અને હોઠ ડસતો મલ્લ પ્રતાપના કુમારો ઉપર તુટી પડ્યો. રાજાના

પ્રહારથી વિજયકુમારને મૂર્છાગત કરી દીધો; તે જોતાજ પ્રતાપસિંહને ક્રોધ ચડયો. તત્કાળ કેશરીસિંહની જેમ કુદી મલ્લ ઉપર ધસી આવ્યો, અને ખડ્ગના પ્રહારથી મલ્લના મસ્તકને છેદી નાખ્યુ મલ્લરાજાની રણભૂમિમા મરણશય્યા થઇ.

મલ્લને મૃત્યુશરણ થયેલો જોઇ મહામલ્લ જીવ લઇને રત્નપુરમાં નાશી ગયો. મલ્લની સેના દશે દિશાઓમાં વીખરાઇ ગઇ. પ્રતાપના સૈન્યમાં જયધ્વનિ પ્રવર્ત્યો. સેનાપતિએ રણસ્તંભ ઉપર વિજયધ્વજ ચડાવી દીધો. શત્રુ અને અંગાર અવશેષ ન રાખવો જોઇએ, આવુ ધારી પ્રતાપી પ્રતાપસિંહ કેટલાએક સૈનિકોને લઇ મહામલ્લની પાછળ પડયો. રત્નપુરને ઘેરી તેણે અંદર જઇ મહામલ્લને રૂંધ્યો. પ્રતાપના શૌર્ય આગળ મહામલ્લ ટકી શકયો નહિ. તે દિન થઇ પ્રતાપસિંહની શરણે થયો દયાળુ પ્રતાપસિંહે દીન થઇ આવેલા શત્રુને ક્ષમા આપી છોડી મુકયો. પછી કર્ણકોટ અને રત્નપુરનો કબજો પોતાને સ્વાધીન લીધો.

મલ્લ તથા મહામલ્લનો વિજય કર્યા પછી કુશસ્થલીપતિ સમુદ્રના રમણીય તીર ઉપર નિવાસ કરી રહ્યો હતો ત્યાં રહી તે વિચક્ષણ રાજાએ પોતાના રાજ્યની હદ ઉપર જે અવ્યવસ્થા હતી, તે સુધારી અને વિદેશી પ્રજાને સુખશાંતિ આપી.

પ્રતાપસિંહ પ્રજારક્ષણ કરવામાં અતિ ઉત્સુક હતો. પ્રજા પ્રત્યે રાજાનો શો ધર્મ છે ? તે સારી રીતે સમજતો હતો, અર્હન્નીતિ શાસ્ત્રનો તેણે પૂર્ણ અભ્યાસ કર્યો હતો, રાજનીતિનુ મહાત્મ્ય તેના નિર્મળ હૃદયમાં રમી રહ્યુ હતુ, તે વિદ્વાન્ મહારાજા સમજતો કે, " પ્રજાને રંજન કરે, તે રાજા કહેવાય છે, પ્રજાનો દુખભંજન અને રંજન કરનાર જે હોય, તેજ રાજ પદવીને યોગ્ય છે રાજા, પ્રજાનો પાળક પિતા છે, પ્રજાના સુખે સુખી અને દુખે દુખી થવુ, એ ખરો રાજધર્મ છે, ક્ષત્રીયોનુ ખરૂ કર્તવ્ય પ્રજાપાલન છે જેના ન્યાયી રાજ્યમા પ્રજા નિર્વિઘ્ને સુખ ભોગવે, એજ રાજાનુ રાજ્ય કૃતાર્થ છે ક્ષાત્ર ધર્મની ધુરાને ધારણ કરનાર નરેશ્વર ગમે તેવો પરાક્રમી, ઉદાર કે નિપુણ હોય, પણ તેની સત્કીર્તિનું બીજ પ્રજાપાલન શિવાય અંકુરિત થતુ નથી જેનુ યશોગાન પ્રજા સતત કર્યા કરે છે, જેના રાજ્યની શિતળ છાયા નીચે પ્રજા સુખશાંતિ ભોગવે છે, અને જેના પ્રતાપથી પ્રજાના ઉપદ્રવ દૂર થઇ જાય છે, તેવા રાજાનુ જીવન ચરિતાર્થ છે. વળી પ્રતાપસિંહ જાણતો હતો કે, જે રાજા દુષ્ટ ભાવથી પ્રજાને દમે છે, અનીતિને માન આપે છે, અને પ્રજાને પીડા થાય, તેવા કાર્ય તરફ ઉપેક્ષા રાખે છે, તેવો રાજા નરકનો અધિકારી થાય છે, તેવા રાજાનુ જીવન તે માનુષી જીવન નથી, પણ રાક્ષસી જીવન છે પ્રજાને દુખ થતું જોઇ જે રાજા હાથ જોડી બેસે નથી, તે રાજાની જાતિ [illegible] છે, તેની [illegible] [illegible] પિતાથી નથી, એમ [illegible] જાણતું તેવા [illegible] પણ પ્રજાના ઉદ્ધાર છે તેવા [illegible] છે.


[illegible] ના મહારાજ [illegible] [illegible]
[illegible]

પ્રતાપસિંહનું પવિત્ર નામ ભારતની પ્રજામાં પ્રખ્યાત હતું, તેની રાજનીતિને જૈન ગૃહસ્થો, વિદ્વાનો, કવિઓ અને જૈન મુનિઓ પણ વખાણતા હતા. પ્રત્યેક પ્રસંગે રાજનીતિના ગુણમાં પ્રતાપસિંહનુંજ દૃષ્ટાંત અપાતુ હતું. પ્રતાપસિંહ જેવો નીતિમાન્ હતો, તેવોજ તે રાજ્યકાર્યમાં કુશળ હતો.

તેની પાસે ઘણા બુદ્ધિમાન્ મંત્રીઓ રહેતા હતા, પ્રતાપની મંત્રીસભા સર્વ રાજ્યોમાં પ્રથમ પદ ધરાવતી હતી, તેણે પોતાની રાજ્ય કાર્યની કુશળતાથી કુશસ્થલીનું મહાન્ રાજ્ય નિષ્કંટક કર્યું હતુ છેવટે આ મલ્લ અને મહામલ્લ શત્રુઓનો પણ પરાભવ કરી, પ્રજાની સર્વ જાતની પીડા દૂર કરી હતી. તે પ્રદેશના રાજ્યમા શાંતિકારક વ્યવસ્થા કરવા માટે તે ઘણા વખત સુધી રત્નપુરની નજીક સમુદ્રના તીર ઉપર પડાવ કરી રહ્યો હતો.

પ્રકરણ ૧૭ મું.

શ્રીચંદ્રની બાલ્યાવસ્થા.



લક્ષ્મીદત્ત શેઠને ઘેર શ્રીચંદ્રકુમાર શુક્લપક્ષના ચંદ્રની જેમ વધતો હતો અનુક્રમે તે શિશુ વય અને કિશોર વયની સંધિમાં આવ્યો હતો, લક્ષ્મીદત્ત અને લક્ષ્મીવતી પુત્રને લાલન કરાવી, સંસારનો લાવ લેતાં હતા, બાળકનું કોમળ ભાષણ સાંભળી, કર્ણમાં અનુપમ સૌંદર્ય નીરખી નયનમાં આલિંગન કરી, સ્પર્શ ઇંદ્રિયમાં સુધા સિંચન મેળવતાં હતાં, શ્રીચંદ્રના પ્રભાવથી લક્ષ્મીદત્ત શેઠને તેના વ્યાપારમા વિશેષ લાભ થવા માંડ્યો. પ્રભાવિક પુરૂષના આગમનથી શું ન થાય? પુણ્યવંત પ્રાણીઓનો અવતાર ઉન્નતિનુજ કારણ થાય છે. તેનુ જીવન તેના પ્રત્યેક પ્રસંગમા આવનારને લાભપ્રદ થાય છે, તેવી રીતે શ્રીચંદ્રકુમારના આવવાથી લક્ષ્મીદત્ત શેઠને અપાર સમૃદ્ધિ થવા લાગી. તે અલ્પ સમયમાં કોટિધ્વજ સાહુકાર બની ગયો, કુશસ્થલીના શ્રેષ્ઠિ વર્ગમાં તેણે મહાન્ પ્રતિષ્ઠા સંપાદન કરી, તેની સત્કીર્તિ સર્વ સ્થળે પ્રસરી રહી હતી જો કે, પ્રથમથીજ તે કુશસ્થળીમા પ્રતિષ્ઠિત હતો, તથાપિ શ્રીચંદ્રના પ્રભાવથી તેને સર્વ સ્થળે પ્રથમથી વિશેષ માન મળતુ હતુ.

શ્રીચંદ્રકુમારને તેના પાલક પિતાએ શ્રાવકના જે જે સંસ્કાર અનુક્રમે કરવા જોઈએ, તે તે કર્યા હતા છઠ્ઠી જાગરણથી તેનો આરંભ થયો હતો. નામકરણ, કર્ણવેધ, ચૌલ, અન્નપ્રાશન વિગેરે જૈન સંસ્કારોએ ચંદ્રકુમારની મનોવૃત્તિને સંસ્કૃત કરેલી હતી. સંસ્કારના પ્રભાવથી એ ચપળ કુમારનું બુદ્ધિબળ વિશેષ ચળકતુ હતું, તેનામાં સ્વાભાવિક ધર્મ શ્રદ્ધા સંસ્કારોની સાથેજ ઉત્પન્ન થઇ હતી, ગૃહસ્થ ધર્મના પવિત્ર આચારરૂપ વૃક્ષ સંસ્કારના સિંચનથી નવપલ્લવિત થાય છે, એથીજ શ્રી અર્હત પ્રભુએ શ્રાવ-

ને સોળ સંસ્કારનો અધિકારી કરેલો છે. સંસ્કારથી રહિત એવા શ્રાવકો સ્વાચાર ભ્રષ્ટ અને શ્રદ્ધાહીન થાય છે. શ્રાવક પ્રજાને જૈન સસ્કારની પૂર્ણ આવશ્યક્તા છે, સસ્કારનો પ્રભાવ જ્યારે પ્રગટ થાય છે, ત્યારે શ્રાવકનો બાળક ધાર્મિક અને સાસારિક ઉન્નત્તિમાં રવત આવે છે. એથીજ લક્ષ્મીદત્ત શેઠે શ્રીચંદ્ર કુમારને અનુક્રમે યોગ્ય સસ્કાર કરેલા હતા, કળાઓથી ચંદ્રની જેમ શ્રીચંદ્ર સસ્કારરૂપ કળાઓથી શોભાયમાન થતો હતો, તેના તેજસ્વી લલાટમાંથી સસ્કારનાં કિરણો પ્રસરતાં હતાં, શરીરની ગૌર કાંતિમાં અનુપમ લાવણ્ય રમતુ હતુ, અંગના પ્રત્યેક અવયવ રમણીય અને લાલિત્ય ભરેલા દેખાતા હતા, તેના સુશોભિત શરીરમાં સ્વાભાવિક શોભાજ રહેલી હતી, તેની મડન શોભા તો ઉલટી તેનાથીજ શોભા મેળવતી હતી.


શ્રીચંદ્રકુમારનો બાલ્ય વયથીજ આનંદી સ્વભાવ હતો, બાલક્રીડામાં તેની મનોવૃત્તિ આસક્તિ વગરજ રમતી હતી, કુશસ્થળીના પ્રત્યેક જન શ્રીચદ્રને જોઇ ખુશી થતા હતા, તેને પ્રેમથી તેડવાને, રમાડવાને અને બોલાવવાને સર્વે લલચાતા હતા જે સ્થળે શ્રીચદ્ર ઉભો હોય કે આવતો હોય, તે સ્થળે લોકોનું વૃંદ તેને અવલોકવાને એકઠું થતું હતું, કોકપક્ષીને સૂર્યની જેમ તે સર્વને પ્રિય થઇ પડયો હતો, સમાન વયના મિત્રોની સાથે માર્ગમાં ક્રીડા કરતો શ્રીચંદ્ર મુગ્ધાઓના મનને હરણ કરતો હતો, તેની મોહક મૂર્ત્તિ સ્વયં અવિકારી છતા પણ વનિતાઓના વિકારનું કારણ થતી હતી, શ્રીચંદ્રનું સાૈંદર્ય જોઇ પ્રત્યેક શશિવદના સાનંદાશ્ચર્ય થઇ જતી હતી, તેની સાથે વાર્તાલાપ કરવાને દરેક દારા લલચાતી હતી. જ્યારે શ્રીચદ્ર ચત્વરમાં ફરવા નીકળતો, ત્યારે કુશસ્થળીની કામનિઓ પોતપોતાના પ્રાસાદ ઉપરથી તેને નીરખવાને આવતી હતી. તે વખતે તે વામાઓનો નીચે પ્રમાણે વાર્તાલાપ થતો હતો.

સખી ! જો, આ શ્રીચંદ્રકુમાર કેવો સુંદર છે ? તેનો મુખચંદ્ર કેવો સુંદર દેખાય છે ? તેના મૃદુ હાસ્યમાં કેવુ લાલિત્ય છે ? તેના વિશાળ નેત્રમાં કેવું ચાંચલ્ય રહેલું છે ? બેન ! આ કુમારની માતાને ધન્યવાદ ઘટે છે કે, જેના ઉદરમાંથી આવું રમણીય રત્ન પ્રગટ થયુ છે ખરેખર લક્ષ્મીવતી પુણ્યવતી છે, જે ભાગ્યવતી આવા ભવ્ય કુમારને સર્વદા લાલન પાલન કરતી હશે. કોઇ વિકારી વામા બોલી—બેન ! તેની માતાના ભાગ્યનાં વખાણ કરો છો, તે તો ઠીક, પણ ખરેખરી પ્રશસા તો તેણે પાણિગ્રહણ કરેલી પત્નીની કરવામા આવશે ભવિષ્યમાં જે ભામિની આ ભવ્ય કુમારની સહચારિણી થશે. તેના પુણ્યની શ્રેણી કેવી ઉત્તમ ? એજ સર્વ સુંદરીઓની શિરોમણી છે. [illegible] શિખર ઉપર એજ ચડેલી છે. શ્રીચદ્રની અર્ધાંગનાના કેવાં ભ[illegible] ! આવા મનોહર કુમારને આલિંગન આપનારી, તેના મોહક મુખને ચુંબન આપનારી અને તેની મધુરી વાણીના વિલાસને અનુભવ કરનારી કઇ સ્ત્રી વિધાતાએ નિર્મિત કરી હશે ?

શ્રીચંદ્રકુમારનું બુદ્ધિબળ બાલ્ય વયથીજ ચમકતું હતુ જે કઇ તેના [illegible] માં આવ્યુ, તેને તે કદિ પણ ભુલતો ન હતો જાણે જન્મથીજ [illegible] કળાનો અભ્યાસી હોય. અને પૂર્વના સંસ્કાર ઉદિત [illegible] હોય, તેમ તેનામાં [illegible]


દેખાતુ હતું, તે સાથે તેનામાં ધાર્મિક સસ્કાર સારી રીતે દેખાતા હતા કોઇને દુખી દેખી તેનુ દયાળુ દિલ આર્દ્ર થતુ હતું, ઉપકાર વૃત્તિએ તેના હૃદયમાં વાસ કર્યો હતો, પોતાની શેરીમા ફરતાં યાચકોને દેખી, તે તેની પાસે દોડી જતો હતો, અને તેઓને પોતાના પિતાની પાસે લઇ જઇ ઇચ્છિત દાન અપાવતો હતો, બાળ ક્રીડાને લઇ અનેક જાતની રમત ગમત કરતાં જો કોઇ સુક્ષ્મ જતુ જોવામાં આવે તો, તેમને યતનાથી પાળતો હતો, અહિંસા ધર્મના પવિત્ર સંસ્કારો તેનામા સ્વતઃ પ્રાપ્ત થયા હતા. પશુ પક્ષીને પીડિત કે દુઃખી જોઇ ઘેર લાવતો, અને તેમની અશન પાન વિગેરે માવજત કરવામાં તત્પર થતો હતો. તેની ક્રીડામાં બીજી તોફાની રમતો ન હતી પોતાના વિશાળ ગૃહના એક ભાગમા જુદા જુદા ભાગ કરી, ધર્મશાળા, પૌષધશાળા, સામાયિકશાળા, પાંજરાપોળ, ઉપાશ્રય અને ચૈત્યનાં સ્થાન કલ્પી આત્માને આનદ આપતો હતો કોઇ વાર પોતાના એક મિત્રને અધ્યાપક કરી, પોતે અભ્યાસી થઇ આગળ બેસતો અને પાઠશાળાનુ સ્થાન કલ્પી તેમા બીજા છોકરાને એકઠા કરી જુદાં જુદા ઇનામો આપતો હતો કોઇ વાર સભા કરી પોતે વક્તાનું આસન લઇ બાળ ભાષામા ભાષણ આપતો, અને સભા વિસર્જન કરી જાતજાતના ખાવાના પદાર્થોની પ્રભાવના કરતો હતો.

આવી પુત્રની બાલ ક્રીડા જોઇ, શેઠ લક્ષ્મીદત્ત અને શેઠાણી લક્ષ્મીવતી અપાર આનંદ પામતા હતાં, અને “ પુત્રનાં લક્ષણ પારણામાથી વર્તાય ” એ કહેવતને યાદ કરી, તેઓ પુત્રની ભવિષ્યની ધાર્મિક ઉન્નત્તિ વિષે સારો મત બાધતા હતાં. શ્રીચદ્ર કુમાર પોતાના પિતાની સાથે ચૈત્ય દર્શન કરવા જતો, ત્યાં પણ પ્રભુની પ્રતિમા જોઇ, તેના ઉંચા પરિણામ થતાં હતાં, તેના મુગ્ધ હૃદયમાં ભક્તિ રસ ઉલ્લાસ પામતો, અને નેત્રમાથી પ્રેમાશ્રુ આવતાં હતાં. કોઇ વાર તો અર્હતની પ્રતિમાનું ધ્યાન કરી, આત્મ વૃત્તિને તેમા તલ્લીન કરી દેતો હતો. જ્યારે ચૈત્યમાં પ્રવેશ કરતો ત્યારે **નિસ્સહી**ના શબ્દો બાળ ભાષામાં ઉચ્ચારી પિતાને આનંદ આપતો, અને ઉત્તમ ભાવના ભાવી, પાછો ત્યાથી પિતાની સાથે વળતો હતો. દેશનાલયમા પણ પિતાની સાથે નિયમ પ્રમાણે જતો, અને ગુરૂના સદ્બોધક ઉપદેશને એક ચિત્તે શ્રવણ કરી, તેનું શ્રદ્ધાપૂર્વક મનન કરતો હતો. આ પ્રમાણે શ્રીચદ્ર કુમારની બાલ્યાવસ્થા ઉચ્ચ વૃત્તિ સાથે પ્રસાર થતી હતી, અને પ્રતિદિન માતા પિતાના લાલન પાલનના સુખાનુભવને સંપાદન કરતી હતી.



પ્રકરણ ૧૮ મું.

ઉદ્યાનમાં ચમત્કાર.



એક સુંદર વાટિકા વિવિધ વૃક્ષોથી વિકાશીત થઇ શોભતી હતી, આંબા, કદલી, ખજૂરી, નારંગી, શ્રીફળ, બદામ, અંજીર, અને દાડિમ વિગેરે વૃક્ષો ફળના ભારથી નમિત થઇ રહ્યા હતાં, પોતાની ઉપકારિણી ભૂમિ માતાને જાણે પ્રણામ કરતાં હોય, તેવાં તે દેખાતા હતાં આસપાસ વિવિધ જાતનાં પક્ષીઓ મધુર રવ કરી રહ્યા હતા, એક તરફ કોકિલના કલરવ થતા હતા, બીજી તરફ મનોહર કળા કરી, મયૂર પક્ષીઓ નૃત્ય કરતાં હતા, ક્યારાની શીતળતામા આવી, વિવિધ પ્રાણીઓ પોતાના પરિવાર સાથે પડયા હતા, વટ વૃક્ષની વડવાઇ સાથે ચપળ વાનરીઓ હીચકા ખાતા હતા, પોતાનાં બચ્ચાંપર અતિ વહાલ ધરતી વાનરીઓ પોતાની ઉદર શય્યામા બચ્ચાંને વળગાડી નૃત્ય કરતી હતી, મંદ, શીત અને સુગંધી પવન સુખ સ્પર્શથી સર્વને આનંદ આપતો હતો, વૃક્ષોની શાખામાથી આવી અને પલ્લવના છિદ્રમાથી પસાર થઇ, સૂર્યના કીરણો છાયારૂપે થઇ પ્રકાશ આપતાં હતા.

આ રમણીય ઉદ્યાનમાં એક આદિનાથ પ્રભુનું ચૈત્ય દેવતાઈ વિમનના જેવું શોભતું હતું. વૃક્ષોની ઘટાની બહાર તેનું સુવર્ણમય શિખર દેદીપ્યમાન દેખાતુ હતું. તેની આસપાસ આવેલી ઉચા વૃક્ષોની ઘટાની બહાર તેનું સુ વર્ણ કળશ દેદીપ્યમાન દેખાતુ હતું. તેની આસપાસ આવેલી ઉચ્ચી ધ્વજારૂપ કરથી આરિતક શાભિત શિખર ગગનની સાથે વાતો કરતુ હતું, તે ઉચી ધ્વજારૂપ કરથી આસ્તિક લોકોને દર્શન કરવાને બોલાવતુ હોય, તેમ દેખાતુ હતું. મંદિરની દિવાલો ઉપર નમુનાદાર નકશીદાર કામ કરવામા આવ્યુ હતુ. તેના ગર્ભ મંડપની અંદર નકશીદાર અને ઉત્તમ કારીગીરીનુ કામ કરવામા આવ્યુ હતુ. તેના ગર્ભ મંડપની અંદર અલૌકિક અને અતિ ઉત્તમ રતભ શ્રેણી અને પ્રતિમા ગૃહમા કરેલી સિંહાસનની રચના અલૌકિક અને અતિ ઉત્તમ શિલ્પ કળાથી પરિપૂર્ણ હતી આ સુંદર ચૈત્યની શોભા જોવાને અને તેમા વિરાજમાન પ્રભુના દર્શન કરવાને અનેક યાત્રાળુઓ આવતા હતા આપકે [illegible] પગેલા પ્રભુના દર્શન કરવાને અનેક યાત્રાળુઓ આવતા હતા [illegible] ચૈત્યની ભેટ લઇ [illegible] લેવા આવનારા ગૃહસ્થોએ ઉદ્યાનમા ફરી આ મનોહર ચૈત્યની ભેટ લઇ [illegible] [illegible]માં જતા હતા. આરાત્રિક સમયે તે મંદિરમા ઘણો ઠાઠમાઠ [illegible] આવતો હતો નોબત, વીણા, સારંગી, સીતાર અને મૃદંગના નાદ સાથે [illegible] ઉત્તમ [illegible] સંગીત [illegible] વાજા વાગતા હતા ઝાલર, ઘંટા અને તીના [illegible] મનોહર [illegible] તે વખતે [illegible] રહેતુ હતું

આ ઉદ્યાનમા એક વૃદ્ધ ગૃહસ્થ પોતાના એક બાળ પુત્રને [illegible] આવ્યો હતો ઉદ્યાનનું વિવિધ સાૈંદર્ય તેના પ્રેમપાત્ર પુત્રને દર્શાવી [illegible] [illegible]

ધવલ મંગળના મધુર ગીત પણ ગવાતાં હતાં, આગળ અનેક જાતના નટ લોકો નૃત્ય કરતા હતા, જયધ્વનિ સાથે હર્ષનો કોલાહલ થતો હતો. આ મહા સમાજની પાછળ એક પર્વતના જેવો શ્રૃંગારયુક્ત ગજેંદ્ર મંદ મદ ગતિએ આવતો હતો, તેની ઉપર પૂર્ણ ચદ્રના જેવુ છત્ર ધરવામાં આવ્યું હતું, તેની પડખે રત્નજડિત દંડવાળા ચામરો વીજાતા હતા, ગજેંદ્રની આગળ સામંત અને મંત્રીઓનો મોટો પરિવાર ચાલતો હતો, પછવાડે ગજેંદ્રોની અને અશ્વોની શ્રેણીઓ ચાલી આવતી હતી. આ સુશોભિત સ્વારી વાટિકામાં થઇ, તે ચૈત્યની આગળ આવી. બીજો સમાજ દૂર ઉભો રહ્યો. ચૈત્યથી થોડે દૂર ગજેંદ્ર ઉભો રાખી, તે ઉપરથી એક સારિકા પક્ષિણી ઉતરી, તે વખતે સર્વ લોકોએ મોટો જયધ્વનિ કર્યો. એક મહારાણીને જેવું માન મળે, તેવું એ સારિકાને માન આપવામાં આવ્યું. સારિકા ચૈત્ય દ્વારમાં થઇ, અંદર આવી. તેની સાથે બીજો પરિવાર જયનાદ કરતો અંદર પેઠો. ક્ષણ વારે તેની પાછળ સુખાસનમાંથી ઉતરી એક બીજી સ્ત્રી આવી, તે સ્ત્રીનું ઉત્તમ સૌંદર્ય હતુ.

આ દેખાવ જોઇ, પેલો વૃદ્ધ ગૃહસ્થ અને તેનો પુત્ર આશ્ચર્ય પામી ગયા. ચતુર બાળકે પિતાને પૂછ્યું, પિતાજી ! જો આજ્ઞા આપો, તો આ ચમત્કારી વૃત્તાંત જાણી મારા કૌતુકને શાંત કરૂં. પ્રિય પુત્રની ઇચ્છા પૂર્ણ કરવાને પિતા પ્રસન્ન થયો, અને તેણે પુત્રને આલિંગન કરી આજ્ઞા આપી. ચપળ કુમાર ચૈત્યમાં ગયો. જ્યાં સારિકા અને પેલી સ્ત્રી ઉભા હતાં, ત્યાં આવ્યો. પ્રેમી અને જિનભક્ત શ્રાવક કુમારે પેલી સ્ત્રીને વિનયથી કહ્યું, ભદ્રે ! આ સારિકા કોણ છે ? અને તમે કોણ છો ? આ મહોત્સવ શેનો છે ? આ જિન પ્રાસાદમાં તમે આવા મોટા આડંબરથી કેમ આવ્યાં છો ? મનોહર બાળકના પ્રશ્ન સાંભળી એ સ્ત્રી ખુશી થઇ. એ બાળકની સુંદર આકૃતિ અને ચાલાકી જોઇ, એ રમણી હૃદયમાં આનંદ પામી મધુર સ્વરે બોલી—વત્સ ! આ કુશસ્થલીના **પ્રતાપસિંહ** રાજા છે. તે હાલ રત્નપુર ઉપર વિજય કરવા ગયા છે. તેમને **સૂર્યવતી** નામે એક રાણી છે, તેની **સૈદ્રી** નામે હું દાસી છું. હું દાસી છતાં તે મહારાણી મને પોતાની સખી સમાન ગણે છે. આ સારિકા તે મહારાણીને અતિ વહાલી છે તેના માનસરૂપ માનસ સરોવરની તે રાજહંસીરૂપ છે. એ સારિકાની જન્મભૂમિ કર્કોટક નામના બેટમાં છે. એક ધનવાન વ્યાપારી તેને તે બેટમાંથી લાવેલ હતો. તે વ્યાપારી રત્નપુરનો નિવાસી હોવાથી તેણે પોતાના રાજાને તે ભેટ કરી હતી. હમણાં મહારાજા પ્રતાપસિંહે રત્નપુર તાબે કર્યું, ત્યારે તેના રાજાએ આ સારિકા મહારાજા પ્રતાપસિંહજીને ભેટ કરી હતી. થોડા સમય ઉપર અમારા મહારાણી સૂર્યવતીને તેમના પુત્રનો વિયોગ થયો છે, એ સમાચાર પત્ર દ્વારા મહારાજાના જાણવામા આવ્યા. પોતાનાં પ્રિય મહારાણીને દુઃખ થયેલુ જોઇ, એ દયાળુ મહારાજાએ આ પવિત્ર અને ચતુર સારિકા મહારાણીના આનદને માટે મોકલાવ્યા છે આ સારિકા પક્ષિણી છે, તે છતા મનુષ્ય ભાષા બોલી શકે છે. તે કાવ્ય સાહિત્યની જ્ઞાતા છે, શ્રી જિન ભગવંતે કહેલા ઉપદેશને જાણે છે, વૈરાગ્યને પુષ્ટિ કરનારી વાર્તાઓ, ગીતો અને સુભાષિતનું ઉંચુ જ્ઞાન તે ધરાવે છે. તે પવિત્ર પક્ષિણીના હૃદયમાં આર્હત ધર્મની આસ્તા ઉત્તમ પ્રકારની છે. તેમના સહવાસથી રાણી સૂર્યવતીનો બધો સમય ધર્મગોષ્ટીમાંજ પ્રસાર થાય છે, સત્સંગનો મહિમા મોટો છે, માનવ જીવનનું સાફલ્ય સત્સંગતિમાજ

કૃતાર્થ છે આ સાધ્વી સારિકાના સમાગમથી મહારાણી પુત્ર વિયોગનું દુ:ખ ભુલી ગયાં છે, પુત્રના મહા મોહથી શોક સાગરમા મગ્ન થયેલાં સૂર્યવતીબાને આ સાધ્વી સારિકાએ ખરેખરો ઉદ્ધાર કરેલો છે જ્યારથી અમારા રાજમહેલમાં આ પવિત્ર પક્ષિણીએ પ્રવેશ કરેલો છે, ત્યારથી અમારાં રાણી સાહેબના બધા દિવસો મંગળમયજ થાય છે, તેમના મહેલની દિવાલોમાં નવકાર મંત્રનાજ પ્રતિધ્વની પડે છે, મહારાણીની મનોવૃત્તિ સર્વદા સઝ્ઝાય ધ્યાનમાજ તત્પર રહે છે. જિન પ્રતિમા અને જિન વાણીના પ્રભાવનુજ ધાર્મિક તેજ અમારાં મહારાણીને પ્રકાશિત કરે છે. આ સાધ્વી સારિકાની સાથે રાણી સૂર્યવતી ત્રિકાળ દેવવંદના કરે છે, સ્નેહથી સામાયિક આચરે છે, અને પ્રેમથી પોષહ વ્રત આદરે છે, દરેક પર્વણીએ વ્રત, ઉપવાસ અને જિનભક્તિ વિશેષ કરે છે.

પૂર્વે આ સાધ્વી સારિકાએ એક વખતે કોઇ ઉત્તમ જ્ઞાની સાધુના મુખથી સાંભળેલું હતું કે, ' તુ આવતા ભવમા એક રાજપુત્રી થઇશ ' આથી તેમનામા ધાર્મિકવૃત્તિ વિશેષ પ્રગટ થઇ છે, એ પવિત્ર પક્ષિણી ઘણી તપસ્યા કરે છે, અને શરીરને મહા કષ્ટ આપે છે. અમારાં મહારાણીનો તેમના ઉપર ઘણોજ પ્રેમ છે. અતિ કષ્ટકારી તપસ્યા કરવાને તેઓ તેમને અટકાવે છે. આ સાધ્વીના શરીરને કષ્ટ થતું જોઇ મહારાણી ખેદ પામે છે, તથાપિ તે ધર્માનુરાગિણી સારિકા તપસ્યાને છોડતી નથી. થોડા દિવસ પહેલા તે પવિત્ર પક્ષિણીએ અટ્ઠાઇ ઉપવાસનો તપ કર્યો હતો. એ તપસ્યાથી સંસારમાં પુણ્યનો લાવ લેવા તેમણે અટ્ઠાઇ ઉત્સવ કરેલો છે, તે ઉત્સવને પ્રસંગે આ વરઘોડો કાઢવામાં આવ્યો છે. આ આદિનાથ પ્રભુના ચૈત્યમા વંદના કરી, પ્રભુની ભાવથી ભક્તિ કરવાને એ સાધ્વી સારિકા ગજેન્દ્ર ઉપર ચડી આવેલ છે અમારાં મહારાણીએ તે મહોત્સવમાં સંપૂર્ણ ભાગ લીધો છે. સૈંદ્રીએ કહેલી સર્વ હકીકત સાભળી એ બાળક આશ્ચર્ય પામી ગયો. તેના મનમાં ધાર્મિક ભાવના વિશેષ જાગ્રત થઇ આવી તેણે મનમા ચિંતવ્યુ કે, અહા ! પુણ્યોદયનાં કામ કેવા ચમત્કારી છે ? આ પક્ષિણી તિર્યંચની જાતિ છે, તે છતા તેનામા ધર્મ ભાવના કેવી ઉત્તમ છે ? તે પવિત્ર પક્ષીએ પુણ્યની સામગ્રી કેવી મેળવી છે ? અહા ! અર્હંત ધર્મનો પ્રભાવ કેવો ઉત્તમ છે ? ગમે તે જાતિમા રહેલ બોધિબીજ કેવાં અંકુરિત થાય છે ? ચાલ, હવે આ સારિકાની જિનભક્તિ જોઇ તે તિર્યંચ જાતિ કેવી ભાવના ભાવે છે ? પ્રભુની આગળ શું બોલે છે ? અને કેવી ધાર્મીક લાગણી દર્શાવે છે ? તે જોઇ હું મારા આત્માને કૃતાર્થ કરૂં આ પ્રમાણે ચિંતવી તે બાળક [illegible] મંડપમા જઇ એક તરફ ઉભો રહ્યો સારિકા ભક્તિ ભાવથી પ્રભુની પ્રતિમાના સન્મુખ [illegible] ઉભી રહી, પોતાની પાંખો ફફડાવી, ચાંચ નમાવી, તેણીએ અંતરના ભાવથી પ્રભુને વંદના કરી, પોતાની દ્રષ્ટિ પ્રભુની મનોહર મૂર્તિની સામે લગાડી હૃદયને [illegible] કરી, [illegible] ધી માનવ ભાષામા સ્તુતિ કરવા લાગી, [illegible] હતો વાંચનારને જિજ્ઞાસા થઇ હશે કે, [illegible] [illegible]

આ પ્રસંગે પિતા લક્ષ્મીદત્ત પોતાના ધાર્મિક કુમારને આદિશ્વર પ્રભુના ચૈત્યમાં દર્શન કરાવવાને લાવ્યો હતો. પુત્રનાં પરિણામ પ્રતિદિન વધતાં થવાને પિતાની અભિલાષા હતી, તે પ્રસગે અહીં આ સારિકાનો ચમત્કારી વૃત્તાત બની આવ્યો હતો

શ્રીચંદ્રકુમાર સાંભળતાં સારિકાએ મધુર એવી માનવી ભાષામા આ પ્રમાણે સ્તુતિ કરવા માંડી.—

" * નમો નમો શ્રી આદિ જીણંદને, કરતી ત્રિવિધ પ્રણામ,
" પચાભિગમે નમન કરતી, કેવળ જ્ઞાની નામ, ભાલે ધરી લલામ;
" પ્રભુજી પ્યારારે, પુણ્ય થકી મેં દીઠા;
" પ્રાણ આધારારે, સરસ સુધાથી મીઠા. એ—આંકણી. ૧

" રાજ પુરૂષ ઉપયોગ કરાવે કોલાહલને શમાવે;
" સાચી વાણીએ ભાવના ભાવે, સહુને અચરત થાવે,
વાજીત્ર નાદ વજાવે. પ્રભુ. ૨

" હુ તો કાબરી બાબર દ્વીપની, સાસ ભરી એ દેહી;
" સ્વામી બરાબર કો નહીં દીઠો, તુંહી અનેહી૧ અદેહી ૨ પ્રભુ. ૩

" તું નિષ્કલંક અને નિર્મોહી, તું અદ્રોહી ઉદાસી;
" મારા મન માંહેથી કેણીપરે, કહો હવે કેમ ફરી જાસી. પ્રભુ. ૪

" જેમ પંકજમા૩ મધુકર૪ પેસે, તેમ મનકજમાં૫ પેઠો;
" તુમ દર્શન પામી નવિ હરખે, તે નિગુણો ને ધીઠો.૬ પ્રભુ ૫

" હુ તિર્યંચણી ને વળી પખણી, લાખેણી તુમ સેવા;
" પામીએ તો એ અનુપમ ભાગ્યે, જિમ ભુખ્યા વરમેવા. પ્રભુ ૬

" ભવ ભવ તારી આજ્ઞા૭ સુરગવી, હોજો અવિચલ ભાવે;
" તેહથી ગોરસ૮ સમકિત સુધુ, જ્ઞાનને ચરણ૯ જમાવે. પ્રભુ. ૭

" જેમ ઘૃત આપ સ્વભાવે નિર્મળ, રસ શોધ્યો કહ્યો ન જાવે;
" તેમ તુમ હેતે નિજ સ્વરૂપ તે, નિરાવરણ પ્રગટાવે. પ્રભુ, ૮

---

* આ સ્તુતિ અસલ પુસ્તકમાથી લીધેલી છે. રાગ કાફી રાગમાં ગવાય છે. " હરીએ આપીરે વૃંદાવનમા માળ "—એ દેશી.

૧ સ્નેહ વિનાના—રાગ રહિત—વિતરાગ ૨ નિરાકાર. ૩ કમળમાં. ૪ ભમરો. ૫ મનરૂપ કમળમાં ૬ નિર્લજ્જ. ૭ તમારી આજ્ઞારૂપ કામધેનુ. ૮ તે કામધેનુનુ ગોરસરૂપ સમકિત છે. ૯ ચારિત્ર.

" ઇંદ્ર અનંતા જો સમકાળે, ભક્તિ કરે જો કરોડી,
" તોપણ પ્રભુ ગુણ સંમતા નાવે, તો હું તીર્યંચણી કેહી   પ્રભુ ૯

" સારિકા એણીપરે આદિ દેવની ગુણ સ્તુતિ કરવા લાગી
" સહુ પ્રસંગે જુઓ એ અચરિજ, જ્ઞાન વિમળ મતિ જાગી   પ્રભુ ૧૦

આ પ્રમાણે મધુર કંઠથી સારિકાએ પ્રભુની સ્તુતિ કરી, તેના મધુર ધ્વનિથી ગર્ભ મંડપ ગાજી ઉઠ્યો, સર્વ શ્રોતાઓના હૃદયમાં તેણીએ ભક્તિ ભાવના જાગ્રત કરી દીધી, અર્હંતના સ્તવનમય સંગીતથી સર્વ જન સમાજ સ્તબ્ધ થઇ ગયો, વાટિકાની રમણીય ભૂમિમાં તેના પ્રતિધ્વનિ પડયા, વૃક્ષોની ઘટામાં પક્ષીઓ શાંત થઇ, તેને સાંભળવા લાગ્યા, પોતાની જાતિનું તેમને અભિમાન થયું હોય, તેમ તેઓ પરમ આનંદને પ્રાપ્ત થઇ ગયા, સારિકાના સુંદર સુસ્વરથી આકર્ષાયેલા મૃગલાઓના વૃંદ ચૈત્ય ભૂમિની આગળ એકઠા થઇ ગયા, ઉદ્યાનમાં સર્વ સ્થળે શાંત રસને આપનારી શાંતિ પ્રસરી ગઇ. લક્ષ્મીદત્ત શેઠ અને તેનો પુત્ર શ્રીચંદ્રકુમાર ભક્તિ રસમાં મગ્ન થઇ ગયા, સારિકાના સ્તવનથી તેઓ સાનંદાશ્ચર્ય થઇ, પરમાત્માની સાથે એકતાન થઇ ગયા, તેમની નિર્મળ મનોવૃત્તિ શુભ પરિણામના શિખર ઉપર આરૂઢ થઇ

સ્તવન કર્યા પછી સારિકા એક વાપિકામાં સ્નાન કરી આવી. પછી પોતાની ચંચુ શુદ્ધ કરી, મુક્તાફળના આઠ મંગળ તેણે પૂરી દીધા, તે પુષ્પના પગર ભરવા લાગી, ધુપ દીપના પાત્ર સજ્જ કરી દીધા, પછી સારિકાએ અંબર અને કસ્તુરી મિશ્ર પવિત્ર જળથી પ્રભુને સ્નાન કરાવ્યું, પ્રભુની પવિત્ર પ્રતિમાને નિર્મળ કરી, પોતે કર્મમળથી નિર્મળ થઇ, જન્મ, જરા અને મરણરૂપ રજ દૂર કરવામાં આવી. સર્વમાં પ્રવીણ એ પક્ષિણીએ પૂજા ભણી, ચડતા પરિણામ પ્રગટ કર્યા, પૂજા સમાપ્ત કરી પ્રભુના મનોહર મુખ સામું જોઇ તેણે ઘણા પ્રણામ કર્યા. સારિકાની આ [illegible] જોઇ, શ્રીચંદ્રકુમાર ચકિત થઇ ગયો. તે માનવ જીવનની [illegible] જીવનને [illegible], માનવીનો જન્મ તિર્યંચથી ઉત્તમ [illegible] [illegible]

પ્રકરણ ૧૯ મું.

નિદાન અથવા નિયાણું.



સારિકા પ્રભુની સર્વ પ્રકારની ભક્તિ કરી નિવૃત્ત થઇ, પ્રેમપૂર્વક પ્રણામ કરતી પાછી હઠવા લાગી અત્યાર સુધી નિર્નિમેષ દ્રષ્ટિથી તેણીએ સર્વ ક્રિયા કરી હતી, હવે તેણીની દ્રષ્ટિ પ્રતિમાના ધ્યાનથી નિવૃત્ત થઇ હતી જ્યા એક તરફ જોયું, ત્યા શ્રીચંદ્રકુમાર તેણીની દ્રષ્ટિએ પડ્યો કુમારના સૌંદર્યે તેની દ્રષ્ટિને આકર્ષી, અકસ્માત્ તેના નિર્મોહ હૃદયમા મોહનો ઉદય થઇ આવ્યો, ધર્મ ભાવનામા ભવ ભાવના જાગ્રત થઇ. તેણે વિચાર્યું, આ સુંદર કુમાર કોણ હશે ? તેનુ મનોહર મુખ, વિશાળ લોચન, શુક સમાન નાસિકા, બિંબ તુલ્ય હોઠ, ગુલાબી ચહેરો, આજાનુ ભુજા, ભ્રમરવત્ શ્યામ અને વાંકડીઆ કેશ, નમણા પગ અને મરોડદાર સર્વ અવયવે સરખી આકૃતિ મને મોહ ઉપજાવે છે આ બાળકનું તારૂણ્ય કેવુ સુંદર થશે ? ગમે તે જાતિનો એ બાળક હોય, પણ તે સર્વોત્તમ છે તેનાં શારીરિક લક્ષણો ધર્મ ભાવનાને પણ સૂચવે છે. આવુ વિચારીતે સારિકાની પરિણતિ બદલાઇ ગઇ

કર્મની ગતિ વિચિત્ર છે, શુભાશુભ કર્મ ક્ષણે ક્ષણે અને સમયે સમયે વિવિધ પરિણતિ બંધાવે છે કર્મની પ્રકૃતિઓ પ્રાણીને વિવિધ સ્થિતિમા મુકી દે છે, ઉચ્ચ ભાવનામાંથી ક્ષણવારમાં નીચ ભાવનામાં લાવે છે, ચડતા પરિણામમા આવેલા જીવનને અવનતિને માર્ગે દોરે છે કર્મની જાળ *ઉર્ણનાભિની જેમ પામર પ્રાણીને ગુંચવણમાં નાખી દે છે, કર્મરૂપ પ્રચંડ ગદકાક પ્રાણીને ભૂતલ ઉપર ભમાવી પાડે છે, કર્મરૂપ મહાસાગરના મોજામા સપડાએલો જીવાત્મા અનેક વિટંબનાને અનુભવે છે, કર્મની મહાન્ શક્તિ અનંત અને અનિવાર્ય છે, એ મહા શક્તિને પરાભવ કરનાર કોઇ વિરલાજ હોય છે આ ભવરૂપ રણ ભૂમિમાં કર્મરૂપ મહાન્ યોદ્ધાની સાથે યુદ્ધ કરનાર વીર પુરૂષોને જન્મ આપનારી વીર માતાઓ થોડી છે તેવા વીર નરોથીજ આ ભૂમિ વીરવતી, ધર્મવતી, અને પ્રભાવવતી છે

એવી કર્મની અચિંત્ય શક્તિએ સારિકાને પરાસ્ત કરી દીધી. તે પક્ષિણી શ્રીચંદ્રના મોહમા સપડાઇ ગઇ, તત્કાળ પાછી પ્રભુની સન્મુખ થઇ, ઉંચે સ્વરે બોલી—હે સર્વ કામ પૂરક પ્રભુ ! હે દેવાધિદેવ ! જો મે કાઇ પણ ધર્મ આરાધ્યો હોય, તો પુર્વ ભવે આ સુંદર કુમાર મારો ભર્ત્તા થજો, તે સાથે વળી તમે દેવ, નિર્ગ્રંથ મુનિ, ગુરૂ, અને અહિંસા લક્ષણ ધર્મ મને પ્રાપ્ત થજો આ પ્રમાણે કહી સારિકાએ પ્રભુના ચરણ આગળ સાગારી અનશન ગ્રહણ કર્યું.

પક્ષિણીનુ આવું નિદાન-નિયાણુ સાંભળી, શ્રીચંદ્રકુમાર વિચારમા પડ્યો તેના મનમા આવ્યું કે, 'આ સારિકાએ શુ કર્યું ? તેણીએ આખરે પોતાનું નિર્બળપણુ બતાવ્યુ

---

* ઊર્ણનાભિ=કરોળીઓ

નિયાણાથી પ્રાણી ચાર ગતિના વમળમાં પડી અથડાય છે, અને શુભ નિયાણાથી પ્રાણી ધર્મસામગ્રી સંપાદન કરે છે.

સારિકાનુ આવુ ભાષણ સાંભળી શ્રીચંદ્રકુમાર ખુશી થયો. તેણીનો ઉત્તમ બોધ અને વાક્ચાતુર્ય જોઈ તેનુ હૃદય આનંદ સાથે ચમત્કાર પામી ગયુ તેમા મનમાં આવ્યુ કે, આ પક્ષિણી ખરેખરી ધર્મના રહસ્યને જાણનારી છે. એના હૃદય કમળમા સ્યાદ્વાદ મતનો ઉત્તમ સિદ્ધાંત ઠસી ગયો છે. આ પક્ષિણીનુ પાંડિત્ય પૂર્ણ રીતે પ્રકાશિત છે. ભારતવર્ષમાં આવા સુબોધી પક્ષીઓ પ્રત્યેક સ્થાને રહેતા હોય, તો કેટલો બધો લાભ થાય ? રાણી સૂર્યવતીને પણ ધન્ય છે કે, જેના સહવાસમા આવા પક્ષીને સતત્ રહેવાનુ છે. મહારાજા પ્રતાપસિંહે આવી ઉત્તમ ભેટ મોકલી પોતાની પ્રિયાનો મોટો ઉપકાર કરેલો છે શ્રીચંદ્રકુમાર આવુ ચિંતવતો હતો, ત્યા સૈરંધ્રીએ આવી ખબર આપ્યા કે, પંડિતા સારિકા ! જુઓ, આ મહારાણી સૂર્યવતી અહી આવે છે સારિકાએ પ્રેમથી અવલોકન કર્યું સૂર્યવતી તે સ્થળે આવી પહોચ્યા. સારિકાને ઉદ્દેશી મહારાણી બોલ્યા— પ્રિય બેન ! શાતા છે ? કેમ વિલબ થયો ? તમારા શિવાય મને એક ક્ષણવાર પણ મહેલમાં ગમ્યુ નહિ. એટલે રથ જોડાવી તમારી પાછળ હુ અહી આવી છુ ચાલો, સત્વર કરો તમારૂ શરીર તપસ્યાથી દુર્બળ છે, મહેલમા આવી ક્ષણવાર શાતા મેળવો સૂર્યવતી એમ કહેતાં હતા, ત્યા વચ્ચે સૈરંધ્રી બોલી ઉઠી—બા સાહેબ ! તમે સાંભળી નારાજ ન થાઓ, તો એક બીજી વાત નિવેદન કરૂ. આ સારિકાએ પાછુ બીજું સાહસ કર્યું છે તે સાંભળી સૂર્યવતી ચમકીને બોલી—સખી ! કહે, વળી શુ કર્યું છે ? સૈરંધ્રી બોલી—જુઓ, જે આ સુંદર કુમાર ઉભા છે, તેમને જોઇ સારિકાને મોહ ઉત્પન્ન થઇ આવ્યો પ્રભુની ભક્તિ પ્રેમ ભાવથી કર્યા પછી તેઓએ પ્રભુની સન્મુખ અનશન કરી નિયાણુ કર્યું કે, જો હુ આવતે ભવે રાજકુમારી થાઉં, તો આ સુંદર કુમાર મારા પતિ થજો, અને તે ભવમાં અર્હંત દેવ, સંયમશીળ મુનિ ગુરૂ, અને અહિંસા લક્ષણ ધર્મ મને પ્રાપ્ત થજો આ સાંભળતાંજ સૂર્યવતીને લાગી આવ્યું તે બોલી—અરે સારિકા ! તેં આવુ સાહસ કેમ કર્યું ? અનશનના પચ્ચખ્ખાણનુ કાર્ય અતિ દુષ્કર છે બેન ! આ તપસ્યામા તારા જીવનનો છેડો છે આવુ મહા દુષ્કર વ્રત લેવુ ન હતુ. પક્ષીની જાત સુકોમળ હોય છે, પ્રથમથી તે તારૂં શરીર તપના કષ્ટથી ગાળી નાખ્યુ છે હવે આ અનશન તારા શરીરનો અંત લાવશે. સખી ! તારો વિયોગ મારાથી સહન થઇ શકશે નહિ તારા વિના મારૂ જીવન ભારરૂપ થઇ પડશે અઠ્ઠાઇ તપનુ પારણુ કરી તારે તો મને આનંદ આપવો હતો હવે કૃપા કરી તે વ્રત છોડી દે. મારા જીવનને ધર્મમય [illegible] તારો ઉપકાર માનીશ જિન શાસનમા કહ્યુ છે કે, આયુષ્યનુ માન જાણ્યા વિના અનશન વ્રત કરવુ ન જોઇએ. તું તારા આયુષ્યનુ માન જાણતી નથી, તે વિષે [illegible] તેં [illegible] કરી નથી વળી તુ પરાધીન જાત છુ. તને વ્રત છોડવામા એવો મહાન દોષ લાગશે નહિ બેન ! અમારૂ વચન માન્ય કર જો હઠ કે આગ્રહ ન રાખ, તેથીજ [illegible] છે

સૂર્યવતીનાં આવા વચન સાભળી સારિકા બોલી—મહાદેવી ! આ શુ બોલો છો ? શુદ્ધ મન, વચન અને કાયાથી પ્રભુની આગળ જે મેં પ્રતિજ્ઞા લીધી છે, તે હું શી રીતે છોડુ ? જ્ઞાનીનાં એવાં પણ વચન છે કે, ' કાઇ પણ જાણવામાં આવ્યું હોય તો, સમયને અનુસારે અનશનવ્રત ગ્રહણ કરાય છે. " મહાદેવી ! હવે આગ્રહ કરશો નહીં, ધર્મ ધ્યાનમા તત્પર રહેજો જે કાઇ સ્વભાવને લઇ કીધું હોય, તે મિથ્યા દુષ્કૃત્ય કરજો છેવટ એટલું કહેવાનું કે, આ તેજસ્વી કુમાર જે તમારી પાસે ઉભા છે, તેમનો સદા સત્સંગ રાખજો. એ મહાનુભાવ બાળક છે, તે છતા જ્ઞાનવૃદ્ધ છે, તેમના પવિત્ર સમાગમથી તમને ઘણો લાભ થશે. સારિકાના વચન સાભળી, સૂર્યવતીએ શ્રીચંદ્રની સામુ જોયુ. કુમારનુ તેજ, લાલિત્ય અને લક્ષણ જોઇ, તે ચમત્કાર પામી ગઇ, તેના અવલોકનથી સૂર્યવતીને પોતાનો ગર્ભ થએલો કુમાર સાભરી આવ્યો, નયનમાથી અશ્રુધારા ચાલવા લાગી ગોત્ર દેવીએ કહેલી વર્ષની અવધિ તે ગણવા લાગી ગણતા ગણતા શ્રીચંદ્રકુમારના જેટલું વય ગણત્રીમા આવ્યુ પોતાનો કુમાર પણ આવો, અને આટલી વયનોજ હશે, એમ તે માનવા લાગી—એક દ્રષ્ટિએ કુમારની સામે ક્ષણ વાર જોઇ, સૂર્યવતી બોલી—સારિકા ! આ કુમાર કોના છે ? અને અહીં ક્યાંથી આવ્યા છે ? સારિકાએ કહ્યુ, પ્રિયબેન ! તમારા નગરમા લક્ષ્મીદત્ત નામે જે પ્રખ્યાત શેઠી છે, તેના એ પુત્ર છે જુવો, તેમના પિતા પણ અહીં બારણે જ ઉભા છે તે જાણી સૂર્યવતીએ કુમારને કહ્યુ, ભદ્ર ! સારિકાએ તમારી ઓળખાણ આપી, તેથી હુ તેનો ઉપકાર માનું છુ હવેથી કૃપા કરી મારા મહેલમા આવતા રહેજો તમારા જેવા ધાર્મિક જનથી મને ઘણોજ લાભ થશે. જિન વાણી, જિન મત અને જિન ધર્મની ગોષ્ઠી કરવામાજ મારો સમય જાય છે એ ઉપકાર આ પરમ સાધ્વી સારિકાનોજ છે સૂર્યવતીના આ વચન સાભળી કુમારે તે વાત અંગીકાર કરી, અને મહારાણી સૂર્યવતીના સમાગમને માટે સારિકાનો મોટો ઉપકાર માન્યો હવે પંડિતા સારિકાએ તત્કાળ [illegible] તની [illegible] ભાવના [illegible] ધરી, તે ભાવનામા તે પંડિતા [illegible] તિ [illegible], સૂર્યવતીને શોક થઇ આવ્યો પોતાની [illegible] તેની માટે તેણે ઘણો [illegible] પોતાના [illegible] તે [illegible] માનવા લાગી [illegible] શ્રીચંદ્રકુમાર અને [illegible] તેના મનને [illegible] શાંતિ મળી [illegible]

[illegible]

સંભારી સંભારી રૂદન કરતી સૂર્યવતીને શ્રીચંદ્રે બોધના જુદાજુદા શબ્દોથી ખુશી કરી દીધી. સૈંદ્રી વિગેરે જે સારિકાના સહવાસી હતા, તેઓને પણ શ્રીચંદ્રે શોક રહિત કરી દીધા શ્રીચંદ્રકુમારના કહેવાથી રાણી સૂર્યવતીએ સ્નેહથી સારિકાના મૃત શરીરને ચંદન કાષ્ટથી સંસ્કૃત કર્યું, અને તેની પૂર્ણ શ્રદ્ધાથી તેની સર્વ જાતની ઉત્તર ક્રિયા સંપાદન કરી.

આ બધો વૃત્તાંત નજરે જોઇ લક્ષ્મીદત્ત શેઠ ચમત્કાર પામી ગયો હતો. સારિકાની સાથે પોતાના પુત્રની વાતચિત ઉપરથી તેને ઘણોજ હર્ષ થયો હતો પુત્રની બાલ્યવયમાં આવી શક્તિ જોઇ, તે પોતાના આત્માને કૃતાર્થ માનતો હતો. આ વૃત્તાંત શેઠના મુખથી જાણી, શ્રાવિકા લક્ષ્મીવતીને, પણ અપાર આનંદ થયો હતો, જ્યારથી સારિકા સંબંધી વૃત્તાંત ઉદ્યાનમાં બન્યો, ત્યારથી રાણી સૂર્યવતી શ્રીચંદ્રકુમારને પોતાના મહેલમા પ્રતિદિન બોલાવતી હતી શ્રીચંદ્ર, અને સૂર્યવતીનો માતા પુત્રનો સંબંધ પરસ્પર અજ્ઞાત હતો. સ્વાભાવિક રીતે સૂર્યવતીને શ્રીચંદ્ર ઉપર પુત્ર વાત્સલ્ય પ્રગટ થતું, પણ તે પડદામાં હતું શ્રીચંદ્રકુમાર પણ સૂર્યવતીને માતૃ દ્રષ્ટિથી જોતો હતો, પણ અંતરનો ભેદ પ્રગટ થયેલો નહોતો. શ્રીચંદ્રકુમાર પ્રતિદિન પોતાના માતાપિતાની આગળ સૂર્યવતીની પ્રશંસા કરતો, અને મહારાણીના સમાગમનું કારણરૂપ બનેલી સારિકાનો તે અંતરથી આભાર માનતો હતો. સારિકાએ કરેલા નિયાણાની વાર્તા કુશસ્થલીમાં ઘેર ઘેર ચાલી, અને છેવટે રત્નપુરના મહાસાગરના તીર ઉપર પડાવ કરી રહેલા મહારાજા પ્રતાપસિંહના કાન સુધી પણ પહોંચી હતી, ધાર્મિ શિરોમણિ પ્રતાપસિંહે ક્ષણવાર શોક કરી તેની અનુમોદના કરી હતી.

પ્રકરણ ૨૦ મું.

વિદ્યાગ્રહમાં નિવાસ.



કુશસ્થલી નગરીથી થોડે દૂર **લક્ષ્મીપુર** નામે એક નાનું ગામડું હતું, તેની આસપાસ સુંદર જલાશય, અને વૃક્ષોની ઘટાવાળી નાની નાની વાટિકાઓ આવેલી હતી, ગામમા વસ્તી અલ્પ હતી થોડા એક કૃષિકાર રહેતા હતા, તેઓ એ વાટિકાઓમાથી પોતાનો નિર્વાહ ચલાવતા હતા. તેની ભૂમી રસાળ હોવાથી અનેક જાતના ફળ પુષ્પ ત્યાં થતાં હતાં, તેની આસપાસનો કુદરતી દેખાવ દ્રષ્ટાને આનંદ આપે તેવો હતો કુશસ્થલીના રસિલા અને શોખી ગ્રહસ્થો, કોઇ મહોત્સવને દિવસે તે પ્રદેશમા આનંદ લેવાને આવતા હતા. રાજા પ્રતાપસિંહના પિતાની સંમતથી લક્ષ્મીદત્ત શેઠે પોતાના નામથી અંકિત કરી, એ ગામ વસાવ્યું હતું, તેની ઉપર સર્વ જાતની સત્તા એ શેઠની હતી લક્ષ્મીદત્તે તે ગામમાં એક જિન ચૈત્ય અને સુંદર મહેલ બંધાવ્યા હતા વસ્તી અલ્પ હોવાથી ત્યા શાન્તિ ઘણી લાગતી હતી. લોકોનો કોલાહલ, કે વ્યવહારની ધમાલ ન હોવાથી તે સ્થળ એકાંત જેવું હતું. વ્યવહાર તથા સંસારના

કરેથી કરમાઈ ગયેલા લોકોને તે ઉત્તમ પ્રકારની શાન્તિ આપતું હતું. આ સ્થળે વિવેકી લક્ષ્મીદત્તે પોતાના શ્રીચંદ્ર કુમારને વિદ્યાભ્યાસ કરવાને રાખ્યો હતો, તેને અભ્યાસ કરાવવાને માટે ગુણંધર નામના એક ઉપાધ્યાયને રોકવામાં આવ્યા હતા. તે ઉપાધ્યાય ઘણી વિદ્યાઓમાં અને કળાઓમાં પ્રવીણ હતા, નીતિ શાસ્ત્રના જાણ હતા. શાસ્ત્રમાં જે ગુણ શિક્ષકના કહેલા છે, તે બધા ગુણ તેનામાં આવી વસેલા હતા. જે શાન્ત હોય, નીતિમાં કુશલ હોય, વૃદ્ધ પરંપરાએ આવેલ હોય, નિર્લોભી હોય, ગુણનો નિધિ હોય, વિષય તથા પ્રમાદને સેવનાર ન હોય, અને ન્યાયને પગલે ચાલનાર હોય, તે **પાઠક** કહેવાય. એ શાસ્ત્ર કથિત સર્વ લક્ષણ ગુણંધર ઉપાધ્યાયમાં પ્રત્યક્ષ દેખાતા હતા. બીજાના ચિત્તને જાણનાર જે પૂર્વે ચાર પુરુષો વખણાઈ ગયા છે, તેમના પણ એ ગુરૂ હતા. તેઓ જૈન ધર્મના ઉત્તમ ઉપાસક હતા.

પ્રથમ જ્યારે લક્ષ્મીદત્ત શેઠે એ ગુણંધર ઉપાધ્યાયને પોતાને ઘેર નિમંત્રણ કરી બોલાવેલ, તે વખતે એ વિદ્વાન્ શિક્ષકે પોતાના શિક્ષકપણાના ગુણ સારી રીતે બતાવી દીધા હતા. શેઠે તેની પહેલી મુલાકાત લીધી, ત્યારે તે શિક્ષક શિરોમણિએ આ પ્રમાણે કહ્યું હતું. "શ્રેષ્ઠિવર્ય! તમારા પુત્રને જોઈ મને ઘણો આનંદ થાય છે, તેનામાં વિનય ગુણ સંપાદન દેખાઈ આવે છે. જુઓ, પ્રથમ તેણે આવી મારા ચરણમાં પ્રણામ કરી પછી તરત પોતાને યોગ્ય એવું આસન ગ્રહણ કર્યું. કેવો તેનો ઉત્તમ વિનય છે? [illegible] તેની શાંત મુખમુદ્રા ઉપર સત્યપણાનાં સર્વ લક્ષણ દેખાય છે, આ કુમારને જોઈ મારું મન ઘણું પ્રસન્ન થયું છે. [illegible] તમારી પાસેથી [illegible] નથી. [illegible] ઉત્તમ [illegible] નથી. હું સર્વ રીતે નિઃસ્પૃહ છું, [illegible] તેના ઉપર મને ઘણી પ્રીતિ છે. [illegible] એ સર્વથી ઉત્તમ ગુણ છે. [illegible] બીજા ગુણો [illegible] વિનયથી [illegible] મહાન ગુણ [illegible] વિદ્યા ગ્રહણ કરવાના ત્રણ પ્રકાર છે [illegible] [illegible]

[illegible]

વય પણ સમાન હતી શ્રીચંદ્ર ગુણચંદ્રના ચિત્તનો, અને ગુણચંદ્ર શ્રીચંદ્રના ચિત્તનો ચોર હતો, નખ અને માસની જેમ તેઓ ક્ષણવાર પણ અળગા રહી શકતા નહતા બંનેનો જીવ એક હતો, માત્ર દેહજ જુદા હતા ગુણચંદ્રનો પિતા સુધીગજ પોતાના પુત્રને શ્રીચંદ્રનો સહવાસ થવાથી ઘણોજ ખુશી થતો હતો, તેથી તેણે પોતાના પુત્ર ગુણચંદ્રને શ્રીચંદ્રની સાથે લક્ષ્મીપુરના વિદ્યાગૃહમા અભ્યાસ કરવાને રાખ્યો હતો. બંને મિત્રો આનંદ પૂર્વક વિદ્યાભ્યાસ કરતા હતા, તેમને જે જે પદાર્થ જોઇએ, તે તે પદાર્થ લક્ષ્મીદત્ત શેઠ ત્યાં મોકલાવતો હતો તે સ્થળે વિદ્યાગૃહની નજીક પાકશાળા, સ્નાનશાળા, પૂજાગૃહ, પુસ્તકાલય, અને વ્યાયામશાળા વિગેરે સર્વ સામગ્રી ગોઠવવામા આવી હતી કોઇ કોઇ વાર લક્ષ્મીદત્ત શેઠ પુત્રને મળવા રથમાં બેશી આવતો, અને કોઇ નિમિત્તે શ્રીચંદ્રને કુશસ્થળીમા પણ બોલાવતો હતો. શિક્ષા ગુરૂ ગુણધર જે કહે તેમ લક્ષ્મીદત્ત તત્કાળ કરતો હતો. જ્યારે વિદ્યા ગૃહ સ્થાપવામા આવ્યુ, ત્યારે શિક્ષક શિરોમણિ ગુણધરે કહ્યુ હતું કે, શેઠજી ! અભ્યાસને માટે યોગ્ય વિદ્યાગૃહ કરવામાં પાચ બાહેરનાં અને પાચ અંતરનાં એમ દશ * સાધનો રાખવાં જોઇએ. ૧ આચાર્ય, ૨ પુસ્તક, ૩ નિવાસ, ૪ સહાય, અને ૫ ભોજન. એ પાચ બાહેરનાં અને ૧ આરોગ્ય, ૨ બુદ્ધિ, ૩ વિનય, ૪ ઉદ્યમ, અને ૫ શાસ્ત્ર પ્રીતિ એ પાંચ અંતરનાં એ દશ સાધન કહેવાય છે. આવા સાધનોની પૂર્ણ સામગ્રી, હોય તો, સંપૂર્ણ વિદ્યા પ્રાપ્ત કરાય છે. જ્યારે શ્રીચંદ્રને વિદ્યા ગૃહમા પ્રવેશ કરાવ્યો, ત્યારે વિદ્યા ગુરૂ ગુણધરના કહેવા પ્રમાણે શુભ મુહુર્ત; શુભ ચંદ્રયોગ, અને લગ્ન બળ જોવામા આવ્યા હતા લેખશાળામા પ્રવેશ કરવાનો મહોત્સવ એ શ્રદ્ધાળુ શેઠે મોટા ઠાઠમાઠથી કર્યો હતો.

શ્રીચંદ્ર અને ગુણચંદ્ર બંને વિદ્યાગૃહમાં સાથે રહેતા હતા ઉપાધ્યાયની આજ્ઞામા રહી નિત્યના નિયમ પ્રમાણે ચાલતા હતા ગુણચંદ્રના કરતા શ્રીચંદ્રકુમાર બુદ્ધિબળમા ઘણોજ ચડીઆતો હતો ઓંકારથી માંડી સર્વ વર્ણ જ્ઞાન મેળવી શ્રીચંદ્રે અનુક્રમે શાસ્ત્રીય જ્ઞાનમાં પ્રવેશ કરવા માંડ્યો. વ્યાકરણ, ન્યાય, કાવ્ય, અલંકાર, જ્યોતિષ, છંદ, ગણિત [illegible], લક્ષણ શાસ્ત્ર, સામુદ્રિક અને વાસ્તુ શાસ્ત્રમા તે પ્રવીણ થઇ ગયો. ઘણી કળાઓ તેણે સંપાદન કરી લીધી. રત્નમંજરી, શૃંગાર, શાલિહોત્ર, (અશ્વ પરીક્ષા) આયુર્વેદ, અને તેના છ અંગમા તે કુશળ થયો જ્યોતિષમા હોરા, લગ્ન, નાડી વિગેરે તથા સ્વરોદય, [illegible], શિલ્પવિદ્યા, પિંગળ, નાટ્ય શાસ્ત્ર, અને અક્ષર ગણિત તેણે હાથ કરી લીધાં, લેખન, ગ્રથન વિગેરે અનેક કળાઓ તેણે પ્રાપ્ત કરી, તે સાથે ગુણચંદ્ર પણ તેની બુદ્ધિની શક્તિ પ્રમાણે શીખી ગયો શ્રીચંદ્રકુમારની પૂર્ણ વિદ્વતા જોઇ આ ગુણધર [illegible], અને પોતાની વિદ્યા અને કળા એક ઉત્તમ પાત્રમા પ્રાપ્ત થઇ તેને

---

* તે [illegible] છે— " आचार्य पुस्तक निवास सहाय भोजनं बाह्याश्च [illegible] पठन परिवर्द्धयन्ति । आरोग्य बुद्धि विनयोद्यम [illegible]: पंचांतराः पठनसिद्धिकरा भवंति " ॥ १ ॥

માટે તેને પ્રતિક્ષણ આનંદ આવતો હતો કોઇ વાર શ્રીચંદ્રની પરીક્ષા કરવાને તે ઘણા કઠિન પ્રશ્નો કરતો, પણ શ્રીચંદ્ર પોતાના ચાતુર્યથી તેનું ઉત્તમ પ્રકારે સમાધાન કરતો હતો કોઇ વાર શ્રીચંદ્ર તર્ક કરી પોતાના વિદ્યાગુરુને એવા પ્રશ્ન પુછતો કે, જેનો પ્રત્યુત્તર કરવામા ઉપાધ્યાયને પણ પૂર્ણ વિચાર કરવો પડતો હતો

એક વખતે ઉપાધ્યાય ગુણધરે શ્રીચંદ્રકુમારને બોલાવી આ પ્રમાણે કહ્યું, વત્સ ! મારી પાસે જે વિદ્યા અને કળા હતી, તે બધી તેં યથાર્થ રીતે શીખી લીધી છે. હવે તારી છાત્રાવસ્થા સમાપ્ત થઇ છે, ગૃહસ્થાવાસમા પ્રવેશ કરવાનો સમય તને પ્રાપ્ત થયો છે, અને મે મારો શિક્ષક ધર્મ બજાવી લીધો છે, તેથી હવે હુ તને તારા પિતાને સોંપી, મારા સ્વસ્થાન પ્રત્યે જવાને ઇચ્છા રાખુ છુ વત્સ ! છેવટે મારી એટલી શિક્ષા સ્મરણમાં રાખજે લક્ષ્મીમદ, વીર્યમદ, યૌવનમદ અને વિદ્યામદ—એ ચાર જાતના મદ કહેવાય છે. તે મદની મલિનતાથી વિદ્યા વિગેરે ગુણો મલિન થઇ જાય છે. તો તારે એ ચાર પ્રકારના મદથી સર્વથા દૂર રહેવું પૂર્વના પુણ્યથી તારામા વિનય ગુણે પ્રથમથીજ વાસ કરેલો છે, એ તારા સદ્ભાગ્યની નિશાની છે એ મહાન્ ગુણને તુ કદિ પણ છોડીશ નહી શ્રાવક ધર્મને તુ સારી રીતે જાણે છે, શ્રાવકના સદાચારનો તુ પૂર્ણ અભ્યાસી છું. એ સદાચાર પ્રમાણે સદા પ્રવર્તન કરજે, વડિલ-પૂજ્ય જનની સેવા કરજે, અને અનન્ય [illegible] આર્હત ધર્મની ઉપાસના કરજે, આ પ્રમાણે વર્તવાથી ધાર્મિક અને સાંસારિક ઉન્નતિ તને પ્રાપ્ત થશે વત્સ ! હવે તારાથી જુદો પડીશ [illegible] તારા જેવા વિનયી [illegible] જુદા પડતા મને ગ્લાનિ આવે છે એમ કહી ઉપાધ્યાયે શ્રીચંદ્રને [illegible]


પોતાના વિદ્યાગુરુના આ વચન સાંભળી શ્રીચંદ્રકુમારના મુખ ઉપર [illegible] છાયા પ્રસરી ગઇ આવા મહોપકારી ઉપાધ્યાયનો વિયોગ તેને [illegible] નેત્રમાંથી અશ્રુની ધારા ચાલી, કંઠ રુંધાઇ ગયો તે વિશેષ [illegible] છેવટે ઘણા પ્રયત્નથી આ પ્રમાણે બોલ્યો—મહોપકારી [illegible] ગુરુ ! [illegible] ની ઉપર જે ઉપકાર કર્યો છે, તેનો બદલો વાળવાને હું કોઇ રીતે પણ સમર્થ થઇ શકુ તેમ નથી [illegible] અને આપે સુધારી [illegible] ઉત્તમ [illegible] માર્ગ ઉપર મને ચડાવ્યો છે [illegible] છે, તે આપનો જેવો તેવો ઉપકાર નથી આપે [illegible] આત્માને જ્ઞાન માર્ગનો અધિકારી કરી [illegible] તો ધર્મની ઉત્તમ સામગ્રી પણ [illegible] જે આપે બોધ આપેલો છે, તે પ્રમાણે [illegible]

[illegible]

કર્યા. આસનપર બેઠા પછી લક્ષ્મીદત્ત શેઠની દ્રષ્ટિ શ્રીચંદ્રના મુખ ઉપર પડી. પુત્રના મુખ કમળ ઉપર ગ્લાનિ જોવામા આવી નેત્રમાથી નીકળતી અશ્રુની ધારા નજરે ચડી. પિતાએ પુત્રને પુછ્યુ—વત્સ ! મુખ ઉપર ગ્લાનિ કેમ દેખાય છે ? નયનમાંથી નીર ધારા કેમ વહે છે ? તને અકસ્માત્ શું દુઃખ પ્રાપ્ત થયુ છે ? તારા શરીરમાં કાંઇ વ્યથા તો નથી થઇ ? પ્રિય પુત્ર ! જે સત્ય હોય તે કહે શ્રીચંદ્રકુમાર મંદ સ્વરે બોલ્યો—પુજ્ય પિતાજી ! મને કોઇ પણ જાતનું દુઃખ થયુ નથી. વિદ્યાગુરૂના પ્રતાપથી શરીર પણ નિરાબાધ છે. આજે મારા વિદ્યાગુરૂ અહીંથી જવાની ઇચ્છા રાખે છે મારો સર્વ વિદ્યાભ્યાસ સમાપ્ત થયો છે. આવા ઉપકારી અને વિદ્વાન ગુરૂનો વિયોગ થશે—એ મારા મનને દુઃખદાયક થઇ પડ્યું છે. પિતાજી ! એ મહાશયને જરા સમજાવો, છેવટે થોડા દિવસ રહે તેવી પ્રાર્થના કરો. શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી લક્ષ્મીદત્ત શેઠ ખુશી થયા. પુત્રની ગુરૂભક્તિ જોઇ, તેના ધાર્મિક હૃદયમાં આનંદ થયો. તેણે વિચાર્યું કે, ગોત્ર દેવીએ ખરેખર મારો ઉપકાર કર્યો, આવો ધાર્મિક પુત્ર આપી, મારા જીવનને કૃતાર્થ કર્યું છે, તેનામાં કૃતજ્ઞતાનો ગુણ કેવો ઉત્તમ છે ? ગુરૂ ભક્તિની ઉત્તમ ભાવના કેવી જાગ્રત છે ? વિદ્યા ગુરૂ કેવા ઉપકારી છે ? જેઓ મનુષ્યને જડતા કે મુઢપણામાંથી બચાવે છે, અને માનવ જીવનને ઉચ્ચ વૃત્તિમાં મુકે છે,—આ બધુ શ્રીચંદ્રકુમાર સારી રીતે સમજે છે. આવી ઉત્તમ બુદ્ધિ પુત્રમાં પ્રાપ્ત થાય, એ કેવા ભાગ્ય ? આવા કૃતજ્ઞ અને ડાહ્યા પુત્રોના માતા પિતાને ધન્યવાદ મળે, એમાં શુ આશ્ચર્ય ? પિતાના જીવનની સાર્થકતા આવા પુત્રોથીજ થાય છે જે લાભ મને મારા પૂર્વનાં પુણ્ય યોગે પ્રાપ્ત થયો છે. વિદ્યાદાન કરનારા શિક્ષકોના મહોપકારની પ્રશંસા જૈન શાસ્ત્રમા વર્ણવેલી છે, આર્હત વાણી તેવા શિક્ષકોની મુક્તકંઠે ગાયા કરે છે, એક અક્ષરને આપનાર પુરૂષને પણ મહોપકારી ગુરૂ જાણવો. તેના ઉપકારને શિષ્યે કદિ પણ ભુલવો નહી. આવા વચન જૈન આગમમા પદેપદે દર્શાવ્યા છે. વિદ્યા ગુરૂની એવી મહત્તા શ્રીચંદ્ર જાણે છે, એ જાણી મને અતિ આનંદ થાય છે

આ પ્રમાણે વિચાર કરી, આનંદ પૂર્વક લક્ષ્મીદત્તે ઉપાધ્યાયને વિનયથી કહ્યું. મહાશય ! આપના શિષ્યની વિનતી ધ્યાનમા લ્યો, અને થોડા દિવસ રહી, શિષ્યને ગુરૂ ભક્તિનુ ફલ આપો. હું પણ આપને તે વિષે વિશેષ વિનતી કરૂ છુ. શિષ્યની મનોવૃત્તિ પ્રસન્ન કરવી, એ પણ ગુરૂનું કર્તવ્ય છે, અને ગુરૂએ શિષ્ય ઉપર તેવો અનુગ્રહ કરવો જોઇએ શેઠની એવી વિનતિથી ગુણધર ઉપાધ્યાયે તે વાત ધ્યાન ઉપર લીધી, અને શિષ્યની ગુરૂ ભક્તિથી પ્રસન્ન થઇ, તેઓએ કેટલાક દિવસ વધારે રહેવાને કબુલ કર્યું દક્ષિણ્યતાના ગુણને વશ થયેલા ઉપાધ્યાયજી કેટલાક દિવસ આનંદથી રહ્યા, તેથી શ્રીચંદ્રકુમારને હર્ષ થયો. ગુરૂના મુખચંદ્રને નીરખી, શ્રીચંદ્રનો હર્ષસાગર ઉલ્લાસ કરવા લાગ્યો

છેવટે અવધિ પુરી થતા ઉપાધ્યાય શ્રીચંદ્રને આશીષ આપી વિદાય થયા શિક્ષક [illegible] ગુરૂએ આપેલી ગુણરૂપ માણેકની મનોહર માળા કંઠમાં ધારણ કરી, શ્રીચંદ્રકુમાર [illegible], અને પોતાના પ્રિય મિત્ર ગુણચંદ્રની સાથે જ્ઞાન ગોષ્ટી [illegible] આનંદમાં નિર્ગમન કરવા લાગ્યો



પ્રકરણ ૨૧ મું.

શ્રીચંદ્રકુમારને ઇનામ.



આજે કુશસ્થલીમાં આનંદ ઉત્સવ થઇ રહ્યો છે, ઘેર ઘેર ધવલ મંગળ ગવાય છે, ચૌટામાં ધ્વજ પતાકા ફરકી રહ્યા છે, નવરંગિત આરકાની કમાનોની શ્રેણીઓ કરવામાં આવી છે, તે ઉપર " स्वागतं वः " " कुशस्थली पतिर्विजयताम् " એવા જુદાં જુદાં વાક્યો ગોઠવવામાં આવ્યાં છે, પ્રજાના આગેવાનો સત્કાર મહોત્સવને સજ્જ થઇ ઉભા છે, પુષ્પના કરંડ લઇ કન્યાઓ ચંદ્રશાળામાં પુરપતિની રાહ જોઇ ઉભી છે, રાજા અને પ્રજાનું ઐક્ય પ્રત્યક્ષ જોવામાં આવે છે, સર્વત્ર આ બાળ વૃદ્ધમાં રાજભક્તિનો રંગ દેખાય છે, રાજમહેલ ઉપર ઉંચી જાતનો શૃંગાર કરવામાં આવ્યો છે, [illegible] વાજિંત્રોના નાદથી અને સ્ત્રીઓના ગીતથી ગાજી રહ્યા છે, શેરીએ શેરીએ [illegible] સુંદરીઓનાં [illegible] વધાવવાને તૈયાર થઇ ઉભાં છે, મહારાજ પ્રતાપસિંહ પોતાના ચંદ્રકુમારની સાથે રત્નપુરનો વિજય કરી, પોતાની રાજધાનીમાં આવે છે, સમુદ્રના તીર ઉપર બાર વર્ષ સુધી નિવાસ કરી, રત્નપુર અને [illegible] નગરની પ્રજાનો પ્રેમ સંપાદન કરી આવે છે, [illegible] પોતાના [illegible] બની છે, કુશસ્થલીની પ્રજાને પોતાના અધિપતિનો વિયોગ દૂર થવાનો સમય [illegible] છે, સર્વ લોકોના મુખ ઉપર હર્ષના [illegible] છે, [illegible] પોતાની [illegible] [illegible]

[illegible]

[illegible] કુમાર પોતાના પિતાને અને પછી પોતાના ત્રણ બંધુઓને પ્રેમથી મળ્યો. [illegible] રત્નપુરના યુદ્ધની અને ત્યાં અનુભવેલા આનંદની વાર્તાઓ ચાલી એક [illegible] અને મંત્રીઓની પંક્તિ બેઠી હતી બીજી તરફ પ્રજા વર્ગના અગ્રેસરોની [illegible] બેઠી હતી. મહારાજા પ્રતાપસિંહ સર્વનું નિરીક્ષણ કરતો હતો, અને [illegible] પ્રમાણે કુશળ વાર્તા પૂછતો હતો. જ્યારે સર્વ પ્રજા વર્ગ ભેટ [illegible] તે વખતે લક્ષ્મીદત્ત શેઠ પોતાના પુત્ર શ્રીચંદ્રકુમારને સાથે લઈ ભેટ [illegible] ઉત્તમ ભેટ અર્પણ કરી લક્ષ્મીદત્ત શેઠે પુત્ર સાથે પ્રતાપસિંહને નમન [illegible] કુમારની ઉપર પડી કુમારનું અનુપમ સૌંદર્ય જોઈ, [illegible] રાજપુત્ર છે, એમ તેને નિશ્ચય થયો. તત્કાળ તેણે [illegible] અને તે તમારી સાથે ક્યાંથી આવ્યો છે? [illegible] આ કુમાર આપના સેવકનો છે, તેનું નામ શ્રીચંદ્ર [illegible] શેઠજી! તમારે ઘેર પુત્રની ખોટ હતી. તે [illegible] વાત છે તમારા પુત્ર રત્નને જોઈ મને ઘણો સંતોષ [illegible] મુખ મુદ્રા જોઈ, મારૂં હૃદય અતિ સંતુષ્ટ થાય [illegible] પુત્ર ભાગ્યશાળી બન્યા છો, સદ્‌ગુણી પુત્રના પિ[illegible] આર્હત ધર્મની ઉપાસના [illegible] સ્વાભાવિક પ્રેમ ઉત્પન્ન થયો છે, [illegible] માર્ગનો પ્રકાશ પડે છે શેઠજી! [illegible] થી જાણજો, તેથી [illegible] કુંડળપુર નગર ઇનામમાં [illegible] અર્પણ છે.

[illegible] લક્ષ્મીદત્ત શેઠ ખુશી થઈ ગયો [illegible] પોતાની પ્રતિષ્ઠાને મોટી માનતા [illegible] કુશસ્થળીના લોકોમાં [illegible] અને પ્રસન્ન થઈ શ્રીચંદ્ર કુમારને ઇનામ આ[illegible] કુશસ્થળીની [illegible]

પ્રકરણ ૨૨ મું.

અશ્વ પરીક્ષા.



રાત્રિનો પ્રથમ પ્રહર હતો, એક મેહેલમા ચારે તરફ દીપકની શ્રેણીથી પ્રકાશ થઇ રહ્યો હતો, નવરંગિત ગલીચાઓ, પલંગો, સિંહાસનો, અને તેજસ્વી દર્પણો ગોઠવેલા હતા, વિવિધ જાતની વૈભવ સામગ્રી એકઠી કરેલી હતી, સર્વ સ્થળે લક્ષ્મીનુ તેજ પ્રકાશી રહ્યુ હતુ આવા સુંદર મહેલમા રત્નજડિત હીંડોળા ઉપર એક નવરંગિત કિશોર વયનો પુરૂષ બેઠો હતો, તેની આગળ આઠ દ્યુતિમાન્ મુગ્ધાઓ ઉભી હતી, તે વિદ્વાન્ પુરૂષ તેમની સાથે ગમ્મત સાથે ધર્મ ગોષ્ટી કરતો હતો, તે નવોઢા નારીઓ તેને અનેક પ્રશ્ન પુછતી હતી, તે ચતુર નર તેઓના પ્રશ્નનુ સારી રીતે સમાધાન કરતો હતો, શૃંગારના સમયમા પણ સદુપદેશ-નીય વાર્તાઓ ચાલતી હતી, તે વિચક્ષણ તરૂણના મુખમાથી જૈન ધર્મની કથાઓની, અને સતીઓના ચરિત્રની વાર્તાઓ નીકળતી હતી વાચનારને તે તરૂણ પુરૂષની અને આઠ બાળાઓની ઓળખાણ આપવી જોઇએ રત્નજડિત હીંડોળા ઉપર બેઠેલ પુરૂષ, તે શ્રીમદ્કુમાર હતો. તેની આગળ આઠ મુગ્ધાઓ, તે તેની નવપરણીત સ્ત્રીઓ હતી [illegible] ની [illegible], ધાર્મિક વૃત્તિની, અને ચતુરપણાની [illegible] વિશેષ [illegible] હતી [illegible] નામના [illegible] નગરથી [illegible] [illegible] પ્રાર્થના કરી હતી પ્રાર્થનાનો ભંગ કરવાથી [illegible] આઠ [illegible] ની આઠ કન્યાઓ પરણાવી હતી ૧ ધનવતી. ૨ ધના-, ૩ ધારણી, ૪ ધાર [illegible]. ૫ લક્ષ્મી. ૬ લીલાવતી. ૭ [illegible] અને ૮ લીલાશ્રી. એવા તે કન્યાઓના નામ હતા. [illegible] ૧ ધનપ્રિય. ૨ ધનદેવ. ૩ ધનદત્ત. ૪ ધનસાર. ૫ [illegible] ૬ [illegible] ૭ [illegible] ૮ ધન [illegible] નામ [illegible] ૧ કમળસેના, ૨ કમળવતી. ૩ કમળશ્રી. ૪ કમળા. ૫ [illegible]. ૬ [illegible]. ૭ [illegible]. અને ૮ [illegible]. [illegible]

[illegible]

પ્રકાશિત થઇ, સંપૂર્ણ રીતે શોભતો હતો. આઠે અંગનાઓનાં પ્રતિબિંબ શ્રીચંદ્રના હૃદય દર્પણમા પ્રતિબિંબિત થયા હતા. તે પતિપ્રાણા પ્રિયાઓએ પ્રિયતમની અપૂર્વ પ્રીતિ મેળવી હતી.

આ વખતે શ્રીચંદ્ર પોતાની આઠ અંગનાઓની સાથે ધર્મ ચર્ચા કરતો હતો. શ્રાવિકા ધર્મની જ્ઞાતા, એવી નવ વધૂઓ નવનવા રંગ કરી પતિના હૃદયને અપૂર્વ આનંદ આપતી હતી. એ શિક્ષિત સુંદરીઓની સાથે શ્રીચંદ્ર શૃંગાર રસ કરતા સમ્યકત્વ રસનુ વિશેષ સુખ મેળવતો હતો. એવી રીતે શ્રીચંદ્રકુમારનો ગ્રહસ્થાવાસનો આરંભ થતો હતો. પ્રતિદિવસ તેનાં પરિણામ વૃદ્ધિ પામતાં હતા, સદ્ગુણરૂપ રત્નનો તે રોહણગિરિ હતો, ઇંદ્રની જેમ [1]વિબુધથી પરિવૃત રહેતો હતો. [2]સુમનસ્ જનનો નંદનવન હતો, દીન દુખી જનનો કલ્પવૃક્ષ હતો, ગાંભીર્ય ગુણથી તે સમુદ્રને અનુસરતો હતો, હમેશાં દાન પુણ્યનો પ્રવાહ વધારતો હતો, તે શિવાય બીજા અનેક ગુણો તેનામાં રહેલા હતા. તેના મહાન્ ગુણની પ્રશંસા કરવાને બૃહસ્પતિ પણ સમર્થ નહતા. આવા ઉત્તમ ગુણોથી તે કુશસ્થલીની પ્રજામાં ઘણો પ્રિય થઇ પડયો હતો.

એક વખતે શ્રીચંદ્ર પ્રાતઃકાલની આવશ્યક ક્રિયા કરી બેઠો હતો, તેવામાં તેનો પ્રિય મિત્ર ગુણચંદ્ર આવ્યો; ગુણચંદ્રે આવી શ્રીચંદ્રને કહ્યું કે, મિત્ર ! જો તમારી ઇચ્છા હોય, તો આપણે આજે નગરીની બાહેર ફરવા જઇએ. મારા સાંભળવામા આવ્યુ છે કે, બાહેરના ઉદ્યાન પાસે આવેલા સરોવરના તીર ઉપર જાતિવંત અશ્વોનું એક વૃંદ આવેલુ છે, તે જોવાની જો ઇચ્છા હોય, તો સત્વર તૈયાર થાઓ ગુણચંદ્રનાં વચન સાંભળી શ્રીચંદ્ર ખુશી થયો, પોતે શાલિહોત્ર (અશ્વ વિદ્યા) વિદ્યા જાણતો હતો, તેથી તેના મનમા વિશેષ કૌતુક થયુ; તત્કાળ પિતાની આજ્ઞા લઇ વાહન ઉપર ચડી તે ગુણચંદ્ર મિત્રની સાથે ચાલ્યો તેઓ અનેક વાર્ત્તાલાપ કરતા સરોવરના તીર ઉપર પહોચ્યા, ત્યા આવી ઉત્તમ સ્થાનમાં મુકામ કર્યો એ તીરની પાસે અશ્વોનુ મોટું ટોળુ તેમના જોવામા આવ્યુ જાણે સૂર્યના રથમાથી છુટા પડ્યા હોય, તેવા ઉત્તમ જાતના અશ્વો તેમની નજરે પડ્યા તેમને જોઇ શ્રીચંદ્ર ખુશી થયો. અશ્વ વિદ્યામા જે જે અશ્વના ઉત્તમ લક્ષણો કહેલા છે, તે બધા અહીં પ્રત્યક્ષ દ્રષ્ટાંતરૂપે તેના જોવામા આવ્યા તત્કાલ શ્રીચંદ્રે પોતાના મિત્ર ગુણચંદ્રને કહ્યુ, મિત્ર ! અશ્વ ઘણા ઉત્તમ છે, આવા અશ્વ ઉપર વાહન કરવાની ઇચ્છા થાય છે, જો કે, પિતાજીની આજ્ઞા મેળવી નથી, તથાપિ ખરીદ કરવાનું સાહસ ઉત્પન્ન થાય છે આજ સુધી પિતાજીએ મારી ઇચ્છાનો કદિ નિરોધ કર્યો નથી, મારી મનોવૃત્તિમા ઉત્પન્ન થએલી કામના પૂર્ણ કરવામા તેઓ પ્રથમથીજ કલ્પવૃક્ષ થતા આવ્યા છે, તેથી આ કાર્યમા તેમના આજ્ઞાની અપેક્ષા હું જોતો નથી. માટે આ અશ્વવૃંદના નાયકને અશ્વનું મૂલ્ય પુછી જો. શ્રીચંદ્રના વચન સાંભળી ગુણચંદ્રે ત્યા રહેલા એક વૃદ્ધ પુરૂષને તે વિષે પુછ્યુ. તે વૃદ્ધ બોલ્યો—શેઠજી ! મે અનેક અશ્વ વેચ્યા છે હવે માત્ર આ સોળ ઘોડા ઉત્તમ જાતિના

---

૧ ઇંદ્ર પક્ષે વિબુધ એટલે દેવતા, અને શ્રીચંદ્ર પક્ષે વિદ્વાનો. ૨ સુમનસ્ એટલે [illegible] સજ્જન પુરૂષો.

બાંધી રહેલા છે, તમારે લેવાની ઇચ્છા હોય તો જોઇ લ્યો પછી શ્રીચંદ્ર તે અશ્વોની આગળ ગયો ગુણચંદ્રે કહ્યું. મિત્ર ! તમે અશ્વવિદ્યા જાણો છો, આ જાતિવંત અશ્વોમાં કયા કયા અશ્વ ઉત્તમ છે ? અને તેઓની શી શી જાતિ છે ? તે કૃપા કરી જણાવશો

શ્રીચંદ્રકુમાર બોલ્યો—મિત્ર ! જે આ અશ્વ ચરણ અને મુખમાં ઉજ્વલ છે, તે અશ્વ **ગંગાજળની** જાતિ કહેવાય છે. જે પેલા અશ્વની ઉપર આઠ મંગળ રેખા છે, તે **તાર્ક્ષ્ય** જાતિનો અશ્વ છે. પેલો જે રક્ત વર્ણનો અશ્વ છે, તે **કીયાહ** જાતિનો છે, જે શ્યામળો અશ્વ છે, તે **ખુંગાહ** જાતિનો છે આ ચિત્ર વર્ણનો અશ્વ **હારાહ** જાતિનો કહેવાય છે. ઘીના જેવી કાંતિવાળો જે આ નિર્મળો અશ્વ છે, તે **સરાહ** જાતિનો છે, કાંઇક કૃષ્ણ અને કાંઇક શ્વેત જે અશ્વ છે, તે **ઉરાહ** જાતિનો છે જે પેલો જાનુના ભાગમાં કૃષ્ણ અને કાંઇક પીળો છે, તે **શેરુનાહ** જાતિનો છે, જે આ નીલ વર્ણનો છે, તે **હરિક** જાતિનો છે, જે શ્વેત અને પિંગળ વર્ણનો છે, તે **હોલક** જાતિનો અશ્વ છે. આ બે અશ્વ **પંચભદ્રની** જાતિના છે, તેઓ વેગમાં અતિ ઉત્તમ છે, તેમની છાતી, પૃષ્ઠ મુખ અને પડખામાં શુભ લક્ષણો વિકાશિત દેખાય છે, તેઓ પંચધારા ગતિના જાણનારા છે, તે સાથે તેમનામાં બીજાં એવાં સૂક્ષ્મ લક્ષણો છે, કે જે અશ્વ વિદ્યામાં [illegible], [illegible], તેજ જાણી શકે જેના ઘરમાં આવા અશ્વ હોય, તે ઉન્નતિને પામે છે મિત્ર ! આ અશ્વની જોડ ખરીદવા લાયક છે કદિ એક લાખ સુવર્ણ જાય, તોપણ તે [illegible] છે. [illegible], [illegible] અને [illegible]—એવી ગતિઓથી ચાલનારા આ અશ્વો તેના સ્વારોને આનંદ આપનારા છે


આ પ્રમાણે શ્રીચંદ્ર અને ગુણચંદ્ર વાતો કરતા હતા, [illegible] પુરુષો સાથે રાજકુમારો આવ્યા તેઓ ત્યાં રહી [illegible] હતા [illegible] તેઓ તદ્દન અજ્ઞાત હતા [illegible] લાભ તથા [illegible] [illegible] કારણ કે તે [illegible] પેલા [illegible] વાગ્વેગ અને [illegible] [illegible] હતા, તેઓએ [illegible] [illegible]

[illegible]

પિતાના આવા વચન સાંભળી શ્રીચંદ્ર ખુશી થયો. પછી તેણે ખરીદ કરેલા પંચભદ્ર જાતિના અશ્વના લક્ષણો પિતાને સમજાવ્યા, અને પોતે કરેલી અશ્વ પરીક્ષા તે શાસ્ત્રસિદ્ધ છે, એમ સાબીત કરી બતાવ્યું. પિતાની આજ્ઞા લઇ શ્રીચંદ્રે **સુવેગ** નામે એક ઉત્તમ કારીગરીવાળો રથ કરાવ્યો. ગરૂડ જાતિના રત્નોથી તે રથનો દેખાવ દિવ્ય અને અદ્ભુત કરવામાં આવ્યો હતો. પ્રતાપસિંહ રાજાના વંશપરંપરાએ ચાલ્યા આવતા સારથિ કુળનો **ધનંજય** નામે એક કુમાર હતો, તેને આ રથનો સારથિ નીમવામાં આવ્યો. તે **ધનંજય** સ્વામિભક્ત, ગંભીર, વિનયી અને કાર્યકુશળ હતો. સારથિમાં જે જે ગુણો હોવા જોઇએ, તે બધા ગુણનો તે સ્થાનરૂપ હતો. શુભ દિવસે અને શુભ મુહૂર્તે તે સુવેગ રથની સાથે વાયુવેગ અને મહાવેગ અશ્વ જોડી, ધનંજય સારથિની પાસે રથવાહનનો સમારંભ કરાવ્યો હતો. શ્રીચંદ્રકુમાર ગુણચંદ્ર મિત્રની સાથે તે સુવેગ રથમાં બેસી ફરતો હતો, અને તે જોઇ પવિત્ર મનનો લક્ષ્મીદત્ત પિતા અતિ આનંદ પામતો હતો.

પ્રકરણ ૨૩ મું.

અંધકારિણી મૂલિકા.



વેગ રથમાં બેસી શ્રીચંદ્રકુમાર પ્રતિદિન [illegible] વાયુવેગી અને મહાવેગી અશ્વ હાંકતો, અનેક [illegible] ગુણચંદ્રની સાથે તે [illegible] પુત્રનો પ્રેમી પિતા [illegible] વિલંબ ન કરવા વિનતિ કરતો હતો. [illegible] એમ [illegible] પામતા હતા. [illegible] માર્ગમાં [illegible] હતા, અને [illegible]

[illegible]

આ સુંદર ગિરિમા ભૈરવ નામે એક મહાન્ યોગી રહેતો હતો. તે યોગીરાજ અનેક વિદ્યાઓના સાધના તે સ્થળે રહી કરતો હતો. તેના ભવ્ય આશ્રમમાં વિદ્યા સાધનની અનેક સામગ્રી ગોઠવવામાં આવી હતી, તે કેવળ સ્વાર્થી ન હતો, બીજાનું હિત કરવામાં તત્પર રહેતો હતો, તેનામાં દયા, દાક્ષિણ્ય અને ગાંભીર્ય વિગેરે ગૌરવતાના ગુણો રહેલા હતા. તે ભૈરવ યોગીની આકૃતિ ભયંકર હતી, તેના દેહનું પ્રમાણ માનવ પ્રમાણથી ઘણું વિશેષ હતું, અલ્પ શક્તિવાળા બીરૂ લોકો તેની પ્રચંડ આકૃતિ જોઈ, ભય પામી જતા હતા, તેનાં વિશાળ લોચનમા અગ્નિની જ્વાળા જેવી રતાશ દેખાતી હતી, ભ્રકુટીના દેખાવ દૃષ્ટાને ભય આપે તેવો હતો, તેના પુષ્ટ શરીર ઉપર કૃષ્ણ વર્ણની પ્રભા પ્રસરેલી હતી. જ્યારે તે યોગાસન કરી બેસતો, ત્યારે નીલગીરિનો એક ભાગ હોય, તેવો દેખાતો હતો, તેને દૂરથી જોઇ શિકારી પ્રાણીઓ પણ નાશી જતા હતાં. આસપાસ રહેલા અનેક તાપસો તેનાથી ભય પામી રહેતા હતા, તેના કંઠનો નાદ ઘણો કઠોર હતો. જ્યારે તે કાંઇ પણ બોલતો, ત્યારે તેના નાદના પ્રતિધ્વનિથી ત્રિકૂટ પર્વત ગાજી રહેતો હતો.

એક વખતે રાત્રિનો સમય હતો. શ્રીચંદ્રકુમારની એવી ઇચ્છા થઇ કે, આજે રાત્રિમાં રથક્રીડા કરવાને બાહેર જવું. ઘણીવાર દિવસની ક્રીડા કરેલી છે, આ જાતિવંત અશ્વનો વેગ દિવસમા જોયો છે, પણ તેઓનો વેગ રાત્રે કેવો હશે? તે અનુભવવું જોઇએ રાત્રિના અંધકારમાં માર્ગનો ક્રમ ભુલ્યા વગર વેગથી ચાલવાનું ચાતુર્ય આ અશ્વમાં કેવું હશે? તે અવશ્ય જાણવું જોઇએ. આવો વિચાર કરી તે પોતાના પિતાની પાસે આવ્યો. પિતાને પ્રણામ કરી પૂછ્યું, પિતાજી! આજે રાત્રે રથક્રીડામાં જવાની ઇચ્છા થય છે, જો આજ્ઞા આપો તો, જવાને સજ્જ થાઉં તમારા પુણ્યના પ્રતાપથી હું નિર્વિઘ્ને પાછો સત્વર આવીશ. મારા મનમા રાત્રિની મુસાફરી કરવાની ઘણી હોંશ છે, આપ જરાપણ ભયની શંકા રાખશો નહિ. શ્રીચંદ્રનાં આવા વચન સાંભળી લક્ષ્મીદત્ત શેઠ બોલ્યા—વત્સ! આ તારી ઇચ્છા પૂર્ણ કરવાને મારા મનમા શંકા રહે છે. તારા રથનો વેગ ઘણો છે, ઘોડાઓ પણ વેગવાળા છે, વખતે માર્ગની સ્ખલના થાય, તો પછી ઉપાધી થઇ આવે. કુશસ્થલીની આસપાસનો પ્રદેશ પહાડી છે, અનેક જંગલી પ્રાણી રાત્રે ફરવા નીકળે છે, તેથી વત્સ! તારી આ ઇચ્છાને વિરામ પમાડ તારી પ્રત્યેક કામના પૂર્ણ કરવાની મારી ધારણા પ્રથમથીજ છે, પણ આ કામના સર્વથી કઠોર અને વિઘ્નભરેલી છે. શ્રીચંદ્રે કહ્યું, પિતાજી! જરાપણ ભય રાખશો નહિ. આર્હત ધર્મથી હું સર્વદા રક્ષિત છું, પંચ પરમેષ્ટીનું સ્મરણ મારી મનોવૃત્તિમા પ્રવૃત્ત છે. હું આપને આગ્રહથી વિનતિ કરૂં છું કે, મારી આ ઇચ્છામા આપ અંતરાયભૂત થશો નહિ.

શ્રીચંદ્રની પ્રબળ ઇચ્છા જોઇ, લક્ષ્મીદત્ત શેઠે કચવાતે મને આજ્ઞા આપી, અને પુત્રની રક્ષા માટે શાસન દેવતાની સહાય માગી પિતાની આજ્ઞા લઇ, શ્રીચંદ્ર એકલો રથમા બેસી બહાર નીકળ્યો. જાતિવંત અશ્વો તેના રથને સ્ખલના શિવાય વહન કરવા લાગ્યા, તેનો પવનવેગી રથ ત્રિકૂટ પર્વતની તળેટીમા આવી પહોંચ્યો પોતાના ધનંજય સારથિને રથની પાસે રાખી, પોતે એકલો પર્વતના ગહન પ્રદેશમા ફરવા લાગ્યા. રાત્રિના

અનેક દેખાવો જોતો જોતો કુમાર, જ્યાં પેલો ભૈરવ યોગી રહેતો હતો, તે સ્થાને આવી ચડ્યો. યોગી પદ્માસન કરી બેઠો હતો, અને કોઈ વિદ્યાની સાધનાની સામગ્રી કરતો હતો. આ તરુણ કુમારને જોઈ, ભૈરવ ખુશી થયો, અને શ્રીચંદ્રને પોતાની પાસે બોલાવ્યો. યોગી બોલ્યો—વત્સ ! તું લઘુ વયનો છુ, વસ્ત્રાલંકાર ધારણ કરી, અત્યારે અહીં ક્યાંથી આવે છે? આ પર્વતની અટવી ભયંકર છે, અહીં એકાકી આવવાનું શું કારણ છે? શ્રીચંદ્રે કહ્યું યોગીરાજ ! હું કૌતુકને માટે અહીં રથ લઈ ફરવા આવ્યો છું. તમારા જેવા યોગીઓના પ્રભાવથી આ સ્થળે કોઈ જાતનો મને ભય નથી. શ્રીચંદ્રના વચન ઉપરથી ભૈરવ યોગીએ વિચાર્યું કે, આ કોઈ સાહસી પુરૂષ લાગે છે. આવા પુરૂષને સાધક કર્યો હોય, તો વિદ્યા સદ્ય સાધી શકાય છે. આવું વિચારી ભૈરવ બોલ્યો—નરવીર ! તારી હીમત જોઈને મને પૂર્ણ સંતોષ થાય છે. તારા જેવા પુરૂષની સહાય હોય તો, અમારે ઘણો લાભ થાય છે. જો તું સાધક થા તો, આપણે વિધિ પ્રમાણે એક વિદ્યા સાધી લઈએ. આજે કૃષ્ણ રાત્રે તને ઉત્તર સાધક કરી, હું એક વિદ્યા સિદ્ધ કરી લઉં. તેથી તને ઘણોજ લાભ થશે. શ્રીચંદ્રે હીમત કરી તે વાત કબૂલ કરી, એટલે ભૈરવ યોગી બોલ્યો—વત્સ ! હું તને જે મંત્ર આપું, તે મંત્રથી તું [illegible] તે વખતે અનેક વીર તથા વેતાળ આવશે, તેમનાથી તું ભય પામીશ નહિ, [illegible] નહિ, તેઓની ઉપર જરાપણ વિશ્વાસ લાવીશ નહિ.

યોગીરાજના વચન સાંભળી શ્રીચંદ્ર બોલ્યો—મહારાજ ! [illegible] ચિંતા રાખશો નહિ. તમારે જેવી રીતે સાધના કરવી હોય, તેમ [illegible]

[illegible]

[illegible]

આ પ્રમાણે પુણ્યનો અને વિદ્યા કળાનો રાશિરૂપ શ્રીચંદ્રકુમાર પોતાના મિત્રની સાથે તે સુવેગ રથમાં બેસી અનેક ક્રીડા કરતો હતો. ભ્રમરની જેમ પ્રત્યેક ઠામે તે ભ્રમણ કરી સારરૂપ સુગંધને સ્વીકારતો હતો તે બહાદુર કુમાર પોતાના પુણ્યના પ્રભાવથી કોઇ સ્થાનેથી વિદ્યા, કોઇ સ્થાનેથી કળા, કયાંઇથી ઔષધી અને કયાંઇથી વિષહર મણિ એમ ચમત્કારી વસ્તુઓ મેળવતો હતો, અને પ્રતિદિન ધાર્મિક વૃત્તિ સાથે વૈભવ વિલાસ ભોગવતો હતો.


પુણ્યથી શું નથી થતું ? પુણ્ય એ કલ્પવૃક્ષ છે જે જે વસ્તુ વાંછિત હોય, તે પુણ્યરૂપ કલ્પ વૃક્ષથી પ્રાપ્ત થાય છે. પુણ્યના પ્રભાવથી પ્રાણી સુખ સંપત્તિ અને વાંછિત ફળ પ્રાપ્ત કરે છે. શ્રીચંદ્રકુમાર પણ તેવા પુણ્યથી યુક્ત હતો તેનામા જે જે ગુણો સ્વતઃ પ્રાપ્ત થયા હતા, તે બધા પુણ્યના યોગનુંજ ફળ હતું. જેણે પુણ્યરૂપ કવચ ધારણ કર્યું હોય, તે પ્રાણીને કોઇ પણ શસ્ત્ર કે અંતરાય ભેદી શકતા નથી. પુણ્યના તેજની આગળ સર્વ ભૌતિક પદાર્થ પરાસ્ત થઇ જાય છે. પુણ્યરૂપ ચિંતામણી જેની પાસે હોય, તે પુરૂષ સર્વ જાતની કામના પૂર્ણ કરવાને સમર્થ થાય છે એ પુણ્યરૂપ ચિંતામણીના પ્રભાવથી શ્રીચંદ્રકુમાર પ્રતિદિન ઉન્નતિપર આવતો હતો કુશસ્થલી નગરીમા ઘેર ઘેર શ્રીચંદ્રકુમારના યશનુંજ ગાન થતુ હતું. રાજા પ્રતાપસિંહ અને રાણી સૂર્યવતી, એ કુમાર રત્નને જોઇ ઘણાંજ ખુશી થતા, અને ઘણી વાર તેને પોતાની હજુરમા બોલાવતા હતાં.

प्रथम खंड समाप्त।

ખંડ ૨ જો.

પ્રકરણ ૨૪ મું.

તિલકમંજરી.



ક સુંદર બાલિકા રાજમહેલના આંગણામાં રમતી હતી. સમાન વયની સખીઓ અને દાસીઓ તેમાં ઉમંગથી ભાગ લેતી હતી આ મુગ્ધાનું વય યૌવન વયના આરંભમાં હતુ, તેના પ્રત્યેક અવયવમાં યૌવન વયની છાયા પ્રસરતી હતી, શરીરની સ્વાભાવિક શોભામાં લાલિત્ય પ્રકાશિત થતું હતુ, અનુપમ સૌંદર્યથી દેદીપ્યમાન થતી હતી, મુખચંદ્રનું માધુર્ય દ્રષ્ટાને અતિ મોહક થતું હતુ, મૃદુ હાસ્યની શોભા આકર્ષક હતી, નયનકમળની લક્ષ્મી હરણીઓને લજ્જા પમાડતી હતી, કેશવેણીની શોભા અલૌકિક હતી.

આ સમયે એક દંપતી મહેલની ઉપર બેઠા હતા, બાલિકાની મુગ્ધ ક્રીડા તેઓ જોતા હતા. તે બાળાના શરીરની શોભા જોઇ, પુરૂષના મનમાં અનેક વિચાર આવતા હતા. પુરૂષને વિચારમગ્ન જોઇ સ્ત્રીએ પુછ્યું, પ્રાણનાથ ! શી ચિંતા કરો છો ? જુઓ આ બાળિકા કેવી સુંદર દેખાય છે ? તેની મુગ્ધ ક્રીડા જોઇ કોને આનંદ ન થાય ? જુવોને, તે સખીઓની સાથે કેવી રાસ ક્રીડા કરે છે ? તેના શરીરની ચંચળતા તેમાં કેવી દેખાય છે ? સર્વ બાલાવૃંદમા તે કુમારિકા જુદીજ પડે છે વિદ્યુતની જેમ તેનો ચળકાટ કેવો પૃથક્ દેખાય છે ? આવો આનંદકારક દેખાવ જોઇ સર્વને આનંદજ થવો જોઇએ. તે છતા તમારા લલાટ ઉપર ચિંતાની ત્રિવલી કેમ પડી છે ? શું કાંઇ રાજ્યનું કાર્ય યાદ તો નથી આવ્યું ? અથવા કોઇ શત્રુ તરફની ચિંતા તો નથી થઇ ? પ્રાણેશ ! જો કહેવા યોગ્ય હોય તો આ દાસીને તે કહેવાની કૃપા કરશો તે પુરૂષ બોલ્યો—પ્રિયા ! મારે મંત્રીમંડળ સારૂં છે સદ્બુદ્ધિવાળા સચિવોની સલાહથી વર્તવામાં મને રાજ્યની ચિંતા કદિ પણ આવે તેમ નથી મારા સામંતો અને સેનાપતિઓ વફાદાર અને રાજ્યભક્ત છે, તેથી શત્રુઓનો જરા પણ ભય નથી આ બાલિકાને ક્રીડા કરતી જોઇનેજ મને ચિંતા ઉત્પન્ન થઇ છે. તેના શરીરમા યૌવન વયનો સમારંભ થતો આવે છે, તેના રૂપ, ગુણ અને સ્વભાવને અનુકુળ એવો પતિ ક્યાંથી મળશે ? તેવા પતિની શોધ કરતા પણ કોઇ જોવામા આવતો નથી આ સુંદર બાલિકા યોગ્ય પતિને પ્રાપ્ત કરે, એવી મારી ધારણા છે, પણ તે ધારણા ક્યારે પૂર્ણ થશે ? આ ચિંતાએ અત્યારે મારા હૃદયમાં વાસ કર્યો છે પ્રિયા બોલી—પ્રાણેશ ! તમારી ચિંતા યોગ્ય છે. દુહિતાઓ માતા પિતાની ચિંતાનું કારણ થાય, તેમા કાંઇ આશ્ચર્ય નથી. પુત્રીઓનો યોગ્ય પતિ સાથે સબંધ કરવો, એ માતા

પિતાનો ધર્મ છે. "ગાય અને દુહિતા દોરે ત્યા જાય," એ કહેવત યથાર્થ છે પુત્રીને જેવા તેવા પતિને આપી દુખી કરવી, એ માતા પિતાનો અધમ માર્ગ છે બાળાઓની ઉન્નતિનો સર્વ આધાર જેમાં રહેલો છે, તેના સંસારનો શુભાશુભ સમારંભ જેને આશ્રીને થવાનો છે, અને જે તેણીના સુખ દુઃખનો સમભાગી અને વ્યવહાર માર્ગનો ખરેખરો નેતા થવાનો છે, તેવા પુરૂષની યોગ્યતા જોયા વિના પુત્રીઓને ભવપાશમા નાખનારા માતા પિતાઓને સહસ્રવાર ધિક્કાર છે પ્રાણનાથ ! તમને થયેલી ચિંતા ઘટિત છે. આ રાજકુમારીનો સંબંધ કોઇ યોગ્ય રાજકુમાર સાથે કરવો જોઇએ

વાંચનાર ! અધીરા થશો નહી. આ વાર્તા કરનાર દંપતી અને તે બાલિકાની ઓળખાણ તમને અહીંજ આપીએ છીએ. આ ભરતક્ષેત્રની દક્ષિણ દિશામાં રૂપસુંદરીના તિલક જેવું **તિલકપુર** નામે નગર છે, તેનો રાજા **શ્રીતિલક** નામે છે, તેને **રતિ** નામે ગુણવતી સ્ત્રી છે, એ રતિ સમાન રતિના ઉદરમાથી **તિલકમંજરી** નામે એક પુત્રી ઉત્પન્ન થઇ છે. રાજમેહેલના આંગણામાં સખીઓ તથા દાસીઓની સાથે ક્રીડા કરનારી **મુગ્ધા** તે આ તિલકમંજરી હતી, અને જે દંપતી તેની ક્રીડાને મેહેલ ઉપરથી જોતા હતા, તે તેણીનાં માતા પિતા રાજા **શ્રીતિલક** અને રાણી **રતિ** હતાં. રાજા શ્રીતિલકને પુત્રીને યોગ્ય વયે પહોચેલી જોઇ, તેના વિવાહને માટે યોગ્ય વરની ચિંતા થઇ હતી, તે સબંધી તે દંપતી અહીં વાર્તાલાપ કરતાં હતા.

રાજા શ્રીતિલકના હૃદયમાં ત્યારથી **તિલકમંજરીના** વિવાહને માટે વિચાર શ્રેણી ઉત્પન્ન થવા લાગી હતી, પોતાના ચતુર મંત્રીઓની સાથે રાજા તે વિષેનીજ મસલત ચલાવતો હતો એક વખતે રાજા પોતાના **ધીર** નામના મુખ્ય મંત્રીને બોલાવી તે વિષેનો નિર્ણય કરવા બેઠો તેણે નિશ્ચય કર્યો, કે હવે પુત્રી સબધી નિત્યની ચિંતામાથી મારે મુક્ત થવુ. ગમે તે ઉત્તમ પ્રકારનો નિર્ણય કરી, આત્માને ઉપાધિ મુક્ત કરવો. મને ખાત્રી છે કે, **ધીર** મંત્રી ઘણો બુદ્ધિમાન્ છે, તેથી તેની સલાહ મને શાંતિકારક થઇ પડશે. આવું ચિંતવી શ્રીતિલકે ધીર મંત્રીને બોલાવીને કહ્યું, મંત્રીશ્વર ! તમે મારા પરંપરાના મંત્રીકુળના મુખ્ય પુરૂષ છો, મારા રાજ્યની ધુરાને વહન કરવામાં પૂર્ણ સહાયભૂત છો, તમારા બુદ્ધિબળના પ્રભાવથીજ મારૂં રાજ્ય નીતિગમ્ય કહેવાય છે. પોતાની પ્રશંસાના આવાં વચન સાંભળી ધીર મંત્રી બોલ્યો—રાજેંદ્ર ! એ સર્વ આપની કૃપાનુજ ફળ છે. આપના વંશના મૂળ પુરૂષોએ અમારા કુળની પરંપરાથી કદર જાણી છે. સ્વામીમાં કૃતજ્ઞતા હોય, તો સેવકનુ બુદ્ધિબળ, વા તનુબળ જણાઇ આવે છે. આપ કૃતજ્ઞ, અને નીતિમાન્ છો, તેથી અમે સારી પ્રશંસાના પાત્ર થયા છીએ. કહો શી આજ્ઞા છે ? શ્રીતિલક બોલ્યો—મંત્રિવર્ય ! રાજકુમારી તિલકમંજરી વિવાહને યોગ્ય થઇ છે, તેનામા વિદ્યા, કળા, અને સદ્ગુણો ઉત્તમ રીતે પ્રાપ્ત થયેલાં છે, તેનામા ચાતુર્યનો એવો ઉત્તમ ગુણ છે, કે જે કોઇજ રાજ્યકન્યા ધારણ કરતી હશે. એ રાજકુમારીને યોગ્ય એવો કોઇ રાજકુમાર જોવામાં આવતો નથી. ભારતવર્ષમા અનેક ક્ષત્રિય વીરો હશે, પણ તેઓની શોધ કરવામા કોઇ ઉત્તમ સાધન જોવામા આવતુ નથી. આથી મારા હૃદયમાં સતત ચિંતારૂપ

મહા જ્વાળા પ્રજ્વલિત રહ્યા કરે છે. હમણાં ક્રીડા કરતી તે રાજકુમારીને જોઇ મને વિશેષ ચિંતા ઉત્પન્ન થઇ છે. મારી ચિંતારૂપ મહા જ્વાળાને શાંત કરવા માટે તમારી સલાહરૂપ સુધાનુ સિંચન મેળવવા આજે તમને બોલાવ્યા છે, હવે શો ઉપાય કરવો ? તે હૃદયમા વિચારી મને જણાવશો.

શ્રી તિલક રાજાનો આ **ધીર** મંત્રી ઘણો વિચક્ષણ હતો રાજકીય કાર્યમા તેનું ચાતુર્ય વખણાતુ હતું. જ્યારે જ્યારે રાજા ગુચવણમા પડતો, ત્યારે ધીર મંત્રી તેને ચિંતામુક્ત કરતો હતો, તેનામા રાજભક્તિ રમી રહી હતી, સ્વામી અને સેવકના ધર્મ તે યથાર્થ જાણતો હતો, નીતિના ગહન વિષયમા તેની વિદ્વતા વિશેષ દેખાતી હતી, તે સાથે તેનુ હૃદય દયાથી આર્દ્ર હતું, દુ:ખીને સહાય કરવાનો તેનો મુળ સ્વભાવ હતો, પરોપકાર કરવામા તે પ્રીતિ દર્શાવતો હતો. આવા આવા ઉત્તમ ગુણોને લઇ **ધીર** મંત્રી તિલકપુરની પ્રજાનો પ્રીતિપાત્ર બન્યો હતો. રાજા અને પ્રજાની પ્રીતિનું તે કેન્દ્ર સ્થાન થઇ પડયો હતો

ધીર મંત્રી વિચાર કરી બોલ્યો—મહારાજા ! ભારત વર્ષમા અનેક રાજકુમારો વિદ્વાન્ ગુણી અને કલાજ્ઞ હશે, પણ તે સર્વની શોધ પ્રત્યેક સ્થાને આપણાથી થઇ શકશે નહિ, તેથી રાજકુમારી તિલકમંજરીનો સ્વયવર કરો. સ્વયંવરમા આપને યોગ્ય લાગે તેવુ એક પણ કરો, જે પણની પરીક્ષામા રાજકુમારની ઉત્તમ કળા અને ગુણ જણાઇ આવે. ધીર મંત્રીના આવા વચન સાંભળી રાજા શ્રીતિલક ખુશી થયો, અને આ ઉત્તમ સલાહને માટે મંત્રીશ્વરને ઘણી સાબાશી આપી ક્ષણ વાર પછી તિલકપુરના મહારાજાના હૃદયમા એવો વિચાર સ્ફુરી આવ્યો કે. ક્ષત્રીઓના ગુણની પરીક્ષા લક્ષ્યવેધમાં થાય છે યુદ્ધ કળાના પૂર્ણ અભ્યાસી અને બુદ્ધિના અતિ ચાતુર્યથી અલંકૃત એવો ક્ષત્રિય કુમાર લક્ષ્યવેધ કરી શકે છે. લક્ષ્યવેધમા ઉત્તમમા ઉત્તમ **રાધાવેધ** કહેવાય છે, તેથી સ્વયવરમા **રાધાવેધ**નું પણ રાખવુ, કે જેથી ક્ષાત્ર તેજથી વિરાજિત એવા ઉત્તમ રાજકુમારની શોધ તે પ્રસંગે સહેલાઇથી થઇ શકશે રાજા શ્રી તિલકે આ વિચાર **ધીર** મંત્રીને જણાવ્યો. ધીર મંત્રીએ તેને હર્ષથી અનુમોદન આપ્યુ છેવટે તેઓ નિશ્ચય કરી, વિસર્જિત થયા

રાજકુમારી તિલકમંજરીએ દાસી દ્વારા પોતાના સ્વયંવરના શુભ સમાચાર સાભળ્યા, એટલે તે વિશેષ આનંદ પામી. એ મુગ્ધા છતા પ્રૌઢ વિચાર કરનારી હતી. પોતાના પિતાએ જો કે આ અસાધ્ય મહા પણ કરેલુ હતું, પણ તિલકમંજરી તેને પસંદ કરતી હતી તેણીના મુગ્ધ હૃદયમા એવા વિચાર આવતા કે, સર્વ વનિતાઓની ઉન્નતિ પતિગૃહમા છે, તેમા રાજ કન્યાઓનુ સૌભાગ્ય સર્વ ગુણસંપન્ન એવા શુદ્ધ ક્ષત્રિય વીરપતિ ઉપરજ પ્રકાશિત થાય છે, ક્ષત્રિય કન્યાઓ ભવિષ્યમા વીર માતા થવાની છે, તે ક્ષત્રિય વીરોનુ વીર્યધારક સમર્થ ક્ષેત્ર છે, ક્ષેત્રની મહત્તાનો આધાર વીર્ય ઉપર છે, પ્રબળ વીર્યના પ્રભાવ ઉત્તમ ક્ષેત્રમાથી વિશેષ દીપી નીકળે છે પિતાએ જે સ્વયવરનો વિચાર કર્યો તે ઠીક છે તેથી કોઇ ઉત્તમ રાજકુમારની શોધ થઇ શકશે, અને રાજ સંસાર ગૃહનો

ઉત્તમ નમુનો મને પ્રાપ્ત થશે. આવો મનોરથ કરતી તિલકમંજરી મનમાં અતિ આનંદ પામતી હતી.

રાજા શ્રી તિલકે સ્વયંવરનો સમારંભ કરવા ગાઠવ્યો. ભારતવર્ષના રાજકુમારોને આમંત્રણ કરવા દૂતોને તૈયાર કરવા માંડ્યા. મંડપની મનોહર ગ્ચના કરવાને ઉત્તમ કારીગરોને કામે લગાડ્યા. તિલકપુરની અંદરની અને બાહેરની ભૂમિ ઉપર ઉત્તમ ઉતારા રચવા માંડ્યા. રાજ મહેલને શૃંગારવાને અનેક જાતની તૈયારીઓ થવા માંડી. મંત્રીઓને જુદા જુદા કાર્ય ઉપર નિગી દીધા. રાધાવેધના સ્થાનમાં તેને જાણનારા ચતુર પુરૂષોને રોકવામાં આવ્યા. તિલકપુરની પ્રજા ઉમંગથી પોતપોતાના સ્થાનને સુશોભિત કરવા પ્રયત્ન કરવા લાગી " તિલકપુરની રાજકુમારી તિલકમંજરીનો સ્વયંવગ થવાનો છે. ' એવી વાત સર્વ દેશોમાં પ્રસાર પામી.

પ્રકરણ ૨૫ મું.

સ્વયવરની તૈયારી.



શસ્થળીના રાજમાર્ગમા લોકોની ભીડ હતી, વાજિત્રોના નાદ થતા હતા; રાજ્યની અનેક સામગ્રી સાથે મોટી સ્વારી નીકળી હતી. અશ્વોના હેષારવથી ભૂતળમા પ્રતિધ્વનિ પડતા હતા. બાળથી તે વૃદ્ધ સુધીના લોકો તે જોવા ટોળાબંધ આવતા હતા, **જય, વિજય, અપરાજિત** અને **જયંત** એ ચારે કુમારો એ સ્વારીના નાયક હતા. લલાટમાં તિલક મંગળ કરી, શુભ મુહૂર્ત્તે તેમણે પ્રયાણ કર્યું હતું. આ સ્વારી લક્ષ્મીદત્ત શેઠના મહેલની પાસે આવી. શ્રીચંદ્રકુમાર પોતાના પિતાની સાથે તે જોવાને ગોખ ઉપર આવ્યો, તેના મનમાં અનેક વિચારો થવા લાગ્યા. " આ રાજકુમારોની સ્વારી શા માટે ચડી હશે ? " એમ જાણવાનુ તેને કૌતુક થયું. સ્વારી તે માર્ગે થઇ આગળ પ્રસાર થઇ ગઇ. શ્રીચંદ્રના હૃદયમાં કૌતુક વધવા માંડ્યું.

લક્ષ્મીદત્ત શેઠ અને **શ્રીચદ્રકુમાર** તે વિષે વિચાર કરતા હતા, ત્યાં ગુણચંદ્ર આવ્યો. પોતાના મિત્રને નવીન સમાચાર આપવાના ઉમંગમાં તે વેગથી ચાલતો હતો. ગુણચંદ્રને જોઇ શ્રીચંદ્રકુમાર ખુશી થયો. તેના મુખ ઉપરથી તેને દેખાયું કે, તે પોતાનું કૌતુક શાંત કરી શકશે. લક્ષ્મીદત્ત શેઠ પણ તે જાણવા ઇંતેજાર થઇ રહ્યા હતા. ગુણચંદ્ર સ્મિત હાસ્ય કરતો બોલ્યો— મિત્ર ! એક નવા ખબર લાવ્યો છું, જે જાણીને તમને ઘણો આનંદ થશે શ્રીચંદ્ર બોલ્યો—સખા ! તારી આકૃતિ ઉપરથીજ મે જાણ્યું હતું. સત્વર કહે, તે શા ખબર છે ? ગુણચદ્રે કહ્યું. પ્રિય ભાઇ ! અહીથી દક્ષિણ દિશા તરફ

તિલકપુર નામે નગર છે, તે નગરનો રાજા **શ્રીતિલક** નામે છે, તેને **તિલકમંજરી** નામે એક કન્યા છે, એ ભાગ્યવતી રાજકુમારી અત્યારે ભારતવર્ષની સ્ત્રીઓના સૌદર્ય-નો નમુનો છે તિલકમંજરીના રૂપ તથા ગુણને યોગ્ય એવો પતિ મેળવવા તેના પિતા **શ્રીતિલક** એક સ્વયંવર કરે છે, તેમા **રાધાવેધ**નુ પણ રાખવામા આવ્યુ છે આજથી સતરમે દિવસે એ સ્વયવરનુ મુહુર્ત છે. તે રાજાના આમત્રણથી પ્રતાપસિહના ચારે કુમાર આજે ત્યા જાય છે. તેઓની સુંદર સ્વારી તમે હમણાજ જોઇ હશે રાજા પ્રતાપ-સિંહના મનમા શંકા છે કે, આ રાજકુમારો રાધાવેધ કરી શકશે નહીં થોડા દિવસમાજ તેઓ લજ્જા ગુમાવી પાછા આવશે ગુણના પરીક્ષક મહારાજા પોતાના પુત્રોને મોકલવા હૃદયમા ખુશી ન હતા, પણ કુમારોએ જવાનો આગ્રહ બતાવ્યો, એટલે તેઓ શાત થઇ બેશી રહ્યા. સર્વ કુમારોમા જયકુમારના મનમા વિશેષ ગર્વ છે. રાધાવેધ કરવામાં તે પો-તાને સવથી ચાલાક માને છે, અને પોતે ' સર્વ કળાઓમા નિપુણ છે ' એવુ અભિમાન ધરાવે છે

પડિતમાની પુરૂષો પોતાના મિથ્યા અહકારમા તણાઇ જાય છે, તેઓ પોતાની અહવૃત્તિમાં તદ્દન અધ થઇ જાય છે, અહકારરૂપ ગિરિ ઉપર ચડેલા પુરૂષો પોતાની દૃષ્ટિ એ ગિરિ તરફજ રાખે છે, અને છેવટે તે ઉપરથી સત્વર પાછા પડે છે. અહંકારરૂપ અધકારમાં ભ્રમણ કરનારા તેઓ ક્ષણે ક્ષણે સ્ખલના પામે છે, તે છતાં તેઓ પોતે ટટાર છે, એમ માની સ્ખલનાને બીલકુલ ગણતા નથી અજ્ઞતાને તેઓ સુજ્ઞતા માને છે, મૂઢતાને તેઓ અમૂઢતા ગણે છે, મૂર્ખતાને તેઓ વિદ્વતા માને છે, અવિચારીપણાને સુવિચારીપણું માને છે, ધૃષ્ટતા ઉપર ઉત્તમતા જુવે છે, નિરક્ષરતા અને સાક્ષરતાનો તફાવત જોઇ શકતા નથી, અને અપવિત્રતામા તેઓ પવિત્રતાની બુદ્ધિ ધારણ કરે છે—અહકારીપણાનું કટુ ફળ અનેક વાર ચાખ્યા છતા તેઓ દુરાગ્રહને છોડતા નથી.

મિત્રવર્ય ! જયકુમાર પણ તેજ પ્રમાણે રાધાવેધ કરવાનુ અભિમાન ધરાવે છે. રાજા પ્રતાપસિહ હૃદયમા જાણે છે કે, કુમારોનુ આ સાહસ છે રાધાવેધની કળા જાણ-નાર કોઇ વિરલા નર છે, તેથી તેઓ ઉદાસી ભાવે રહ્યા છે ગુણચદ્રના આવા વચન સાભળી લક્ષ્મીદત્ત શેઠ શ્રીચંદ્ર પ્રત્યે બોલ્યા— વત્સ ! રાધાવેધની કળા જોવા જેવી છે. જો એક વાર તારા જેવો ચતુર પુરૂષ તેને જુએ તો, તે કળાનો જ્ઞાતા થઇ જાય મારી ઇચ્છા એમ થાય છે કે, જો તારી મરજી હોય તો, તુ પણ ત્યાં જા, અને રાધાવેધની ઉત્તમ કળા નજરે જોઇ આવ. એ નગર અહીંથી એશી યોજન દૂર છે, ત્યા જવામાં અગાઉથી તૈયાર થવુ જોઇશે પિતાનાં આવા વચન સાભળી શ્રીચદ્રને ઉત્સાહ આવ્યો, અને ત્યા જવની ઉત્કંઠા ઉત્પન્ન થઇ, પણ તેણે મનમા શમાવી દીધી બીજા કોઇની આગળ જણાવી નહિ અનેક રાજકુમારો ત્યા જવાને તૈયાર થઇ ચાલ્યા. ભારત વર્ષના ભૂમિપતિઓમા આ વાર્તાનીજ ચર્ચા થવા માડી આ ચમત્કારી પ્રસગ જોવાને અનેક કળાવંત પુરૂષો, કવિઓ અને વિદ્વાનો જવા લાગ્યા તિલકપુરમા લોકોની મેદિની મોટી સખ્યામા ભરાણી સર્વ દેશના વિવિધ ભાષા, વિવિધ વેશ અને વિવિધ રીતિવાળા પુરૂ-

પોથી તિલકપુરની ભૂમિ જાણે ભારતવર્ષનું સંગ્રહ સ્થાન હોય, તેમ દેખાવા લાગી. આ સર્વ વાતો શ્રીચંદ્રના જાણવામાં આવતા તેને વિશેષ ઉત્કંઠા ઉત્પન્ન થઇ.

એક વખતે શ્રીચંદ્રે ગુણચંદ્રને પૂછ્યું, મિત્ર ! હવે તિલકપુરમાં ક્યારે જવુ ? સ્વયંવરના મુહૂર્તનો દિવસ નજીક આવતો જાય છે. આપણે બરાબર સમય ઉપર ત્યાં પહોચવું જોઇએ. રાધાવેધની કળા જોવાની મને ઘણી હોંશ છે. ગુણચંદ્ર બોલ્યો— મિત્ર ! ચિંતા કરો નહિ. આપણી પાસે ત્યાં જવાનુ સાધન સર્વોત્તમ છે. આપણો સુવેગ રથ એક દિવસે ત્યાં પહોચી શકશે. એંશી યોજનનો મહા માર્ગ સુવેગ રથથી કાંઇપણ અસાધ્ય નથી. સુવેગ આપણા એ અસાધ્ય કાર્યને સહેલાઇથી સાધી શકશે. મહાવેગ અને વાયુવેગ અશ્વોની ગતિ પવનથી પણ અધિક છે. શ્રીચંદ્રે ફરીથી ગુણચંદ્રને પૂછ્યુ, મિત્ર ! તમારૂ કહેવુ યથાર્થ છે, પણ મને એક શંકા રહે છે. તિલકપુરનો માર્ગ આપણે જાણતા નથી, તો તેનું શું થશે ? ગુણચંદ્ર ગર્જનાથી બોલ્યો, મિત્રરત્ન ! એ ચિંતા કરશો નહિ. તિલકપુરનો માર્ગ આજે અજ્ઞાત રહેશે નહિ. તિલકમંજરીના સૌંદર્યે ભારતવર્ષના રાજસમાજને આકર્ષ્યો છે, એ માર્ગ ઉપર શ્રેણીબંધ ગમનાગમન થતું હશે. કદિ આપણે ટુંકી મુદતમાં જવાના છીએ, એટલે તે માર્ગનો પ્રવાહ તુટ્યો હોય, તોપણ આપણને કાંઇ પણ હરકત આવશે નહિ. આપણો ધનંજય સારથિ સર્વ દેશના માર્ગનો જ્ઞાતા હશે, દરેક માર્ગનું જ્ઞાન સારથિને હોવુ જોઇએ ધનંજય સર્વોત્તમ સારથિ છે, ભારતવર્ષનાં પ્રખ્યાત નગર, ગામ અને અરણ્યનો એ ઉત્તમ જ્ઞાતા હશે, તો તે પણ શંકા રાખશો નહિ

આ પ્રમાણે શ્રીચંદ્ર અને ગુણચંદ્ર વાર્તા કરતા હતા, ત્યાં લક્ષ્મીદત્ત શેઠ આવ્યા. પિતાને બંને મિત્રોએ માન આપ્યુ શેઠ બોલ્યા, વત્સ શ્રીચંદ્ર ! કેમ તિલકપુર જવા તૈયાર થતા નથી ? હવે માત્ર એકજ દિવસ બાકી છે સોળ દિવસ થઇ ગયા, તોપણ કેમ તૈયારી કરતા નથી ? વત્સ ! આ અવસર ચુકવા જેવો નથી રાધાવેધની કળા તારા જેવા ચતુર પુરૂષનેજ દર્શનીય છે. તને એ કળા દર્શાવવાની મને પણ ઉત્કંઠા છે. પૂર્વના ગૃહસ્થઓમાં રાધાવેધનુ ચાતુર્ય સર્વોત્તમ ગણાય છે ધનુર્વિદ્યામાં દર્શાવેલ લક્ષ્યવેધની કળાના ચાતુર્યની પરીક્ષા રાધાવેધ છે ક્ષત્રિય કુમારોનું અદ્ભૂત બળ, શક્તિ અને શસ્ત્ર અસ્ત્રનું ચાતુર્ય રાધાવેધમા ચરિતાર્થ છે. પુત્ર ! જૈન મહાવીર પુરૂષોના ચરિત્રોમાં એ કળા વિષે મે ઘણું સાંભળેલુ છે, તેમજ તે કળાને પ્રત્યક્ષ જોનારાઓના મુખથી મેં તેનુ યથાસ્થિત વર્ણન દૃષ્ટવત્ જાણેલું છે. વત્સ ! તુ સત્વર તૈયાર થ, જો જવાની ઇચ્છા હોય તો, વિલંબ કરવો યોગ્ય નથી, આવો અવસર પુનઃ મળવો દુર્લભ છે પિતાના વચન સાંભળી શ્રીચંદ્રને વિશેષ ઉત્સાહ થયો, તેણે તેજ રાત્રે જવાનો નિશ્ચય કર્યો સંધ્યાકાળે સુવેગ રથને તૈયાર કરવા ધનંજયને આજ્ઞા આપી. બંને મિત્રો તૈયાર થઇ સજ્જ થયા

સાયંકાળ પછી સુવેગ રથમા બેસી તેઓ કુશસ્થળીની બાહેર નીકળ્યા. લક્ષ્મીદત્ત શેઠ શિવાય બીજુ કોઇ આ વાર્તા જાણતુ નહોતુ ચતુર ધનંજયે સુવેગ રથને વેગથી દક્ષિણમા હંકાર્યો તિલકપુરનો માર્ગ તેના જાણવામા હતો સુવેગ રથ, પર્વત, વન, સ



રોવર, નગર અને અનેક નદીઓને ઉલ્લંઘન કરતો વેગથી ચાલ્યો. પ્રાતઃકાળે પૂર્વ દિશામાં સૂર્યની જેમ તિલકપુરના નજિકના પ્રદેશમાં સુવેગ રથનો ઉદય થયો. અનેક રાજકુમારોની છાવણીઓથી, ઉત્તમ રાજવંશીઓના ઉતારાથી અને વિવિધ દેશના લોકોના સમૂહથી સુશોભિત એવું તિલકપુર શ્રીચંદ્રની દૃષ્ટિએ પડયું. તિલકપુરની શોભા જોઇ, શ્રીચંદ્રે ગુણચંદ્રને કહ્યું, મિત્ર ! પુણ્ય યોગે ઇચ્છિત સ્થાનમા આવી પહોંચ્યા છીએ. જો, આ તિલકપુર કેવું શોભે છે ? આ મહા નગર અત્યારે ભારતવર્ષનું રાજનગર બન્યું છે. ગુણચંદ્રે પણ તેને અનુમોદન આપ્યું. પછી બંને મિત્રો એક જુદા સ્થાનમાં સુવેગ રથને સારથિ સહિત રાખી પ્રાતઃકાળની નિત્ય આવશ્યક ક્રિયા કરી સ્વયંવર મંડપ તરફ ગયા.

પ્રકરણ ૨૬ મું.

રાધાવેધ.



આજે તિલકપુરમા સ્વયંવરના સમારંભનો દિવસ હતો, વિવિધ દેશના રાજકુમારો ઉત્તમ શ્રૃંગારવાળા વેષ ધારણ કરી, મંડપમા આવતા હતા, લોકોના સમૂહને એક તરફ કરવાને રાજપુરૂષોને મહા પ્રયત્ન કરવો પડતો હતો, ગાડી, ઘોડાની ધમાલ ચાલતી હતી, વાજીંત્રોના શબ્દોથી નભોમંડળ ગાજી રહ્યું હતું, તિલકપુરની પ્રત્યેક શેરીઓ શણગારવામા આવી હતી, નગરના પ્રતિષ્ઠિત પુરૂષો રાધાવેધ જોવાને સ્વયંવર મંડપમાં શ્રેણીબંધ આવતા હતા.

આ વખતે શ્રીચંદ્રકુમાર પોતાના મિત્ર ગુણચંદ્રને લઇ સ્વયંવર મંડપમા આવ્યો. શ્રીચંદ્રકુમાર કાંઇ રાજકુમાર ન હતો, તે વણિક કુમાર હતો. તેને મંડપની અંદર રાજકુમારોની બેઠકમા સ્થાન મળે તેમ નહતું, તેથી તે પોતાના મિત્રની સાથે જ્યાં પ્રેક્ષક લોકોની બેઠક હતી, ત્યાં બેઠો. તે રાજકુમાર ન છતાં રાજકુમારના જેવો તેજસ્વી હતો. તેના તેજના પ્રભાવથી મંડપના રક્ષકો વિચારમા પડયા હતા. શ્રીચંદ્રને જોતાંજ તેઓના મનમા રાજકુમારની શંકા થઇ હતી, પણ જ્યારે શ્રીચંદ્રે જુદી સામાન્ય બેઠક લીધી, એટલે તેઓને ' એ રાજકુમાર નથી, ' એમ નિશ્ચય થયો. શ્રીચંદ્રકુમાર સ્વયંવર મંડપની રચના જોવાને અંદર ફરવા લાગ્યો. રાજાઓની બેઠક માટે સુંદર માચડાઓ ગોઠવવામાં આવ્યા હતા. માચડાની અંદર મખમલની સોનેરી ગાદીઓ પાથરેલી હતી. મંડપના સ્તંભ ઉપર ઉત્તમ કારીગરી કરવામા આવી હતી. પ્રત્યેક સ્તંભમાં રાજાઓના પ્રતિબિંબ પડવાથી અદ્‌ભુત દેખાવ થઇ રહ્યો હતો. મંડપની ઉપર સુવર્ણ અને રત્નજડીત તોરણો બાંધેલા હતા, તેની બાહેર સુંદર ધ્વજાઓની શ્રેણીઓ અપૂર્વ શોભા દર્શાવતી હતી, સોનેરી પડદાઓ અને વિચિત્ર જાતના ચિત્રોની લક્ષ્મી અપૂર્વ હતી. આ દેખાવ જેતો જેતો [illegible] રાધાવેધના સ્થાન આગળ આવ્યો

રાધાવેધનું સ્થાન સ્વયંવર મંડપની એક બાજુ ગણવામાં આવ્યું હતું. એક મજબુત અને ઉંચો સ્તંભ રોપવામાં આવ્યો હતો, તેની ઉપર અવળા અને સવળા આઠ ચક્ર ફરતાં હતાં, તેની મધ્યે રાધા નામની એક ફરતી પુતળી હતી, તે સ્તંભ નીચે તેલનો કુંડ હતો, તેમાં એ ફરતાં ચક્રની સાથે રાધાનું પ્રતિબિંબ પડતું હતું. નીચે દૃષ્ટિ રાખી પ્રતિબિંબને જોઇ, ઉપર ફરતી એવી રાધાની વામ દૃષ્ટિને જે પુરૂષ બાણથી વીંધે, તેણે રાધાવેધ કર્યો કહેવાય. આવી રીતે રાધાવેધ કરનાર ભાગ્યવાન્ પુરૂષને રાજકન્યા પ્રાપ્ત થાય—આ રાધાવેધની રચના જોઇ, શ્રીચંદ્રકુમાર ઘણોજ ખુશી થયો. તે ચતુર કળામાં પોતાના અગાધ બુદ્ધિબળને તે સ્ફુરાવવા લાગ્યો, અને દીર્ઘ વિચાર કરી, તે કાર્ય કરવાની હિમ્મત તેને પ્રાપ્ત થઇ.

રાધાવેધની ક્રિયાનું મનન કરતો શ્રીચંદ્ર પોતાના સ્થાન ઉપર પાછો આવ્યો ક્ષણવાર પછી વાજિત્રોના નાદ સાથે રાજકુમારી તિલકમંજરી સુંદર પોશાક પહેરી હાથમાં વરમાળા લઇ સ્વયંવર મંડપમાં આવી. રાજકન્યાના સુખાસન આગળ અનેક દાસીઓ દેવીઓના જેવી ચાલતી હતી. સ્વયંવર મંડપ રાજકુમારોથી ચિકાર ભરાઇ રહ્યો હતો, રાજકન્યાના સૌંદર્યથી રાજમંડળ આકર્ષાઇ ગયું, આશાના તરંગમાં સર્વ રાજકુમારો ઉછળવા લાગ્યા. રાજા શ્રીતિલક પોતે પોતાના ખાસ માણસો સાથે ત્યાં હાજર થયો. તિલકમંજરીનાં મુખચંદ્ર ઉપર બધું રાજચક્ર ચકોરચેષ્ટા કરવા લાગ્યું. તે વખતે બધો સ્વયંવર મંડપ ખળભળી ચાલ્યો. બાણાવલી મદન ધનુષ્ય બાણ લઇ સર્વના મનોરાજ્ય પર તુટી પડ્યો. સર્વના હૃદયમાં કામવિકારનો પ્રૌઢ પ્રવાહ વહેવા માંડ્યો.

ક્ષણવાર પછી શ્રીતિલકની આજ્ઞાથી મુકુંદ નામના એક ભાટે ઉભા થઇ જાહેર કર્યું કે, જે કોઇ રાજકુમાર આ રાધાવેધ કરશે, તેને રાજકુમારી તિલકમંજરી પોતાની વરમાળા પહેરાવશે. તેનાં આવા વચન સાંભળી રાજાઓ ઉંચાનીચા થવા લાગ્યા. પ્રથમ શ્રીષેણ અને હરિષેણ રાજા ઉભા થયા. રાધાવેધ કરવાને ઘણો પ્રયત્ન કર્યો, પણ તે વ્યર્થ થયો. તે પછી બીજા રાજકુમારો ઉભા થયા. તિલકમંજરીના લાભને માટે સર્વે ઘણો પ્રયત્ન કરવા લાગ્યા, પણ કોઇ કૃતાર્થ થયા નહિ. કોઇ જોરથી બાણ નાખતાં ભુમિ ઉપર પડી જતા, તે વખતે લોકો હાસ્ય કરતા હતા. કોઇ ધનુર્વિદ્યાના અભ્યાસી ગર્વથી ઉભા થતા, પણ છેવટે તેઓ વિલખા થઇ બેસી જતા હતા. કોઇના ધનુષ્યની પણછ તુટી જતી, એટલે તેઓને કન્યાને બદલે હાસ્યનો લાભ થતો હતો. કોઇ ઉંચા હાથ કરી બાણ ફેંકતા તેઓ પાછા નીચે પડી જતા, અને સર્વના ઉપહાસ્યનું પાત્ર થતા.

ક્ષણ વાર પછી કુશસ્થલીના જય વિગેરે કુમાર બદ્ધ પરિકર થઇ બેઠા થયા. પ્રથમ જયકુમારે ગર્વથી બાણનો પ્રવાહ કર્યો. રાધાવેધ્ર કરતાં પોતાનાજ અંગ વસ્ત્રનો વેધ્ર થઇ ગયો. બીજા જયંત વિગેરેનો પ્રયાસ પણ નિષ્ફળ થયો. તત્કાળ તેમનો મદ ઉતરી ગયો. વિલક્ષ મુખે તેઓ પાછા પોતાને આસને બેઠા, તે જોઇ શ્રીચંદ્ર અને ગુણચંદ્રને હાસ્ય આવ્યું. તે પછી કામપાળ, વામાંગ, અને શુભગાંગ રાજાઓ ઉભા થયા. તેઓ ક્ષત્રિઓમાં ધન્વી ગણાતા હતા. ક્ષણ વાર પછી તેમને પણ નિસ્તેજ થઇ એ

[illegible] કરો લક્ષ્મીદત્ત શેઠની પેઠ સમૃદ્ધિમાં વધારો કરો, અને તમામ [illegible] રાજ કન્યાનું સ્થાપન કરો. આવી રીતે ગુણચંદ્રના આગ્રહથી, અને તેની [illegible] પ્રેરણાથી શ્રીચંદ્રકુમાર પોતાના સામાન્ય આસનમાંથી બેઠો થઇ રાધાવેધના સ્થાન પાસે આવ્યો. સર્વ સમાજ તેની સામે જોઇ રહ્યો. રાજા શ્રીતિલક અને તિલકમંજરીના હૃદયમાં પાછી આશારૂપ લતા પુનઃ સજીવન થઇ, શ્રીચંદ્રની મનોહર મૂર્તિ, અને [illegible] સૌંદર્ય જોઇ, તિલકમંજરી મોહ પામી ગઇ. તેણીએ ચિંતવ્યું કે, આ [illegible] કુમાર પિતાજીના કઠિન પણને પૂર્ણ કરજો, તેના પુણ્યની પ્રબળ લતા તેને [illegible]. અને શાસન દેવી તથા ગોત્ર દેવી મારા મનોરથને સફળ કરજો. તિલકમંજરી [illegible] ચિંતવતી હતી. ત્યાં શ્રીચંદ્રકુમાર રાધાવેધના સ્થાન આગળ આવી ઉભો રહે [illegible] સહસ્ર દ્રષ્ટિઓ એકી સાથે તેની ઉપર પડી ' આ કુમાર શું પરાક્રમ [illegible] સર્વ જોવા લાગ્યા. શ્રીચંદ્રે પ્રથમ ઇષ્ટનું સ્મરણ કરી, પોતાના [illegible] નમન કરી, ધનુષ્ય બાણ તૈયાર કર્યા. સમુદ્રની જેમ તેણે ધનુષ્યનો ટંકારવ કર્યો, [illegible] મંડપ ગાજી ઉઠ્યો. ચતુર શ્રીચંદ્રે અધોદ્રષ્ટિ કરી સ્તંભ ઉપર [illegible] રાધાને તીર મારી વીંધી નાખી. રાધાવેધ થતાંજ સર્વ [illegible], તે સાથે વાજિંત્રોનો મહા ધ્વનિ કરવામાં આવ્યો. રાજકુ[illegible] પ્રફુલ્લિત થઇ ગયું. રાજા શ્રીતિલક, તેનો સર્વ પરિવાર [illegible] લાગ્યો " આ કોનો કુમાર છે ? " તેના ભાગ્ય, રૂપ, બળ, [illegible], એમ રાજાઓ પરસ્પર કહેતા, તેને જોવા ઉઠ્યા. રા[illegible] સુખાસન ઉપરથી ઉતરી તેની પાસે આવ[illegible] રાધાવેધના સ્થાન આગળ થઇ પડી. તે વખતે શ્રીચંદ્ર [illegible] લોકોના સંમર્દમાં વચ્ચે પડી ગુપ્ત રીતે આગળ ની[illegible] [illegible] ત્યાં આવી સત્વર તે તૈયાર [illegible] [illegible] ઉગ્ર [illegible] તે બાજુ દૂર નીકળી ગયો.

પ્રકરણ ૨૭ મું.

શ્રીચદ્રને ધન્યવાદ.



પ્રાતઃકાળે લક્ષ્મીદત્ત શેઠ નિત્ય ક્રિયા કરી બેઠા હતા, તેના મનમાં પુત્ર શ્રીચદ્ર કુમારનાજ વિચાર આવતા હતા. " પુત્ર શ્રીચદ્રનુ શુ થયું હશે ! તેના પ્રયાણ વખતે સ્વયવરના મૂહૂર્તનો એકજ દિવસ અવશેષ હતો, તે બરાબર યોગ્ય સમયે પહોચ્યો તો હશે, રાધાવેધની ઉત્તમ કળા તેના જોવામા તો આવી હશે, કોઇ અંતરાય તો નહિ થયેલ હોય ? અથવા પુણ્યવત પ્રાણીનો સર્વત્ર વિજય થાય છે તેના વાછિત કાર્ય સિદ્ધ થયા વિના રહેતા નથી શ્રીચંદ્રનુ પુણ્યબળ અસાધારણ છે, તેના ધાર્મિક હૃદયના વિચારો નિર્વિઘ્ને સફળજ થાય છે." આ પ્રમાણે શેઠ લક્ષ્મીદત્તનું હૃદય ચિતા અને આનદની વચ્ચે આંદોલન થતુ હતુ, ત્યા શ્રીચદ્રકુમારને ગૃહદ્વારમાં આવતો જોયો શ્રીચદ્રના દર્શનથી સમુદ્રની જેમ શેઠનું હૃદય ઉલ્લાસ પામી ગયુ હર્ષના આવેશથી બેઠા થયા, અને પુત્રને ભેટવા સામા આવ્યા શ્રીચદ્ર પિતાના ચરણમા નમી પડયો પુત્રને બેઠો કરી, પિતાએ આલિગન આપ્યુ, વિનયથી પ્રણામ કરતા એવા ગુણચદ્રને પણ શેઠે અભિનદન આપ્યું પિતાએ પુત્રને સન્મુખ બેસાર્યો, અને રાધાવેધનો સર્વ વૃત્તાત કહેવાને કૌતુકથી જણાવ્યુ

આ વખતે શ્રીચદ્રની માતા લક્ષ્મીવતી પણ ઘરમાથી આવી, પુત્રને કુશળતા પુછી દુખડા લીધા. માતા પણ હર્ષિત વદને તે વૃત્તાત સાભળવાને આગળ બેઠી માતા પિતાની આવી ઉગ્ર ઉત્કંઠા જોઇ શ્રીચદ્ર વિચારમા પડયો પોતે કરેલ રાધાવેધનુ મહાન્ કાર્ય સ્વમુખે વર્ણન કરવું, તેને યોગ્ય લાગ્યુ નહીં તેણે ગુણચદ્રની સામે દ્રષ્ટિ કરી.

ઉત્તમ પુરૂષો કદિ પણ આત્મ પ્રશસા કરતા નથી આત્મશ્લાઘા કરવી, એ મહાન્ અવિનય છે, પોતાને મુખે પોતાની પ્રશસા કરવી, એ વ્યવહાર તથા ધર્મ નીતિથી વિરૂદ્ધ છે, બીજાના ગુણ પરમાણુ જેવા હોય, તેને પ્રશસાથી પર્વત સમાન કરનારા જે સજ્જન પુરૂષો છે, તેઓ પેતાનામાં ગુણ દ્રષ્ટિએ જોતા નથી જેમ રમણિય એવા મહેલમા આવેલી પિપીલીકા (કીડી) છિદ્રજ જુવે છે, તેમ આત્મશ્લાઘી પુરૂષો બીજામાં દોષજ જુવે છે, અને પોતાનામા ગુણ જુવે છે. આત્મશ્લાઘા કરવાથી અહકાર ઉત્પન્ન થાય છે, અને અહકાર અનેક કુકર્મને બધાવે છે " મારા જેવો કોઇ ઉદાર, ધર્મિષ્ટ અને પવિત્ર પુરૂષ નથી, મે અનેક પ્રાણીઓના ઉપકાર કરેલા છે, મારી આગળ કયો પુરૂષ ટકી શકે તેમ છે ? " આ પ્રમાણે આત્મશ્લાઘાના વચનો તેના વક્તાને કેવી લજ્જા આપે છે "

આથી શ્રીચદ્ર પોતે કરેલા રાધાવેધની વાર્તા કહી શક્યો નહીં સજ્જન મિત્રો [illegible] તેથી તેણે પોતના મિત્ર ગુણચદ્રની

કહ્યુ, શ્રીચદ્રકુમારને શાબાશી ઘટે છે, તેના રૂપ, કાંતિ, વિદ્યા અને કળા ગુણ કૃતાર્થ છે, તેના જીવિતને ધન્ય છે હજારો રાજકુમારોમા તેણે પોતાની ધન્વી કળા દર્શાવી આપી છે. ભારતના ક્ષત્રિય વીરોને પોતાના પ્રભાવિક તેજથી ઝાખા પાડયા છે શ્રીચંદ્રના માતા પિતાને પણ ધન્યવાદ ઘટે છે પ્રતાપે એમ તેની ઘણી પ્રશસા કરી, પછી મત્રીને કહ્યુ, મત્રી ! શ્રીચદ્રે આ ચમત્કારી કાર્ય કરી, આપણા યશને વધાર્યો છે. જેમ જયકુમાર વિગેરે મારા પુત્રો છે, તેમ હુ શ્રીચંદ્રકુમારને ગણુ છુ. આ મહત્ કાર્ય કરી, પ્રતાપી શ્રીચદ્રે મારી કીર્ત્તિને દિગંતમા ફેલાવી છે લોકો કહેતા હશે કે, “ કુશસ્થલીના રાજા પ્રતાપસિહની પ્રજા અને ધનુર્વિદ્યામા નિપુણ એવા શ્રીચંદ્રકુમારે તિલકપુરમા રાધાવેધ કર્યો છે ” આ પ્રમાણે તેના નામની સાથે મારા નામનુ યશોગાન જગતમા થતું હશે એ પ્રભાવી વણિક કુમારે મારી નામના વધારી છે. મત્રીશ્વર ! મને આશ્ચર્ય થાય છે કે, એ શ્રીચદ્રકુમાર આ કળા કયાથી શીખ્યો હશે ? લઘુ છતા અલઘુ જેવા પરાક્રમ કરાનારો તે કેવી રીતે થયો ? તેનામા વિવેક, નીતિ, ગાંભીર્ય, ધૈર્ય અને શમતા એ ગુણો કયાથી આવ્યા ? તે કોઇ દૈવિક અને ચમત્કારી પ્રભાવવાળો છે મત્રી બોલ્યો—મહારાજ ! આપ કહો છો, તે બધુ આશ્ચર્યકારી છે, પણ મને તો એક બીજું આશ્ચર્ય થયુ છે એ પરાક્રમી શ્રીચદ્રકુમારને હુ હમેશાં અહીંજ જોઉ છુ. તે તિલકપુરમા કયારે ગયો હશે ? અને રાધાવેધ કરી પાછો કયારે આવ્યો હશે ? એ કાંઇ સમજ પડતી નથી અહીંથી એંશી યોજન દુર રહેલા તિલકપુરમા શ્રીચદ્રનુ જવુ, અને ત્યાથી પાછું આવવુ એ અકસ્માત્ કેમ બને ? રાજેદ્ર ! આ વાતમાં મને ઘણુંજ આશ્ચર્ય થાય છે. મારા બધુનો પુત્ર ગુણચદ્ર તેનો મિત્ર છે, તે હમેશા તેની સાથે જાય છે, અને આવે છે, તેથી હું સારી રીતે જાણુ છું કે, આ વાતમા કાઇક ચમત્કાર છે. મત્રીના વચન સાભળી રાજા પ્રતાપસિહને વિશેષ આશ્ચર્ય થયુ તેના હૃદયમા તે જાણવાની પ્રબળ ઇચ્છા થઇ આવી. તત્કાળ તેણે ગુણચદ્ર, લક્ષ્મીદત્ત શેઠ અને શ્રીચદ્રને સાથે તેડી લાવવા એક દુતને આજ્ઞા કરી દુતના કહેવાથી તેઓ સર્વે રાજા પ્રતાપસિહની આગળ આવ્યા પ્રતાપે ઘણા હર્ષથી શ્રીચદ્રનો સત્કાર કર્યો, પોતે ઉઠીને શ્રીચદ્રને ભેટી પડયો, અને લક્ષ્મીદત્ત શેઠ તથા ગુણચદ્રને અભિનદન આપ્યુ પ્રતાપસિહે મોટી સભા ભરી તેની સમક્ષ ઉભા થઇને નીચે પ્રમાણે ભાષણ કર્યુ

શેઠ લક્ષ્મીદત્ત ગુણચદ્ર, સામત, તથા મિત્રવર્ગ, અને ગૃહસ્થો ! મને કહેવાને હર્ષ થાય છે કે, મારી પ્રજામા અગ્રેસર ગણાતા અને આર્હત ધર્મના પૂર્ણ રાગી, શેઠ લક્ષ્મીદત્તના પુત્ર શ્રીચદ્રકુમારે ભારત વર્ષના ભૂમિપતિઓની સમક્ષ તિલકપુરમા રાધાવેધ કર્યો, તેને માટે હુ તેને અતઃકરણથી ધન્યવાદ આપું છું. જે કાર્ય ક્ષાત્ર ધર્મના ધુરધર એવા ક્ષત્રિય વીરોથી થઇ શકતું નથી, તે કાર્ય એક વણિક પુત્ર શ્રીચદ્રકુમારે ક્ષણવારમા કરી બતાવી સ્વયવરના સમાજને, અને આપણ સર્વને આશ્ચર્યમા નાખી દીધા છે તે ધર્મવીર, અને કલાવીર કુમારને સહસ્ત્રગણી શાબાશી ઘટે છે. પૂર્વે ભારત ભૂમિ ઉપર [illegible] ક્ષત્રીઓએ જે કીર્ત્તિ પ્રાપ્ત કરી હતી, તેવીજ કીર્ત્તિ મારા એક પ્રજાજન [illegible] પુર્ણ સંતોષ થાય છે. [illegible] કળામા નિપુણ

અને લક્ષ્યવેધમાં અગ્રણી એવા ક્ષત્રિયોજ કહેવાતા હતા, તે ક્ષત્રિયોને શ્રીચંદ્રરૂપી ચંદ્રે આ ભારત ભૂમિમાં તારાની જેમ નિસ્તેજ કરી દીધા છે. શ્રીચંદ્રકુમારના આ પરાક્રમથી મને પણ સત્કીર્ત્તિ પ્રાપ્ત કરાવનાર, અને વિશ્વમાં વિખ્યાત કરાવનાર એ કુમારનો હું ઉપકાર માનું છું. આવી ઉત્તમ કળાનું તેનું ચાતુર્ય જોઇ તેની વિદ્યા અને કળાના શિક્ષક ગુરૂને પણ ધન્યવાદ ઘટે છે. સુપાત્રમાં આપેલી વિદ્યા અને કળા કેવી ખીલી નીકળે છે ! એ કહેવત શ્રીચંદ્રે સિદ્ધ કરી આપેલ છે. મારા રાજ્યમાં આવા એક વિદ્વાન અને કળા કુશળ પુરૂષ હોવાથી હું મારી કુશસ્થળી રાજધાનીને અલંકૃત માનું છું, છેવટે રાધાવેધ કરનાર શ્રીચંદ્રકુમારને અભિનંદન સહિત આશિષ આપું છું કે, તેઓ સર્વદા આવા કીર્ત્તિવંત કાર્યમાં વિજયી થાય, અને લક્ષ્મીદત્ત શેઠની રાજ્ય સમાન સમૃદ્ધિને સુખ સાથે ચિરકાર ભોગવે.

પ્રતાપસિંહના આવા ભાષણથી જયકુમાર શિવાય સર્વે શ્રોતાઓ ખુશી થયા, પછી ગુણચંદ્રે શ્રીચંદ્રકુમારે કરેલા એ મહત્ કાર્યનું રાજા પ્રતાપની આગળ વર્ણન કરી બતાવ્યું. રાધાવેધ કરનારને રાજકન્યા મળવી જોઇએ, તો શ્રીચંદ્રકુમારને તેનો લાભ કેમ ન થયો ? એ રાજાના પ્રશ્નનો ગુણચંદ્રે ખુલાસો કરી બતાવ્યો, જે સાભળી પ્રતાપસિંહે શ્રીચંદ્રની પિતૃભક્તિની પ્રશંસા કરી, તેમ વળી શ્રીચંદ્રકુમાર આઠ પહોરમા ત્યાં પહોંચ્યા, અને પાછા તેટલાજ સમયમા આવી પહોચ્યા. એ સુવેગ રથનો ચમત્કાર ગુણચંદ્રે સર્વની સમક્ષ મહારાજાને જણાવ્યો. આ પ્રસંગે પ્રતાપસિંહે ગુણચંદ્રની મૈત્રીને પણ ધન્યવાદ આપ્યો.

ત્યાર પછી સભા વિસર્જન કરી પ્રતાપસિંહે શ્રીચંદ્રકુમારને પોષાક આપ્યો, અને ગાજતે વાજતે સર્વ સામંત તથા મંત્રી વર્ગ સાથે તેને ઘેર વિદાય કર્યો. આ પ્રસંગે લક્ષ્મીદત્ત શેઠનું ઘર ઉત્સવમય થઇ રહ્યુ હતું, તેના સુશોભિત મંદિરમા નૃત્ય, ગીત અને સંગીત થવા લાગ્યાં, નગરના લોકો ઉમંગથી શેઠની આગળ આનંદ દર્શાવવા આવવા લાગ્યા, પુત્રના વિજયથી હર્ષ પામેલા શ્રાવક મણી શેઠ લક્ષ્મીદત્તે જિનચૈત્યમાં પૂજા, આગી અને સ્નાત્ર કરાવ્યાં. કુશસ્થલી નગરીના બાળથી તે વૃદ્ધ સુધી સર્વના મનમા અત્યંત હર્ષ થયો હતો.

પ્રકરણ ૨૮ મું.

તિલકપુરમાં ખળભળાટ.



શ્રી ચંદ્રકુમાર રાધાવેધ કરી લોકોના સમૂહમાંથી ગુપ્ત રીતે પ્રસાર થઇ ચાલ્યો ગયો, તે કોઇના ધ્યાનમાં રહ્યું નહીં. રાજા શ્રીતિલક અને તેનો પરિવાર હર્ષના આવેશમાંજ મગ્ન થઇ રહ્યો હતો, તિલકકુમારી પોતાને વાંછિત પતિના લાભના આનંદમાં મશગૂલ હતી. ક્ષણ વારે રાજા શ્રીતિલકે આજ્ઞા કરી કે, એ મહાવીર કુમારને અહીં લાવો, રાજકુમારી તિલકમંજરી તેના કંઠમાં વરમાળા આરોપણ કરે રાજલોક રાધાવેધની પાસે એ કુમારને લેવા આવ્યા, ત્યાં તે જેવામાં આવ્યો નહીં આસપાસ ઉભેલા પ્રેક્ષકોને પૂછવા લાગ્યા કે, એ વીર કુમાર ક્યાં છે? સર્વને સંભ્રમ થઇ ગયો, રાધાવેધ કરનાર ક્યાં છે? તેની કાંઇ ખબર પડી નહીં રાજપુરૂષોએ દોડતા આવી રાજાને ખબર આપ્યા—મહારાજ! તે કુમાર રાધાવેધ કરી ક્યાં ગયા? તે કોઇને ખબર નથી. રાજા ચમકી ઉઠયો, સામંત અને મંત્રીઓ સંભ્રમથી આસપાસ શોધવા લાગ્યા, જન સમૂહમાં પ્રત્યેકને જેવા લાગ્યા, કોઇ જેવામાં આવ્યું નહીં આ ખબર સાંભળી તિલકમંજરીને મૂર્છા આવી, ક્ષણ વાર પછી સાવધાન થઇ દાસીઓની સમક્ષ તેણીએ વિલાપ કરવા માંડયો—મારા પ્રાણાધાર! તમે ક્યાં ચાલ્યા ગયા? આ કુમારીએ તમને તન, મન અને ધન અર્પણ કર્યા છે, તમે રાધાવેધની સાથે મારા હૃદયનો પણ વેધ કર્યો છે. પ્રાણેશ! આમ હૃદયની ચોરી કરી ક્યાં ગયા? હું તમને વરી ચુકી છું, જો તમે નહીં આવો તો, આ શરીર અગ્નિને આપીન થશે તિલકમંજરીની માતા રતિને અપાર શોક થયો. સ્વયંવરની સાર્થકતા વ્યર્થ થવાથી પોતાની પુત્રીનું શું થશે? એ મહા ચિંતા તેને થઇ પડી. શ્રીતિલકનો મુખ્ય મંત્રી ધીર વિચારમાં પડયો, તે પોતાના બુદ્ધિ બળથી અનેક તર્ક વિતર્ક કરવા લાગ્યો, સ્વયંવરમાં આવેલો રાજવર્ગ આશ્ચર્યમાં પડયો, અને ચિંતવવા લાગ્યો કે, આ બનાવ અદ્ભુત લાગે છે, કોઇ વિદ્યાધર કે દેવતા છળવાને આવ્યો હશે? અથવા શ્રીતિલક રાજાના કોઇ શત્રુનો આમાં હાથ હશે? તિલકપુરની પ્રજામાં ઘેર ઘેર આ ચર્ચા થવા માંડી, રાજ્ય ભક્ત પ્રજાના મનમાં પોતાના મહારાજાની ચિંતાને માટે શોક થઇ પડયો. પ્રજાવર્ગના પ્રત્યેક મનુષ્ય શ્રીતિલક રાજાને સહાય આપવા, પેલા નાશી જનાર કુમારની શોધ કરતા હતા, પણ કોઇને પત્તો મળ્યો નહી

જ્યારે શ્રીચંદ્ર રાધાવેધ કરી પ્રસાર થઇ ગયો, ત્યારે એક **વીણારવ** નામના ગાયકના જેવામાં તે આવ્યો હતો તે ચતુર ગાયકે તેને ઓળખી લીધો હતો. વીણારવ ગાયક શ્રીતિલક રાજાનો આશ્રિત હતો અનેક રાજ્યોમાં ઉત્તમ પ્રસંગે તેને આમંત્રણ કરવામાં આવતું હતુ. તે ગાયન કળામાં અત્યંત નિપુણ હતો. જ્યારે વીણા લઇ તે ગાવા બેસતો, ત્યારે શ્રોતાઓ તલ્લીન થઇ જતા હતા તેના કંઠ માધુર્યથી મોટા મોટા ગાંધ-

કાઓ તેને આધીન થઇ જતા હતા. જેવો તે ગાયન કળામાં નિપુણ હતો, તેવોજ તે રાજકાર્યમા પણ હતો. રાજ્યની ખટપટ કરવાનુ સામર્થ્ય તેની બુદ્ધિમાં રહેલું હતુ, તે છતા તે કોઇનો અપકાર કરતો નહીં હમેશાં ઉપકાર કરવાની તેની ટેવ હતી, કાઇ પણ મુશ્કેલી ભરેલુ કાય જો પરોપકારી હોય, તો તે સિદ્ધ કરવાને વીણારવ આગળ પડતો હતો. ભારત વર્ષના પ્રખ્યાત રાજ્યકર્ત્તાઓને અને રાજકુમારોને તે ઓળખતો હતો કોઇ રાજ્યમા કાઇ પણ નવીન બનાવ બને તે તરતજ વીણારવના જાણવામા આવતો હતો.

જ્યારે શ્રીચદ્ર રાધાવેધ કરવા ઉઠયો, ત્યારે તરતજ વીણારવે તેને ઓળખી લીધો હતો. તેણે જાણી લીધુ કે, આ શ્રીચંદ્રકુમાર કુશસ્થલી નગરીના લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર છે, તે આઠ વણિક કન્યાઓને એકી સાથે પરણ્યા છે, ગુણધર નામના ઉપાધ્યાયની પાસે તે સર્વ કળા શીખ્યો છે, તેની પાસે સુવેગ નામે એક સુદર રથ છે તેને વાયુવેગ અને મહાવેગ નામે બે અશ્વ છે. પ્રતાપસિંહ રાજાએ સતુષ્ટ થઇ, તેને કર્ણકોટ નગર ઇનામમા આપ્યુ છે, તે આ શ્રીચદ્ર રાધાવેધ કરવા આવ્યો છે શ્રીચદ્ર રાધાવેધ કરી પલાયન કરી ગયો, તે પણ તે વીણારવ ગાયકના જોવામા આવ્યુ હતુ

રાજા શ્રીતિલકે શ્રીચદ્રની પછવાડે શોધ કરવા અનેક સ્વારો અને પેદલ સૈનિકો મોકલ્યા હતા, તેઓ જ્યારે પાછા આવ્યા, એટલે શ્રીતિલકને ઘણી ગ્લાનિ થઇ ગઇ આ સમયે જય વિગેરે કુમારોએ ઇર્ષાથી વિચાર્યુ કે, શ્રીચદ્ર રાધાવેધ કરી નાશી ગયો, તેનો લાભ આપણે લઇએ. રાજા શ્રીતિલકને શ્રીચદ્રની ઓળખાણ આપી, આપણે એ રાજ કન્યા લઇ જઇએ આવા કુવિચારથી જય વિગેરે કુમારો શ્રીતિલક રાજાના પાસે આવ્યા જેના મુખ ઉપર શોકની છાયા પ્રસરેલી છે, એવા શ્રીતિલકને જયકુમારે કહ્યુ, રાજેદ્ર! ચિંતા કરો નહિ, રાધાવેધ કરી નાશી જનારનુ નામ શ્રીચદ્રકુમાર છે, તે અમારા નગરના નિવાસી લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર છે અમારા પિતા પ્રતાપસિંહે પ્રસન્ન થઇ, તેને કર્ણકોટ નગર આપેલુ છે, તે કુમાર અમારી પ્રજા છે. રાજકન્યા તિલકમંજરીને અમારી સાથે મોકલો અમે કુશસ્થલીમા જઇ એ કુમારને સ્વાધીન કરી સુખી કરીશુ જયકુમારે આ ખબર આપ્યા, તે સાભળી શ્રીતિલક અને તેનો પરિવાર ખુશી થયો તેના મનમાં જે ચિંતા હતી, તે દૂર થઇ ગઇ જયકુમારે આપેલા આ ખબર પડતા માણસને જેમ હાથનો ટેકો મળે, તેમ રાજાને તેમનો ટેકો મળ્યો. રાજાએ શોક કરતી તિલકમજરીને આશ્વાસન આપી કહ્યુ, બેટા! શોક કરીશ નહિ, તારો સ્વયવર સાર્થક થયો છે તને રાધાવેધ કરી વરનાર પુરુષ કુશસ્થની નગરીમાં છે, ત્યા તને મોટા પરિવાર સાથે મોકલાવુ છું. જરાપણ ચિંતા કરીશ નહિ આમ કહી તિલકમજરીને શાત કરી, પછી રાજાએ તિલકમજરીને જયકુમારની સાથે મોકલવા તૈયારી કરવા માડી. સ્વયવરમાં આવેલા સર્વ રાજાઓને યોગ્યતા પ્રમાણે પોષાક આપી, વિદાય કરવામા આવ્યા

આ સમયે ધીર નામના મત્રીએ આવી શ્રીતિલકને જણાવ્યું, સ્વામી! સાહસ કરો નહિ જયકુમાર શ્રીચંદ્રકુમારનો દ્વેષી છે, તે જયકુમારની સાથે તિલકમજરીને મોકલશો નહિ. જો મોકલશો તો વિપરીત થશે. મારો એક સેવક જયકુમારની પાસે હતો,

તે વખતે જયકુમારે પોતાના બંધુઓની સાથે એવો વિચાર કર્યો છે કે, શ્રીચંદ્રકુમારના નામથી આપણે તિલકમંજરીને કુશસ્થળીમાં લઈ જઈ આપણા અંતઃપુરમાંજ રાખીશું શ્રીચંદ્રને તે ખબર આપવીજ નહિ. તેનો એ કુવિચાર તે સેવકે મને હમણાંજ જણાવ્યો, માટે જયકુમારની સાથે તિલકમંજરીને મોકલવા, તે મને જરાપણ યોગ્ય લાગતું નથી. મંત્રીના વચન સાંભળી રાજા શ્રીતિલકે તે વાત અંગીકાર કરી, અને મંત્રીને પુછ્યું કે, હવે શું કરવું ? ચતુર મંત્રી વિચારીને બોલ્યો—રાજકુમારી તિલકમંજરીને અહીં રાખવા, અને ચતુરંગ સૈન્યની સાથે આપણા એક મંત્રીને જયકુમારની સાથે મોકલો, તે શ્રીચંદ્રકુમારને અહીં તેડી લાવે મંત્રીની આ સલાહ રાજાએ સ્વીકારી અને કહ્યું, મંત્રીરાજ ! તમે કહો છો તે યથાર્થ છે રાજકુમારીને સાથે મોકલવાં, તે મને પણ યોગ્ય લાગતું નથી; તથાપિ જયકુમારની સાથે ચતુરંગ સૈન્ય સહિત જવાને મને તો તમેજ યોગ્ય લાગો છો શ્રીચંદ્રકુમાર ચતુર છે, તેને મધુર વચનથી સમજાવી અહીં લાવવાને તમારા જેવા બાહોશ માણસની જરૂર છે.

શ્રીતિલક રાજાના વચન સાંભળી ધીરમંત્રી કુશસ્થળી નગરીમાં જવાને તૈયાર થયો. રાજસમૃદ્ધિને જણાવનારૂં કેટલુંએક સૈન્ય તેણે સાથે લીધું. સર્વે કુશસ્થળીને માર્ગે પ્રયાણ કરવાને તૈયાર થયા અનુક્રમે પ્રયાણ કરતા તેઓ કુશસ્થલીમાં આવી પહોંચ્યા.

પ્રકરણ ૨૯ મું.

મહા મુનિની ધર્મદેશના.



પ્રાતઃકાળના સમયે એક રમણીય વન ખીલી રહ્યું છે, તેની પાસે એક સ્વચ્છ જળનું સુંદર સરોવર આવેલું છે, જળમાં વૃક્ષોનાં પ્રતિબિંબ પડે છે, તેથી જાણે પોતાને જન્મદાત્રી ભુમિની અંદર તેઓ વમી રહ્યા હોય, તેવો દેખાવ થઈ રહ્યો છે, અનેક મુસાફરો ત્યાં વિશ્રાંતિ કરી અતુલ આનંદ અનુભવે છે વિવિધ જાતનાં સ્વાદિષ્ટ ફળોને અર્પણ કરી, સ્થાવર અને જડ વૃક્ષો પણ પરોપકારનું મહા પુણ્ય ઉપાર્જન કરે છે પત્ર, પુષ્પ અને ફળથી તૃપ્ત થયેલા પશુઓ નૃત્ય કરતા તે સરોવરનું સ્વાદિષ્ટ જળ પીવાને આવે છે અને પક્ષીઓ પોતાના પ્રતિધ્વનિને પ્રત્યુત્તરરૂપે સમજી વારંવાર કલકંઠથી કુંજિત કર્યા કરે છે મકરંદમાં મગ્ન થયેલા મધુકરો જાણે વનલીલાનું યશોગાન કરતા હોય, તેમ ગુંજારવ કરી રહ્યા છે આ સમયે બે તરુણ પુરુષો એક વૃક્ષ નીચે બેસી વાર્તા કરે છે, તેઓમાંથી એક પુરુષે કહ્યું, મિત્ર ! આ બે ફળનું શું કરવું છે ? બીજાએ કહ્યું, તમને જેમ યોગ્ય [illegible]

ફળ બીજા પુરૂષને આપવામાં આવ્યુ તે બને ફળ તેઓ ભક્ષણ કરી, પરમ તૃપ્તિને પ્રાપ્ત થયા.

અહીં વાચકવૃંદને અધીરાઇ થઇ હશે કે, એ બને પુરૂષો કોણ હશે ? તેઓને બે ફળ ક્યાંથી મળ્યા હશે ? અને તેમાં એક મોટુ અને બીજું નાનુ. બંનેએ જુદું જુદું ભક્ષણ કર્યું, તેમાં શો હેતુ હશે ? આ રમણીય વનમા આવેલા બને તરૂણ પુરુષો તે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્રકુમાર અને તેનો મિત્ર ગુણચંદ્ર હતા. તિલકપુરથી ઘેર આવી તેઓ પાછા સાયંકાળે ક્રીડા કરવાને બહાર ફરવા ગયા હતા દુર જઇ મધ્ય રાત્રી થતાં શ્રીચંદ્રને નિદ્રા આવવાથી કોઇ વૃક્ષ નીચે રથમાંથી ઉતરી એક વસ્ત્ર પાથરીને તે સુઇ ગયો હતો. ગુણચંદ્ર મિત્રની રક્ષા માટે જાગ્રત થઇ, તેની પાસે બેઠો હતો, તેવામાં એક શુક પક્ષીનુ જોડુ તે વૃક્ષ ઉપર આવ્યું શુકીએ બે કુમારોને જોઇ શુકને કહ્યુ, સ્વામી ! આ કોઇ તેજસ્વી કુમારો રાજપુત્ર છે તેમનુ લલાટ ભાગ્યથી પ્રકાશમાન છે. આપણી પાસે માતુલિંગ (બીજોરા) નાં બે ફળ છે, તે આ ધાર્મિક કુમારોને આપો તો ઠીક. તે બને કુમારો આપણા અતિથી છે. આ બે ફળમાંથી જે કુમાર મોટું ફળ ખાશે, તે રાજા થશે, અને નાનું ફળ ખાશે, તે મંત્રી થશે. શુકીના કહેવાથી તે શુક પક્ષી નીચે ઉતર્યાં, અને તે બને ફળ તેણે તેમની પાસે મુકયાં. પછી તે બને પક્ષીનું જોડું ત્યાથી ઉડીને બીજા વનમાં ચાલ્યુ ગયુ હતું. જાગ્રત એવા કુમાર ગુણચદ્રે તે ફળ હાથમાં લીધાં, જ્યારે શ્રીચદ્ર જાગ્રત થયો, એટલે ગુણચંદ્રે તે શુક પક્ષીનો સર્વ વૃત્તાંત જણાવ્યો, જે સાંભળી શ્રીચદ્રને અતિ હર્ષ થયો. શ્રીચદ્રે પોતાના મિત્રને કહ્યું કે, તે પક્ષીઓ જે માર્ગે ગયાં હોય, ત્યા આપણે જઇ તેના સ્થાનનો શોધ કરીએ. પછી બંને રથમાં બેશી આગળ ચાલ્યા. પ્રાતઃકાળનો સમય થયો, ત્યારે આ સરોવરવાળા વનમાં આવ્યા હતા. અહીં નિત્ય આવસ્યક ક્રિયા કરી, બંને પેલા ચમત્કારી ફળનું ભક્ષણ કરતા હતા. જે રાજ્ય આપનાર મોટુ ફળ હતુ, તે શ્રીચદ્રે ભક્ષણ કર્યું હતું. અને મંત્રીપદને આપનારૂ જે લઘુ ફળ હતું, તેનું આસ્વાદન ગુણચદ્રે કર્યું હતું.

આ સુંદર સરોવરનાં તીર ઉપર ફળ ભક્ષણ કરી તેઓ ત્યાંથી વનની રમણીયતા જોતા આગળ ચાલ્યા, ત્યાં એક મહા મુનિનાં દર્શન થયાં. એ પવિત્ર મુનિ શાન્ત અને દાન્ત હતા, તેમના અંતર અને બાહેરના પરિણામ નિર્વિકાર હતાં, ક્રિયાવત, સંયમ ગુણથી વિભૂષિત અને ચરણ કરણમાં ઉત્તમ હતા, ષટકાય જીવ ઉપર દયાવંત હતા, તેમની કાયા મૈત્રી ભાવનાથી પવિત્ર હતી, વાયુની જેમ તે અપ્રતિબધ વિહાર કરનારા હતા, તેમના નિર્મળ હૃદયમાં માયા-કપટ જરા પણ ન હતા, ત્રિકરણ શુદ્ધિથી એ મહા મુનિ ધ્યાન કરતા હતા. આવા પરમ પવિત્ર મુનિનાં દર્શન કરી, શ્રીચંદ્ર અને ગુણચદ્ર અતિ હર્ષ પામ્યા. એ પૂજ્યના ચરણમાં જઇ તેઓએ વંદના કરી. શ્રીચદ્રે હૃદયમાં ચિંતવ્યુ કે, ઉત્તમ સાધુ એ જંગમ તીર્થ છે, તેમનાં દર્શન કરી આજે હું કૃતાર્થ અને ધન્ય થયો છુ, પછી તેઓ તેમની આગળ વિનયથી યોગ્ય આસન ઉપર બેઠા. તેમની ગુરૂભક્તિ અને ભદ્રક હૃદય જોઇ મુનિ આનંદ પામ્યા તે બંનેના દેહ જુદા છે, અને જીવ એક છે,

એમ તેમના જાણવામાં આવ્યુ ઉપકારી મુનિએ ધર્મ આશિષ આપી, અને તેમને ધાર્મિક હૃદયના જાણી નીચે પ્રમાણે ધર્મદેશના આપવા માંડી —

આ જગતને વિષે મરૂભૂમિમા કલ્પવૃક્ષની જેમ મનુષ્ય ભવ મળવો દુર્લભ છે. કદિ મનુષ્ય ભવ મળે તો, કર્મભૂમિરૂપ આર્ય દેશ અને ઉત્તમ કુળ–જાતિ મળવાં દુર્લભ છે, તેમાં પણ શરીરની આરોગ્યતા દુર્લભ છે. એ સર્વ વસ્તુ પ્રાપ્ત થતાં પણ ઉત્તમ દેવ, ગુરૂ અને ધર્મનો યોગ દુર્લભ છે. એ સર્વ સામગ્રીનો યોગ થાય, તેમા આગમનું શ્રવણ, શ્રદ્ધા. રૂચી અને તેનુ આદરપૂર્વક આચરણ એ દુર્લભ છે. જે પ્રાણી એ સર્વ સામગ્રી પ્રાપ્ત કરી, શ્રી જિનવરના માર્ગનો આદર કરતો નથી, તે બકરીના ગળાના સ્તનની જેમ અને ઘાસને મથન કરવાની જેમ પોતાનો માનવભવ વૃથા ગુમાવે છે, આ પ્રમાણે જાણી ભવિ જનોએ શુદ્ધ જૈન ધર્મનો આદર કરવો. એ ધર્મ વિના મોક્ષનું ઉત્તમ સુખ પ્રાપ્ત થતુ નથી. કુમાર ! તુ ધર્મની ધુરાને ધારણ કરવાને યોગ્ય છુ, આજે શુદ્ધ સમ્યક્ત્વને અંગીકાર કર. તારામા ઉત્તમ લક્ષણો રહેલાં છે, તેથી સૂર્યની જેમ તું પ્રકાશમાન લાગે છે, તુ સર્વ રીતે શ્રાવક શિરોમણી થવાને અધીકારી છુ, તુ રાજકુમાર છે, તારા ઉત્તમ લક્ષણોથી જણાય છે કે, તને ઉત્તમ રાજ્ય પ્રાપ્ત થશે. ઘણા રાજાઓ તારા ચરણમા આવી નમન કરશે, છત્રના જેવુ ઉન્નત તારૂ મસ્તક છત્રપતિની જેમ છત્રને ધારણ કરશે, તારૂ વિશાળ વક્ષસ્થળ વંશની ઉન્નતિ સૂચવે છે. જેના શરીરમા શુભ લક્ષણો હોય, તે ધર્મરત્નનો ધારક, સર્વનો ઉપકારી અને સમ્યક્ત્વથી સુશોભિત થાય છે.

ભદ્ર ! દેવ, ગુરૂ અને ધર્મનું યથાર્થ સ્વરૂપ જાણવુ, અને તેને અનુસરવું, તે સમ્યક્ત્વ કહેવાય છે. જે સર્વ ભાવને જાણે, રાગાદિ દોષ જેણે છત્યા હોય, જે ત્રણ જગતના હિતકારી હોય, જે સસારને શોષી નાખે, જે યથાર્થ સત્ય વચન બોલનાર હોય. અને જે શુદ્ધ આચાર કરનારા હોય, તે દેવ કહેવાય છે. બીજા દેવને પરહરી તેવા દેવને આદર આપવો, તેનુજ ધ્યાન ધરવુ, તેનીજ સેવા કરવી, અને તેનુંજ શરણ લેવુ, એજ દેવાધીદેવ મોક્ષનાં મૂળ કારણ છે. જે પચ મહાવ્રતને ધારણ કરે, નિર્દોષ માધુકરી વૃત્તિથી નિર્વાહ કરે, લાભ અને હાનીમા જે સમાન રહે, જેની મનોવૃત્તિ હીણી ન હોય, આશસા–જે આશા રહિત થઇ ધર્મનો આદર કરે, તેવાજ ધર્મનો ઉપદેશ આપે, જેનામા છળ કપટ હોય નહી, અને જે ગુણવંત હોય, તે ગુરૂ કહેવાય છે. ઉપર કહેલા નિર્દોષ દેવતાએ કહેલો, નિગ્રંથ ગુરૂએ આદરેલો અને પડતા એવા જંતુને ધારણ–અવલંબન કરે, તે ધર્મ કહેવાય છે તે ધર્મના ક્ષાંતિ વિગેરે દશ ભેદ છે સત્તર પ્રકારના સયમ, જ્ઞાન દર્શન અને ચારિત્ર–તે ધર્મના આધારરૂપ છે. એવા દેવ, ગુરૂ અને ધર્મને સ્વીકારવા, તેનુ નામ સમ્યક્ત્વ કહેવાય છે. તે સમ્યક્ત્વના ત્રણ તત્વ અંગભૂત છે નિશ્ચયથી સમકતો [illegible] એ સમ્યક્ત્વ ગુણ કહેવાય છે આ અનાદિ સસારમા જ્યા સુધી એ સમ્યક્ત્વ [illegible] પ્રાપ્ત થયુ નથી, ત્યા સુધી જીવનો પ્રયત્ન [illegible] નથી [illegible] સિત થાય છે, ત્યારે આ મહાભાવ પ્રગટ થાય છે [illegible] પ્રગટ થવાથી [illegible] તેની [illegible]

અવસરે સામાયિક વ્રતનું ગ્રહણ કરવુ, તેમા પંચપરમેષ્ટીમય નવકાર મંત્રનો જપ કરવો. સામાયિકનો અર્થ એવો છે કે, જેમાં સમ એટલે રાગ દ્વેષમાં સમાન રહી, સર્વ પ્રાણી ઉપર મૈત્રી ભાવ રાખે, તે **સામાયિક** કહેવાય છે. શુદ્ધ સામાયિક આચરવાથી વૈમાનિક દેવતનું આયુષ્ય બંધાય છે. દેવતાના એકાવન સુવર્ણગિરિ એકઠા કરી આપે, અને એક સામાયિક કરે, તથાપિ તે સામાયિકની બરાબર થતું નથી. પ્રતિદિન એક લાખ સુવર્ણની ખાંડી આપે, અને સામાયિક આચરે, તે સરખું પુણ્ય છે. ત્રસ અને સ્થાવર પ્રાણી ઉપર સમતા ભાવ કરવો, તે પણ **સામાયિક** કહેવાય છે. શ્રી ભગવતી સૂત્રમા કહ્યુ છે કે, સામાયિકવાળો આત્મા નિરાવરણ, અને માયા રહિત છે. **સમ** એટલે આત્માના ગુણ જ્ઞાન, દર્શન અને ચારિત્ર, તેનો **આય** એટલે લાભ તે **સામાયિક** કહેવાય છે. સામાયિકમાં દ્રવ્ય, ભાવ, લિંગ, પરિપષ્ઠિ, નિશ્ચય, અને વ્યવહારથી ભેદાભેદ રહેલા છે, તેમાં પંચપરમેષ્ટીનો કાર્ય કારણ ભાવ સંબંધ છે; ગુણ, અને ગુણી અળગાં નથી, તેઓ આધાર અને આધેય ભાવે છે. ગુણથી અલંકૃત, અઢાર દોષથી રહિત, અને ઉજ્વળ એવા શ્રી અરિહંત પ્રભુનુ ધ્યાન ધરવું. નામ, સ્થાપના, દ્રવ્ય, અને ભાવ, એ ચાર નિક્ષેપરૂપે તેમા સાર રહેલો છે. આઠ કર્મનો ક્ષય કરી, આઠ અનંત ગુણે યુક્ત એવા સિદ્ધને પદ્મરાગ મણિની જેમ રક્ત વર્ણના ધ્યાન કરવા, છત્રીશ ગુણવાળા, પ્રવચનના ગુણવાળા, અને પીળા વર્ણવાળા આચાર્યજીને ધ્યાવા, પચીશ ગુણરૂપ મણિથી વિભૂષિત, અને અધ્યયનના ઉપકારી એવા ઉપાધ્યાયને પ્રિયંગુ વર્ણના ધ્યાવા, સત્યાવીશ ગુણવાળા, અને લબ્ધિના ક્ષેત્રરૂપ એવા અનગાર ગુરૂને અંજન વર્ણના ધ્યાવા એ પંચપરમેષ્ટીને દ્રવ્ય, અને ભાવથી જે નમન કરે, અને તેમના મંગળરૂપ નામને જપે, તેનાં સર્વ પાપ નાશ પામી જાય છે. તીર્થ, સંઘ, અને પ્રવચન. એ ત્રણ લોકમાં શાશ્વત છે, અને તે ત્રિકાળ નિરાબાધ છે, એ પણ પંચ પરમેષ્ટી પદના મિત્ર છે, જન્મ સમયે તેમનુ સ્મરણ કરવાથી ભવિષ્યમા ધર્મ પ્રાપ્ત થાય છે, અને અંત સમયે સ્મરણ કરવાથી સંસારનાં કર્મ છુટી જાય છે. આપત્તિમા સ્મરણ કરવાથી આપત્તિનો નાશ થાય છે, અને સંપત્તિમા સ્મરણ કરવાથી સંપત્તિનો સ્થિર વાસ થાય છે. જેમ ગરૂડના મંત્રનો અર્થ ભાવ જાણ્યા વિના કેવળ શ્રદ્ધા રાખવાથી તે વડે સર્પના વિષનો નાશ થઇ જાય છે, તેમ એ પંચ પરમેષ્ટી મંત્ર કેવળ શ્રદ્ધાથી ફળદાયક થાય છે. કામકુંભ, ચિંતામણિ, અને કલ્પવૃક્ષ તો એકજ ભવે વાંછિત ફળ આપે છે, અને એ મહા મંત્ર તો ભવોભવ વાંછિત ફળ આપે છે, યોગી, જોગી, અને અનુભવી લોકો પણ એ નવકાર મંત્રનું ધ્યાન કરે છે. એ મહામંત્ર પરમ પદની પ્રાપ્તિનો હેતુ છે, ને પવિત્ર મંત્રમા ૐકાર વગેરે ઘણા બીજો છે, તે તેના સહાય કરનારા છે.

ભદ્ર ' શ્રી જિન ભગવંતની પૂજા કરી, પવિત્ર મનથી એક લાખ નવકાર મંત્રને ગણે, તો તે માનવ અવતારમા તીર્થંકર પદ પ્રાપ્ત કરે છે. સાધુ કે પ્રતિમા સમીપ કનકવર્ણ (કમળ [illegible]) થી જે નવકાર ગણે છે, તેને ભૂત, પ્રેત, પ્રમુખ શત્રુઓ છળી શકતા નથી [illegible] કરીને [illegible] જે ગણે [illegible], તેને [illegible], [illegible], [illegible], અને [illegible]

પણ હોતા નથી, તેનાથી દુરિત દૂર થઇ જાય છે પવિત્ર મને ચિંતવેલો નવકાર મંત્ર ભય અને સંકટને ચૂર્ણ કરી નાખે છે, અને જેમ પુત્રને માતા રાખે, તેમ તે જાપકને વાંછિત આપી સુખી રાખે છે.

જેના હૃદય કમળમા નવ પદજીરૂપ કેશરી સિંહ વસે, તો કર્મરૂપી ગજેંદ્રો ત્યાં રહી શકતા નથી નવકારના न અક્ષરથી સાત સાગરોપમનું પાપ દૂર થાય છે, એક પદ વડે પચાશ સાગરોપમનાં પાપ જાય છે, અને સર્વ પદવડે સર્વ અસંખ્ય પાપનો પ્રલય થાય છે. શ્રી જીન શાસનમા ચૌદ પૂર્વનો સાર એવો છે કે, જે પ્રાણીના મનમા એ મહા મંત્રની આસ્તા હોય, તેને સંસાર શું કરી શકે ? એ નવકાર મંત્રનો શુદ્ધ સ્વામી તે થાય છે, કે જે ગ્રંથિભેદ કરી વિધિવડે તપસ્યા કરી નવ તત્વનો જ્ઞાતા હોય, કુળ ધર્મથી, અભ્યાસથી, કષાયની મંદતાથી અને માયા—કપટના ત્યાગથી પુણ્ય પ્રકૃતિવાળા પુરૂષને એ મંત્રનો ગુણ સત્વર થાય છે. કર્મરૂપી સુભટને નાશ કરવામા યોદ્ધા જેવો આશ્રવનો રોધ જેમ જેમ કરવામા આવે, તેમ તેમ એ મહા મંત્ર ગુણકારી થાય છે અડસઠ, પાત્રીશ, સોળ,-આઠ, ચાર, બે અને એક અક્ષર એવા વિધિથી જે એ મહા મંત્રને ગણવો, જેમાં ગુરૂની આમ્નાય-મર્યાદાનો વિવેક રહેલો છે. જે શાંત, દાંત, ઈંદ્રિયોને વશ કરનાર, જીન તથા ગુરૂનો ભક્ત, શ્રદ્ધાવાળો, ઉદાર મનવાળો, ઉપકાર કરનાર, કૃતજ્ઞ, દયાળુ, અને એ ભણવાથી જેનુ મન ઉલ્લાસ પામે, તેવો માણુસ એ પવિત્ર મંત્ર ભણવાને, ગણવાને અને સાંભળવાને યોગ્ય છે. એ મહા મંત્ર યોગ્યતા જોઇનેજ આપવામા આવે છે યોગ્યતા વિના તે કદિ પણ આપવામાં આવતો નથી.

ભદ્ર ! તેથી તારી યોગ્યતા જોઇ એ મંત્ર તને આપવાની હું ઇચ્છા કરૂં છું. હૃદયમા ઉત્તમ ભાવ રાખી તે નવપદજીના મંત્રને ધારણ કરજે, સમકિત રત્નને સંપાદન કરજે, અને શંકા, આકાંક્ષા વિગેરે દોષ ટાળવાના યત્ન કરજે વત્સ ! શંખ, પ્રવાળા, સ્ફટિક, મણી, રત્ન, રૂપુ, સુવર્ણ, રતાજલી, રૂદ્રાક્ષ, ચંદન અને ઉત્તમ વર્ણના ફુળની માળાઓ કરવી એમ કહેલું છે, તે પાંચ વર્ણની તથા ઉત્તમ સૂત્રની પણ થાય છે રહસ્ય, ઉપાંશુ અને ભાષ્ય એવા જપના ત્રણ પ્રકાર છે જપ કરતી વખતે મેરૂ પાનાનુ ઉલ્લંઘન કરવુ નહી, નખના અગ્ર ભાગે માળા ગણવી, અવિધિ અને આશાતના દૂર કરવી, પવિત્ર થઇને મંત્ર ગણવો અન્ય અનાહત નાદથી, કાંઇ પણ કાનના ધાર્યા વગર અંગો-ઠાદિવડે જે જપ કરવામા આવે, તે જપ મોક્ષ સુખને પ્રાપ્ત કરાવે છે શ્વેત વર્ણની માળાવડે જપ કરવાથી મોહન, અને લક્ષ્મી સાધ્ય થાય છે, તેમજ શત્રુનુ ઉચ્ચાટન થાય છે પીત વર્ણની માળાવડે જપવાથી, યશ, શોભા અને પ્રતિષ્ઠાની વૃદ્ધિ થાય છે, નીલ વર્ણની માળાના જપથી રોગાદિક શમી જાય છે, તર્જની, મધ્યમા અનામિકા અને કનિષ્ઠા [illegible] ગણવાથી [illegible] નો નાશ, [illegible] અને [illegible] ની વૃદ્ધિ [illegible]. [illegible]

[illegible]

ગરૂડાદિક સાત મુદ્રાઓ પ્રખ્યાત છે. સિદ્ધચક્રમાં નવ પદ અંતર્ભુત છે. તે ગુણ અને ગુણી ભાવે અદ્‌ભુત રીતે રહેલા છે. પ્રખ્યાત પંડિત શ્રી સિદ્ધસેન દિવાકરે તેનું તત્વ સારી રીતે નિર્માણ કરી દર્શાવ્યું છે. આ પ્રમાણે એ મહા મંત્રનો જાપ ઉભય લોકમા સુખદાયક છે. તેને આત્મરૂપે ભાવવાથી નિર્મળ અને સર્વોત્તમ આત્મ ગુણ પ્રાપ્ત થાય છે. ભદ્ર ! એવો એ મહા મંત્ર તને સમકિત સાથે આપવાની મારી ઇચ્છા છે. તારા ભાવિક હૃદયમાં ભાવિત કરેલા નવ પદજી અને પંચપરમેષ્ટીના નામથી અંકિત એવા સિદ્ધચક્રથી તારી સર્વ પ્રકારની ઉન્નતિ થશે. તું આર્હત ધર્મનો પ્રભાવક અને દીપક થઇશ.


મુનિરાજની આવી ધર્મ દેશના સાંભળી શ્રીચંદ્રકુમારનું હૃદય ભાવનાથી ભાવિત થઇ ગયુ. મૈત્રીભાવના ઉદિત થઇ. અંતરમા સત્ય ભાવ ઉલ્લાસ પામ્યો ત્રણ તત્વની વાર્ત્તાથી તે ખુશી થઇ ગયો. ગુણચંદ્ર પણ આત્માને કૃતાર્થ માનવા લાગ્યો. પછી શ્રીચંદ્રે તે ગુરૂની સાક્ષીએ સમ્યક્ત્વ મુળ સામાયિક વ્રત અંગીકાર કર્યું પછી તે વિનયથી બોલ્યો—પ્રભુ ! મારાં મલિન નેત્રને આપે જ્ઞાનરૂપ અંજનથી નિર્મળાં કર્યાં છે. તમે અમારે સેવ્ય અને ધ્યેય છો, તેમજ અમારા હિતકારક છો હિત કહેનારા ગુરૂ વિના ધર્મનો લાભ ક્યાંથી મળે ? ગુરૂ પ્રવચનના સાક્ષી છે રસ, ધાતુ, કળા, વિદ્યા, ધર્મ, મંત્ર, તંત્ર અને દેવતા ગુરૂના ઉપદેશ વિના સફળ થતા નથી. જો કે, મણિ બહુ મુલ્યવાળો હોય, તોપણ તેને શતપુટ શોધન કર્યા વિના કોઇ પણ મુગટ વિગેરેમાં જોડતા નથી. તેમ બધા ગુણ ગુરૂની સમક્ષ શોધન કરી, ધારણ કરાય છે. માતા, પિતા, પતિ, બંધુ અને સખા તે આ ભવને વિષે સગાઇ બતાવે છે, તેથી પણ ધર્મની સગાઇ અધિક છે, કે જે ભવેભવ સુખદાયક થાય છે. સ્વામી ! મને ધન્ય છે, અને હું પુણ્યવાન્ છું કે, મને તમારા દર્શન થયા. સર્વ જનમાં શ્રેષ્ઠ એવા તમારા સમાગમથી મારો અવતાર સફળ થયો છે. આ પ્રમાણે મુનિની સ્તુતિ કરી, ગુરૂના ચરણ કમળમા નમન કરી, તેની અનુમોદના કરતો અને એ મહોપકારી મુનિરાજનું હૃદયમાં સ્મરણ કરતો, શ્રીચંદ્રકુમાર ઉત્તમ ગુરૂ ભક્તિની ભાવના ભાવવા લાગ્યો પછી શ્રીચંદ્રે નિશ્ચય કરી, પંચપરમેષ્ટી પદને ગણગણ સાથે સામાયિક વ્રત ગ્રહણ કર્યું પોતે શ્રદ્ધા સાથે સમકિત શોભાથી વિભુષિત થયો આશંસા રહિત અને ત્રિવર્ગ (ધર્મ, અર્થ, કામ) ને બાધ ન આવે તેવી રીતે સાધન કરવા તત્પર થયો. આત્માના મોક્ષ સાધક ગુણ વધારવા ઉદ્યુક્ત થયો

આ પ્રમાણે મુનિરાજની દેશનાને સાર્થક કરતો શ્રીચંદ્રકુમાર તે મુનિને વંદના કરી, મિત્ર ગુણચંદ્રની સાથે ત્યાથી બેઠો થયો. સુવેગ રથ જોડવાને ધનંજય સારથીને આજ્ઞા કરી. રથ સજ્જ થયો, એટલે તેમાં બેસી શ્રીચંદ્રકુમાર અનેક વનના કૌતુક અવલોકન કરતો આગળ ચાલ્યો.



પ્રકરણ ૩૦ મું.

ચંદ્રકળા પદ્મિની.


પૂર્વ દિશામાં એક સુંદર વન આવેલુ છે, આંબા, કદંબ, જાંબુ, જંબીર, કેતકી, ધતુરો, કરેણ, વરણા, સુગંધી વાળો, ચમેલી, નાગકેશર, લવિંગ, ફણસ, મંજીર, સાલ, સાગ, તાલ, તમાલ, ખજુર અને મંદારનાં પલ્લવિત વૃક્ષોની ઘટા જામી રહી છે, એક તરફ કેવડા, આશોપલ્લવ, કિંશુક, અને રાણ વૃક્ષો શ્રેણીબંધ ઉભા છે, શુક પક્ષી, મયૂર અને મેના નૃત્ય કરી રહ્યા છે, કોકિલાના મધુર શબ્દો થઇ રહ્યા છે, ક્યારામાં શીતળ જળનું સિંચન થાય છે, શીત, મંદ અને સુગંધી પવન સુખ સ્પર્શ કરતો વાય છે, બીજોરા, અંજીર, કર્કટ, કાલિંગા, બીજપુર, ધાવડી, બેર, અગુરૂ ચંદન, તપખાર અને લોબાનનાં વૃક્ષો ક્રમવાર ઉભા છે.

તે વનની દક્ષિણ તરફ એક સ્વચ્છ જળનુ સરોવર ભરેલુ છે, કમળના પરિમળથી તેની આસપાસનો પ્રદેશ સુગંધમય થઇ રહ્યો છે, તેના સ્વચ્છ અને શીતળ જળની સાથે મિશ્ર થઇ આવતો પવન અતુળ સુખ આપે છે સારસ, બક અને હંસની શ્રેણિથી તે સુશોભિત છે.

મુનિરાજના દર્શન કરી આગળ ચાલતાં શ્રીચંદ્રને મધ્યાન્હ કાળે તૃષા લાગવાથી તે જળ શોધતો આ સ્થળે આવી પહોચ્યો હતો આ રમણીય વનનુ અને સ્વચ્છ જળવાળા સરોવરનુ સૌંદર્ય જોઇ, તેના હૃદયમા આનંદ ઉર્મી ઉછળતા હતા સરોવરની ચમત્કારી શોભા જોઇ, તેના મનમા થયુ કે, જે દિવ્ય માનસ સરોવર કહેવાય છે, તેજ આ સરોવર શ્રીચંદ્રે ગુણચંદ્રને કહ્યુ, મિત્ર ! આ વખતની મુસાફરી સર્વથી વિશેષ ફળવતી થઇ છે. મુનિરાજની ધર્મ દેશનાનો અપૂર્વ લાભ આ વખતેજ મળ્યો છે. સર્વ કામપૂરક નવપદજીની ઉપાસનાનો મહા મંત્ર, સમ્યક્ત્વનો લાભ અને સામાયિકની પ્રાપ્તિ એ ઉત્તરોત્તર અધિક લાભની પરંપરા આપણે મેળવી છે જેવો મુનિરાજે ઉપદેશથી આંતર આનંદ આપ્યો હતો, તેવો બાહ્ય આનંદ આ સુંદર સ્થળે આપણને આપ્યો છે ઉભય આનંદ નિરવધિ છે આંતર આનંદ સર્વથી અધિક હોઇ આત્માનંદ સાથે મળે છે સખા ! આ વખતના પ્રવાસે આપણને પરિપૂર્ણ કૃતાર્થ કર્યા છે

સરોવરના તીર ઉપર એક તરફ અનેક વિવિધ જાતના વસ્ત્રો મુકેલાં હતાં, અનેક લતાઓએ નવરંગિત બનેલા હતા, તેનાથી જરા દૂર એક અર્દ્ધ વયનો પુરુષ તે [illegible] રક્ષા કરતો ઉભો હતો [illegible] દૃષ્ટિ તે વસ્ત્ર ઉપર પડી. વસ્ત્રના [illegible] એક [illegible] સાડી [illegible] આવી, તે સૂક્ષ્મ કોમળ અને તેજસ્વી હતી, [illegible] તેનુ તેજ [illegible] હતુ, તેની ઉપર [illegible] [illegible]

વખતે પાંચસો પાંચસો ગજેન્દ્ર અને અશ્વ આપવાના છે, તે સાથે બહુ મૂલ્યનો દાયજો પૂરવાના છે. અદ્યાપિ કોઇ પુણ્યવંત પતિ ચંદ્રકળાને મળ્યો નથી, એ રાજબાળાની આ સાડી છે, જેની ઉપર ભ્રમરાઓ ગુંજારવ કરી રહ્યા છે ભદ્ર ! મને તેમના એક સેવક તરીકે ચિંતા થયા કરે છે. સૂર્યવતીને હજુ પુત્ર થયો નથી, અને ચંદ્રકળા વરને યોગ્ય થયા છે, તેના વિવાહની સંભાવના અદ્યાપિ કાઇપણ જોવામાં આવતી નથી, અથવા વિધિના વ્યાપારનો પાર કોઇ પામી શકતું નથી. વિધિ મનમાં અચિંત્ય હોય, તેનો પણ યોગ કરી દે છે. કર્મની પ્રબળ સત્તા અકલિત છે. ભદ્ર ! તમે વિદેશી છો, અહીં સહેજ આવી ચડયા છો, જો અવકાશ હોય તો દીપશિખા નગરી જોઇ આવો એ નગરી દર્શનીય છે, અનેક વિદેશી લોકો તેને ખાસ જોવાને આવે છે.

નળ ધોબીનાં આ વચન સાંભળી શ્રીચંદ્ર અને ગુણચંદ્રના મનમાં નગર જોવાની ઉત્કંઠા થઇ. કૌતુકી પુરૂષો આળસુ કે પ્રમાદી હોતા નથી. નળનો વૃત્તાંત સાંભળી તેમના ચિત્તમાં ચમત્કાર થઇ આવ્યો. તત્કાળ સુવેગ રથને ત્યાં રાખી તે બંને દીપશિખા નગરીમાં આવ્યા. નગરીમાં પ્રવેશ કરતાં અનેક ઉતારા, રમણીય મહેલાતો અને ઉંચી ઇમારતો જોવામાં આવી આગળ જતાં કેટલાએક લોકોના જમાવવાળું એક મોટું કટક નજરે ચડયું, તે નગરીની પાસે છાવણી નાખી પડયું હતું. ગજેન્દ્રોની ગર્જનાથી, અશ્વોના હેષારવથી અને શૂરવીરોના કોલાહલથી શિબિર ભૂમિ શબ્દાયમાન થઇ રહી હતી, આસપાસ રહેલા તંબુઓ જાણે શહેરના ભાગને વધારતા હોય, તેમ દેખાતા હતા. તે દેખાવ જોઇ શ્રીચંદ્રકુમારે ગુણચંદ્રને કહ્યું, મિત્ર ! આ કોની છાવણી હશે ? તે આપણે જાણવું જોઇએ. ગુણચંદ્રે ત્યાંથી પસાર થતા એક પુરૂષને પૂછયું, ભદ્ર ! આ કોની છાવણી છે ? તે પુરૂષ બોલ્યો, તિલકપુરના રાજા શ્રીતિલકનો ધીર નામે એક પ્રધાન છે, તે ચતુરંગ સેના લઇ કુશસ્થલી તરફ જાય છે, તેનો આજ બે ત્રણ દિવસ થયા મુકામ છે તમારે જો સંગીત વિદ્યા ઉપર પ્રીતિ હોય, તો ત્યાં જાઓ તે છાવણીમાં વીણારવ નામે એક ગવૈયો છે, ધીર મંત્રીએ તેને સાથે લીધો છે, તેનું સંગીન સર્વોત્તમ જણાય છે તેની પાસે ગાંધર્વના જેવી ગાયનકળા છે, વીણારવના જેવો કોઇ બીજો ગાયક આ પૃથ્વી ઉપર નથી આજે અમારા રાજા દીપચંદ્રના દરબારમાં ગમ્મત થવાની છે, તેમાં વીણારવને ગાયન કરવાને બોલાવ્યો છે. તે પુરૂષનાં આવા વચન સાંભળી શ્રીચંદ્રને તે નવીન કૌતુક ઉત્પન્ન થયું, કોઇ પ્રસંગે તેનું ગાયન સાંભળવાનો તેણે નિશ્ચય કર્યો

દીપશિખા નગરીની બહાર નજિકમાં એક સુંદર વાટિકા હતી, અંતપુરની સ્ત્રીઓને માટે રાજા દીપચંદ્રે તે રચાવી હતી, લોકો તેને અંતઃપુરોપવન અથવા જનાના બાગ કહેતા હતા તે ઉપર એક વનપાળને રક્ષક તરીકે નીમ્યો હતો તેની આજ્ઞા સિવાય કોઇ પણ પુરૂષ તેમાં પ્રવેશ કરી શકતો નહોતો તે બાગ નાનો હતો, પણ તેની રમણીયતા ઘણીજ ઉત્તમ હતી, વિવિધ જાતના વૃક્ષોની શ્રેણી ઉત્તમ પ્રકારે ગોઠવી હતી, જુદીજુદી દિશાઓમાં [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

રહેલાં છે, બીજી દિશાએ નાગકેશર અને સાગના ઝાડ ઉભાં છે, એક દિશાએ લવિંગ અને અગરૂ ચંદનનાં વૃક્ષ રહેલા છે, એક દિશામા વાસંતી લતા, અને નાગરવેલીના મંડપ છે, એક તરફ સોપારી, કંકોલ, ગુલાબ, ચંપક, તિલક, અને આસોપાલવનાં વૃક્ષો શ્રેણીબંધ આવેલા છે, એક તરફ દાડિમ, બીજોરાં, દ્રાખ, બદામ વિગેરે મેવાનાં થોકબંધ વૃક્ષો છે, એક તરફ વલ્લીરૂપ વનિતાઓ પોતાના તરૂવરરૂપ પતિને આલિંગન કરી ઉભી છે, જેને જોતાંજ કામી જનના મન સ્થિર રહેતાં નથી. એક તરફ માધવી મંડપની રચના કરેલી છે, આવાં મનોહર વૃક્ષો, પુષ્પના સુગંધથી, અને ફળથી પ્રવાસીઓનું આતિથ્ય કરવાને તાપસની જેમ ઉભા હતા. તેઓ પોતાના પલ્લવરૂપ હસ્તવડે ત્યાંથી પસાર થતા અતિથિઓને આમંત્રણ કરતા હોય, તેમ દેખાતાં હતાં. આ વાટિકાની સુંદર શોભા જોવાને શ્રીચંદ્રકુમારની ઇચ્છા થઇ તે વાટિકાના દ્વાર આગળ ઉભો રહ્યો; તેના પુણ્યના પ્રભાવથી તે વાટિકાનો રક્ષક દબાઇ ગયો, કુમારની પ્રભાવિક પ્રભાએ તેને ઝાંખો કરી દીધો, જાણે ઇંદ્રનો પુત્ર જયંત આ બાગની શોભા જોવાને આવ્યો હોય, તેવા તે કુમારને જોઇ બાગવાન ઉભો થયો, વિનયથી પ્રણામ કરી, શ્રીચંદ્રને ગુણચંદ્રની સાથે વાટિકામા આવવાને આમંત્રણ કર્યું. પોતાના વાસસ્થલ પાસે આસન આપી બેસારી, પોતે મધુર ફલાહાર લઇ આવ્યો, બન્નેને મધુર ફલનું પ્રાશન કરાવ્યું ફલાહાર કરાવી તેમને પ્રાશુક જળનું પાન કરાવ્યુ, પછી તેમને વાટિકા જોવા માટે અંદર જવા પ્રાર્થના કરી. શ્રીચંદ્રકુમાર પોતાના મિત્રને લઇ વાટિકાનું સૌંદર્ય જોવાને અંદર ગયો.

વનના એક ભાગમાં એક સુંદર કુમારી સખીઓની સાથે ક્રીડા કરતી હતી, પુષ્પના દડા પરસ્પર ઉછાળતી હતી, તેનામાં મુગ્ધ અને લલિત લાવણ્ય રમી રહ્યું હતુ, તેણીના કોમળ હસ્તને કમળ જાણી, ગંડસ્થળ ઉપર મહુડાના પુષ્પની ભ્રાંતિ કરી, નેત્રમા નીલ કમળની શંકા કરી, અધર-હોઠમાં બપોરીયાના પુષ્પનો ભ્રમ કરી અને કેશવેણીમા પોતાના જેવા વર્ણની સ્પૃહા કરી, ભ્રમરાઓ તેની ઉપર ઉડી રહ્યા હતા, ગુંજારવ કરી તે ગૌરવર્ણી બાળાનાં સૌંદર્યનું યશોગાન કરતા હતા આ સુંદર બાળાની દૃષ્ટી શ્રીચંદ્રકુમાર ઉપર પડી. દૃષ્ટી પડતાંજ પ્રથમ તો તેના મુગ્ધ હૃદયમા મદને પ્રવેશ કર્યો, કુમારના અનુપમ સૌંદર્યે તેણીના હૃદયને ચોરી લીધુ, તે મનોહરાના મનમાં મોહ પ્રગટ થયો. તે બાળાએ ચિંતવ્યું, આ શું થયું ? આવો વિકાર કોઇ કાળે પણ મારા હૃદયમાં ઉદિત થયો નથી, અનેક સુંદર પુરૂષો જોવામાં આવતા, તથાપિ હજુ સુધી આ હૃદય વિકારથી અજ્ઞાત હતુ આજે આ શો બનાવ થયો ? આ કુમારને જોતાજ મારા હૃદયમા જુદીજ ભાવના પ્રગટ થઇ, આ પ્રેમ સુધાનો કુંડરૂપ કુમાર મારા પૂર્વ ભવનો પતિ તો નહી હોય ? તેનુ અવલોકન કરતાજ હુ જાણે બીજી હું નેવી થઇ ગઇ છુ, આવું ચિંતવી તે બાળા તેની સામે અનેક ચેષ્ટા કરવા લાગી. મોહમગ્ન થએલી માનિની પોતાના પ્રેમપાત્ર પતિને જોઇ વિવિધ જાતની ચેષ્ટાઓ કરે છે, તે પોતાની નાભિને વારવાર પ્રગટ કરે છે, કટાક્ષ નાખી જુવે છે, હાથના મૂળ ભાગને દર્શાવે છે, ઉંચો હાથ કરી મસ્તક ઉપર પુષ્પની શોભા રચે છે, તેના શરીરમા રોમાંચ ખડાં થાય છે, પસીનો આવે છે અને મુખમાથી બગાસાં નીકળે

છે, વળી તેણીના સ્તન ઉપરનુ વસ્ત્ર ખસી જાય છે, અને નીવિ વસ્ત્ર શીથિળ થઇ જાય છે, વિકારી વામા પોતાના અધર ડસે છે, અને અંગ મરડે છે આવી આવી પોતાની વિકારી ચેષ્ટા જોઇ તે બાળાએ સખીને કહ્યુ, પ્રિય સખી ! જા, પેલા સુંદર કુમારને પુછી જો. મારા મનરૂપ ધન હરનારો એ ચોર કોણ છે ? રૂપ લાવણ્ય અને લક્ષણયુક્ત એવા એ કુમારનુ નામ, કુળ, ગોત્ર, દેશ અને નગર કોણ છે ? તેના માતા, પિતા અને વંશની વિખ્યાતિ કેવી છે ? એ બધો વૃત્તાંત જાણી પાછી સત્વર આવી મને જણાવ. તત્કાળ તે ચતુરા ગુણચંદ્ર પાસે આવી, અને પ્રણામ કરી બોલી—ભદ્ર ! પેલી રાજકન્યા ઉભી છે, તેનું નામ ચંદ્રકળા છે, રૂપથી ઉર્વશીને જીતનારી એ પદ્મિની છે, એ મારાં બાઇ છે, હુ તેમની પ્રેમપાત્ર સખી છુ, મારૂ નામ ચતુરા છે, તેમણે મને તમારી પાસે મોકલી છે આ તમારા મિત્ર કુમારનું શુ નામ છે ? તેમનુ કુળ, જાતિ, ગોત્ર અને માતા પિતા કોણ છે ? તે કૃપા કરી જણાવશો ગુણચંદ્રે શ્રીચંદ્રની સર્વ હકીકત કહેવાની ઇચ્છા કરી, ત્યાં શ્રીચંદ્રકુમારે તેને અટકાવ્યો અને કહ્યુ—આપણે પ્રયોજન વિના કાંઇ કહેવાની જરૂર નથી, કોઇ પણ કારણ વગર સત્પુરુષો પોતાનુ ચરિત્ર કહેતા નથી, આપણો ઉત્કર્ષ જાતે કહેવો, તે લજ્જા ભરેલુ છે. આ પ્રમાણે કહી શ્રીચંદ્ર ગુણચંદ્રનો હાથ પકડી ત્યાંથી ચાલ્યો ગયો. વાટિકામાથી બાહેર નીકળી, તેઓ નગરની શોભા જોતા આગળ ચાલ્યા. રાજકન્યા ચંદ્રકળા પણ પોતાની ચતુરા સખીની સાથે યોગ્ય વાહનમા બેસી તેમની પછવાડે દૂર ચાલવા લાગી.

દીપશીખા નગરીના મધ્ય ભાગે એક દેવતાના વિમાન જેવુ જિન ચૈત્ય હતું, જેની અદભૂત રચના પ્રેક્ષકના ચિત્તને આકર્ષતી હતી તે ચૈત્યને જોઇ શ્રીચંદ્રકુમાર ખુશી થયો પ્રભુના દર્શન કરવાને તેના પવિત્ર હૃદયમાં ભાવના પ્રગટ થઇ. તત્કાળ તે મનોહર જિન મંદિરમા દાખલ થયો મંદિરમા મણિમય તોરણની શોભા દિવ્યતા દર્શાવતી હતી, શિખર ઉપર સુવર્ણના દંડ સહિત ધ્વજ ઝળકતી હતી, હૃદયમાં હર્ષથી ઉલ્લાસ પામતો નિસ્સીહી ઉચ્ચારતો કુમાર ગર્ભગૃહમા ગયો ત્યાં ત્રણે દશ ત્રિક સાચવી, પ્રભુની પવિત્ર પ્રતિમાને વંદના કરી, પછી નીચે પ્રમાણે મધુર કંઠથી ચૈત્યવંદનનું મધુર ગીત ઉચ્ચ સ્વરે ગાવા લાગ્યુ —

" અરિહંત નમો ભગવંત નમો, પરમેશ્વર શ્રી જિનરાજ નમે,
" પ્રથમ જિનેશ્વર પ્રેમે પેખત, સીધ્યા સઘળા કાજ નમે અરિ. ૧

" પ્રભુ પારંગત પરમ [illegible], [illegible] નમે,
" [illegible] નમો અરિ. ૨

[illegible] નમે
[illegible] નમે અરિ. ૩

[illegible]

"સિદ્ધ બુદ્ધ તુ જગ જન સજ્જન, નયનાનંદન દેવ નમો;
"સકલ સુરાસુર નરવર નાયક, સાર અહર્નિશ સેવ નમો. અરિ ૪

"તું તિર્થંકર શુભકર સાહેબ, તુ નિષ્કારણ બંધુ નમો;
"શરણાંગત જીવન હિત વત્સલ, તુહીં કૃપા રસ સીંધુ નમો. અરિ. ૫

"કેવળ જ્ઞાનાદર્શે દર્શિત, લોક લોક સ્વભાવ નમો;
"નાશિત સકળ કલંક કલુષ ગણ, દુરિત ઉપદ્રવ ભાવ નમો. અરિ. ૬

"જગ ચિંતામણી જગ ગુરૂ જગ હિત, કારક જગ જન નાથ નમો;
"ઘોર અપાર ભવોદધિ તારણ, તું શિવપુરનો સાથ નમો. અરિ. ૭

"અશરણ શરણ નિરાગ નિરંજન, નિરૂપાધિક જગદીશ નમો;
"બોધ દીયો અનુપમ દાનેશ્વર, જ્ઞાનવિમળ સૂરિશ નમો. અરિ. ૮

શ્રીચંદ્રકુમાર આ પ્રમાણે ચૈત્યવંદન કરતાં મધુર ગીત ગાતો હતો. તેના કંઠ માધુર્યથી શ્રોતાના શ્રવણનું આકર્ષણ થતું હતું, ચૈત્યની બાહેર ચંદ્રકળા ચતુરા સાથે ઉભી ઉભી તે ગીત સાંભળતી હતી. કલકંઠના માધુર્યને દર્શાવનારા તે ગીતથી ગર્ભમંડપ ગાજી રહ્યો હતો—ચંદ્રકળાના વિકારી હૃદયમાં આ ગીતે મોહનો વધારો કર્યો. તેણીનું મુગ્ધમન ધર્મ ભાવના સાથે મોહમાં મગ્ન થઇ ગયું ચંદ્રકળાએ ચતુરાને કહ્યું, પ્રિય સખી ! મને હૃદયમાં વિશેષ ઉત્કંઠા થાય છે. આ જૈન ભક્ત પતિ મને શી રીતે પ્રાપ્ત થાય ? આવા ધાર્મિક પતિના સહવાસમાં સદા રહેનારી સુંદરીનો જન્મ સાર્થક થાય છે. પ્રિય બેન ! મારા આ ભવમાં તો એજ પતિ મળજો. હુ મન વચનથી એનેજ વરી ચુકી છું. સખી ! જો તું મારી પરમ હિતકારિણી હું તો ગમે તે પ્રયત્ન કરી, આ કુમારનાં કુળગોત્ર અને માતા પિતાનાં નામ જાણી લે. મેં એનેજ પતિ ધાર્યો છે. સતી સ્ત્રીઓ ધારેલા પતિ શિવાય બીજાને વરતી નથી. બેન ! આ ચંદ્રકળા હવે એ ચંદ્રની સાથેજ મળવાની, અને તેના ઉદય અસ્તમાં તેનીજ સમભાગિની થવાની. એ મનોહર કુમાર અહીંથી કયા જાય છે, તે આપણે ધ્યાનમાં રાખવું. આપણે હવે તેનો પીછો પકડવો છે. ચંદ્રકળાનો આવો નિશ્ચય જાણી ચતુરા ચૈત્યનાં દ્વાર આગળ આવી ગુણચંદ્રને મળી. તેની અતિ પ્રાર્થનાથી ગુણચંદ્રે શ્રીચંદ્રનાં નામ, ગોત્ર તથા માતા પિતા વિગેરે સમસ્યાથી ઓળખાવી દીધા. શ્રીચંદ્ર ચૈત્યની બાહેર આવ્યો પદ્મિની અનિમેષ દ્રષ્ટિએ તેના સામું જોઇ રહી. ચકોરી જેમ ચંદ્ર સુધાનું પાન કરે, તેમ ચંદ્રકળાએ શ્રીચંદ્રની આકૃતિરૂપ સુધાનું પાન કર્યું

ગુણચંદ્રની ઇચ્છા પોતાના રાજમિત્રને પદ્મિની સ્ત્રી પ્રાપ્ત કરાવવાની હતી, પોતાનો મિત્રરત્ન શ્રીચંદ્ર પદ્મિનીનો પતિ થાય, એવી તેના મનની ધારણા હતી. આથી તેણે ચંદ્રકળાની સખી ચતુરાને શ્રીચંદ્રનાં નામ, કુળ વિગેરે સમસ્યાથી જણાવ્યાં હતા. ચતુરાએ તે વાત જણાવી, એટલે ચંદ્રકળા ખુશી થઇ, તેણે ગુણચંદ્રનો ઉપકાર માન્યો ચૈત્યની બાહેર નીકળતાં ચંદ્રકળાએ સમસ્યાથી ઉપકાર માની ગુણચંદ્રને સૂચવ્યું કે, તમારા મિત્ર શ્રીચંદ્રને અહીં વિલંબ કરાવજો, તેથી મારૂં કાર્ય સિદ્ધ થઇ જશે.

ચંદ્રકળાની સૂચના ગુણચંદ્રે સ્વીકારી, ચૈત્યની આસપાસ રહેલા જિનબિંબને નમન કરવા શ્રીચંદ્રને સ્મરણ આપ્યું શ્રીચંદ્ર ચૈત્યની પ્રદક્ષિણામા આવેલા પ્રત્યેક જિનબિંબને નમતો, અને ત્યા ચિતરેલા ચમત્કારી ચિત્રોને જોતો જોતો વિલંબથી ચૈત્યદ્વારે આવ્યો બાહેર નીકળતાં ગુણચંદ્રે કહ્યું, મિત્ર ! ક્ષણવાર અહીં વિશ્રાંત થાઓ. ગુણચંદ્રના કહેવાથી શ્રીચંદ્ર ત્યા બેઠો, તેવામા વિદ્યુત્‌ની જેમ ચળકાટ મારતી ચંદ્રકળા જોવામા આવી, કળાચતુર શ્રીચંદ્ર તેને જોતાજ ચમકી ગયો, એ ખરેખરી **પદ્મિની છે,** એમ તેના જાણવામા આવ્યું જેમ ચમક લોહને ખેંચે, તેમ તેણીનાં સૌંદર્યે શ્રીચંદ્રના હૃદયને ખેંચી લીધું સમુદ્રના તરંગ જેમ ચંદ્રની ચંદ્રિકા જોઈ ઉછળે, તેમ તેનું ચપળ ચિત્ત ચંદ્રકળાને જોઈ ઉછળવા લાગ્યું, પદ્મિની ચંદ્રકળાને જોઈ શ્રીચંદ્રને મહા મોહનો ઉદય થયો તેણે હૃદયમા ચિંતવ્યું કે, " અહા ! કેવું સુંદર મુખ છે ? નયન, અને લલાટ કેવા વિશાળ છે ? ચંદ્રમા કલંક છે, અને આ રમણીનો મુખચંદ્ર નિષ્કલંક છે, તેણીના કાન હિંડોળા સમાન શોભે છે, રસનામાં અમૃતનુ સરોવર છે, અધરની રતાશ અદ્ભુત છે, રતિપતિ મદનને પણ આવા રૂપને ભોગવવાનું ભાગ્ય નહીં હોય. રંભા ઉર્વશી વિગેરેને રચનાર વિધિએ આ બાળાનુ રૂપ નિર્માણ કરવાને તેમા અભ્યાસ કર્યો હશે. મેં અનેક સુંદરીઓ અવલોકી છે, પણ આ રમણીમા મારૂં પ્રેમાળ મન લલચાય છે. આ પ્રમાણે ચિંતવતા શ્રીચંદ્રને જોઈ ગુણચંદ્ર ખુશી થયો તેણે જાણ્યું કે, મનની ધારણા સફળ થાય, એમ મિત્રની મનોવૃત્તિ ખેંચાણી છે, પછી શ્રીચંદ્રે ગુણચંદ્રને કહ્યું, મિત્ર ! ચિત્ત દુર્જય છે, તે રોક્યું રોકાતું નથી, જ્યા સ્નેહનો વિકાર થયો, ત્યા તે મર્કટની જેમ ચપલ થઈ દોડે છે, આ સંસારમા ધીર, અને વીર પુરૂષો કરોડો હશે, પણ ચપળ ચિત્તને વશ કરનાર વિરલા હોય છે, તેવા પુરુષોને સહસ્ત્રવાર ધન્ય છે. કામવિકારની ઉત્પત્તિની ભૂમિ છે મનની વિકલ્પનારૂપ સમુદ્રમા જેનું વિવેકરૂપ નાવ ચાલતું હોય, પણ જો તે વચમાં આવતા કામદેવરૂપ પર્વતની સાથે અથડાઈ ભાગે નહી, તો તેવા પુરૂષને બહુમાન મળે છે સ્ત્રીના મુખરૂપ ચંદ્રને દેખી જેના પ્રેમજળની વૃદ્ધિ ન થાય, અને તારુણ્ય વયરૂપ સમુદ્ર ગર્જનાથી ગાજે નહી, તે પુરુષ સિદ્ધિને પામે છે જ્યા સુધી રમણીના કટાક્ષ, હૃદયમા વાગ્યા નથી, ત્યા સુધી પુરુષને લજ્જા, વિનય, યશ, અને પુરુષાર્થ રહે છે મિત્ર ગુણચંદ્ર ! આ [illegible] સ્ત્રીએ મારા અવિકારી હૃદયને વિકારી કર્યું છે, હવે અહીં રહેવું મને યોગ્ય લાગતું નથી, જ્યા આવી સુંદર સ્ત્રીઓ આવતી હોય, ત્યા સત્પુરુષોએ રહેવું ન જોઈએ, આ પ્રમાણે કહી શ્રીચંદ્ર ગુણચંદ્રને લઈ ત્યાંથી ચાલી [illegible]

શ્રીચંદ્ર નગરના દ્વાર આગળ [illegible] મિત્રને પદ્મિની [illegible] ગુણચંદ્રે પાછળ જોયું પણ ચંદ્રકળા તેની સખી [illegible] જોવામા આવ્યા નહીં તેણે ચિંતવ્યું કે, હવે મિત્રને [illegible] કરવો [illegible] પણ ખબર આવ્યા નહીં, તથાપિ તેણે [illegible] [illegible]

મિત્રની મરજી રાખવા તે સ્થળની નજિક ગયો. તેઓ બાહેર ઉભા રહ્યા. ત્યાં સંગીતનો જમાવ થઇ રહ્યો હતો. વિવિધ જાતના અભિનય સાથે મનોહર નાચ થતો હતો, શ્રીચંદે એક ચિત્તે સાંભળવા માંડયું, ત્યાં શ્રીચંદ્રની કીર્તિનુંજ ગાયન સુંદર પદમાં ગવાતું હતું, જેનું નીચે પ્રમાણે પદ ગવાતું હતું.

"ભાગ્ય ધારી નગવંત ધર્મમય હેજથી,
"લક્ષ્મીદત્ત સુત શ્રીચંદ્ર સલુણો તેજથી,
"લક્ષ્મીવતીનો નંદન ભોગ નિદાન છે,
"જયવંતો તે આજ ચઉબુદ્ધિ નિદાન છે."

આ પદ સાંભળતાંજ શ્રીચંદ્ર ચમકી ગયો. તેણે ગુણચંદ્રને કહ્યું મિત્ર! આ કોનું ઘર હશે? ગુણચંદ્ર વિચારમાં પડયો, ચાલો તપાસ કરીએ. તેઓ ગૃહના દ્વાર આગળ [illegible], ત્યાં સામેજ બેઠેલો એક પ્રૌઢ વયનો પુરૂષ જોવામાં આવ્યો શ્રીચંદ્ર તેને ઓ[illegible]

[illegible] દીપશિખા નગરીના ધનાઢ્ય શેઠ વરદત્તનું હતું, એ શેઠ એક મુસાફર [illegible] તરીકે પ્રખ્યાત છે કુશસ્થલીપતિ પ્રતાપસિંહને દીપશિખા નગરીમાં [illegible] હતો, તે વિષે પ્રથમ પ્રકરણમાં આવેલું છે આ વરદત્ત શેઠને ઘણા [illegible] સાથે સંબંધ હતો. પ્રત્યેક પ્રખ્યાત શેહેરોની અંદર તેના વ્યાપારની [illegible] હતી. તેવીજ શાખા કુશસ્થલીમાં પણ હતી, જેનો સંબંધ લક્ષ્મીદત્ત [illegible] હતો, વરદત્ત વ્યાપાર અર્થે ઘણી વાર લક્ષ્મીદત્ત શેઠને ઘેર આવતો હતો, [illegible] તેને સારી રીતે જાણતો હતો, તેમ તે પણ શ્રીચંદ્રને ઓળખતો હતો, તે [illegible] હતું, તેને સંગીત વિદ્યાનો સારો શોખ હતો. તેની સેવામાં અનેક [illegible] હતા, શ્રીચંદ્રકુમારની કીર્તિ તેના સંબંધીઓમાં વિશેષ હતી. તેથી [illegible] શ્રીચંદ્રનુંજ યશોગાન થતું હતું.

તે વરદત્ત શેઠને ઓળખ્યો, કે તરત શ્રીચંદ્રે ગુણચંદ્રને કહ્યું, મિત્ર! મારા પિતા [illegible] આ તો વરદત્ત શેઠ છે તે મને સારી રીતે જાણે છે જો તે આપણને [illegible] કદિ જવા દેશે નહીં આપણો આદરથી અતિથિ સત્કાર કરશે [illegible], ત્યાંથી પાછા વળી ચાલતા થયા તેમની આ વાર્તા [illegible] વરદત્ત શેઠની પાસે આવ્યો, અને તે વાત શેઠને જણાવી [illegible] વરદત્ત આનંદાશ્ચર્ય થઇ ગયા તેના મનમાં આવ્યું કે, [illegible] શ્રીચંદ્ર [illegible] જેવી સમૃદ્ધિવાળો [illegible] તેની [illegible] સમૃદ્ધિ કેમ ન હોય [illegible] આવું ચિંતવી વરદત્ત [illegible] તેમાં [illegible] કરી [illegible]

દત્ત અતિ વ્હાલ બતાવી બોલ્યો, અહા ! આ શો ચમત્કાર ? તમારા જેવા પ્રભાવિક પુરૂષનાં મારે દર્શન થયા, તે મારા ભાગ્યનો ઉદય. આજે વાદળ વગરની વૃષ્ટિ થઇ અને પુષ્પ વિના ફળ આવ્યા આજની ઘડી અને મારૂ જીવન સફળ થયા. મારા ગૃહની ભૂમિ પણ ભાગ્યવતી કે જેમા તમારાં પવિત્ર પગલા પડે છે. આજે મારા ગૃહમાં વધામણી અને મંગળમય ઉત્સવો થયા મારા ગૃહ પાસે આવી પાછા જાઓ છો, તે યોગ્ય ન કહેવાય. આ ગૃહ, સમૃદ્ધિ અને વૈભવ તમારાજ છે આ સેવકની ઉપર કૃપા કરી મારે ઘેર પધારો. મારા ઘરને તમારા ચરણ કમળથી પવિત્ર કરો સહેજ આવી ચડયા, તો હવે મારૂ આતિથ્ય સ્વીકારવું જોઇએ વરદત્ત શેઠના આવા આગ્રહી વચનથી શ્રીચદ્રકુમાર પાછો આવ્યો. પોતાના મિત્રને અહી રોકાવું પડયુ, તે માટે ગુણચંદ્રને હૃદયમા વિશેષ આનદ થયો પદ્મિની ચદ્રકળા વિષેની ધારણા સફળ થવાની તેની આશા પાછી સજીવન થઇ. પછી ગુણચદ્રે વરદત્ત શેઠને જણાવ્યુ કે બાહેરના સરોવર પાસે અમારો રથ છે. પછી શેઠે માણસ મોકલી તે રથ તથા સારથીને ત્યાથી બોલાવી લીધા

શ્રીચદ્રને ઘેર લાવી વરદત્તે પોતાની સ્રીને તેની ઓળખાણ કરાવી સદગુણી શેઠાણીએ મુક્તાફળથી તેને પ્રેમપૂર્વક વધાવી લીધા શેઠનુ સદન મગળમય અને ઉત્સવમય થઇ ગયુ શ્રીચદ્રના અતિથિ સત્કાર માટ વરદત્તે ઉત્તમ પ્રકારની ગોઠવણ કરી દીપશિખા નગરીમા જે વરદત્ત શેઠના ધનાદય મિત્રો હતા, તેઓ શ્રીચદ્રકુમારને મળવા આવ્યા મહારાજા દીપચદ્રને પણ તે વાતની જાણ થઇ, અનેક વ્યાપારીઓ શ્રીચદ્રને આમ ત્રણ આપવા આવ્યા પ્રાતઃકાળે અને સાયકાળે શ્રીચદ્ર સર્વ વ્યાપારીઓની સાથે ફરવા જતો હતો. ચંદ્રકળામાં સર્વની જેમ તે ગૃહસ્થોમા દીપી નીકળતો હતો.

એક વખતે રાજા દીપચદ્રે મોટી સભા ભરી હતી, તે પ્રસગે તિલકપુરના પ્રખ્યાત ગાયક શિરોમણિ વીણારવને ગાયન કરવા તેડાવ્યો હતો ગાયક શિરોમણિ પોતા વીણારવે [illegible], અને વિણાના મધુર [illegible] સાથે ગાયન [illegible] ગાયનમાં તેણે [illegible] રચેલા રામાયણનો પ્રબંધ ગાવા માંડયો [illegible] પોતાના [illegible] વર્ણન કરવા માંડયું, [illegible] વિરહનો આબેહુબ ચિતાર આપ્યો હતો તે પ્રસગે [illegible] પણ [illegible] ગાયનના મધુર ધ્વનિથી રાજા દીપચંદ્રનુ મન [illegible], [illegible] તિરસ્કાર કરે તેવી [illegible], [illegible], [illegible], અને [illegible] સંગીતના [illegible], ચતુર ગાયક [illegible] [illegible] [illegible] જોગીના [illegible], [illegible], [illegible] [illegible]


[illegible]

ગસમાં તે રાજરમણીઓ રસમગ્ન થતી હતી જ્યારે શ્રીચંદ્રકુમારના રાધાવેધનો પ્રબંધ વીણારવે ગાયો, તે વખતે દીપવતીને શંકા થવાથી ચંદ્રવતીએ તેનું સમાધાન કર્યું હતું, તે સાથે જણાવ્યું કે, શ્રીચંદ્ર વણિક પુત્ર છે, અને એક ચતુર કળાધર તરીકે વિશ્વમાં વિખ્યાત છે, તે હાલ દીપશિખા નગરીમાં આવેલો છે. આ ખબર મને કોઇ દાસીએ આપેલા છે.

ક્ષણવાર પછી વીણારવનું ગાયન સમાપ્ત થયું રાજા દીપચંદ્ર અને તેનો સભ્ય સમાજ તે સાંભળી ઘણોજ ખુશી થઇ ગયો, વીણારવની ઉપર ધન્યવાદની વૃષ્ટિ થવા માંડી વિશ્વમાં વિખ્યાત વીણારવને દીપચંદ્રે મોટું ઇનામ આપ્યું. તિલકપુરમાં આવા ગુણી રત્નો રહે છે, તેને માટે રાજા શ્રીતિલકને અભિનંદન આપ્યું. સર્વ સમાજ વીણારવની પ્રશંસા કરતો વિસર્જન થઇ ગયો.

પ્રકરણ ૩૧ મું.

ચંદ્રકળાની મોહદશા.



જે ચૈત્યમાં ચંદ્રકળાએ શ્રીચંદ્રને જોયો હતો, તે ચૈત્યમાંથી પસાર થઇ શ્રીચંદ્ર વરદત્ત શેઠને ઘેર રહ્યા છે. શ્રીચંદ્ર ચૈત્યમાંથી પસાર થઇ ગયો, તે ચંદ્રકળાના જાણવામાં નહતું. ચંદ્રકળાએ પોતાની સખી ચતુરાને આ વૃત્તાંત કહેવાને દીપવતી પાસે મોકલી હતી, પોતે શ્રીચંદ્રકુમાર શિવાય બીજા કોઇ પતિને વરવાની નથી, એવો નિશ્ચય પોતાના મોશાળના માતાપિતા જાણે, એવી તેની ઇચ્છા હતી. પોતાની પાસે **પ્રિયંવદા** નામે એક બીજી સખી હતી ચંદ્રકળા ચૈત્યની બહાર આવી શ્રીચંદ્રકુમારનાં દર્શનની રાહ જોઇ ઉભી હતી, તે અનુરાગી રમણી જાણતી હતી કે, શ્રીચંદ્ર હમણાજ મને દર્શન આપશે, અને મારા અંતરના પ્રીતિની પરીક્ષા કરશે ઘડી બેઘડી પહોર સુધી તેણી રમણની રાહ જોઇ ઉભી રહી, પણ તેણીને શ્રીચંદ્રના દર્શન થયા નહિ શ્રીચંદ્રરૂપ પૂર્ણચંદ્રને નીરખવા ઉભેલી ચંદ્રકળારૂપ ચકોરી આખરે નિરાશ થઇ, તેના અંતરમાં અનેક સંકલ્પ વિકલ્પ થવા લાગ્યા ચિંતામાં મગ્ન થયેલી ચતુરાએ પ્રિયંવદાને કહ્યું, સખી ! જો, મારા હૃદયનો ચોર ક્યાં ગયો ? પુનઃ ચૈત્યમાં જઇ તપાસ કર, એ મનહર કુમાર ક્યાં છે ? તેની સુંદર આકૃતિ જોઇ, મારા નયનને સુધાંજન ક્યારે મળશે ? અહા ! શું અદ્ભુત રૂપ ! શી મનોહર કાંતિ ! કેવું અનુપમ લાલિત્ય ! કેવું દિવ્ય ચંદ્રમાધુર્ય ! સખી ! ચૈત્યની બાહેર પણ જોઇ આવ, કોઇ રસિક રમણીએ તેને રોક્યો તો નહીં હોય ? ઘણી નગરની ગોરીઓ તે નાગરની આકૃતિની આહક થાય તેમ છે વખતે કોઇ અતિ રૂપવતી રામાએ તેના હૃદયને બંધ

હશે. કોઇ કપટી કામિનીએ તેમને પોતાના પ્રેમપાસમા સપડાવ્યા હશે પ્રિય બેન! તેની સાથે તેના મિત્ર છે, તે ઘણા ઉપકારી છે, તે દયાળુ મિત્રે મારે ઉપકાર કરવા કહેલું છે. તે ગુણચદ્ર ખરેખર ગુણી છે, જો તે મળે તો સત્વર મને ખબર આપજે, અને કહેજે કે, શ્રીચદ્રરૂપ ચદ્ર વિના ચદ્રકળા શૂન્ય છે. ચદ્ર કળા વિના અને કળા ચંદ્ર વિના ક્ષણ પણ રહેતી નથી, ચદ્રનુ ચદ્રત્વ કળાથી છે, અને કળાનુ કળાત્વ ચદ્રથી છે, તે છતાં ચંદ્ર કળા ઉપર ઉપેક્ષા કરે, એ કેવો જુલમ? પોતાને આશ્રય થઇ રહેલી કળાને નિરસ્કૃત કરે, તેવો ચંદ્ર હોય નહીં

ચદ્રકળા શ્રીચદ્રનુ સ્મરણ કરતી ઉભી રહી પ્રિયંવદા તેનો શોધ કરવાને નીકળી પડી મહેલની અદર, બહાર અવલોકન કર્યું, તે સાથે વાટિકા, ચત્વર અને પ્રખ્યાત જગ્યાઓ તપાસી, કોઇ સ્થળે શ્રીચદ્રના દર્શન થયા નહીં નિરાશ થઇ પ્રિયવદા પાછી આવી પ્રિયંવદાને જોઇ ચંદ્રકળા વિચારમા પડી. પ્રિયવદાનુ મુખ હર્ષિત દેખાતુ નથી, તેના ચરણના વેગ ઉપર આનદનો વેગ બીલકુલ નથી મારા ભાગ્ય એવાં ઉત્તમ કયાથી હોય? પ્રિયવદાએ મ્લાન વદને જણાવ્યુ—બા સાહેબ! હુ નિષ્ફળ થઇ છુ. કોઇ ઠેકાણે શ્રીચદ્ર કે ગુણચંદ્ર જોવામા આવ્યા નહીં હુ પ્રિયવદા ખોટી પડી છુ, તમારી આગળ કહુવદા થઇ છુ તે સાભળતાજ ચદ્રકળા નિરાશ થઇ ગઇ, તેણીમા ઉન્માદ અવસ્થા પ્રગટ થઇ, હૃદયમાથી નિશ્વાસ મુકવા લાગી, અને પ્રલાપ કરવા લાગી. અરે અભાગી ચદ્રકળા! તુ નિર્ભાગ્ય શિરોમણી છે. પ્રાપ્ત થયેલો તે ઉત્તમ વર તેં ગુમાવી દીધો છે. અરે ગોત્રદેવી! અરે કુળદેવી! તમે કયા ગયા? મને દુખીયારીને શ્રીચદ્રકુમાર બતાવી આપો મહેલની પુતળીઓને પુછવા માંડયુ.—બેનો! તમે શ્રીચદ્રને જોયા છે કે નહીં? તમે તમારા સૌંદર્યમાં મોહ પમાડી છુપાવ્યા હોય તો, કૃપા કરી જણાવો તમારી પહેલા એ સુદર વર ઉપર મારો હક છે. પ્રથમથીજ તેમને પતિરૂપે હું વરી છુ, તમે અનીતિ કરો છો, તે યોગ્ય નથી. તમે આવા પવિત્ર જિનાલયમા વસી, એવુ કામ કરશો નહી. તમે પવિત્ર છો, પવિત્રતાથીજ તમારો વાસ જિનાલયમા થયો છે [illegible] ધર્મ સ્થાનમા નિર્વિકારી રહેવુ જોઇએ ક્ષણવારે મહેલની બહાર આવી, [illegible]—પ્રિય બેન! તને આ વખતે નૃત્ય કેમ સુઝે છે? તને આ [illegible] છે, [illegible] કરવી જોઇએ શ્રીચદ્રકુમાર કયા છે? તે જાણતા હો તો કૃપા કરી જણાવો, દુખી ચદ્રકળા તમારો ઉપકાર માનશે મેના પોપટને [illegible] કહે છે—[illegible]! [illegible] મણિને કયાઇ તમે જોયા છે? તમે પક્ષી જાતમા ચતુર છે, [illegible] પોતાના તમારા જેવા ચતુર પક્ષીની [illegible] છે. તમે [illegible] પક્ષી થઇને, [illegible] મારા ચતુર [illegible] [illegible] શું તેમ બોલ ચીને રાખ્યા નહીં? [illegible]

આ [illegible] [illegible]

જોઇ ચંદ્રવતી બોલી—ચતુરા ! ચદ્રકળા ક્યાં છે ? તમે સાથેજ ઉદ્યાનમાં રમવાને ગયાં હતાં. ચતુરા બોલી—બાઇ સાહેબ ! ચંદ્રકળા હજુ ચૈત્ય દ્વારની પાસેજ છે, હુ તમને એક અભિનવ વૃત્તાંત જણાવવા આવી છુ, તે આપ સાવધાન થઇ સાંભળશો. હુ અને ચદ્રકળા પ્રથમ અંત-પુરના ઉદ્યાનમા રમવાને ગયા હતા, તેવામાં એક સ્વરૂપવાન્ અને ગુણવાન્ પુરૂષ આવી ચડયો. તેનુ અનુપમ સૌંદર્ય જોઇ, ચદ્રકળાને મોહ થયો. તે પુરૂષ ત્યાંથી ચૈત્યદર્શન કરવા ગયો. ચદ્રકળા મને સાથે લઇને તેની પછવાડે ચૈત્યગૃહમાં આવી. ત્યાં ચૈત્યવદન કરતા તે મનોહરનુ વાગમાધુર્ય સાભળી ચંદ્રકળાને વિશેષ મોહ થયો છે. એ રાજકુમારી તન મનથી એજ પુરૂષને વરી ચુકી છે. આ વૃત્તાન જણાવા મને તમારી પાસે મોકલી છે; હવે શી આજ્ઞા છે ? તે કહો. ચંદ્રવતી બોલી—ચતુરા ! ચદ્રકળાનો જેના ઉપર મોહ થયો છે, તે કુમારનો વૃત્તાંત મારા જાણવામાં આવ્યો છે. તેનુ નામ **શ્રીચદ્ર** છે, કુશસ્થલીના પ્રખ્યાત ધનાઢ્ય લક્ષ્મીદત્ત શેઠનો તે પુત્ર છે, જાતે વણિક છે, વણિકને રાજકન્યા શી રીતે અપાય ? કુળ શીળ જાણ્યા વિના કન્યા કેમ અપાય ? એથી ક્ષત્રિઓમાં આપણું ઉપહાસ્ય થાય; તથાપિ આ વિષે રાજા દીપચદ્રનો અભિપ્રાય લઇએ

આ પ્રમાણે ચદ્રવતી અને ચતુરા વાતચિત કરતાં હતા, ત્યાં દૈવયોગે રાજા દીપચંદ્ર આવી પહોંચ્યા. ચદ્રવતીએ પોતાના પૂજ્ય કાકાને ઉભા થઇ માન આપ્યુ દીપચદ્રે હર્ષિત વદને જણાવ્યું, પુત્રી ચદ્રવતી ! કેમ છો ? ચતુરા સાથે શી વાતચીત થાય છે ? કોઇ પણ વાતે મુઝાશો નહીં, તમારી મુખમુદ્રા ઉપર કોઇ પણ જાતની ચિંતાનાં ચિન્હ જણાય છે. ચદ્રવતીએ વિનયથી જણાવ્યું, કાકા ! આપના આશ્રય નીચે મને સપૂર્ણ સુખ છે, બીજી કોઇ જાતની ચિતા નથી, ચિતા માત્ર ચંદ્રકળાની છે. હજુ સુધી સૂર્યવતીના પુત્ર વિષે કાઇ જાણવામા આવ્યુ નથી, ચદ્રકળા ચંદ્રકળાની જેમ વધતી જાય છે, આ વખતે આ ચતુરા એક નવીન ખબર લાવી છે. આજે અંત પુરની વાટિકામા ચંદ્રકળાએ શ્રીચદ્રકુમારને જોયો, અને તેને જોતાજ તેણીના મુગ્ધ હૃદયમા મોહનો ઉદય થઇ આવ્યો છે. તેણીએ આ ચતુરા સાથે કહેવરાવ્યું છે કે, હુ શ્રીચદ્રકુમારને વરી ચુકી છુ.

આ ખબર સાંભળતાંજ મને ચિંતા થઇ પડી છે, મારી ચિતાનો ગ્રથિ ભેદવા માટે આપની પાસે આવવા વિચાર કર્યો હતો, ત્યાં દૈવયોગે તમે પોતેજ દર્શન આપ્યાં. પોતાની ભત્રીજી ચંદ્રવતીના આવા વચન સાભળી રાજા દીપચદ્ર નાખુશ થઇને બોલ્યો—બેન ! એ કાર્ય બની શકે તેમ નથી ચદ્રકળા હજુ મુગ્ધા છે, તેના વિચાર પ્રમાણે આપણાથી કેમ વર્તાય ? બાળક જેમ ધુળના ઘર માંડી, પાછો વિનાશ કરે છે, તેવી રીતનુ આ સાહસ છે. શ્રીચદ્રકુમાર વરદત્ત શેઠને ઘેર આવેલ છે, એ ખબર મને વીણારવના સંગીત વખતે મળ્યા હતા શ્રીચંદ્રકુમાર સર્વ ગુણસંપન્ન છે, પણ તે વણિક પુત્ર છે. વણિક પુત્રીની સાથે ક્ષત્રિય કન્યાનો સબધ કેમ થાય ? વણિકને રાજકન્યા આપવાથી જગતમા અપવાદ થાય, રાજ કુળની શોભાની હાની થાય, જો આ વાર્તા શુભગાગ રાજા સાભળે, તો તેને ઘણોજ ખેદ થાય. ચંદ્રકળાની સાથે સૂર્યવતીના પુત્રનો સંબધ થવાનો છે, એ

વૃત્તાંત ચંદ્રકળા જાણે છે, છતાં આવું અકાર્ય કેમ કરે છે ! દૈવયોગે એ આપણા મનોરથ સનમાજ રહ્યા અદ્યાપિ સૂર્યવતી અપુત્રા છે. ચંદ્રકળા યૌવનવતી થતી જાય છે, કર્મની ગતિ વિચિત્ર છે બેન ચંદ્રવતી ! તમે ચંદ્રકળાને સમજાવજો, અથવા તેને મારી પાસે મોકલજો, મનમાં તે વિષેની ચિંતા રાખશો નહી, છેવટે આપણે ચંદ્રકળાનો સ્વયંવર કરશું, અને તેમાં ચંદ્રકળાને જે રાજપુત્ર યોગ્ય લાગે, તેની સાથે તેનો વિવાહ કરીશું.

આ પ્રમાણે રાજા દીપચંદ્ર અને ચંદ્રવતી વાતચિત કરતા હતા, ત્યાં ચંદ્રકળા પ્રિયવદાની સાથે આવી ચડી ચતુરને વિલંબ થયો, એટલે ચંદ્રકળાની ધીરજ રહી નહિ શ્રીચંદ્રકુમાર વિષે તેની ઉત્કંઠા વૃદ્ધિ પામવા લાગી ચંદ્રકળાને આવેલી જોઈ, રાજા દીપચંદ્રે તેને પ્રેમથી બોલાવી પછી રાજબાળા વિનયથી માતાની પાસે આવી ઉભી રહી. પ્રેમથી ચંદ્રકળાને ચંદ્રવતીએ ખોળામાં બેસારી આ પ્રમાણે કહ્યું, વત્સે ! ધીરજ રાખ, ઉત્સુકપણું છોડી દે, સર્વ વાત સારી થશે, મનમાં ખેદ રાખીશ નહી બેન ! તું સુજ્ઞ છું, તત્વ જાણનારી, બુદ્ધિવાળી અને ડાહી છું, મનમાં દુઃખ લાવીશ નહી, તારૂં શરીર કોમળ છે, તારી ઇચ્છા હશે તો અમે સ્વયંવર કરીશું, ઉતાવળી થઈશ નહીં. રાજકન્યાઓ દીર્ઘ વિચારવાળી હોય છે, કુળ તથા શીલ જાણ્યા વિના તેઓ પોતાનો પવિત્ર પ્રેમ કોઈ અજ્ઞાત પુરૂષની સાથે જોડતી નથી, ક્ષત્રિય જાતિ સર્વ જાતિઓમાં શ્રેષ્ઠ છે, તે સિવાયની જાતિઓ તેનાથી ઉતરતી છે. ચંદ્રકળાએ માતાને કહ્યું માતા ! હું તમારી કુક્ષિમાંથી ઉત્પન્ન થઈ છું, તમે પરમ સતિ છો, સતિઓના ગર્ભગૃહમાંથી સતિઓજ ઉદ્ભવે છે, સતિઓ મનથી જે પતિને વરે છે, તેજ તેનો પતિ છે, પછી અન્ય નરને વરતી નથી. સતિની હૃદયરૂપ ગુહામાં પ્રેમરૂપ પાસથી બંધાઈ જે પુરૂષ પેઠો છે તે [illegible] તેની હૃદય ગુહાનો સ્વામી થાય છે, સતિ કન્યાઓ ત્યાં તે પ્રેમને સ્થાન આપતી નથી, જ્યારે સ્થાન આપે, તો પછી તે પ્રેમનો પરિક્ષેપ કરે છે, સતિઓનો પવિત્ર પ્રેમ તેમના સતિ ધર્મના પ્રભાવથી [illegible] સ્થાને પહોંચતો નથી [illegible] [illegible] ગુણો [illegible] [illegible] પાસ [illegible] નથી, હું શ્રીચંદ્રકુમારને વરી ચુકી છું, [illegible] શરીરને સ્પર્શ કરવાના અધિકારી છે જાતિનો [illegible] [illegible] [illegible] [illegible]

[illegible]

નંદમાં મગ્ન થઇ ગઇ ચાતક પક્ષિણી મેઘની જેમ તે શ્રીચંદ્રના દર્શનની રાહ જોઇ રાજ-મહેલમાં ઉદાસીનતાથી રહેવા લાગી

પ્રકરણ ૩૨ મું.

આખરે વિવાહ.



રદત્ત શેઠને ઘેર શ્રીચંદ્ર રહ્યો છે, તે વિવિધ જાતના અતિથિ સત્કાર મેળવે છે રાજા દીપચંદ્ર શ્રીચંદ્રનો વૃત્તાંત જાણ્યા પછી શ્રીચંદ્રને મળવાને ઉત્સુક થયો. તેણે વરદત્ત શેઠને ઘેર એક પુરૂષ મોકલી કહેવરાવ્યું કે, " તમારે ઘેર આવેલ અતિથી સર્વ રીતે યોગ્ય છે, તેને મળવા માટે હું આજે સાયંકાળે તમારે ઘેર આવીશ. એ સર્વોત્તમ અતિથિને મળવાથી મારા મનને સંતોષ થશે રાજદુતે આવી વરદત્ત શેઠને એ સમાચાર નિવેદન કર્યા. પોતાને ઘેર મહારાજા દીપચંદ્રનું આગમન જાણી, વરદત્ત શેઠને ઘણોજ હર્ષ થયો. તેના મનમાં સ્ફુરી આવ્યું કે, સત્સંગનો પ્રભાવ કેવો ઉત્તમ છે ? શ્રીચંદ્ર જેવા ઉત્તમ અતિથિના યોગે મારે ઘેર દીપશિખાપતિ પધારશે, રાજાના આવવાથી મારી પ્રતિષ્ઠામાં મોટી વૃદ્ધિ થશે તત્કાળ તેણે પોતાના ભુવનને વિશેષ શણગારવા માંડયું, રાજાને યોગ્ય લાગે, તેવા રાજકીય પદાર્થોની તૈયારી કરવા માંડી, પોતાના ઘરના આંગણામાં ઉત્તમ પ્રકારની શુદ્ધિ કરાવી, ચંદન જળનો છંટકાવ કરાવ્યો જ્યારથી શ્રીચંદ્રકુમાર આવેલ છે, ત્યારથી તેનું ઘર મહોત્સવમય તો હતુંજ, પણ રાજાના આગમનને માટે તેણે રાજાને ઘટતી વિશેષ ઘટના કરાવી પોતાના ભુવનના એક ભાગને રાજમંદિર જેવો બનાવી દીધો. સાયંકાળનો સમય થયા પહેલાં રાજા દીપચંદ્ર વરદત્ત શેઠને ઘેર આવ્યો કેટલોએક પરિવાર તેની સાથે આવ્યો હતો વરદત્તે તે પ્રસંગ દીપાવવાને વીણારવ ગાયકને બોલાવ્યો હતો, રાજાનો યોગ્ય સત્કાર કરવા તેણે બીજી અનેક જાતની ગોઠવણો કરી રાખી હતી. રાજા દીપચંદ્રને શ્રીચંદ્રનો સમાગમ કરાવ્યો પૂર્ણ ચંદ્રને તિરસ્કાર કરે, તેવી શ્રીચંદ્રની કાંતિ, રૂપ અને લાવણ્ય જોઇ રાજા દીપચંદ્ર ચકિત થઇ ગયો. તેના મનમાં આવ્યું કે, ચંદ્રકળાનો પ્રેમ સ્થાને છે કુમારનું અનુપમ સૌંદર્ય તેની સર્વ જાતની શ્રેષ્ટતા સૂચવી આપે છે ચંદ્રકળાની પુણ્ય સંપત્તિ પ્રબળ હોય, તોજ તે આવા પતિની સહચારિણી થાય સત્કર્મ અને પુણ્યના પસાયે ચંદ્રકળા શ્રીચંદ્રનો યોગ મેળવે, કળાધર ચંદ્રકળા વિના કેમ રહેશે ? " આવું વિચારી દીપચંદ્રે શ્રીચંદ્રની મુલાકાત અતિ પ્રેમથી લીધી વરદત્ત શેઠે મહારાજાને સિંહાસનપર બેસારી ઉત્તમ ભેટ આગળ ધરી દીપચંદ્રે શ્રીચંદ્રને પોતાના ઉત્સંગ આગળ બેસાર્યો, પછી ગુણચંદ્રે આવી રાજા દીપચંદ્રની આગળ શ્રીચંદ્રનું સર્વ ચરિત્ર કહી સંભળાવ્યું તે પછી વીણારવ ગાયકે તેના ચરિત્રને ગાયનમાં ઉતારી સંભ-

[illegible]. [illegible]ના મહોગાન સાથે મિશ્ર થયેલા વીણારવના સંગીતે સર્વ સભાજનને ચિત્રવત્ કરી દીધો. ગુણમણિ ધારક અને કળાકોવિદ [illegible] સંગીતના પ્રતિધ્વનિથી [illegible] ગાજી ઉઠયું. વીણારવે ગાયેલા ગધાવેધના પ્રબંધે તો હદ વાળી, તેણે [illegible] ગાથા કહી પ્રબંધની સમાપ્તિ કરી

" સુર ગુરૂ પણ નહિ કહી શકે, જસ ગુણ કેરો અંત;
" [illegible] પ્રતિદિન સુરતરૂ. તિલકમંજરી કંત "

આ ગાથામાં 'તિલકમંજરી કંત' એ સાંભળી સર્વ વિશેષ સાનંદાશ્ચર્ય થઈ [illegible] દીપચંદની આજ્ઞાથી વીણાદત્તને જોવાને દીપવતી, ચંદ્રવતી, ચંદ્રકળા અને [illegible] વગેરે સર્વ રાજકુટુંબ વરદત્ત શેઠને ઘેર આવ્યું. વરદત્ત શેઠે યોગ્ય [illegible] રાજકુટુંબનો સત્કાર કર્યો, અને વિનયથી કહ્યું કે, આજે મારૂં ઘર પવિત્ર [illegible] મહારાજા કુટુંબ સાથે મારા જેવા સામાન્ય ગૃહસ્થને [illegible] વિદેશના વ્યાપારથી જે મારી વિખ્યાતિ છે, તે [illegible] વિશ્વમાં વિખ્યાત દીપશિખા નગરીનો અધિપતિ મારે [illegible] મને કેટલું માન ? આવા વિનય વચન કહી વરદત્ત શેઠે સર્વેનો [illegible]

[illegible] સ્તબ્ધ થઈ ગયું, તેના અનુપમ સૌંદર્યથી [illegible] રાણીઓએ ચંદ્રકળાનાં ભાગ્યના વખાણ કર્યા. [illegible] ચંદ્રકળાના મેળમાં વધારો થવા માંડ્યો. [illegible] રાજા દીપચંદ્ર વાણીવાર જોયું, ક્ષણવાર પછી [illegible] રાજકુમારને આ પ્રમાણે કહ્યું, [illegible] ધ્યાન આપજો. આ મારૂં [illegible] વિશ્વમાં વિખ્યાત [illegible] રાજાના રાણી છે, [illegible] છે, તેના પિતા [illegible] મોકલ્યા છે, [illegible] આવી છે, એ [illegible] થયા છે, [illegible] વચનથી [illegible] રાજકુમારી માટે [illegible] નથી. [illegible]

વ.ઉ. પ્રાસાદના શિખર ઉપર રહેલો કાગડો હસ કહેવાતો નથી. નીચ નરનો અભિષેક કદિ રાજ્યાસન ઉપર થાય, પણ તે નીચજ કહેવાય સ્ત્રીરત્ન નઠારા કુળમાંથી લેવુ, એવી નીતિ શાસ્ત્રની આજ્ઞા છે દુષ્કુળ નરની સાથે ઉત્તમ કુળની કન્યા યોજવી, એવી કાઇ નીતિશાસ્ત્રની આજ્ઞા નથી. જેને માટે નીતિશાસ્ત્રનો નીચેનો શ્લોક કહેવાય છે.

" बालादपि हितं ग्राह्यं अमेध्यादपि कांचनम् ।
नीचा दप्युत्तमां विद्यां स्त्री रत्नं दुष्कुलादपि ॥ १ ॥ "

" બાળક પાસેથી પણ હિતનું ગ્રહણ કરવુ, અપવિત્ર વસ્તુમાંથી પણ સુવર્ણ લેવું, નીચ પુરૂષ પાસેથી પણ ઉત્તમ વિદ્યા ગ્રહણ કરવી, અને નઠારા કુળમાંથી પણ સ્ત્રી રત્ન લેવુ "

મહારાજા ! તેથી કોઇ પણ રીતે મારો સબંધ રાજકન્યા સાથે યોગ્ય નથી. સ્વયંવર કરી ઇચ્છિત વર મેળવવો, એ રાજ્ય રીતિ છે. શ્રીચદ્રકુમારના આવાં વિનીત વચન સાંભળી રાજા દીપચદ્રને વિશેષ આનદ થયો. તેણે જાણ્યુ કે, આ કુમાર શ્રીચદ્ર ખરેખર ગભીર, પ્રૌઢ અને અહકાર રહિત છે. રાજકન્યાનો તેને લાભ થાય છે, તથાપિ તે લલચાતો નથી એવો કયો પુરૂષ હોય, કે જે રાજકન્યાના લોભમા ન લપટાય ? આથી નિશ્ચય થાય છે કે, કુમાર શ્રીચદ્ર કોઇ ઉચ્ચ કુળનો અને ઉચ્ચ ગુણનો છે કેટલાએક કુળમાં ઉચ્ચ હોય, તો ગુણમાં નીચ હોય છે, અને કેટલાક ગુણમા ઉચ્ચ હોય, તો કુળમા નીચ હોય છે .આ કુમાર શ્રીચંદ્ર ઉભયમાં ઉચ્ચ છે. લક્ષ્મીદત્ત વ્યવહારી ઉચ્ચ કુળના હોવા જોઇએ, તે આ કુમારનું ચરિત્ર સુચવી આપે છે. આટલી પ્રશસા સાંભળે છે, તથાપિ તેનામા અહંભાવ ઉત્પન્ન થતો નથી, એ કેવી ઉત્તમતા ? આવા સદ્ગુણી પુરૂષ કોઇજ જોવામા આવે છે નીચ નરની પ્રશંસા કરવામા આવે તો, તે કાકીડાની જેમ મસ્તકને ઉચુ કરે છે, અને ઉચ્ચ નરની પ્રશંસા કરવાથી તે લજ્જાથી નમ્ર થઇ નીચુ જુએ છે સદ્ગુણી પુરૂષ પોતે સદ્ગુણી છે, એવુ કહેતો નથી, તેમ માનતો નથી. તે વિષે નીતિશાસ્ત્ર નીચેનો શ્લોક લખે છેઃ—

" वाजिरासभवद् व्यक्तं तत्स्वयं बुध्यते बुधैः ।
काकोऽहमिति जल्पंश्च हंसः किं वायसो भवेत् ॥ १ ॥ "

" અશ્વ અને ગધેડાની સ્પષ્ટતા પ્રાજ્ઞ પુરૂષો પોતાનીમેળેજ જાણે છે. ' હુ કાગડો છુ ' એમ કહી હંસ કહે તો, શુ તેથી તે કાગડો થઇ જાય છે ? "

આવુ વિચારી રાજાએ પુન નિવેદન કર્યું કે, સદ્ગુણી કુમાર ! તમારે અમારૂં વચન માન્ય કરવું પડશે. ચદ્રકળાનુ પાણિગ્રહણ કરી, અમને કૃતાર્થ કરશો. ચદ્રકળા પણ તમને હૃદયથી ચાહે છે ક્ષત્રિય કન્યા જે પુરૂષને પ્રેમ અર્પણ કરે, તે પુરૂષ સિવાય બીજાને વરતી નથી જે તેણીના શુદ્ધ પ્રેમનો પાત્ર હોય, તેજ તેણીનો યાવજ્જીવિત

નાયક થાય છે. રાજા દીપચંદ્રે તે શિવાય કેટલાએક આગ્રહ ભરેલાં વચનો ખુલ્લી રીતે કહ્યાં, પણ તે બધા શ્રીચંદ્રકુમાર સાંભળી રહ્યો. લજ્જાથી કાંઇ પણ તેણે પ્રત્યુત્તર આપ્યો નહીં

વરદત્ત શેઠ પોતાને ઘેર રાજકુટુંબ આવવાથી વિશેષ ખુશી થયો હતો તેણે આગ્રહથી ભોજન સામગ્રી તૈયાર કરાવી હતી સર્વને માટે રાજ રીતિ પ્રમાણે થાળ પીરસવા માંડયા, અને રાજા દીપચંદ્રને કુટુંબ સાથે ભોજન કરવા વિનતી કરી રાજા દીપચંદ્રની ઇચ્છા રાજ કુટુંબ સાથે ભોજન લેવાની જરા પણ નહતી એક ગૃહસ્થ વણિકને ઘેર દીપશિખાનો અધિપતિ કુટુંબ સાથે ભોજન કરવા બેસે, એ તેને સર્વ રીતે યોગ્ય લાગતું નહતું, પણ શ્રીચંદ્ર સાથે ચંદ્રકળાનો સંબંધ કરવાના હેતુથી તેમજ શ્રીચંદ્રના સમાગમના પ્રેમથી તેમને વરદત્ત શેઠનું નિમંત્રણ સ્વીકારવું પડયું વરદત્તે ઉત્તમ પ્રકારની રસવતી રસોઇ કરાવી હતી. સર્વને સ્નાન કરાવી, ભોજન કરાવ્યું, પછી ચંદન વિલેપન અને પુષ્પ માળાથી અલંકૃત કરી, ઉત્તમ પ્રકારના પોશાક પહેરાવ્યા રાજભક્તિથી વિભુષિત એવા વરદત્ત શેઠે ઇષ્ટ દેવની જેમ રાજકુટુંબની પુજા ભક્તિ કરી, પછી સર્વે મેહેલના ઉપરના ભાગમાં આવ્યા.

આ વખતે રાણી દીપવતીનો પુત્ર **વરચંદ્રકુમાર** અને પદ્મિની ચંદ્રકળાનો બંધુ **વામાંગ** કુમાર શ્રીચંદ્રની પાસે આવ્યા તેઓ સર્વે સમાન વયના હોવાથી પરસ્પર નમ્ર વચન કહેવા લાગ્યા. કેટલીએક કૌતુક વાર્ત્તાઓ કર્યા પછી વામાંગકુમારે શ્રીચંદ્રકુમારને કહ્યું, ભદ્ર ! દીપચંદ્ર જેવા મહારાજા પોતાની જાતે તમને પ્રાર્થના કરે, તે તમારે સ્વીકારવી જોઇએ, તે કાર્યમાં વિલંબ કરવો ન જોઇએ. મહારાજાનાં વચનને માન આપવું, એ તમારો ધર્મ છે. વરદત્ત શેઠ મહારાજાની પ્રજામાં અગ્રેસર અને માન્ય છે, તેઓના અતિથિ થઇને પણ તે કાર્ય અવશ્ય કરવું જોઇએ દુધમાં સાકરના જેવો, નાગરવેલમાં સોપારીનાં ફળ જેવો, અને કલ્પવલ્લી સાથે કલ્પવૃક્ષ જેવો, ચંદ્રકળા અને તમારો યોગ છે વામાંગકુમારના આવાં વચન સાંભળી, શ્રીચંદ્રે નમ્રતાથી કહ્યું. તમારૂં કહેવું યથાર્થ છે રાજા દીપચંદ્ર મારા સ્વામી છે સેવકે સ્વામીના વચનને અનુસરવું જોઇએ, પણ આ વખતે હું પિતાની આજ્ઞાને આધીન છું, જ્યાં સુધી પૂજ્ય પિતા વિદ્યમાન હોય, ત્યાં સુધી પુત્ર સ્વતંત્ર નથી. પિતૃભક્ત પુત્રોએ પિતાની આજ્ઞાને સર્વદા તાબે રહેવું જોઇએ, વળી હું દિશાઓના કૌતુક જોવાને બાહેર નીકળ્યો છું સામાન્ય રીતે બાહેર ગયેલો પુત્ર સ્વતંત્રપણે વિવાહ કરાવી, કન્યા લગ્ન ઘરમાં આવે, એ કેવું લજ્જા ભરેલું કાર્ય ? સત્પુત્રે વડિલ વર્ગની આગળ લજ્જા રાખવી જોઇએ નિર્લજ પુત્રોની જગતમાં નિંદા થાય છે લજ્જા વિષે નીચેની કવિતા સર્વને સ્મરણમાં રાખવા યોગ્ય છે.

" લજ્જા ગુણની માવડી, લજ્જા રિદ્ધિ નિધાન, "
" લજ્જા હીન જે માનવી, નહીં તસ જ્ઞાન ન માન "

શ્રીચંદ્રે આ કવિતા કહી, તે પાસે બેઠેલી ચંદ્રવતીએ સાંભળી. તત્કાળ તેણીએ શ્રીચંદ્રને ઉદ્દેશીને કહ્યું કુમાર ! આ શું બોલો છો ? તમે વિદ્વાન્ અને ચતુર છો આ

પણ ધર્મનો પ્રાચીન ઇતિહાસ જાણતા હશો, તમે જે માતા પિતાની આજ્ઞા વિષે કહ્યું, તે વાત સત્ય છે, અને કુળને ઉચિત છે, પણ પૂર્વે ઘણા કળાવાન્ પુરૂષો ભાગ્યની પરીક્ષા કરવાને વિદેશમા ગયેલા છે, તેઓને દ્રવ્ય અને રાજ્ય વૈભવ પ્રાપ્ત થયેલાં છે, કેટલાએક ઉત્તમ કન્યાઓ સાથે ધન સમૃદ્ધિને પ્રાપ્ત થયા છે, તે પ્રસંગે તેઓએ માતા પિતાની આજ્ઞાની અપેક્ષા રાખી નથી રાજકુમાર ! તમે ચતુર અને શાણા છો, તમે આ રાજકન્યા સ્વીકારવાથી માતા પિતાના અપરાધી થશો નહીં. આ પવિત્ર પદ્મિનીની સાથે આવેલા તમને જોઇ તમારાં માતા પિતા અતિ આનંદ પામશે, અને ઉમંગથી ધન્યાવાદ આપશે.

ચંદ્રવતીના આવા વચન સાંભળી શ્રીચંદ્રકુમાર વિચારમાં પડયો, તેની મનોવૃત્તિપર ચંદ્રવતીના વચને સારી અસર કરી હતી તે જોઇ વચ્ચે મંત્રી બોલી ઉઠયો—રાજપુત્ર આ કાર્ય કાઇ દુષ્કર નથી, તમારા વણિક કુળનો આમાં ઉત્કર્ષ છે. રાજકન્યા રાજકુળ શિવાય હોયજ નહી મરૂ સ્થળમા નર્મદા નદીનો પ્રવાહ કયાંથી હોય ? મંત્રીનાં વચનને પણ શ્રીચંદ્ર સાંભળી રહ્યો, તે જોઇ વામાંગ કુમારને વિશેષ આશ્ચર્ય થયું અહા ! આ કુમાર ખરેખર ગૃહસ્થ યોગી છે, યોગી પણ ભોગનો લાભ મળતાં લલચાય છે, આ ધીર વીર કુમાર કેવો દૃઢ રહ્યો છે, પદ્મિનીના લાભને પણ તે તૃણવત્ ગણે છે. સર્વ એકઠા થઇ તેને આગ્રહપૂર્વક લલચાવે છે, તથાપિ નિર્મળ ચારિત્રધારી મુનિની જેમ તે દૃઢતારૂપ મહા શિલા ઉપર ઉભો છે, આ કુમાર કોઇ સામાન્ય પુરૂષ નથી, કોઇ રાજવીર કુળનો વીર નર છે. વામાંગ કુમાર આ પ્રમાણે ચિંતવી ક્ષણ વાર પછી બોલ્યો—ભદ્ર ! ઉત્તમ પુરૂષો કોઇની પ્રાર્થનાનો ભંગ કરતા નથી તમે બતાવેલી દૃઢતા જોઇ મને સંતોષ થાય છે, તથાપિ હવે બીજાની ખાતર એ દૃઢતા તમારે શિથિળ કરવી જોઇએ. વામાંગ કુમારના વચન સાંભળી શ્રીચંદ્રકુમાર હાસ્ય સહિત બોલ્યો—રાજકુમાર ! તમે સુજ્ઞ છો, રાજકુળ અને વણિક કુળના ગૃહધર્મ જાણો છો હૃદયમા વિચાર કરો, વણિકની સ્ત્રી પોતાને ઘેર રસોઇ વિગેરેનુ કામ કરે, અને રાજકન્યાથી તે કામ ન થાય, રાજ્ય લક્ષ્મીના તેજથી પ્રકાશિત રાજકુળ કયાં ? અને તેથી ઉતરતુ વણિકનું કુળ કયા ? રાજકુળ સત્તાથી અલંકૃત અને સ્વામિત્વ તથા સેવ્યત્વ ધરનારૂ, અને વણિક કુળ સત્તારહિત અને પરાધીન સેવકત્વ ધરનારૂં છે તમે પદ્મિની રાજકન્યાના હિતચિંતક છો, રાજકન્યાને સુખી કરવા ઇચ્છો છો, તથાપિ આવો આગ્રહ રાખો છો, એ આશ્ચર્યની વાત છે વિચાર કરો, વણિક કુળમાં વરેલી રાજકન્યા શી રીતે સુખી થાય ? વળી આવી રાજકન્યાનો યોગ જો મારે ઉચિત હોત તો, મારો અવતાર વણિક કુળમાં કેમ થાય ? આ યોજના વિધિએજ રચેલી છે. વિધિની ઘટના અન્યથા શી રીતે થાય ? શ્રીચંદ્રનાં આવાં ચાતુર્ય ભરેલાં વચનો સાંભળી વામાંગકુમાર મૌન ધારી બેઠો બીજાઓ પણ શાંત થઇ ગયા

આ દેખાવ જોઇ ચંદ્રકળાને ચિંતા થઇ પડી, તેની આશાલતા છેદાવા લાગી, શ્રીચંદ્રના મોહને લીધે તેણીને ઘણું દુઃખ લાગી આવ્યુ, નયનમાંથી અશ્રુધારા ચાલી, નિર્જળ સ્થળમાં પડેલી માછલીના જેવી તેની સ્થિતિ થઇ ગઇ, ચંદ્રકળા બીજની ચંદ્રકળા

જેવી થઇ. ચંદ્રકળાની આ સ્થિતિ તેની સખીએ દીપવતીને જણાવી, એટલે રાણી દીપવતીએ ચંદ્રકળાને પોતાની પાસે બોલાવી ચિંતાતુર ચંદ્રકળા ત્યાં આવી. રાણીએ તેને ઉત્સંગમાં બેસારી આ પ્રમાણે કહ્યું—વત્સે ! તને ધન્યવાદ ઘટે છે. તે જે નરની સાથે પ્રેમ જોડવાની ઇચ્છા કરી છે, તે ખરેખર યોગ્ય છે. ગુણવાન્ અને સર્વ લક્ષણ સંપન્ન પતિને તેં બરાબર શોધ્યો છે. તારી ચતુરાઇ જોઇ અમને પૂર્ણ સંતોષ થાય છે. તારા પૂજ્ય કાકાજી પણ એથી ખુશી થયા છે. બેન ! મનમાં જરા પણ ચિંતા રાખીશ નહીં. પરિણામે સારૂં થશે, તારી આશાલતા નવપલ્લવિત થયા વિના રહેશે નહીં, તારા સદ્વિચાર, તારી એક નિષ્ઠા, અને તારી અલૌકિક પાત્ર પરીક્ષા જોઇ અમે સાનંદાશ્ચર્ય થયા છીએ બેન ! તું નિશ્ચિંત રહેજે, તારાં પ્રબળ પુણ્ય એ પ્રતાપી પુરૂષને ખેંચી લાવ્યા છે, પ્રાણી માત્રને પુણ્યની સમૃદ્ધિ સર્વોત્કૃષ્ઠ સુખ આપે છે. માનવ જીવનના ઉચ્ચ પ્રદેશમાં જવાનો માર્ગ પુણ્ય શ્રેણી દર્શાવે છે. પુણ્યના પવિત્ર પ્રભાવથી ગમે તેવું દુઃસાધ્ય હોય, તોપણ તે સાધ્ય થઇ શકે છે. પુણ્યની મહાન્ શક્તિ આગળ માનુષી કે દૈવતાઇ, કંઇ પણ સુખ અસાધ્ય નથી. પ્રિય બેન ! તારૂં પુણ્ય પ્રબળ છે, પુણ્ય વિના આવા પતિનો યોગ ક્યાંથી થાય ? આ પવિત્ર પુરૂષથી તને દિવ્ય સુખ પ્રાપ્ત થશે ભવિષ્યમાં તારો ગૃહ વ્યવહાર સર્વોત્કૃષ્ટપણે પ્રવર્તશે. વત્સે ! શાંત થા, તારા મનોરથ હવે સફળ થવાને ઉન્મુખ થયા છે, તું સહેલાઇથી ઇષ્ટ ફળ મેળવી શકીશ તારી મનોગત ઇચ્છા અવશ્ય સફળ થશે, નિરાશ થઇશ નહિ, કોઇ જાતનાં વિઘ્નની શંકા રાખીશ નહીં. તને કોઇપણ અંતરાય કરશે નહીં. તારો ઉદયનો માર્ગ નિર્વિઘ્ને ખુલ્લો થયો છે. તારી મનોભાવના સર્વ રીતે નિરાબાધ થઇ છે.

દીપવતીનાં આવા ઉત્સાહદાયક વચન સાંભળી ચંદ્રકળાને જરા આશ્વાસન મળ્યું તે વખતે વરદત્ત શેઠ વચમાં બોલી ઉઠયા—વહાલી ! તમે યોગ્ય પરીક્ષા કરી છે જેની ઉપર તમે ભવિષ્યમાં ગૃહાવાસનો પાયો નાખવા ધાર્યો છે, તે ખરેખર સ્તુત્ય છે જે અભિનવ પુરૂષને તમે માનસિક રીતિએ પતિપદ આપેલું છે, તે પુરૂષ ખરેખર રાજવીર છે. દૈવયોગે તેની ઉત્પત્તિ વણિક કુળમાં થઇ ગઇ હશે, પણ તેનામાં ઉત્તમ જાતિના ગુણ, સ્વભાવ સિદ્ધ રહેલા છે તમે તેના સહવાસમાં રહેવા નિશ્ચય કર્યો છે, તે યોગ્યજ છે. પદ્મિનીની પ્રસન્નતા અપાત્ર ઉપર થાયજ નહી હવે તમે તેને વરી ચુકયાં છો. રાજ કન્યા પ્રત્યે એટલાં વચન કહી, તે ચતુર શિરોમણી શેઠે શ્રીચંદ્રને કહ્યું, કુમાર ! દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરજો. આ બાળા તમને મનથી વરી ચુકી છે. એ પદ્મિની પ્રમદા હવે અન્ય પતિને વરવાની નથી તમે જાણો છો કે, કુલીન કન્યા એકજ વાર એકનેજ અપાય છે. તે વિષે નીચેનો દોહો યાદ કરો

जहेने जे मनमां वश्यो, परणे तेहिज कंत ।
एक वार कन्या दीये, एक वार वदे संत ॥ १ ॥

કુમાર રત્ન ! મારી વિનતિ ધ્યાનમાં લ્યો આ પદ્મિનીની પતિ પદની અંગીકાર

કરો. આ રાજકન્યાના પાણીગ્રહણથી ઘણો લાભ થશે. અનુક્રમે રાજ્ય સમૃદ્ધિના ભોક્તા થશો આ કન્યાનુ પાણીગ્રહણ કરનારને અતિ લાભ છે, એમ નૈમિત્તિકના, અને જ્ઞાનીઓના વચન છે તમારૂ કુળ, ગામ વિગેરે જાણવામા આવ્યુ છે, ભવિષ્ય સારૂ દેખાય છે, એ રાજબાળા તમારા સિવાય બીજાને વરવાની નથી, તેના મુગ્ધ હૃદયમા પૂર્વ જન્મનો પ્રેમ પ્રગટ થયો છે ક્ષણે ક્ષણે તમારૂજ રટણ કરે છે તે મનોહરાએ પોતાના હૃદયમંદિરમાં તમને સ્થાપિત કર્યા છે નરમણિ ! એ પદ્મિની જિનધર્મથી અલંકૃત છે, પ્રભુના વચનને જાણનારી છે, સમ્યકત્વની શોભાથી સુશોભિત છે, જિનપૂજામા પ્રવીણ છે, એ શુદ્ધ શીલવતી સુન્દરી પંચપરમેષ્ટીનો જાપ કરે છે, આર્હતશાસ્ત્રના ધર્મ પ્રમાણે વર્તનારી છે, એ અબળા આગ્રહી છે, સંકલ્પ પ્રમાણે ચાલનારી છે, તેણીએ જે પુરૂષ મનમા કર્યો હશે, તેનેજ એ વરવાની, તેની પ્રતિજ્ઞા મેરૂવત્ અચળ છે કુમાર ! તમારે આ વાત અંગીકાર કરવી પડશે, અને તેમ કરવાથી અમારા સર્વના મનમા સ્નેહ વધશે, આટલુ કહી વરદત્ત શેઠ બોલતા બંધ થઇ ગયા તેના અને રાણીના વચનની અસર શ્રીચંદ્રના હૃદયમાં ઉત્પન્ન થઇ એ ચતુર નાયકે વિચાર્યું કે, દૈવયોગે આ સંબંધ જોડાશે, જે મારા અંતરમાંથી પણ અનુમોદન પ્રાપ્ત થાય છે, મારા પૂર્વના કર્મ આ યોગ મેળવવાને અનુકૂળ હોય, તેમ લાગે છે. એ પદ્મિનીનો પ્રેમ અપૂર્વ છે, એ મૃગાક્ષીના સદ્ગુણોએ મને પ્રથમથીજ આકર્ષ્યો છે, વળી આ કાર્ય કરવાથી રાણી દીપવતીની અને વરદત્ત શેઠની પ્રસન્નતા પ્રાપ્ત થશે, આ પ્રમાણે શ્રીચંદ્ર વિચારમા પડયો તેણે હા કે ના કહી નહી, એટલે સર્વના મનમા આવ્યુ કે, શ્રીચંદ્રકુમારની ઇચ્છા અનુકૂળ થઇ, તે ચંદ્રકળાનો અંગીકાર કરવા ખુશી છે, આવી સર્વની પ્રેરણા થઇ, એટલે ચતુર ચંદ્રકળાએ શ્રીચંદ્રના કંઠમા વરમાળા આરોપણ કરી દીધી શ્રીચંદ્રના મુખ ઉપર પ્રસન્નતાના અંકુરો સ્ફુરી રહ્યા. રાજબાળા ચંદ્રને જેમ ચકોરી જુવે, અને મેઘને જેમ મયુરી જુવે, તેમ લજ્જાથી વક્ર દૃષ્ટિએ પોતાના પ્રાણેશને નીરખવા લાગી, તેના હૃદયમા હર્ષની ઉર્મિઓ ઉછળવા લાગી, પોતાનુ મનવાંચ્છિત કાર્ય સિદ્ધ થયુ. તેને માટે તે મનમા અતિશે આનંદ પામવા લાગી

રાજાની આજ્ઞા થઇ, કે અલ્પ સમયમાજ આ વિવાહ ઉત્સવની તૈયારી થવા માડી. ચંદ્રકળાનો સંબંધ શ્રીચંદ્રકુમારની સાથે થયો, આ ખબર જાણી વનિતાઓના ધવલ મંગળથી રાજમહેલ ગાજી ઉઠયો. વાજિંત્રોના નાદથી સર્વ ભુવન નાદમય થઇ ગયુ. ચંદ્રકળાના સૌભાગ્યને લોકો વખાણવા લાગ્યા. શહેરમા શેરીએ શેરીએ આનંદ ઉત્સવ પ્રસરી રહ્યો " શુભ દિવસે, અને શુભ મુહૂર્ત્તે ચંદ્રકળાનુ પાણિગ્રહણ કરવામા આવશે, એવી સર્વને જાણ થઇ મંત્ર ગ્રહમા ચંદ્રકળા, અને શ્રીચંદ્રનુ તારામૈત્રક અલ્પ સમયમા થશે, ચંદ્રકળા પોતાનું પદ્મિની જીવન કૃતાર્થ કરશે, અને શ્રીચંદ્રના સહવાસનુ મહા ફળ પ્રાપ્ત કરશે. શ્રીચંદ્ર પદ્મિનીનો પતિ થઇ, પુણ્ય શ્રેણીપર આરૂઢ થશે બન્ને અભિનવ દંપતિ નવનવા ભાવ અનુભવવા ઉન્મુખ થશે. મહારાજા ચંદ્રકળાના કરમોચન વખતે અનેક દાયજો અર્પણ કરશે, શ્રીચંદ્રની આગળ રાજકીય પદાર્થોનો રાશિ એકઠો થશે, વિવિધ જાતની લગ્નની ભેટો તેની આગળ ધરવામાં આવશે, અલ્પ સમયમાંજ લગ્નોત્સવનો આનંદ આપણે પ્રાપ્ત કરીશુ. " આ પ્રમાણે લોકો ચિંતવતા હતા ચંદ્રકળા

પણ મનવાંછિત પ્રાપ્ત કરી શ્રીચંદ્રના સમાગમની ઉત્કંઠા ધરવા લાગી. શ્રીચંદ્ર તેને પ્રે-
મથી ચાહતો હતો, પણ તે પોતાના વિકારને દબાવી શકતો હતો પુણ્યના પ્રૌઢ પ્રતાપથી
કોઇ પણ વિકારી વસ્તુ તેને આકર્ષણ કરતી નહતી. ચંદ્રકળા જેવી પદ્મિની પણ તેની
સ્વતંત્ર અને દ્રઢ મનોવૃત્તિ તાબે કરવાને સમર્થ નહતી. તે અપૂર્વ આત્મબળનો ધારક
હતો, કોઇ વિકારી વ્યસનો તેનો પરાભવ કરી શકતાં નહતાં. આ પ્રમાણે દ્રઢ હૃદયવાળા
શ્રીચંદ્રે ચંદ્રકળાનું પાણિગ્રહણ સ્વીકાર્યું હતું, તથાપિ તે ત્યાંથી પ્રયાણ કરવાના સમયની
રાહ જોતો હતો, પણ માતા પિતાની આજ્ઞા વિના તે કામ કરવા તેની અંતરંગ ઇચ્છા
નહોતી.

પ્રકરણ ૩૩ મું.

ચાતુર્ય પ્રકાશ.



ત્રિનો સમય હતો, સર્વત્ર શાંતિ હતી, પણ તે શાંતિનો ભંગ થવાની
તૈયારી થવાને થોડીકજ વાર હતી, બ્રાહ્મ મુહૂર્ત્તે જાગ્રત થનારા ઉદ્યોગી
પુરૂષોના સૂક્ષ્મ કોલાહલ થતા હતા, પણ તે સમગને હજુ વિલંબ હતો,
આર્હત ભક્તોના મુખમાંથી પ્રભાતના મધુર રાગમય સ્તવનો પ્રકાશ થયાં
ન હતાં, આવશ્યક ક્રિયાના ઉદ્દગારો હજુ નીકળતા ન હતા. આ સમયે શ્રીચંદ્રકુમાર
જાગ્રત થયો, તેની મનોવૃત્તિમા પ્રયાણ કરવાની ઇચ્છા હતી, પોતાની અભિનવ પ્રિયાને
અહીં મુકી, તે ત્યાંથી ચાલ્યા જવાની ધારણા રાખતો હતો. આવી ધારણાથી જાગ્રત થઇ,
તે તૈયાર થવા લાગ્યો. ચંદ્રકળા અંત પુરમા શય્યા ઉપર અર્ધી નિદ્રામાં અને અર્ધી જાગ્રત થઇ
અનેક મનોરથ કરતી હતી, મુગ્ધ હૃદયની બાળા શ્રીચંદ્રના આવા વિચારને જાણતી ન હતી શ્રી
ચંદ્રે શૌચ ક્રિયાનું બહાનું કરી મિત્ર ગુણચંદ્રને જાણ કરી નિચે જવા સૂચવ્યુ. તે વાત અંગી-
કાર કરવામાં આવી, એટલે શ્રીચંદ્ર ઉઠીને મહેલની નીચે ઉતર્યો.

શ્રીચંદ્રના હૃદયને જાણનાર ગુણચંદ્રને આ વખતે વિચાર થયો કે, જરૂર શ્રીચંદ્ર
મિત્ર કાંઇ પણ મિષ કરી ચાલ્યો જશે, કોઇપણ યુક્તિથી તેને થોડો વખત અહીં રોકવો
જોઇએ. પદ્મિની ચંદ્રકળાના પ્રેમપાશમાં તેને બાંધી લેવો જોઇએ. અદ્યાપિ કોઇ પણ
રમણીના મોહ જાળમાં તે ફસાયો નથી, હવે તેને ચંદ્રકળાના વિશેષ સહવાસમા રાખવાની
જરૂર છે. આવા વિષયમા પારદની જેમ એ સર્વદા ચપળ રહે છે, તે કોઇ પણ પ્રેમના,
શૃંગારના, કળાના કે મૈત્રીના બંધનમાં આવતો નથી, કોઇ પણ સાંસારિક મોહક પદાર્થ
તેને આકર્ષી શકતા નથી, પણ હવે તેને અહીં રોકવાની જરૂર છે આવું વિચારી
ગુણચંદ્ર બેઠો થયો. તેણે આવી રાણી દીપવતીને ખબર આપ્યા કે, શ્રીચંદ્રકુમાર શ્રમ

રીતે ચાલ્યા જાય છે, તમે તેને યુક્તિથી અટકાવો તત્કાળ રાણી ચંદ્રવતી, વામાંગકુમાર, વરદત્ત શેઠ અને ચતુરા વિગેરે સર્વ પરિવાર એકઠો થઇ ગયો જ્યાં શ્રીચંદ્રકુમાર રથ આગળ ઉભો હતો ત્યા આવી, ચદ્રને જેમ તારા મંડળ વીટી વળે, તેમ સર્વે શ્રીચદ્રને વીંટાઇ વળ્યા ગુણચંદ્ર અને ચદ્રકળા પણ ત્યાં આવ્યાં શ્રીચદ્રકુમાર સર્વને આવેલાં જોઇ આશ્ચર્ય પામી ગયો.

તે સમયે ચદ્રકળાની પ્રેરણાથી ચતુરા સખી હસતી હસતી બોલી—પ્રિયનાથ ! તમરો વિદ્યાભ્યાસ ઉત્તમ છે, તમોએ સર્વ કળાઓમા પટુ ચાતુર્ય મેળવેલું છે, તો મારા કેટલાએક પ્રશ્નના ચમત્કારી ઉત્તર આપશો એમ કહી ચતુરાએ રાજકુમારીની પ્રતિનિધિ થઇ એક તામ્બૂલની બીડી કુમારના હાથમા આપી, અને મધુર સ્વરે કહ્યુ, સ્વામી ! પ્રથમ આ તામ્બૂલના જે ગુણ હોય તે દર્શાવી, પછી તેનો ઉપયોગ કરજો. પ્રિયાના પ્રતિનિધિ દ્વારા પ્રેમી વચન સાંભળી શ્રીચંદ્ર નીચે પ્રમાણે તાંબૂલના ગુણ વિષે બોલ્યો—

> तांबूलं कटु तिक्त मुष्ण मधुरं क्षारं कषायान्वितं
> वातघ्नं कफनाशनं कृमिहरं दुर्गंधनिर्नाशनम् ।
> वक्त्रस्याभरणं विशुद्धिकरणं कामाग्नि संदीपनम्
> तांबूलस्य इमे त्रयोदश गुणाः संसारिणां दुर्लभाः ॥ १ ॥

ભાવાર્થ—તામ્બૂલ કટુ, તીખુ, ગરમ, મીઠું, ખારૂ, કસેલું, વાયુને હરનારૂં, કફનો નાશ કરનારૂ, કરમીયાને હરનારૂ, દુર્ગંધને નષ્ટ કરનારૂ, મુખનું આભૂષણ, શુદ્ધિ કરનારૂ, અને કામ તથા અગ્નિ [જઠરાગ્નિ] ને ઉદ્દીપન કરનારૂ છે. એ તેર ગુણ તાંબૂલમા રહેલા છે, તે સંસારીઓને દુર્લભ છે

આ પ્રમાણે તામ્બૂલના તેર ગુણ શ્રીચદ્રે કહી બતાવ્યા, એટલે ચદ્રકળાની સખી નીચે પ્રમાણે એક સસ્કૃત વાકય બોલી—

> स्वामिन्नेभिरिदं त्रयोदशगुणैर्युक्तं प्रसादी कृतम्

હે સ્વામી ! તમને જે આ તામ્બૂલ ધરવામા આવ્યુ છે, કે તે તેર ગુણવડે યુક્ત છે

આટલું કહી ચંદ્રકળારૂપ ચતુરાએ પુન પ્રશ્ન કર્યો—સ્વામી ! તમે આ દ્રવ્ય તામ્બૂલનુ વર્ણન કર્યુ, પણ ભાવતામ્બૂલ, અથવા અંતરંગ તામ્બૂલ કેવુ હોય ? તે કહો તે સાભળી શ્રીચદ્રે નીચે પ્રમાણે અંતરંગ બીડીનુ વર્ણન કર્યુ.

દોહો.

પ્રિયવચ નાગરવેલિદલ, શુદ્ધ પ્રેમ તે પૂગ,
સમકિત ચૂર્ણ કપૂર ધૃતિ, રુચિ નિર્જર સયોગ ૧

એહવુ બીડું મુખ ધરે, તસ સુગંધ મુખ સાસ,
ખચન ખારા થાયે નહીં, જિનવર ધ્યાન ઉસાસ ૨

રાજકુમારી તે સાંભળી ખુશી થઇ, તેણે ચતુરા સખીને સંજ્ઞા કરી એટલે ચતુરા બોલી—સ્વામી ! આ તરંગ બીડીનું વર્ણન સંસ્કૃતમાં કરો. શ્રીચંદ્રકુમારે તેવાજ ભાવાર્થનુ વર્ણન સંસ્કૃતમાં કર્યું

सुनागपत्राणि मिथः प्रियंवचः
सत्प्रेमपूगानि सुदृष्टि चूर्णकः ।
संतोष कर्पूर सुगंधवर्तिका
तथेदृशं वीटकमस्तु मे विभो ॥ १ ॥

અથવા—

सत्यं वचो नागरखंड वीटकम्
सम्यक्त्वपूगं शुभतत्त्वचूर्णकम् ।
स्वाध्यायकर्पूर सुगंधपूरितं
तदस्तु सख्यः शिवसौख्यकारकम् ॥ २ ॥

પરસ્પર પ્રિય વચન બોલવાં, તેરૂપ નાગરવેલનાં પત્ર છે, પ્રેમરૂપી તેમા સોપારી છે, સમ્યગ્દૃષ્ટિરૂપ ચુનો છે, સંતોષરૂપ કપૂરની સુગંધી છે. હે વિભુ ! એવુ તાંબુલ મારે હો.

સત્ય વચનરૂપ નાગરવેલનું પત્ર, સમ્યક્ત્વરૂપ સોપારી, શુભ તત્વરૂપ ચુનો, અને સ્વાધ્યાયરૂપ સુગંધ પૂર્ણ એવું તાંબૂલ હે સખી ! મને મોક્ષ સુખને આપનાર થાઓ.

પછી ચંદ્રકળાએ સુચના કરી, એટલે ચતુરા સખીએ કહ્યું, સ્વામી ! સ્નાનમાં કેવા ગુણ રહેલા છે ? તે કૃપા કરી જણાવો. ચતુર શ્રીચંદ્ર નીચે પ્રમાણે બોલ્યો—

स्नानं नाम मनः प्रसादजननं दुःस्वप्नविध्वंसनं
सौभाग्यायतनं मलापहरणं संवर्द्धनं तेजसः ।
रूपद्योतकरं शिरःसुखकरं कामाग्निसंदीपनं
स्त्रीणां मन्मथमोहनं श्रमहरं स्नाने दशैतेगुणाः ॥ १ ॥

મનને પ્રસન્નતા આપનાર, દુઃસ્વપ્નને નિવારનાર, સૌભાગ્યનું સ્થાનરૂપ, મળને હરનાર, તેજને વધારનાર, રૂપનો પ્રકાશ કરનાર, મસ્તકને સુખ આપનાર, કામાગ્નિને

ઉદ્દીપન કરનાર, સ્ત્રીઓને કામદેવનો મોહ કરનાર, અને શ્રમને નાશ કરનાર સ્નાન છે. એ દશ ગુણ સ્નાનમા રહેલા છે ૨

ચતુરાએ હાસ્ય કરી પુછ્યુ, હવે ભાવસ્નાન અથવા આત્મસ્નાન કહો— શ્રીચદ્ર નીચેનો દોહો બોલ્યો—

અંતરગ સ્નાન હવે દાખો, કહે સમ રસ અમિજળ ચાખો,
જેથી વિષયપક મળ જાવે, તૃષ્ણાનો પરિતાપ ઓલાવે.

સમતારૂપ અમૃત જળમા સ્નાન કરવું, તે અતરગ સ્નાન છે, તેથી વિષયરૂપ કાદવનો મળ દૂર થાય છે. અને તૃષ્ણાનો પરિતાપ બુઝાઇ જાય છે

ચદ્રકળાની પ્રેરણાથી ચતુરા બોલી—કુમારમણિ ! આપ ચતુર છો, આપણે દ્રવ્યખીચડી જાણીએ છીએ, અને ખાઇએ છીએ, પણ ભાવખીચડી કોને કહેવાય ? તે કૃપા કરી જણાવો શ્રીચદ્ર હાસ્ય કરી બોલ્યો—

ગુણ તંદુલ શુ નીપની, કરૂણા દાલિ સંજૂત,
સમકિત ઘૃત શુ જીમીએ, તો ભાગે ભવ ભૂખ. ૧

તેજ વર્ણન સસ્કૃતમા કહે છે:

गुण तंदुल निष्पन्ना सन्मैत्रीं दालि सुंदिरा ।
सम्यक्त्क घृत संपूर्णा क्षिप्रका भुज्यतामियम् ॥ १ ॥

ગુણરૂપ ચોખાથી બનેલી, સન્મૈત્રીરૂપ દાળવડે સુંદર અને સમકિતરૂપ ઘીથી ભરપૂર એવી આ ક્ષિપ્રા (ખીચડી) જમી લ્યો. તે સાભળી ચમત્કાર પામેલી ચતુરાને રાજબાળાએ ભ્રકુટીની સંજ્ઞા કરી, એટલે તેણીએ પુછ્યુ કે, સ્વામી ! અંતરની લાપશી કેવી હોય ? કુમાર સ્મિત વદને બોલ્યો.

લપન શ્રી જેહ ત્રિવારી, અગ અગ્ર ભાવપૂજા ધારી;
નાના વિધ વગર ભારી, વિધિ રચનાએ એહ ધારી. ૧

તેનું તે વર્ણન સંસ્કૃતમા નીચે પ્રમાણે કહ્યુ

लपन श्री स्त्रिधाभक्तिः श्चित्रभक्तिः सुराजिता ।
सा नित्यं भुज्यमानाहि तनु शोभा वितन्वताम् ॥ १ ॥

" ત્રણ પ્રકારની વિચિત્ર રચનાવાળી સુદર લાપશી નિત્યે જમવાથી, તે શરીરની શોભા વધારે છે "

ચતુરાએ ફરીથી કહ્યું, તેવીજ રીતે અતરની ગુડપર્પટિકા (ગોળપાપડી) કહી બતાવો.

ગુડપર્પટિકા કહો કેહી, જડભાવન લાધે જેહી,
અનુકંપ ઉચિત કીર્ત્તિદાન, એહના જિહાં ભાવપ્રધાન ૧

અંતરગે એહિજ જાણો, મન કૃપણપણુ નવિ આણો,
એમ ભોજનની દુરસાઇ, નિત્ય કીજે તેહિ ભલાઇ ૨

કુમારે તેવુજ વર્ણન સંસ્કૃતમા કર્યું

त्रिधा दान ममानं यद् वहुमानेन संयुतम् ।
गुडपर्पटिका तूर्णं भुज्यतां प्रत्यहं सखे ॥ १ ॥

હે મિત્ર ! ઉચિતદાન, અનુકંપાદાન અને કીર્ત્તિદાન—એ ત્રણ પ્રકારનુ દાન બહુ માન સાથે કરવું, તેરૂપ ગોળપાપડીનુ હમેશાં સત્વર ભોજન કર.

આ પ્રમાણે ચંદ્રકળા તે ચમત્કારી પ્રશ્નોત્તર સાભળી ઘણીજ ખુશી થઇ ગઇ, આ વખતે વરદત્ત શેઠ વિગેરેએ પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરવાને દેવ, ગુરૂ અને ધર્મના તત્વ વિષે પ્રશ્ન કર્યા, તે સાભળી ચતુરશિરોમણી શ્રીચદ્રકુમાર અંગમાં ઉમગ ધરી બોલ્યો, ભદ્ર ! તમારા પ્રશ્નોથી મને અપૂર્વ આનદ આવે છે. ક્ષણવાર પહેલા જે પ્રશ્નોના ઉત્તર મેં આપ્યા છે, તે પ્રશ્નો સાંસારિક ભાવનને વધારનારા હતા, અને આ તમારા પ્રશ્નો ધાર્મિક ભાવનાને વધારનારા છે, પુર્વના પ્રશ્નોત્તરમાં જરા અશુદ્ધ થયેલી મારી બુદ્ધિ આ તમારા ઉત્તમ પ્રશ્નોત્તરની વાણીરૂપ ગંગામા સ્નાન કરી પવિત્ર થશે. તમારા આ પવિત્ર પ્રશ્નોએ મારી ધર્મભાવના જાગ્રત કરી છે. ભવ વાસનામા લુબ્ધ થયેલા મારા ચપળ ચિત્તને તમે શુભ માર્ગે દોર્યુ છે. આ પ્રશ્નરૂપ ચદ્રના ઉદયથી મારો હૃદયસાગર ઉલ્લાસ પામે છે. ગાઢ અંધકારમાં મગ્ન થયેલા મારા મલિન હૃદયને તમે તત્વજ્ઞાનરૂપ દીપકનો પ્રકાશ આપ્યો છે મારા પરિતૃપ્ત હૃદયની ઉપર તમે સુધાસિચન કરવાનો પ્રયોગ આરંભ્યો છે. આ પ્રશ્નોથી હુ તમારો પૂર્ણ આભારી થયો છુ આર્હત શાસ્ત્રમા લખેલુ છે કે, ધર્મ કરનારથી ધર્મનું સ્મરણ કરાવનાર અધિક છે, ભવ સબધી આધિ, વ્યાધિ અને ઉપાધિમા પડેલાં પ્રાણીને ભવમાંથી ઉદ્ધાર કરનાર, ધર્મનુ સ્મરણ કરાવવુ, એ કેવો ઉપકાર ? અનેક ભવિ પ્રાણીઓએ દેવગતિમા ગયા પછી પોતાના પુર્વ ઉપકારીના પ્રત્યુપકાર કરેલા છે. ધર્મભાવનાને જાગ્રત કરવા, તેનું યથાર્થ સ્મરણ કરાવવા, અનેક વૈક્રિય રૂપ ધર્યા છે, અનેક ચમત્કારી ચેષ્ટાઓ કરેલી છે, અને વિવિધ જાતની શક્તિઓ દર્શાવી છે આટલુ કહી શ્રીચદ્રે નીચે પ્રમાણે અનુક્રમે પ્રશ્નના ઉત્તર આપવા માંડયા.

જેનામાં અઢાર પ્રકારના દોષ ન હોય, જેનામા ચોત્રીશ અતિશય પ્રકાશી રહ્યા હોય, ચાર નિક્ષેપ જ્યા સત્ય છે, ચાર પ્રકારે જેમની વાણી સત્ય છે, જે ત્રણ લોકમાં પૂજિત છે, સર્વ જગતનુ હિત કરવામા જે તત્પર છે, ઉત્તમ જ્ઞાન અને દર્શન જે ધારણ કરે છે, અને જે દેવતાઓના પણ દેવ છે, તે ખરેખર શ્રી અર્હતપ્રભુ શુદ્ધ દેવ છે, એ પરમ પવિત્ર પ્રભુની ભવોભવ સેવા કરવી. જે સમકિતે યુક્ત હોય, જેઓ સર્વદા ઇંદ્રિયોનુ

શ્રાવક ભાઇઓને આ અંતરંગ ભોજન પરમ તૃપ્તિને આપનારૂં છે આ ભાવાત્મક ભોજન દ્રવ્યાત્મક ભોજનથી વધારે સ્વાદિષ્ટ છે. આ ભોજન કરનારા ભવિ પ્રાણીઓની કર્મરૂપ ક્ષુધા એવી રીતે શમી જાય છે કે, જે પુન. કદિ પણ ઉત્પન્ન થતી નથી શ્રાવક જીવનને ટકાવનારૂં અને કદિ જીર્ણું નહીં થનારૂં આ ભાવાત્મક ભોજન જગતમાં સર્વદા દુર્લભ છે. દ્રવ્ય ભોજન મળને વધારનારૂ અને પરિણામે વિરસ આપનારૂં છે, અને આ પવિત્ર ભોજન મળ રહિત અને સર્વદા પરમ રસ આપનારૂ છે.

શ્રીચંદ્રના મુખથી આવાં ચાતુર્ય ભરેલાં વચન સાંભળી સર્વે ચમત્કાર પામી ગયાં. તેની ધાર્મિક વિદ્વતા જોઇ સર્વને અદ્ભુત આનંદ થઇ ગયો. પડખે ઉભેલો વામાંગકુમાર આ ચાતુર્ય જોઇ વિસ્મય પામી ગયો તેણે વિચાર્યું કે, આ વિદ્વાન્ કુમારે અંતરંગ ભોજનનું જે વર્ણન કર્યું, તે ચમત્કારી છે. આ મહાનુભાવ ખરેખર લોકોત્તર પુરૂષ છે તેની કુશાગ્રબુદ્ધિમાં દિવ્ય શક્તિ દેખાય છે. આવા મનુષ્યોનું જીવન જગતમા કૃતાર્થ છે. આવું વિચારી વામાંગકુમારે નમન કરી શ્રીચંદ્રને કહ્યું, ચતુર શિરોમણિ કુમાર ! આપના ચાતુર્ય ભરેલા વિચાર સાંભળી અમને ઘણો આનંદ આવે છે. આપના ચાતુર્યનો વિશેષ આનંદ લેવાને મારે એક પ્રશ્ન પુછવાનો છે. સંસારી રસિક જીવો બુદ્ધિનું ચાતુર્ય ખીલાવવાને સોગઠાબાજી રમે છે. એ દ્રવ્ય બાજીમાંથી લોકો ઇહલોકનો ક્ષણિક આનંદ મેળવે છે, તો અમારે આપના મુખથી ભાવબાજી અથવા અંતરંગ બાજી સાંભળવાની ઉત્કંઠા છે, તો આપ અમને અંતરંગ બાજીનો આનંદ આપવા કૃપા કરશો. વામાંગકુમારના આવા વચન સાંભળી શ્રીચંદ્રને હર્ષ થયો. તે મંદહાસ્ય કરી બોલ્યો—ભદ્ર ! આ ચતુર્ગતિ સંસારરૂપ એક ચોપાટ છે, તેમા રાગ અને દ્વેષ બે પાશા છે. કષાયરૂપ સોળ સોગઠા છે, કૃષ્ણ, નીલ વિગેરે લેશ્યાઓરૂપ તે સોગઠાના રંગ છે, એ બાજીમા ઉન્મત્ત એવો આત્મારૂપ રાજા ખેલ કરે છે, તેની સામે કુમતિરૂપ જેરૂ રમવા બેઠો છે. જો પાંસગ દાવ ન આવે તો, એ ભવરૂપ ચોપાટમાં આત્મા જીતી શકતો નથી. ભવ પ્રપંચનો ખેલ તેને મુઝાવે છે, અને દુર્ગતિરૂપ ગજ તેને લાગી જાય છે

તે ચોપાટનું બીજી રીતે એવું પણ વર્ણન છે કે, ચારિત્રરૂપ એક ચોપાટ છે બાર ભાવના તથા મૈત્રી પ્રમુખ ચાર—એમ મળીને સોળ તેની સોગઠીઓ છે. જ્ઞાન અને દર્શનરૂપ બે પાશા છે. શ્વેત, પીળો અને રાતો તેમાં રંગ છે. એ ચોપાટથી સંસારનો ખેલ જીતાય છે. અવિરતિ, મિથ્યાત્વ, કષાય, પ્રમાદ, એ ચાર ચોકડ સામેના જેરૂ થાય છે. ત્રણ યોગ તથા રાગ અને દ્વેષ એ દુગથી સામે દાવ મંડાય છે. અજ્ઞાનરૂપ એકો પણ નાખવામાં આવે છે. ત્રણ દુગ, તથા પંચો નાખી એ રમતનો રંગ બરાબર જાગે છે. જે આ ચમત્કારી રમત રમી જાણે તે અંતર ભાવને જાણી શકે છે, અને જિનમતના રસમાં રસીલા કહેવાય છે. ભદ્ર ! આ ચોપાટને એવું પણ રૂપક અપાય છે કે, ચોવીશ દંડકનાં દ્વાર એ સોગઠા છે તેની અનુભાગ તે ચોસઠ ખાનાં છે. શુભ અને અશુભ અધ્યવસાયરૂપ પાશા છે. જે અવિરતિનાં દ્વાર છે, તે બે છક્કે મળીને બાર થાય છે વિરતિના દ્વારવડે બે ચોકે આઠ થાય છે ગતિ, આગતિ વચન અને ઉત્પાત, એ ચાર સોગઠાં પણ

સત્ય સુમિત્ર પવિત્ર, ભૂમિતલ પોઢીય સજ્જન,
ભોજન જ્ઞાન સુતત્ત્વ, દશોદિશ વસ્ત્ર વસજ્જા;
વિરતિ નારી દીપક વળી, ચંદ્ર ચિહુ દિશિ ઝગહુળે,
જ્ઞાનવિમલ ગુરૂ સાધને, સયલ કુટુંબ સાથે મળે. ૧

નિજ ભુજ વર ઉપધાન, પવન અતિ વીંજણુ ભાવે,
ચંદ્રોદય આકાશ, વિપુલ જશ અંત ન આવે;
મુક્તા ફળ ઉપમાન, તાર માલા અતિ ફાવે,
દિશિ કન્યા અનુકૂળ, સુપરે જસ વાય ઢોળાવે.
ઋજુતા વિરતિ સુનારિશુ નિશદિન સતી,
જ્ઞાનવિમલ કહે નૃપતિપરે, સુખે સોવે છે યતિ. ૨

નયર વિવેક ઉદાર, સાર સમકિત દઢ પાયો,
નવ તત્ત્વહ દરબાર, બોધ મહે તો મન ભાવ્યો.
ધર્મ રયણુ ભંડાર, દામ દમ ફલક નિપાયો,
રથ શીલાંગ અઢાર, સહસ્સ સેના સમવાયો,
આગમ નયની ગજ ઘટા, ધ્વજા મહાવ્રત લહલહે,
નય કહે સમ સંતોષ, પરિમલ અંગે ચંદન મહમહે. ૩

આગમ પાઠ સુગીત, રીતિ તિહા વંશ વજાવે,
નાટક સયલ સંસાર, જીવ નટ નૃત્ય દેખાવે;
વજ્જઇ મદલ માન, તાન વળિ લોભજ ગાવે,
નટ નાયક તિહા મોહ, હાવભાવ ભલા સુણાવે,
એણીપરે રૂપિ રાગ સદા, જોવે તાન ઉલટ ધરી,
જ્ઞાનવિમલ મુનિરાજની, કીર્ત્તિ ચહુ દિશિ વિસ્તરી ૪

કષ્ટ લહે કેમ એહ, જેહ એનાપર વરિયો,
શ્રી જિનવરની આણ, છત્ર શિર ઉપર ધરિયો,
પહેર્યો શીલ સંનાહ, તેહ સંવેગ કર લીધો,
જિન ઉપદેશ સુચક્ર, ધરી સવિ થયો સુપ્રસિદ્ધો.
રાગ દ્વેષ દુશ્મન હણ્યા, હણી ચિંતા મન તણી,
જ્ઞાનવિમલ સુધા સાધની, અછે એ પ્રભુતા ઘણી. ૫

તે છપ્પાનું વિવેચન કરતાં શ્રીચંદ્ર બોલ્યો—ભદ્ર ! ધર્મરૂપ જેને પીતા છે, ક્ષમા જેની માતા છે, સંયમરૂપ ભ્રાતા છે, દયા જેની બેહેન છે, સત્યરૂપ પવિત્ર મિત્ર છે, ભૂમિરૂપ શય્યા છે, તત્વજ્ઞાનરૂપ ભોજન છે, દિશારૂપી વસ્ત્રો છે, વિરતિરૂપી સ્ત્રી છે, અને ચંદ્રરૂપ દીપક જેના ઘરમાં પ્રકાશી રહ્યો છે, એવા સર્વ કુટુંબની સાથે રહેલા મુનિને શી ન્યૂનતા છે ? ને સર્વદા કુટુંબના સુખે પૂર્ણ સુખી છે. ૧

પોતાની ભુજાનું જેને ઓશીકું છે, પવન પંખો નાખે છે, આકાશરૂપ ચંદરવો છે, જેમા ચંદ્રના ઉદયરૂપ અનંત યશ રહેલો છે, તારાઓની શ્રેણી તે મુક્તાફળની માળા છે, દિશારૂપ કન્યાઓ અનુકૂળ વાયુ ઢોળે છે, સરળતા અને વિરતિરૂપ સતી સ્ત્રીઓ તેની સાથે રહેલી છે, આવી રીતે મુનિરાજ મહારાજાની જેમ સુખે સુવે છે ૨

યતિરૂપ રાજેંદ્ર વિવેકરૂપ નગરમા રહે છે, સમકિતરૂપ શ્રેષ્ટ પાયાદાર તેને કીલ્લો છે, નવતત્વરૂપ તેનો મોટો દરબાર છે, જેની અંદર મનમાન્યો બોધવિલાસ મળે છે, ધર્મરૂપ રત્નનો ભંડાર જેના તાબામા છે, દમનરૂપ દામ જેની પાસે છે, શીળરૂપ જેને રથ છે, અઢારહજાર શીળના અંગરૂપ જેની સેના છે, આગમનયરૂપ ગજેંદ્રની ઘટા છે, મહાવ્રતરૂપ ધ્વજાઓ જ્યા ફરકી રહી છે, સંતોષરૂપ ચંદનની સુગંધ જેના અંગમા પ્રસરી રહી છે ૩

તે યતિરૂપ મહારાજાની પાસે આગમ પાઠરૂપ સંગિત થાય છે, શુભ રીતિરૂપ વાંસળી વાગે છે, સર્વ સંસારરૂપ નાટક જામેલુ છે, જીવરૂપ નટ પોતાનુ નૃત્ય તે મહારાજાને બતાવે છે, માન મૃદંગ બજાવે છે, લોભ તેમા તાન આપે છે, નટનો નાયક મોહ હાવભાવ સુણાવે છે, એ નાટક મુનિમહારાજા ઉલટ લાવી જુએ છે. ૪

એ મુનિરૂપ વીરને કષ્ટ શી રીતે પડે ? કદિ પણ પડેજ નહી. શ્રી જિનાજ્ઞારૂપ છત્ર તેણે મસ્તકપર ધારણ કર્યું છે, શીલરૂપ બખ્તર શરીર ઉપર પહેર્યું છે, સંવેગરૂપ ખડ્ગ હાથમાં રાખ્યુ છે, જિનોપદેશરૂપ ચક્ર ધારણ કરી તે પ્રખ્યાત થયો છે, આવી પ્રભુતાને ધારણ કરતા તે યતિ વીરે પોતાના શત્રુ રાગ અને દ્વેષને હણી નાખ્યા છે, અને પોતે સર્વ રીતે નિશ્ચિંત થયેલ છે ૫

વરદત્ત શેઠ ખુશી થઇ પુનઃ બોલ્યા—ધર્મવીર ! આપના વચનામૃતથી અમોને તૃપ્તિ થતી નથી વારવાર આવા પ્રશ્ન પુછવાની ઇચ્છા થયા કરે છે, એથી આપને પુછવાનુ કે, જગતમા દીપોત્સવી અથવા દીવાળી દ્રવ્યથી તો પ્રખ્યાત છે, પણ ભાવથી એટલે અંતરંગ દીપોત્સવી કેવી હશે, તે કૃપા કરી જણાવશો ? શ્રીચંદ્રકુમાર મધુર સ્મિત કરતો નીચે પ્રમાણે ગીર્વાણ વાણીનું સુભાષિત બોલ્યો.—

सद् ध्यानोज्वलदीपकः सुविलसत्स्वाध्यायसाऽरात्रिकः
शुद्धाहार सुभोजनः सुगुणवाक्तांबुलशोभाभृतः ।
अश्री निर्ममलक्षणागमजय ज्ज्येष्टावना मोत्तरः
शीलालंकृतिभाग् मुदे भवतु वोऽर्हद्धर्मदीपोत्सवः ॥ १ ॥

જેમાં સદ્ધ્યાનરૂપ ઉજ્વળ દીવા છે, પ્રસંનના એવા સ્વાધ્યાયરૂપ જેમા આરતીઓ થાય છે, જેમા શુદ્ધ–પ્રાસુક આહારના ભોજન થાય છે, સદ્ગુણવાળી વાણીરૂપ તાંબુલની જેમા શોભા છે, પરિગ્રહનો ત્યાગ, મમતાનો ત્યાગ, આગમનો જય અને [illegible]

નમન, એ રૂપ જેમાં ઉત્સવ છે, અને શીલરૂપ અલંકારને જે ભજે છે. એવો જૈન ધર્મરૂપ દીવાળીનો ઉત્સવ તમારા હર્ષને થાઓ. ૧

આ સુભાષિત બોલ્યા પછી શ્રીચંદ્રે તેનું નીચે પ્રમાણે વિશેષ વિવેચન કર્યું.

ભવિજનો ! એ દીવાળી પર્વ જગતમાં પ્રખ્યાત છે, પ્રભુના નિર્વાણની નિશાનીને સૂચવનારૂં એ મનોહર પર્વ છે, એ પર્વનો દિવસ ભગવંતના નિર્વાણ ઉત્સવનો પ્રકાશક છે, એ મહોત્સવમાં સ્યાદ્વાદરૂપ ઘર ધોળાવાય છે, દર્શનરૂપ શુદ્ધિ થાય છે, ચારિત્રરૂપ ચંદરવા બંધાય છે, તે વડે રજને દૂર કરવામાં આવે છે, જીનરાજની સેવારૂપ રમત રમાય છે, ભાવનારૂપ વિવિધ પદાર્થો અને પકવાન, તથા મેવાઓ જમાય છે, ગુણીજનના ચરણના નમનરૂપ નવા વર્ષના જુહાર થાય છે. વિવેકરૂપી રત્નના મેરાયા કરી, તેમાં દીપકની શોભા કરવામાં આવે છે, તેની અંદર અનુમોદનરૂપ તેલ પૂરાય છે, મનરૂપ મંદિરમાં સુમતિરૂપ સુંદરી વિરતિરૂપ સાહેલીની સાથે વસે છે, અને અવિરતિરૂપ અળશ (અલક્ષ્મી) દૂર કરવામાં આવે છે. ધર્મ વાસનારૂપ સુંદર શ્રૃગાર ધરવામાં આવે છે, દર્શન ગુણરૂપ રંગ દેવામાં આવે છે, પરોપકારરૂપ ચુનાનો છંટકાવ થાય છે, આ મહોત્સવમાં શ્રી જિનેશ્વરરૂપ વરરાજા સિદ્ધિરૂપ કન્યાને પરણવા આવે છે, પ્રભુની સાથે અનગારરૂપ જાનૈયા થાય છે, સિદ્ધ શિલારૂપ ચોરીની વેદિકા વિવાહ મંગળની ક્રિયા માટે કરવામાં આવે છે, મુક્તિકન્યાને માટે અનંત ચતુષ્ટયરૂપ દાયજો પૂરાય છે, યોગ નિરોધરૂપ પોશાક અપાય છે, અને જીનરાજ એ પવિત્ર કન્યાને મોટા ઉત્સવ સાથે પરણે છે

આ અંતરંગ દીપોત્સવીનું વર્ણન સાંભળી, સર્વે સાનંદાશ્ચર્ય થઇ ગયાં ચંદ્રકળાની પ્રેરણાથી ચતુર પુરૂષોએ શ્રીચંદ્રને કહ્યું મહાનુભાવ ! કૃપા કરી અંતરંગ ગેડીદડાની રમત સમજાવો

શ્રીચંદ્ર સસ્મિત વદને બોલ્યો—

મોહરૂપી રાજા, ક્રોધ, માન અને લોભરૂપ ત્રણ પુરૂષો અને માયારૂપ એક સ્ત્રી સાથે ગેડીદડાની રમત રમે છે, એ ક્રીડા આ સંસારરૂપ કુંડમાં આવેલા જંતુરૂપ દડાથી રમાય છે, અવિરતિરૂપ ગેડી તથા અજ્ઞાનરૂપ દંડાંડે એ દડાને ઉછાળે છે. ભવ્ય અને [illegible] એ પક્ષીઓ દુર્વાસનારૂપ પવનના વંટોળીયાવડે તે દડાને વારંવાર સંસાર કુંડમાં [illegible]

તે [illegible] ક્રીડાનો બીજો શુભ પ્રકાર પણ છે. ચારિત્રરૂપ રાજા, દાન, શીળ અને તપ એ ત્રણ પુરૂષ અને ભાવનારૂપ સ્ત્રીની સાથે [illegible] ક્રીડા કરે છે. શ્રદ્ધારૂપ ગેડીથી [illegible] દડાને સિદ્ધિ કુંડમાં ઉછાળીને નાખે છે, એ રમતમાં જીવો ભવના ભયથી [illegible] થાય છે.

આ [illegible] ની વાર્તા સાંભળી, [illegible] સભાજન સાથે [illegible]

[illegible] સાથે [illegible] કરવાની

ઇચ્છા બનાવી, એટલે ચતુરા બોલી—સખી ચંદ્રકળા ! તમે ચંદ્રના પ્રકાશનું ચમત્કારી વર્ણન કરો. ચંદ્રકળા નીચેનું સંસ્કૃત કાવ્ય બોલી.—

लक्ष्मी केलिसरोऽट्टहासनिचयो दिक्स्त्रीवधूदर्पणः
श्यामावल्लिसुमं खसिंधुकुसुमं व्योमाब्धिफेनोद्गमः।
तारा गोकुल मुक्ति गौर निगृहं छत्रं स्मरक्ष्मापतेः
श्चंद्रः श्रीसकलश्चिरं विजयतां ज्योत्स्नासुधावापिका ॥ १ ॥

આ ચંદ્ર, લક્ષ્મીને ક્રીડા કરવાનું સરોવર છે, અટ્ટહાસનો સમૂહ છે, દિશારૂપી સ્ત્રીઓનું દર્પણ છે, રાત્રીરૂપ વેલનું પુષ્પ છે, આકાશરૂપ સમુદ્રનું કમળ છે, આકાશરૂપ સમુદ્રમાં ફીણનો ગોટો છે, તારારૂપ ગોકુળને છોડવાનું ઘર છે, કામદેવરૂપ રાજાનું છત્ર છે, અને ચંદ્રિકારૂપ અમૃતની વાપિકા છે, તેવો લક્ષ્મીથી પૂર્ણ એવો ચંદ્ર ચિરકાળ વિજય પામો.

ચંદ્રકળાની વાણી સાંભળી સર્વે ખુશી થયાં પછી સર્વે મળી શ્રીચંદ્ર પ્રત્યે બોલ્યા—પંડિત રત્ન ! તમે હવે ચંદ્રકળાનું વર્ણન આપો. શ્રીચંદ્ર હર્ષ પામતો નીચેનું સંસ્કૃત કાવ્ય બોલ્યો—

ओंकारो मदनद्विजस्य गगनक्रोडस्य दंष्ट्रांकुरः
तारामौक्तिकशुक्तिरंधतमसः स्तंबेरमस्यांकुशः।
शृंगारार्गलकुंचिका विरहिणीमानच्छिदा कर्त्तरी
संध्यावारवधूनखक्षितिरियं चांद्री कला राजते ॥ १ ॥

ભાવાર્થ—આ ચંદ્રકળા કામદેવરૂપ બ્રાહ્મણનો ઓંકાર છે, આકાશરૂપ વરાહની દાઢનો અંકુર છે, તારારૂપ મોતીની છીપ છે, અંધકારરૂપ હાથીનો અંકુશ છે, શૃંગારરૂપ અર્ગલા (ભુગલ) ની કુંચી છે, વિરહી સ્ત્રીઓના માનને છેદવાની કાતર છે, અને સંધ્યારૂપ વારાંગની નખક્ષિતિ છે, તે આ ચંદ્રકળા શોભે છે ૧

આ વર્ણન સાંભળી સર્વના મનમાં થયું કે, આ વરકન્યાની જોડ ખરેખરી જગતમાં પંડિત છે સુવર્ણ ને રત્નની જેમ આ યોગ મળ્યો છે શ્રીચંદ્રકુમારનું ધાર્મિક નામ અને ચમત્કારી બુદ્ધિ જોઈ નિશ્ચય થાય છે કે, એ નગરત્ન ખરેખર કુલીન છે, વણિક જાતિથી ઓળખાય છે, પણ તેની કુલીનતા રાજકુળના જેવીજ દેખાય છે. સર્વ ગુણસંપન્ન એ કુમારની ધાર્મિક વૃત્તિ ખરેખર લોકોત્તર છે, તે સાથે અનેક પ્રકારની વિદ્યા અને કળાઓમાં તેની કેવી અદ્ભુત કુશળતા છે ? આવી રીતે વિનોદ વાર્તા કરતાં રાત્રિ ચાલી ગઈ શ્રીચંદ્ર રથ ઉપર બેસવા તૈયાર થયો ત્યાં સર્વે તેનો કર ઝાલી વળગી પડ્યાં

છેવટે વરદત્ત શેઠ કુમારને સમજાવી પોતાને ઘેર લઇ ગયા, અને બીજાઓ કુમારનાં વચનામૃતથી અતૃપ્ત થઈ પુન તેના રસિક સમાગમની ઇચ્છા રાખી પોતપોતાને સ્થાને ચાલ્યાં ગયાં.

પ્રકરણ ૩૪ મું.

પતિગૃહ પ્રયાણ.



રાજા દીપચંદ્રના દરબારમા આજે જુદી તરેહની ધમાલ થતી હતી, રાજલોક અનેક કામમા ગુંથાયા હતા, દાસ અને દાસીઓ રાજદ્વારમાં ઉપરાઉપર આવજાવ કરતા હતા, અનેક જાતના પદાર્થો ગોઠવાઇને બંધાતા હતા તે ઉપરથી પ્રયાણ કરવાની તૈયારીનો દેખાવ થઇ રહ્યો હતો, આ સમયે ચંદ્રકળાની પ્રેમપાત્ર સખી, અને દાસી ચતુરા રાજમહેલના ગોખ ઉપર ઉભી ઉભી ચિંતા કરતી હતી, તે વખતે એક બીજી યુવાન સ્ત્રી તેની પાસે આવી; તેનો દેખાવ દાસી વર્ગથી જુદો પડતો હતો, તેના કાન્ત અને કમનીય મુખ ઉપર કુલીનતા પ્રકાશતી હતી, તે સ્ત્રીનુ નામ શાન્તા હતું આ બાળા ચંદ્રકળાની સહાધ્યાયી સખી હતી. તે બન્ને એકજ ગુરૂની શિષ્યા હતી, વિદ્યા અને કળાના અભ્યાસમાં સાથેજ હતી. આજે ચંદ્રકળા પતિગૃહમાં જાય છે, એવું સાંભળીને પોતાની સહાધ્યાયી સખીને મળવાને આવી હતી. શાન્તા એક શ્રાવક કુળની કન્યા હતી, તેનો પિતા પ્રખ્યાત ધનાઢ્ય વ્યાપારી હતો રાજા દીપચંદ્રની તેના ઉપર કૃપા હોઇ, રાજ માનને લઇ તેનુ કુટુંબ રાજ કુટુંબની સાથે સબંધ ધરાવતુ હતુ. જ્યારે ચંદ્રકળાનો શ્રીચંદ્રકુમારની સાથે વિવાહ થયો, ત્યારે આ સદ્ગુણી શાન્તા પોતાને સાસરે ગઇ હતી પોતાની રાજસખી ચંદ્રકળાના વિવાહની વાર્તા જ્યારે તેણે સાંભળી, એટલે તે પતિની આજ્ઞા લઇ પોતાની સખીને મળવા આવી હતી. તેણીના સાસરાનું ગામ તે નગરથી દશ ગાઉ ઉપર હતુ, તેનો પતિ એક વિદ્વાન ગૃહસ્થ હતો. પતિભક્તા શાંતાની ઉપર તેની અપ્રતિમ પ્રીતિ હતી શાંતા પદ્મિણી ચંદ્રકળાના સહવાસનું સુખ હમેશાં તેની આગળ વર્ણવતી હતી, આથી ચંદ્રકળા ઉપર પણ તેને પરોક્ષ રીતે પ્રેમ ઉપજતો હતો તેને લીધેજ તેણે ચંદ્રકળાને મળવા શાંતાને આજ્ઞા આપી હતી.

અહીં શાંતા રાજમહેલમાં જ્યાં ચતુરા ઉભી હતી ત્યાં આવી શાંતાને જોઇ ચતુરા ખુશી થઇ પ્રેમથી કુશળતા પુછી, અને તેને સંભ્રમથી આદરમાન આપ્યુ. પછી ચતુરાએ ચતુરાઇથી પુછ્યુ, બહેન શાંતા ! ક્યાંથી આવો છો ? અને કેમ દેખાતા ન હતાં ? શાંતા બોલી—ચતુરા ! હું મારે સાસરે હતી બહેન ચંદ્રકળાના વિવાહના અને પતિગૃહ જવાના ખબર સાંભળી હુ તેને મળવા આવી છુ. વ્હાલી ચંદ્રકળા રાજકુમારી છે, તે મને

સાસરે જશે, તો પુન ભાગ્યેજ તે પિતૃગૃહમા આવવાની રાજકુમારીઓને પતિ ઘેર ગયા પછી પુન પિતૃગૃહના દર્શન દુર્લભ હોય છે, તેથી છેવટનો સમાગમ કરવાને હું આવી છુ. ચતુરા ! ચદ્રકળા ક્યાં છે ? તે બતાવ ઘણા દિવસ થયાં તેનું મધુર મુખ મારા જોવામાં આવ્યુ નથી. મને જોવાની ઘણી ઉત્કઠા છે તે સાધ્વીનાં દર્શનથી હુ મારા નેત્રને તૃપ્તિ આપુ. પ્રિય બહેન ! ચદ્રકળાનુ વિવાહિત સ્વરૂપ જોવાની મને અતિ ઉત્કંઠા છે જ્યારે હું વિવાહિત થઇ પતિગૃહ જવાને નીકળી, તે વખતે તેણીએ મૃદુહાસ્ય સાથે મને સૂચવ્યું હતું. બહેન શાતા ! તું અમને વિયોગ આપી સાસરે જાય છે, પણ હવે અમને શી આશીષ આપે છે ? તે વખતે મે ચદ્રકળાને કહ્યુ હતું કે, રાજકુમારી ! મારા જેવી તમારી સ્થિતિ પણ સત્વર થાય, એવી આશીષ આપું છું. તે વખતે રાજબાળા ખુશી થઇ હતી, પછી ચદ્રકળાના આહ્લાદક દર્શન મને થયાંજ નથી.

ચતુરા—શાતા ! ક્ષણવાર રાહ જુઓ. એ બાળા હમણાંજ અહીં આવશે. આજે તેને સાસરે વળાવવાનું મુહૂર્ત છે રાજબાળા અત.પુરમાં શ્રૃગાર ધરવાને ગયા છે, હમણાજ અહી આવશે

શાંતા—બહેન ચતુરા ! રાજકુમારી ચંદ્રકળાના વિવાહની અને બીજી કાઇ કૌતુકની વાર્તા કરી મને આનદ પમાડ ચદ્રકળાના પતિ કેવા છે ? એ પદ્મિણીને યોગ્ય પતિ ક્યાથી મળ્યા ? તેમના પવિત્ર પ્રેમની શ્રૃખલા શી રીતે બધાણી ? ઇત્યાદિ જે જાણવાનુ હોય તે સક્ષેપમા જણાવાની કૃપા કર

ચતુરા—બહેન શાતા ! ચદ્રકળા ખરેખર યોગ્ય પતિને વર્યા છે, એમના પતિનું નામ શ્રીચદ્રકુમાર છે, તેઓ જાતે વણિક છે, પણ સ્વાભાવિક રાજતેજ, અને ક્ષત્રિતેજ ધારણ કરે છે પૂર્વના પુણ્યયોગે ચદ્રકળાને તેનો યોગ થઇ ગયો છે કુમાર શ્રીચંદ્ર મનુષ્ય છતા અલૌકિક શક્તિ ધરાવે છે, જ્યારથી કુમારીની દ્રષ્ટિએ એ મહાશય આવ્યા, ત્યારથીજ રાજકુમારીએ તેમનેજ વરવાનો સંકલ્પ કર્યો હતો. શ્રીચંદ્રકુમાર પણ ચંદ્રકળા ઉપર રાગી હતા, તથાપિ તે માતાપિતાની આજ્ઞાની અપેક્ષા રાખતા હતા આ અપેક્ષાને લઇ શ્રીચદ્રે ચદ્રકળાની સાથે વિવાહ કરવામા આગ્રહ કરાવ્યો હતો. છેવટે ભાગ્યવતી ચદ્રકળાએ વિજય મેળવ્યો, અને તેઓનો વિવાહ મોટા ઉત્સવ સાથે કરવામા આવ્યો

પ્રિય સખી ! શ્રીચદ્રકુમારની સાથે ચદ્રકળાએ અને બીજાઓએ કેટલાએક અદ્ભુત પ્રશ્નોત્તર કર્યા, તેમાં શ્રીચંદ્રકુમારે પોતાની બુદ્ધિની દિવ્યતાનો ચમત્કાર સારી રીતે બતાવ્યો હતો, તેથી રાજકુમારી ચદ્રકળાને વિશેષ મોહ થઇ ગયો આ પ્રશ્નોત્તર થઇ રહ્યા પછી રાજા દીપચદ્રે બીજેજ દિવસે લગ્ન દિવસનો નિર્ણય કરવા જ્યોતિષ વેત્તાઓને બોલાવ્યા, તેઓએ બીજેજ દિવસે લગ્નનો દિવસ નિર્ણીત કર્યો, આથી મહારાજા તે વખતે ચિતામાં પડયા એક દિવસમા લગ્નનો સમય કેમ સચવાશે ? ચદ્રકળાના પિતા શુભગાંગ રાજાને એક દિવસમા કેમ બોલાવી શકાશે ? આવુ ચિંતવી મહારાજાએ જોષીને જણાવ્યુ કે, તે લગ્ન સિવાય બીજુ કયુ લગ્ન આવે છે, તે જુઓ વિદ્વાન જોષીઓએ વિનયથી જણાવ્યુ રાજેદ્ર ! આવતી કાલનુજ લગ્ન ઉત્તમ છે આવતી કાલે વૈશાક માસની શુક્લ-

પંચમી છે, તે સિવાય બીજું ઉત્તમ લગ્ન આવતું નથી. આ લગ્નમા વિવાહિત થએલાં દંપતિ સર્વોત્કૃષ્ટ સુખ મેળવશે અમારી પણ પ્રાર્થના છે કે, આવુ ઉત્તમ લગ્ન જવા દેશો નહી આથી રાજા દીપચંદ્ર વિચારમાં પડયા, પણ છેવટે તેને તેજ લગ્ને વિવાહ કરવાનો નિશ્ચય કરવો પડ્યો. તત્કાળ ઉમંગથી વિવાહની સામગ્રી તૈયાર કરવા માંડી, આખા નગરમાં ધામધૂમ ચાલી રહી. વફાદાર પ્રજા રાજાની આજ્ઞાથી નગરશોભા અને ગૃહશોભા કરવામા મશગુલ થઇ.

બીજે દિવસે મહારાજાએ મોટી ધામધૂમથી વિવાહનો આરંભ કર્યો. શ્રીચંદ્રકુમારને વિવાહ શૃંગાર કરવામાં આવ્યો. સમય થયો એટલે એ સુંદર કુમારનો ગજેંદ્ર ઉપર વરઘોડો ચડ્યો. વરઘોડામાં મહારાજાની રાજ્ય સમૃદ્ધિથી સુશોભિત એવી મોટી સ્વારી તેમા સામેલ કરમાં આવી, અનેક સુભટો અશ્વ ઉપર આરૂઢ થઇ શસ્ત્રોને ઝળકાવતા ચાલવા લાગ્યા. ગજેંદ્રોની શૃંગારધારક શ્રેણી આગળ ચાલી. મધ્યભાગે વરરાજાનો ગજેંદ્ર જંગમ પર્વતના જેવો ચાલવા લાગ્યો, તેની આગળ બંદીજન જયધ્વની કરતા હતા શ્રીચંદ્રકુમાર ગજેંદ્ર ઉપરથી યાચકોને અગણિત દાન આપતા હતા બત્રીશ પ્રકારના નાટકકારો વિવિધ જાતનાં નાટકો કરતા હતા. પ્રિય બહેન શાંતા ! તે વખતના દેખાવનું શું વર્ણન કરૂં ? તે અલૌકિક શોભા, તે દિવ્ય અને અદ્ભુત રચના, અત્યારે દ્રષ્ટિ આગળ ખડી થાય છે તે પછી તે શ્રીચંદ્રકુમાર ચડી સ્વારીએ મંડપમાં આવ્યા, ત્યા બરાબર લગ્નશુદ્ધિ વખતે સખી ચંદ્રકળાનું પાણીગ્રહણ કરવામાં આવ્યુ. ચાર મંગળ વર્તાવવામા આવ્યા. હાથેવાળો છોડતી વખતે હાથી, ઘોડા, વિગેરે કીમ્મતી વસ્તુઓ વરને ભેટ કરવામા આવી ધરણેંદ્ર સ્વામી કુમારને એક અમૂલ્ય હાર આપ્યો.

રાજા દીપચંદ્રે અગણીત દ્રવ્ય, તથા સુવર્ણના અલંકાર અર્પણ કર્યા રાણી ચંદ્રવતીએ ઉદારતાથી અનેક અમૂલ્ય વસ્તુઓ ભેટ કરી, ચંદ્રકળાના ભાઇ વામાંગકુમારે સિંહપુરમાંથી આવેલી ભવ્ય વસ્તુઓ અર્પણ કરી, પ્રત્યેક પંચવર્ણી અશ્વો, પલંગો, મુદ્રિકાદિ અલંકાર, સિંહાસન, મુગટ, શય્યા, ચંદરવા, ઉશીકા, મોટા થાળ, મેહેલ, ધ્વજા, છત્ર, તોરણ, દીપિકા, સુવર્ણકુંભ, ભાલા, ખડ્ગ, ધનુષ્ય, બાણ, લોહાસ્ત્ર, બખ્તર, અને સર્વ જાતના આભૂષણ વરરાજાને ભેટ કર્યાં. રાણીએ ચંદ્રકળાની સાથે હું પોતે, કોવિદા અને પ્રિયંવદા વિગેરે સખીઓ, અને બીજી કળાપ્રવિણ દાસીઓ આપેલી છે. આ સિવાય કુભગાંગ રાજા પણ આવીને બીજી ભેટો આપનારા હતા

પ્રિય બહેન શાંતા ! આ સમયે એક કૌતુક ઉત્પન્ન કરે તેવો બનાવ બન્યો હતો. તે તમારે સાંભળવા લાયક છે. શાંતાએ અધીરાઇથી કહ્યું, સખી ! સત્વર કહે, તે શું બન્યુ હતુ ? ચતુરા બોલી—ચંદ્રકળાનું પાણિગ્રહણ કરી પ્રાતઃકાળે શ્રીચંદ્રકુમાર ગજેંદ્ર ઉપર ચડી પાછા વળ્યા, તે વખતે વરકન્યા સાથે બેઠા હતા. પ્રજાજન એ વિવાહિત દંપતીનાં દર્શન કરવાને ઉમંગથી શ્રેણીબદ્ધ ઉભાં હતા, અનેક જાતના વાજિંત્રો વાગતા હતા, સર્વ સ્થળે જયધ્વનિ પ્રસરી રહ્યો હતો, વરકન્યાનો ગજેંદ્ર ચાલતો ચાલતો એક દેવાલય પાસે આવ્યો તે મદોન્મત્ત ગજમહેંદ્રના જેવો સુંદર હતો. તેની આસપાસ

ધ્વજા પતાકા આવેલી હતી, તે નારંગિત મેહેલની પાસે ગજેંદ્ર આવ્યો. ત્યાં એક સુગં-ધી પુષ્પમાળા તે મેહેલના ગોખમાંથી ગજેંદ્રના હોદ્દા ઉપર થઇ શ્રીચંદ્રકુમારની આ-ગળ પડી ચતુર કુમારે તે પુષ્પમાળાને પડતી જોઇ ઉંચી દ્રષ્ટિ કરી અવલોકન કર્યું, ત્યાં એક સુંદર કુમારિકા જોવામાં આવી સુંદર શ્રૃંગારથી સુશોભિત એવી તે બાળા શ્રીચં-દ્રકુમારની સામે પ્રેમ દ્રષ્ટિએ જોતી હતી તે પ્રેમાળ દ્રષ્ટિમાં લજ્જા અને વિકાર, સમાન ભાવે રહેલા હતા. મુગ્ધ ભાવની સામે પ્રૌઢતાનો પ્રાદુર્ભાવ થતો હતો

તે રમણીને જોતાજ શ્રીચંદ્રકુમાર તેના આંતરભાવને જાણી ગયો. તત્કાળ તે પુ-ષ્પમાળાને તપાસી, તપાસ કરતા તેમાંથી એક ભુજપત્રની પત્રિકા નીકળી, તેમાં નીચે પ્રમાણે લખેલું હતું

निरर्थकं जन्म गतं नलिन्या
यया न दृष्टं हि सुधांशुबिंबम् ।
उत्पत्तिरिंदोः त्रिफला च येन,
स्पृष्टा न फुल्ला नलिनी करैः स्वैः ॥ १ ॥

જે ચંદ્રનું બિંબ જોવામાં આવ્યું નહી, તો પોયણીનો જન્મ વ્યર્થ ગયો છે, જો તે ચંદ્રે પોતાના કિરણોથી પ્રફુલ્લીત પોયણીનો સ્પર્શ કર્યો નહીં, તો પછી તે ચંદ્રની ઉત્પત્તિજ નિષ્ફળ છે ૧

આ શ્લોકનો મર્મ—અર્થ વાંચી શ્રીચંદ્ર ખુશી થયો, અને તે પત્રિકા તેણે ચં-દ્રકળાને આપી દીધી.

શાંતા—બહેન ચતુરા ! એ કન્યા કોણ હતી ? અને શ્રીચંદ્રકુમારની ઉપર તેનો રાગ ક્યારે થયો હતો ?

ચતુરા—પ્રિય સખી ! આ નગરમાં **કનકદત્ત** નામે એક વ્યાપારી ગૃહસ્થ છે. તેને **રૂપવતી** નામે એક સુંદર કન્યા હતી કોઇ વાર શ્રીચંદ્રકુમારની મોહક મૂર્તિ જોઇ એ બાળા તેના ઉપર રાગી થઇ હતી મોહને વશ થયેલી એ બાળ વનિતાએ લજ્જા છોડી પોતાના પીતા કનકદત્તને કહ્યું, પીતાજી ! હું શ્રીચંદ્રકુમારને વરી ચુકી છું બીજા પુરૂષને હું વરવાની નથી કન્યાના આવાં વચન સાંભળી કનકદત્ત આશ્ચર્ય પામી ગયો. પણ ક્ષણ વાર વિચારી તેણે રૂપવતીને કહ્યું બેટા ! આ શું બોલે છે ? તારી બુદ્ધિ મૂઢ થઇ ગઇ છે. તે શું નથી સાંભળ્યું કે, એ કુમાર રાજકુમારી પદ્મિણીને પરણવાનો છે ? તેવી મનોહર રાજકન્યા પરણવામાં પણ તેને રાજા વિગેરેથી અતિ આગ્રહ કરવામાં આવે છે, માંડ માંડ તેણે તે વાત સ્વીકારી છે, તો તારા જેવી એક સાધારણ ગૃહસ્થની કન્યાને તે કેમ ગ્રહણ કરે ? પિતાના આવાં વચન સાંભળી રૂપવતી નિરાશ થઇ ગઇ. [illegible] શ્રીચંદ્રકુમારને પોતાની કરવાના અનેક ઉપાય ચિંતવ્યા, ઉ-

વટે જ્યારે વરકન્યાનો વરઘોડો પાછો ફર્યો અને તેના મેહેલની પાસે થઇ નીકળ્યો, ત્યારે તેણીએ ઉપરનું કાવ્ય લખી, તે પત્રિકા નાખી હતી

શાંતા—સખી ! પછી પત્રિકાનો ઉત્તર મળ્યો કે નહી ?

ચતુરા—બહેન ! શ્રીચંદ્રકુમારે તે પત્રિકા ચંદ્રકળાના હાથમાં આપી, ચંદ્રકળાએ વાંચી પોતાની પાસે રાખી. મોટા આડંબર સાથે તે વરઘોડો ઉતારે આવ્યો, ત્યાં વરકન્યાએ પરસ્પર ભોજન વિધિ કર્યો. તે દિવસે આખા નગરને ભોજન આપ્યું હતું. વરકન્યા ભોજન લઇ બેઠાં હતાં, ત્યા પેલી રૂપવતીએ એક દાસીને ચંદ્રકળાની પાસે મોકલી, દાસીએ આવી પત્રિકાનો જવાબ માગ્યો, ચંદ્રકળાએ હૃદયમાં વિચાર્યું કે, આ બાળા પણ મારી જેમ આતુર થઇ હશે, તેને નિરાશ કરવી તે યુક્ત નથી. આવું ચિંતવી દાસીને કહ્યું કે, દાસી! રૂપવતીને કહેજે કે, ચંદ્રકળાએ કહ્યું છે કે, વહાલી ! તું નિરાશ થઇશ મા. આગળ ઉપર તારી આશા સફળ થશે, અત્યારે તેનો અવસર નથી દાસીએ ચંદ્રકળાનો આ સંદેશો રૂપવતીને કહ્યો તે સાંભળી રૂપવતીને સંતોષ થયો. એ ઉત્સાહી બાળા આશાનું અવલંબન કરીને રહી, પણ તેના મનને ચેન પડયું નહીં. કુમાર શ્રીચંદ્રને મેળવવા તેની આતુરતા ઘણી હતી, તથાપિ છેવટે એ રમણી ચંદ્રકળાના શબ્દો ઉપર વિશ્વાસ મુકી શ્રીચંદ્રનું સર્વદા ધ્યાન કરતી કરતી હાલ દિવસ નિર્ગમન કરે છે.

શાંતા—એ બાળાના મનોરથ સખી ચંદ્રકળાની જેમ સફળ થાઓ.

ચતુરા—બહેન ! તેવામાં વળી એવું બન્યું કે, પૂર્વે શ્રીચંદ્રકુમાર તિલકપુરમાં જઇને તિલકમંજરી નામે એક રાજકુમારીને સ્વયંવરમાંથી પોતાની કરેલ, પણ તે બાળાનું પાણિગ્રહણ કર્યા વના તે ગુપ્ત રીતે ચાલ્યા આવ્યા હતા. આથી તિલકપુરમાં હાહાકાર વર્તાઇ રહ્યો. શ્રીચંદ્રકુમારની સર્વ સ્થળે શોધ કરી, પણ તેનો પત્તો બીલકુલ લાગ્યો નહીં છેવટે તિલકપુરના રાજાએ પોતાના ધીર નામના મંત્રીને તેની પાછળ શોધ કરવા મોકલ્યો તેની સાથે વીણારવ કરીને એક ચતુર ગાયક હતો. તે શ્રીચંદ્રકુમારને ઓળખતો હતો અને સ્વયંવરમાં રાધાવેધ કરનાર તેજ કુમાર હતો, એવો નિશ્ચય હતો આથી તે ધીરમંત્રી વીણારવને સાથે લઇ આપણી નગરીમા આવી ચડયો.

તે શ્રીચંદ્રકુમારને મળ્યો, અને તિલકપુર આવવાને પ્રાર્થના કરી વિવેકી કુમારે ધીરમંત્રીને કહ્યું, મંત્રીરાજ ! તે વિષે મારા પિતા જાણે, હું પરતંત્ર છું. પિતાની આજ્ઞા શિવાય મારાથી કાંઇ પણ થઇ શકે નહીં. તે વખતે વીણારવ ગાયકે કહ્યુ, સ્વામી ! આ વાત માન્ય કરો, હું તમારા ગુણોનાં ગીત ગાઉં કુમારે કહ્યુ, હમણાં ગાવાનો સમય નથી. જ્યારે સમય આવશે, એટલે તે વાત કરજો. આ પ્રમાણે શ્રીચંદ્રકુમાર તેમને ઉત્તર આપી ચાલ્યા ગયા. ત્યાર પછી બીજુ કાંઇ નવીન બન્યુ નથી. અત્યારે રાજકુમારી ચંદ્રકળાને બોલાવવાનો સમય છે, હમણાં ચંદ્રકળા અંતપુરના પરિવાર સાથે અહિ આવશે બહેન શાન્તા ! તમે બરાબર સમય ઉપર આવ્યા છો, તમને તમારી સખીની આસરે જવાના પ્રયાણની છેલ્લી ભેટ મળશે.

આ પ્રમાણે શાંતા અને ચતુરા વાતચિત કરતાં હતાં, ત્યાં ચંદ્રકળા મોટા પરિવાર સાથે આવી, તેની આસપાસ સંબંધીઓનો અને સખીઓનો પરિવાર વીંટાઇ વળ્યો હતો, સર્વના નેત્રમાંથી અશ્રુની ધારાઓ ચાલતી હતી, માતા દીપવતી પોતાની પ્રેમપાત્ર પુત્રીના વિયોગથી દુઃખી થતી હતી. સર્વત્ર શાંતિ પ્રસરી રહી હતી, ચંદ્રકળા વિવાહિત માંગલ્યવેષ પહેરી નયનમાંથી અશ્રુધારા પાડતી હતી, બાલ્યવયથીજ પોતાના સહવાસમાં અતિ પરિચયમાં આવેલા સખીજનથી જુદા પડતા તેનું હૃદય ભરાઇ આવતું હતું, કંઠ ગદ્ગદિત થવાથી તે કાંઇપણ બોલી શકતી નહતી, પ્રૌઢવયની વૃદ્ધ દાસીઓ તેને ધીરજ આપતી હતી.

આ સમયે શાંતા આવી ચંદ્રકળાને ભેટી પડી તેને જોતાંજ ચંદ્રકળા કંપી ચાલી, ઘણા દિવસના વિયોગથી શાંતાને અકસ્માત મળવાથી તેને વધારે લાગી આવ્યું શાંતા પણ ક્ષણવાર તો કાંઇપણ બોલી શકી નહી, છેવટે ઘણો પ્રયત્ન કરી, તે મધુર સ્વરે રૂદન કરતી બોલી—રાજકુમારી ! તમારાં દર્શન કરવાને હું ખાસ પતિગૃહમાંથી આવી છું છેવટે તમારા પ્રયાણુ દર્શન થયા, તેથી હું મારા આત્માને કૃતાર્થ માનું છું બહેન ! બાલ્યવયનો તમારો સહવાસ, તે સમયની બાળલીલા સંભારી સંભારી મનમાં ક્ષોભ થાય છે, તે સમય હવે આવવાનોજ નથી વનિતાઓના અવતારનો આરંભ અને તેની સમાપ્તિનાં સ્થાન જુદાં જુદાં થાય છે. પિતૃગૃહ અને પતિગૃહની વચ્ચે નારી અવતાર સમાપ્ત થાય છે બહેન ! તમે સુજ્ઞ છો, સર્વ ગુણસંપન્ન પદ્મિણી છો, તમને શો બોધ આપવો ? હવે વિશેષ શોક નહી કરતા પતિગૃહ પધારો, અને નવનવી ગૃહસંપત્તિ ભોગવો, અને શ્રાવિકાપદને દીપાવી, અંતે આત્મસાધન કરવા તત્પર થાઓ, એજ મારી આશિષ છે આટલું કહી શાંતા વિરામ પામી.

જેના નેત્રમાંથી અશ્રુધારા ચાલતી હતી, અને જે વારંવાર વિયોગનું દુઃખ સંભારી નિશ્વાસ નાખતી હતી, એવી માતા દીપવતી ત્યાં આવી તેણે રૂદન કરતા ચંદ્રકળાને આલિંગન કરી કહ્યું—વત્સે ! તારાથી જુદા પડતાં અમને ઘણો શોક થાય છે, તારા જેવી સદ્ગુણી અને પદ્મિણી પુત્રીઓ થોડી હશે પુત્રી ! બાલ્યવયથી તારા સહવાસમાં રહેનારી તારી સખીઓને ઘણું દુઃખ થશે બહેન ! તે તારા સુશીલથી અને શાંત સ્વભાવથી સર્વને વશ કર્યા છે. તારા જેવી માતૃભક્તિ અને પિતૃભક્તિ કોઇકજ પુત્રીઓમાં હશે તું પિતૃગૃહ કરતાં અહીં વધારે રહી છું, તે છતાં તારામાં માતપિતાની ભક્તિ અપૂર્વ છે. બહેન ! તારી સમક્ષ તારા ગુણનું વિશેષ વર્ણન કરવું, તે યોગ્ય નથી, તું સર્વ રીતે શિક્ષિતા છું, નીતિના અને વ્યવહારના તત્વોને તું સારી રીતે સમજે છે, રીતરીતિ અને વિવેક તારામાં અપૂર્વ છે, સગાવટ અથવા સુહૃત્ પ્રેમ એ તો તારા પવિત્ર હૃદયમાં છે. પિતૃગૃહ અને માતામહગૃહમાં રહી તેં તારી બાલ્યાવસ્થા નિર્ગમન કરી છે, તેથી પતિગૃહમાં વર્તવાની રીતિ તેં જોઇ નથી, તથાપિ અંતઃપુરના સહવાસને લઇને અને સતીઓના ચરિત્રો વાંચી વાંચીને તેં તે શિક્ષા પણ હૃદયગત કરી છે, [illegible]

કરતી જુદી પડી ચાલતી વખતે ચંદ્રકળા મુખથી કાંઇ પણ બોલી શકી નહીં. રાજા દીપચંદ્ર પણ તેને પ્રેમથી મળ્યો, અને ચાલતી વખતે તેને અંતઃકરણથી આશિષ આપી.

કુમાર શ્રીચંદ્રને બધાં વળાવવાને આવ્યાં હતાં. થોડા દિવસના સહવાસને લઇ તેઓનો શ્રીચંદ્ર ઉપર અતિ પ્રેમ થયો હતો, પ્રયાણ વખતે સર્વના મનમાં દુઃખ લાગી આવ્યું. શ્રીચંદ્રનું હૃદય પણ તે વખતે સ્નેહથી આર્દ્ર થઇ ગયું હતું, તેવીજ રીતે ગુણચંદ્ર ઉપર પણ સર્વેએ ઉત્તમ ભાવ દર્શાવ્યો હતો. ગુણચંદ્રને પણ તેમનાથી જુદા પડતાં આર્દ્રભાવ થયો હતો. છેવટે શ્રીચંદ્રે સર્વને સમજાવી પાછા વાળ્યા. વરદત્ત શેઠને શ્રીચંદ્રનો વિરહ અતિ દુસહ થઇ પડ્યો હતો. તે તેના પ્રેમબંધનમાં દૃઢ રીતે બંધાઇ ગયો હતો. તેને જુદા પડતાં ઘણોજ હૃદયમાં આઘાત લાગ્યો. અમૃત જેવી મધુર વાણીથી શ્રીચંદ્રે તેને શીતળ કરી અત્યંત આશ્વાસન આપ્યું. તે ઝાડઝાડ ઉભો રહ્યો, પણ જ્યાં સુધી શ્રીચંદ્રકુમાર દૃષ્ટિએ પડ્યો, ત્યાં સુધી સાશ્રુ નયને જોતો જોતો વરદત્ત ત્યાંજ ઉભો રહ્યો. ગુણચંદ્રને બધો પરિવાર સોંપી શ્રીચંદ્ર એકલો રથારૂઢ થઇ, પોતાના નગર પ્રત્યે વેગથી ચાલતો થયો. તે માનવમંડળમાં સંયોગ વિયોગનું પૂર્ણ દૃષ્ટાંત બતાવતો ગયો.

પ્રકરણ ૩૫ મું.

ગુણીજનોની કદર.



વસના ત્રીજા પોહોરનો સમય હતો, લોકો રાજદ્વારમાં ઉમંગથી જતા હતા, સર્વથી રસિક વર્ગ વધારે આનંદ પામતો હતો, સર્વના મુખ ઉપર હર્ષના અંકુર પ્રકાશી રહ્યા હતા, હૃદયમાં નવાં નવાં કૌતુક પ્રગટ થતાં હતાં, રાજસભાનો મંડપ ચીકાર ભરાઇ રહ્યો હતો, ચોટાથી તે રાજદ્વાર સુધી ગૃહસ્થ વર્ગ અવિચ્છિન્ન આવતો હતો, માર્ગમાં આવતા લોકો કૌતુક ભરેલી અનેક વાર્તાઓ કરતા હતા, કોઇ કહેતું હતું કે, આજે રાજસભામાં દિવ્ય ગાયન થવાનું છે. વીણારવ નામનો એક પ્રખ્યાત ગવૈયો આવેલો છે, તેની ગાયનકળા જગતમાં સર્વોત્કૃષ્ટ ગણાય છે, તેના દિવ્ય ગાયનથી દેવતાઓ પણ ચકિત થાય છે, તેની ગાનવિદ્યા ભારતવર્ષમાં પ્રશંસનીય થઇ ચુકી છે. મહાન્ રાજાઓ પણ તે સાંભળવાને સર્વદા ઇંતેજાર રહે છે, તેથી તેઓ ગાયક પંડિતને મોટું માન આપે છે, એ સંગીતના સમર્થ વિદ્વાનને સર્વદા મોટા મોટા ભૂપતિઓ ઉત્સવ પ્રસંગે બોલાવે છે આ પ્રમાણે વાર્તાલાપ કરતા લોકો રાજસભામાં જાવવા લાગ્યા

છતા ગુણની પ્રશંસા સાંભળતાં જે આનંદ ઉત્પન્ન થાય છે, તે અછતા ગુણના શ્રવણથી જરાપણ થતો નથી અછતા ગુણનું વર્ણન તેના શ્રોતાને લજ્જા ઉત્પન્ન કરાવે છે, અને સર્વને તે હાસ્યનું પાત્ર થાય છે. શ્રીચંદ્રકુમારમાં તેમ ન હતું, તે પોતાના છતા ગુણોજ સંભળતો હતો. તેથી તેને વિશેષ આનંદ થતો હતો. આ પ્રમાણે ઘણીવાર શ્રીચંદ્રના ગુણનું રાગમાં વર્ણન કરી, છેવટે તેણે નીચે પ્રમાણે સંસ્કૃત કવિતા વીણામાં ઉતારી અને તેમાં તેનાજ ગુણનું વર્ણન કરવા માંડ્યુ—

बुद्धिश्चेतसि भारती च वदने भाग्यं च भालस्थले
लक्ष्मीर्वेश्मनि शूरता भुजयुगे वाचि स्थितं सूनृतम् ।
दानं पाणितले रुचिस्तुतिमनस्यर्हन् क्रियायां दया
स्थानामाप्तिरुषेव यात्युरुदिशः श्रीचंद्र कीर्त्तिस्तव ॥ १ ॥

હે શ્રીચંદ્ર ! તારા ચિત્તમાં બુદ્ધિ છે, મુખમાં સરસ્વતી છે, લલાટમાં ભાગ્ય છે, ઘરમાં લક્ષ્મી છે, ભુજામાં શૌર્ય છે, વાણીમાં સત્ય છે, હાથમાં દાન છે, સ્તુતિમાં રૂચિ છે, મનમાં અર્હંત પ્રભુ છે, અને ક્રિયામાં દયા છે, તેમજ તારી કીર્ત્તિસ્થાનની પ્રાપ્તિ ન થવાના રોષથી હોય, તેમ મોટી દિશાઓમાં ફરે છે. ૧

आस्ये पद्मधिया गभीरहृदये वारांनिधेः शंकया
नाभौ पद्मनदभ्रमात्क्रमकरद्वंद्वेऽरुणाब्जेहया ।
फुल्लेंदीवरवांछया नयनयोर्दंतेषु वज्राकर—
भ्रांत्या कल्पतरुभ्रमेण वपुषि श्रीचंद्र ते श्रीरभूत् ॥ २ ॥

હે શ્રીચંદ્ર ! લક્ષ્મી તારા મુખમાં પદ્મની બુદ્ધિથી આવી છે, તારા ગંભીર હૃદયમાં સમુદ્રની શંકાથી આવી છે, નાભિમાં પદ્મદ્રહના ભ્રમથી આવી છે, હાથ પગમાં અરૂણ કમળની ઇચ્છાથી આવી છે, નેત્રમાં પ્રફુલ્લિત કમળની વાંચ્છાથી આવી છે, દાંતમાં વજ્રની ખાણના ભ્રમથી આવી છે, અને શરીરમાં કલ્પવૃક્ષના ભ્રમથી આવી છે. ૨

क्षारो वारिनिधिः कलंककलुषश्चंद्रो रविस्तीक्ष्णरुक्
जीमूतश्चपलाश्रयोऽर्धपटलाहश्यः सुवर्णाचलः ।
काष्टं कल्पतरुर्दृषत्सुरमणिः स्त्वर्धामधेनुः पशुः
श्री श्रीचंद्र सुधा द्विजिह्वविधुरा तत्केन साम्यं तव ॥ ३ ॥

સમુદ્ર ખારો છે, ચંદ્ર કલંકી છે, સૂર્ય તીક્ષ્ણ કાંતિવાળો છે, મેઘ ચપળા-વિજ-

ણીનો આશ્રિત છે, સુવર્ણનો ગિરિ–મેરૂ અર્ધ ભાગને અદ્રશ્ય છે, કલ્પવૃક્ષ કાષ્ટ છે, ચિં- તામણી પાષાણ છે, કામધેનુ પશુ છે, અને અમૃત સર્પથી વિધુર છે, તેથી હે શ્રીચંદ્ર ! તારી તુલના કોની સાથે કરીએ ? ૩

श्रीचंद्र कलामनोरमः स्पृशसि त्वं स्वकरैः परमियां ।
यद्वा सृजति निर्मलं चित्तं यद्भुवि निर्मलोऽनिशम् ॥ ४ ॥

હે શ્રીચંદ્ર ! તું કળાઓથી મનોહર છું, તેથી પોતાના કરથી બીજાની પ્રિયાનો સ્પર્શ કરે છે, જે નિર્મળ ચિતને સૃજે છે, તે પૃથ્વીમાં હમેશા નિર્મળ કહેવાય છે. ૪

ભાવાર્થ એવો છે કે, ચંદ્ર જેમ કળાઓથી પરપ્રિયા—પૃથ્વીને પોતાનાં કીરણોથી સ્પર્શ કરે છે, અને પોતે પૃથ્વીમા નિર્મળ કહેવાય છે, તેમ શ્રીચંદ્રકુમાર પોતાની કળાઓથી હાથવડે બીજાની સ્રીને સ્પર્શ કરે છે, અર્થાત્ પાણીગ્રહણ કરે છે, તે છતાં જગતમાં નિર્મળ કહેવાય છે.

ગાયક શિરોમણિ વીણારવે જ્યારે આ શ્લોકો વીણાના સ્વર સાથે ગાઇ બતાવ્યા, ત્યારે લોકો ઘણાજ ખુશી થયા, સર્વે શ્રીચદ્રના મુખ સામુ જોવા લાગ્યા. અતિ ઉદાર શ્રીચદ્રકુમાર પણ હ્રદયમાં આનદ પામ્યો, તથાપિ મુખ ઉપર કોઇ જાતનાં ગર્વનાં ચિન્હ દર્શાવતો નહતો, તે શાંત અને ગભીર મુદ્રાથી સુશોભિત હતો.

વીણારવે સગીત સમાપ્ત કર્યું બધો જનસમાજ શાંત થઇ બેઠો હતો, તે વખતે શ્રીચદ્રકુમાર બોલ્યો— ગીતપડીત વીણારવ ! તમારાં મધુર ગાયનથી મારૂ મન અત્યત પ્રસન્ન થયેલું છે, તમે દર્શાવેલી સંગીતની દિવ્ય ચાતુરીએ મારી મનોવૃત્તિને સંગીતમય બનાવેલી છે, તે સાથે માગ સત્કર્મનાં પ્રભાવિક ચરિત્રને સગીતથી વ્યાપ્ત કરી તમે જે ચાતુર્ય બતાવેલુ છે, તે મારી અતરગ ઉદારતાને પ્રગટ કરે છે. તે ઉદારતાને વશ થઇ હુ તમને કહું છુ કે, તમારી જે ઇચ્છા હોય, તે મારી પાસેથી માગી લ્યો. ધન, આભૂષણ, જે કાઇ વસ્તુની ઇચ્છા હોય, તે પ્રકાશિત કરો. શ્રીચદ્રના વચન સાભળી કુમાર જયંતે પ્રથમથીજ પઢાવેલો વીણારવ બોલ્યો—દાનવીર ! તમે સર્વ ગુણસંપન્ન છો, અમારા જેવા ગુણિજનની કદર તમારા જેવા કૃતજ્ઞ પુરૂષોની આગળજ થાય છે, તમારા જેવા દાનવીર પુરૂષોથીજ આ વસુંધરા રત્નવતી છે, તમારી સત્કીર્ત્તિનું સૌરભ્ય સર્વ દિશાઓમા પ્રસરી રહ્યુ છે, તમે જે જે અદ્ભુત કાર્યો કરેલાં છે. તે તે મર્ત્યલોકના માનવમડળને ચકિત કરનારા થઇ પડયા છે આવી મહા સભામા તમે મારી ઇચ્છા પૂર્ણ કરવાનુ જે મહાવાક્ય બોલ્યા, તેને માટે હુ તમારો આભારી છુ આ મહા વાક્યે તમારી મહાન્ ઉદારતા, અને કૃતજ્ઞતા દર્શાવી આપી છે. ગુણીજનની ઇચ્છાઓ પૂર્ણ કરવી, તે ખરેખર પ્રશસનીય છે, તે કામ દાનવીર પુરૂષો સિવાય બીજાથી થઇ શકતું નથી. ઉદાર પુરૂષોના [illegible] આગમમા ઠણે ઠણે દર્શાવ્યા છે [illegible] જીવનની [illegible] ઉદારતાના મહાન્ [illegible]

વિજયપતાકા ફરકાવે છે, આ વિશ્વમા ઉદાર પુરૂષો ન હોત, તો ચંદ્રિકા જેવી ઉજ્જ્વળ સત્કીર્ત્તિનો જન્મજ ક્યાંથી થાત ? અને કવિઓની રસીક વાણીને અવકાશજ ક્યાંથી મળત ? કવિજીવનનો મૂળ પાયો ગુણજ્ઞ અને ઉદાર પુરૂષોનાં જીવનચરિત્ર ઉપરજ છે, તેમની પ્રતિભાનો મહાન્ પ્રભાવ પ્રભાવિક પુરૂષોના પરાક્રમી ચરિત્રનુજ અવલંબન લઇ રહેલો છે. સંગીત્ત વિદ્યા કવિ વિદ્યાની પ્રકાશક છે કવિતારૂપ વનિતાનો ભર્તા ગીતજ્ઞ છે, અને તેનો ઉત્પાદક કવિ, તે વનિતાનો પિતા છે. આ પ્રમાણે કહી વિદ્વાન વીણારવ બોલ્યો—મહાનુભાવ ! કૃતજ્ઞ મહારાજાઓ, અને આપ જેવા પરિક્ષક પુરૂષોના પ્રતાપથી હુ સર્વદા સુખી છું. ધન, વૈભવ, ગામ કે ક્ષેત્રની મારે ઇચ્છા નથી. હું મારા સંગીતના આનંદમાંજ મગ્ન રહી કાળ નિર્ગમન કરવાનુ પસંદ કરૂ છુ, પણ જો આપ કૃતજ્ઞ શિરોમણી મારી કળાથી પ્રસન્ન થયા હો, અને મને વાછિત વર આપવામા દૃઢ પ્રતિજ્ઞ હો તો, આપની પાસે **વાયુવેગ** નામનો જે અશ્વ છે, તે આપો. તે અશ્વરત્નથી હું મારા આત્માને કૃતાર્થ માનીશ, અને તેથી આપની કૃતજ્ઞતા અને આપનુ વચન જગતમા પ્રશંસનીય થઇ પડશે.

વીણારવનુ આ વચન સાભળી શ્રીચંદ્રકુમાર સ્તબ્ધ થઇ ગયો તેણે વિચાર્યું કે, આ ગાયકે વાયુવેગ અશ્વની માગણી કરી, તો પછી તે મારૂ રથનું ઉપયોગી સાધન વ્યર્થ થવાનુ એક અશ્વ વિના તે સાધન તુટી પડશે. હવે જો ગાયકની ઇચ્છા પૂર્ણ ન કરૂ તો, સભા વચ્ચે આપેલુ વચન વ્યર્થ જશે, અને હું લોકોમા ઉપહાસ્યનું પાત્ર થઇશ આવુ વિચારી શ્રીચંદ્રકુમારે નિરતેજ વદને કહ્યુ. ગાયકમણિ ! આ શુ બોલે છે ? તારી ઇચ્છા પૂર્ણ કરવાને હુ બંધાયેલો છું, પણ તે ઇચ્છા ઘટિત હોવી જોઇએ તારી માગણી અવિચારી છે. એક અશ્વ માગી લેવાથી તારી અને મારી બનેની કાર્યસિદ્ધિ નહિ થાય. રથની ગતિ બે અશ્વથી ચાલે છે, તો એક અશ્વ જવાથી તે અશ્વરથ નકામો થઇ પડે. તારે જો અશ્વની ઇચ્છા હોય તો, તેને બદલે બીજા એકહજાર અશ્વ માગી લે તારી ઇચ્છા પૂર્ણ કરવાની મારી ઇચ્છા છે વીણારવે અંજલિ જોડી કહ્યુ, ચતુરકુમાર ! મારે બીજા અશ્વોની જરૂર નથી. એ વાયુવેગ અશ્વ હોય, એટલે બસ થયુ એક ચંદ્ર હોય, તો સેંકડો તારાની શી જરૂર છે ? ચિંતામણી આગળ બીજા મણિ શા કામના છે ? શ્રીચંદ્રકુમાર ! તમારા મનની જો પ્રસન્નતા હોય, તમે ઉદારતાથી વચન આપ્યુ હોય, તો વાયુવેગ અશ્વને આપો, નહીં તો બીજા અશ્વની મારે જરૂર નથી. વીણારવની આવી દૃઢતા જોઇ ઉદાર મનનો ચંદ્રકુમાર બોલ્યો—સેવક ! જા ઘરમાથી અશ્વોની સાથે જોડી રથ અહિ લાવ સેવક સત્વર જઇ રથને લઇ આવ્યો. શ્રીચંદ્રકુમારે ગાયકને કહ્યું, સંગીતવીર ! જાઓ, આ બધો રથ તમને ભેટ કરૂં છુ તમે તો માત્ર એકજ અશ્વ માગ્યો છે, તો હું બધો રથ આપું છુ. યાચનાથી વિશેષ આપે તેનુ નામજ ઉદારતા છે આટલુ કહી વાયુવેગ અને મહાવેગ અશ્વોથી જોડાએલો **સુવેગરથ** શ્રીચંદ્રે વીણારવને અર્પણ કર્યો શ્રીચંદ્રની ઉદારતા જોઇ રાજસભા આશ્ચર્ય પામી ગઇ

ઉદારતા એ માનવભૂમિનો દિવ્ય ગુણ છે. એ મહાન્ ગુણ સત્કીર્તિરૂપ ગંગાનો

હિમાલય છે અમરનામ અને અવિચળ કીર્ત્તિ એ ઉદારતાથી સ્થાપિત થાય છે ઔદાર્યના યોગથી પુરૂષાર્થની પ્રબળતા પ્રગટ થઇ શકે છે. ઉદાર પુરૂષોના જીવનચરિત્ર અદ્યાપિ વક્તા અને શ્રોતા બન્નેને સાનંદાશ્ચર્ય કરે છે. ઉદારતા વિના ઉત્તમ પુરૂષો આ ક્ષણિક જીવનને ઉચ્ચ ગતિમા મુકી શકતા નથી ઉદારતાના આલંબનથી પૌરૂષેય ખરેખરૂ કૃતાર્થ થઇ શકે છે. ઔદાર્યરૂપ સુગંધી પુષ્પગુચ્છ તેની સુવાસ સર્વ સ્થળે પ્રસરાવે છે ઉદારતા એક અદ્‌ભુત ચમત્કારી વશીકરણ વિદ્યા છે ઔદાર્ય ગુણથી દાનનુ પવિત્ર પુણ્ય ઉપાર્જન થાય છે તીર્થંકર જેવા મહાત્મા ભગવંત પણ એ ગુણને માન આપે છે અર્હંત પ્રભુઓ વ્રતગ્રહણની પૂર્વે વાર્ષિક દાનમા એ મહાન્ ગુણનો પ્રકાશ કરે છે જે કાળે ગીર્વાણ પતિઓ " અહોદાનમ્ અહોદાનમ્ " એવા દિવ્ય ધ્વનિથી ગગનમાર્ગને ગજાવી મુકે છે, એ અદ્‌ભુત પ્રભાવ ઉદારતાનો છે ઉદારતા એ ત્યાગ શબ્દની અંતરંગ ખુબીને દર્શાવે છે દ્રવ્યમૂર્છાને દૂર કરી દ્રવ્યને તૃણવત્ ગણી, ઘણા મહાશયોએ ઉદારતાની પ્રભાવના કરેલી છે.

આવો ઔદાર્ય ગુણ શ્રીચંદ્ર ધારણ કરતો હતો, તેથી તેણે પોતાનો દિવ્ય રથ વીણારવ ગાયકને અર્પણ કરી દીધો વીણારવ ઘણોજ ખુશી થયો. પોતાની ઇચ્છા પૂર્ણ થઇ તેના માટે તેના હૃદયમા ઉત્સાહ ઉત્પન્ન થયો શ્રીચંદ્રની ઉદારતા જોઇ, તે ચકિત થઇ ગયો સર્વ સમાજની સમક્ષ વીણારવે રથ અંગીકાર કર્યો રથ આપ્યા પછી શ્રીચંદ્રે તેની ઉપર કેટલાએક કીમતિ વસ્ત્રાભૂષણ ભેટ કર્યાં તેનો આ વિવેક જોઇ સભાની અંદર બેઠેલા બીજા ભાટ કવિઓ શ્રીચંદ્રની પ્રશંસા કરવા લાગ્યા. તેઓમાથી એક ભાટ કવિ નીચેનું કવિત બોલ્યો—

*દોહા.

ધીરવીર કોટીર, દાન શિર મુગટ સમાણો,
તહારે સુજશ કલાપ, વિશ્વ સવિ ઉજ્જ્વલ જાણો.
કાઢયો કૃપણતા શ્યામ, તે જશને કિરતિ નગીન
કજ્જલ ગ્રહિ તવ વૈરી, વદન પંકજ સચહિ ।
કનકદ વર્ણ ધનઘોરમા, [illegible] નિશાદિક ભામની,
શ્રીચંદ્રદાન ગુણ નીપની કીતિ ગનિ [illegible] ૧

બીજો કવિ સંસ્કૃત કાવ્ય બોલ્યો—

वीर त्वं जय को भवान् कविरिदं किं पत्रमत्रास्ति किं
काव्यं वाच्यगुणोऽत्र कोऽद्भुतरसः स प्रोच्यतां श्रूयताम् ।

---

* ભાવાર્થ એવો છે કે [illegible]

श्रीचंद्र त्वदनल्पशुक्लयशसा श्वेतीकृते विष्टपे
यत्कार्ण्यं शशिकज्जलादिषु हि तद्विद्विट्वशा दुर्दशा ॥ १ ॥

હે વીર ! તું જય પામ. તે સાંભળી તેણે કહ્યું, તમે કોણ છો ? હું કવિ છું આ તમારી પાસે શું છે ? પત્ર છે. તેમાં શું છે ? કાવ્ય છે તેની અંદર વાચ્ય ગુણ કયો છે ? અદ્ભુત રસ છે. તે વાંચશો ? હા, સાંભળો હે શ્રીચંદ્રકુમાર ! આ બધુ જગત તમારા ઘણા ઉજ્વળ યશથી શ્વેત થઇ ગયું છે. તેમાં ચંદ્ર તથા કજ્જલ વિગેરેમા જે કાળાશ છે, તે તારા શત્રુઓની દુર્દશા છે. ૧

બીજા કોઇ કવિએ તે કાવ્યનું ઉત્તરાર્દ્ધ આ પ્રમાણે કહ્યું

वीरत्वं त्रिजगद्विभित्तव यशः सत्पुंडरीकं महद् ।
ब्रह्मस्थान मराल वियदं भृंगालिभिश्चुंबते ॥

તે કાવ્યનો ભાવાર્થ બીજો કવિ નીચેના કવિતથી બોલ્યો—

કવિત.

શ્રીચંદ્ર મહીંદ્ર ભાવ એક અવર કહીજે,
નવ જશ સિત પુંડરીક, ત્રણ જગ ઉજ્વળ કીજે,
ગયો આકાશ તિહાં, બ્રહ્મ કમળ વળી વાહન હંસા,
ધવલ થયા તસ સંગ, કૃષ્ણ ગુણથી જનસ્યા:
તિહા જઇ કમળ માંહે ગયા, ભ્રમર શ્રેણીરૂપે થઇ,
અથ ચંદ્રમા ઉજ્વલ થયો, પણ અગમીશે અસિતા રહી ૨

આ કવિત બોલનાર કવિને એક લાખ સુવર્ણનું દાન આપ્યું તે પછી ત્રીજો કવિ બોલ્યો—

છપ્પો.

તવ ત્રીજો ભણે ભટ, એહ તો બોલ્યા સાચું,
એ નૃપનો જસરાશિ, એક રસનાએ કેમ વાચું
કિ બહુના કહે હોય, એહથી અવર ન દુજો,
ભાગ, ત્યાગ, પર ભાગ, થાય ગુણે એહીજ પૂજો
જે જગ ઉજ્વળ વસ્તુ છે તે શ્રીચંદ્ર યશ દેશ છે,
નગરૂપ ભૂપતિ નમ્યો યમેં, એહ વાત અગ મન રૂચે. ૧

આ કવિત સાંભળી, એક લક્ષ દ્રવ્યનું દાન આપ્યુ

તે પછી સોમેશ્વર, વીરેશ્વર, મહેશ્વર, માધવ, ભૂવનેશ્વર, વિગેરે કવિઓએ શ્રીચંદ્રની કીર્તિનું યશોગાન ઘણી છટાથી કરવા માડ્યું. ઉદાર દીલના શ્રીચંદ્રે તેઓને ઇનામમા ઘણુ દ્રવ્ય આપ્યુ, આ સમયે શ્રીચંદ્રકુમારે કોટીગમે સુવર્ણ અને રત્નના ઇનામો આપ્યા. તેની અપૂર્વ ઉદારતા જોઇ, લોકો ચકિત થઇ ગયા. સમાજ વિસર્જન થતાં આખા નગરમા શ્રીચંદ્રની ઉદારતાની પ્રસંશારૂપ સરિતાના પ્રવાહ વેગથી છુટવા માડ્યા. ચૌટા, ચોક, શેરીએ શેરીએ, અને ઘેર ઘેર તેનીજ વાર્ત્તા પ્રવર્ત્તવા લાગી. શ્રીચંદ્રની ઉદારતાની કીર્ત્તિનો મહાધ્વજ નગરીની ચારે તરફ ફરકવા લાગ્યો.

આ વાર્ત્તા શેઠના સાંભળવામાં આવી કે, શ્રીચંદ્રે એક ગાયકને સુવેગ રથ અશ્વ સહિત આપી દીધો, તે સાભળી શેઠને ચિંતા થઇ કે, કુમારે ખરેખર દિવ્ય રત્ન ગુમાવી દીધુ પુન ઘણું દ્રવ્ય પ્રાપ્ત થશે, પણ એ અશ્વની જોડ અને રથ મળશે નહીં આવું ચિંતવી શેઠે શ્રીચંદ્રને તેડાવ્યો, અને એકાંતે લઇ જઇ કહ્યું, વત્સ ! તુ ભાગ્યશિરોમણી છે, આપણા કુળનુ આભૂષણ છે, તે ઘણા દાન આપ્યાં, તેથી મને સંતોષ થયો છે, પણ તેમાં જરા વિવેકદૃષ્ટિ રહી નથી, ગમે તેવા પણ આપણે ગૃહસ્થ વ્યાપારી કહેવાઇએ. રાજસભામા રાજાથી અધિક દાન દેવુ, તે આપણને ઘટે નહીં વળી આપણે એ રાજાના તાબામાં રહેવુ છે, કદિ રાજાના હૃદયમા જુદા વિચાર થયા, તો પછી આપણને મોટી હાનિ થાય ભદ્ર ! મારા સાભળવામા આવ્યુ છે કે, રાજકુમાર જયંત વિગેરેની તારા ઉપર ઇર્ષ્યા છે, તારો ઉત્કર્ષ જોઇ તેઓ હૃદયમા પ્રજ્વલિત થાય છે, તેઓ હમેશાં આપણા છિદ્ર જોતા રહે છે, ધીર પ્રધાને પણ એક વાર તે વિષે સૂચના કરેલી છે. વીણારવ ગાયક રાજકુમારને મળી ગયો હોય, અને તેની દ્વારા મોટો સમાજ કરાવી તારી પાસેથી રથ રત્ન ખેંચાવી લીધુ હોય, તોપણ સંભવિત છે તમારે મોટી ઉદારતા દર્શાવવા બીજી ગમે તે વસ્તુઓ અથવા કોટીગમે દ્રવ્ય આપી દેવામા પાછુ પડવું ન હતું. પણ આ દિવ્ય રથ આપીને આપણે સાધન રહિત થયા છીએ

સુજ્ઞ કુમાર ! જો હજી બને તો બીજુ ગમે તે આપી વીણારવની પાસેથી તે સુવેગ રથ પાછો લઇ લે. એ ગાયક ગમે તેવો સંગીતનો વિદ્વાન્ હોય, પણ તે એ રથનો અધિકારી નથી જો આ રથ રાજાને આપ્યો હોત, તો તે ઉચિત કહેવાત. મહારાજા આપણી એ દિવ્ય ભેટથી પ્રસન્ન થાત, અને કોઇ વાર તેનો ઉત્તમ બદલો આપણને પ્રાપ્ત થાત

લક્ષ્મીદત્ત શેઠના વચન સાંભળી શ્રીચંદ્રકુમાર વિનયથી બોલ્યો પિતાજી ! તમારાં વચન મારે માન્ય છે, તમારી આજ્ઞા મારે મસ્તકથી વંદનીય છે, અને તમે મારા પરમ પૂજ્ય છો તથાપિ દીર્ઘદૃષ્ટિથી વિચાર કરો યાચકને આપેલું દાન પાછું કેમ લેવાય ? હવે તેની પાસેથી લઇ રાજાને આપવુ, તે પણ કેવુ અનુચિત કહેવાય ! પિતાજી જો આપ કહો તેમ કરીએ, તો લોકમાં આપણી હાસી થાય, એવું હાસ્યોત્પાદક કાર્ય કરી બીજે શું [illegible] જનસમાજ વચ્ચે આપેલું દાન પાછુ લેવું, તે કેવું નિંદનીય કામ ? પૂજ્ય પિતા ! [illegible]

તમારા પ્રસાદથી મારે કાંઇ પણ ન્યૂનતા નથી. પૂજ્ય પુરૂષોનો પ્રસાદ કલ્પવૃક્ષની જેમ વાન્છિત ફળ આપે છે, તેથી આ વિષે જરાપણ ચિંતા કરશો નહિ.

કુમારનાં વચન સાંભળી લક્ષ્મીદત્ત શેઠ જરા શાંત થયા, પણ તેના હૃદયમાંથી એ દિવ્ય રથનો લાભ ઓછો થયો નહીં. સ્વજાતિને સ્વભાવે તે પાછા શ્રીચંદ્ર પ્રત્યે બોલ્યા—કુમાર ! તમે કહ્યુ, તે યોગ્ય છે; પણ આવો દિવ્ય રથ તેવા સાધારણ ગાયકને આપી દેવો, તે મને યોગ્ય લાગતુ નથી; ગમે તેમ કરીને પણ તે પાછો લેવો જોઇએ. આપેલી વસ્તુ પાછી ન લેવાય, એ ન્યાય રાજાઓને છે, આપણે વણિકને શું છે ? આપણે તો એક વ્યાપારી કહેવાઇએ. કોઇ યુક્તિ કરીને પણ તમારે તે રથ પાછો લેવો જોઇએ

પિતાના આવા અયોગ્ય વિચાર જાણી, શ્રીચંદ્રના હૃદયમાં ક્ષોભ થયો, પોતે મૂળ ક્ષત્રિય જાતિનો હોવાથી તેના મનને તે વાત જરાપણ રૂચી નહિ કાંઇ પણ ઉત્તર આપ્યા વિના શ્રીચંદ્ર ચાલ્યો ગયો. પોતાના એકાંત સ્થાનમાં આવીને તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો. આહા ! લોભ શું નથી કરતો ? લોભરૂપ રાક્ષસ જેને વળગ્યો હોય, તે પુરૂષ રાક્ષસજ બની જાય છે. સદ્‌ગુણરૂપ અમૃતમાં લોભ એ વિષબિંદુ છે, ઉદારતા જેવા દિવ્ય ગુણને એ સદાને માટે કલંકિત કરે છે, અકાર્ય કરવાની પ્રેરણા લોભજ કરાવે છે, લોભના મલિન સંસર્ગથી ગમે તેવો પ્રતિષ્ઠિત કે માન પામેલો પુરૂષ અધમ વૃત્તિનો અંગીકાર કરે છે. પ્રાચીન વિદ્વાનોએ લોભને પાપનું મૂળ કહ્યુ છે, તે બરાબર છે. લોભરૂપ મૂળને આધારે વૃદ્ધિ પામેલુ પાપરૂપ વિષવૃક્ષ પ્રાણીને મહાન્ હાની કરે છે, એ વિષવૃક્ષની છાયા નીચે રહેલા પ્રાણી અનેક જાતની યાતનાઓ વેઠે છે. પિતાજીને એવા અધમ લોભનો સંગ થયો છે, એથી તેઓના હૃદયમાંથી વિપરીત વિચારમાળા પ્રગટ થાય છે. સર્વ રીતે મારે પિતાજી પૂજ્ય અને માન્ય છે, તેમની આજ્ઞા મારે શિરોધાર્ય છે, પણ આ વખતની આજ્ઞાને માન આપવુ, તે મને યોગ્ય લાગતું નથી જો હું તેમની આજ્ઞાને માન નહી આપુ, તો પિતાશ્રીને ખોટુ લાગશે, અને કદિ નહી બનેલ, તેવો વિપરીત પ્રસંગ મને પ્રાપ્ત થશે, માટે હવે અહીંથી ચાલ્યા જવુંજ યોગ્ય છે. આવી પરાધીનતામાં પડયા રહેવુ, તે યોગ્ય નથી આવુ ચિંતવતો શ્રીચંદ્રકુમાર આસન ઉપર બેઠો હતો, અને તે નીચેના સુભાષિતને મધુરતાથી બોલવા લાગ્યો:—

को विदेशः सुविद्यानां किं दूरं व्यवसायिनाम् ।
कोऽतिभारः समर्थानां कःपरः प्रियवादिनाम् ॥ १ ॥

સદ્‌વિદ્યાવાળાને વિદેશ કયો છે ? ઉદ્યોગીને દૂર શું છે ? સમર્થને અતિ ભાર શો છે, અને પ્રિયવાદીને શત્રુ કોણ છે ? ૧

શ્રીચંદ્ર પુન: બીજુ સુભાષિત બોલ્યો —

देशाटनं पंडित मित्रता च
वारांगना राजसभा प्रवेशः ।

अनेक शास्त्रार्थ विलोकनानि
चातुर्यमूलानि भवंति पंच ॥ १ ॥

૧ દેશાટણ, ૨ પડિતની મિત્રતા, ૩ વારાંગનાનો પરિચય, ૪ રાજસભામા પ્રવેશ અને ૫ અનેક શાસ્ત્રોનુ અવલોકન, એ પાચ ચાતુર્યના મૂળ છે.

આ સુભાષિત બોલી તેણે હૃદયમા પોતાના પ્રબળ સાહસને જાગૃત કર્યું. પાછો વિચાર કર્યો કે, તેમ કરવાથી કેવુ ફળ મળશે ? તે તો કર્માધીન છે. કદિ વિપરીત ફળ થાય, તોપછી શુ કરવુ ? લોકમા હાસ્ય તો નહીં થાય ? આટલુ વિચારતા શ્રીચંદ્રને પાછું એક સુભાષિત યાદ આવ્યુ, તે પોતાના સગીતમય કંઠમાથી બોલ્યો.

तादृशी जायते बुद्धिर्व्यवसायाश्च तादृशाः ।
सहायास्तादृशा ज्ञेया यादृशी भवितव्यता ॥ १ ॥

જેવી ભવિતવ્યતા હોય, તેવીજ બુદ્ધિ થાય, તેવાજ ઉદ્યોગ સુઝે, અને તેવીજ સહાય મળે. ૧

આ પ્રમાણે ચિંતવ્યા પછી તેણે નિશ્ચય કર્યો કે, હવે પિતૃનિવાસ ગૃહમા રહેવું યોગ્ય નથી આજ રાત્રે ગુપ્ત રીતે ચાલ્યા જવુ, કોઇને કહેવુ નથી. મિત્ર ગુણચંદ્રને પણ ખબર આપવા નહીં, રખે તે મારી પાછળ આવે. એ સહૃદય મિત્ર મારાથી કદિ પણ જુદો પડશે નહી પુનઃ પાછો વિચાર થયો, પણ પ્રાણપ્રિયા ચંદ્રકળાનું શુ થાય ? એ પદ્મિની આશા ભરી આવાસમાજ પડી રહે, અને મારા અચાનક વિયોગાગ્નિમાં પ્રજ્વલિત થાય, તે મુગ્ધાને છેતરવી તે પણ અનુચિત છે એ પતિપ્રાણાને મહા કષ્ટ આપવું તે પણ પાપનો હેતુ છે. તેને મળવુ જોઇએ. એ પ્રેમ ઉમગી અબળાના અતકરણની આશીષ સપાદન કરવી જોઇએ. આવા અનેક વિચારની શ્રેણીને પ્રકટ કરતો શ્રીચદ્ર ઘણી વાર સુધી એકાંતે રહ્યો છેવટે તેના હૃદયનો નિર્ણય ચંદ્રકળાને મળવાનો થયો.

આ પ્રમાણે શ્રીચંદ્ર નિર્ણય કરી રહ્યો, તેવામા મિત્રવર્ય ગુણ ત્યા આવી પહોંચ્યો તેની મુખમુદ્રા ઉપર હર્ષના અકુર સ્ફુરી રહ્યા હતા. તેણે આવી શ્રીચદ્રને ઉતાવળા કહ્યુ, ભાઇ શ્રીચદ્ર ! આજે એક ગુપ્ત વાર્ત્તાનો પ્રકાશ થયો છે. તે સાથે તમારી ચિંતાનો અત આવ્યો છે શ્રીચંદ્ર ઉત્સુક થઇ બોલ્યો—મિત્ર ! તે શુ છે ? સત્વર જણાવ. તમે પેલા વીણારવને રથનુ ઇનામ આપ્યુ, અને બીજા ભાટ કવિઓને મોટા ઇનામ આપી પાછા વળ્યા, તે પછી સમાજ વિસર્જન થયો હતો. તે વખતે હુ મારે ઘેર ગયો, ક્ષણવાર બેઠો, તેવામા તે વીણારવ મારે ઘેર આવ્યો. તેના મુખ ઉપર પશ્ચાતાપના ચિન્હો જણાતાં હતાં, તેણે અંજલી જોડી કહ્યુ, પ્રિય ગુણચદ્ર ! તમારા માનવંતા અને ઉદાર હૃદયના મિત્ર શ્રીચંદ્રકુમારે મને રથ આપી દીધો, તે તેમની ઉદારતાને જેટલો ધન્યવાદ આપીએ, તેટલો થોડો છે, પણ મને તે પશ્ચાતાપનું કારણ થઇ પડેલ છે. મારા જેવા ગાયકને તેવો રથ અનુચિત

છે એવા દિવ્ય રથની સમૃદ્ધિનો અધિકારી શ્રીચંદ્રકુમાર એકજ છે. હું ગમે તેવો ગુણી છુ, પણ સેવક વર્ગ માહેલો છુ. શ્રીચંદ્ર જેવા પરાક્રમી પુરૂષોના ગુણવાદ કરવાનો હુ અધિકારી છુ. મે એવા રથની માગણી કરી તે મોટી ભુલ કરી છે. તે ભુલ કરાવનાર અને તેવી પ્રેરણા કરનાર રાજકુમાર તેમાં કારણભૂત થયો છે. માન્યવર મહાશય ! મારી ઉપર કૃપા કરી તે રથ પાછો શ્રીચંદ્રકુમારને સોપી દો, અને મારો અપરાધ ક્ષમા કરાવો. તેમ કરાવશો, તો હું આપનો ઉપકાર માનીશ.

વીણારવની આવી પ્રાર્થનાથી હું તો આશ્ચર્ય પામી ગયો. રાજકુમારનું આ કાવતરૂ જાણી હુ ચકિત થઇ ગયો. તત્કાળ વીણારવને સમજાવી શાંત કરી, અને વિદાય કરી સત્વર તમારી પાસે આવ્યો છું. મિત્રમણિ ! કહો શો વિચાર છે ? વીણારવ તમને પ્રાર્થના પૂર્વક તે રથ પાછો આપવા ધારે છે, અને તેણે કરેલા અપરાધની ક્ષમા માગે છે. ગુણચંદ્રનાં આવાં વચન સાભળી શ્રીચંદ્ર બોલ્યો, મિત્ર ! આ શું બોલો છો ? ગમે તેમ હોય, પણ આપેલું દાન પાછું લેવું, તે અનુચિત છે. સર્વ સમાજ વચ્ચે જે હુ બોલ્યો છુ, તે કદી ફરવાનું નથી. મેં તેને રથ અર્પણ કરી દીધો, તે હવે મારે કદિ પણ સ્વીકારવા યોગ્ય નથી. તમે મારા પરમ મિત્ર થઇને એવી અધમ સલાહ આપશો નહીં. મારૂં કહેલુ વચન વ્યર્થ કરી તમે મને લોકાપવાદથી કલંકિત કરાવશો નહીં મારી સત્કીર્તિમાં તમારો સંપૂર્ણ ભાગ છે. સુજ્ઞ મિત્ર ! તમે જાણો છો કે, સત્પુરૂષોનાં વચનની કિમ્મત કેવી છે ? તેમની જિવ્હામાથી એકજ વચન નીકળે છે, અને તે વચનને બીજે રૂપે ગ્રહણ કરવા તેની સત્ય જિવ્હા કદિ પણ તત્પર થતી નથી, તે વિષે સાહિત્યકારો નીચેના શ્લોકની આઘોષણા કરે છે.

जिह्वैकैव सतां मुखे फलभृतां स्रष्टु श्चतस्रोऽथवा
ताः सप्तैव विभावसौ निगदिताः षट् कार्त्तिकेयस्य च ।
पौलस्त्यस्य दशैव ताः फणिपते जिंह्वासहस्र द्वयम्
जिह्वा लक्षसहस्रकोटिगुणिता नो दुर्जनानां मुखे ॥ १ ॥

સત્પુરૂષોના મુખમાં એકજ જિવ્હા હોય છે, બ્રહ્માને ચાર, અગ્નિને સાત, કાર્તિકેયને ૭, રાવણને દશ, શેષનાગને બે હજાર અને દુર્જનના મુખમા તો હજારો, લાખો અને કોટીગમી જીવ્હા પણ હોતી નથી, અર્થાત્ એથી પણ વધારે હોય છે.

મિત્ર ! હવે તે વિષે વિશેષ કહેવાનું નથી. તે દિવ્ય રથ જે આપ્યો તે આપ્યોજ, કદિ પણ પાછો લેવાનો નથી. આવી શ્રીચંદ્રની દ્રઢતા જોઇ ગુણચંદ્ર આશ્ચર્ય પામી ગયો; તે પછી એક પણ શબ્દ બોલ્યો નહીં. દ્રઢપ્રતિજ્ઞ શ્રીચંદ્રને પ્રણામ કરી ગુણચંદ્ર ચાલતો થયો.

ગુણચંદ્રના જવા પછી શ્રીચંદ્ર ચંદ્રકળાની પાસે જવા વિચાર કરતો હતો, તેટ

નીચેથી એક પુરૂષ દોડતો આવ્યો તેના હાથમા ચાબુખ હતો, નેત્રમાથી અશ્રુની ધારા ચાલતી હતી, તેણે પ્રણામ કરી શ્રીચંદ્રકુમારને કહ્યુ—સ્વામી ! આપે વીણારવને રથ તથા અશ્વ આપ્યા, તે એક રીતે આપના ઔદાર્ય ગુણની સત્કીર્ત્તિને પુષ્ટિ આપનારૂ કાર્ય થયેલુ છે, પણ તેમાં એક બીજો બનાવ બન્યો છે, તે હુ આપને વિદિત કરવા આવ્યો છુ. આપની આજ્ઞાથી હું રથ જોડીને વીણારવની પાસે ગયો, રથ તેને અર્પણ કરી હુ તેના તાબામા રહ્યો. વીણારવ કેટલોએક પશ્ચાતાપ કરી આપના મિત્ર ગુણચદ્રને મળવા ગયો હતો, ત્યાં શુ બન્યુ, તે મારા જાણવામા કાઇ આવ્યું નથી. બે ઘડી પછી વીણારવ પાછો આવ્યો, તેણે રથ જોડવાની મને આજ્ઞા આપી મે રથ તૈયાર કર્યો, પછી તે આવી રથારૂઢ થયો, એટલે મે અશ્વને હાકવા માડયા, બને અશ્વ ચાલ્યા નહિ ઘણી વાર પ્રયત્ન કર્યો, પણ તેઓ હઠ કરીને ઉભા રહ્યા પછી નીચે ઉતરી તેમના મુખ ઉપર કર સ્પર્શ કરવાને હું આવ્યો, ત્યા તે અશ્વોના નેત્રમાંથી અશ્રુધારા ચાલતી હતી, તે જોઇ મારા મનમા આવ્યું કે, જરૂર ચતુર પ્રાણીઓને પોતાના સ્વામિનો વિયોગ ઉત્પન્ન થયો લાગે છે આ દેવતાઇ અશ્વ, કુમાર શ્રીચદ્રનેજ વહન કરવાને ખુશી છે, પોતાના રથમાં આરૂઢ થવાને એ પરાક્રમી કુમારજ અધીકારી છે. બીજો કોઇ અધીકારી નથી. આવો વિચાર કરી હું આપને જાહેર કરવા આવ્યો છું. ગાયક વીણારવ પણ મનમાં ક્ષોભ પામ્યો છે પોતે મોટો અપરાધી થયો હોય, તેમ ખિન્ન વદને દેખાવ છે. સ્વામી ! આપ ત્યા પધારો, અને તમારા પ્રિય અશ્વોને આશ્વાસન આપી સમજાવો.

શ્રીચદ્રકુમાર આશ્ચર્ય પામી બોલ્યો—ધનજય ! તારી વાર્ત્તા સાંભળી, મને આશ્ચર્ય થાય છે; તે સાથે પ્રતીતિ પણ આવે છે કે, એ મારા પ્રિય અશ્વ સ્વામીભક્ત હશે. તેમની મારી પ્રત્યે અપૂર્વ પ્રીતી પ્રથમીજ છે. તું સારથિ છો, એટલે તારી આગળ વિશેષ કહેવાની જરૂર નથી. તે અશ્વોની શુભ પ્રકૃતિ તારા જાણ્યામાજ હોવી જોઇએ; ચાલ, હુ તે પ્રેમી પ્રાણીની છેલ્લી ભેટ કરવાને આવુ; આટલુ કહી, ચતુર શ્રીચદ્ર જ્યાં વીણારવનો રથ ઉભો હતો, ત્યા ગયો. તે ત્યાં જઇ, અશ્વની આગળ ઉભો રહ્યો. પોતાના પ્રિય સ્વામીને જોઇ, બન્ને અશ્વના મુખ ઉપર હર્ષનો દેખાવ થયો. તેઓએ તે હર્ષ પ્રગટ કરવાનો મુખથી ખોખારો કર્યો, અને પોતાના આગલા પગથી પૃથ્વીને ખોદવા માંડી, અશ્વોની ચેષ્ટા ઉપરથી તેમની સ્વામીભક્તિ જોઇ, શ્રીચદ્ર ખુશી થયો. પોતાની ઉપર એક અવાચક પ્રાણીનો આટલો પ્રેમ જોઇ, તે હૃદયમાં ઘણોજ આનંદ પામવા લાગ્યો શ્રીચદ્ર બોલ્યો—

સ્વામિભક્ત તુરગરાજ ! તમારી સ્વામિભક્તિ જોઇ મને અત્યત આનંદ આવે છે તમારા જેવા સ્વામિભક્ત પ્રાણીઓના જન્મ સર્વ રીતે કૃતાર્થ છે, તમારા જેવા કૃતજ્ઞ પ્રાણીઓથી જુદા પડતાં મને અફસોસ થાય છે. સુજ્ઞ પશુઓ ! તમારો અને મારો એકઠોજ સબધ હતો, હવે આપણે જુદા પડવાનો વખત આવ્યો છે. હવેથી તમે ગાયક પંડિત વીણારવના સેવક થયા છો, તમારા ઉપર હવે તેની સપૂર્ણ સત્તા છે. તમે હવેથી તેનું મારી દૃષ્ટિએ અવલોકન કરજો મને તદ્રુપજ જાણજો. તમે સુજ્ઞ છો, કૃતજ્ઞ છો અને સ્વામિભ-

ક્ત છો, તમારો સેવક ધર્મ પરાધીન છે જે સ્વામી થાય, તેના તમારે સેવક થવું જોઇએ. આ પ્રમાણે અશ્વોને કહી શ્રીચંદ્રકુમારે વીણારવને કહ્યું, સંગીતાલંકાર ! આજથી આ અશ્વ તમને ભળે છે. તે અશ્વ અસાધારણ છે. સાધારણ પશુ જેવા નથી તેઓમાં ચમત્કારી દિવ્યતા રહેલી છે. તેઓની ઉપર સામાન્ય પશુના જેવી બુદ્ધિ રાખશો નહીં. તેમજ કેવળ સેવકની દ્રષ્ટિએ જોશો નહીં. આટલું કહી શ્રીચંદ્રે આજ્ઞા કરી, એટલે અશ્વ ચાલવાને તૈયાર થયા. વીણારવે અંજલિ જોડી શ્રીચંદ્રને પ્રણામ કરી અંતરની આશીષ આપી. સુવેગ રથ પોતાના ચમત્કારી અને પ્રબળ વેગથી આગળ ચાલ્યો. જેને શ્રીચંદ્રકુમાર એક દૃષ્ટિએ જોઇ રહ્યા.

પ્રકરણ ૩૬ મું.

પ્રયાણ.



રાત્રિનો પહેલો પહોર હતો, ચારે તરફ શાંતિના રાજ્યનો આરંભ થવાની તૈયારીઓ થતી હતી, વિકારપુરનો મહારાજા મદન વિજય કરવાની તૈયારી કરતો હતો, શ્રૃંગારની શોભાના સમારંભ દંપતી ભુવનમા થતા હતા, ધાર્મિક વૃત્તિનાં મનુષ્યો એ સમયને પણ આત્મ સાધનમાં યોજતા હતાં, ગૃહાવાસમાં દીપક શ્રેણીઓ પ્રકાશમાન થઇ રહી હતી, રાત્રિરૂપ કૃષ્ણગોપિકા તારામંડળનો શ્રૃંગાર ધારણ કરી, પોતાના પતિ ચંદ્રની આગળ નૃત્ય કરતી હતી, વૃક્ષોથી ગહન એવા પ્રદેશમાં અંધકારે પોતાની ઘાટી છાવણી નાંખી હતી.

આ સમયે ચંદ્રકળા પોતાના વાસગૃહમાં હીંડોળા ઉપર બેઠી હતી, અનેક દાસીઓ વાસગૃહની બાહેર રહી રહી હતી, ચંદ્રકળા એકલી પતિદર્શનની રાહ જોઇ અનેક મનોરથની માળા ગુંથતી હતી શ્રીચંદ્રકુમારે વીણારવ ગાયકને રથ આપી દીધો, તે વાર્ત્તા તેણીએ દાસીના મુખથી સાંભળી હતી. તે સાથે પોતાના પતિના ઔદાર્ય ગુણની પ્રશંસાના ધ્વનિઓ પણ તેના કાનમાં આવ્યા હતા. આથી તેના હૃદયમા વિશેષ આનંદ થતો હતો. સુંદર શ્રૃંગાર ધારણ કર્યો હતો, નવરંગિત મહેલમાં તેના દિવ્ય શ્રૃંગારના પ્રતિબિંબ પડતા હતા, તેથી વાસગૃહનો દેખાવ અદ્ભુત લાગતો હતો. પદ્મિણી ચંદ્રકળાને આજે પોતાના પતિની સાથે ઘણી વાતચિત કરવાની હતી. જે દિવ્ય રથનો પોતે લાભ લેવાના મનોરથ કરતી, તે રથ અર્પણ કરી દીધો, આથી તેના મનમા જરા ક્ષોભ થયો હતો, અને તેથી તે પોતાના પતિને ઉપાલંભ આપવાનો વિચાર કરતી હતી, તથાપિ પતિની ઉદારતાની સત્કીર્ત્તિ સાંભળી તે [illegible] જુદોજ વિચાર આવતી હતી. આ વખતે શ્રીચંદ્રકુમાર વાસગૃહમા આવ્યો ચંદ્રકળા પતિને જોઇ આનંદ [illegible] હીંડાળા ઉપરથી ઉતરી દ્વારસુધી સામી આવી. વિનયથી નમન કરી

બે કર જોડી ઉભી રહી. રમણીનાં રોમેરોમે પ્રેમકળા છવાઇ ગઇ. રંગિલી રામાએ ઉમંગથી રમણને માન આપ્યુ. તેના મુખ ઉપર મૃદુહાસ્ય સ્ફુરી રહ્યું પતિને હીંડોળે બેસારી પોતે સન્મુખ ઉભી રહી. પતિએ આગ્રહથી કર ઝાલી પ્રિયાને પોતાના આસનનો અર્ધ ભાગ આપ્યો આલિંગન કરી અર્ધાંગનાની પદવી સાર્થક કરી, ચંદ્ર સાથે ચંદ્રકળા મળી ગઇ. શ્રીચંદ્ર પ્રેમ દર્શાવતો બોલ્યો—પ્રાણેશ્વરી ! કેમ છો ? શા વિચાર કરો છો ? આજનો રંગ કાંઇક નવીન દેખાય છે. આનંદ અંકુરોએ મુખમંડળને ઘેરી લીધું છે. હાસ્યની પ્રભાથી મુખચંદ્ર વિશેષ પ્રકાશે છે. કહો એવો શો આનંદ છે ?

ચંદ્રકળા મૃદુહાસ્ય કરતી બોલી—નેત્રમણિ ! આપ જેવા પતિના પ્રસાદથી આનંદજ હોય. સ્વામીની કૃપારૂપ કલ્પલતાના આશ્રય નીચે રહેલી પ્રેમવતી પત્નીને સર્વદા આનંદજ હોય છે પતિદૈવતા અને પતિઆરાધક અબળાને શી ખોટ હોય ? તેમાં પણ આપના જેવા પરાક્રમી અને પ્રતાપી પતિની આશ્રિતાની તો શી વાત કરવી ? પ્રાણેશ ! આ દાસી આપની શુભચિંતક છે, અને સર્વદા આપના શુભચિંતનનાજ વિચાર કરે છે. હમેશના કરતાં આજ વિશેષ આનંદ થવાનું કારણ એ છે કે, કુશસ્થળી નગરીની રાજસભામાં જનસમાજની વચ્ચે આપે આજે અલૌકિક ઉદારતા દર્શાવી, તેની પ્રશંસાના ધ્વનિ આપની દાસીના કર્ણપર આવ્યા છે, તેથી આજે તેને વિશેષ આનંદ છે પતિની પ્રશંસા સાંભળી, કઇ સુંદરીને આનંદ ન થાય ? આપે વીણારવને દિવ્ય રથ આપી દીધો, એ અસાધારણ ઔદાર્ય દર્શાવ્યુ છે. આ દાસીને એ ચમત્કારી રથને માટે જે મનોરથ હતા, તે કદિ સફળ ન થયા, પણ આપે બીજાના મનોવાંછિત પૂરા કર્યાં, તેથી હું ખુશી થઇ છુ. એથી આપની સત્કીર્ત્તિ સર્વ દિશાઓમા પ્રસાર થઇ છે જૈન શાસ્ત્રમા ઘણે ઠેકાણે મારા સાંભળવામાં આવ્યું છે કે, દાનગુણ સર્વ ગુણમાં ઉત્તમ છે. ઉદારતાનો પ્રભાવ એ ગુણથી પ્રકાશે છે મહંદાની પુરૂષોનુ યશોગાન સ્વર્ગ લોકમાં પણ થાય છે એ દિવ્ય ગુણને દેવતાઓ પણ મોટુ માન આપે છે. આપનામા તેવો ગુણ પ્રકાશિત છે, એ જાણી હું ઉદાર પતિની પત્ની છું, એમ મને અભિમાન આવે છે. આપનામા ગુપ્ત રીતે રહેલો તે ગુણ આજે પૂર્ણતાથી પ્રગટ થયેલો જોઇ કોને આનંદ ન થાય ? આ પ્રમાણે કહી ચંદ્રકળા વિરામ પામી—એટલે શ્રીચંદ્ર બોલ્યો—પ્રિયા ! તમારા આવા ઉત્તમ વિચાર જાણી મને ઘણોજ હર્ષ થાય છે તમે કરેલી ઔદાર્ય ગુણની મોટી પ્રશંસા સાંભળી મારો અંતરાત્મા અતિ આનંદ પામે છે. લલનાઓ પ્રાયે કરીને લુબ્ધ હોય છે. આ અપવાદ તમે દૂર કર્યો છે. ઉત્તમ પદાર્થો જોઇ સ્ત્રીઓ તેમાં મમતા બાંધે છે, આ વાતને તમે તદ્દન અસત્ય ઠરી છે. તમારા જેવી સદ્ગુણી સુંદરીના લાભથી હુ મારા જીવનને કૃતાર્થ માનુ છું શાસ્ત્રકારોએ પદ્મિણીના જે ગુણ વર્ણવેલા છે, તે ખરેખર તમે ધારણ કર્યા છે.

આટલું કહી શ્રીચંદ્ર સ્તબ્ધ થઇ ગયો, તેના મનમાં વિચાર થયો કે, "પિતાના દુઃખને લઇને આવી સદ્ગુણી સ્ત્રીનો ત્યાગ કરવો પડશે, મારા પ્રયાણના ખબર આપી હું ચંદ્રકળામાં રાહુરૂપ થવા આવ્યો છુ " આવો વિચાર કરતા કરતા તેના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી—ચંદ્રકળા પતિની મુખમુદ્રા ગ્લાનિ પામેલી જોઇ વિચારમાં પડી.

આ શું હશે ? સ્વામીના નેત્રમાં અશ્રુધારા કેમ ચાલી હશે ? શું કાંઇ કોઇનું સ્મરણ તો નહીં થયુ હોય ? ક્ષણ વાર પહેલાં જેના મુખ ઉપર આનંદની પ્રભા દેખાતી હતી, હર્ષગર્ભિત મધુર શબ્દો બોલાતા હતા, અને વાણીમાં પ્રેમનો પ્રવાહ પ્રસરતો હતો, તેઓ અકસ્માત્ કેમ બદલાઇ ગયા ? તે સુંદર દેખાવનો ક્ષણમાં કેમ લોપ થઇ ગયો ? આ બાબતમાં કાંઇ પણ ભેદ છે. મારે તેનો નિર્ણય કરવો જોઇએ. પતિનાં સુખ દુઃખમાં ભાગ લેવો, એ પતિવ્રતા સ્રીનો ધર્મ છે.

ચંદ્રકળા બોલી—પ્રાણેશ્વર ! શા વિચારમાં પડયા છો ? તમારા લલાટ ઉપર ચિંતાની ત્રિવલી દેખાય છે, મુખચંદ્રના લાલિત્ય ઉપર ગ્લાનિની આછી આછી છાયા પડેલી છે, કહો શી ચિંતા છે ?

શ્રીચંદ્રે કહ્યું, ગૃહેશ્વરી ! તમે કરેલી કલ્પના સત્ય છે. ઉદાર પુરૂષ પોતાનો ઔદાર્ય ગુણ પ્રકાશી વિશેષ આનંદ પામે છે, ઔદાર્ય ગુણનો ઉપયોગ થવાથી મને આનંદ પ્રાપ્ત થવો જોઇએ, પણ દૈવયોગે મારા આનંદમાં ભંગ પડ્યો છે. મારી આ ઉદારતા પિતાશ્રીને પસંદ પડી નથી. તેઓમાં લોભ ગુણનો પૂર્ણ ઉદય થયો છે, ગાયક વીણારવને મે સુવેગ રથ આપ્યો, તે તેમને પ્રતિકૂળ થઇ પડયું છે. પ્રતિકૂળ થયુ છે એટલુંજ નહી, પણ તેઓ તે રથ પાછો લેવાની ઇચ્છા રાખે છે, અને તેમ કરવાની મને ફરજ પાડે છે. પૂજ્ય પિતાની આવી આજ્ઞા ઉલ્લંઘન કરવાનો સમય મને પ્રાપ્ત થયો છે હવે શું કરવું તે વિચારવા યોગ્ય થઇ પડયું છે. ઉત્તમ પુરૂષો કોઇને આપી પાછું લેવાની ઇચ્છા કરે, એ કેવુ અધમ કૃત્ય ? પ્રાણવલ્લભે ! આ ચિંતારૂપ અગ્નિજ્વાળા મને મસ્તકથી ચરણ સુધી દગ્ધ કરે છે આ ગૃહવૈભવ, સમૃદ્ધિ સર્વ છોડી વિદેશ જવાનો મેં નિશ્ચય કર્યો છે, અને તે કાર્યમા તમારી ઉત્સાહપૂર્વક આજ્ઞા મેળવવાને હું અત્રે આવ્યો છું પ્રાણપ્રિયા ! તમારા અંતરંગ પ્રેમના પાશથી હું બંધાયેલો છું. તમને છોડી વિદેશમાં જવાની મારી ઇચ્છાનો પ્રવાહ સ્ખલિત થઇ જાય છે, પણ બીજો ઉપાય નથી. પિતાની આજ્ઞા વિષમ છે. હું સારી રીતે જાણું છું કે, માતા પિતા જંગમ તીર્થ છે, તેઓની શિક્ષા પુત્રે માન્ય કરવી જોઇએ, તે વિષે મને નિચેનો શ્લોક વારંવાર યાદ આવે છે—

अमृतरसादप्यधिका शिक्षा मातुः पितुर्गुरुजनस्य ।
ये मन्यंते न मनाक् ते विहिताः सर्वदाकुधियः ॥ १ ॥

માતા, પિતા અને ગુરૂજનની શિક્ષા અમૃત રસથી પણ અધિક છે. જે પુરૂષો તે શિક્ષાને જરાપણ માનતા નથી, તેઓની સર્વદા કુબુદ્ધિ છે. ૧

પ્રાણવલ્લભા ! આ શ્લોકનું સ્મરણ થવાથી મારા હૃદયમાં અત્યંત પીડા પ્રગટ થાય છે હું મારા મલિન આત્માની નિંદા કરૂ છું કે, કર્મયોગે હું કેવો અધમ થયો કે, જેને પિતાની આજ્ઞાની અવગણના કરી. હવે આજ્ઞા ભંગ કરનાર આ અધમ પુત્રે [illegible] ન જોઇએ, જો હું અહીં રહીશ, તો આ ચિંતાગ્નિ કદિ પણ નિર્વાણ

પામશે નહી, તેની ભયંકર જ્વાળા મારા હૃદયને દહન કર્યા કરશે પ્રિયા ! તેથી હવે વિદેશમા જઇ વસવાનો નિશ્ચય કર્યો છે. તમે મને ઉમંગથી આજ્ઞા આપો, તો હુ વિદેશમા સુખી થઇશ વિદેશમાં નવનવાં કૌતુક જોઇ મારી ચિંતા પરાસ્ત થઇ જશે. વળી કોઇ સ્થળે ભાગ્યની પરીક્ષા પણ સારી રીતે થઇ શકશે

શ્રીચંદ્રના આવાં વચન સાંભળી ચંદ્રકળા વજ્રાહત હોય, તેવી થઇ ગઇ તેના મુખચંદ્ર ઉપર શોકની છાયા પ્રસરી ગઇ, થોડી વારે આત્માને શાંત કરી બોલી—પ્રાણેશ ! આ શુ બોલો છો ? સાહસ કરો નહીં, તમારા જેવા ધીરવીરને આવી કાયરતા ઘટે નહીં. પૂજ્ય પિતાની મતિ વિપરીત થઇ ગઇ છે કોઇક પુરૂષને વૃદ્ધાવસ્થામાં બુદ્ધિ વિપરીત થાય છે. પિતાની આવી આજ્ઞા આચરણીય નથી, તેમજ આદરણીય નથી, પણ તેથી કાંઇ ગૃહત્યાગ કરવાની જરૂર નથી આ રાજ્ય સમાન ગૃહવૈભવનો ત્યાગ કરી વિદેશમાં ભ્રમણ કરવું, તે કેવું કષ્ટકારી ? આપ દીર્ઘ દૃષ્ટિથી વિચાર કરો, આપના વિના મારાથી કેમ રહી શકાય ? આપ વિદેશમાં સંકષ્ટ ભોગવો, અને હુ ગૃહવૈભવ ભોગવુ, તે કેમ બને ? જો આપ પિતાના દુ:ખને લીધે ચિંતામુક્ત થવા વિદેશમા જવા અવશ્ય ધારતા હો, તો મને પણ સાથે લઇ જાઓ. પતિ વિના પત્ની કેમ રહી શકે ? પતિના સુખ દુ:ખમાં ભાગ લેવો, તે કુલીન કાંતાનો ધર્મ છે. ચંદ્ર વિના ચંદ્રકળા કેમ રહી શકે ? કઠોર કષ્ટ ભોગવતાં પતિને જોઇ કઇ ભામિની ભોગવિલાસની ભુક્તા થાય ? આ પ્રમાણે કહેતી કહેતી ચંદ્રકળા રૂદન કરવા લાગી, તેના નયનમાંથી અશ્રુધારા ચાલવા લાગી.

પ્રિયાને દુઃખી જોઇ પ્રેમી પતિને દુ:ખ થઇ આવ્યુ, તેનાં નયન પણ અશ્રુથી વ્યાપ્ત થઇ ગયા, તે ગદ્ગદ્ કંઠે બોલ્યો—પ્રાણેશ્વરી ! શાંત થાઓ, રૂદન કરો નહીં, તમને મારા સોગન છે ગૃહદીપિકા ! તમે સર્વ રીતે સુજ્ઞ છો, પવિત્ર હૃદયના પત્ની છો, મારા કલ્યાણનાં મંદિર છો, મહત્વની ખાણ છો, અને મારાં ગૃહલક્ષ્મી છો. તમારા સત્ય પ્રેમે મારા હૃદયમાં વાસ કરેલો છે સદ્ગુણી સુંદરી ! તમે ક્ષત્રિય કન્યા છો, ક્ષત્રિયાણી કદિ પણ નાહિંમત થતી નથી. વીરબાળા ! તમારા અતુલિત પ્રતાપ મને સહાયરૂપ થવો જોઇએ. સંકષ્ટમા સહાય આપવી એ ક્ષત્રિય કન્યાનો ધર્મ છે. મને ચિંતામાંથી મુક્ત કરાવવો, એ તમારૂ કર્તવ્ય છે. ચિંતારૂપ ભયંકર રાક્ષસીએ મારી ઉપર હુમલો કર્યો છે, તેનો પરાભવ કરવા હું સમર્થ થઇ શકતો નથી, એ ઘેર રાક્ષસીની ઉત્પત્તિનુ મૂળ કારણ પિતાજી છે; તેથી હું હતવીર્ય થઇ ગયો છું. આ વખતે મારે વિદેશ વિના બીજુ કોઇ પણ શરણ નથી. પ્રાણપ્રિયા ! હવે મને તેમ કરવાની સંમતિ આપો. તમારી આજ્ઞારૂપ સહાયથી હુ મારા પ્રત્યેક કાર્યમા વિજયી થઇશ, અને પાછો નિશ્ચિત થઇ તમને સત્વર આવીને મળીશ તમારા જેવી પ્રેમ પંડિતા પત્નીને શિક્ષા આપવાની કાંઇ જરૂર નથી, જેમ તમને ઉચિત લાગે તેમ વર્તજો કુલીનતાના જે ધર્મ તમે સ્વભાવથીજ ધારણ કરેલા છે, તે ધર્મને સાચવી કર્તવ્યમા પરાયણ રહેજો મારાં સઘળાં સુખ તમારા સહવાસમાં સમર્પિત કરૂં છું. સંક્ષેપમા એટલુજ કહેવાનુ કે, સર્વ પ્રકારના ગુણો સ્વાભિમાનની અંદર રહેલા છે, એક સ્વાભિમાનનો ત્યાગ કરવાથી સર્વ ગુણો દૂર થઇ જાય છે. એક વિદ્વાન્

કવિએ સ્વાભિમાનને વૃક્ષનુ રૂપ આપેલું છે, તે ઘણુ મનન કરવા યેગ્ય છે.

उड्डीना गुणपत्रिणः सुखफलान्याराद्विशीर्णान्यधः
पर्यस्ताः परितो यशस्तवकिताः संपल्लतापल्लवाः ।
प्रागेव प्रसृताः प्रमोदहरिणाः छाया कथांतर्गता
दैन्यारण्यमतंगजेन महता भग्नेऽभिमानद्रुमे ॥ १ ॥

દીનતારૂપ જંગલનો મહાન્ હસ્તી જ્યારે અભિમાનરૂપ વૃક્ષને ભાગે છે, ત્યારે ગુણરૂપ પક્ષીઓ ઉડી જાય છે, સુખરૂપ ફળ વેરાઇને નીચે પડે છે, યશરૂપ પુષ્પવાળી સંપત્તિરૂપ લતાનાં પલ્લવો ચારે તરફ પથરાઇ જાય છે, હર્ષરૂપ હરિણ પ્રથમથીજ નાશી જાય છે, અને છાયા (કાંતિ)ની વાત તો અંતર્ધ્યાન થઇ જાય છે

પ્રાણેશ્વરી ! તેથી કદિ પણ સ્વાભિમાનને છોડશો નહીં હું કોણ છું ? મારૂ કુળ કેવું છે ? ઇત્યાદિ વિચાર કરજો, મારા સબંધી કાંઇ પણ ઉચાટ કરશો નહીં, હું સર્વદા વિઘ્નથી દૂર છું, એમ તમે માનજો.

ચંદ્રકળા મંદ સ્વરે બોલી—પ્રાણેશ ! તમે કહેલી શિક્ષા મારે સર્વદા માન્ય છે આ દાસી કદિ પણ તેના સદ્વર્ત્તનથી ભ્રષ્ટ થશે નહીં, તે વિષે આપે અવસ્ય નિશ્ચય રાખવો. પણ તમારા વિયોગને સહન કરવાને હું અસમર્થ છું. આપના વિના આ સુંદર મેહેલમાં એકાએકી વસવુ, તે અગ્નિજ્વાળામાં વસવા જેવુ છે. પ્રાણનાથ ! કૃપા કરી મને સાથેજ લઇ જઓ. હું આપની છાયા છું; છાયા કદિ પણ જુદી પડેજ નહીં પતિ વિના પત્નીનું જીવન શા કામનું છે ? પતિપ્રાણાનાં પ્રાણ જુદાં પડે, તો પછી તેના શા હાલ થાય ? પ્રાણપતિ ! આપના જેવા દયાધર્મિને આવી નિર્દયતા કરવી ઘટે નહીં; કૃપા કરીને મારાં વચનને માન્ય કરો. અબળાની આશાલતા છેદવી, તે યુક્ત નથી.

ચંદ્રકળાનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્ર સાશ્રુ નયન થઇ ગયો, તેણે ગદ્ગદ્ કંઠે કહ્યું, બાળા ! તમે કહ્યું, તે સત્ય છે. અતિ નિર્દય બન્યો છું, પણ નિરૂપાય છું. જેવો તમને મારો વિયોગ દુઃસહ છે, તેવો મને પણ છે. તમને સાથે લઇ જવામા ઘણી વિટંબણા છે. વિદેશમાં અનેક જાતનાં સંકષ્ટ આવી પડે છે, માર્ગની વિષમતાને સહન કરવા વનિતાનું વપુ અસમર્થ છે, તે સાથે મારે તમારૂ બંધન થઇ પડે. સ્ત્રી જીવનનો નિર્વાહ કરવો, તે વિદેશમાં અશકય છે પ્રાણપ્રિયા ! તમે પોતેજ વિચાર કરો, તમારો સર્વ પ્રકારનો પવિત્ર નિર્વાહ મારી સાથે કેમ થઇ શકે ? તમારા નિર્વાહને માટે, અને તમારા પતિવ્રતના રક્ષણ માટે મારે કેટલો પ્રયાસ કરવો પડે ? તમે મારા દુઃખનાં કારણ થઇ પડો, એ તમને કેમ સારૂં લાગે ? તેથી તમારે સાથે આવવાનો આગ્રહ કરવો નહી. પતિની આજ્ઞા માન્ય કરવી, એ પતિવ્રતાનો ધર્મ છે, તમે મારા વચનથી ઘેર રહો. પ્રતિદિન આર્હત ધર્મની ઉપાસના કરજો, ભક્તિ ભાવથી ત્રિકાળ જિનપૂજા આચરજો, ગૃહસ્થ

ધર્મને બરાબર સાધજો, સમકિત મૂળ શીલ ગુણની રક્ષા કરજો, એવાં એવાં આચરણથી મારી વિદેશની વિપત્તિ દૂર થઇ જશે, ધર્મના પ્રસાદથી મને સર્વદા સુખશાંતા રહેશે, ધર્મના આચરણમાજ મારૂ શુભ છે, મારૂ કલ્યાણ છે, અને મારો ઉદય છે. પતિનાં આવાં વચન સાભળી ચદ્રકળાનું મન શાત થઇ ગયુ, તેના હૃદયમા જરા ઉલ્લાસ આવ્યો, તે વિનયથી બોલી—પ્રાણેશ ! હવે કાંઇ કહેવાનું નથી. જો ' ન જાઓ ' એમ કહું તો, અમંગળ કહેવાય, ' જાઓ ' એમ કહું તો સ્નેહ વગરનું વચન લાગે. ' અહિં રહો ' એમ કહું, તો મારી પ્રભુતા વર્તાય, ' તમને રૂચે તેમ કરો ' એમ કહું, તો ઉદાસીનતા દેખાય, ' હુ સાથે આવુ ' એમ કહેવાથી કદાગ્રહ લાગે, અને ' એમ કરો નહીં ' એમ કહુ, તે તુચ્છતા કહેવાય, તેથી હવે ' શુ કહેવું ' તે હુ કાંઇ જાણી શકતી નથી, આટલું કહી, તેણીએ વિશેષમા જણાવ્યું કે, પ્રાણેશ ! છેવટમાં એટલુ કહેવાનું કે, આપ સર્વદા પચપરમેષ્ટીનું ધ્યાન કરજો. એ ધ્યાન આપને વજ્રના કવચ જેવુ થશે. મસ્તકથી તે ચરણ પર્યંત આ કવચ આપની રક્ષા કરશે, આપના શરીરની બાહેર તેનોજ વજ્રમય કીલ્લો થશે, આપની ઉપર તે વજ્ર મંડપરૂપ થઇ છાયા ધારણ કરશે, એનાથી અષ્ટ મહા ભય પાસેજ નહીં આવે, તે સાથે તમારાં પાપ અને વિઘ્ન પ્રલય થઇ જશે. પરમેષ્ટી નમસ્કારના ન્યાસ, મુદ્રા, કવચ, પ્રસ્થાન, અને આસન વિગેરે ગુરૂમુખે જાણી લેજો. એ પવિત્ર ક્રિયાના પસાયથી આપનું વિદેશમાં શ્રેય થશે. વિશેષ શું કહેવું ? આપ સર્વ રીતે સુજ્ઞ છો, વિદેશના વર્તનના વેત્તા છો, આપના સઘળા માર્ગ મંગળમય થજો. શ્વાસની જેમ મને સંભારજો, અને નિયમિત રીતે પત્ર તથા સદેશા મોકલતા રહેજો. કદિ મારા અપરાધ સ્મરણમાં આવે, તો ક્ષમા કરજો આટલું કહી ચદ્રકળા નીચેનો શ્લોક અંજલી જોડીને બોલી—

तव वर्त्मनि वर्त्ततां शिवम्
पुनरस्तु त्वरितं समागमः ।
अयि साधय साधयेप्सितं
स्मरणीयाः समये वयं सदा ॥ १ ॥

" આપનું માર્ગમાં કલ્યાણ થાઓ, પુન: પાછો સત્વર સમાગમ થાઓ, ઇચ્છિત અર્થને સાધો, અને સર્વદા અવસરે અમને સભારજો. ૧ "

આ સુભાષિત બોલી ચંદ્રકળાએ એક ફળ લાવી, પતિના કરમાં અર્પણ કર્યું. પતિએ તેના બદલામાં પોતાનું હૃદય પ્રિયાને આપ્યું. પ્રથમથીજ શ્રીચંદ્રે પોતાના મિત્ર ગુણચદ્રને સર્વ વસ્તુનો અધિકાર સોપ્યો હતો ધનજય સારથિને પોતાનો સેનાપતિ કર્યો હતો, અને બીજા જે સેવકો હતા, તેઓને ઇનામ આપી સંતુષ્ટ કર્યા હતા, છેવટે ચાલતી વખતે તે ચંદ્રકળા પાસે આવ્યો હતો; તે માત્ર પોતાના માતાપિતાથી ગુપ્ત રહ્યો હતો. તેઓને પોતાના પ્રયાણના ખબર આપ્યા નહતા, તેઓનાથી ગુપ્ત રીતે ચંદ્રકળા પાસે આવ્યો હતો. ચંદ્રકળાની રજા મેળવી, તેણીના હૃદયની આશીષ સપાદન કરી, શ્રીચંદ્રકુમાર ચાલી નીકળ્યો.

ઉત્સંગમાં બેસાડી, મુખપર ચુંબન કરી, સૂર્યવતી મસ્તકનું આઘ્રાણ કરવા લાગી. મારશી અને ભાણેજનો અપૂર્વ સ્નેહ જાગ્રત થઇ ગયો, અને બન્નેએ પરસ્પર કુશળતા પુછી. તે પછી કરમોચન વખતે જે દાયજામાં આપવામાં આવ્યું હતું, તે ચંદ્રકળાએ માશીને કહી સંભળાવ્યું. માશીએ પોતાના તરફથી કેટલીએક લગ્નની ભેટો આપી; તે લઇ ચંદ્રકળા અત્યંત આનંદ પામી.

ક્ષણવાર પછી રાજા પ્રતાપસિંહે લક્ષ્મીદત્ત શેઠને કહ્યું કે, શ્રીચંદ્રકુમાર ક્યાં છે ? તેને અહિં બોલાવો. રાજાના કહેવાથી લક્ષ્મીદત્ત શેઠે શ્રીચંદ્રને શોધવા માણસ મોકલ્યાં. શ્રીચંદ્ર બે દિવસ થયા ચાલ્યો ગયો છે, આ ખબર શેઠના જાણવામાંજ નહોતા. સુવેગરથની ચિંતામાં ગ્રસ્ત થએલા શેઠે શ્રીચંદ્રનો ભાવજ પુછ્યો નહોતો, તેનું અપૂર્વ પુત્રવાત્સલ્ય લોભસાગરના પ્રવાહમાં તણાઇ ગયું હતું. લોભાંધ દ્રષ્ટિવાળા લક્ષ્મીદત્તની પ્રેમદ્રષ્ટિ અસ્ત થઇ ગઇ હતી. શ્રીચંદ્રને શોધવા ગએલાં માણસો પાછાં આવ્યાં, શ્રીચંદ્રકુમાર કોઇ સ્થળે જોવામાં આવતો નથી. નગરના બાહ્ય અને અંદરના પ્રદેશ તેઓએ જોઇ લીધા, કોઇ સ્થળે શ્રીચંદ્રકુમાર દ્રષ્ટિએ પડ્યો નહીં; તેઓ ગ્લાન મુખે પાછા આવ્યા. આથી શેઠના હૃદયમાં ચિંતા ઉત્પન્ન થઇ. " શ્રીચંદ્રકુમાર ક્યાં ગયો હશે ? સુવેગ રથને પાછો સંપાદન કરવા તો નહીં ગયો હોય ? મારી આજ્ઞાથી રખે તેમ કરવા ગયો હોય. શ્રીચંદ્ર મારો આજ્ઞાંકિત પુત્ર છે, મારી આજ્ઞા સાર્થક કર્યા વિના રહેજ નહીં. જરૂર તે વીણારવની પછવાડે ગયો હશે. " આ પ્રમાણે લક્ષ્મીદત્ત શેઠ ચિંતવવા લાગ્યા.

આ વૃત્તાંત કુશસ્થળીમાં પ્રસરી ગયો. લોકો તે સંબંધી ચર્ચા કરવા લાગ્યા. શ્રીચંદ્ર એકાકી ગુમ થવા વિષે લોકો અનેક જાતની વાતો કરવા લાગ્યા. કોઇ લક્ષ્મીદત્ત શેઠને અને કોઇ વીણારવને ધિક્કાર આપવા લાગ્યા. રાજા પ્રતાપસિંહને પણ આશ્ચર્ય થયું કે, શ્રીચંદ્રકુમાર કેમ ગુમ થયેલ હશે ? તેવો સુજ્ઞ અને વિદ્વાન્ નર એકાએક ચાલ્યો જાય, એ અસંભવિત છે. તેના ગુમ થવામાં મહાન્ હેતુ હોવો જોઇએ. સુવેગરથનું દાન આપ્યા પછી પશ્ચાતાપ કરે, તેવો તે અધમ પુરૂષ નથી. તેનામાં દિવ્ય શક્તિ છે. આર્હત શાસ્ત્રનો તે મહાન્ વેત્તા છે, તે સાધારણ કારણને લઇ આવું સાહસ કરે નહીં. આવું વિચારી પ્રતાપસિંહે તેની શોધ કરવા અનેક દૂતોને મોકલ્યા, પણ શ્રીચંદ્રકુમાર સંબંધી કાંઇ પણ વૃત્તાંત જાણવામાં આવ્યો નહીં.

શ્રીચંદ્રના મિત્ર ગુણચંદ્રને આ ખબર મળતાં અત્યંત શોક થઇ આવ્યો. તે અગાઉથી એટલું તો જાણતો હતો કે, શ્રીચંદ્રકુમારનું હૃદય પિતાના સ્વભાવને લઇને ચિંતાગ્રસ્ત છે, તે કુશસ્થળીમાં હવે ચિરકાળ ટકશે નહીં, તથાપિ જ્યારે તેના જાણવામાં આવ્યું કે, પોતાનો પ્રાણપ્રિય મિત્ર શ્રીચંદ્ર સર્વને છોડી ચાલ્યો ગયો, ત્યારે તેને બહુ દુઃખ લાગી આવ્યું. ક્ષણવાર તો તેણે મૂર્છા સ્થિતિ અનુભવી, તેના નેત્રમાંથી અશ્રુધારા ચાલવા લાગી, છેવટે મુક્ત કંઠે રૂદન કરવા લાગ્યો. તેણે પોતાના હૃદયને સંબોધીને કહ્યું, અરે હૃદય ! તેં તારી અપૂર્વ શાંતિ ગુમાવી છે. તને શીતલ છાયા આપનાર અને વિશ્રાંતિનો આનંદ અર્પણ કરનાર એક સુંદર કલ્પવૃક્ષને તેં ગુમાવ્યું છે. મિત્ર શ્રીચંદ્ર ! તારા જેવા

સુજ્ઞ નરને આમ કપટ કરવું ઘટે નહીં. તેં મને કદિ પણ વિખૂટો કર્યો નથી, મૈત્રીધર્મના તત્ત્વને તું જાણે છે, શુદ્ધ મૈત્રીનું લક્ષણ તારા ધ્યાનમાંથી ચાલ્યું જાય, એ આશ્ચર્ય છે અકસ્માત્ આ શું કર્યું ? તારા આશ્રિત અને તારા આધારથી જીવનને જીવન આપનાર ગુણચંદ્રને દૂર કરવામાં તું તારા દયા ધર્મને ભુલી ગયો, એ કેવી વાત ?

મિત્ર ! જો આમ કરવુ હોત, તો મને તારા પ્રેમસાગરમાં મગ્ન કરવો નહોતો. પ્રેમ એ દિવ્ય વસ્તુ છે, પણ તે વિરહમાં વિષ સમાન થઇ પડે છે. સુહૃદ્મણિ ! તું પ્રેમશાસ્ત્રનો જ્ઞાતા છું, પ્રેમના પવિત્ર પાઠો તને કંઠસ્થ છે, પ્રેમજીવનના તત્ત્વનો તું પૂર્ણ અભ્યાસી છે, પ્રેમ અને વિયોગ એ બંને શબ્દનો સંધિ કેવો ભયંકર છે, તે તુ સારી રીતે જાણે છે. પ્રેમ શબ્દની સાધના એક કવિતામાં વર્ણવેલ છે. આટલું કહી ગુણચંદ્ર નીચેની કવિતા ઉંચે સ્વરે બોલ્યો—

> પ્રેમતણો પ્રે લઇને, યમનો લઇ મકાર,
> પ્રેમ ઇસીપરે નીપન્યો, તિણુથી દુ:ખદાતાર. ૧
>
> પ્રેમ તે પ્રાણીને કરે, પ્રાણુતણો પરવાસ,
> પ્રેમ તે હિમપરે દાઝવે, મુખ મુકે નીસાસ. ૨

આ કવિતા બોલી તેણે ઘણો ખેદ કર્યો, બીજા તેના સ્નેહીઓએ તેને આશા [illegible] આપનાર આશ્વાસન પ્રાપ્ત કરી, ગુણચંદ્ર મ્લાન મુખે રૂદન કરતો ચંદ્રકળાની [illegible] જ્યારે શ્રીચંદ્રકુમારનો પત્તો કોઇ ઠેકાણે મળ્યો નહીં, એટલે લક્ષ્મીદત્ત [illegible] ગયો કે, જરૂર પુત્ર મારા વચનથી દુઃખ પામી વિદેશમા ચાલ્યો ગયો. સુ[illegible] દાન આપી, પોતાના આત્માને કૃતાર્થ માનનારા મારા પુત્રને મેં વિપરીત આજ્ઞા કરી, [illegible] ભૂલ કરી છે. શ્રીચંદ્ર જેવો ઉદાર પુરૂષ આપેલું દાન પાછુ લે, તે અ[illegible] છે, તે જાણ્યા છતાં મેં લોભગ્રસ્ત થઇ, તેવી પ્રેરણા કરી, તે ઘણું વિપરીત કર્યું. અરે [illegible] હૃદય ! તેં શો વિચાર કર્યો ? અરે દુષ્ટ લોભ ! તને જરાપણ લજ્જા [illegible] નહીં ? મારા નિર્મળ હૃદયમાં પ્રવેશ કરી, મને કલંકિત કેમ કર્યો ? વત્સ શ્રીચંદ્ર ! [illegible] પિતાનો તિરસ્કાર કેમ ન કર્યો ? આમ અચાનક વિદેશમાં કેમ ચાલ્યો [illegible] ? અરે દયાળુ પુત્ર ! વૃદ્ધ માતાપિતાની આમ ઉપેક્ષા કરવી, તે તારા જેવા આજ્ઞાંકિત પુત્રને ઘટે નહીં. આ ગૃહ, વૈભવ, સંપત્તિ વિગેરે તારા વિના શૂન્ય છે. આ પ્રમાણે કહે[illegible] લક્ષ્મીદત્ત શેઠ મૂર્છા પામી ભૂમિ ઉપર પડી ગયા. રાજા પ્રતાપસિંહે શીતોપચાર [illegible] કર્યા. પછી કેટલાંએક શાંત વચનોથી તેમને આશ્વાસન આપી, રાજા [illegible] સાથે શોક કરતો, પોતાના મહેલમા ચાલ્યો ગયો.

આ પ્રસંગે ઘણા દિવસ સુધી કુશસ્થલીમા સર્વત્ર શોક પ્રસરી રહ્યા, લોકો [illegible] શ્રીચંદ્રના સદ્ગુણોને સંભારી અફસોસ કરતા હતા. રાજા પ્રતાપસિંહને પણ ઘણો [illegible] [illegible] શ્રીચંદ્રના સદ્ગુણો સંભારી સંભારી ઘણો અફસોસ [illegible] [illegible] પ્રતાપસિંહ [illegible]

[illegible] છે પ્રત્યેક વિવેકી મનુષ્યે પોતાના આત્માને સંબોધી સૂચના આપવી. અરે આત્મા ! તને નિર્મળ રત્નના જેવો આ મનુષ્ય ભવ પ્રાપ્ત થયો છે, તે સાથે સત્કુળમાં જન્મ થયો છે, તે છતાં જો તું પ્રમાદથી આર્હત ધર્મના તત્ત્વને સમજીશ નહી, તો પછી આ દુઃખમય સંસારચક્રમાં તારે ભ્રમણ કરવું પડશે અરે ભવાંધ જીવ ! તું કષાયથી દૂર રહેજે, ક્રોધ સર્વદા તિરસ્કારનું પાત્ર છે, માન મદનું સ્થાન છે, માયા કર્મબંધનો હેતુ છે, અને લોભ સર્વ પાપનું મૂળ છે, એ વાત તારા અંતરંગમાં ધારણ કરજે અરે અધમ જીવ ! તેં તારૂં બાલ્યવય મોહમય અંધકારમાં મગ્ન થઇ ગુમાવી દીધું, તારૂણ્યવય તરૂણીના ભોગમાંજ આસક્ત કરી પ્રસાર કર્યું, અને વૃદ્ધવય જરાવસ્થાથી શક્તિ રહિત થઇ ગુમાવીશ, તો પછી તારી શી ગતિ થશે ? અરે ચંચલ ચિત્ત ! જેને માટે તું સમુદ્રને ઉલ્લંઘન કરે છે, ભયંકર [illegible]માં ભ્રમણ કરે છે, લોકોને છેતરે છે, અને વચનનો ભંગ કરે છે, તેવા દ્રવ્યથી નિવૃત્ત થઇ જા અને ધર્મનો પવિત્ર માર્ગ ગ્રહણ કર. અરે જીવ ! દ્રવ્ય, જળના પરપોટાના જેવું ચપળ, શરીરને દીવાના કંપના જેવું ક્ષણભંગુર, તારૂણ્યને ચપળા સ્ત્રીના કટાક્ષના જેવું [illegible]. અને [illegible]ને વિદ્યુતના જેવું ચલિત જાણી, દાન, ધ્યાન, તપ અને વ્રતથી [illegible] ધર્મને ધારણ કર.

આ પ્રમાણે આત્માને પ્રતિબોધ આપી, સર્વ પ્રાણીઓએ ધર્મ આચરણ કરવું. [illegible] શ્રી અર્હંત પ્રભુનું ધ્યાન કરવું. જેના પવિત્ર હૃદયમાં સર્વદા પરમાત્માનું [illegible] હોય, તેને તર્ક, છંદ, શાસ્ત્ર, સ્વાધ્યાય પાઠ અને લક્ષણશાસ્ત્રની શી [illegible] પંડિતશિરોમણી છે આ મહા પંકરૂપ સંસારમાંથી પોતાના આત્મા- [illegible] રૂપ રંગિત વસ્ત્રને ધારણ કરનારી, શીલરૂપ અંગરાગથી સુશો- [illegible] તથા વિવેકરૂપ આભૂષણવાળી, કરૂણારૂપ હારને પહેરનારી, સદ્બોધરૂપ [illegible] કરનારી, અને ચારિત્રરૂપ પત્રતિલકથી અલંકૃત એવી ક્ષમારૂપ પ્રિયા તેવા [illegible] કરે છે એ નવરંગિત સુંદરીનો તે સર્વદા ભોક્તા થાય છે.

[illegible] ! સર્વદા તમારે જિનવાણીરૂપ સુધાનું પાન કરવું, એ પવિત્ર વાણીના [illegible] અંતઃકરણને તરી ગયા છે આર્હત વાણીના પ્રતિધ્વનિ જેના [illegible] છે, તે પ્રાણીઓનું માનવ જીવન ઉન્નતિએ પહોંચેલું છે, તેવા પ્રાણી [illegible] મિત્ર માને છે, કામને શત્રુ માને છે, સ્ત્રીઓનેજ જરાવસ્થા [illegible] પ્રભુના વાક્યામૃતનું સેવન કરનારા [illegible] થતા નથી, વનિતાઓની વિકારી ચેષ્ટાને [illegible] ભાવના વિષયમાં આવતા નથી, તેથી અર્હંત [illegible] મન, વચન અને કાયાવડે તે [illegible] છે, અને એજ આ દુઃખમય [illegible] જિન[illegible] [illegible]

આ પ્રમાણે દેશના આપી મુનિ વિરામ પામ્યા, એટલે રાણી સૂર્યવતી વંદના કરી વિનયથી બોલી—મુનિરાજ ! કેટલાએક વર્ષ પહેલાં મારે પુત્ર થયો હતો, મારા સપત્ન પુત્ર જયકુમાર વિગેરેના ભયથી મે મારા બાળપુત્રને કોઇ ગુપ્ત સ્થાને રાખ્યો હતો, ત્યાથી તે પુત્ર અકસ્માત્ ગુમ થઇ ગયેલો છે, તે ક્યાં હશે ? જે તેને પુષ્પના રાશીમાં રાખ્યો હતો, મારો અનાથ બાળપુત્ર કોના હસ્તમા આવ્યો હશે ? આપ ત્રિકાળજ્ઞ છો, પરોપકારી છો, અને દુઃખી પ્રાણીઓના આધારરૂપ છો. મારા સંશયને છેદી દૂર કરશો. એ મારા ઔરસ પુત્રનો સંગમ મને થશે કે નહી ? મારૂં જીવન એ કુમારરત્નના દર્શનથી કૃતાર્થ થશે કે નહીં ? એ આપ જ્ઞાનના પ્રભાવથી જણાવશો ભવસાગરમાં મગ્ન રહેનારી, અને રાગ દશાનો સર્વદા અનુભવ કરનારી, આ અધમ નારીને પુત્રમોહ અત્યંત દુઃખ આપે છે. સંવેગ રત્ન ! આપ કૃપા કરી તે વૃત્તાંત જણાવશો, તો મારા મોહમગ્ન હૃદયને શાંતિ મળશે. ગૃહસ્થાવાસમાં રહી, ધર્મસાધન કરવામાં મને સંપૂર્ણ સહાય મળશે. આપ સારી રીતે જાણો છો કે, ગૃહસ્થાવાસી મનુષ્યોની રાગદશા પ્રબળ હોય છે, એ પ્રબળ રાગદશાને લઇને તેમને અનેક અંતરાયો ઉત્પન્ન થાય છે, એ અંતરાયથી તેઓને ધર્મસાધન કરવામા શિથિળતા થઇ જાય છે.

સૂર્યવતીનાં આવાં નમ્ર વચન સાંભળી અનગાર શિરોમણિ જ્ઞાનદ્રષ્ટિથી અવલોકી જરા વિચાર કરી બોલ્યા—સૂર્યવતી ! તારો પુત્ર તને ઘણી વાર મળ્યો છે, પણ અજ્ઞાનરૂપ અંતર્પટને લઇ, તું જાણી શકી નથી. જ્યારે સપત્ન પુત્રોના ભયથી તે તારા પુત્રને પુષ્પના રાશીમાં મુક્યો, ત્યારે ગોત્રદેવીના કહેવાથી આ લક્ષ્મીદત્ત શેઠે ગ્રહણ કરેલો છે. અપુત્ર લક્ષ્મીદત્તે તેને પુત્રવત્ માની સ્વીકારેલો છે, તેનું નામ **શ્રીચંદ્રકુમાર** છે. જુવો તેની મુદ્રિકા ઉપર તે નામ લખવામા આવ્યું છે, શેઠાણી લક્ષ્મીવતીએ ઉછેરેલો તે પુત્ર હાલ યૌવન વયને પ્રાપ્ત થયો છે. રાજા પ્રતાપસિંહ ! તમારો જ્યારે તેને પ્રથમ સમાગમ થયો, ત્યારે તમને તેની ઉપર અતિ વાત્સલ્ય ઉત્પન્ન થયું હતું. ઉત્સંગમાં બેસારી અંતરના સ્નેહથી તમે તેને કર્ણકોટ નગરનું રાજ્ય ઇનામમાં આપ્યું હતું, એ તમારો અપૂર્વ સ્નેહ પુત્ર વાત્સલ્ય સૂચવતો હતો સૂર્યવતી ! તારો તેની ઉપર જે અપૂર્વ પ્રેમ હતો, તે તારી પુત્રતાને જણાવતો હતો. શ્રાવિકા સૂર્યવતી ! આ પ્રમાણે તારા પુત્રની સ્થિતી થઇ છે. બીજું શું જાણવાનું છે ? તે કહે. મુનિના આવા વચન સાભળી સૂર્યવતી આશ્ચર્ય પામી ગઇ, તેના નયનની આગળ શ્રીચંદ્રની મનોહર મૂર્ત્તિ ખડી થઇ ગઇ. સ્તનમાંથી પયોધારા છુટવા લાગી. તેના હૃદયમાં પુત્રને મળવાની ઉત્કંઠા વિશેષ જાગ્રત થઇ આવી, વપુ ઉપર રોમોદ્ગમ થઇ આવ્યો, રાજા પ્રતાપસિંહ પણ સાનંદાશ્ચર્ય થઇ ગયો. શ્રીચંદ્રકુમાર પોતાનો ઔરસ પુત્ર જાણી તે પોતાને ધન્ય માનવા લાગ્યો. તે કુશસ્થળી નગરીનો ભવિષ્યમાં રાજા થવાથી તે પોતાને અને પોતાના રાજ્યને આબાદ જાણવા લાગ્યો. શ્રીચંદ્રકુમારને મળવાની આતુરતા વધવાથી તેનો આત્મા અપાર ઉત્કંઠામા મગ્ન થઇ ગયો. લક્ષ્મીદત્ત શેઠ અને લક્ષ્મીવતી બંને અજાયબી સાથે મોટા વિચારમા પડયાં. એક રાજકુમારનું વડિલપણું આટલો વખત સંપાદન કર્યું, તેને માટે તેઓ પોતાને કૃતાર્થ માનવા લાગ્યાં. તે સાથે તેમના હૃદયમાં એવો વિચાર થયો કે, હવે શ્રીચંદ્ર અમારા ઘરમાં રહેશે

[illegible] રાજકુમાર વણિકગૃહમાં રહેવાનું કેમ પસંદ કરશે ? [illegible] [illegible] અમને તદન ભુલી જશે

સૂરિની [illegible] આનંદ પામી, ગુરૂને પ્રેમપૂર્વક વંદના કરી બોલી—મહારાજ [illegible] મને ક્યારે દર્શન આપશે ? તે કૃપા કરી જણાવશો. આપે [illegible] નિર્મળ કરી છે. આપ મહારાજના જ્ઞાનતેજથી મારૂં ચિરકાળનું [illegible] પણ સાંપ્રતકાળે એ શ્રીચંદ્ર અમને વિયોગાગ્નિમાં મુકી ચાલ્યો ગયો [illegible] સમાગમનો મહાન્ લાભ અમને ક્યારે પ્રાપ્ત થશે ? તે જાણવાની [illegible] છે.

[illegible] પ્રકાશિત એ મહાનુભાવ મુનિ મંદહાસ્ય કરતા બોલ્યા— [illegible] કરશો નહીં તમારો કુમાર શ્રીચંદ્ર સુખી છે અને [illegible] તમને પ્રાપ્ત થશે ત્યાં સુધીજ તમારે પુત્ર વિયોગનો [illegible] તમારાં રાજકુળને આનંદરૂપ થશે [illegible] આત્મસાધન [illegible] મને પણ [illegible] આરૂઢ કરશે ભારતવર્ષમાં એક [illegible]

[illegible] રાણી [illegible], રાજા પ્રતાપસિંહ, અને [illegible] પ્રાપ્ત થઈ ગયા [illegible]
[illegible] નિવૃત્તિ પામી ગઈ. તેમની [illegible] નવું જીવન પ્રાપ્ત [illegible]
[illegible] આનંદનો પાર રહ્યો નહીં [illegible]

[illegible]

શ્રીચંદ્રકુમાર એક વર્ષ પછી આવશે, અને તે રાણી સૂર્યવતીનો ગુમ થએલો કુમાર હતો આ વાર્ત્તા શેહેરમા ફેલાવાથી લોકોમા આનદ ઉત્સવ થઇ રહ્યો શ્રીચંદ્રકુમાર ભવિષ્યમા પોતાનો રાજા થશે, એવા ઉમગથી લોકો હર્ષના આવેશમા આવી ગયા ચૌટે, ચકલે, અને શેરીએ શેરીએ આનદ મગળ વર્ત્તાઇ રહ્યા, રાજા પ્રતાપસિહે અને રાણી સૂર્યવતીએ ચદ્રકળાને બોલાવી, પુત્રવધૂ તરીકે માન આપ્યુ, પદ્મિણી ચંદ્રકળાને મહારાજાના અંતપુરમા નિવાસ સ્થન આપ્યુ, લક્ષ્મીદત્ત શેઠને દુખ ન લાગે તેવા હેતુથી ચદ્રકળા કોઇ વાર થોડા દિવસ સુધી તેમને ઘેર પણ રહેતી હતી, પોતાના ધર્મવીર પતિની રાહ જોઇ આર્હત ધર્મનું આરાધન કરતી હતી એ સદ્ગુણી રાજશ્રાવિકાએ નિશ્ચય કર્યો હતો કે, ધર્મના પ્રભાવથી સર્વ સંપત્તિ, રૂપ, ભાગ્ય, સૌભાગ્ય, અને સત્કીર્ત્તિ પ્રાપ્ત થાય છે. ધર્મના પસાયથી રોગ, વિપત્તિ, સકષ્ટ, અને કલેશ દૂર થાય છે એ મહાશયા રાજમહેલમા રહી, ધર્મ આરાધન કરતી, પતિનુ શ્રેય ચિતવતી, અને સર્વદા નીચેના શ્લોકનુ સ્મરણ કરતી હતી

धर्मोऽयं धनवल्लभेषु धनदः कामार्थिनां कामदः
सौभाग्यार्थिषु तत्प्रदः किमपरं पुत्रार्थिनां पुत्रदः ।
राज्यार्थिष्वपि राज्यदः किमथवा नानाविकल्पैःकृतै,
स्तर्त्कि यन्न करोति किंतुं कुरुते स्वार्गापवर्गावपि ॥ १ ॥

ધર્મ, જેમને ધનની ઇચ્છા હોય તેમને ધન આપે છે, કામના અર્થીઓને કામ આપે છે, સૌભાગ્યના અર્થીઓને સૌભાગ્ય આપે છે, પુત્રની કામનાવાળાને પુત્ર આપે છે, અને રાજ્યની ઇચ્છાવાળાઓને રાજ્ય આપે છે, અથવા એવા વિવિધ જાતના વિકલ્પ કરવાથી શુ ? એવુ શુ છે કે, જે ધર્મ કરી શકતો નથી ? તે સ્વર્ગ અને મોક્ષને પણ આપે છે

॥ દ્વિતીય ખંડ સમાપ્ત. ॥

તૃતીય ખંડ.

પ્રકરણ ૩૮ મું.

મંત્ર ગુટિકા.



એક ભયંકર જંગલમાં વિવિધ જાતનાં વૃક્ષોની શ્રેણી આવેલી છે, એક તરફ નાની નાની ટેકરીઓ જાણે મહા ગિરિની પુત્રીઓ હોય, તેમ શ્રેણીબંધ ઉભેલી છે, આસપાસ પશુ પક્ષીઓનીજ વસ્તી રહેલી છે, ક્ષણેક્ષણે વનવાસી મૃગોના ભયંકર ધ્વનિઓ થાય છે, એક તરફ ગિરિમાંથી નિર્મળ જળનાં ઝરણાંઓ મધુર રવે વહે છે, કોઇ કોઇ સ્થળે પવનથી નૃત્ય કરતાં વૃક્ષોમાંથી અદ્‌ભુત અવાજો ઉદ્‌ભવે છે, વનનાં વિકરાળ પ્રાણીઓના ગર્જારવથી ગિરિગુહાઓ ગાજી રહી છે, પવનના પ્રચંડધ્વનીની સાથે મિશ્ર થયેલો શુષ્કપર્ણોનો પટુધ્વની પ્રસરી રહ્યો છે, આવા ઘોર અરણ્યમાં એક તરૂણ પુરૂષ હૃદયમાં અનેક તરંગ કરતો ચાલ્યો જતો હતો. તેના ધૈર્યવાળા હૃદયમાં જરા પણ ભયને અવકાશ મળતો નહતો. તેના પવિત્ર હૃદયમાં ધર્મ ભાવના જાગ્રત હતી, પરમેષ્ટી મંત્રનો મહાજપ તે જપતો હતો, અંતરંગમાં આર્હત ધર્મની મહાજ્યોત પ્રકાશતી હતી, રોમ રોમ અર્હંતપ્રભુની ભક્તિનો પ્રકાશ વ્યાપી ગયો હતો, એ ધર્મવીર વૈભવને તૃણવત્‌ ગણી, અને વિષયના લાલિત્યને અસાર માની આ નિર્જન અરણ્યમાં વિચરતો હતો. તેના હૃદયમાં કોઇ જાતનો મોહ ઉત્પન્ન થયો નહતો.

કેટલેક દૂર જતાં સાયંકાળનો સમય તેના જોવામાં આવ્યો ગગનમણિનો રથ અસ્તગિરિના શિખર તરફ વળતો હતો, પક્ષીઓ મધુર ધ્વનિ કરતા પોતાના વાસસ્થાનમાં એકઠા થઇ વિશ્રાંતિ લેવા આવતાં હતા, અંધકારરૂપ મલિન રાજા પોતાનુ મહાસૈન્ય લઇ વિશ્વને આક્રાંત કરવા આવતો હતો. આ સમયે તે ધાર્મિક વીરે વિચાર્યુ કે, આ અરણ્ય હજુ વિશાળ લાગે છે, કોઇ ગામ કે નગર નજિક જોવામા આવતુ નથી, તેથી અહિં કોઇ વૃક્ષ તળે વિશ્રાંતિ કરી નિશા નિર્ગમન કરવી યોગ્ય છે. આવા ભયંકર જંગલમાં મંગલરૂપ પરમેષ્ટી મંત્રીનુ શરણ લેવુ ઉચિત છે. તેના હૃદયમાં " ધર્મો રક્ષતિ રક્ષિત. " એ મહાવાક્ય સ્ફુરી આવ્યુ. તત્કાળ એવો નિશ્ચય કરી તે તરૂણ પુરૂપ એક છાયાદાર વૃક્ષ નીચે વિશ્રાંતિ લેવા બેઠો

કેટલીએક ઘડી રાત્રિ ગયા પછી ચંદ્રનો ઉદય થયો, મહારાજા નિશાકરે પોતાના શ્વેત પ્રકાશથી રાત્રિ રાણીને શણગારી દીધી. નિશા નારીએ આછાઆછા તારારૂપ અલંકાર ધારણ કરવા માંડયા. આ વખતે તે યુવાન પુરૂષ વિશ્રાંત થવાને વૃક્ષ ઉપર ચડી ગયે. ભૂમિ ઉપર રહેવા કરતાં તેને વૃક્ષ ઉપર રહેવુ વિશેષ યોગ્ય લાગ્યુ વૃક્ષની ડાળ ‍

ઘરમા તેજ રાત્રે ચોરી થતી હતી આ અદ્દભુત બનાવથી ગામમા હાહાકાર થઇ રહ્યો હતો, લોકો દુઃખી થઇ નાયકપુરને છોડી ચાલ્યા જવાને તૈયાર થઇ ગયા રાત્રે કોઇ સુખે સૂતું નહી, તે નિર્દય ચોરનો ભયંકર ત્રાસ વર્તાઇ ગયો બંધુ ! આથી ફરીને નાયકપુર ના રાજાએ ક્રોધ કરી મારા સ્વામિ રવિદત્તને બોલાવીને કહ્યુ કે, મંત્રી ! ગમે તેમ કરીને આ ભયંકર અને ચમત્કારી ચોરને પકડી લાવો. નહીતો મંત્રીપદ છોડી ઘો અથવા મારી શિક્ષા સહન કરો રાજાનાં આવા વચન સાભળી મારા શાંત પતિ કંપી ચાલ્યા, તેણે પ્રાણ જાય તોપણ ભલે, એવો નિશ્ચય કરી તે ચોરને પકડવાનુ કાર્ય માથે લીંધુ તે પોતાનું ઘર ખાલી રાખી, મને એકને તેમાં રાખી ચોરની શોધ માટે રાત દિવસ ભમવા લાગ્યા. મારા પતિનો નિશ્ચય જાણી એ છળવાળુ દુષ્ટ ચોર મારા ઘરમા આવ્યો ઘર ખાલી કરેલુ હતું, કાંઇ પણ દ્રવ્ય કે વસ્તુ હાથ આવી નહી, પછી તે દુષ્ટ મને ઉપાડીને અહિં લાવ્યો છે. પ્રિય ભાઇ ! ત્યારથી હુ એ દુષ્ટના પંજામાં સપડાણી છુ મારે એક બાળપુત્ર છે, તેની શી દશા થઇ હશે ? પતિ અને પુત્રના વિયોગે હુ અહિં કષ્ટ દશા ભોગવુ છુ એ દુષ્ટ ચોરે મને આ ભયંકર કારાગૃહમા નાખી છે પુણ્યયોગે હુ અદ્યાપિ પવિત્ર રહી છુ સદૈવની અનુકૂળતાથી મારા શીળને હુ સાચવી શકી છુ વ્હાલા ભાઇ ! જો શક્તિ હોય તો મારી સહાય કરો એ દુષ્ટ ચોર કોઇનાથી પરાભૂત થાય તેવો નથી તે ચોરનુ નામ **રત્નાકર** છે, તેની પાસે એક સિદ્ધ અંજન ગુટીકા છે, તેના પ્રભાવથી તે અદૃશ્ય થઇ શકે છે કૃપાળુ બંધુ ! આપના વિશાળ લલાટ ઉપર ક્ષાત્ર તેજ ચળકે છે, આપનુ સામર્થ્ય, આકૃતિ ઉપરથી દેખાઇ આવે છે. દયા લાવી આ દુઃખી બેનની રક્ષા કરો મારા બાળપુત્રના મુખનુ દર્શન મને કરાવો, આ પ્રમાણે કહી તે રમણી ઉંચે સ્વરે રૂદન કરવા લાગી.

વાંચનાર ! અધીરા થશો નહી, આ તરૂણ પુરૂષ તે આ વાર્ત્તાનો નાયક શ્રીચંદ્રકુમાર હતો લક્ષ્મીદત્ત શેઠની લુબ્ધતાથી કંટાળી કુશસ્થલીનગરીને છોડી ચાલ્યા પછી આ ભયંકર અટવીમા તે આવી ચડ્યો હતો, એ ધર્મવીર શ્રીચંદ્રને આ ગુહામા તે દુઃખી સ્ત્રીનો સમાગમ થઇ આવ્યો હતો, તે બાળાને દુઃખી જોઇ, તેના દયાળુ હૃદયમા ઘણી અસર થઇ હતી.

શ્રીચંદ્રકુમાર—ધર્મ ભગિની ! રૂદન કરો નહી, હુ તમારો ધર્મ બંધુ છું, આપ જીવનની ચિંતા રાખશો નહી હું વિદેશી છુ. સર્વદા મને રૂચે ત્યા હુ ભમુ છું યથાશક્તિ તમને સુખી કરવાનો હું પ્રયત્ન કરીશ બેન ! મારી સાથે ચાલો, હું તમને તમારે ઘેર પહોચાડુ તે દુષ્ટ ચોર આવ્યા પહેલા આપણે ચાલ્યા જઇએ તો સારૂં શ્રીચંદ્રના આવા વચન સાભળી શિવમતી સત્વર તૈયાર થઇ. શ્રીચંદ્ર શિવમતીને લઇ નાયકપુરમા આવ્યા — તેને ઘેર પહોચાડી, તેનો પતિ રવિદત્ત પોતાની સ્ત્રીને જોઇ અપાર આનંદ પામ્યો શિવમતીએ પોતાના ઉપકારી રાજકુમારની પ્રશંસા કરી, એટલે રવિદત્ત શ્રીચંદ્રના ચરણમાં પડ્યો અત્યંત પ્રેમ લાવી, તેનો સત્કાર કર્યો, અને પોતાના તરફથી [illegible] [illegible] તેને આપવા માંડ્યો ઉપકારશીળ શ્રીચંદ્રે તે લેવાની ના પાડી, અને [illegible]

ખરેખરી અકારણ બધુતા દર્શાવી આપી. ઘણો આગ્રહ કરતાં પણ જ્યારે શ્રીચંદ્રે કાંઇપણ લીધુ નહીં, ત્યારે રવિદત્ત વિનયથી બોલ્યો— ઉપકારી મહાશય ! આપે કરેલા ઉપકારનો બદલો મારાથી શી રીતે વળશે? જ્યારે આપ મારી પાસેથી કાંઇપણ ઉપહાર લેતા નથી, તો છેવટે મારી એક પ્રાર્થના છે, તે આપ સ્વીકારશો તમારા જેવા મહોપકારી મહાશયનું મને સર્વદા સ્મરણ રહે, તેથી આપના નામની મુદ્રા મને અર્પણ કરો. શ્રીચદ્રે સ્નેહથી પોતાની નામમુદ્રા રવિદત્તને આપી, પોતાની ધર્મબેન શિવમતીની રજા લઇ શ્રીચંદ્ર ત્યાંથી ચાલી નીકળ્યો. લોકોના સુખને માટે પેલા રત્નાકર ચોરનો નિગ્રહ કરવાની તેની ઇચ્છા થઇ, તેથી શ્રીચદ્ર પાછો તે ભયકર ગુહા તરફ ચાલ્યો

પેલો દુષ્ટ ચોર રત્નાકર ગામમાથી આવી, ગુહા પાસે આવ્યો; ત્યાં ગુહાનું દ્વાર શિલા રહિત જોઇ આશ્ચર્ય પામી ગયો અદર પ્રવેશ કરી જુએ, ત્યાં તે સ્ત્રીને પણ જોઇ નહિ, આથી તેના મનમાં મોટી ચિંતા ઉત્પન્ન થઇ કે, મારા ગુપ્ત દ્વારમા કોણ આવ્યું હશે ? આ ગુપ્ત સ્થળમા કોઇથી આવી શકાય તેમ નથી. મારી ગુફાના દ્વારની શિલા મારા શિવાય ઉઘાડી શકે તેવો કોણ હશે ? આમ ચિતવતો ગુહાની બાહેર આવ્યો. ચારે તરફ જોવા માડયુ, ત્યાં શ્રીચદ્રકુમારને આવતો જોયો. રત્નાકર ચોરે વિચાર્યું કે, આ કોઇ ચોર હશે, તેને અહીં બોલાવું. રત્નાકરે તેને પાસે બોલાવીને કહ્યું—ભાઇ ! તમે કોણ છો ? અને તમારૂ નામ શુ છે ? શ્રીચદ્ર યુક્તિ કરી બોલ્યો—મારૂ નામ લક્ષ્મીચંદ્ર છે, હુ એક સ્વેચ્છાચારી મુસાફર છુ. તમે કોણ છો ? અને તમારૂ નામ શું છે ? રત્નાકર બોલ્યો—મારૂ નામ રત્નાકર છે, હુ એક પરોપકારી પુરૂષ છું તે સાભળી શ્રીચદ્રે કહ્યું, તમારા જેવા પરોપકારી મિત્રને જોઇ હું ખુશી થયો છુ. મિત્ર ! તમારા મુખ ઉપર ગ્લાનિ કેમ દેખાય છે ? એવી શી ચિંતા છે ? તે કૃપા કરી જણાવશો. રત્નાકરે કલ્પિત ઉત્તર આપ્યો. મિત્ર ! મારા મસ્તકપર કાર્યનો બોજો ઘણો છે પરકાર્યની ઉપાધિને લઇ મારૂં મુખ સર્વદા ગ્લાનિને ધારણ કરે છે

આ પ્રમાણે તેઓ બને વાતચિત કરતા હતા, ત્યાં કોઇ પાચ મુસાફરો આવી ચડયા તેમને જોઇ આ ઠગારા ચોરે વિચાર્યું કે, જો બને તો આ પુરૂષોને ઠગી લેવા, તેમની પાસે કાંઇ દ્રવ્ય હશે, આવુ વિચારી રત્નાકરે તેમને પ્રેમથી બોલાવ્યા, પરસ્પર સુખપૃચ્છા કરવામા આવી મુગ્ધ હૃદયના તે મુસાફરો રત્નાકરના વચક વચનોથી ભોળવાઇ ગયા તે મુસાફરોને જોયા, એટલે દુષ્ટ રત્નાકરે પોતાની પાસે રાખેલી પેલી સિદ્ધગુટિકા છુપી રીતે પોતાના માથાના ફેટાની સાથે બાધી લીધી, તે શ્રીચદ્રકુમારના જોવામાં આવી. ચતુર કુમારે નિશ્ચય કર્યો કે, હવે કોઇ યુક્તિ કરી આ ગુટિકા છીનવી લેવી, જેથી ઘણા લોકોનુ કલ્યાણ થાય આવુ ચિતવી શ્રીચંદ્ર બોલ્યો—મિત્ર રત્નાકર ! મારે તમારી સાથે ગમ્મત કરવી છે, એમ કહી તેનો ફેટો પોતે હાથમા લીધો, તેની સાથે પોતાનું વસ્ત્ર રાખી બને વસ્ત્ર એક શિલા નીચે દબાવ્યા. પછી કહ્યુ કે, આપણામાથી જે કોઇ આ શિલા નીચેથી વસ્ત્ર ખેચી લે, તેને હુ એક સુવર્ણ મુદ્રા આપીશ, અને જે જે વસ્ત્ર ખેચી લે, તેને તે વસ્ત્ર પણ મળશે આ ઠરાવમા પેલા પાંચ મુસાફરોને સાક્ષી રાખવામાં આવ્યા, પછી ચતુર શ્રીચદ્રે બે વસ્ત્ર લઇ શિલાની નીચે દબાવ્યા.

૨૨

સુવર્ણ મુદ્રાના લાભથી રત્નાકર અતિ બળ કરી, તે વસ્ત્ર ખેંચવા લાગ્યો, તથાપી શિલા નીચેથી તે કાઢી શક્યો નહી તેણે પ્રસ્વેદ ઉત્પન્ન થાય તેવી રીતે શરીરને ઘણો પ્રયાસ આપ્યો, તથાપિ શિલા નીચેથી વસ્ત્રો નીકળી શકયા નહીં. તે પછી પેલા પાચ મુસાફરો અતિ બળથી વસ્ત્રને બાહેર કાઢવા મથ્યા, તેમનાથી પણ શિલા ચલાયમાન થઇ નહીં, જ્યારે તેઓ શાંત થઇ ઉભા રહ્યા, એટલે બળિષ્ટ રાજકુમારે તે સર્વની સમક્ષ શિલા નીચેથી તે વસ્ત્રો ખેંચી લીધાં. વસ્ત્રની સાથે તેને ગુટિકાનો અલભ્ય લાભ મળી ગયો તેના મનમાં વાછિત લાભ મળવાથી અપાર હર્ષ ઉત્પન્ન થયો પછી રાજકુમારે આમ્રફળ મગાવ્યા, તે વડે સર્વને તૃપ્ત કર્યા. દુષ્ટ રત્નાકર નિસ્તેજ થઇ ગયો, વસ્ત્રની સાથે બાધેલી ગુટીકા જવાથી તેના મનમાં અતિશે ખેદ ઉત્પન્ન થયો જો તે ગુટીકા જાહેર કરી માગી લે, તો રાજકુમાર તેને આપે તેમ નહતો, પેલા પાચ મુસાફરોની સાક્ષીએ તેણે પ્રથમથીજ ઠગાવ કર્યો હતો કે, જે તે વસ્ત્રને ખેચી લે, તે વસ્ત્રનો સ્વામી થાય રત્નાકરે મનમા વિચાર્યું કે, આ કુમાર બળવાન્ છે, તે જો ગુટિકાનો પ્રભાવ જાણે, તોપછી મારી ગુપ્ત ગુફાને ઓળખી લે, માટે હાલ કાંઇ પણ કહેવુ નહીં, હળવે હળવે યુક્તિ કરી તેની પાસેથી તે મેળવી લઇશ, આવું ચિતવી રત્નાકર કાઇ પણ બોલ્યો નહીં

આ પ્રમાણે પેલા પાંચ મુસાફર કે જેઓ ચોર હતા, તે અને રત્નાકરની સાથે શ્રીચંદ્રકુમાર અનેક જાતની ગંમત કરતો હતો, તેવામાં દૂરથી એક મોટો કોલાહલ સાંભળવામા આવ્યો તે કોલાહલ નાયકપુરના રાજાનાં માણુસોનો હતો તેઓ ચોરની શોધમાં ફરતા હતા તે કોલાહલ સાંભળતાજ પેલા પાંચ ચોર જીવ લઇને નાશી ગયા રત્નાકર પણ ભય પામનો પલાયન કરી ગયો તે વખતે શ્રીચંદ્રકુમાર પેલી સિદ્ધ ગુટિકા મુખમા રાખી, અદૃશ્ય થઇ વૃક્ષ ઉપર ચડીને ઉભો રહ્યો. રાજસેવકોએ ત્યાં આવી જોયુ, એટલે કોઇ ચોર લોક જોવામા આવ્યા નહી, તેઓ તેમને પગલે પગલે આગળ શોધવાને ચાલતા થયા.

શ્રીચદ્રકુમાર એ સ્થાનને નિશાનીથી ધ્યાનમા રાખી વિદેશનાં કૌતુક જોવાને ત્યાથી રવાના થઇ ગયો



પ્રકરણ ૩૯ મું.

દુષિત સૌંદર્ય.



તઃકાળનો સમય હતો, ગગનમણિમાથી કીરણોનો પ્રકાશ વિશ્વને સુવર્ણરંગી કરતો હતો, પ્રવૃત્તિમાર્ગનો પ્રવાહ લોકોમાં પ્રવર્ત્તતો હતો, ગાઢ અંધકારમાથી મુક્ત થએલુ જગત અનેક આનંદની આશાઓ બાધતું હતું, નિશાપતિ પોતાની રાત્રિરમણીના વિયોગથી નિસ્તેજ થઇ, શોક અદર્શીત કરતો હોય, તેમ દેખાતો હતો.

આ સમયે એક સુદર મુગ્ધા જાગ્રત થઇ હતી; પણ તેના નેત્રનું અંધકાર દૂર થતુ નહતુ, તે જન્મથીજ ઘોર અંધકારમાં મગ્ન હતી. વિધાતાની પ્રકાશ શક્તિને તે બીલકુલ જાણતી નહતી, એ બાળા જન્મથી અધ હતી, તેનુ સૌંદર્ય અનુપમ હતું, પણ આ મહાન્ દોષથી તે દૂષિત હતું. અંધત્વ આપનારી કર્મ પ્રકૃતિની તે ભોગ થઇ પડી હતી

જાગ્રત થયા પછી એ બાળા અફસોસ કરતી બોલી કે, અરે કર્મરાજેન્દ્ર ! તારી સત્તા સર્વોપરી છે સર્વ જાતના જતુઆળ ઉપર તારૂ એક ચક્રરાજ્ય ચાલે છે. સ્થાવર જગમ સર્વ પદાર્થ તારી અનુલ્લઘ્ય આજ્ઞાને તાબે છે, તારી ઇચ્છાથી માનવમંડળ પ્રવર્ત્તે છે રક રાજા થવાને, અને રાજા રક થવાને તારી આગળ ઉભા છે, આ વિશ્વની ચમત્કારી મહા વિદ્યા તારા એક દેશમાં રહેલી છે, એ મહા વિદ્યાનો અધ્યાપક તુ મહારાજા એકજ છુ અરે રાજા ! લોકો તને વિધાતા નામથી પણ ઓળખે છે, અને દુઃખી લોકો તને નિર્દય કહી બોલાવે છે જૈનતત્વશાસ્ત્રનુ થોડુ ઘણુ જ્ઞાન મે સાંભળી સાંભળી તારૂ સ્વરૂપ જાણ્યુ, તેથી હુ તને નિર્દય કહેતી નથી. તથાપિ મારા સ્વાર્થને લઇ દુખથી એટલુ તો કહેવુ પડે છે કે, મારા દુખનો અંત કયારે આવશે ? રાજાને ઘેર જન્મ થવાથી રાજકુમારી કહેવાઉ છુ તે સાથે લોકો મારા સૌંદર્યને વખાણે છે, જે સૌંદર્ય કેવુ છે, તે મારા જેવામા આવ્યુ નથી પ્રત્યેક પ્રેક્ષક મને જોઇ નિઃશ્વાસ મુકે છે અને તારી ઉપર વિવિધ ગાળો અને શાપોની વૃષ્ટિ કરે છે, કર્મનૃપતિ ! હવે તારી કૃપા કયારે થશે ? તને અનુકૂળ કરવાને મે આર્હત ધર્મનુ શરણ લીધુ છે.

આ પ્રમાણે તે મુગ્ધા શય્યા ઉપર બેઠી બેઠી શોકોદ્દગાર કાઢતી હતી, તે વખતે એક પ્રૌઢ વયની સ્ત્રી તેની પાસે ઉભી ઉભી સાભળતી હતી તે સાભળતાં તેણીનાં નેત્રમાંથી અશ્રુધારા ચાલતી હતી ક્ષણ વાર પછી રૂદન કરતી તે પ્રૌઢા ત્યાથી ચાલી ગઇ.

વાચનારને જાણવાની ઉત્કંઠા થઇ હશે તે અફસોસ કરનારી મુગ્ધા કોણ હશે ? તેનો શોકોદ્દગાર સાંભળી રૂદન કરતી ચાલી જનારી પ્રૌઢા પણ કોણ હશે ? એ મુગ્ધા

માહેંદ્રનગરના રાજા **ત્રિલોચનની** પુત્રી **સુલોચના** હતી રાજકુમારી સુલોચનાનું સૌંદર્ય અલૌકિક હતુ. માનવ સૌંદર્યમાં તેણે અગ્રપદ મેળવ્યું હતુ. પણ કર્મયોગે તે જન્માંધ હતી. તેના પ્રેમી માતાપિતાએ પુત્રીપ્રેમને વશ થઇ તેણીનુ નામ **સુલોચના** પાડયુ હતુ, પણ તે નામ આ મનોહર બાળામાં કૃતાર્થ નહતું. કોઇ જ્ઞાનીએ ભવિષ્યમા તે સુલોચના થશે, એવી સૂચના કરવાથી પુત્રીવાત્સલ્યને વશ થયેલા રાજા ત્રિલોચને તે નામ કાયમ રાખ્યુ હતુ.

જ્યારે સુલોચના પ્રાતઃકાળે પોતાના અંધપણાનો અફસોસ કરતી હતી, તે વખતે તેની માતા ગુણસુંદરી આવી ચડી હતી. પુત્રીનો વિલાપ સાંભળી તેણીનું હૃદય ભરાઇ આવ્યુ હતુ, તેણીનાં નયનમાંથી અશ્રુધારા ચાલતી હતી પુત્રી વત્સલા માતા પોતાની જન્માંધ પુત્રીને જોઇ, પ્રતિદિન અપાર શોક કરતી હતી.

સુલોચનાની પાસેથી ગુણસુંદરી પોતાના પતિ ત્રિલોચન રાજા પાસે આવી, પ્રિયાને અશ્રુપૂર્ણનયના જોઇ, રાજાએ કહ્યું, પ્રિયા ! પ્રાતઃકાળમા આવું અમાંગલ્ય કેમ કરો છો ? શય્યામાંથી ઉઠયાં ત્યારે મુખચંદ્ર ઉપર હર્ષમય કિરણો સ્ફુરતાં હતા, અને ક્ષણવારમાં તે કેમ બદલાઇ ગયાં ? પતિના આવા પ્રશ્ન સાભળી રાજમણી ગુણસુંદરી બોલી, પ્રાણનાથ ! શય્યામાંથી ઉઠીને હું સુલોચના પાસે ગઇ હતી. ચતુર પુત્રી પોતાના જન્માંધપણાનો અફસોસ કરતી ઉઠતી હતી. પ્રાણેશ ! ગમે તેમ કરી એ પ્રિય પુત્રીને દુઃખમાથી મુક્ત કરાવો કદિ અર્ધ રાજ્ય કે અનગળ દ્રવ્યનો વ્યય થાય, તોપણ એ કાર્ય આપણે મહાન્ પ્રયાસથી કરવું જોઇએ. આવી અંધ પુત્રી યાવજ્જીવિત ઘરમા રહે, તે અતિ કષ્ટ છે રાજપુત્રીની જિંદગી નિષ્ફળ થાય, એ આપણને નામોશી છે ગમે તે ઉપાય કરી એ રાજકુમારીને દુઃખમાંથી મુક્ત કરો. પુત્રી વાત્સલ્ય પૂર્ણ રીતે પ્રકાશ કરો, અને પિતાની પવિત્ર પદવીને કૃતાર્થ કરો.

રાણી ગુણસુંદરીના આવાં વચન સાંભળી રાજા ત્રિલોચનના હૃદયમા ઘણી અસર થઇ આવી. પુત્રીને અંધપણાના દોષમાંથી મુક્ત કરાવવા પ્રયાસ કરવાનો તેણે હૃદયથી નિશ્ચય કર્યો. રાજાએ હૃદયથી કહ્યુ, પ્રિયા ! તમારા વચન સાભળી મારા હૃદયમા ઘણી અસર થઇ છે. સુલોચના જેવી સુંદર પુત્રી અંધ થઇ અંતઃપુરમા રહે, એ મને ઘણી નામોશી છે મહાન્ પ્રયાસ કરી એ રાજપુત્રીને દુઃખ મુક્ત કરવી જોઇએ જ્યા સુધી સુલોચના અંધપણાનું દુઃખ ભોગવે છે, ત્યા સુધી મારા જીવિતને ધિક્કાર છે જગતમા ત્રિલોચન રાજા નિંદાનુ પાત્ર છે પ્રિયા ! હવે સત્વર તેનો ઉપાય કરવા હુ પ્રયાસ કરીશ.

આટલુ કહી રાજા ત્રિલોચન ત્યાંથી બેઠો થયો, સભા મંડપમા આવી તેણે પોતાના મુખ્ય મંત્રીને બોલાવ્યો ક્ષણવારે મંત્રી હાજર થયો, એટલે રાજા ત્રિલોચને આજ્ઞા કરી—સચિવમણિ ! આજે માહેંદ્રનગરમા એવી આઘોષણા કરાવો કે, " જે કોઇ પુરૂષ દિવ્ય વિદ્યાથી, મણિ, મંત્ર, કે ઔષધીના પ્રયોગથી રાજપુત્રી સુલોચનાને ખરેખરી સુલોચના કરશે, તેને અર્ધ રાજ્ય, તે પુત્રી અને સર્વ પ્રકારની મિત્રતા સાથે સત્તા આપવામા આવશે " રાજાની આવી આજ્ઞા મસ્તક ઉપર ચડાવી મંત્રી વિદાય થયો.

માહેદ્રનગરમા તે આઘોષણા કરવામા આવી. એથી અનેક પ્રકારની લોકચર્ચા ઉત્પન્ન થઇ. દેશવિદેશમા પણ એ વાર્ત્તા પ્રસાર પામી આ વાર્ત્તા સાથે સુલોચનાનુ સૌદર્ય પણ વિશેષ પ્રકાશમા આવ્યુ. ઘણા દિવસ સુધી આઘોષણા કરવામા આવી, પણ કોઇ તેવો ચમત્કારી પુરૂષ મળ્યો નહીં. રાજા ત્રિલોચન હૃદયમાં નિરાશ થયો, પણ તેણે તે ઉદ્યોગ જારી રાખ્યો દેશવિદેશમાં આ વાર્ત્તા પ્રસાર પામવાથી અનેક માત્રિકો, નેત્રવૈદ્યો અને ઉપાસક તાપસો આવી, વિવિધ જાતના પ્રયોગો કરવા લાગ્યા, પણ કોઇ સુલોચનાને સુલોચના કરી શકયું નહીં રાણી ગુણસુન્દરીના હૃદયમાં ચિતા થવા લાગી પોતાની પ્રિયપુત્રીનુ અધત્વ દૂર કરવા તે મહારાણી અનેક કષ્ટ ભરેલાં તપ કરતી હતી, અનેક ઔષધ ઉપચાર જાણનારા વૈદ્યોની અને માત્રિક મહાશયોની સેવા કરતી હતી

પ્રકરણ ૪૦ મું.

યક્ષ કન્યા.



હી શ્રીચંદ્રકુમાર અનુક્રમે ફરતો ફરતો એક સુદર નગરની નજીક આવ્યો, દૂરથી તે શહેર ઘણું રમણીય લાગતું હતું, તેની અંદર ધનાઢયની હવેલીઓ શ્રેણીબધ ઉભી હતી તેમની ચદ્રશાળા (અગાશીઓ) ગગનની સાથે વાતો કરતી હતી શહેરના કિલ્લાની શોભા અતિ રમણિય હતી, નગરદ્વાર ઉપર આવેલી કમાનો કારીગીરીથી સુશોભિત લાગતી હતી

આ રમણીય નગરને દૂરથી જોઇ શ્રીચંદ્રને હર્ષ ઉત્પન્ન થયો, તેણે વિચાર્યું કે, " અહા ! આ કેવુ સુદર શહેર છે ? તેમની રમણિયતા પ્રત્યેક પથિકોના હ્રદયને આકર્ષે તેવી છે તેનો સુદર કિલ્લો કેવો ભવ્ય લાગે છે ? ધનાઢયોની હવેલીઓ કેવી મનોહર છે ? આ નગર ખરેખર જોવા લાયક છે ભારતવર્ષની રમણીયતા આવા શહેરોની શોભાને લઇનેજ લાગે છે આજે મારા અનેક કૌતકો પૂરા થશે આટલા દિવસની મુસાફરી આજે સફળતા સપાદન કરશે " આવુ વિચારી શ્રીચંદ્ર ઉતાવળો ચાલી નગરદ્વાર આગળ આવી પહોચ્યો નગરદ્વારની આગળ ઉભો રહ્યો, ત્યાં કોઇ મનુષ્ય તે દ્વારમાથી નીકળતો, કે પેસતો જોવામા આવ્યો નહીં આથી તેને આશ્ચર્ય થયુ આશ્ચર્યથી ક્ષણુવાર વિચાર કરી નગરદ્વારમા પેસવા માડ્યુ, ત્યા દ્વારના ઉર્દ્ધ ભાગેથી " રાજકુમાર પ્રવેશ કરશો નહી, પ્રવેશ કરવામા ઘણા વિઘ્નો છે. " આ વાકય સાંભળી શ્રીચંદ્ર ચમકી ઉભો રહ્યો ઉચે દ્રષ્ટિ કરી જોયુ, ત્યાં એક સારિકા જોવામા આવી કુમાર સારિકાને જોઇ બોલ્યો—પક્ષિણી ! મને પ્રવેશ કરતાં કેમ વારો છો ? આવા સુદર નગરમા પેસવામાં શું વિઘ્ન છે ? અહીં કોઇ પણ માણસ કેમ જોવામા આવતુ નથી ? આ શહેરમાથી પ્રજા

બાહેર કેમ નીકળતી નથી ? સારિકા બોલી—રાજકુમાર ! અહીં કુંડળગિરિ નામે એક ગિરિપ્રદેશ છે, તેની આસપાસ મોટો દેશ રહેલો છે, તેની રાજધાની આ કુંડળપુર નામે નગર છે, આ નગરમા અર્જુન નામે એક રાજા થઇ ગયો છે, તેને પાંચ રાણીઓ હતી, તે સર્વમાં રૂપથી રતિને તિરસ્કાર કરનારી સુરસુંદરી નામે પટરાણી છે આ સુદર નગરમાં ૭ દિવસ ગયા પછી સાતમે દિવસે ચોરી થતી હતી, આ ચોરીનો પત્તો બીલકુલ લાગતો નહી આથી રાજા અર્જુન આશ્ચર્ય પામી પોતાની જાતે તેની તપાસ કરવા લાગ્યો એક વખત સાતમો દિવસ આવ્યો, એટલે રાજા અર્જુન શહેરમા ફરવા નીકળ્યો. દૈવયોગે પેલો ચોર કોઇનો માલ લઇ જતો દૃષ્ટિએ પડયો રાજા ગુપ્ત રીતે તેની પાછળ ચાલ્યો. સાથે કોટવાળનો પરિવાર લીધો. થોડેક દૂર જતાં તે ધૂર્ત્ત ચોર સર્વની નજર ચુકવી કોઇ મઠમા પેસી ગયો. ત્યાં કોઇ તાપસ સૂતો હતો, તેની પાસે તે ધનનો માલ મુકી ચોર કયાઇ ચાલ્યો ગયો. રાજા અર્જુને અને પોલીસે ઘણી વાર સુધી તે ચોરને શોધ્યો, પણ પત્તો મળ્યો નહીં. છેવટે રાત્રી વીતી ગઇ, ત્યા સવારે પેલા મઠમા પડેલો તાપસ જોવામા આવ્યો તાપસની પાસે ચોરીનો માલ જોઇ પોલીસે તેને પકડયો, અને ક્રોધ પામેલા રાજાના હુકમથી તેને ત્યાંજ મારી નાખવામાં આવ્યો

રાજકુમાર ! તે નિરપરાધે તાપસ રૌદ્ર ધ્યાન કરતા મૃત્યુ પામી રાક્ષસ થયો. પોતાનું વૈર લેવા તેણે આ નગરમાં મોટા ઉપદ્રવ કરવા માંડયા. શેહેરમા અનેક લોકોને જીવથી મારી નાખવા માંડયા છેવટે રાજા અર્જુનને અંધારી રાત્રે મારી તેની સેનાનાં અને પોલીસનાં માણસોનો પણ ઘોર સંહાર કરવા માંડયો

રાક્ષસના ત્રાસથી કુંડળપુરમાં હાહાકાર થઇ રહ્યો. લોકો શેહેર છોડી જીવ લઇ નાસી ગયા રાજાની તમામ સેના, અને મંત્રીવર્ગ ભય પામી ચાલ્યા ગયા, તે નિર્દય રાક્ષસે અર્જુન રાજાના અંતઃપુરનો રોધ કર્યો, અને તેની પાચ રાણીઓને ભોગની લાલસાએ ત્યાંજ જીવતી રહેવા દીધી, તેમાં રાણી સુરસુંદરીને ગર્ભ હતો, અને પ્રસવ થવાનો વખત નજીક હતો, તે ચતુર રાણીએ જાણ્યુ કે, જો મારે પુત્ર થશે, તો તે આ નિર્દય રાક્ષસને મારી મને દુઃખમાથી મુક્ત કરશે, આવી ઉત્તમ આશા ધારણ કરી રહેલી, તે રાણીને એક પુત્રી થઇ, જેના જન્મ વખતે રાણી નિરાશ થઇ મૂર્છા પામી હતી, તે પુત્રીનુ નામ ચંદ્રમુખી છે, હાલ તે યોગ્ય વયે પહોચી છે

રાજકુમાર ! તે નિર્દય રાક્ષસ આ ઉજ્જડ નગરમા એકલો રહે છે, તે રાણીઓના અંતઃપુરથીજ આનંદ માને છે, જો કોઇ મનુષ્ય આ નગરમા આવે, તેને તે જીવથી મારી નાખે છે, તેવી રીતે અનેક માનવ હત્યા કરી, તે આત્માને કૃતાર્થ માને છે. ભદ્ર રાજકુમાર ! તેથી હુ તમને અંદર જવાની ના કહું છુ, તમારી સુદર આકૃતિ જોઇ, અને તમારા જેવા નરરત્નનું જીવન ઉપયોગી જાણી, મને તમારા પુણ્યે પ્રેરણા કરી છે, ગમે તેવો પરાક્રમી હોય, તોપણુ તે દુષ્ટ રાક્ષસનો ભોગ થઇ પડે છે જ્યા સુધી તેના પાપી પરિણામ પ્રભોન્મુખ થયાં નથી, ત્યાં સુધી કોઇ પણ તેને મારવાને સમર્થ થઇ

શકતુ નથી સુદરકુમાર ! તમે ખરેખરા વીર દેખાઓ છો, તમારા લલાટ ઉપર ક્ષાત્રતેજ ઝળકે છે, તથાપિ આવા સાહસમા ઉતરવાને હુ તમને સલાહ આપી શકતી નથી

સારિકાનાં આવા વચન સાભળી શ્રીચદ્રે હાસ્ય કરતા કહ્યુ, ભદ્રે ! તમારૂં કહેવું યથાર્થ છે કેટલાએક વિઘ્ન ભરેલા કાર્યો સાહસથી કરવા અશકય થઇ પડે છે, તથાપિ આ દુષ્ટ રાક્ષસનું ચરિત્ર સાભળી મને અતિશય ક્રોધ ઉત્પન્ન થાય છે, તેને પરાભવ કરવાની મારામા શક્તિ છે કે નહીં, તે હુ ગર્વથી કહી શકતો નથી, પણ તેવા દુષ્ટને શિક્ષા કરવાનું મારૂ કર્ત્તવ્ય છે, એમ તો મારા હૃદયમા નિર્ણય થાય છે ક્ષત્રિઓનું જીવન પરોપકારી, સાહસ ભરેલુ અને નિર્ભય હોય છે, પ્રજા ઉપર શાસન ચલાવવાની શક્તિ ધારણ કરનાર કોઇ પણ રાજવીર પ્રજાને દુખી જોઇ શકતો નથી તત્કાળ તે પ્રજાની સહાય કરવાને આગળ પડે છે. તે પોતાનો પ્રજાપાલનનો ધર્મ સમજી પ્રાણને પણ ગણતો નથી. ભદ્રે ! તમે મારા હિતની ખાતર મને જવાની મના કરો છો, પણ હુ સાહસ કરી અંદર પ્રવેશ કરીશ. જો બનશે તો, એ રાજવશી રમણીઓને દુખમાથી મુક્ત કરાવીશ.

શ્રીચદ્રકુમારનુ અપૂર્વ ધૈર્ય અને ક્ષાત્ર જાતિનું અભિમાન જોઇ, સારિકા હર્ષ પામી, તેને હૃદયથી આશિષ આપી ઉડી ગઇ. રાજકુમારે તે શૂન્ય નગરમા પ્રવેશ કર્યો રાજમાર્ગમા નવરગિત હવેલીઓની શ્રેણીઓ, ગોખ, અટારી, અગાશી અને છજાઓની નમુનાદાર રચનાઓ અને ગૃહદ્વારના તોરણાલકૃત કમાનદાર દેખાવો ઉજડ થયેલા જોઇ શ્રીચદ્રને વિશેષ અફસોસ થયો જુદીજુદી આકૃતિવાળી શેરીઓ, હારબધ ચૌટાના માર્ગો, નમુનાદાર દુકાનોની શ્રેણી જોતા જોતા શ્રીચદ્રકુમાર દરબારગઢ પાસે આવ્યો

મહારાજા અર્જુન નૃપતિનું રાજદ્વાર જોઇ તે ચકિત થઇ ગયો હતો. અમુલ્ય રત્ન, હીરા અને માણેકથી સુશોભિત રાજમહેલ જોઇ તે સાનદાશ્ચર્ય થઇ ગયો આવો સુદર રાજમહેલ કે જેમા હજારો દાસદાસીઓ ફરતા હોય, તેવા દેખાવનુ સ્મરણ કરી, રાજકુમારે ઉડો નિશ્વાસ મુકયો, અને તે દુષ્ટ રાક્ષસ ઉપર તેને વિશેષ રોષ ઉત્પન્ન થયો આવી મનોહર રાજધાનીને ઉજડ કરનાર તે દુષ્ટ રાક્ષસને શિક્ષા કરવાનો તેણે નિશ્ચય કર્યો. અનુક્રમે આગળ ચાલી રાજકુમારે રાજમહેલની અદર પ્રવેશ કર્યો ધૈર્યરૂપી તીક્ષ્ણ ખડ્ગને ધારણ કરી, વીરપુત્ર અર્જુન નરેશના અતપુરમા આવ્યો અદર જઇને તેણે પોતાનો રાજવેષ ધારણ કર્યો ત્યા આકાશ તરફ જોઇ ચિંતવન કરતી ગોખ ઉપર બેઠેલી રાણીને જોઇ, તેની દ્રષ્ટિએ ન પડાય, તેમ છુપી રીતે પાછો વળી મહેલના એક ભુવનમા આવ્યો, ત્યા એક સુદર હીંડોળાખાટ લટકતી હતી, તે ઉપર કોમળ તળાઇ અને ઉપર સ્વચ્છ શ્વેતવર્ણી ઓછાડ પાથર્યો હતો; આ શૂન્ય શય્યા ઉપર શ્રીચદ્ર સુઇ ગયો તેણે પંચપરમેષ્ટીના પ્રભાવિક મત્રથી પોતાના અગની રક્ષા કરી, એ મહામંત્રરૂપ કવચ પહેરી રાજકુમાર નિશ્ચિત થયો હતો, શયન કરતાજ તેને નિદ્રા આવી ગઇ ઘણા દિવસ થયાં અરણ્યવાસ કરી શાન્ત થયેલા રાજકુમારને પૂર્વની સ્થિતીનુ સુખ સપાદન થયુ લક્ષ્મીદત્ત શેઠના સુદર મેદિરમા તેણે જેવી નિદ્રા લીધેલ, તે નિદ્રાનો આજે અનુભવ થયો.

ક્ષણુવાર પછી નરમાંસ ભક્ષક પેલો રાક્ષસ બાહેરથી આવ્યો. રાજમેહેલ આગળ આવતા તે મનુષ્યના પગલા તેના જોવામાં આવ્યાં તે પગલાની શ્રેણી રાજમેહેલની અંદર જતી જોઇ તે આશ્ચર્ય પામ્યો. તેને અનુસારે મેહેલમાં શોધ કરતા જ્યાં શ્રીચંદ્ર નિશ્ચિત થઇ સુતો હતો, તેજ ભુવનમાં આવ્યો. તેને જોતાજ રાક્ષસ આશ્ચર્ય પામી ગયો. તેના મનમાં આવ્યું કે, આવો ધીર પુરૂષ કોણ હશે ? પોતાના જીવિતની અપેક્ષા કર્યા વગર મારી શય્યા ઉપર આવી સુતો છે, એ કેવુ સાહસ ! આ નિર્ભય પુરૂષને સુતોજ જળમાં ફેંકી દઉં, ખડ્ગથી તેના ચૂરેચૂરા કરી નાખુ, કે હડવડે શય્યા સહિત ટીપી દઉં ? આવુ ચિંતવી રાક્ષસે હાક મારી, અરે નિર્લજ ! તું કોણ છે ? સત્વર ઉઠી જા રે ગમાર ! તુ કયા સુતો છું ? એ વિચાર કર. આ કોના સ્થાનમાં આવ્યો છુ ? અરે શીયાળ ! કેશરીસિંહના સ્થાનમાં આવી સુતાં તને કેમ શરમ આવતી નથી ? હુ કોણ છું ? તે તને વિચાર પણ ન થયો ? આવા રાક્ષસનાં વચન સાંભળી રાજકુમાર જાગી ગયો તેણે પોતાની પાસે ઉભેલા રાક્ષસને જોયો. રાજકુમાર નમ્રતાથી બોલ્યો, અરે ભાઇ ! તું નીતિ જાણે કે નહીં ? કોઇ પણ સુતેલા માણુસને જગાડવો તે નીતિ વિરૂદ્ધ છે તે નીતિ વિરૂદ્ધ વર્તનાર અધમ પુરૂષ કહેવાય છે. જેને માટે નીચે પ્રમાણે નીતિનો શ્લોક છે.

धर्मनिंदी पंक्तिभेदी निद्राच्छेदी निरर्थकः ।
कथाभंगी गुणद्वेषी पंचैते परमाधमाः ॥ १ ॥

ધર્મની નિંદા કરનાર, પંક્તિભેદ કરનાર, નીરર્થક નિદ્રાનો ભંગ કરનાર, કથામાં ભંગ પાડનાર, અને ગુણુનો દ્વેષ કરનાર, એ પાંચ અતિ અધમ પુરૂષ છે. ૧

ભદ્ર ! તું વિચાર કર, હુ તારે ઘેર મુસાફર અતિથિ આવ્યો છુ ઘેર આવનાર અતિથિને ઘણો સ્નેહ બતાવવો જોઇએ. ઉત્તમ પુરૂષ ઘેર આવેલા મિજમાનની સારી બરદાસ કરે છે. રાજકુમારનાં આવાં વચન સાભળી રાક્ષસ બોલ્યો, અરે અધમ ! તું શામાટે મારી ખુશામત કરે છે ? હવે તારા પ્રાણુનો અંત આવવાનો છે, પુછ્યા વિના બીજાના ઘરમાં પ્રવેશ કરવો, તે કેવું નીચ કામ છે ? તારા જેવા નીચ પુરૂષનુ આતિથ્ય કરવુ યોગ્ય નથી શ્રીચંદ્ર ક્રોધ કરી બોલ્યો—અરે દુષ્ટ ! આવાં અનુચિત વચન કેમ બોલે છે ? હું મારા બળથી તારા ઘરમાં પેઠો છું. નપુંસકની જેમ યદ્વાતદ્વા શું બકે છે ? તેં ઘણા ક્રૂર કર્મ કર્યા છે, અદ્યાપિ ક્રૂર કર્મ કરવાથી શું નથી થાક્યો ? હજુ તારાં કુકર્મથી તું તૃપ્ત થયો નથી ? આવા સમૃદ્ધિમાન્ રાજ્યને તેં પાયમાલ કરી દીધું, એ કેવી વાત ? અરે અધમ ! આ રાજકુટુંબને કારાગૃહમાં રાખતાં તને લજ્જા પણુ આવી નહી ? તારા મર્મને હું સારી રીતે સમજુ છુ તું એમ જાણે છે કે, હું શસ્ત્રધારી છું, અને આ કુમાર શસ્ત્ર રહિત છે, તેથી શું થયુ ? એથી તારે જરા પણ ફુલાઇ જવાનું નથી. કદિ મૂર્ખ સ્થૂલ હોય, અને પ્રાજ્ઞ કૃષ હોય, તેથી શું થયું ? કાકપંક્તિ ઉંચા વૃક્ષ ઉપર બેસે, અને હંસશ્રેણી ભૂમિ ઉપર ચાલે, તેથી કાંઇ હંસશ્રેણીનું ગૌરવ ઘટતું નથી.

રાજકુમારના આવા વચન સાભળી રાક્ષસ ચમકી ગયો. કુમારની પ્રાભાવિક કાંતિ જોઇ તે નિસ્તેજ થઇ ગયો તત્કાળ તેના હૃદયમા વિચાર થયો, આ રાજકુમાર ખરેખરો હીમતવાન્ છે. મારા જેવા ક્રૂર રાક્ષસના ઘરમા આવી તે નિશ્ચિત થઇ સુઇ ગયો, એ કેવુ ધૈર્ય ! આવા વીર શિરોમણિ કુમારને મારે ધન્યવાદ આપવો જોઇએ. આવુ વિચારી રાક્ષસ ખુશી થઇ બોલ્યો, રાજવીર ! તમારી હિમત જોઇ હુ ખુશી થયો છુ તમારૂ અપૂર્વ સત્વ જોઇ મારૂ હૃદય અતિ સતુષ્ટ થયુ છે, જે ઇચ્છા હોય તે માગી લ્યો. તમારી હિમ્મત, વીરત્વ અને ધૈર્ય જોઇ તમારી કોઇ ઉત્તમ જાતિ છે, એમ જણાઇ આવે છે.

રાજકુમાર પ્રીતિ દર્શાવી બોલ્યો—ભદ્ર ! જો તમે ખરેખર પ્રસન્ન થઇ મને વર આપવા ઇચ્છતા હો તો, એટલીજ માગણી છે કે "હવેથી ક્રૂરપણુ છોડી દ્યો, અને દરેક મનુષ્ય ઉપર સારી નજરથી અવલોકન કરો આ ઉજડ નગર વસાય તેમ કરો, અને પુણ્ય બુદ્ધિ ધારણ કરો " શ્રીચદ્રની આવી માગણી સાભળી તે રાક્ષસ પ્રસન્ન થયો. પ્રેમથી રાજકુમારના ચરણમા નમી બોલ્યો—ભદ્ર ! તમે મારા ધર્મદાતા છો, મારી ઉપર અસાધારણ ઉપકાર કરનારા છો, આ કુડલપુરનો ઉદ્ધાર કરો તમે ધર્મી છો, ધર્મની પસાયથી સર્વ જાતનો ઉદય થાય છે તમારા જેવા ધર્મવીરના જ્યા પગલા થાય, ત્યા સર્વ પ્રકારની સમૃદ્ધિ થાય છે. મહાનુભાવ ! હવે મારી જેમ આ રાજધાનીને દીપાવો આ પ્રમાણે કહી તે રાક્ષસ શ્રીચદ્રને લઇ અતપુરમા આવ્યો અર્જુન રાજાની રાણી સુરસુદરીને નમીને બોલ્યો—ભદ્રે ! મારા અને તમારા ભાગ્યથી કોઇ આ સુકૃતિ પુરૂષ આવ્યા છે. તે મહાનુભાવના દર્શન કરી તમે કૃતાર્થ થાઓ દેવી ! મારા અપરાધને ક્ષમા કરજો આજથી તમે મારા ભગિની છો મેં આ તમારૂ રાજ્ય એ મહાનુભાવને સોપ્યુ છે. આ નરવરના પુણ્યથી તમે સુખી થશો

રાક્ષસની આવી સદ્વૃત્તિ જોઇ રાણી ખુશી થઇ શ્રીચદ્રની સૌમ્ય અને સુદર મૂર્ત્તિ જોઇ તેના હૃદયમા પૂર્ણ સતોષ થયો રાણી વિનયથી નમન કરી બોલી—મહાનુભાવ ! આપની આકૃતિજ ઉત્તમ કુળ, જાતિ અને સદ્ગુણ સૂચવી આપે છે. તેથી જે કાંઇ તે વિષે પુછવુ, તે પુનરૂક્તિ છે. તથાપિ એટલી તો પ્રાર્થના છે કે, આપ ક્યાથી આવો છો ? અને આ ઉજડ નગરમા કેમ આવી ચડ્યા ? તે સક્ષેપમા જણાવશો રાજકુમારે સસ્મિત વદને કહ્યુ—ભદ્રે ! હુ એક મુસાફર છુ વિદેશી કૌતુકો જોવાની ઇચ્છાથી ભારતવર્ષ ઉપર ભમ્યા કરૂ છું ઘર છોડ્યા પછી અનેક સ્થળે ફરતો ફરતો હુ એક મુસાફરોની ધર્મશાળામા આવી ચડ્યો રાત્રી પડવાથી મે પણ તેજ ધર્મશાળામા વાસ કર્યો વિવિધ દેશના મુસાફરો ત્યા સુતા સુતા અનેક જાતની વાતો કરતા હતા, તેવામા કોઇ વૈતાલિકે મારી પૂર્વની વાર્ત્તા કહેવા માડી જેમા પ્રથમથી તે આજ સુધીની મારી સ્થિતિનુ તેણે યથાર્થ બ્યાન કર્યુ, જે સાભળી હુ ઘણોજ આશ્ચર્ય પામી ગયો પ્રાત કાળે મે આનદથી તે વાર્તા કહેનારાઓને ભોજન કરાવ્યુ અને કેટલીએક વસ્તુઓની ભેટ આપી ખુશી કર્યા.

મારો [illegible] થી હુ આગળ ચાલ્યો, કેટલેક [illegible] દરકા નામે એક ચાટ[illegible]

આવી, તે અટવી ભયંકર હતી, પણ પુણ્યના પ્રસાદથી હું તેમાં નિરાબાધ રહ્યો. અટવીના મધ્યભાગે આવતાં સૂર્ય અસ્ત ગિરિપર આવી ગયો, અને રાત્રિ પડી ગઇ. ભયંકર અટવીમાં રાત્રિ નિર્ગમન કરવા એક વૃક્ષ નીચે ઉભો રહ્યો. તે વૃક્ષ ઉપર શુક પક્ષીઓનો મોટો સમૂહ રહેતો હતો, વિવિધ પ્રદેશમાંથી આવેલાં શુક પક્ષીઓ પરસ્પર નવીન સમાચાર પૂછતાં હતાં, તેવામા એક વૃદ્ધ શુક પક્ષી બોલ્યો—બચ્ચાંઓ ! હું આજ ત્રણ દિવસે ઘરે આવ્યો છુ. બચ્ચાંઓ બોલ્યાં—પિતાજી ! કાંઇ પણ નવીન સમાચાર લાવ્યા હો તો કહો અમારે કોતુક સાભળવાની ઘણી ઇચ્છા છે. વૃદ્ધ શુક બોલ્યો—પુત્રો ! મારી નવીન વાર્ત્તા સાભળી તમને આશ્ચર્ય લાગશે અહિથી પૂર્વ દિશામાં **માહેંદ્ર** નામે નગર છે, તેમાં **ત્રિલોચન** નામે રાજા રાજ્ય કરે છે, તેને **ગુણસુંદરી** નામની રાણીથી **સુલોચના** નામે પુત્રી થઇ છે, એ રાજકુમારી ચોસઠ કળામાં પ્રવીણ અને સૌંદર્યવતી છે, તથાપિ તે જન્મથી અંધ છે. અંધ બાળા પ્રજ્ઞારૂપ ચક્ષુથી સર્વ વિદ્યા અને કળામા પ્રવીણ થઈ છે. રાજપુત્રીને યૌવનવતી જોઇ, તેની માતા ગુણસુંદરી પુત્રીના વિવાહ માટે ચિંતામગ્ન રહ્યા કરે છે. રાણીની ચિંતા જાણી રાજા ત્રિલોચને મંત્રીને બોલાવી માહેદ્ર નગરમા પડો વગડાવ્યો કે, જે કોઇ રાજકુમારી સુલોચનાને દેખતી કરે, તેને તે પુત્રી અને અર્ધ રાજ્ય આપવું. આ પડહની આઘોષણાની વાર્ત્તા ઘણા પ્રદેશમા ફેલાણી છે. આજે પાચ માસ પૂરા થઇ છઠ્ઠો માસ બેઠો, ત્યા સુધી એ પડહને કોઇએ સ્પર્શ કર્યો નથી. હવે તેનું શુ બને છે તે જોવાનુ છે.

લઘુ પક્ષીઓ બોલ્યા—પિતાજી ! તે બીચારી રાજકુમારીનુ શુ થશે ? જન્મથી અંધ થયેલા મનુષ્યને દેખતા કરવાનો ઉપાય જાણનાર કોઇ મળશે કે નહી ? તેવો ઉપાય જગતમા હોય કે નહી ? તે કૃપા કરી કહો

વૃદ્ધ શુક બોલ્યો—બચ્ચાઓ ! તેવો ઉપાય અહીંજ છે, અને મારા જાણવામા છે. પણ તે તમને કહી શકાય તેમ નથી. તેવી વાત ગુપ્ત રાખવી જોઇએ. કદિ કહેવી હોય, તો રાત્રે તો કહેવાયજ નહી બચ્ચાઓ આગ્રહથી બોલ્યા—પિતાજી ! અમને કહ્યા વિના ચાલશેજ નહીં, રાત્રે શા માટે ન કહેવાય ?

વૃદ્ધ શુક બોલ્યો—શિશુઓ ! રાત્રે ગુપ્ત વાત કહેવાની નીતિ શાસ્ત્રમાં ના કહેલી છે તેને શ્લોક નીચે પ્રમાણે છે—

दिवा निरीक्ष्य वक्तव्यं रात्रौ नैवच नैवच ।
संचरंति महाधूर्त्ता वटे वररुचिर्यथा ॥ १ ॥

દિવસે ગુપ્ત વાત કહેવી હોય તો, આસપાસ તપાસીને કહેવી, રાત્રે તો કહેવીજ નહીં કારણ કે, મોટા ધૂર્ત લોકો રાત્રે ગુપ્ત રીતે ફર્યા કરે છે. તે પ્રમાણે વડના [illegible] [illegible] વરરુચિને [illegible]

બાળ, સ્રી અને મૂર્ખ લોકોની હઠ ઘણી હોય છે. બચ્ચાંઓએ હઠ કરી કહ્યું—પિતાજી ! ગમે તેમ કરો, પણ અમોને તે વાત કહ્યા વિના ચાલશે નહીં બચ્ચાંઓની આવી હઠ જોઇ વૃદ્ધ શુક બોલ્યો— શિશુઓ ! સાંભળો. આ વૃક્ષ નીચે બે પ્રકારની ઔષધીઓ છે તે પ્રભાતિક અને પીળા વર્ણની છે. તેમાં પેલી ઔષધી **અમૃત સંજીવિની** છે, જેના પત્ર લાંબા અને પહોળા છે બીજી **વ્રણ હરણી** નામે છે, તેનાં ગોળાકાર નાનાં પાત્રાં છે. પ્રથમની ઔષધીથી અંધત્વ દૂર થઇ જાય છે, અને બીજી ઔષધીથી શસ્ત્રાદિકના ઘા રૂઝાઇ જાય છે. વૃદ્ધ શુકનાં આવાં વચન સાંભળી તેનાં બચ્ચાંઓ ખુશી થઇ ગયાં

દેવી ! વૃક્ષ નીચે રહેલા મેં તે વૃદ્ધ શુકનાં વચન સાંભળી લીધાં. તત્કાળ તે ઔષધીઓ લઇ હું ત્યાંથી ચાલતો થયો. બીચારી જન્માંધ રાજકુમારી સુલોચનાનો ઉપકાર કરવા માહેંદ્ર નગર તરફ જતો હતો, ત્યાં માર્ગમાં આ ઉજડ નગર જોઇ અહિ આવ્યો છું. આ નગરનો ઇતિહાસ મે કોઇ સારીકા પાસેથી સાભળી, મને અહિં આવવાનુ વિશેષ કૌતુક થયું હતું. તમારા દુખની વાત જાણી મને સહાય કરવાની ઇચ્છા થઇ, અને આ રાક્ષસ પુરૂષે વિગ્રહ કર્યા વગર પોતાની ક્રૂરતા છોડી દીધી, તેથી હુ મારૂ આગમન કૃતાર્થ માનુ છું. આ ભદ્રપ્રકૃતિ પુરૂષ મને આ નગરનુ રાજ્ય આપવા કહે છે, પણ તે લેવાની ઇચ્છા નથી, તમે પ્રસન્ન થઈ, મને રજા આપો. કોઈ બીજા કુળવાન્ રાજપુત્રને આપજો

રાણી—ભદ્ર ! આ શું બોલો છો ? તમારા જેવો ઉત્તમ પુરૂષ અમને કયાંથી મળે ? પ્રાપ્ત થએલ અમૃત રસ જેવાં મધુર જળને તૃષાતુર મનુષ્ય કેમ ન પીએ ? રાજવીર ! કૃપા કરી અહિ જ રહો. આ મારી પુત્રી ચંદ્રમુખીને તમારી અર્ધાંગના કરો.

શ્રીચંદ્ર—માતા ! કુળ, જાતી અને શીળથી હુ અજ્ઞાત છું, તેવા અજ્ઞાતને રાજકન્યા આપવી, તે યુક્ત નથી. તે વિષે દીર્ઘ વિચાર કરો. તે સાભળી રાક્ષસ બોલી ઉઠયો—માતા ! તે ગમે તેમ કરે, તોપણ તમારૂ વચન તેમને માન્ય કરવું જોઇશે. મહાન્ પુરૂષો સર્વમાં નિસ્પૃહ હોય છે, તથાપિ જે ઉદય આવે, તે ટાળી શકાતુ નથી. એમ કહી, તે શ્રીચદ્રના ચરણમા નમી પડયો, અને અતિ પ્રાર્થના કરી, તે યક્ષે કન્યાને સ્વીકારવાનુ કબુલ કરાવ્યુ.

યક્ષના અતિ આગ્રહથી શ્રીચદ્રે તે રાજ્ય ગ્રહણ કર્યું, અને ગાંધર્વ વિધિથી રાજકન્યાનું પાણીગ્રહણ કર્યું. ચદ્રમુખી શ્રીચંદ્ર જેવા સદ્ગુણી પતિને વરી અત્યત આનંદ પામી. શ્રીચંદ્ર પણ યક્ષ કન્યાના અભિનવ વિલાસ સુખથી પરમ સંતુષ્ટ થયો. અનુક્રમે કુંડલગિરિની રાજ્યધાનીમા લોકો આવી વસવા લાગ્યાં. રાજ્યના મત્રીઓ અને સામંતો પાછા આવ્યા. રાજ્યસેના, હાથી, ઘોડા, અને રથ તથા રાજ્યની સર્વ સમૃદ્ધિ એકત્ર થઇ ગઇ. શ્રીચદ્રે કુંડલપુરને પૂર્વની સ્થીતિમાં મુકી દીધુ સર્વત્ર જયનાદ પ્રવર્ત્યો.

એક વખતે યક્ષે મહારાજા શ્રીચંદ્રકુમારને વિનંતિ કરી કે, વજ્રખુર નામના ચોરે મને ખોટી આળ ચડાવી માર્યો હતો, તે ચમત્કારી ચોર અહિથી દૂર આવેલા કુંડ-

ગિરિના શિખર ઉપર રહેતો હતો, મેં તેને ત્યાંજ મારી નાખ્યો છે, તે સ્થળે તેણે લોકોનો ચોરીનો ઘણો કીમતી માલ સંગૃહિત કરેલો છે, તે બધો ગિરિ સુવર્ણ રત્નથીજ ભરેલો છે, માટે ત્યા જઇને તે સઘળ હસ્તગત કરે

યક્ષના કહેવાથી શ્રીચદ્ર કુડળગિરિના શિખર ઉપર આવ્યો, ત્યાં જઇ તેણે તે ચોરનુ અનગળ દ્રવ્ય હાથ કર્યુ તે પછી યક્ષના કહેવાથી તે સ્થળે **ચદ્રપુર** નામે એક બીજુ શહેર વસાવ્યુ. જેની અદર ઉત્તમ કારીગીરીવાળી હવેલીઓ અને ચૌટાની શ્રેણીઓ ગોઠવવામા આવી, જ્યા ચોરનુ વધસ્થાન હતુ તેની ઉપર એક યક્ષચૈત્ય બનાવ્યુ, તેમા યક્ષની પાષાણમય મૂર્ત્તિ કરી સ્થાપિત કરી, વજ્રખુર ચોરની મૂર્ત્તિ ઉપર તે મૂર્ત્તિને બેસારી, તેનુ નામ **નરવાહન** પાડયુ. કેટલાક દિવસ ત્યા રહી, શ્રીચદ્રકુમાર પાછો **કુડળપુર**મા આવ્યો, ત્યા મંત્રીવર્ગને રાજ્ય શાસનની આજ્ઞા આપી, રાજ્યસિહાસન ઉપર પોતાની પાદુકા રાખી, યક્ષની આજ્ઞા સંપાદન કરી, ત્યાથી મહેદ્રપુર જવા તૈયાર થયો.

ચાલતી વખતે ચદ્રમુખીની પાસે આવી રજા માગી, પ્રેમપૂર્ણા ચદ્રમુખી વિનયથી બોલી—પ્રાણેશ ! હવે પુન ક્યારે મળશો ? સાહિત્યકારો જે કહે છે, તે તમે યથાર્થ કરો છો. એમ કહી ચંદ્રમુખી નીચે પ્રમાણે અર્ધ શ્લોક બોલી.

“ प्रेमैवमास्तु यदि चेत्पथिकेन सार्द्धम् । ”

“ જગતમા કોઇને પ્રેમજ હશો નહી, કદિ હોય તો મુસાફરની સાથે થશો નહીં. ”

શ્રીચદ્રકુમારે કહ્યુ—પ્રિયા ! નિશ્ચિત રહો, ધર્મના પ્રભાવથી સર્વ પ્રકારનુ સુખ થાય છે. હું કાર્ય સિદ્ધ કરી પાછો સત્વર આવીશ, આટલુ કહી સાશ્રુનયના ચદ્રમુખીને આલિંગન કરી શ્રીચંદ્ર પ્રિયાથી છુટો પડયો નગરની બાહેર નીકળી પેલી ગુટિકાનો અંજન આંજ્યો, અને મુસાફરીનો પૂર્વ વેષ ધારણ કરી ચાલતો થયો.

પ્રકરણ ૪૧ મું.

સુલોચના, સુલોચના થઈ.



મા હેન્દ્રનગરમાં આજે લોકોના ટોળેટોળા રાજમહેલ તરફ જાય છે પ્રજાના મુખ ઉપર હર્ષના અંકુર સ્ફુરી રહ્યા છે, લોકો શેરીએ શેરીએ વિવિધ જાતની વાતો કરે છે. નગરની મધ્ય ભાગે કોઇ બે પુરૂષોને દોડતા જોઇએક કોતુકી પુરૂષે પુછ્યુ, મિત્રો ! આમ ઉતાવળા કયા જાઓ છો ? આજે દરબારમા લોકોની મેદની કેમ ભરાય છે ? તે દોડનાર પુરૂષો રાજસેવક હતા, તેઓએ પોતાના જાણીતા મિત્રને કહ્યુ, મિત્ર ! શુ તને કાઇ ખબર નથી ? આજે અમારા મહારાજા ત્રિલોચનનાં કુંવરી સુલોચનાને કોઇ સિદ્ધ પુરૂષ દેખતા કરે છે. છ માસ થયા જે પડહ આઘોષણા થતી હતી, તે આજે કૃતાર્થ થઇ છે. કોઇ મુસાફર તે અસાધ્ય કાર્ય કરવાને તૈયાર થયો છે મહારાજાના મનોરથ પૂર્ણ થવાનો આજે સમય આવ્યો છે જાહેર દરબાર ભરી મહારાજાની સમક્ષ તે ચમત્કારી પ્રયોગ થવાનો છે તે જોવાને લોકો ટોળાબંધ ત્યા જાય છે મિત્ર ! તુ પણ અમારી સાથે ચાલ આ વાર્ત્તા સાભળી તે પુરૂષ પણ તેમની સાથે દરબારમા ગયો

રાજમહેલમા લોકોની ધમાલ મચી રહી હતી, છડીદારો મોટા પોકાર કરી લોકોને શાંત કરતા હતા, રાજ શાસનના પ્રભાવથી લોકોનો કોલાહલ શાંત થયો, એટલે મહારાજા ત્રિલોચન સમાજ વચ્ચે હાજર થયો એક તરફ મર્યાદા સાથે અંત:પુરની બેઠકની ગોઠવણ કરવામાં આવી હતી બરાબર સમય થયો, એટલે આ વાર્ત્તાનો નાયક શ્રીચંદ્રકુમાર રાજાએ મોકલેલા ગજેંદ્ર ઉપર ચડી, ગાજતે વાજતે દરબારમા આવ્યો. રાજાના પ્રધાન મંડળે સામા જઇ તેનો સત્કાર કર્યો, અને સન્માન સાથે સભામા તેનો પ્રવેશ કરાવ્યો. મહારાજાએ ઉભા થઇ શ્રીચંદ્રનો કર ગ્રહણ કર્યો, અને ઉત્તમ આસન ઉપર તેને બેસાર્યો. હર્ષ યુક્ત નરપતિએ તે મુસાફરને વિનયથી કહ્યુ, ભદ્ર ! તમારા જેવા સિદ્ધ પુરૂષના દર્શનથી અમે કૃતાર્થ થયા છીએ રાજકુમારીના ભાગ્યે તમારા જેવા સદ્ગુણી પુરૂષને આકર્ષ્યા છે તમારો નિવાસ કયા છે ? અને અહી આવવાનુ પ્રયોજન શુ છે ? શ્રીચંદ્રે વિનયથી કહ્યુ, રાજેંદ્ર ! હુ કુશસ્થળનગરીનો નિવાસી છુ, અહીં આવવાનુ પ્રયોજન બીજુ કાંઈ નથી. ભારતવર્ષના કૌતુક જેવાના શોખથી હુ સર્વ સ્થળે ભ્રમણ કરૂ છુ.

ત્રિલોચને આતુરતાથી જણાવ્યુ, હવે કાર્ય કરવાનું છે, તેનો સત્વર આરંભ કરો કુમારે જણાવ્યુ, રાજકુમારી ક્યા છે ? તેને અહીં બોલાવો તત્કાળ મહારાજાએ આજ્ઞા કરી એટલે સેવકો રાજકુમારીને ત્યા લાવ્યા. સુંદર વેષ ધરનારી દાસીઓ એ રાજના- [illegible]

સુલોચનાનું આવું સક્ષિપ્ત બોલવુ સાભળી શ્રીચંદ પ્રસન્ન થઇ ગયો. તત્કાળ તે જવનિકામાંથી બહાર આવ્યો સર્વની સમક્ષ જવનિકા દૂર કરી રાજકન્યાને બહાર લાવવામાં આવી. અનુપમ સૌંદર્યવતી સુલોચનાને દેખતી જોઇ, સર્વ સમાજ સાનંદાશ્ચર્ય થઇ ગયો પદ્મનાં જેવાં વિશાળ લોચનવાળી રાજબાળા નેત્ર ફેરવતી સર્વ સમાજને જોવા લાગી. મહારાજા ત્રિલોચન હર્ષના આવેશમાં બેહો થયો, પુત્રીને આલિંગન કરી ઉત્સંગમાં લીધી, પ્રજાજને મહારાજાની જય બોલાવી. જયનાદ અને હર્ષનાદની ગર્જનાથી દરબાર ગાજી ઉઠયો. અંતઃપુરમાં આનંદ આનંદ થઇ રહ્યો રાણી ગુણસુંદરીને હર્ષનો પાર રહ્યો નહી રાજપુત્રીનું જીવન સફળ થયેલું જાણી, તે અપાર હર્ષ ધારણ કરતી, પુત્રીને મળવા ઉત્સુક થઇ. રાજબાળા પિતાના ઉત્સંગમાંથી માતા પાસે આવી. પુત્રીવત્સલા માતાએ હર્ષનાં અશ્રુ લાવી બાળાને હૃદયથી ચાંપી, અને પ્રેમથી દુઃખડા લઇ મુખ નિરીક્ષણ કર્યું.

આ પ્રસંગે માહેંદ્રનગરની પ્રજાએ મોટો મહોત્સવ કર્યો, ધ્વજા પતાકા અને તોરણથી સદન શોભા કરી ધવલમંગળના ગીત ગાવા માંડયા. શેરીએ શેરીએ અભિનવ વસ્ત્રાભરણ ધારણ કરતી પૌર વનિતાઓ રાજકુમારીને જોવા અને વધાવા શ્રેણીબંધ આવવા લાગી

રાજકીય અને પ્રજાવર્ગીય અગ્રેસર લોકો શ્રીચંદને અભિનંદન આપવા લાગ્યા, અને એક અવાજે કહેવા લાગ્યા કે, રાજકુમારી સુલોચનાને ખરેખરી સુલોચના કરનાર આવા સિદ્ધ પુરૂષો ભારતવર્ષમાં ભાગ્યેજ મળે

પ્રકરણ ૪૨ મું.

કાપડી ગુમ થયો.



રાજા ત્રિલોચન મંત્રીઓની સભા ભરી બેઠા છે, પુત્રીનું જન્માંધપણાનું દુઃખ દૂર થવાથી તેના હૃદયની ચિંતા દૂર થઇ છે, તેવામાં છડીદારે આવી ખબર આપ્યા કે, કોઇ તાપસ આપની પાસે મળવા આવે છે. રાજાએ મંત્રીના મુખ સામું જોઇ આજ્ઞા આપી, એટલે છડીદાર તે તાપસને અંદર તેડી લાવ્યો

આ તાપસ આ વાર્તાનો નાયક શ્રીચંદ હતો, તે રાજપુત્રીને દેખતી કરી કોઇ સ્થળે જઇ રાજવેષ દૂર કરી બીજો તાપસનો વેષ લઇ આવ્યો હતો. વસ્ત્ર ઉપર કાષાય રંગ લગાવ્યો હતો, શરીરે ભસ્મ ચોળી હતી, કેશ છુટા રાખ્યા હતા, તેણે રાજાની [illegible] આવી કહ્યું, [illegible] છે ?

રાજા તાપસના વેષથી તેને ઓળખી શક્યો નહિ, ક્ષણવાર વિચારમા પડ્યો, એટલે ચતુર મંત્રીએ કહ્યુ કે, મહારાજા ! સુલેચનાને સુલોચના કરનાર આપણા ઉપકારી પુરૂષ આવ્યા છે. તત્કાળ રાજાએ તેને ઓળખી લીધો, કાપડીનો વેષ જોઇ રાજા વિચારમાં પડયો જો કે મારી પ્રતિજ્ઞા પ્રમાણે અર્ધ રાજ્ય અને રાજકન્યા આ પુરૂષને આપવા જોઇએ, પણ આ વેષ ઉપરથી તેની જાતિ અને કુળ કેવા હશે ? આવા અનાત પુરૂષને રાજ્ય આપવું તે કાંઇક યોગ્ય, પણ રાજકન્યા આપવી યોગ્ય નથી રાજાને વિચારમા પડેલા જાણી ચતુર મંત્રી સમજી ગયો. તત્કાળ વિનયથી તે કાપડીને પુછ્યુ, ભદ્ર ! આપ જાતે કેવા છો ? કયા વંશમા આપનો જન્મ છે ?

શ્રીચદ્ર મરોડમાં બોલ્યો—રાજેંદ્ર ! હવે કુળ, જાતિ પુછો, તે શા કામનાં છે ? પાણી પીને ઘર પુછવા જેવો ન્યાય તમે કરો છો, તમારે હવે તે વિચાર કરવાનો નથી. જે પ્રતિજ્ઞા તમે કરેલી હતી, તે સત્ય કરવી છે કે નહી ? રોગ મટ્યા પછી વૈદ્ય વેરી થાય, એ પ્રમાણે તમારૂ વર્ત્તન થાય છે, તથાપિ મારી જાતિનો ઇતિહાસ સાભળો કુશસ્થળનગરમાં લક્ષ્મીદત્ત નામે એક શ્રેષ્ટી છે, તેનો હુ વ્યસની પુત્ર છુ. ઘરમાથી છાની રીતે લઇ લક્ષ્મી ઉડાડવાનું મારામાં વ્યસન છે, મારા એ વ્યસનથી કંટાળી પિતાએ મને ઘણી વાર વાર્યો, તથાપી હુ સુધર્યો નહી, એટલે મારા પિતાએ મને ઘરમાથી કાઢી મુકયો છે, મારે ધન ખર્ચવાનું વ્યસન હોવાથી દ્રવ્ય વીના મને ગોઠતું નહતુ, તેથી મેં મુસાફરી કરી એક સિદ્ધ પુરૂષને શોધી કાઢયો તેણે મંત્ર, તત્ર અને ઔષધના પ્રયોગો મને બતાવ્યા, જે મારે દ્રવ્ય ઉપાર્જન કરવામા સાધનભૂત થયા છે. દ્રવ્યની ઇચ્છા માટેજ મેં તમારી સમક્ષ આ પ્રયોગ કર્યો છે, હવે શુ કહો છો ?

કાપડીના આવા વચન સાંભળી રાજા વિશેષ વિચારમાં પડ્યો. આ વાતનો નિર્ણય કરવા રાજાએ તે કાપડીને વિનતિ કરી કહ્યું, ભદ્ર ! મારી પ્રતિજ્ઞા નિષ્ફળ નહીં થાય, થોડા દિવસ આ નગરમા કૃપા કરી નિવાસ કરો. આ પ્રમાણે રાજાના કહેવાથી તે રજા લઇ પોતાને ઉતારે આવ્યો. રાજા ત્રિલોચન હવે શું કરવુ, તે વિષે નિર્ણય કરવા અતઃપુરમાં ગયો. રાણી ગુણસુદરી રાજાને આવતા જોઇ હર્ષભેર બેઠી થઇ, ઉત્સગમા બેઠેલી સુલોચના પણ ઉભી થઇ નરપતિના મુખ ઉપર ગ્લાનિ જોઇ ચતુર રાણી બોલી—પ્રાણનાથ ! આવા ઉત્સવ પ્રસગે મુખ ઉપર ગ્લાનિ કેમ દેખાય છે ? પુત્રીનું જન્માધપણાનુ દુખ દૂર થવાથી માહેંદ્રપુરની સર્વ પ્રજા આનદમા મગ્ન છે, ત્યારે આપ મહારાજાના મુખ ઉપર ગ્લાનિ કેમ ? નરપતિએ કહ્યુ, રાણી ! સુલોચનાનો મહાન્ દોષ દુર થયો, તેથી આનદજ થવો જોઇએ; પણ મે કરેલી પ્રતિજ્ઞા મને ચિતાનું કારણ થઇ પડી છે. રાજપુત્રી તે ઉપકારી પુરૂષને આપતા આનદ આવે તેમ નથી. તે પુરૂષ હીન જાતિનો દેખાય છે, તે છતા વળી વ્યસની છે. તેવા જાતિહીન અને વ્યસની પુરૂષને રાજકન્યા આપવી, તે વિચારવાનું છે. જો ન આપીએ તો પ્રતિજ્ઞાની હાનિ થાય છે; હવે શુ કરવું, તે નિર્ણય થઇ શકતો નથી.

રાજાના આ વચન સાંભળી, ચતુર સુલોચના લજ્જાથી આક્રાંત થઇ, પણ

વૃત્તાંત સુલોચનાને જણાવ્યો, અને ધીરજ આપી કહ્યું કે, અહીંથી તેને તેડવાને માણસો મોકલવામાં આવશે, તે સાથે વિશેષ જણાવ્યું કે, શ્રીચંદ્ર કુશસ્થળીમા પ્રખ્યાત પુરુષ છે, ઘણો ધાર્મિક, વિદ્વાન્ અને સદ્ગુણી છે, તે સાથે તેની સમૃદ્ધિ રાજસમૃદ્ધિના જેવી છે. પિતાના આવા વચન સાંભળી સુલોચના આશ્વાસન પામી. પોતે એક સદ્ગુણી અને પ્રખ્યાત પતિ સંપાદન કર્યો છે, તેને માટે મગરૂર થવા લાગી.

માહેંદ્રનગરમાંથી શ્રીચંદ્ર નીકળી ગયો, એ વાત પ્રજા વર્ગમાં ચર્ચાવા લાગી લોકો અનેક પ્રકારની કલ્પનાઓ કરવા લાગ્યા. સુલોચના પુનઃ આશાલતાનું અવલંબન કરી, રાજમેહેલમા શોક સહિત રહેતી હતી, અને મન, વચન, તથા કાયાવડે શ્રીચંદ્રને વરવાનો નિશ્ચય કરી, તેનુજ સ્મરણ કરતી હતી.

પ્રકરણ ૪૩ મું.

ચંદ્રલેખા.



એક સુંદર ઉદ્યાન વસંતના પ્રભાવથી ખીલી નીકળ્યું હતું, આસપાસ વસંતની વન સમૃદ્ધિ પૂર્ણ રીતે વિકશતી હતી, વિવિધ વૃક્ષોની ઘટામાંથી પક્ષીઓનું કૂજિતરૂપ સંગીત ચાલતું હતું, વસંતે પોતાના મિત્ર મદનને જાણે આમંત્રણ કરેલ હોય, તેમ નવરંગિત પુષ્પરૂપ ગલીચા વૃક્ષ સ્થળ ઉપર પાથર્યા હતા, ચારે તરફ શાખારૂપ પતાકાઓ પ્રેમથી ફરકતી હતી, દ્રક્ષા મંડળમા વિવિધ જાતની કમાનો કરવામા આવી હતી

આવા સુંદર ઉદ્યાનની નજીક એક કમળ પુષ્પથી સુશોભિત સ્વચ્છ જળવાળું સરોવર આવેલું હતું. સરોવર અને ઉદ્યાનની વચ્ચે માત્ર એક ક્ષેત્ર પ્રમાણ ભૂમિનુંજ અંતર હતું

આ સરોવરના તીર ઉપર એક મુસાફર ઉભો ઉભો સરોવરની શોભા જોતો હતો કમળ ઉપર ક્રીડા કરતા પક્ષીઓના વૃંદ ઉપર તેની દૃષ્ટિ સ્થિર થઇ હતી આ મુસાફરની બટુક મૂર્તિ હતી, નાજુક અંગ ઉપર તેણે કાપડીનો વેષ ધારણ કર્યો હતો, તેની મુખ મુદ્રા ઉપર કૌતુક જોવાની વાંછા પ્રબળ હતી દૃષ્ટિ શાંત છતા ચાપલ્યથી ભરેલી હતી આ બટુકે સરોવરની શોભા જોઇ પડખે દૃષ્ટિ કરી, ત્યા તરતજ પેલું સુંદર ઉદ્યાન તેના જોવામા આવ્યું તત્કાળ તે ઉદ્યાન તરફ ચાલ્યો. ક્ષણવારમાં તો ઉદ્યાનમા પ્રવેશ કરી મધ્ય ભાગે આવ્યો, ત્યાં તેણે ચિત્તને ચમત્કાર કરે તેવો નીચેનો દેખાવ અવલોક્યો.

એક કુમાર વલ્કલ વસ્ત્ર પહેરી ઓટલા ઉપર બેઠો હતો. તેના મસ્તક ઉપર

ચાંદ ચળકતો હતો, તેની કાંતિનો પ્રકાશ હીંડોળાની આસપાસ પડતો હતો, તેના હીંડોળાની બંને બાજુ બે તાપસ બાળા ઉભી હતી. હીંચકા લેતો તે તાપસ કુમાર અનેક જાતની ગમ્મત કરી તે બંને બાળિકાને આનંદ આપતો હતો.

આ દેખાવ જોઇ બટુક આશ્ચર્ય પામી ગયો. તેને પૂર્ણ રીતે જોવાને એક નજીકના વૃક્ષની નીચે બેઠો બેઠો વિચાર કરવા લાગ્યો—" આ ઉદ્યાન રાજકીય જેવુ લાગે છે, પણ તે રાજકીય નથી. કુદરતી રીતે વૃક્ષોની રચના ઉદ્યાનના જેવી થઇ ગઇ છે, અથવા કોઇ તાપસોએ અથાગ શ્રમ લઇને આ વનને ઉદ્યાનના રૂપમા મુકયુ છે. અહીં નજીકમા કોઇ શહેર કે ગામ દેખાતું નથી, તે છતા અહીં લોકોનું ગમનાગમન હોય તેવુ ભાસે છે. આ કુમાર અને બાળિકા તાપસ લાગે છે. તેમનો દેખાવ તાપસના જેવોજ છે, તથાપિ તેઓના લલાટ ઉપર રાજતેજ ચળકે છે. હીંડોળા ઉપર હીંચનાર આ તાપસ કુમારનો દેખાવ વેષ ઉપરથી પુરૂષનું ભાન કરાવે છે, પણ તેના અવયવની રચના સ્ત્રીના જેવી દેખાય છે. તેની ચેષ્ટાઓમા ક્ષણે ક્ષણે સ્ત્રી જાતિના ભાવ જણાઇ આવે છે."

આ પ્રમાણે બટુક વિચાર કરતો હતો, તેવામા દક્ષિણ તરફની વૃક્ષ ઘટામાથી એક બાળિકા નીચેની ગાથાને મધુર સ્વરે ગાતી ગાતી આવી.

गाथा.

चंदकला रायसुया, सा सव्वकल्लाणभायणं जयइ ।
सिरिचंदो वरो जाए, सयमेव परिक्खिऊण कओ ॥ १ ॥

" રાજકુમારી ચંદ્રકળા સર્વ કલ્યાણનુ પાત્ર થઇ જય પામે છે, જેણીએ પોતાની મેળે પરીક્ષા કરીને શ્રીચંદ્રકુમારને પતિ કર્યો."

આ ગાથા સાંભળી તે બટુકને વિશેષ કૌતક થયુ. આ શુ હશે? ચંદ્રકળા સબંધી મારો વૃત્તાંત આ બાળા કયાથી જાણતી હશે? અહીં કાંઇક જાણવાનું મળે તેમ લાગે છે, ત્યા જઇને જીજ્ઞાસા તૃપ્ત કરૂ આવુ ચિંતવી તે બટુક તાપસ બેઠો થયો, જ્યા તે તાપસ બાળિકાઓ ક્રીડા કરતી હતી, ત્યા આવી પહોંચ્યો. ચતુર વાચનારે આ બટુકને પ્રસંગ ઉપરથીજ જાણી લીધો હશે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્રકુમાર છે. તે કુંડનગરમાથી દેહચિંતાનુ બહાનુ કરી, ઉતારાથી પ્રસાર થઇ, તે અદૃશ્ય ગુટિકાના પ્રભાવે અહીં આવી ચડયો છે.

આ વિચિત્ર બટુકને જોઇ તે તાપસ બાળિકાઓ તેની સામે આવી, પુષ્પની માળા અર્પણ કરી સ્વાગત પુછી, તેને એક રાયણના વૃક્ષ નીચે બેસાર્યો, અને તેઓ વિનયથી બોલી—મહાશય ' આપને જોઇ અમે અત્યંત પ્રસન્ન થયા છીએ કૃપા કરી ... અમારૂ આતિથ્ય સ્વીકારો, એમ કહ્યા પછી તેમણે ... ..., તેમની ..., ... સર્વ તાપસ ... તેની ... ...

આ સમયે એક વૃદ્ધા તાપસી ત્યાં આવી. તે વિધવા હતી. શ્વેત વસ્ત્ર તેણીએ પહેર્યા હતાં તેની મુખમુદ્રા ઉપર પ્રૌઢતાનો પૂર્ણ પ્રકાશ દેખાતો હતો. તેણીએ પેલા સ્ત્રી વેષધારી તાપસને પુરૂષનો વેષ આપ્યો. તરતજ તેણીની દ્રષ્ટિ બટુકની ઉપર પડી, બટુકને જોતાંજ તેને પ્રેમ ઉત્પન્ન થયો. તે વિનયથી નમી બટુક પ્રત્યે બોલી—ભદ્ર ! આપ કોણ છો ? અને કયાંથી આવો છો ? બટુકે કહ્યું, માતા ! હું મુસાફર છુ, કુશસ્થલી નગરીમાંથી આવું છું. કુશસ્થલીનું નામ સાંભળતાંજ સર્વે ઉત્સુક થઇ ગયાં, બીજી તાપસ બાલિકાઓ ઇંતેજારીથી બોલી ઉઠી, મહાશય ! બહુ સારૂ થયુ, જે વાતની અમારે જિજ્ઞાસા હતી, તે સફળ થવાનું કારણ બન્યા. કહો, કુશસ્થલીના શા ખબર છે ? રાજકુમારી ચદ્રકળાનો કોઇ પતિ થયો કે નહીં ? તે જાણતા હો તો કૃપા કરી કહો. બટુક બોલ્યો—લક્ષ્મીદત્ત શેઠનો પુત્ર શ્રીચંદ્રકુમાર ચદ્રકળાનો પતિ થયો છે. તેમનો વિવાહોત્સવ ઘણી ધામધૂમથી કરવામાં આવ્યો છે. તે સાંભળી સર્વ બાળીકાઓ ઉમગથી બોલી—ચદ્રકળા સુખી છે ? બટુકે ઉપેક્ષા બતાવી કહ્યું, તે સુખી છે કે નહીં, તે હુ કહી શકતો નથી. હુ કાપડી મુસાફર છું. વિશેષ વૃત્તાત મેળવવાની મારે શી જરૂર ? કહો તમે બધા કોણ છો ? આ એકાંત ઉદ્યાનમાં કેમ વસ્યાં છો ?

વૃદ્ધા નયનમાંથી અશ્રુ પાડતી બોલી—મહાશય ! હુ દુ:ખી સ્ત્રી છુ, મારો વૃત્તાત આપ એક ચિત્ત સાભળો

વસંત નામના નગરમાં **વીરસેન** નામે રાજા હતા, તેને **વીરમતી** અને **વીરપ્રભા** નામે બે રાણીઓ છે. તેમા **વીરમતી** હુ પોતે છુ. મારા પિતાનું નામ **મંગુ** રાજા છે મારા પિતા મંગુને બે પુત્રીઓ છે, તેમાં મોટી **જયશ્રી** અને નાની પુત્રી હું છુ. મારૂ બીજુ નામ **વિજયવતિ** છે મારી મોટી બહેન જયશ્રી કુશસ્થલીના પ્રતાપસિહ રાજાને આપેલ છે, તેને **જય** વિગેરે ચાર પુત્રો છે.

હુ વસંત નગરમાં હતી. મારા રાજ્યમાં ઘણા પ્રમાણિક અને અમારા પિતરાઇ **શુભમતી** નામે મત્રી છે. મારી સપત્ની વીરપ્રભાને **નરવર્મા** નામે એક પુત્ર થયો, તે ઘણો સાહસી, પરાક્રમી અને શસ્ત્ર વિદ્યામા નિપુણ થયો. મારે **વીરવર્મા** નામે પુત્ર અને **ચદ્રલેખા** નામે એક પુત્રી થઇ છે.

આ પુરૂષનો વેશ પહેરી રહેલી તે મારી પુત્રી **ચંદ્રલેખા** છે મારો પુત્ર વીરવર્મા પાંચ વર્ષનો થયો છે. જુઓ, તે આ રહ્યો.

એક વખતે રાજા વીરસેનને અકસ્માત્ કાળજ્વર આવ્યો. તેનાથી તેના શરીરમાં દાહ ઉત્પન્ન થયો, તે વખતે રાજાએ પોતાના વિશ્વાસુ મંત્રી શુભમતીને તેડાવી કહ્યું કે, કુમાર વીરવર્માને મારૂ રાજ્ય આપજો. તે પછી એક મુહૂર્તજ પછી રાજાએ સ્વરગવાસ કર્યો

ભદ્ર મહારાય ! રાજાના સ્વર્ગવાસ પછી બળવાન્ કુમાર નરવર્માએ પોતાના જોરવી રાજ્ય દબાવી લીધુ, અને અમોને નગરીની બાહેર કાઢી મુક્યા હુ મારી પુત્રી અને

બાળપુત્રને લઇ અશ્રુપાત કરતી નગરની બહાર નીકળી, તે વખતે અમારી વફાદાર પ્રજાએ અમારી સાથેજ અશ્રુપાત કર્યો. મંત્રિવર શુભમતિની સહાયથી અમે કોઇ અરણ્યનો આશ્રય લેવા માર્ગ ચાલ્યાં. થોડેક દૂર આવતા એક વિદ્વાન્ નિમિત્તિઓ અમને સામો મળ્યો. અમારી દીન સ્થિતી જોઇ તે મહાનુભાવને દયા ઉત્પન્ન થઇ. અમારી સાથે ચાલતાં મંત્રી શુભમતિએ વિનંતી કરી, તે વિદ્વાન્ જોષીને એક વૃક્ષ નીચે બેસારી આ પ્રમાણે પુછ્યું—મહાશય ! આ બાળકુમારને રાજ્યસુખ મળશે કે નહિ ? આ રાજકુમારી ચંદ્રકળાનો સ્વામી કોણ થશે ? તે આપ કૃપા કરી જણાવશો. વિદ્વાન્ ગણકે સમયને અનુસારે પ્રશ્ન બાંધી કહ્યું, મંત્રિરાજ ! તમારે છેવટે સુખ મળવાનું છે. આ ચંદ્રકળાનો પતિ પ્રતાપસિંહનો કુમાર થશે, તે કુમાર ભારતવર્ષમાં પ્રખ્યાત છે. અહીંથી થોડે દુર એક ખદિરનું વન આવે છે, ત્યાં તમે નિવાસ કરી રહેશો, સુંદર ઉદ્યાનમાં રાસક્રીડા કરી, કાળ નિર્ગમન કરજો. જે કોઇ પુરૂષ આ ચંદ્રકળાનો પતિ થવાનો છે, તે ત્યાં આવશે. જે પુરૂષની ઉપર તે રાયણના વૃક્ષમાંથી દુધની ધારા છુટે, તે ચંદ્રકળાનો પતિ, એમ સમજી લેજો. આ પ્રમાણે કહી તેણે અમને એક ગાથા લખી આપી, તે પછી તે વિદ્વાન્ જોષી અમારો સત્કાર લઇ ત્યાંથી ચાલ્યો ગયો.

મહાનુભાવ ! તે જોષીનાં વચને અમને પૂર્ણ આશ્વાસન આપ્યું, ત્યારથી અમે અહીં આવીને રહ્યા છીએ. તે ઉપકારી જોષીએ **ઉદ્ધવ** અને **માધવ** નામે બે પુરૂષો યોગીને વેષે મોકલ્યા હતા, તેમણે અમોને ચંદ્રલેખાનો વિવાહ કોઇ શ્રેષ્ઠીના પુત્ર સાથે કર્યો, રાજકુમાર સાથે કર્યો નહિ, આથી અમે વિશેષ શંકામાં પડ્યા છીએ. અદ્યાપિ કોઇ પુરૂષ મળ્યો નથી. તેની રાહ જોઇને કાળ નિર્ગમન કરીએ છીએ. આ બાળા ચંદ્રકળા પુરૂષનો વેષ પહેરી તેની સખીઓની સાથે ગમ્મત કરે છે, કોઇ વાર મધુર સંગીત કરી, આત્માને અતિ આનંદ આપે છે.

તે વૃદ્ધાના મુખથી આ વૃત્તાંત સાંભળી, બટુક કાપડી વિચારમાં પડ્યો ' અહીં પણ બંધનનો યોગ થયો, ચાલો હવે અહીંથી ચાલ્યા જઇએ ' આવું વિચારી બટુક ઉભો થયો. ઉભો થઇ ચાલવા લાગ્યો, ત્યાં રાયણના વૃક્ષમાંથી દુધની ધારા છુટી. તે જોઇ સર્વ રાજકુટુંબ અને સખીઓ આશ્ચર્ય સાથે આનંદમગ્ન થઇ ગઇ. માતાના કહેવાથી ચંદ્રલેખાએ વિનયથી કાયા નમાવી, તે બટુકના કંઠમાં વરમાળા આરોપણ કરી. સર્વ સખીઓએ મળી ગીત ગાયા, અને સ્વાદિષ્ટ ફળ ફુલ લાવી વિવાહભોજન કર્યું. યથાશક્તિ દાન આપવામાં આવ્યાં. શ્રીચંદ્ર પણ ચંદ્રલેખાને વરી, હૃદયમાં હર્ષ પામ્યો. પછી વીરમતી પોતાના બાળકુમાર વીરવર્માને આગળ કરી, શ્રીચંદ્રને કહેવા લાગી—મહાવીર ! આ કુમારને નિધાનની જેમ ગુપ્ત રાખી ઉછેર્યો છે, હવે તમે તેને સ્વામિપદ આપો. જો કે તે વયમાં બાળ છે, પણ તમારા જેવા સ્વામીને લઇ તે હવે મોટો થયો છે. સ્વામીના આશ્રયથી લઘુ પણ ગુરૂ થાય છે. તે વિષે એક નીતિનો શ્લોક યાદ આવે છે.

आश्रयवशेन पुंसां गरिमा लघिमा च जायतेऽवश्यम् ।
विन्ध्ये विन्ध्यसमानाः करिणो दर्पणे लघवः ॥ १ ॥


સ્થલી નગરીના રાજા કુળચંદ્ર પ્રતાપસિંહ રાજાના પુત્ર શ્રીચંદ્રકુમાર આ પૃથ્વીતલ ઉપર જય પામો. ”

આ ગાથાનો અર્થ જાણી હર્ષ પામતી વીરમતિ પોતાના પરિવાર સાથે તે ઉદ્યાનમા ગઇ, ત્યા માહેંદ્રનગર પતિ પોતાના કુટુંબ સાથે આવ્યો હતો, તેને જાઇને રાણી વીરમતિ મળી. તેણીએ વિસ્તારથી પોતાનો વૃત્તાંત અને શ્રીચંદ્રકુમારનો સંબંધ જણાવ્યો, તે જાણી રાજા ત્રિલોચન અને તેનો પરિવાર ખુશી થયો સન્માન સાથે તે પોતાના દરબારમા તેમને લઇ ગયો, ઘણો આગ્રહ કરી, તેમનો આતિથ્ય સત્કાર કર્યો. સુલોચના અને ચંદ્રલેખાનો પરસ્પર સખીભાવ થયો. શ્રીચંદ્રના ગુણનું સ્મરણ કરી તે બંને રાજબાળાઓ અસંત આનંદ પામ્યા.

કેટલાએક દિવસ સુધી વીરમતિ સપરિવાર ત્યા રહી, પછી કુંડળપુર જવાને રાજા ત્રિલોચનની આજ્ઞા માગી છેવટે રાણીના આગ્રહ ઉપરથી રાજા ત્રિલોચને તેમને કુંડળપુર જવાની આજ્ઞા આપી હવે આગળ શ્રીચંદ્રકુમારનું શું થયું, તે આપણે જાણીએ.

પ્રકરણ ૪૪ મું.

ચોગિની.



એક સુંદર મહેલ પોતાના ઉંચા શિખરોથી ગગનની સાથે વાત કરતો હતો, તેની આસપાસ નવરંગિત વાવટાઓ ફરકતા હતા, તેના ગોખ અને જાળીઓ ઉપર સૂર્યનો તડકો પડવાથી અભિનવ શોભા થતી હતી, પ્રત્યેક ગોખ ઉપર મનને આકર્ષે તેવી ઉત્તમ કારીગરી કરવામાં આવી હતી, માર્ગે ચાલતા લોકો તેની શોભા જોઇ, આનંદ પામતા હતા, કેટલાએક ગોખની આગળ મેના પોપટના સુવર્ણમય પાંજરાં લટકાવ્યા હતા, રસ્તે જનારા સ્ત્રી પુરૂષોને તે શુક પક્ષીઓ આવકારના શબ્દોથી બોલાવતા હતા મહેલની ચારે બાજુ જુદી જુદી આકૃતિના મનોહર ગોખ મુકવામા આવ્યા હતા, કેટલાએક દાસદાસીઓ તે સુંદર ગોખમાંથી મુખ કાઢી નગર ચર્ચા જોતા હતા

આ મહેલના એક ગોખ ઉપર કોઇ [illegible] પુરૂષ બેઠો હતો, તેના હૃદયમાં વિવિધ વિચારોનો પ્રવાહ વહન થતો હતો તેની વય [illegible] હતી. [illegible] સ્વરૂપવાન હતો, હજુ તેના [illegible] હતો. [illegible] સુંદર [illegible] સંપાદન કર્યાની તે ઉમેદ [illegible] હતો [illegible] હતા, [illegible] [illegible] કદાચિત [illegible]

વાંચનારને જિજ્ઞાસા થઇ હશે. આ સુંદર મેહેલ હેમપુર નગરના રાજા મકરધ્વજનો છે. એ ગોખ ઉપર બેઠેલો પુરૂષ તે **મદનપાલ** નામે તેનો કુમાર છે. તે યૌવનવયને પ્રાપ્ત થયો છે, તથાપિ તે અવિવાહિત છે. રાજા મદનપાલ કુમારને માટે ઉત્તમ કન્યાની શોધમાં છે, પણ હજુ કોઇ કન્યા પ્રાપ્ત થઇ નથી.

કુમાર મદનપાલ ગોખ ઉપર બેસી પોતાના વિવાહના અને શ્રૃંગાર વિલાસના માનસિક સંકલ્પો કરતો હતો, ત્યાં એક **યોગિણી** તે માર્ગે પ્રસાર થતી જોવામા આવી. યોગિનીનો વેષ મનોહર હતો. તેના હાથમા એક ચિત્રપટ હતું, તેના મુખ અને નયન ઉપર ચાતુર્ય પ્રકાશતું હતું. વેષ ઉપરથી તે યોગિની છે, એમ જણાઇ આવતું હતું. તેને જોતાંજ રાજકુમાર ઉત્સુક થઇ ગયો. તત્કાળ તેણે યોગિનીને પોતાની પાસે બોલાવી, અને માન આપી પુછ્યું, ભદ્રે ! કુશળ છો ? ચતુર યોગિની બોલી—ભદ્ર ! આ અસાર સંસારમાં કુશળતા શું પુછવી ? ભાઇ ! વિચાર કર, કાળના મહાન્ પ્રભાવ આગળ કોણ કુશળ રહી શકે ? જરાવસ્થારૂપ પ્રચંડ રાક્ષસી જ્યારે મસ્તક ઉપર આવી ચડી બેસે છે, ત્યારે શ્યામવર્ણના સુંદર કેશ ધોળા થઇ જાય છે, અને ઇંદ્રિયોની શક્તિ હઠી જાય છે, યૌવન વયની સુંદર ઇમારત તે રાક્ષસી ક્ષણમાં તોડી નાખે છે, તેથી શરીરનું સૌંદર્ય નષ્ટ થઇ જાય છે, અને માણસ વિરૂપ બની જાય છે. ભદ્ર ! તું મને ભોળો લાગે છે, માનવ જીવનની કુશળતા પુછવીજ નહીં. એક પલકમાં આયુષ્ય પૂર્ણ થઇ જાય છે, તો પછી કુશળતાની વાત શી કરવી ? તે છતાં પ્રાણી કામ, ક્રોધ અને મોહને વશ થઇ નરકની પીડાનો પાત્ર બને છે. ભદ્ર ! નીચેની ગાથાઓ વિચારી જો, એટલે તને કુશળતા પુછવાની ખબર પડશે

गाथा.

कुशळ तेहने जेह न जाया, जाया तेह मरंदा ।
तो शी कुशलनी वात कहीजे, ए दीसे जनवृंदा ॥ १ ॥

आसन मारे पण आश न मारे, भस्म धुणी अंग धारे ।
कंथा धरे पण विकथा न छंडे, तो शी मुद्रा धारे ॥ २ ॥

पहेरी कोपिन पण किंचि न परिहरे, मांडे जनशुं माया ।
मुंडी संसारमे आया जाया, कीधा योग न पाया ॥ ३ ॥

चारत्याग चक्रनी त्वरा जोगी, तिहां रहि भमि भमि आया ।
विषय माया तृष्णाशुं मन राखे, तो परमार्थ पाया ॥ ४ ॥

તે માટે જે જિન ધર્મ જાણે, કુશળપણું તે વખાણી,
मोरे बाह्य आभ्यंतर कुशलं, जाणुं श्री जिन वाणी. ॥ ५ ॥

યોગિનીના મુખથી ઉપરની ગાથાઓ સાભળી, મદનપાળને જરા અસર થઇ, પણ તેના હૃદયમા પ્રબળ વિકારો હોવાથી તે અસર અસ્તવ્યસ્ત થઇ ગઇ.

યોગિની પુનઃ વિનયથી બોલી—રાજકુમાર ! અવિનયને માટે ક્ષમા કરજો. તમારા મુખ ઉપર વિકૃતિ જોઇ, ખાસ બોધ આપવાની ખાતરજ મે તમને કહ્યુ છે. હવે મારૂ વૃત્તાંત સાંભળો હુ કાંતિનગરથી આવું છુ, મારે કુશસ્થળી નગરીમાં જવાનુ છે, ખાસ એક કાર્યને માટે જાઉં છુ એમ કહી તેણીએ પોતાના હાથમાથી ચિત્રપટ બતાવી કહ્યું, રાજકુમાર ! જુઓ આ ચિત્રપટ મદનપાળ તે ચિત્રપટ જોતાજ ચકિત થઇ ગયો તેના હૃદયમા પ્રબળ મોહ ઉત્પન્ન થઇ આવ્યો મદનપાળની ઉપર મદનના મૃદુ છતાં તીક્ષ્ણ બાણની વૃષ્ટિ થવા લાગી, મદન ઉપર મદને ચડી કરી, બીજા મદને તે માનુષી મદનને પરાજિત કરી દીધો મદનપાળે વિકારી વાણીએ કહ્યુ, ભદ્રે ! આ અનુપમ રૂપ કોનું છે ? આવુ અપૂર્વ સૌંદર્ય જોવાનો મને પ્રથમ વખત મળ્યો છે. ભારતવર્ષમાં આવાં સૌંદર્ય વિશેષ નહી હોય આ ચિત્તહર ચિત્રગત સુંદરી કોણ છે ? તે કૃપા કરી જણાવશો તેનુ વારવાર દર્શન કરતા પણ તૃપ્તિ થતી નથી એ ચિત્રપટ મને સતત જોવાને આપો તો, આ જીવન કૃતાર્થ થાય યોગિની બોલી—રાજકુમાર ! કાંતિપુરમા નૃસિંહ નામે રાજા છે, તેને પ્રિયગુમંજરી નામે કન્યા છે, તેનુ આ ચિત્રપટ છે. તે રાજકુમારી ગુણધર નામના શિક્ષકની પાસે સર્વ વિદ્યા અને કળાઓ ભણેલી છે તે શિક્ષકે કુશસ્થલી નગરીના શ્રીચંદ્રકુમારના ગુણનુ વર્ણન કરવાથી તેણે તે કુમારનેજ વરવાનો નિશ્ચય કર્યો છે શ્રીચંદ્રકુમાર પણ ગુણધર ગુરૂની પાસે ભણેલ છે મહારાજા નૃસિંહે પોતાની પુત્રીનો ઇરાદો જાણી, મને આ ચિત્રપટ લઇ, કુશસ્થલી નગરીએ મોકલેલ છે રાજકુમાર ! રજા આપો, હવે હું જાઉં છું. મદનપાળે તે ચિત્રપટ લેવા આગ્રહ જણાવ્યો, પણ યોગિનીએ તેને શાંત વચનથી સમજાવ્યો, અને ચિત્રપટ આપ્યુ નહી, અને તે ત્યાંથી અન્તર ચાલી નીકળી.

યોગિનીના ગયા પછી મદનપાળને વિ[illegible] મોહ વૃદ્ધિ પામ્યો, તે ચિત્રપટ [illegible] [illegible]

રાજા મકરધ્વજ પોતાના કુમારની પાસે આવ્યો. પુત્રને ઉત્સંગમાં બેસારી આ પ્રમાણે કહ્યું, વત્સ ! હૃદયમાં શામાટે શોક કરે છે ? ભારતવર્ષ ઉપર બીજી ઘણી રાજકન્યાઓ સ્વરૂપવતી છે, પ્રિયંગુમંજરીને માટે વૃથા આગ્રહ શામાટે રાખે છે ? બીજી સૌંદર્યવતી સુંદરીની સાથે તારો વિવાહ કરીશ. રાજા નૃસિંહે મારૂં અપમાન કરેલું છે, તેનો બદલો હું આગળ ઉપર લઇશ. પુત્ર ! તેવા અભિમાની રાજાને વારવાર પ્રાર્થના કરવી, તે ક્ષત્રિયવટને ઉચિત નથી. રાજા નૃસિંહે આપણા મંત્રીને ના કહી છે, એટલુંજ નહી, પણ એક નીચેનો શ્લોક લખીને સાથે મોકલાવ્યો છે

यवागूजरणे जाड्यं मोदकानां तु का कथा ।
वचनेऽपि दरिद्रत्वं धनाशा तत्र कीदृशी ॥ १ ॥

જે રાબડી [જાવલી] ને પચાવવાને અશક્ત છે, તેમની આગળ લાડુની તો શી વાત કરવી ? જ્યાં વચનમાં દરિદ્રતા છે, ત્યાં ધન મેળવવાની આશા ક્યાંથી રખાય ?

આ ઉપરથી આપણે જાણવું જોઇએ કે, તમારે પ્રિયંગુમંજરીની આશા રાખવીજ નહીં. વત્સ ! તું સુજ્ઞ છે, તેવી દુર્લભ રાજકન્યાની આશા શામાટે રાખવી જોઇએ ? તારે માટે બીજી હજારો રાજકન્યાઓ તૈયાર છે.

આ પ્રમાણે રાજા મકરધ્વજે તેને ઘણું સમજાવ્યો, પણ તે દુરાગ્રહી રાજકુમાર સમજ્યો નહીં તેના હૃદયમાંથી ચિત્રપટની મનોહરા જરા પણ દૂર થઇ નહી પ્રતિદિન તેનુંજ ચિંતવન કરવા લાગ્યો ઘણા દિવસ સુધી મેહેલના ગોખ ઉપર બેસી, તેનોજ વિચાર કરવા લાગ્યો. હાલતા, ચાલતા, ઉઠતા અને બેસતા તેનુંજ મનન કરતો હતો. પુન. તે યોગિની ક્યારે મળે ? એવી હવાઇ કલ્પના કરી, તેજ દિશા તરફ જોતો હતો છેવટે રાજ્યવૈભવનો અનાદર કરી, તે મોડી મદનપાળ નગરમાંથી ગુપ્ત રીતે ચાલ્યો ગયો રાજા મકરધ્વજ અને તેનું રાજકુટુંબ ભારે ચિંતામાં આવી પડ્યું

પ્રકરણ ૪૫ મું.

યક્ષ મંદિર.



ક રમણીય નગરના દ્વાર આગળ લોકોનુ ટોળું એકઠું થયું હતુ, જુદી જુદી જાતીના લોકો અનેક જાતની વાતો કરતા હતા, કોઇ વૃદ્ધ જન આવી તેઓને વારતા હતા, અને હિતકારી ઉપદેશ આપતા હતા "ભાઇઓ! રાજાની જે તે વાર્ત્તા કરવી, તે યુક્ત નથી. રાજકીય ચર્ચાથી વખતે રાજકોપ થાય છે પ્રજા વર્ગે રાજકથામાં સામેલ થવુ ન જોઇએ. પોતાના સ્વામીની વાર્ત્તા કે ચર્ચા કરવી, તે રાજદ્રોહ ગણાય છે રાજકુટુબની વાર્ત્તા સારી કે નઠારી ચર્ચારૂપે ન કરવી જોઇએ. તેમ કરવાથી રાજા પ્રજાની ઐકયતા રહેતી નથી રાજા, તે પ્રજાનો પાલક પિતા છે તેની સ્તુતિ, તેનુ યશોગાન કરવુ, તેજ આપણો ધર્મ છે "

વૃદ્ધ જનના આવા વચનથી લોકો સમજી ગયા, કેટલાએક તો તે ટોળામાથી ચાલી નીકળ્યા, કોઇ જુદા જુદા બેસી છાની રીતે બોલવા લાગ્યા, તથાપિ તે લોકોનું વૃદ તો તેમનુ તેમ એકઠુ થતુ ઉભુ રહ્યુ હતુ

આ વખતે આપણી વાર્ત્તાનો નાયક શ્રીચંદ્રકુમાર કાપડીનો વેષ લઇ, તે નગરના દરવાજા પાસે નીકળ્યો લોકોનુ ટોળુ એકઠુ થએલુ જોઇ શ્રીચંદ્ર ઉભો રહ્યો તેના હૃદયમા તેની જિજ્ઞાસા ઉત્પન્ન થઇ, તેવામા એક પ્રૌઢ વયનો વણિક ત્યાંથી પસાર થતો જોવામાં આવ્યો કુમારે વિનયથી તેને પુછ્યુ, ભાઇ ! આ લોકોનુ ટોળુ કેમ એકઠું થયુ છે ? આ નગરનું શુ નામ છે ? તે વણિક ઉભો રહી બોલ્યો—ભદ્ર ! તમે કોઇ કુલીન પુરૂષ દેખાઓ છો, તમારો વેષ કાપડીનો છે, પણ તમારી મુખમુદ્રા ઉપર કુલીનતા દેખાઇ આવે છે આ નગરનુ નામ કાંપિલ નગર છે અહીં જિતશત્રુ નામે રાજા છે, તેમની રાણીનુ નામ રતિ છે, તે રતિના ઉદરથી કનકરથ નામે એક કુમાર અને કનકવતી નામે પુત્રી થએલ છે

થોડા દિવસ પહેલા વીણારવ નામે એક [illegible] અહીં આવ્યો હતો, તેણે રાજમાન્ય દરબારમા માધવેદને ભેદ કરી [illegible] હતો તે [illegible] પ્રેમમા [illegible] સારથ્યના શ્રીચંદ્રકુમારનુ ચિત્ર દર્શાવી, અને તેનું [illegible] કરી, રાજકુંવરને [illegible] કર્યુ હતુ

તે વીણારવ કેટલાએક દિવસ રહી [illegible] [illegible] [illegible]

જોયો. તે પુરુષના મુખ ઉપર ગ્લાનિ, શોક અને ચિતા ભરપૂર દેખાતા હતા, તે તેજસ્વી છતા ચિતારૂપ અગ્નિ જ્વાળાથી દગ્ધ થઇ, નિસ્તેજ થઇ ગયો હતો. તે પુરુષને જોઇ શ્રીચદ્ર ઉભો રહ્યો, તેના હૃદયમા તેને માટે દયા ઉત્પન્ન થઇ. તે બોલ્યો—ભદ્ર ! તમે કોણ છો ? તમારી આકૃતિ પૂર્ણ ચિતા સૂચવી આપે છે. આ મદિરમા આવી કેમ બેઠા છો ? યક્ષની આરાધના કરો છો, કે ગુપ્ત રહેવા આવ્યા છો ? જો કાઇપણ બાધ ન હોય, તો તમારૂ વૃત્તાત મને જણાવશો.

તે પુરુષ શ્રીચદ્રને જોઇ પ્રસન્ન થયો. ' આ કોઈ કુલીન પુરુષ છે, ' એમ તેને નિશ્ચય થયો. પોતાના દુ ખના ભાગીદાર થાય, તેવા આ સુશીલ પુરુષ છે. તેને મારો વૃત્તાત જણાવુ, તો વખતે લાભ થાય. આમ વિચારી તે પુરુષ બોલ્યો, મહાશય ! હુ અત્યત દુ ખી છુ, અનિવાર્ય ચિતાએ મને ઘેરી લીધો છે, મારો વૃત્તાત આપ જેવા પરોપકારી પુરુષને સાભળવા યોગ્ય છે. અહીંથી નૈરુત્ય ખુણામાં **હેમપુર** નામે નગર છે, તેમા મકરધ્વજ નામે રાજા છે, તેને મદનપાળ નામે એક કુમાર છે, તે કુમાર એક વખત ગોખમા બેઠો હતો, ત્યા કોઇ યોગિની ચિત્રપટ લઇને નીકળી, તેને કુમારે બોલાવી. યોગિણીએ પોતાનો વૃત્તાત જણાવી, તે ચિત્રપટ મદનપાળને બતાવ્યુ. મદનપાળ તે ચિત્રપટ જોઇ મોહમગ્ન થઇ ગયો. તત્કાળ તેણે ચિત્રપટનો વૃત્તાત પુછ્યો, એટલે તે યોગિણીએ કહ્યુ, રાજકુમાર ! આ ચિત્રપટ કાતિનગરના રાજા નૃસિહની પુત્રી પ્રિયગુમંજરીનુ છે. પ્રિયગુમજરીને તેના શિક્ષક ગુરુ શ્રીગુણધરે કુશસ્થળીના શ્રીચદ્રકુમારની અતિ પ્રશસા કરી, તેથી એ રાજબાળાએ શ્રીચદ્રને વરવાનો નિશ્ચય કર્યો છે. પુત્રીનો દૃઢ નિશ્ચય જાણી રાજા નૃસિંહ આ ચિત્રપટ લઇ મને કુશસ્થળીમા મોકલે છે. ભદ્ર ! તે ચિત્રપટને માટે મોહ પામેલા મદનપાળે ઘણી પ્રાર્થના કરી, પણ યોગિનીએ તે ચિત્રપટ આપ્યુ નહી. મદનપાળને મદનપીડામા નાખી, યોગિની ત્યાથી ચાલી ગઇ. કુમાર મદનપાળ ત્યારથી પ્રિયગુમજરી માટે તીવ્ર ઇચ્છા રાખી તેનુજ સ્મરણ, તેનુજ ધ્યાન અને તેનુજ મનન કરવા લાગ્યો. આ ખબર તેના પિતા મકરધ્વજને પડવાથી તેણે કુમારની [illegible] કરવા પોતાના મત્રીને કાતિપુરમા પ્રિયગુમજરીનુ માગુ કરવા મોકલ્યો [illegible], એટલે મત્રી નિષ્ફળ થઇ પાછો આવ્યો. પિતા મકરધ્વજે પુત્ર મદનપાળને [illegible] કે, તારે માટે બીજી [illegible] રાજકન્યા શોધી લાવી [illegible] પ્રિયગુમજરીને [illegible] થયો નહી, તેને [illegible], [illegible] પ્રિયગુમજરીને માટે પ્રાણ લેવા તૈયાર થયો, [illegible]

ભદ્ર ! તે હુ પોતે **મદનપાળ** છુ, [illegible]
[illegible]

કપૂર અને ચદન જળનું સિંચન કરી રાજકુમારીને સાવધાન કરીએ. તરતજ સર્વ સખીઓ ત્યાથી પ્રસાર થઇ ગઇ

આ વાર્ત્તા સાભળી શ્રીચદ્ર બોલ્યો—મિત્ર મદનપાળ ! પ્રિયંગુમંજરીની પ્રીતિ શ્રીચંદ્ર ઉપર ઘણી લાગે છે એ ખરેખર શ્રીચદ્રનીજ રાગી થઇ છે; પરકીયા થયેલી, તે પ્રેમદા તમને શી રીતે મળશે ? વનિતાઓ વિદ્યુતની જેમ ચપળા છે, તેવી સ્ત્રીના પ્રતિબધથી પુરૂષને કર્મના બધ થાય છે. મીત્રવર્ય ! બને તો આ ફંદમા પડશો નહી, તે મોહનાની માયા તમારે દુખરૂપ થશે, તેને માટે આર્હત ધર્મમા નિષેધ કરેલો છે. જેના સારરૂપે નીચેની કવિતા છે, તે એક ચીત્તે સાંભળો.

मदनपाळ वे, सुंदर शीख सुणी जे,
जण जण सेंती वे, यारी प्रीति न कीजे. (त्रोटक.)
कीजे नवि परतरुणी सेंती, केती वार ए प्रीतडीयां,
विषफलीनीपरे मुखडे मीठी, परिणामे दुःखवेलडियां ।
गेलडियांपरे ग्रहिलो जाणे, अंते विरसदुःख देहडियां,
दीवानापरे फरे पुरवने, भीतर बाहिर शेरडीयां. ॥ १ ॥

निंद न आवे वे, रसिक न रयणी विहाणे,
अन्य न भावे वे, धीरज मनमां नाणे. (त्रोटक.)
नाणे कांइ शंका जाणी रंका, लंकापति परें दुःख पामे ।
राज मर्यादा धरे नवि तेहनी, जेहनी मति स्त्री शुं बांधी,
इह भव परभव केरो कोइ, परमारथ न शके साधी. ॥ २ ॥

राग देखावे वे, राति कणयर कलियां,
अंतरकाली वे, काठी बोरके ठलियां. (त्रोटक.)
मलिया शुं हेजे हळी मळती, छिनमे छेह देखावतियां,
झेर हलाहलथी पण अधिकी, जेहनी जाणी जे छतीयां ।
इंद्रचंद्र नागेंद्र भोलाए, निसुणी निरुपमजस वतीयां,
हरिहर ब्रह्मा तरुणी पुरंदर, विकल थई करतां नातियां ॥ ३ ॥

विषकी कदली वे, भूमिविना जगमांहि,
विषरी वाघण वे, व्याधि महा निर्नामाहि. (त्रो.)

निर्नामे कोइ अपरमहाग्रह, विष नामांतर निपायुं;
फणि विणु सापिणी पापिणी जाणे, जस मन तरूणीशुं लायुं;
द्वादशमो छायासुत वेठो, जसमनपर तरूणी ईहा,
गति मति छति सवि होइ हीणी, होइ वली दुर्बल देहा ॥ ४ ॥

इम मन जाणी वे, चंचलता निवारी,
धृति मति धरिये वे, गुरुशिक्षा चित्तधारी. (त्रो.)

धारी जे शिक्षा थइ दक्षा, लख्या लेख न लुटी जे,
तुं कुमर भूपाला मदनपाला, सत्त्व थकी नवि त्रुटी जे ।
ज्ञानविमल मति शुं चित्त धरजे, शीख हमारी अति सारी,
जेम इहभवे परभवे होय सुखकारी, सहेजथकी सुणो नर-
नारी ॥ ५ ॥

મિત્ર મદનપાળ ! ઉપરની કવિતાના અર્થનું મનન કરો. સ્ત્રી [illegible] છે, તેની સાથે યારી કરવી ન જોઈએ. તેમાં પરનારીની સાથે તે કદિ પણ પ્રીતિ કરવી નહીં. એ સ્ત્રી, વિષ ફળની જેમ મુખે મધુરી લાગે છે પણ [illegible] તે [illegible] પડે છે. એ પરસ્ત્રી દશમો ગ્રહ છે, બીજા નામનું વિષ છે, અને [illegible] છે, જેનું મન પરસ્ત્રીમાં આસક્ત છે, તેને [illegible] ગતિ, મતિ, અને મનોબળ હીણ [illegible] ધૈર્ય રાખો, ગુરુની શિક્ષા હૃદયમાં [illegible] [illegible] મોક્ષ પામે છે.

[illegible]

धन उपाय करि मेलिए, धनथी होये सवि काम,
अवगुण पण गुण करिलिये, जगमां मोहन दाम. ॥ १ ॥
कुरूप रूप निर्गुण गुणी, सघळा वांछित थाय,
लोकतणो व्यवहार छे, प्राये एम कहाय. ॥ २ ॥

મિત્ર મદનપાળ ! તમે કાંતિનગરમાં જઇ નિવાસ કરો રાજકુમારનો સુંદર વેશ ધારણ કરી, ગુપ્ત રીતે રહેજો. હું તમારી સાથે સેવક થઇને રહીશ. કોઇ કોઇ લોક પાસે ' હું શ્રીચંદ્રકુમાર છું ' એમ ગુપ્ત રીતે વાત ચલાવજો. જે કોઇ યાચક આવે, તેને અગણિત દાન આપજો, ગૃહ વૈભવનો દબદબો રાખજો, એમ કરવાથી અનુક્રમે નૃસિંહ રાજા એવુ જાણશે કે, શ્રીચંદ્ર ગુપ્ત રીતે અહીં આવી રહેલો છે; તેમ કરતાં જો તમારાં ભાગ્ય હશે, તો તમે પ્રિયંગુમંજરીને મેળવી શકશો

શ્રીચંદ્રે આવી યુક્તિ બતાવી, તેથી મદનપાળ ખુશી થયો તત્કાળ તે શ્રીચંદ્રની સાથે કાંતિનગરમા આવ્યો. મદનપાળની પાસે ઘણું દ્રવ્ય અને ઝવેરાત હતું, તેમાંથી તેણે એક સાત માળની હવેલી ખરીદ કરી શહેરના ગુણીજનોને બોલાવી, નિત્ય ગોષ્ઠી કરવા લાગ્યો. તેઓને મોટાં મોટાં ઇનામો આપી, સત્કાર કરવા લાગ્યો અસંખ્ય યાચકોને વાંછિત દાન આપી, સંતુષ્ટ કરવા લાગ્યો. શહેરમાં પ્રત્યેક સ્થાને તેના ગુણના પ્રવાહ છુટવા માંડ્યા. લોકો શ્રીચંદ્રનુ યશોગાન અતિ આનંદથી કરવા લાગ્યા. આ વૃત્તાંત રાજા નૃસિંહના જાણવામાં આવ્યો પોતાના રાજ્યમાં શ્રીચંદ્રકુમાર આવી ગુપ્ત રીતે રહેલો છે, એમ જાણી રાજા અતિ ખુશી થયો પોતે ધારેલી ધારણા અનાયાસે સફળ થઇ, તેથી તે પોતાને ચારિતાર્થ માનવા લાગ્યો. તેણે પોતાના મંત્રી અને સામંત વર્ગને સૂચના કરી કે, શ્રીચંદ્રકુમારની સાથે પ્રીતિ કરી, રાજકુમારીનો સંબંધ જોડી દ્યો રાજાની ઇચ્છાથી મંત્રીઓ અને સામંતો મદનપાળને ઉતારે જવા લાગ્યા. અલ્પ સમયમા મદનપાળની સાથે તેઓની પ્રીતિ થઇ. બધા કાંતિપુરમા શ્રીચંદ્રની કીર્ત્તિ ચંદ્રવત્ પ્રકાશવા લાગી શ્રીચંદ્રના ગેહેલ આગળ રાજમંત્રીઓ અને સામંતોની ગાડીઓની શ્રેણી સર્વદા ઉભી રહેવા લાગી. કાંતિપુરના ધનાઢ્ય વ્યાપારીઓ અને ગુણી જનોના વૃંદ ઉપરાઉપર ત્યા આવવા લાગ્યા.

શ્રીચંદ્ર સેવક થઇ મદનપાળને ચાતુર્ય ભરેલી શિક્ષા આપતો હતો. મદનપાળ તે પ્રમાણે પ્રવૃત્તિ કરતો હતો તેની ઉદારતાથી, વિનયથી, અને પ્રેમથી કાંતિપુરના લોકોનાં મન અતિ રંજિત થયા હતા ઘેર ઘેર તેનીજ પ્રશંસા અને તેનીજ ચર્ચા થતી હતી. ' મદનપાળ એ શ્રીચંદ્ર છે ' એમ લોકોને પૂર્ણ ખાત્રી થઇ ગઇ હતી. જ્યારે મદનપાળ ગાડીમા બેસી ફરવા નીકળતો, તે વખતે લોકોના ટોળેટોળા તેને જોવાને એકત્ર થતા હતા.

પ્રકરણ ૪૬ મું.

વેષ પરાવર્ત્ત.



કાંતિનગરમા આજે ધામધુમ થઇ રહી છે, દરબારગઢ ધ્વજા પતાકાથી શણગારવામા આવ્યો છે, મગળ તોરણની માળા ચારે તરફ લટકાવી છે, માનિનીના મુખમાથી માગલ્ય ગીત ગવાય છે, વિવિધ જાતના વાજિત્રોના નાદ થઇ રહ્યા છે, શહેરના લોકો નવરંગિત આભૂષણ ધારણ કરી, મડપની રચના જોવાને આવજાવ કરે છે, રાજ્યના અધિકારીઓ અને સામતો સુંદર પોશાક પહેરી રાજભુવનમા ગમનાગમન કરી રહ્યા છે

કુમાર મદનપાળના મહેલને પણ સારી રીતે શણગારવામા આવ્યો છે, તેના દ્વાર આગળ મધુર વાજિત્રો વાગી રહ્યા છે, નવનવા પોષાક પહેરી મદનપાળનો સેવક વર્ગ તૈયાર થઇ રહ્યો છે, રાજકુમાર વિવાહનો પોષાક પહેરી ગોખ ઉપર નજર કરી બેઠો છે, પોતાના ઉપકારી મિત્ર શ્રીચદ્રની સાથે નવનવા મનોરથ ભરેલી પ્રિયગુમજરીની વાર્તા કરે છે.

આ વખતે બે સુંદરીઓ ગોખ નીચે પાણીના [illegible] હતી, તેઓએ સુંદર પોશાક પહેર્યો હતા, નવીન તારુણ્યના [illegible] હતી [illegible] એક સ્ત્રી બોલી—પ્રિય બેન ! આજે રાજકુમારી પ્રિયગુમજરીના [illegible] શુ થવાનુ છે ? તેની વાત તો કર તે બોલી—બેન ! તને પણ તેની [illegible] ખીલકુલ નથી આજે રાજકુમારીના લગ્નનો દિવસ છે, [illegible] શમાં શુ થવાનુ છે, તેની મને બીલકુલ ખબર નથી [illegible] નજીક રાજકુમારાની ખાસ દાસી રહે છે, તેના [illegible] આજે શ્રીચદ્રકુમારની સાથે પ્રિયગુમજરીના [illegible] પદ્મિણી વિગેરે સ્ત્રીઓના [illegible] બોતેર કળા પુરૂષની પ્રખ્યાત [illegible] [illegible] બીજી કેટલીએક વાર્તા કરતી તે [illegible]

[illegible]

અહા ! કેવી અજ્ઞાનતા ? કેવી મૂર્ખતા ? જે બાળકો પિતા વિદ્યમાન છતાં વિદ્યા સંપાદન કરતાં નથી, તે ખરેખર મારી જેમ ઉપહાસ્યનુ પાત્ર થાય છે. વિદ્યા અને કળા વિનાનો પુરૂષ પશુ સમાન છે. પ્રિયંગુમંજરી એક સ્ત્રી જાતિ છે, પુરૂષથી ઉતરતી છે, તેનાથી મારે ભય પામવું, એ કેવી શરમની વાત ? હું ખરેખર નપુંસક બની ગયો છુ. પ્રિય મિત્ર ! મારા જેવા નિરક્ષરનો ઉદ્ધાર કરો, હું દિગ્મૂઢ થઇ ગયો છુ, હવે શુ કરવું ? તે મને બીલકુલ સૂઝતુ નથી.

મદનકુમારની દીનતા જોઇ શ્રીચંદ્રને દયા ઉપજી, તેણે વિચાર કરી જણાવ્યુ, રાજમિત્ર ! ચિંતા કરો નહીં, તમારો વેષ મને આપો, અને વિવાહ મંડપમા પણ મનેજ મોકલો, તમે મારો વેષ પહેરી સાથે આવો, છેવટે રાજકુમારીનો કર તમનેજ સોંપીશ, કોઇ વાતે ચિંતા રાખશો નહીં, મારૂં હૃદય શુદ્ધ છે. મદનપાળે તે વાત સ્વીકારી, અને શ્રીચંદ્રને માંગલ્ય વેષ પહેરાવ્યો.

લગ્નનો સમય થયો, એટલે મંગળ ગીત અને વાદ્યના નાદ સાથે સર્વ સાજન માજન તૈયાર થઇ રાજભુવનમાં ચાલ્યું. શ્રીચંદ્ર વરવેષ ધારણ કરી સાથે ચાલ્યો, સુવર્ણ રત્નના શિરોભૂષણથી અને હીરાજડિત કુંડળોથી દેદીપ્યમાન શ્રીચંદ્રકુમાર મોટા સરઘસ સાથે મંડપ તરફ ચાલ્યો, માર્ગમાં અગણિત દાન આપતો હતો. જ્યારે રાજ્યદ્વાર આવ્યુ, એટલે તારક નામે ભાટ નીચેની કવિતા પ્રાકૃત ભાષામાં બોલ્યો.

तइया विवाहसमए, धणवइ पमुहाण अट्ठकन्नाणं ।
सिरिचंदो सिट्ठि घरे, जो दिट्ठो सोइमो जयउ ॥ १ ॥

વિવાહ સમયમાં ધનવંતી પ્રમુખ આઠ કન્યાઓને પરણનાર જે શ્રીચંદ્રકુમાર શ્રેષ્ઠિને ઘેર દીઠો હતો, તે શ્રીચંદ્રકુમાર જય પામો

શ્રીચંદ્રની પૂર્ણ ચંદ્ર જેવી મનહર છબી જોઇ કાંતિપુર પતિ અત્યંત ખુશી થયો. પોતે સન્મુખ લેવા આવ્યો, શ્રીચંદ્રને સન્માન સાથે મંડપમા સુંદર સિંહાસન ઉપર બેસાર્યો. રાજકુમારી પ્રિયંગુમંજરીને માતૃગૃહમા પધરાવવામા આવી, ધવલમંગળના ગીતનો આરંભ થયો જૈન વિવાહના વિધિ મંત્રોના ઉચ્ચાર થવા લાગ્યા.

પાણિગ્રહણનો સમય થયો, એટલે રાજબાળા સર્વની સાક્ષીએ લજ્જા સાથે મધુર સ્વરે વરની પ્રત્યે બોલી—સ્ત્રીના કેટલા ભેદ છે ?

શ્રીચંદ્રે ઉત્તર આપ્યો—સ્ત્રીના ચાર ભેદ છે. ૧ પદ્મિની, ૨ હસ્તિની, ૩ ચિત્રિણી અને ૪ શંખિની

પદ્મિનીના લક્ષણ નીચે પ્રમાણે છે

सवैया.

पद्म उपमान देह, मुखजित अमृत जेह,
हंसगति गमन रेह, स्निग्ध तनुदंत है;
सुख मग्न श्याम केश, दीर्घ नेत्रको है निवेश,
पृथुलहि उरोज देश, अल्प निंद लेतु है.
अल्प काम अल्प मान, पतिसें रहे एकतान,
अल्प स्वेद अल्प रोष, वीजकी चमक है;
अल्प हास अल्प भाष अल्प है,
निवास पद्माकर पुष्प भोग प्रियकी धमक है ॥ १ ॥

જેના શરીરમાં કમળની ખુશબો હોય, ચંદ્રને પરાજય કરે તેવુ મુખ હોય, હંસના જેવી જેની ગતિ હોય, જેના દાંત સૂક્ષ્મ અને સ્નિગ્ધ હોય, કેશ શ્યામ હોય, નેત્ર વિશાળ હોય, સ્તન ગોળ અને પુષ્ટ હોય, નિદ્રા અલ્પ હોય, કામ તથા માન અલ્પ હોય, પતિની સાથે એકતાન હોય, પસિનો અને રોષ થોડા હોય, વીજળીના જેવી ચમક હોય, ભાષણ અને હાસ્ય અલ્પ હોય, અને પુષ્પનો ભોગ પ્રિય હોય તે પદ્મિની [illegible] કહ્યું છે

हस्तिनी लक्षण.

विजित गति गयंद, तास मदमत्त [illegible].
धूल केश नैन लघु [illegible] है.
बहु कामको उमेद, बहु [illegible] बहु [illegible].
बहुत व्यापार भेद, बहुत आहारी है.
[illegible] विषम है [illegible]. [illegible]
[illegible] से [illegible]. [illegible] है;
हस्तिनीकी [illegible] [illegible].
हस्तिनी है [illegible]. [illegible] है [illegible]

જેની ગજેદ્રના જેવી ગતિ હોય, શરીરની ખુશબો મદિરા જેવી હોય, કેશ જાડા હોય, નેત્ર ઝીણાં હોય, મદમત્ત રહેતી હોય, કામ ઘણો હોય, ઉમેદ ઘણી હોય, પસિનો ઘણો આવતો હોય, ખેદ બહુ હોય, વ્યાપાર–ઉદ્યોગ ઘણો હોય, આહાર ઘણો હોય, હાથ શંખના જેવા વિષમ હોય, મોતીના અલંકાર પ્રિય હોય, મનમા મસ્ત રહેનારી હોય, ભારે ક્રોધી હોય, અને બુદ્ધિબળ ઘણુ હોય, તે હસ્તિની સ્ત્રીના સોળ લક્ષણુ છે. તે પદ્મિનીથી વિપરીત હોય છે.

चित्रिणी लक्षण.

चित्रिणीको विचित्र गंध, उरु शोभा सुदृढ बंध,
एणगति सुपिमदंत, केशको कलाप है;
उन्नत उरोज रोज, नेत्र जित नील सरोज,
अल्प निंद है हगेज, मधुर आलाप है.
मिताचार मिताहार, वार वार काम प्रचार,
मध्य स्वेद तीच्छण, कटाक्ष खेद व्याप है;
मकर समान हस्त, भूषण प्रिया विहस्त,
अंगमें अनेक रंग, अनंग केरी छाप है ॥ ३ ॥

જેના શરીરમાં વિચિત્ર ખુશબો હોય, સાથોળની શોભા સારી હોય, બાંધો મજબુત હોય, હરણના જેવી ચાલ હોય, દાંત સરખા હોય, કેશ કલાપ મોટો હોય, સ્તન મોટાં હોય, નીલ કમળ જેવાં નેત્ર હોય, નિદ્રા થોડી હોય, ભાષણ મધુર હોય, આચાર થોડો હોય, આહાર અલ્પ હોય, કામ વારવાર થતો હોય, પસિનો મધ્યમ હોય, કટાક્ષ તીક્ષ્ણ હોય, ખેદ વ્યાપતો હોય, હાથ મઘર જેવા હોય, અલંકાર પ્રિય હોય, અંગમાં અનેક રંગ થતો હોય, અને કામદેવની અંગમા છાપ હોય, તે ચિત્રિણી સ્ત્રીના લક્ષણ છે

शंखिनी लक्षण.

शंखिनीको मत्स्य गंध, शोभा कुचकी प्रबंध,
दीर्घ स्तन दीर्घ दंत, सरकी गति धारी है;
पिंग नेत्र पिंग केश, करत है विचित्र वेष,
दीर्घ हास्यको प्रवेश, दीर्घ काम विकारी है.

दीर्घ रोप दीर्व गोप, अकाजमें पीयत कोप,
न पेखत निज दोप, अमिताहार आहारी हैः
मत्स्य सम विषम हाथ, कलहप्रिय के लिये साथ,
दुश्मनता प्राणनाथसें. पण वारी है. ॥ ४ ॥

જેના શરીરમા મત્સ્યના જેવી ખુશ્બો હોય, સ્તનની શોભા ભારે હોય, સ્તન મોટાં હોય, દાત મોટા હોય, ગધેડાના જેવી ચાલ હોય, નેત્ર માજરા હોય, કેશ ભુખરા હાય, વિચિત્ર વેષ ધરતી હોય, ખડખડ હસ્તી હોય, કામવિકાર ઘણો હોય, ક્રોધ લાંબો ચાલતો હાય, રીસ ઘણી હોય, અકાર્ય ઉપર પ્રીતિ હોય, પોતાના દોષ જોતી ન હોય, આહાર ઘણો હોય, મત્સ્યના જેવા હાથ હોય, કલ્હો ગમતો હોય, કીડાપર પ્રીતિ હોય, અને પતિ સાથે વેરભાવ હોય, ને શંખિની સ્ત્રીના લક્ષણ છે.

તે પ્રત્યેક સ્ત્રીના સોળ સોળ લક્ષણો છે, તે એકંદર ચોસઠ લક્ષણો થાય છે. તેમાં પણ જાતિ, ગુણ અને લક્ષણના અનેક ભેદ થઈ શકે છે.

રાજબાળા ! સ્ત્રીના શુભા અને અશુભા એ ભેદ, [illegible] ઉપરથી કહી શકાય છે. શુભ લક્ષણવાળી શુભા, અને અશુભ લક્ષણવાળી અશુભા કહેવાય છે. શુભા સ્ત્રીના શરીર ઉપર રેખા, વ્યંજન [મસા તિલ વિગેરે] [illegible] શુભ ચિન્હો શુભ હોય છે, અને અશુભાના અંગ ઉપર અશુભ ચિન્હો [illegible] પીંગળ નેત્ર [illegible] વાળી અને જેના શરીરની કાંતિ [illegible] હોય [illegible] હોય, હોઠ રાતા હોય, અને અવયવ [illegible] હોય [illegible]

સલક્ષણ— પારા [illegible] થઈ જાય છે [illegible] અને [illegible] ચિન્હ હોય, [illegible] થાય છે [illegible] હોય, તે [illegible]

[illegible]

पीनोरुः पीनगंडा मृगमितदशना दक्षिणावर्त्तनाभिः
स्निग्धांगी चारुशुभ्रा पृथुकटिजघना सुस्वरा चारुकेशी ।
कूर्मपृष्ठा श्लक्ष्णा द्विरदसमपृथुस्कंधभागा सुवृत्ता
सा कन्या पद्मनेत्रा सुभगगुणयुता नित्यमुद्वाहयोग्या ॥ १ ॥

જેના ઉરૂ પુષ્ટ હોય, ગંડસ્થળ ભરેલાં હોય, દાંત સરખા અને નાના હોય, નાભિ દક્ષિણાવર્ત્ત હોય, અંગ ચીકણું હોય, સુંદર ગોરવર્ણું હોય, કેડ અને જઘન [પેડુનો ભાગ] વિશાળ હોય, સ્વર મધુર હોય, કેશ સુંવાળા હોય, પૃષ્ટ ભાગ કાચબાના જેવો હોય, શરીરમાં ગરમી અને શીતળતા સમાન હોય, સ્કંધનો ભાગ હાથીની જેમ સરખો હોય, ગોળ આકૃતિ હોય, નેત્ર કમળ જેવા હોય, અને ગુણ સારા હોય તેવી કન્યા વિવાહ કરવાને યોગ્ય છે ૧

पिंगाक्षी कूपगंडा परपुरुपरता स्थूलजंघोर्ध्वकेशी
लंबोष्ठी दीर्घवक्त्रा प्रविरलदशना श्यामताम्रोष्ठ जिह्वा ।
शुष्कांगी संगरक्ता विषमकुचयुगा नासिकाग्रांतवक्त्रा
सा कन्या वर्जनीया कुल सुखरहिता भर्तृघ्नी च नारी. ॥ २ ॥

જેના નેત્ર પીંગળાં હોય, [illegible]

[illegible]

જે પરસ્ત્રીમાં પ્રીતિ કરે નહિ, પોતાની સ્ત્રીમાંજ પ્રીતિ કરે, અને સ્ત્રીને ખુશી રાખે, તે **અનુકૂળ** નાયક કહેવાય છે, તે સર્વદા શુભ લક્ષણવાળો હોય છે. જેના ચિત્તમા પરસ્ત્રી રમી રહી હોય, પણ તેવા વિકારનો દેખાવ કરે નહી, અને કુળાચારને ચુકે નહી, તે **દક્ષિણ** નાયક કહેવાય છે. મુખે પ્રિય બોલે, પણ પ્રિય કરે નહી, અને કોપ રાખ્યા કરે, તે **શઠ** નાયક કહેવાય છે, એવા નાયકોનો પ્રચાર ઘણો હોય છે જે પોતાના અપરાધ જાણે નહી, અને અપમાન કરે, તોપણ અજ્ઞાનથી કામ કરે, તે **ધૃષ્ટ** નાયક કહેવાય છે એ શિવાય વર્ણભેદથી તેઓના ચાર ચાર ભેદ થતા એકંદર સોળ ભેદ થાય છે

નાયકના ભેદ યથાર્થ સાંભળી પ્રસન્ન થયેલી પ્રિયગુમંજરીએ પુન પ્રશ્ન કર્યો—સ્વામી ! રસ કેટલા ?

શ્રીચદ્ર બોલ્યો—રસ નવ. શૃગાર, હાસ્ય, વીર, કરૂણા અદ્ભુત. ભય—રૌદ્ર. બીભત્સ અને શાન્ત તે પ્રત્યેકના સ્થાયીભાવ. સચારીભાવ. સાત્વિકભાવ વિગેરે પ્રકાર છે શૃગારરસ સ્ત્રી પુરૂષના રાગથી ઉત્પન્ન થાય છે, તે સયોગ શૃગાર અને વિયોગ શૃગાર એવા બે પ્રકારનો છે; તેના પણ પ્રચ્છન્ન, અપ્રચ્છન્ન વિગેરે ઘણા પ્રકાર થાય છે. હાસ્યરસ સહજ અને નિમિત્ત હાસ્ય, એમ બે પ્રકારે થાય છે વીરરસના દાનવીર, ધર્મવીર અને યુદ્ધવીર એવા ત્રણ પ્રકાર છે. કરૂણારસના ભેદ શૃગારની જેમ થઇ શકે છે. રૌદ્ર અને બીભત્સરસ શરીરના આવેશ તથા ચેષ્ટા ઉપરથી જણાય છે. રૌદ્રરસ ભયકર દેખાવથી ઉત્પન્ન થાય છે, બીભત્સની ઉત્પત્તિ ગંદાઇમાથી થાય છે. પૂર્વના સર્વ રસની પુષ્ટતા જેના ગુણથી થાય, તે શાતરસ, જે સર્વથા વિશેષ પોષણ કરવાને યોગ્ય છે, તેને માટે અર્હતની વાણીમા ઘણુ વર્ણન કરેલુ છે

सम्यग्ज्ञान समुत्थानः शांतो निःस्पृह नायकः ।
रागद्वेषपरित्यागाच्छांतो रस उदाहृतः ॥ १ ॥

સમ્યગ્ જ્ઞાનથી ઉત્પન્ન થયેલો અને નિસ્પૃહ નાયક શાત કહેવાય, અને રાગ, દ્વેષના ત્યાગથી શાત રસ કહેલો છે

રસનુ સક્ષેપમા વર્ણન સાભળી પ્રિયગુમંજરી પ્રસન્ન થઇ, તત્કાળ તે હૃદયથી તેજ પતિને વરી પ્રેમથી સબોધન આપી બોલી—પ્રાણનાથ ! પુરૂષની બોંતેર કળાના નામ કહો

શ્રીચદ્ર બોલ્યો—૧ લેખન, ૨ ગણિત, ૩ ચિત્ર, ૪ ગીત, ૫ નૃત્ય, ૬ વાદ્ય, ૭ સાત સ્વરનુ જ્ઞાન, ૮ મૃદગાદિવાદ્ય, ૯ તાલમાન, ૧૦ જુગાર, ૧૧ પાસા, ૧૨ નેત્રજ—આઠ, ૧૩ જનવાદ, ૧૪ દક્ષતા, ૧૫ કામશ્રીનુ જ્ઞાન, ૧૬ અશન, ૧૭ પાન, ૧૮ વસ્ત્ર, ૧૯ વિલેપન, ૨૦ શયન વિધિ, ૨૧ આર્યા, ૨૨ પ્રહેલિકા, ૨૩ માગધિકા, ૨૪

ગાથા, ૨૫ ગીતિકા, ૨૬ શ્લોક, ૨૭ હિરણ્ય—સુવર્ણ, ૨૮ ચૂર્ણ, ૨૯ યોગ, ૩૦ ભૂષણનું ધારણ વિધિ, ૩૧ તરુણી સેવાનુ કર્મ, ૩૨ સ્ત્રી લક્ષણ, ૩૩ નર લક્ષણ, ૩૪ અશ્વ લક્ષણ, ૩૫ ગજ લક્ષણ, ૩૬ વૃષભ લક્ષણ, ૩૭ મણી પરિક્ષા ૩૮ કુર્કટ લક્ષણ, ૩૯ છત્ર, ૪૦ દંડ, ૪૧ ખડ્ગ ૪૨ કાકિણી રત્ન, એ સર્વના લક્ષણ તથા ગુણ દોષ જાણવા ૪૩ વાસ્તુવિદ્યા, ૪૪ ગૃહ સ્થાપના, ૪૫ નગર માન, ૪૬ ચાર, ૪૭ પ્રતિચાર, ૪૮ સેના વ્યૂહ, ૪૯ પ્રતિ વ્યૂહ, ૫૦ યુદ્ધ, ૫૧ નિયુદ્ધ, [બાહુયુદ્ધ] ૫૨ ચક્ર વ્યૂહ, ૫૩ શકટ વ્યૂહ, ૫૪ ગરુડ વ્યૂહ, ૫૫ અતિ યુદ્ધ, ૫૬ અસિ યુદ્ધ, ૫૭ મુષ્ટિ યુદ્ધ, ૫૮ બાહુ યુદ્ધ, ૫૯ [illegible], ૬૦ શર પ્રભેદ, ૬૧ [illegible], ૬૨ [illegible] લતાયુદ્ધ, ૬૩ હિરણ્ય પાક, ૬૪ સુવર્ણ પાક, ૬૫ સૂત્ર ખેડ, ૬૬ વસ્ત્ર ખેડ, ૬૭ પત્ર ખેડ, ૬૮ ઘટી ખેડ, ૬૯ કાષ્ટ [illegible], ૭૦ સજીવ કરણ, ૭૧ નિર્જીવકરણ, ૭૨ શકુન—પક્ષી વાણી જ્ઞાન, એ બોતેર પુરુષની કળા કહેવાય છે

કોઈ શાસ્ત્રમાં બીજે પ્રકારે પણ [illegible] નીચે પ્રમાણે [illegible] જાય છે

लिखित पठित संख्या गीति नृत्यानि नाट्या
पटह मरुजवीणा वंशभेरी परीक्षा ।
द्विरद तुरग शिक्षा धातुवाद मंत्रवादा
वलिपलित विनाशो रत्न नारी [illegible] ॥ १ ॥

छंदस्तर्क सुनीति तत्त्व कविता ज्योतिः [illegible]
भाषायोग रसायना [illegible] गतिः ।
वाणिज्यं नृपसेवनं च [illegible]
[illegible] ॥ २ ॥

[illegible]
[illegible] ।
[illegible]
[illegible] ॥ ३ ॥

[illegible]

પતે સ્ત્રીતે ખુશી રાખે, તે
જેના ચિત્તમાં પરસ્ત્રી
ચારને ચુકે નહીં, તે દક્ષિણ
પતે કોપ નાખ્યા કરે, તે શઠ
પાતાના અપરાધ જાણે નહીં,
કહેવાય છે એ શિવાય
થાય છે

મંજરીએ પુનઃ પ્રશ્ન કર્યો—

રૂણ, અદ્ભુત, ભય—રૌદ્ર,
સાત્વિકભાવ વિગેરે પ્રકાર છે
શૃંગાર અને વિયોગ શૃંગાર
ઘણા પ્રકાર થાય છે. હાસ્ય
વીરરસના દાનવીર, ધર્મવીર
જેમ થઈ શકે છે રૌદ્ર
છે રૌદ્રરસ ભયંકર દેખાવથી
ના સર્વ રસની પુષ્ટતા જેના
યોગ્ય છે, તેને માટે અહતની

नायकः ।
॥ १ ॥

શાંત કહેવાય, અને ના

સન્ન થઈ, તત્કાળ તે હૃદયથી
પુ ષ્પની જોતે કળાના

૪ ગીત, ૫ નૃત્ય,
કુગાર, ૧૧ પાસા, ૧૨
૧૬ સ્વપ્ન
પ્રહેલિકા,

રત્ન લક્ષણ, ૨૦ સ્ત્રી લક્ષણ, ૨૧ પુરૂષ લક્ષણ, ૨૨ છંદ—પીંગળ, ૨૩ તર્ક, ૨૪ નીતિ, ૨૫ તત્વ, ૨૬ કવિતા, ૨૭ જ્યોતિષ, ૨૮ શ્રુતિ [વેદ] ૨૯ વૈદ્યક, ૩૦ ભાષા, ૩૧ યોગ, ૩૨ રસાયન, ૩૩ અંજન, ૩૪ લિપિ, ૩૫ સ્વપ્ન, ૩૬ ઇંદ્રજાળ, [એ સર્વનું જ્ઞાન] ૩૭ કૃષિ, ૩૮ વ્યાપાર, ૩૯ રાજસેવા, ૪૦ શકુન, ૪૧ જળ સ્તંભન, ૪૨ અગ્નિ સ્તભન, ૪૩ દ્રષ્ટિ, ૪૪ લેપન, ૪૫ મર્દન, ૪૬ ઉર્ધ્વગતિ. ૪૭ ઘટ બંધ, ૪૮ ઘટ ભ્રમ, ૪૯ પત્ર છેદન, ૫૦ મર્મભેદન, ૫૧ કૃષિ જ્ઞાન, ૫૨ જળ જ્ઞાન, ૫૩ વૃષ્ટિ જ્ઞાન, ૫૪ લોકાચાર ૫૫ જનાનુવર્ત્તન, ૫૬ ફળ ભેદન, ૫૭ ખડ્ગ, ૫૮ ક્ષુરી બંધન, ૫૯ મુદ્રા, ૬૦ ઓજ, ૬૧ દંત, ૬૨ કાષ્ટકૃતિ, ૬૩ ચિત્રકૃતિ, ૬૪ ભુજ યુદ્ધ, ૬૫ દ્રષ્ટિ યુદ્ધ ૬૬ મુષ્ટિ યુદ્ધ, ૬૭ દંડ યુદ્ધ, ૬૮ ખડ્ગ યુદ્ધ, ૬૯ વાગ્યુદ્ધ, ૭૦ ગરૂડાદિ વ્યૂહ, ૭૧ ભૂતદમન, અને ૭૨ યોગ, એ બોંતેર કળાઓ છે.

આ પ્રમાણે જુદા જુદા પ્રકારે પુરૂષની બોંતેર કળા સાંભળી, પ્રિયગુમંજરી ખુશી થઇ. પુનઃ મધુર સ્વરે બોલી—પ્રાણેશ ! સ્ત્રીની ચોસઠ કળાનાં નામ કહો

શ્રીચંદ્રે તત્કાળ નીચે પ્રમાણે સ્ત્રીની ચોસઠ કળાનાં નામ આપ્યાં—૧ નૃત્ય, ૨ ઉચિત, ૩ ચિત્ર, ૪ વાજિંત્ર, ૫ મંત્ર, ૬ તંત્ર, ૭ જ્ઞાન, ૮ વિજ્ઞાન, ૯ દંભ, ૧૦ જળ સ્તંભન, ૧૧ ગીત જ્ઞાન, ૧૨ મેઘ વૃષ્ટિ જ્ઞાન, ૧૩ વૃક્ષરોપણ, ૧૪ આકારગોપન, ૧૫ અન્ન સૃષ્ટિ, ૧૬ કૃષિ જ્ઞાન, ૧૭ ધર્મ વિચાર, ૧૮ શકુન જ્ઞાન સાર, ૧૯ ક્રિયા કલ્પ, ૨૦ સંસ્કૃત જલ્પન, ૨૧ ગૃહ નીતિ, ૨૨ ધર્મ નીતિ, ૨૩ લીલા ગતિ, ૨૪ કામ વિકાર ભાષણ, ૨૫ સુવર્ણ સિદ્ધિ, ૨૬ વર્ણક વૃદ્ધિ, ૨૭ સુગંધિ તૈલ કર્મ, ૨૮ અશ્વ પરીક્ષા, ૨૯ ગજ લક્ષણ, ૩૦ પુરૂષ લક્ષણ, ૩૧ સ્ત્રી લક્ષણ, ૩૨ અઢાર લિપિ, ૩૩ સુવર્ણ રત્ન ભેદ, ૩૪ તાત્કાળિક બુદ્ધિ, ૩૫ વાસ્તુ સિદ્ધિ, ૩૬ વૈદ્યક ક્રિયા, ૩૭ કામ ક્રિયા, ૩૮ ઘટ ભ્રમ, ૩૯ સોગઠાબાજી, ૪૦ ચૂર્ણ યોગ, ૪૧ અંજન યોગ, ૪૨ હસ્ત લાઘવ, ૪૩ વચન પટુતા, ૪૪ ભોજન વિધિ, ૪૫ વાણિજ્ય વિધિ, ૪૬ મુખ મંડન, ૪૭ શાલિ ખંડન, ૪૮ કાવ્ય શક્તિ, ૪૯ કથા કથન, ૫૦ રોદન કળા, ૫૧ પુષ્પ ગ્રથન, ૫૨ વક્રોક્તિ, ૫૩ વેષ વિધાન, ૫૪ આભરણ વિધિ, ૫૫ સકળ ભાષા જ્ઞાન, ૫૬ ભૃત્યોપચાર, ૫૭ ગૃહાચાર, ૫૮ પર વચન નિરાકરણ, ૫૯ કેશ બંધન, ૬૦ વીણા વાદન, ૬૧ લોક વ્યવહાર, ૬૨ અંક વિદ્યા, ૬૩ વિતંડાવાદ, અને ૬૪ પ્રશ્ન પ્રહેલિકા.

આ ચોસઠ કળા ઉપરાંત શ્રીચંદ્રે ત્રિરાશિ, લીલાવતી, ગુણાકાર, ભાગાકાર અને ઘન ઘનવર્ગ વિગેરેનું સવિસ્તર વર્ણન કરી બતાવ્યું. રાજબાળા હૃદયમાં અતિ આનંદ પામી ગઇ શ્રીચંદ્ર અને પોતાના વિદ્યાગુરૂ એકજ છે, તેવો તેને નિશ્ચય થઇ ગયો પતિનું અપૂર્વ ચાતુર્ય તેના જાણવામાં તો આવી ગયું, પણ તેના હૃદયમાં શ્રીચંદ્રની મધુર અને વિદ્વાન ભરેલી [illegible] [illegible] ભાવ વધવાથી તેણિને પ્રહેલિકાથી પ્રશ્નો કરવા [illegible]—

पढमक्खर विण जग जीवाडे, मज्जक्खर विणु जगने पाडे.
अंतक्खर विण म्हुने मीठो, सो स्वामी में नयणे दीठो ॥ १ ॥

પેલો અક્ષર ન હોય તો જગતને જીવાડે, વચલો અક્ષર ન હોય તો જગતને પાડે. અને છેલ્લો અક્ષર ન હોય તો મને મીઠો લાગે તે શું ?

શ્રીચંદ્રે તેનો ઉત્તર આપ્યો— ' કાજળ '

રાજકુમારી બોલી—

पढमक्खर विण मीठो लागे. अंतक्खर विणु पंखी लागे,
वज्जक्खर विण सुखमां जाय, ते आवे तो वह पमाय ॥ २ ॥

પેલો અક્ષર ન હોય તો મીઠો લાગે, [illegible] વચલો અક્ષર ન હોય તો સુખમાં જાય, તે આવે [illegible]

શ્રીચંદ્રે તેનો ઉત્તર આપ્યો— [illegible] ' [illegible] '

मज्जक्खर विण जगमां दमतो. आदिक्खर विण घर मांहे तो
अंतक्खर विणु सरूपे वाताग्री. तुमने जोवाने में आण्यो ॥ ३ ॥

જો વચલો અક્ષર ન હોય તો [illegible] તો, તેથી પર ગોજી, અને [illegible] તે ગે તમને જોવાને આપી [illegible]

[illegible]

अंतक्खर विणु वहे [illegible]. [illegible],
आदिक्खर विणु [illegible] ॥ ४ ॥

[illegible]

[illegible]

[illegible]

कोइ अक्खर नर नार कोप चर्डा नरने मारे,
देखे सघळा लोक, थोक पण कोइ न वारे;
नाठो जाणी नाथ, केडे शिर झाली आण्यो,
वळी दिये बहु मार, नारी गुण तेह वखाण्योः
कर पग विणु एम खेलना करे करावे अति घणी,
अवधि कही छ मासनी, नारी वांकी ते सुणी ॥ १ ॥

ચતુર શ્રીચંદ્ર સત્વર બોલ્યો— તેનો ઉત્તર, ‘ ગેડીદડો ’

રાજકુમારીએ બીજી સમસ્યા કહી.

त्रण अक्षरनी नार, नगर मांहे बहु दीशे,
वदन अनेक विशाल, जीभ कर पाय न दीसे,
नाटक करे अपार, अन्न खाती न धराये;
क्यारे न पिवे नीर, जीव विण सघळे व्यापे,
ते नारीने दाखवो, अवधि मास षट् जाणीये;
तुरत कहे जे तेहनी, बुद्धि सरव वखाणीए ॥ १ ॥

ચતુર રાજકુમારે ઉચ્ચે સ્વરે કહ્યુ—તેનો ઉત્તર, ‘ ચાળણી ’

મનમોહના પ્રિયંગુમંજરીએ ફરીથી પુછ્યુ—

पिउ परदेश सीधावते करे समस्या नारी,
पय जल सूरज द्विरदना, करे आकार मनोहार ॥ १ ॥

એ શુ મગાવ્યું તે કહો ?

શ્રીચંદ્રે તેનો ઉત્તર દોહાથીજ આપ્યો


तव श्रीचंद्र कहे इस्युं, खारोदक गज वार,
मंगाविर्युं धणियाणीए, ए संज्ञा चित्त धार ॥ १ ॥

તે સ્ત્રીએ બાગમાં ખારોદક [એરીતુ] મંગાવ્યુ.

રાજકુમારી બોલી—

પ્રકરણ ૪૭ મું.

મદનપાળની વિડંબના.



હીરા પટ રેશમીથી સુશોભિત રતિમંદિરમા પ્રિયંગુમંજરી પલંગ ઉપર બેઠી, પતિની વાટ જોતી હતી, દ્વારની બહાર તેની સખીઓ અને દાસીઓ ઉભી ઉભી ચતુરાની ચેષ્ટા જોતી હતી. રાજપુત્રી ચિંતવવા લાગી. પ્રાણનાથ કેમ હજુ આવ્યા નહીં? કોઈ મોહિત કરીને કે, મારી સ્વામી સખીએ તેમને રોક્યા તો નહી હોય? એમ મદનમૂર્તિ પ્રભુની પ્રેમમૂર્તિ, [illegible] ન થાય? તેઓએ દેદીપ્યમાન [illegible] નહી હોય? અને મારી [illegible] અનાદર થયો હશે? અથવા મે તેમને [illegible] તેથી [illegible] અભાવ તો નહી થયો હોય?

આ પ્રમાણે રાજબાળા વિચાર કરતી હતી [illegible] શાક મારગ કરી આવ્યો પોતાના [illegible] નામના [illegible] [illegible] ને બાળપતા, તે [illegible] પામા આવી, [illegible] આવી, તેણીએ [illegible] [illegible]

અર્પણ કર્યો વાજિંત્રોના નાદ સાથે વિવાહવિધિ સમાપ્ત કરવામા આવ્યો. તે પછી અભિનવ દંપતીનો વરઘોડો ચડ્યો માર્ગમાં ઇંદ્ર ઇંદ્રાણી, કામ રતિ, કૃષ્ણ લક્ષ્મી, ચંદ્ર રોહિણી, શિવ પાર્વતિ અને સૂર્ય રાનાદેના સૌભાગ્ય લોકો તરફથી કહેવામા આવ્યા

શ્રીચંદ્ર રાજરમણીને લઇ મદનપાળના મહેલમા આવ્યો મહેલને પ્રકાશમાન રત્નદીપથી પ્રકાશિત કરવામા આવ્યો હતો, રતિમંદિરની શોભા અદ્ભુત કરવામા આવી હતી, ચારે તરફ મનોહર વિલાસના અને શ્રૃંગારનાં સુશોભિત ચિત્રો મુકેલા હતાં.

મનગમતા વિદ્વાન્ અને વિલાસી પતિની સાથે રતિસુખની ઉમદી ઇચ્છા કરતી પ્રિયગુમંજરી પલંગ ઉપર આવી સમાન વયની સખીઓ અને દાસીઓ સાથે મુકવા આવી શયન મંડપમાં જતાં સખીઓ અને દાસીઓ બહાર ઉભી રહી રાજબાળા મુખવસ્ત્ર ઉઘાડ કરી રમણની સામે વિનયથી ઉભી રહી, તે વખતે શ્રીચંદ્રે કહ્યુ, રાજકુમારી! આજ્ઞા આપો, મારે શરીર ચિંતાએ જવું છે, પાછો હુ સત્વર આવુ છુ. ચતુર પ્રિયા લજ્જાથી હા ના કહી શકી નહીં શ્રીચંદ્ર મહેલની નીચે ઉતર્યો; ત્યા મદનપાળ આકુળ વ્યાકુળ થઇ ઉભો હતો શ્રીચંદ્રે કહ્યુ, મિત્ર! હવે કાર્ય સિદ્ધ કર્યુ છે, હુ ચાલ્યો જાઉં છું. એમ કહી જે રાજા તરફથી ભેટો મળી હતી, તે તેને સોંપી, સાસરાએ નાખેલી મુદ્રિકા પોતાની આંગળીમાથી કાઢી આપી પોતાનો નવરંગિત વેષ મદનને પહેરાવ્યો, પોતે કાપડીનો વેષ ધારણ કર્યો શ્રીચંદ્ર જવા તૈયાર થયો, એટલે મદનપાળ બોલ્યો, મિત્ર! તારા જેવા ઉપકારી મિત્ર થોડા હશે, મારે માટે તે બહુ કર્યું છે, એક વિદેશી થઇ મારા જેવા અપરિચિત મિત્રને તે જે સહાય આપી છે, તે બીજાથી આપી શકાય તેમ નથી મિત્ર ધર્મનો ખરેખરો નમુનો તારામાજ છે. મિત્ર કેવો જોઇએ? મૈત્રી ધર્મમાં શુ રહસ્ય છે? મિત્રનું કર્તવ્ય શુ છે? એ બધા પાઠ તનેજ વિદિત છે. ઉપકારી વીર! જગતમા તારા જેવા પરોપકારી, દયાળુ અને પરદુ:ખભંજન વિરલા હશે, મિત્રતાની ઉજ્વળ કીર્ત્તિ, મિત્રતાની પરમ પવિત્રતા તમારા અંતરંગમા સ્ફુરી રહેલી છે પ્રિય બાંધવ! તમારો હુ પૂર્ણ આભારી છું, યાવજ્જીવિત તમારી દાસવૃત્તિ કરવા તૈયાર છુ કહો મિત્ર! હવે પાછા ક્યારે મળશો? આ સદાના તમારા રૂણી મિત્રને કિંચિત્ પ્રત્યુપકારરૂપ સેવાનો લાભ ક્યારે આપશો? આટલુ કહી મદનપાળ શ્રીચંદ્રના ચરણમા નમી પડ્યો. શ્રીચંદ્ર તેને કરવડે બેઠો કરી પ્રેમાલિંગન આપી, ત્યાથી સત્વર વિદાય થયો.

મંદ સ્વરે રૂદન કરતાં બોલી—જનની ! વિવાહમાં કાંઇ દગો થયો છે મને પરણનાર રાજપુત્ર કયાંઇક ચાલ્યા ગયા. કોઇ બીજો પુરૂષ તેનો વેષ પહેરી મારા મંદિરમા આવ્યો છે વિવાહિત પતિ દેહચિંતાનું બહાનું બતાવી ચાલ્યા ગયા છે, તેનો કયાંઇ પત્તો નથી. બીજા કોઇ અરસિક અને અકુલીન પતિએ શયનગૃહમાં પ્રવેશ કર્યો, તેથી હું ભય પામી અહીં છુટી આવી છુ. માતા ! ધર્મની સહાયથી મારા શીળનું રક્ષણ થયું છે હવે શું કરવું ? તે પુરૂષ અદ્યાપિ મારા મેહેલમાં રહ્યો છે.

રાણી આશ્ચર્ય પામી બોલી—બેટા ! એ બનવું અસંભાવિત છે, ગમે તેમ થાય, પણ તને પરણનાર તે વીર પુરૂષ કદિ પણ તેવો દગો કરે નહીં. કદિ કોઇ કારણથી તેમ બન્યું હોય, તોપણ તને મુકી દીયે, એ વાત તો બનેજ નહીં, ગમે ત્યાંથી તે પાછો આવી, તને શરણ આપશે. તેવા વિદ્વાન્ અને વીર રાજપુત્ર પોતાની પરિણીત પત્નિને પરપુરૂષને અર્પણ કરે, તે અસંભવિત છે. પુત્રી ! ધૈર્ય રાખ, નિશ્ચિંત રહે, હમણાંજ તેની તપાસ કરાવીએ.

રાણી પોતાના મેહેલમા પુત્રીને રાજાની પાસે લાવી, બનેલો સર્વ વૃત્તાંત નિવેદન કર્યો. તે સાંભળી રાજા આશ્ચર્ય પામી ગયો. તત્કાળ તેણે મંત્રીને બોલાવી, શ્રીચંદ્રના મેહેલ ઉપર પહેરો રાખવા આજ્ઞા કરી.

પ્રાતઃકાળે નૃસિંહ રાજાએ ક્રોધથી સિંહવત્ બની, મદનપાળને પોતાની પાસે બોલાવ્યો. તેનો સુંદર વેષ જોઇ, રાજા વિચારમાં પડયો આકૃતિ ઉપરથી ' આ શ્રીચંદ્ર ' નથી, એવો નિશ્ચય તો થયો, તથાપિ તેને શંકા રહેવાથી પુછ્યું, રાજકુમાર ! જો તમે ખરેખરા શ્રીચંદ્ર હો, તો મુદ્રાલેખ બતાવો, અને વિવાહ વખતે જે પ્રશ્નો પુછવામાં આવ્યા હતા, તે ફરી વાર જણાવો. રાજાનાં આ વચન સાંભળી મદનપાળ ભયભીત થઇ ગયો, તે કાંઇ પણ બોલ્યો નહીં, તેનું શરીર કંપવા લાગ્યું; તે જોતાજ રાજાને વધારે વહેમ પડગો. ક્ષણ વારે નિશ્ચય થતાં તત્કાળ રાજા ક્રોધથી બોલ્યો—અરે કપટી ! તું કોણ છે ? આવો બનાવટી વેષ લઇ રાજમંદિર આવ્યો, તે શું વિચારીને ? તથાપિ મદનપાળ કાંઇ બોલ્યો નહીં, એટલે રાજાને વિશેષ કોપ ચડયો તત્કાળ મદનપાળની ઉપર ચાબુખના ઘા કરવા માડયા; માર એ પંદરમું રત્ન છે તત્કાળ મદનપાળ પોકાર કરતો બોલ્યો—સ્વામી ! ક્ષમા કરો, હું મકરધ્વજ રાજાનો પુત્ર મદનપાળ છુ, તમારા રાજ્યના પાડોશમાંજ મારા પિતાનું રાજ્ય છે શ્રીચંદ્રે મારો ઉપકાર કરવા વેષ પરાવર્ત્ત કરી, રાજકુમારીને પરણ્યો હતો તે ઉપકારી પુરૂષે પ્રથમથીજ મારી સાથે સંકેત કરી, આ કામ કર્યું હતું, એમ કહી પોતાનો સર્વ વૃત્તાંત પ્રથમથી નિવેદન કર્યો.

મદનપાળની વાત ઉપર રાજાને જરા વિશ્વાસ આવ્યો, તત્કાળ તેણે એક રાજપુત્ર જાણી છોડી દીધો, અને જે લગ્નમાં દાયજો વિગેરે આપવામાં આવેલ, તે બધુ રાજાએ પાછું લઇ લીધુ. મદન જીવ લઇ પોતાની રાજધાનીમાં ચાલતો થયો

રાજા નૃસિંહે પોતાના મંત્રીઓને અને શહેરના આગેવાનોને બોલાવી, શ્રીચંદ્રને માટે શું કરવું, તેનો વિચાર કર્યો; તે વખતે તારક નામનો એક ભાટ કે જે શ્રીચંદ્રની સ્થિતીને જાણતો હતો, તેણે રાજાને ધીરજ આપી કહ્યું કે, મહારાજા ! ચિંતા કરશો નહિ. શ્રીચંદ્ર પાછા સત્વર આવી, રાજકુમારીને મળશે. તે વિદ્વાન ગુણી છે, ઘણે સ્થાને તેમના આવી રીતેજ વિવાહ થએલા છે. આથી રાજાને વિશેષ ધીરજ આવી.

તે ચતુર ભાટે વિલાપ કરતી રાજકુમારી પ્રિયંગુમંજરીને પણ આશ્વાસન આપ્યું. પ્રિય બેન ! ચિંતા કરશો નહીં, રાજકુમાર આનંદ આલીથી જતી વખતે મને મળ્યા હતા. તેમણે તમને આપવાને આ મુદ્રિકા આપી છે, એમ કહી તે ભાટે રાજકુમારીના હાથમાં મુદ્રિકા આપી, અને કહ્યું કે, આ મુદ્રિકાને પતિની પ્રેમમૂર્તિ જાણજો, અને પ્રતિદિવસ તેની પૂજા કરજો. તે મુદ્રિકા લઇ પ્રિયંગુમંજરી ખુશી થઇ, અને આશારૂપ સરિતાના પ્રવાહમાં તણાતી તણાતી પિતૃગૃહમાં રહી, દિવસ નિર્ગમન કરવા લાગી.

પ્રકરણ ૪૮ મું.

શ્રીચંદ્ર ગુફામાં.



ક ભયંકર ગુફા હતી, જેમાં ઉતરવાને પગથીઆંની મોટી શ્રેણી હતી, આગળ જતાં એક બે માળનું નવરંગિત મંદિર ઉભું હતું, મંદિર આગળ સારો પ્રકાશ પડતો હતો, તે પ્રકાશ સૂર્યનો ન હતો, પણ વિવિધ જાતનાં રત્નોનો હતો, મંદિરનો દેખાવ ઘણો રમણીય હતો, રત્નજડીત બારીબારણાંઓથી તે ઘણું સુશોભિત લાગતું હતું.

આ મંદિરમાં એક પુરૂષ દાખલ થયો. તેનો વેષ ક્ષત્રિય કુમારના જેવો હતો, હાથમાં એક દિવ્ય ખડ્ગ રાખ્યું હતું તે વીરનર આ નવીન મંદિરના માળ ઉપર ચડ્યો, ત્યાં એક વિચિત્ર મણિમય મંડપ જોવામાં આવ્યો. મંડપની ચારે બાજુ સુંદર પુતળીઓ ગોઠવેલ હતી, મધ્ય ભાગે એક સિંહાસન મુકેલું હતું. તે યુવાન પુરૂષ તે સિંહાસન ઉપર જઇને બેઠો. આવા સુંદર ગૃહમાં કોઇ પણ મનુષ્ય નથી, તેનું શું કારણ હશે ? એમ તે વિચાર કરતો હતો, ત્યાં મંડપની એક તરફ જરા ખુલ્લું રહેલું એક દ્વાર તેના જોવામાં આવ્યું. તે જોતાંજ યુવાન બેઠો થયો, તે દ્વાર ઉઘાડી અંદર પેઠો, ત્યાં એક રત્નમય શય્યા ઉપર બેઠેલી નારી જોવામાં આવી આવા નિર્જન સ્થળમાં આ પ્રાણી ક્યાંથી ? એમ તે આશ્ચર્ય પામ્યો.

તે પુરૂષને જોતાજ વાનરી શય્યામાથી બેઠી થઇ, ચરણમાં આવી તેણીએ વંદના કરી, અને તે યુવાન પુરૂષનો છેડો પકડી તેને આગ્રહ દર્શાવી શય્યા ઉપર બેસાર્યો. તે જોઇ તરૂણ પુરૂષ આશ્ચર્ય પામી ગયો. તત્કાળ તેણે વાનરીને કહ્યું, અરે મુગા પ્રાણી ! તુ ચેષ્ટા ઉપરથી મને મનુષ્ય જાતી લાગે છે, તે છતાં વાનરીરૂપે કેમ દેખાય છે ? તારૂ વૃત્તાંત જાણવાની મને ઉત્કંઠા છે. તરૂણ પુરૂષનાં આવા વચન સાભળી વાનરીના નેત્રમાથી અશ્રુધારા ચાલવા લાગી રૂદન કરતી કપિનીએ પોતાનો હાથ લાબો કરી, તે પુરૂષને એક આરીયું બતાવ્યુ તે સંજ્ઞાથી જાણી લઇ, પુરૂષે બેઠા થઇ તે આરીયું ઉઘાડ્યુ, તેમા બે કુંપા જોવામા આવ્યા. કુપાની અંદર એકમા કાળું અને બીજામાં ધોળુ, એમ બે જાતના અંજન જોવામા આવ્યાં વાનરીએ શ્યામ અંજન ઉપર આંગળી કરી, પોતાની આંખનો સ્પર્શ કર્યો. એ ચેષ્ટા ઉપરથી જાણી લઇ તરૂણ પુરૂષે, તે શ્યામ અંજન વાનરીના નેત્રમાં આંજ્યુ અંજન આજતાંજ તે કપિરૂપ છોડી સુંદર માનુષી થઇ ઉભી રહી, તેના શરીર ઉપર દિવ્ય સૌંદર્ય ઝળકી ઉઠયું, મનોહર મુખની છબી પૂર્ણચંદ્રને શરમાવવા લાગી, પદ્મનાં જેવાં વિશાળ લોચન ઉપર ચપળતા છવાઇ રહી, યૌવનથી લલિત એ લલનાએ ક્ષત્રિય કુમારને પ્રણામ કર્યા. તરૂણ પુરૂષ બોલ્યો—સુંદરી ! તમે કોણ છો ? આવા એકાંત સ્થળમા તમને કોણ લાવ્યું છે ? આ સ્થાન કોનું છે ? તમારા જેવી મનોહર માનુષિ સ્ત્રીને વાનરીરૂપે કરનાર કોણ છે ? આવુ અધર્મ કાર્ય કોણે કર્યું ? આ સર્વ વૃત્તાત જાણવાની મને ઉત્કંઠા છે, જો કાંઇ પણ બાધ ન હોય, તો મને જણાવશો.

એ સુંદરીએ વિનયથી તરૂણ પુરૂષને આ પ્રમાણે જણાવ્યું હેમપુર નગરમા રૂપથી કામદેવને જીતનાર **મકરધ્વજ** નામે રાજા છે, તેને **મદનાવળી** નામે રાણી છે, તેણીના ઉદરથી **મદનપાળ** નામે એક પુત્ર અને તેથી નાની **મદનસુંદરી** નામે પુત્રી થઇ છે રાજકુમારી મદનસુંદરી તેના માતાપિતાને વધારે વહાલી છે, અનુક્રમે તે બાળા યૌવનવયને પ્રાપ્ત થઇ, માયાળુ માતાપિતાએ તે બાળાને વિદ્યાભ્યાસ કરાવ્યો, સ્ત્રીઓની અને પુરૂષોની કળા તેણીને શીખવી, તેમાં પુરૂષોના બત્રીશ લક્ષણો તેણીના જાણવામા આવ્યા, એટલે તે બાળાએ નિશ્ચય કર્યો કે, બત્રીશ લક્ષણવાળો જે પુરૂષ હોય, તેની સાથે મારે વિવાહ કરવો આવી તેની પ્રતિજ્ઞા માતાપિતાના જાણવામાં આવી, તેમણે પણ તેમા અનુમોદન આપ્યુ

વીર મહાશય ! એક વખતે એવુ બન્યુ કે, મદનસુંદરીનો ભાઇ મદનપાળ ફરવા જતો હતો, ત્યા પ્રિયંગુમંજરી નામે એક કુમારીકા તેની નજરે ચડી ગઇ. તેણીનુ સુંદર રૂપ જોઇ મદનપાળ મોહ પામી ગયો, તેના હૃદયમાં તેણીનો વિરહાગ્નિ પ્રગટ થયો રાગી મદનપાળ બનતો પ્રયત્ન કરીને પણ પ્રિયંગુમંજરી મેળવવાને યત્ન કરવા લાગ્યો તેનો યત્ન સફળ થતો ન હતો, કારણ કે પ્રિયંગુમંજરી રાધાવેધ કરનાર એક શ્રીચંદ્રકુમાર ઉપર રાગી થઇ હતી શ્રીચંદ્રકુમારના રાગને લઇ તેણીએ મદનપાળ ઉપર જરા પણ પ્રેમ દર્શો નહી.

આથી મદનપાળ ઘેલા જેવો થઇ રાજ્યમાથી ચાલી નીકળ્યો. રાતદિવસ પ્રિયં-

ગુમંજરીના નામની જપમાળા ફેરવતો તે જંગલોમાં ભટકવા લાગ્યો, અને રાગઘેલો થઇ ઘણી વિટંબનાઓ ભોગવવા લાગ્યો.

એક વખતે કોઇ પ્રવીણ ગાયક હેમપુરના રાજાના દરબારમાં આવી ચડયો. તેની ગાયન કળા સાભળવાને રાજા મકરધ્વજે એક જાહેર સભા ભરી. તે ચતુર ગાયકે કુશસ્થલીના રાજા પ્રતાપસિંહના પુત્ર શ્રીચંદ્રકુમારના ગુણોનું ગાયનમાં વર્ણન કર્યું, તે સાભળી મહારાજા અને બીજા શ્રોતાઓ ઘણા ખુશ થઇ ગયા. રાજા મકરધ્વજે તે ગાયકને મોટું ઇનામ આપ્યું. શ્રીચંદ્રકુમારના ગુણ સાભળી રાજા મકરધ્વજે પોતાના મંત્રી સાથે વિચાર કર્યો કે, રાજકુમારી મદનસુંદરીનો સબંધ શ્રીચંદ્રકુમારની સાથે કરવો, અને તેને માટે યોગ્ય ગોઠવણ કરવા પણ માંડી.

આ અરસામાં મદનસુંદરી સખીઓની સાથે વનમાં રમવા ગઇ. તે બાલિકા એક પુષ્પગૃહમાં પોતાની સખીઓની સાથે રમતી હતી, ત્યાં કોઇ વિદ્યાધર આકાશમાંથી અચાનક આવ્યો. કામપીડિત એ વિદ્યાધર મદનસુંદરીને ત્યાંથી હરી ચાલતો થયો. તે વિદ્યાધરે પોતાની સ્ત્રીના ભયથી તે રાજકુમારીને આ ગુફામાં મુકી, તે મદનસુંદરી હું પોતેજ છું. તે દુષ્ટને મેં ઘણી પ્રાર્થના કરી, પણ તેણે માન્યું નહીં, અને બળાત્કારે મારી સાથે વિવાહ કરવાની ઇચ્છા કરી, તે વિવાહની સામગ્રી લેવાને બહાર ગયો છે. મને પેલા કુંપામાંથી અંજન લગાડી વાનરી બનાવી ચાલ્યો ગયો છે. તે ગયા આજે પાંચ દિવસ થયા છે, મેં જ્યારે રૂદન કરી ઘણી આજીજી કરી, ત્યારે તેણે ચાલતી વખતે મને કહ્યું—સુંદરી ! હું **રત્નચુડ** નામે વિદ્યાધર છું, મને સ્વામી તરીકે સ્વીકારતાં તું ઘણીજ સુખી થઇશ. મારા ગોત્રના વિદ્યાધર રાજાઓએ એકઠા મળી, મને મારી રાજધાનીમાંથી બહાર કાઢી મુક્યો છે, મણિભૂષણપુર નામે મારી સુંદર રાજધાની છે, મારૂં રાજ્ય તેઓએ પોતાને સ્વાધીન કરી લીધું છે.

મૃગાક્ષી ! એક વખતે પદભ્રષ્ટ થઇ હું ભટકતો ભટકતો કુશસ્થળી નગરીમાં આવી ચડયો. ત્યાં એક મોટા સૈન્યનો પડાવ મારા જોવામાં આવ્યો. હાથી, ઘોડા, રથ અને પેદલની ઘણી સંખ્યા તેમાં સામેલ હતી, તેમાં દાખલ થયો; ત્યાં એક મોટો વિશાળ તંબુ જોવામાં આવ્યો, તેમાં સુવર્ણના પલંગ ઉપર એક પદ્મિણી સ્ત્રી પોતાની સખીઓની સાથે ક્રીડા કરતી બેઠી હતી. તેના તંબુની આસપાસ ઉઘાડી તરવારો લઇ વીર સુભટો ચોકી કરવા ફરતા હતા, તે પદ્મિણી પોતાને સાસરેથી પિતાને ઘેર જતી હતી, તે મનોરમાને જોતાંજ મને ઘણો મોહ ઉત્પન્ન થયો, તેનું હરણ કરવાનો લાગ જોઇ હું છાની રીતે ત્યાં રહ્યો, પણ મને લાગ મળ્યો નહિ; વળી તે બાળા સતી હતી, પતિ શિવાય પ્રાણાંતે પણ અન્ય પુરૂષનો સ્પર્શ કરે તેવી ન હતી, તેણીના શીલની રક્ષા કરવા માટે દિવ્ય પુરૂષો તેની પાસે રહેતા હોય, તેવું મને ભાન થયું, તેથી હું નિરાશ થઇ પાછો ફર્યો. તે પછી કોઇ પણ બીજી સુંદર સ્ત્રીની શોધમાં દેશોદેશ હું ફરવા લાગ્યો. ફરતા ફરતાં હેમપુર નગરમાં આવ્યો, ત્યાં મારા જોવામાં તું આવી, તારા અલૌકીક સૌંદર્ય ઉપર મારૂં ચિત્ત ઠર્યું,

અને લાગ જોઇ હું તને હરણ કરી અહીં લાવ્યો છુ. મારી સ્ત્રી સ્વભાવે ઉગ્ર છે, તેથી તેનાથી ભય પામી હું તને અહીં એકાંતે લાવ્યો છુ. તે સાથે તેણે જણાવ્યુ કે, આવતે ગુરૂવારે મધ્યાન્હે હું તારી સાથે લગ્ન કરીશ. હું લગ્નની સામગ્રી લેવા જાઉં છુ.

મહાનુભાવ ! તે દુષ્ટ વિદ્યાધર આ પ્રમાણે કહી ગયો છે આજે ગુરૂવારનો દિવસ છે, એ દુષ્ટ હમણાંજ આવી પહોંચશે, તે પહેલા મારો બચાવ કરો.

આ પ્રમાણે મારો વૃત્તાંત મેં આપને જણાવ્યો, હવે આપ કોણ છો ? અને ક્યાંથી આવો છો ? તે કૃપા કરી જણાવશો. આકૃતિ ઉપરથી તમે કોઇ પરાક્રમી દેખાઓ છો, મારાં શુભ કર્મે આપને મોકલ્યા હોય તેમ લાગે છે. હવે હું નિર્ભય છુ, એમ મને નિશ્ચય થાય છે. તમારા જેવા સાહસિક શિરોમણિ નરનાં દર્શનથી હું પૂર્ણ રીતે કૃતાર્થ થઇ છુ. મારા શીળનો ભંગ થવાની શંકા હવે જરાપણ રહેતી નથી.

વાંચનારે અનુમાનથી તો જાણ્યું હશે કે, આ તરૂણ પુરૂષ તે આપણી વાર્તાનો મુખ્ય નાયક શ્રીચંદ્રકુમાર છે. એ સમર્થ વીર યક્ષકન્યાને પ્રાપ્ત કરી આગળ ચાલ્યો, તે વખતે તેણે ક્ષત્રિય વેષ ધારણ કર્યો હતો. આગળ જતાં એક ભયંકર અટવી આવી, તે અટવીમાં પલ્લીપતિઓ ઘણા રહેતા હતા, જાતજાતનાં શીકારી પ્રાણીઓના અવાજ સાંભળવામાં આવતા હતા. ભયંકર અટવીમાં ફરતો શ્રીચંદ્રકુમાર એક ઘાટી ઝાડીમાં દાખલ થયો. વૃક્ષોની ઘટાથી સૂર્યનાં કીરણો પણ દેખાતા ન હતા, ચારે તરફ અંધકાર છવાઇ રહ્યો હતો. આગળ જતાં એક વૃક્ષ નીચે તેજનો ગોળો જોવામાં આવ્યો, ચારે તરફ તેનો દિવ્ય પ્રકાશ થઇ રહ્યો હતો. સાહસિક શ્રીચંદ્રે ત્યાં જઇ જોયુ, ત્યાં એક તેજસ્વી ખડ્ગ પડેલુ જોયું. રાજકુમારે ખડ્ગ હાથમાં લીધું, ત્યાં તેના જાણવામાં આવ્યું કે, 'આ તો ચંદ્રહાસ ખડ્ગ છે.' આવા ઘાટા જંગલમાં આ ખડ્ગ કોણ લાવ્યુ હશે ? ઇત્યાદિ અનેક વિચાર કરતો શ્રીચદ્ર ખડ્ગ લઇ, આગળ ચાલ્યો. થોડે દૂર જતાં એક વાસનુ જાળ જોવામાં આવ્યુ, ખડ્ગની તીક્ષ્ણતા જોવાને કુમારે તે જાળ ઉપર ખડ્ગનો ઘા કર્યો, ત્યાં જાળની સાથે એક પુરૂષને કપાયો જોયો. કમળનાં નાળવાની જેમ પુરૂષના બે કટકા જોઇ, શ્રીચદ્ર ચમકી ગયો. અરે ! આ શું વિપરીત બન્યું ? મે કોઇ પુરૂષનો ઘાત કર્યો, મહા પાપ લાગ્યુ, આ પાપથી નરકમાં પણ મારો વાસ થશે નહીં. મારા જેવા અહિંસાધર્મીને પંચેદ્રિયનો ઘાત મહા પાપનું કારણ થયો. આ પાપમાંથી હું કયારે મુક્ત થઇશ ? આવુ ચિંતવી તે કપાએલા પણ તડફડતા પુરૂષની આગળ શ્રીચદ્ર આવ્યો, તેણે પોતાનુ ખડ્ગ તેના હાથમાં આપી કહ્યું, ભદ્ર ! હું તારો ઘાતક મહા અપરાધી છું, આ ખડ્ગવડે મારૂં મસ્તક છેદી નાખ, જેથી હું તારા અપરાધમાંથી મુક્ત થાઉં તે ઘાયલ પુરૂષ શિથિળ થઇ ગયો હતો, તેણે સંજ્ઞા કરી જણાવ્યુ કે, મને જળપાન કરાવો તે જાણી શ્રીચંદ્રે પાસેના એક ઝરણામાંથી જળ લાવી આપ્યુ જળપાન કરી તે મૃત્યુ પામી ગયો.

શ્રીચંદ્ર તે આખો દિવસ પાપના પશ્ચાતાપમાં આકુળ વ્યાકુળ રહ્યો, તેણે આખો દિવસ અન્ન જળ લીધાં નહિ. જ્યારે રાત્રિ પડી, એટલે તે કોઇ આશ્રય શોધવાને આ-

ગળ ચાલ્યો, હાથમા ચદ્રહાસ ખડ્ગ લીધુ થોડે દૂર જતાં એક વડનુ જંગી ઝાડ આવ્યું; તે વડની નીચે એક દર્ભનો સંથારો જોવામા આવ્યો. શ્રીચદ્રે તે ઉપર સુવાની ઇચ્છા કરી, અને મનમા ચિતવ્યુ કે, જે પેલા નરનો મે ઘાત કર્યો, તે પુરૂષનું આ શયનસ્થાન હશે. આવુ ચિતવી તેણે દર્ભનો સંથારો ઉંચો કર્યો, ત્યાં એક બખોલ જોવામાં આવી, તે ઉપર કાષ્ટ તથા ઘાસ ઢાંક્યાં હતા, તે દુર કરી જોયું, ત્યાં એક ગુફા જોવામાં આવી; તેમાં ઉતરી આગળ ચાલ્યો, ત્યાં એક શિલા પડેલી જોઇ. શિલાને દુર કરી, ત્યાં પગથીઆની શ્રેણી જોવામા આવી, તે શ્રેણીએ ચાલતાં ઉપર કહેલ નવરગિત ભુવન અને મદનસુંદરીનો વૃત્તાત બન્યો હતો

શ્રીચદ્રે કહ્યુ—ભદ્રે ! હુ એક મુસાફર છું; હું કુશસ્થલીમાંથી આવ્યો છું. દારિદ્રથી દુખી થઇ દ્રવ્યને માટે દેશાટન કરૂં છુ કર્મયોગે આ ગુહામાં આવી ચડયો છુ, તમે મનમાં જરા પણ ખેદ કરશો નહીં કદિ તે વિદ્યાધર પરણે, તોપણ ખેદ કરશો નહીં, કર્મની રેખા કદિ પણ ટળતી નથી, પ્રાણીને કર્મ પ્રેરક છે, માટે ધૈર્ય રાખજો. કર્મથી કોઇ બળવાન નથી, આ સચરાચર જીવલોક કર્મને આધીન છે.

શ્રીચદ્રના આવા વચન સાભળી મદનસુંદરીએ હૃદયમા વિચાર્યું; " આકૃતિ ઉપરથી આ કોઇ પુરૂષ બત્રીશ લક્ષણવાળો દેખાય છે, માટે આ પુરૂષનેજ પતિ કરવો યોગ્ય છે. " આવુ ચિતવી મદનાતુર મદના બોલી—રાજકુમાર ! મારા ભાગ્યયોગે તમે પધાર્યા છો, મારૂ હૃદય હું આપનેજ તાબે કરૂ છુ હવે હું આપની થવા ઇચ્છું છું. મહાનુભાવ ! મે પ્રથમ પ્રતિજ્ઞા કરી હતી કે, બત્રીશ લક્ષણવાળા પુરૂષને વરવુ, તે મારી પ્રતિજ્ઞા તમારાથી સફળ થાય તેમ છે, તમારા સુદર શરીર ઉપરજ બત્રીશ લક્ષણો સ્પષ્ટ દેખાય છે. શ્રીચદ્રે હસતાં હસતાં કહ્યુ—રાજકુમારી ! મારામા બત્રીશ લક્ષણો હોય, તો મારે દેશાટન કરવુ કેમ પડે ? વળી તે બત્રીશ લક્ષણો કયા ? તે મને જણાવો

મદનસુદરી બોલી—મહાનુભાવ ! તે બત્રીશ લક્ષણવાળો પુરૂષ દેશાટન કરે, તથાપિ તેને સર્વ સુખ પ્રાપ્ત થાય છે, તેનો વિસ્તાર સામુદ્રિક શાસ્ત્રમા કહેલો છે. જેના શરીરમા પાચ લાંબાં, ચાર ટુકા, પાંચ સૂક્ષ્મ, ચાર ઉંચાં, સાત રાતાં, ત્રણ પહોળા, ત્રણ ગભીર અને એક સ્યામ અગ હોય, તે બત્રીશ લક્ષણવાળો પુરૂષ હોય છે. બે હાથ, બે નેત્ર, આગળા, જીભ અને નાસિકા, એ પાચ લાબાં હોય; વાંસો, કટિ, લિંગ અને જાઘ, એ ચાર ટુંકાં હોય, દાંત ત્વચા, નખ, પર્વ અને કેશ, એ પાંચ ઝીણાં હોય; કાખ, ખભા, મસ્તક અને પગ એ ચાર ઉંચાં હોય, હાથપગનાં તળીયાં, તાળવુ, જીભ, નેત્રના ખૂણા, નખ અને હોઠ, એ સાત રાતા હોય; લલાટ, હૃદય અને મુખ, એ ત્રણ પહોળાં હોય, નાભિ, સત્વ અને સ્વર, એ ત્રણ ગંભીર હોય, અને જેના કેશ અતિ સ્યામ હોય, તે બત્રીશ લક્ષણવાળો પુરૂષ કહેવાય છે.

વળી બીજે પ્રકારે પણ બત્રીશ લક્ષણ રેખા ઉપરથી ગણાય છે. જેઓની રેખાઓમાં ૧ છત્ર, ૨ કમળ, ૩ ધનુષ્ય, ૪ વજ્ર, ૫ વાવ્ય, ૬ સ્વસ્તિક, ૭ તોરણ, ૮ રથ,

૯ અંકુશ. ૧૦ કાચબો, ૧૧ સિંહ, ૧૨ ધ્વજા, ૧૩ વૃક્ષ, ૧૪ હાથી, ૧૫ મત્સ્ય, ૧૬ જવ, ૧૭ મહેલ, ૧૮ સ્તૂપ, ૧૯ પર્વત, ૨૦ દર્પણ, ૨૧ ચામર, ૨૨ સરોવર, ૨૩ પુષ્પની માળા, ૨૪ વૃષભ, ૨૫ કમંડળ, ૨૬ પૂર્ણકુંભ, ૨૭ કમળાકર, ૨૮ ચક્ર, ૨૯ શંખ ૩૦ મોર, ૩૧ મગર અને ૩૨ સમુદ્ર; એવા ચિન્હ હોય, તે પણ બત્રીશ લક્ષણવાળો પુરૂષ કહેવાય છે.

આવાં લક્ષણવાળો પુરૂષ જ્યાં જાય, ત્યાં સમૃદ્ધિ પામે થાય છે, તેના મહેલની આગળ નોબતોનો નાદ થાય છે, તેના રૂપ ઉપર સુંદર રમણીઓ મોહ પામે છે, ભયંકર અંતરાય પણ તેને નડી શકતો નથી, તેના શરીરમાં વર્ણથી અધિક સ્નિગ્ધતા હોય છે, અને સ્નિગ્ધતાથી અધિક વચનની કોમળતા હોય છે, અને કોમળતાથી વિશેષ ગાંભીર્ય હોય છે

આ બધાં લક્ષણો તમારામાં સ્પષ્ટ દેખાય છે, તેથી મન, વચન અને કાયાએ કરી મેં તમને પતિ કર્યા છે પ્રાણનાથ ! આ દાસીનો સ્વીકાર કરો, આ સંસારમાં હવે તમારોજ આધાર છે કદિ એ વિદ્યાધર આવે, તોપણ મારે તેનું કાંઇ કામ નથી. પીતળની સાથે સુવર્ણનો યોગ કરવા કોણ ઇચ્છા કરે ? પ્રાણેશ ! હવે મારો ઉદ્ધાર કરો. તે દુષ્ટ વિદ્યાધર આવ્યા પહેલાં અહીંથી ચાલ્યા જવું જોઇએ હવે તેને આવવાનો સમય છે દુર્જનથી દૂર રહેવું એ સારૂં છે, તે વિષે સાહિત્ય શાસ્ત્રમાં નીચેનું એક પદ્ય કહેવાય છે—

शकटं पंचहस्तेन, दशहस्तेन वाजिनम् ।
गजं हस्तसहस्रेण, देशत्यागेन दुर्जनम् ॥ १ ॥

ગાડાથી પાંચ હાથ દૂર રહેવું, ઘોડાથી દશ હાથ દૂર રહેવું, હાથીથી એક હજાર હાથ દૂર રહેવું, અને દુર્જનથી દેશનો ત્યાગ કરી દૂર રહેવું ૧

પ્રાણેશ ! અથવા મારે હવે શી ચિંતા છે ? તે ચિંતા આપને રાખવાની છે જે સિંહના ઉત્સંગમાં બેસે, તેને બીજાં શીકારી પ્રાણીઓનો શો ભય હોય ? હવે સત્વર ગાંધર્વવિધિથી મારૂં પાણિગ્રહણ કરો. મદનસુંદરીનાં આવાં વચન સાંભળી શ્રીચંદ્રે કહ્યું, રાજકુમારી ! તે વિદ્યાધરની બીક રાખશો નહિ, દેવગુરૂનું સ્મરણ કરો કર્મની ઘટના હશે તો, તમારી ઇચ્છા સફળ થશે. તમે કહો છો કે, મધ્યાન્હ કાળે લગ્નનો સમય છે, તો તે સમય આ ગુફામાંથી શી રીતે જાણી શકાશે ? રાજકુમારી બોલી, સ્વામી ! આ મંદિરની નજીક એક ખાડ છે, તેમાં એક બારી છે, તે બારીએથી બાહેરનો ભાગ દેખાય છે, તે ઉપરથી દિવસનું પરિમાણ થાય છે, એમ કહ્યા પછી શ્રીચંદ્રને મદનાએ તે બારી બતાવી મદનસુંદરીએ મધ્યાન્હ કાળ થયો, એટલે પ્રથમ દિવસના ઉપવાસનું પારણું કરી શ્રીચંદ્રની સાથે ગાંધર્વવિધિથી વિવાહ કર્યો. નાગરવેલ અને સોપારીની જેમ તમનો યોગ

શોભવા લાગ્યો, રત્નની સાથે સુવર્ણનો યોગ થયો, રાજકુમારી સ્ત્રીજીવનને કૃતાર્થ માનવા લાગી, નવયૌવના સુંદરી યૌવનવયનું ફળ પ્રાપ્ત કરી હૃદયમા અસંત આનંદ પામી.

મધ્યાન્હકાળ થયા પછી રાજબાળાએ સ્વામીને પુછ્યું, કાંત ! અદ્યાપિ તે વિદ્યાધર કેમ નહી આવ્યો હોય ? શ્રીચંદ્રે જણાવ્યું, પ્રિયા ! પાપી પોતાના પાપથીજ નાશ પામી જાય છે; તે વિષે એક સંસ્કૃત કાવ્ય જાણવા જેવું છે.

कुमंत्रैः पच्यते राजा फलं कालेन पच्यते ।
लंघनैः पच्यते तापः पापी पापेन पच्यते ॥ १ ॥

રાજા નઠારા વિચારોથી પચાય છે, કાળવડે ફળ પચાય છે, લાંઘણ કરવાથી તાવ પચે છે, અને પાપી પાપવડે પચે છે. ૧

રાજકુમારીએ પુછ્યું, તે શી રીતે બન્યું ? પ્રિયા ! જ્યારે હું આ વનમા આવ્યો, ત્યારે આ ચંદ્રહાસ ખડ્ગ પડેલું મારા જોવામા આવ્યું. તે ખડ્ગ લઇ મેં એક વાંસના જાળ ઉપર વાપર્યું. તે જાળની સાથે એક પુરૂષ કપાઇ ગયેલો મારા જોવામા આવ્યો, એ નરહત્યાથી મને ઘણો પશ્ચાતાપ થયો; અદ્યાપિ મારા હૃદયમાં તે શલ્યની જેમ પીડે છે. તે પુરૂષે પ્રાણાંતકાળે મારી પાસે જળ માગ્યું, મે તેને જળપાન કરાવ્યું, જળપાન કર્યા પછી તે પરલોકે ચાલ્યો ગયો, અને મારા હૃદયમાં પાપનો પશ્ચાતાપ મુકતો ગયો. પ્રાણેશ્વરી ! મને લાગે છે કે, એ મરનાર પુરૂષ તેજ વિદ્યાધર હશે. એ પાપી પોતાના પાપથી વિનાશ પામી ગયો.

આ વૃત્તાંત સાંભળી મદના નિર્ભય થઇ ગઇ પછી પેલા બે ચમત્કારી કુંપાઓ લઇ, બંને દંપતિ ગુફાની બહાર નીકળી આગળ ચાલ્યા. ગુફાની ઉપર એક શિલા મુકી દીધી, અને પોતાની વિવાહભૂમિની રક્ષા કરી, શ્રીચંદ્ર હાથમા ચંદ્રહાસ ખડ્ગ લઇ, પોતાની પ્રિયાની સાથે આગળ ચાલ્યો અરણ્યને ઉલ્લંઘન કરી ચાલતા એક ગામ આવ્યું, ત્યાં રહેલી મુસાફરોની ધર્મશાળામાં તે દંપતિ ઉતર્યા. ધર્મશાળાની આસપાસ એક નાની વાડી હતી, વાડીનો રક્ષક માળી, તે ધર્મશાળાના મુસાફરોની બરદાસ કરતો હતો, અને તેમાંથી પોતાનો નિર્વાહ ચલાવતો હતો શ્રીચંદ્રે ધર્મશાળામા પોતાની પ્રિયાની પાસે રસોઇ કરવા ઇચ્છા જણાવી મદના તેથી ખુશી થઇ, માળીની પાસે ઘી, સાકર, મશાલો અને બીજી ઉંચી સામગ્રી મંગાવી, મદનાએ પ્રિયને માટે સ્વાદિષ્ટ રસોઇ બનાવી. માલપુવા, ઘેબર, મોદક, અને જાતજાતનાં શાક સંસ્કારથી સુધારી તૈયાર કર્યાં શ્રીચંદ્રને ભોજન લેવા વિનતી કરી, એટલે આસ્તિક શિરોમણી શ્રીચંદ્ર સ્નાન કરવા ગયો પ્રાસુક જળથી સ્નાન કરી, પવિત્ર વસ્ત્રાભરણ ધારણ કરી, તીર્થની સન્મુખ ઉભો રહી, પછી પંચાંગ પ્રણામ કરી, ઉત્તરાસંગ રાખી, કરકમળ લલાટ ઉપર જોડી, અને મદ મત્સર ભાવનો ત્યાગ કરી, નીચે પ્રમાણે ચૈત્યવંદન તેણે મધુર સ્વરે ઉચ્ચાર્યું

" પરમાનંદ પ્રકાશ ભાસ, ભાસિત ભવ પીળા,
લોકાલોક લોકવે, નિત એહવી લીલા;
ભાવ નિભાવપણે કરી, જેણે રાખ્યો અળગો,
તકપરે પય મેળવી, તેહ થકી નવિ વળગો;
તેણીપરે આતમ ભાવને એ, વિમળ કર્યો જેણે પુર,
તે પરમાતમ દેવનુ, દિન દિન વધતુ નુર. ૧

નામે તો જગમાં રહ્યા, થાપના પણ તિમહી,
દ્રવ્યે ભવ માંહે વસે, પણ ન કળે કિમહી;
ભાવ થકી સવી એક રૂપ, ત્રિભુવનમે ત્રિકાળે,
તે પારંગતને વંદીયે, ત્રિહું યોગે સ્વ ભાળે;
પાળે પાવન ગુણ થકી એ, યોગ ખેમંકર જેહ,
જ્ઞાનવિમળ દર્શને કરી, પુરણ ગુણ મણિ નેહ. ૨

આ પ્રમાણે ચૈત્યવદન કરી ' નમુથ્થુણં ' એ સ્તવન ભાવથી ભણી, શ્રીચંદ્રે તીર્થાભિમુખે અંગ નમાવી, વંદના કરી. ત્યા રસોઇ કરી પ્રાણેશની રાહ જોઇ ઉભેલી મદનાએ શ્રીચંદ્રના નામની મુદ્રા દીઠી, અને તે નામ વાંચી આત્માને તે કૃતાર્થ માનવા લાગી. રાજકુમારીએ વિચાર્યું કે, કુશસ્થલીપુરનો પ્રતાપી શ્રીચંદ્ર તે આ પોતેજ, જેના ગુણનું યશોગાન પેલા ગાયકે પિતાના દરબારમા કર્યું હતું. હવે મારો જન્મ સફળ થયો. પિતાજીની ધારણા પૂરી થઇ. આ પ્રમાણે મનમાં મગ્ન થતી મદના આશાના અનેક તરંગો ઉછાળવા લાગી, અને ભોજનને માટે સ્વામીની રાહ જોઇ ઉભી રહી.

પ્રકરણ ૪૯ મું.

ધર્મ દેશના.



મુનિઓ શાંત મુદ્રાને ધારણ કરતા વિચરે છે, તેમના શરીર ઉપર મુનિ ધર્મનો પ્રકાશ પડી રહ્યો છે, હાથમાં રાખેલાં રજોહરણ જાણે અહિંસારૂપ રાજ્ય લક્ષ્મીના ચામર હોય, તેવા દેખાય છે, *શ્યામ વર્ણના દંડ જાણે નઠારાં કર્મને શિક્ષા કરવા ધારણ કર્યા હોય, તેમ લાગે છે, મુખ શ્રૃંગાર વગરનાં વિરૂપ છે, તથાપિ તે ઉપર ધર્મનું સૌદર્ય ઝળકી રહ્યું છે. આ બંને અનગાર પારણાને માટે ભિક્ષા લેવા જતા હતા. તે ભિક્ષા શરીરની પુષ્ટિ માટે ન હતી, પણ ધર્મ નિર્વાહનું સાધન શરીર હોવાથી તેને માત્ર આહાર આપવાને માટે હતી.

આ તરફ મદનસુંદરી રસોઇ તૈયાર કરી ઉભી હતી. શ્રીચંદ્રનું ખરૂં સ્વરૂપ જાણી, તેણીના મનમાં હર્ષોલ્લાસ થતો હતો. શ્રીચંદ્ર ચૈત્યવંદન કરી, ભોજન કરવા આવ્યો, પણ તેના આસ્તિક હૃદયમાં અતિથી સંવિભાગ વ્રતનું સ્મરણ થઇ આવ્યું. કોઇ સુપાત્રને ભિક્ષા આપવાની મનમા અભિલાષા થઇ, તે અભિલાષાથી તે ઉભો ઉભો દિશાવલોકન કરતો હતો, અને મનમાં ઉત્તમ ભાવના ભાવતો હતો. તે બંને પવિત્ર અનગાર શ્રીચંદ્રની દૃષ્ટિએ પડયા ભાગ્ય યોગે સુપાત્રનો યોગ થઇ આવ્યો. ચંદ્રને જોવાથી ચકોર પક્ષીની જેમ, અને સૂર્યના દર્શનથી ચક્રવાકની જેમ શ્રીચંદ્ર અને મદનસુંદરીને આનંદ થયો.

ભાવનાથી ભવ્ય હૃદયવાળો શ્રીચંદ્ર મુનિઓની સામો આવ્યો અને વંદના કરી, ભિક્ષા લેવાની પ્રાર્થના કરી. આહારની અપેક્ષાવાળા મુનિઓએ પ્રાર્થના સ્વીકારી, અને તેના સ્થાનમાં આવી ઉભા રહ્યા. ઉમંગરંગમાં ભરપૂર એવા શ્રીચંદ્રે મુનિઓને ઉત્તમ પકવાન અને શાકાદિ યોગ્ય પદાર્થો વોહોરાવ્યા. મુનિઓને પ્રતિલાભિત કરી, શ્રીચંદ્ર આત્માને કૃતાર્થ માનવા લાગ્યો, પછી પોતે પ્રિયાની સાથે ભોજન લીધું. પોતાની મુસાફરીમાં આવો અપૂર્વ લાભ તેને આ પ્રથમજ મળ્યો, તેને માટે તેણે મદનાને ધન્યવાદ આપ્યો, અને હૃદયમા નિશ્ચય કર્યો કે, આ સારાં પગલાની પત્નિને સર્વદા સાથે રાખવી. મદનાનું સૌભાગ્ય બળવાન થયુ.

ભોજન કર્યા પછી પોતાની પ્રિયાને લઇ, શ્રીચંદ્ર જ્યાં તે બન્ને મુનિઓનો વાસ હતો ત્યા ગયો. મુનિઓને વિધિપૂર્વક વંદના કરી, અને સુપાત્રનો યોગ પોતાને પ્રાપ્ત

* શ્યામ વર્ણના દંડનો નિષેધ કરેલો સભળાય છે, તેથી નિશ્ચય કરવો [જુઓ પ્રવચન સારોદ્ધાર.]

જિનચંદ્ર, તેમ સર્વ ધર્મમાં સમ્યકત્વ છે. સમ્યકત્વ વિના બીજી ક્રિયાઓ આ સંસારરૂપ નાટકના ચાળા જેવી છે ચિંતામણિ, કલ્પવૃક્ષ, કામધેનુ, પારસમણિ અને નિધિરત્ન એ સમ્યકત્વની આગળ સેવક સમાન છે. તેને માટે સિદ્ધાતમા લખે છે કે —

सम्मत्तं परमं तत्तं सम्मत्तं परमो गुरु ।
सम्मत्तं परमो देवो सम्मत्तं परमं पयं ॥ १ ॥

સમ્યકત્વ એજ પરમ તત્વ, પરમ ગુરૂ, પરમ દેવ, અને પરમ તત્વ છે. (૧)

એ સમ્યકત્વ ધર્મરૂપ કલ્પવૃક્ષનું મૂળ છે, ચારિત્રરૂપ દેવાલયની તે પીઠ છે, ધર્મરૂપ વહાણનું તે જળસ્થાન છે, અને સર્વ ગુણરૂપ મણિઓનો નિધાન—ભંડાર છે. તે સમ્યકત્વ આત્મભાવથી અથવા ઉપદેશથી પ્રાપ્ત થાય છે, સમ્યકત્વ પ્રાપ્ત થવાથી કર્મની સાતે પ્રકૃતિનો *ક્ષય થાય છે, અને અનાદિ પદમા દોષનો નાશ થઇ જાય છે. જે જીવ સમકિતને સ્પર્શે, તે અર્દ્ધ પુદ્ગલ પરાવર્ત્ત કરે છે. તેની ભવમા કરેલી અશાતનાઓ દૂર થઇ જાય છે, ઉત્કૃષ્ટપણે સમ્યકત્વ–દર્શનનો આરાધક એવો જીવ, જો ચારિત્રવડે યુક્ત થાય, તો તે આઠ ભવે શિવપુરીના દર્શન કરે છે, સમ્યકત્વને પ્રાપ્ત કરી, જો જીવ તેને હારે છે, તો તે અનંતકાળ સુધી ભવભ્રમણ કરે છે. જ્ઞાન અને દર્શન બન્ને સાથે હોય, અને તેમા જો ચારિત્ર ભળે, તો તેને ક્ષણમા મોક્ષપદ મળે છે, અને તેનાં સંસારના સંકટો ક્ષણમા ટળી જાય છે જેમ શરદઋતુ કમળ વિનાની શોભે નહીં, તેમ સમ્યકત્વ વિના ક્રિયાઓ શોભતી નથી. ચતુરંગી સેના જેમ નાયક વિના શોભે નહીં, તેમ સમ્યકત્વ વિના ક્રિયા શોભતી નથી ભરસમુદ્રમાં સઢ વિનાનુ નાવ તરતું નથી, તેમ સમ્યકત્વ વિના આ સંસારરૂપ સમુદ્ર તરી શકાતો નથી જેમ સંગ્રામ ભૂમિમા હથીઆર વિનાનો શૂરવીર નકામો છે, અને ઇંધણા વિનાનો અગ્નિ નિસ્તેજ છે, તેમ સમ્યકત્વ વિના ક્રિયા તેવી છે. સમ્યકત્વ વિનાની ક્રિયાવડે નિર્જરા થતી નથી, સમકિત વિનાનું અનુષ્ટાન બુઝાઇ ગયેલા અગ્નિ જેવું, બેરાની આગળ વાત કર્યા જેવુ, અને અંધારે નાટક ભજવવા જેવું છે. જ્યાં સુધી મિથ્યાત્વ શમ્યુ નથી, ત્યા સુધી સમ્યકત્વને માટે જે પ્રયત્ન કરવો, તે ફોતરા ખાડ્યા જેવુ, અને શબને શણગાર્યા જેવુ છે. કેટલાએક એમ કહે છે કે, ‘ અમે સમ્યકત્વવાળા છીએ ’ એ અભિમાનનાં વચન છે સમ્યકત્વવાળા તેવુ કહેતા નથી, જે શૂરા હોય, તે શૂરાપણુ કહે નહી, પણ શૂરાપણુ કરી બતાવે છે સંસારના સુખથી જો કે રહિત હોય, તોપણ શુદ્ધ સમકિતવાળા સત્પુરૂષો પરભવથી ડરે છે, તેઓ કદિપણુ આત્મપ્રશંસા કરતા નથી. ગણધરો મોટા સમર્થ હોય છે, તથાપિ તેઓ સ્વપ્રશંસાની વાણી કહેતા નથી, પણ તેઓ ઉલટા બીજાના ગુણો સાભળવા ઇચ્છા કરે છે કેટલાએક અવિરતિના બળથી પચ્ચખાણુ કરતા નથી, તેઓ આ સંસાર સુખના સેવક થઇ રહે છે. વિરતિમા ઉદ્યમવાળા પુરૂષો સ્વધર્મમાં વિશેષ દૃઢ રહે છે, અને અન્ય મતના દંભ દેખીને તેઓ પોતાનું મન


* મોહનીય કર્મ ક્ષય, ક્ષયોપશમ, કે ઉપશમ, અનાદિ મિથ્યાત્વ દોષ

લલચાવતા નથી તેવા મહા પુરૂષો બીજાનો ઉપકાર પરમાણુ જેવો હોય, તેને મેરૂ પર્વતના જેવો ગણે છે. બીજાએ કરેલા ઉપકારને તેઓ કદિ પણ ભુલતા નથી અને બને ત્યાંસુધી બીજાનાં દુઃખને દૂર કરે છે રાગ દ્વેષવાળા દેવને તેઓ ગણતા નથી, દૂષિત વચનને સાભળતા નથી. જ્યાં સંવર હોય, ત્યાંજ તત્વનો માર્ગ છે; આશ્રવ સંસારના માર્ગને વધારે છે. રાજકુમાર ! સમ્યક્તવને માટે શાસ્ત્રમાં ઘણું કહેલુ છે, તે ઉપર વિજય રાજા અને હરિબળ રાજાની પ્રખ્યાત કથાઓ છે. તમારી મનોવૃત્તિ પવિત્ર જોઇ, અમને સંતોષ થાય છે. તમે એવા સમ્યક્તવનું સર્વદા સેવન કરો, એ અમારો ઉપદેશ છે.

આ પ્રમાણે દેશના આપી, મુનિ વિરામ પામ્યા. મુનિની દેશનાથી શ્રીચંદ્ર અને મદનસુંદરી ઘણાંજ ખુશી થયાં. તેઓના હૃદયમાં સમ્યક્તનું સ્વરૂપ પાછું વિશેષ તાજું થયુ. ભાવના ઉલ્લાસથી શરીર ઉપર રોમોદ્‌ગમ થઇ ગયો, આર્હત ધર્મના પ્રભાવિક તેજથી તેઓ પ્રકાશમાન થઇ ગયાં. ઉગ્રવિહારી મુનિઓ ત્યાંથી બીજે વિહાર કરી ગયા. શ્રીચદ્ર અને મદના મુનિઓને વાંદી પોતાને સ્થાને આવ્યાં. તે રાત્રી ત્યાંજ રહી બીજે દિવસે તેઓ પણ આગળ ચાલવાને તત્પર થયાં. જેમનું દર્શન આપણને હવે બીજી ભૂમિકામા થશે.

પ્રકરણ ૫૦ મું.

ત્રિપુરાનંદ યોગી.



દરનગરની બહારની ભૂમિમાં એક અવધૂત પુરૂષ બેઠો છે, માથે જટા રાખેલી છે, કંઠમાં મોટા પારાની માળાઓ પહેરેલી છે, તે શરીરે કદાવર અને પુષ્ટ છે, તેની ભ્રગુટીનો દેખાવ ભયંકર છે, નેત્રના ખુણામાં રતાશ દેખાય છે, શરીરે કૃષ્ણ વર્ણ છે; આ ભયંકર પુરૂષની દૃષ્ટિ નગર તરફ હતી. કોઇ પણ પુરૂષ ત્યાં થઇને પસાર થતો, તેનું તે અવધૂત સૂક્ષ્મ દૃષ્ટિએ નિરીક્ષણ કરતો હતો. ઘણી વાર થઇ, પણ તેની ધારણા પ્રમાણે કોઇ પુરૂષ તેને મળી આવ્યો નહિ, એટલે તે લાંબો નિશ્વાસ મુકી બેઠો થયો. હળવે હળવે શહેરના વસ્તીવાળા ભાગમાં આવવા લાગ્યો. વાંચનારને આ પુરૂષને ઓળખવાની ઇચ્છા થઇ હશે. તે પુરૂષ આ ચાલતા પ્રકરણનો નાયક છે, તેનું નામ ત્રિપુરાનંદ યોગી છે, તેને સુવર્ણ પુરૂષ સાધવો છે. તે સાધનામાં બત્રીશ લક્ષણવાળા એક ઉત્તર સાધક પુરૂષની જરૂર છે, તેવો કોઇ પુરૂષ તેને મળતો નથી. પ્રત્યેક શહેર અને ગામે તે શોધ કરતો ફરે છે, તથાપિ હજી તેની ઇચ્છા સફળ થઇ નથી.

જ્યાં એ પુરૂષ અત્યારે ફરે છે, તે કલ્યાણપુર નામે નગર છે, આ નગરમા

જૈન વસ્તી ઘણી વસે છે, ગુણવિભ્રમ નામે ત્યાં રાજા છે, તેના તાબામાં બીજા સાત દેશ છે, આથી કલ્યાણપુરનું રાજ્ય જગતમાં મોટું રાજ્ય ગણાય છે, વળી તે યાત્રાનું સ્થળ છે દંડકળશ નામે એક જિનાલય કલ્યાણપુરમાં આવેલું છે, તે મેરૂ પર્વતના જેવું ઉંચું અને નમુનાદાર છે, તેની અંદર ઉંચી જાતની કારીગરી કરવામાં આવી છે, વિદેશી યાત્રાળુઓ શ્રેણીબંધ તેના દર્શન માટે આવે છે, દંડકળશ ચૈત્યની દિવ્ય શોભા જોઇ, પ્રેક્ષકો ચકિત થઇ જાય છે. તેની અંદર આવેલી જિન પ્રતિમા ઘણી મનોહર, દિવ્ય અને ચમત્કારી છે. અધિષ્ટાયક દેવના પ્રભાવથી એ જિનાલય પ્રભાવિક તરીકે વિશ્વમાં પ્રખ્યાત થયું હતું.

પેલો ત્રિપુરાનંદ યોગી ચાલતો ચાલતો આ જિનાલય પાસે આવ્યો, ત્યાં લોકોનું મોટું ટોળું જમાવ થતું તેના જોવામાં આવ્યું, સ્ત્રી પુરૂષો દોડાદોડ કરી રહ્યા હતાં. આ દેખાવ જોઇ યોગીએ વિચાર્યું કે, આવા જનસમૂહમાં વખતે કોઇ તેવા પુરૂષનો યોગ થઇ જાય તો, કાર્યસિદ્ધિ સત્વર થાય; આવું વિચારી, યોગી ચૈત્યનાં દ્વાર આગળ ઉભો રહ્યો. લોકોનું મોટું વૃંદ અંદર એકઠું થઇ શાંતપણે ઉભું હતું, સર્વની શ્રવણ ઇંદ્રિય સુધાપાન કરતી હતી, ત્રિપુરાનંદ પણ કંઠમાધુર્યથી મોહિત થઇ, બહાર સાંભળવા ઉભો રહ્યો, તેવામાં ચૈત્યમાંથી નીચેનું સ્તવન વસંત રાગમાં તેના સાંભળવામાં આવ્યું.

શ્રી જિન સ્તવન.

[રાગ વસંત.]

" જિનરાજ હમારે દિલ વસ્યા, કિમ વસ્યા કિમ વસ્યા કિમ વસ્યા,
જિન.
જ્યું ઘન મોર ચકોર કિશોર ને, ચંદ્રકળા જેમ મન વસ્યા. જિન. ૧
(એ આંકણી)
વીતરાગ તુમ મુદ્રા આગે, અવર દેવ કહિયે કિશ્યા, જિન.
રાગી દ્વેષી કામી ક્રોધી, જે હોયે તેઓની શી દિશા. જિન. ૨
આધિ વ્યાધિ ભવની ભ્રમણા, અમથી તે સઘળા નશ્યા, જિન.
જેણે તુમ સેવ લહીને છોડી, તેણે મધુમશપરેં કર ઘશ્યા. જિન. ૩
મોહાદિક અરિયણ ગયા દુરે, આપ ભયથી તે ખશ્યા, જિન.
તાળી દઈ સયણ સદાગમ, પ્રમુખા તે સવિ મન વશ્યા, જિન. ૪
પ્રભુ તુમ શાસન આગે અવરના, મત ભાસિત કિંકા જિસ્યા, જિન.
આજ અમારે એહ શરીરે, હરખ રોમાંચિત ઉલ્લસ્યાં. જિન. ૫

મિથ્યા મત ઉરગે બહુ પ્રાણી, જે હઠ વિષ કરસેં ડશ્યાં, જિન.
તે હવે જ્ઞાનવિમળ પ્રભુ પામી, સરસ સુધારસ મેં લસ્યાં. જિન. ૬

ઉપરના ગીતનો મધુર ધ્વનિ ચારે તરફ વ્યાપી રહ્યો, તેનો પ્રતિધ્વનિ માધુર્યના વધારા સાથે સર્વત્ર પડી રહ્યો, શ્રોતૃવર્ગ ચિત્રવત્ સ્તંભિત થઇ ગયો, કંઠના માધુર્ય ઉપરથી યોગી ત્રિપુરાનંદે નિશ્ચય કર્યો કે, આ ધ્વનિ કોઇ લક્ષણવાળા પુરુષનો લાગે છે. વસંત રાગનું સ્વરૂપ તેણે યથાર્થ ખડું કર્યું છે, તાલ અને લે સાથે પૂર્ણ રીતે રાગને પ્રકાશ કરનાર આ કોઇ કળાવાન પુરુષ દેખાય છે. ત્રિપુરાનંદ આવું ચિંતવન કરતો હતો, ત્યા તેની દક્ષિણ ભુજા અને દક્ષિણ નેત્ર ફરકવા લાગ્યા. આ શુભ સૂચનાએ તેના ઉત્સાહને દ્વિગુણ કર્યો. યોગીના હૃદયમાં આશાનો આનંદ વ્યાપી રહ્યો. ઉમંગ રંગમાં યોગિરાજ રમી રહ્યો.

ક્ષણ વાર થઇ, ત્યાં ચૈત્યમાંથી એક સ્ત્રી પુરુષનું જોડું બાહેર નીકળ્યું. પ્રિય અને પ્રિયાની સરખી જોડી જોઇ, કલ્યાણપુરની જૈન પ્રજા સંતોષ માનવા લાગી. પ્રસાર થતા એ જોડાં ઉપર શ્રાવક અને શ્રાવિકાઓની સહસ્ર દૃષ્ટિ પડતી હતી, કેટલાએક ભાવિક લોકો મુનિની જેમ તેમને કર જોડી વંદના કરતા હતા, કોઇ આતિથ્ય કરવાને આગ્રહ કરતા હતા.

આ શ્રાવક દંપતિ કોણ છે ? તે વાચનારના જાણવામાં આવી ગયું હશે. પેલી ધર્મશાળામાથી આગળ ચાલીને શ્રીચંદ્ર તથા મદનસુંદરી આ કલ્યાણપુરમા આવી ચડયાં છે, નગરની બાહેરથીજ **દંડકળશ** ચૈત્યને જોઇ, અને લોકોની પાસેથી તેને યાત્રાનું સ્થળ જાણી, તેઓ સત્વર ચૈત્યમાં આવ્યાં હતાં. પવિત્ર હૃદયથી શ્રીચંદ્રે પ્રિયાની સાથે ચૈત્ય પ્રતિમાનાં દર્શન કર્યાં, અને ઉપર કહેલું સ્તવન વસંત રાગમાં ગાયું હતું. એ સ્તવનનાં માધુર્યથી કલ્યાણપુરના શ્રાવક શ્રાવિકાઓ સાંભળવાને દોડાદોડ કરી એકઠાં થયાં હતાં, તે વિષે ઉપર કહેવામા આવ્યું છે.

અહીં ચૈત્યમાંથી શ્રીચંદ્રને બાહાર નીકળતો જોઇ, યોગી ત્રિપુરાનંદ ખુશી થયો. એ વીરનરની આકૃતિ અને તેનાં લક્ષણો જોઇ, યોગીને નિશ્ચય થયો કે, આ પુરુષ ખરેખરો બત્રીશ લક્ષણો છે. તેના લલાટ ઉપર સ્વાભાવિક દયાળુતા દેખાઇ આવે છે; તે ઉપરથી ખાત્રી થાય છે કે, તે પરોપકારી પુરુષ કદિ પણ મારી કાર્યની સિદ્ધિ માટે આનાકાની કરશે નહી. આવો ઉત્તર સાધક પુરુષ મળશે, તો પછી હું સહેલાઇથી સુવર્ણ પુરુષને સાધી શકીશ. મારી જમણી ભુજા અને નેત્રે ફરકીને જે વિજય સૂચવ્યો છે, તે સફળ થવાનો. આવું ચિંતવી ત્રિપુરાનંદ યોગી શ્રીચંદ્રની પાછળ હળવે હળવે ચાલવા લાગ્યો. તે પ્રેમી જોડું ત્યાંથી થોડે દૂર આવેલા એક ઉદ્યાનમા આવ્યું. વૃક્ષની ઘાટી છાયા નીચે તેમણે ઉતારો કર્યો. યોગી તેમની ચેષ્ટા જોતો, ઉદ્યાનના એક ભાગમાં દૂર જઇ બેઠો, અને તે સમયની રાહ જોઇ આશાના તરંગમાં મહાલવા લાગ્યો.

શ્રીચંદ્રે પ્રિયાને રસોઇ કરવાની આજ્ઞા કરી, માળીની પાસે રસોઇની સામગ્રી મંગાવી. ચતુર મદનાએ અલ્પ સમયમાં રસોઇ તૈયાર કરી, બંને પ્રેમી દંપતિ આનંદપૂર્વક

ભોજન લઇ તૃપ્ત થયા વિદેશનાં કૌતુકોની અનેક વાર્ત્તાઓ કરી, પરસ્પર આનંદ પામવા લાગ્યા આ સમયનો લાભ લેવા પેલો ત્રિપુરાનંદ યોગી જ્યા તે પ્રેમી દંપતી બેઠાં હતા, ત્યા આવ્યો યોગીની પ્રચંડ આકૃતિ જોઈ, મદના વિચારમાં પડી, અને તેને પ્રત્યક્ષ વિઘ્નરૂપ માનવા લાગી યોગી શ્રીચંદ્રની પાસે ઉભો રહ્યો, ક્ષણુવાર શ્રીચંદ્રની સામું જોઇ, તે નીચે પ્રમાણે બોલ્યો —

દયાવીર ! આકૃતિથી તમે કોઇ પરોપકારી અને દયાળુ જણાઓ છો, તમારા લલાટ ઉપર ધાર્મિક તેજ ચળકે છે, હૃદય નિર્મળ દેખાય છે, મુખમુદ્રાપર ગાભીર્ય અને વિદ્વતાનુ દર્શન થાય છે. મહાનુભાવ ! હુ એક સાહસિક તાપસ છુ, મારૂ નામ ત્રિપુરાનંદ યોગી છે, સુવર્ણ પુરૂષની સિદ્ધિને માટે ઘણા દિવસ થયા મારો પ્રયાસ છે; બીજી સર્વ પ્રકારની તૈયારી મે કરેલી છે, માત્ર ઉત્તરસાધક પુરૂષની જરૂર છે બત્રીશ લક્ષણુવાળો એક ઉત્તરસાધક પુરૂષ કોઇ મારા જોવામા આવતો નહોતો, તેની શોધમા હુ ઘણા દિવસ થયાં ભમ્યા કરૂ છુ, આજે મારા ભાગ્યયોગે તમારો મેળાપ થયો છે તમારી આકૃતિ ઉપર બત્રીશ લક્ષણો સ્પષ્ટ દેખાય છે, જો કૃપા કરી મારા કાર્યમાં સહાય આપશો, તો હું તમારો આભાર માનીશ તમે નીતિશાસ્ત્રના જ્ઞાતા છો; પરકાર્ય કરનારા પુરૂષોને માટે સાહિત્યકાર શુ લખે છે, તે નીચેની ગાથા આપ ધ્યાન દઇ સાંભળશો.

> विरला जाणंति गुणा विरला पिच्छंति अत्तणो दोसा ।
> विरला परकज्ज करा परदुक्खे दुक्खिया विरला ॥ १ ॥
> विरला हि भये धीरा विरला पालंति निघणा नेहा ।
> विरला अतदुहिं हिं पीडिया परसुहे सुहिया विरला ॥ २ ॥

બીજાના ગુણુને જાણુનારા, પોતાના દોષ જોનારા, પરકાર્યને કરનારા, અને પારકે દુખે દુખી થનારા પુરૂષો વિરલા છે, ભયમા ધીરા રહેનારા વિરલા હોય છે, પોતાના સ્નેહને પાળનારા, અને બીજાનાં સુખને માટે અતિ પીડા પામનારા વિરલા હોય છે.

મહાનુભાવ ! ઉપકારનો મહિમા જુદોજ છે, ચંદનનુ વૃક્ષ ફળ વગરનું છે, તો પોતાના શરીરથી બીજાનો ઉપકાર કરે છે, કૃષ્ણાગરૂ પોતે દાહને સહન કરી, બીજાને ખુશબો આપે છે, એ સર્વ વાત તમારી જાણુમા છે. તમે પણુ આકૃતિથી પરદુખભંજન દેખાઓ છો, તેથી હુ આપને પ્રાર્થના કરૂ છુ કે, મને મારી વિદ્યા સાધવામા સહાય આપો. આશા છે કે, મારી પ્રાર્થનાનો ભંગ નહીં થાય. પ્રાર્થના ભંગ કરનાર કેવો હલકો હોય, તેને માટે નીચેની ગાથા આપને વિદિત હશે

> परपथ्थणा पवज्जं मा जणणि जणेसि एरिसं पुत्तं ।
> मा उयरेवि धिरिज्जइ मुपथ्थणभंगो कओ जेणं ॥ ? ॥

“ જે બીજાની પાસે પ્રાર્થના કરે, તેવા પુત્રને માતા જન્મ ન આપો, તેમજ જે બીજાની પ્રાર્થનાનો ભંગ કરે, તેવા પુત્રને ઉદરમાં ધારણ ન કરો. ”

યોગીનાં આવા દીન વચન સાંભળી ઉપકારી શ્રીચંદ્રનું હૃદય આર્દ્ર થઇ ગયું; તેણે તત્કાળ પ્રૌઢ સ્વરે જણાવ્યું, યોગીરાજ ! હું ખુશીથી તમારો ઉત્તરસાધક થઇશ. મારે લીધે જો તમારા સારાં કાર્યની સિદ્ધિ થતી હોય, તો મારે પછી મારી જાતને શામાટે ઉપયોગી ન કરવી ? માનવ જીવન પરોપકારથી અલંકૃત થાય છે. જો કાંઇ પણ માનવ શરીરે ઉપકાર થઇ શકે તેમ હોય, તો શામાટે ઉપકાર ન કરવો ? પશુ પક્ષીઓનાં શરીર અને સ્થાવર જાતિ બીજાના ઉપયોગમાં આવે છે, તો આ સચેતન માનવ શરીરથી પરોપકાર કેમ ન કરવો ? યોગીરાજ ! કહો, કયારે તમારે મારી જરૂર છે ? બીજી સાધનની સામગ્રી તૈયાર છે કે કેમ ?

શ્રીચંદ્રના આવાં ઉત્સાહ ભરેલાં વચન સાભળી યોગી ખુશી થયો. તે આનંદના ઉભરાથી બોલ્યો—મહાનુભાવ ! આજ રાત્રે તે ક્રિયા કરવાની છે; સ્મશાનમા જઇ એક પુરૂષના શબ ઉપર તે સાધના થશે. હું ત્યા જઇ બધી ગોઠવણ કરૂં છું, સમય વખતે આપ કૃપા કરી હાજર થજો. આ પ્રમાણે કહી યોગી બેઠો થયો. આનંદથી ઉતાવળાં પગલાં ભરતો સાધનાની સામગ્રી તૈયાર કરવામા તત્પર થયો. યોગી ગયા પછી શ્રીચંદ્રે પ્રિયાને કહ્યું, પ્રાણેશ્વરી ! આજે આ શરીરથી ઉપકાર કરવાનો સમય આવ્યો છે, તે બિચારા યોગીનું કાર્ય સિદ્ધ કરવા હું જઇશ, તે સમયે તમે કયા રહેશો ? પતિના વચન સાંભળી મદના બોલી—સ્વામિ ! આપ પરોપકાર બુદ્ધિએ જવા તૈયાર થયા છો, પણ મને શંકા આવે છે. એ યોગિની આકૃતિ પ્રચંડ છે, રખે તેમા કાઇ કપટ હશે, તો પછી શું કરીશું ? પ્રાણેશ ! પ્રથમથી દીર્ઘ વિચાર કરી, પગલું ભરજો, મને તો મોટી શંકા રહે છે. તે યોગીની આકૃતિ જોઇનેજ મારૂં અંગ કંપતું હતું; એવા કુટિલ હૃદયવાળા તાપસનો સંગ કરવો, તે મને તો જરા પણ રુચતું નથી નાથ ! તેવી ઘોર સાધનામા તમને હું નહીં જવા દઉં. આ પ્રમાણે રકઝક કરતા રાત્રિ થવા આવી, મદના પતિના વસ્ત્રનો છેડો ઝાલી ઉભી રહી.

શ્રીચંદ્ર મંદહાસ્ય કરી બોલ્યો—આગ્રહી અબળા ! હવે રજા આપો મનમાં જરા પણ શંકા રાખશો નહીં, નવકાર મંત્રના પ્રભાવથી મારા અંગની રક્ષા થશે. જ્યાં સુધી અર્હંત ધર્મની જ્યોતિ મારા હૃદયમા પ્રકટે છે, ત્યા સુધી મને કોઇ જાતનો ભય નથી. મારા અંગની ચારે તરફ જૈન મહા મંત્રની રક્ષા છે. પ્રિયા ! વિશ્વાસ રાખો. જેનું હૃદય નિર્મળ છે, જે ત્રિકરણ [મન, વચન અને કાયાને] યોગે શુદ્ધ છે, તેને સર્વદા શુભ પરિણામજ થાય છે, અંતરાયની મલિન છાયા તેની ઉપર પડતી નથી. જે મલિન હૃદયના હોય, તેમની ઉપર દુઃખની પરંપરા આવે છે. પાપી પોતાના પાપનોજ ભોગ થઇ પડે છે, હૃદયેશ્વરી ! વળી વિચારો કે, મેં તે યોગીને વચન આપ્યું છે, મારા વચન ઉપર [illegible], [illegible] વચનનો [illegible], એ ઉત્તમ પુરુ-

પને ઘટે નહી જગતની મર્યાદા મહાન્ પુરૂષોના વચન ઉપરજ ટકી રહી છે. વચનને માટે ધર્મવીરો નીચેનુ રમણીય પદ્ય ઉંચે સ્વરે બોલે છે

राज्यं यातु श्रियो यांतु यांतु प्राणा विनश्वराः ।
परं या स्वयमेवोक्ता वाचा मा यातु शाश्वती ॥ १ ॥

" રાજ્ય જાઓ, લક્ષ્મી ચાલી જાઓ, અને નાશવત પ્રાણ ભલે જાઓ, પણ પોતાની જાતે જે વચન કહેલુ હોય, તે શાશ્વત વચન ન જાઓ.. "

ગૃહેશ્વરી ! તમે પણ મારી સાથે ચાલો; પેલા પ્રભાવિક અજનવડે તમને વાનરી બનાવી, તે પાસેના વૃક્ષ ઉપર રાખીશ. આર્હત શાસનનો મહા મ ત્ર આપણા શરીરની રક્ષા કરશે, શાસનના અધિષ્ટાયક દેવતાઓ ચોકીદારની જેમ આપણી આગળ ઉભા રહેશે. પ્રિયા ! હીમ્મત રાખો.

આ પ્રમાણે શ્રીચદ્રે કહ્યુ, એટલે મદનાના હૃદયમા હીમ્મત આવી, તે આસ્તિક અબળા પતિને અનુસરવા ઉભી રહી. શ્રીચદ્ર પ્રભાવિક અંજનથી તેને વાનરી બનાવી, સ્મશાનની ભયકર ભૂમિ તરફ ચાલ્યો. કલ્યાણપુરનું સ્મશાન ભયંકર હતું, કાળી ચૌદશની રાત્રિ હોવાથી તે વિશેષ ભયકર લાગતુ હતુ, ચારે તરફ ચિતાગ્નિઓથી અગ્નિના ભડકા નીકળતા હતા, એક તરફ શ્વાનના ઘોર શબ્દ થતા હતા, શિયાળ, વરૂ વિગેરે માંસભક્ષી પ્રાણીઓ આમતેમ ફરતા હતાં, અસ્થિઓના રાશિ શ્રેણીબધ નજરે પડતાં હતાં, ભૂત, પ્રેત અને વેતાલો વિક્રાળરૂપે નૃત્ય કરી રહ્યા હતા, આ ભૂમિમા શ્રીચદ્ર આવ્યો. એક તરફ અગ્નિકુડ પાસે પુરૂષનુ શબ રાખી, યોગીરાજ ઉત્તરસાધકની રાહ જોઇ ઉભો હતો. મદના વાનરીરૂપે પાસેના વૃક્ષ ઉપર ચડી ગઇ. શ્રીચદ્ર યોગીની પાસે આવી બોલ્યો— મહારાજ ! હુ આવી પહોંચ્યો છુ, તમારો ઉત્તરસાધક છું, જે કાર્ય હોય, તે કહો. યોગી શ્રીચદ્રને પોતાની પાસે બેસારી, મંત્ર, જાપ અને હોમ કરવા લાગ્યો. કેટલીએક ક્રિયા કરતા અર્ધી રાત્રિ થઇ, એટલે યોગીએ શ્રીચદ્રને કહ્યુ, મહાનુભાવ ! હવે તમારૂ કામ પડયું છે, અહીંથી થોડે દુર એક વડનુ મોટુ વૃક્ષ છે, ત્યાં એક ચોરનું શબ છે, તે વડની શાખા સાથે લટકે છે, તેને અહીં લાવો તો, મારૂ કાર્ય સિદ્ધ થાય વીરમણિ શ્રીચદ્ર સાહસથી બેઠો થયો. ઉત્તર દિશામા રહેલા વડની પાસે વડ ઉપર ચડી, ખડ્ગવડે મુડદાના બધને તોડી પાડી, શબ નીચે પાડ્યુ, અને પોતે નીચે ઉતર્યો પુન તે શબ પાછુ ત્યા જઇને વળગ્યુ. પછી પોતે ઉપર ચડી, બધને છોડી, શબને હાથે પકડી નીચે ઉતાર્યું. હાથવડે મજબુત પકડી, ખાધ ઉપર ચડાવ્યું, એટલે મુડદુ ખડખડ હસીને બોલ્યું, રાજકુમાર ! તુ વીર રાજપુત્ર છે, મને એક કથા સભળાવ, તો તારી સાથે આવું, તે સાભળતાજ શ્રીચદ્ર આશ્ચર્ય પામી ગયો, અને આશ્ચર્યને લીધે ક્ષણવાર મૌન ધારી રહ્યો. જ્યારે શ્રીચદ્ર બોલ્યો નહીં, એટલે શબે કહ્યુ, રાજકુમાર ! જો તુ હોંકારો આપે, તો તને એક પદ્માવતીની વાર્તા કહુ, એમ કહી મુડદાએ નીચે પ્રમાણે વાર્તા શરૂ કરી:—

ક્ષિતિપ્રતિષ્ઠિત નગરના રાજાને ગુણસુંદર નામે એક કુમાર હતો, તેને સુબુદ્ધિ નામે ગુણપર પ્રીતિ રાખનારો એક મંત્રિ હતો. એક વખતે તે રાજકુમાર અને મંત્રિ બને વિપરીત ગતિ શીખેલા અશ્વ ઉપર બેસી ફરવા નીકળ્યા. વિપરીત ગતિવાળા અશ્વો તેમને એક મોટી અટવીમાં ખેચી લાવ્યા, બનેને તૃષા લાગી. અશ્વ ઉભા રહ્યા, એટલે તેઓ એક સરોવર ઉપર આવ્યા. સરોવરની પાળ ઉપર એક યક્ષનુ મંદિર હતુ જળપાન કર્યા પછી રાજકુમાર મંત્રિને અશ્વ સોપી સરોવરમા ક્રીડા કરવાને ગયો, તેવામાં કાંઠા ઉપર એક સુદર કન્યા જોવામા આવી, તેણીના હાથમાં એક કમળનુ પુષ્પ હતુ રાજકુમાર ગુણસુદરને જોતાંજ તે કન્યાએ કમળ, દાંત અને કાનનો સ્પર્શ કરી સંજ્ઞા બનાવી એવી સંજ્ઞા કરી, તે કન્યા પોતાને સ્થાને ચાલી ગઇ રાજકુમાર વિચારમા પડયો, તેની સંજ્ઞા બરાબર સમજ્યો નહીં. તત્કાળ તેણે આવી સુબુદ્ધિ મંત્રીને પુછ્યુ, મંત્રિશ્વર ! આ સરોવરમાં ક્રીડા કરવા જતાં તટ ઉપર એક સુદર કન્યા ઉભી હતી, તેણીના હાથમા કમળ હતું. મને જોઇ તેણીએ કમળથી દાત અને કાનને સ્પર્શ કર્યો, અને મને તે બતાવી ચાલી ગઇ, એનો અર્થ શું હશે ? ચતુર મંત્રિએ બુદ્ધિથી વિચાર્યુ, અને તે બોલ્યો, રાજકુમાર ! એ કન્યાનો આશય મારા જાણવામાં આવી ગયો છે. તે દાંતાનગરના રાજા કર્ણદેવની **પદ્મા** નામે પુત્રી છે, તે તમારી ઉપર અનુરાગ દર્શાવવા એ સંજ્ઞા કરી ચાલી ગઇ છે આ સાંભળી રાજકુમાર ખુશી થયો, અને મંત્રિના ચાતુર્યને તેણે ધન્યવાદ આપ્યો.

પછી રાજકુમાર મિત્ર સહિત દાંતાનગરમાં ગયો. બાહેરની વાડીમાં ઉતરી એક માલણને દ્રવ્ય આપી, પદ્માવતી રાજકુમારી પાસે પોતાના આવવાની ખબર આપવા મોકલી, અને સરોવરે જે પોતે મળેલ તે ઇધાણી કહેવરાવી. માલણે એ ખબર રાજકુમારીને કહી; તે સાંભળતાંજ તેણીએ માલણના મસ્તક ઉપર ચંદનથી ભરેલાં પાચ આંગળાવાળા હાથવડે લપડાક મારી, અને બહાર કાઢી મુકી. માલણ વિલખી થઇ રાજકુમારની પાસે આવી, અને તેણીએ પોતાનો વૃત્તાત નિવેદન કર્યો. ચતુર મિત્ર મંત્રિ તે મર્મ જાણી ગયો, અને તેણે રાજકુમારને કહ્યું, મિત્ર ! નાઉમેદ થશો નહીં, તે રાજબાળાએ પાંચ આગળાંવડે મસ્તકમાં લપડાક મારી, તમને એવી સૂચના કરી કે, આવતી શુક્લ પંચમીને દિવસે તેનો મેળાપ થશે; આ સંકેત જાણી ગુણસુદર ખુશી થયો, પછી બને મિત્ર નગરમા એક ઘર ભાડે રાખીને રહ્યા.

જ્યારે પાંચમનો દિવસ આવ્યો, એટલે રાજકુમારને ઉત્કંઠા થઇ. પદ્માવતીને યાદ આપવા માટે માલણને પુન. જવા કહ્યું. માલણે પોતાનુ અપમાન થયેલ, તેથી જવાની ના કહી રાજકુમારે તેણીને ઘણું દ્રવ્ય આપવાની લાલચ બતાવી, એટલે માલણ છેવટ જવાને તૈયાર થઇ. **દ્રવ્યથી શું નથી થતુ ?**

માલણે આવી રાજકુમારીને કુમારનો સંદેશો કહ્યો, તે સાંભળતાંજ રાજકુમારીને રીસ ચડી. કુંકુમ ભરેલા ચાર આંગળાવાળા હાથવડે ગાલ ઉપર લપડાક મારી, અને મહેલની પછવાડેની બારીએથી દોરીવડે બાંધી ઉતારી માલણને કાઢી મુકી આવુ ભારે અપમાન થવાથી માલણ છત્ર લઇને નાશી આવી. તેણીએ પોતાનીપર વીતેલો વૃત્તાત

રાજકુમારને જણાવ્યો, અને કહ્યું કે, હવે હું કદિ પણ ત્યાં જઇશ નહિ ચતુર મંત્રિ મિત્ર તેનો ભાવાર્થ સમજી ગયો તેણે રાજકુમારને જણાવ્યું કે, મિત્ર ! હાલ ધિરજ રાખો. કુંકુમવાળાં ચાર આગળાંવાળા હાથની લપડાક ઉપરથી એવી સૂચના કરે છે કે, તે હાલ રજસ્વળા છે, ચાર દિવસે શુદ્ધ થશે મહેલની પાછળ થઇ બારીએ દોરવડે તમને બોલાવશે. ચાર દિવસ વધારે વિલંબ થયો છે. મિત્ર ! ઉતાવળા થશો નહિ, ઉતાવળે આંબા પાકતા નથી.

હે રાજપુત્ર ! તે પછી જ્યારે પાંચમ પછી નવમીનો દિવસ આવ્યો, એટલે રાજપુત્ર ગુણસુંદર રાત્રે પદ્માવતીના મહેલની પછવાડે ગયો. રાહ જોઇ બેઠેલી રામાએ કુમારને જોયો, એટલે દોરીના યોગથી ઉપર ચડાવ્યો કુમાર રાજબાળાને પ્રેમથી મળ્યો, પરસ્પર ક્રીડા સુખનો આરંભ થવા લાગ્યો. રાજબાળાએ કહ્યું, પ્રિય ! મારા કહેવાનો આશય તમે શી રીતે જાણી લીધો ? કુમાર બોલ્યો, પ્રિયા ! મારી સાથે મારો એક ચતુર મંત્રિ મિત્ર છે, જે તમારે દીયર સમાન છે, તેની બુદ્ધિના પ્રભાવથી મે તમારો સંકેત જાણ્યો હતો. પછી રમણીએ રમણને ઉત્તમ રસોઇથી જમાડયો, અને ઘણો આદર સત્કાર કર્યો. પ્રાત:કાળ પહેલા તે સ્વસ્થાને જવા નીકળ્યો, તે વખતે પદ્માવતીએ વક્ર હૃદયથી ઝેરનો મોદક પોતાના દીયરને માટે કુમારની સાથે મોકલાવ્યો રાજકુમાર પોતાને સ્થાને આવ્યો પોતાનો સર્વ વૃત્તાંત મિત્રને જણાવ્યો, અને કહ્યું કે, તમારે માટે રાજકુમારીએ આ એક મોદક મોકલાવ્યો છે, એમ કહી મંત્રિને મોદક આપ્યો મોદક લઇ ચતુર મંત્રિએ વિચાર્યું કે, રાજપુત્રી મને જરા પણ જાણતી નથી, તો આ મોદક મોકલાવી શા માટે મારી ઉપર રાગ કરે ? આમાં કાંઇક વિચારવાનું છે. એમ કરતાં સૂર્યોદય થયો, મોદક પોતાની પાસે મુકયો, ક્ષણવારે તે ઉપર બેઠેલી માખીઓને મરી ગયેલી જોઇ, તે ઉપરથી તેને નિશ્ચય થયો કે, આ ઝેરનો મોદક છે, તત્કાળ તેને ભૂમિમા દાટી દીધો. સ્ત્રીઓની ઇર્ષા બુદ્ધિને ધિક્કાર આપ્યો.

બીજે દિવસે રાત્રિ થઇ, એટલે મંત્રિએ રાજકુમારને શીખવ્યું. મિત્ર ! જો આજે રાજકુમારીને મળવા જવું હોય તો, હું તમને એક ઉપાય કહું, તે કરજો. જ્યારે રાજકુમારી નિદ્રાવશ થાય, ત્યારે તેની જાંગ ઉપર ત્રણ રેખાવાળું ત્રિશુળ કરી, પગમાથી એક ઝાંઝર કાઢી લાવજો; એમ કરવાથી આપણને એ કુમારી સ્વતંત્ર રીતે મળશે. મંત્રિના કહેવા પ્રમાણે રાજકુમારે બીજી રાત્રે તેમ કર્યું. પછી બંને મિત્રોએ યોગીનો વેષ લીધો, એક ગુરૂ અને બીજો શિષ્ય થયો. બંને સ્મશાનમાં જઇ વસ્યા શિષ્ય પેલું સુવર્ણનું ઝાંઝર લઇ નગરમા આવ્યો સોનાવાળાની દુકાને જઇ કહ્યું કે, આ ઝાઝરનું જે મૂલ્ય થાય, તે આપો. ઝાંઝર જોતાજ વેપારીએ એ રાજાનું છે, એમ ઓળખી લીધું. તત્કાળ તે રાજાની પાસે લઇ ગયો રાજાએ પોતાનું નામ વાચી, તે શિષ્યને બોલાવી પુછ્યું કે, આ ઝાઝર કયાંથી મળ્યું ? શિષ્યે કહ્યું, મને કાંઇ ખબર નથી, મારા ગુરૂ જાણે. પછી રાજાએ સ્મશાનમાંથી ગુરૂને બોલાવી પુછ્યું કે, આ ઝાઝર તમને કયાથી મળ્યું ? ગુરૂ બોલ્યા, આજ રાત્રે સ્મશાનમા એક ઉગ્ર બળવાળી શક્તિ આવી હતી, મે તેને પગે

પકડવા માંડી, પણ તે જોર કરી ચાલી ગઇ. ચાલતી વખતે અમોએ તેની જાંગ ઉપર ત્રણ રેખા કરી, અને આ ઝાઝર કાઢી લીધું છે. તે શક્તિ તમારા અંતઃપુરમાં ગઇ છે. આ સાંભળી રાજા અંતઃપુરમાં ગયો તપાસ કરતાં પોતાની પુત્રીને દૂષિત થયેલી જોઇ. તત્કાળ રાજાએ યોગીને પાસે બોલાવી કહ્યું, મહાનુભાવ ! તમારૂં કહેવું યથાર્થ છે. મારી પુત્રીજ દૂષિત થઇ છે. હવે તે નિર્દોષ કેવી રીતે થાય ? તે કૃપા કરી જણાવો. તમે સર્વ વિદ્યાના જાણ છો, અને મોટા દેવ સમાન છો યોગી બોલ્યો, રાજા ! તમારી પુત્રીને નિર્દોષ કરવાનો એક ઉપાય છે. હું તમને એક મંત્રેલું વસ્ત્ર આપું, તેવડે રાજકુમારીના પગ અને મુખ બાંધી, અને આંખે પાટા બાંધી રથમા બેસારી, પૂર્વ દિશામાં એક વૃક્ષ નીચે મુકી આવો. તમારા સુભટો તેની સામું જોયા વગર પાછા ચાલ્યા આવે, પછી તે રાજકન્યા આઠ પોહોર સુધી વનમાં સ્વેચ્છાએ ફરશે, એટલે તે તત્કાળ નિર્દોષ થઇ જશે. ત્યાર પછી મોટા ઉત્સવ સાથે તેને દરબારમાં લાવજો.

આ પ્રમાણે રાજાને ઉપાય બતાવી, બંને ગુરૂ શિષ્ય પોતાને ઘેર ગયા. રાજાએ રાજકન્યાને યોગીના કહેવા પ્રમાણે તે રાત્રે વનમાં મોકલી. બંને મિત્ર, યોગી અને શિષ્યનો વેષ છોડી દઇ, ઘોડા ઉપર બેસી, જ્યાં રાજકન્યા હતી ત્યાં આવ્યા. રાજકન્યાના બંધ છોડી બંને તેણીને અશ્વ ઉપર બેસારી પોતાના નગરમાં લાવ્યા. માર્ગમાં રાજબાળાએ મંત્રિને કહ્યું, દીયરજી ! આ શું કર્યું ? મંત્રિ બોલ્યો, ભાભી ! એ તમારૂંજ કામ છે. જો ઝેરના મોદકથી ઉગર્યા, તો આવી બુદ્ધિ સુઝી. હવે કૃપા કરી, હૃદય નિર્મળ રાખજો. આમ વાર્તાવિનોદ કરતાં તેઓ પોતાના નગરમાં પહોચી ગયાં. અહીં આઠ પોહોર વીતી ગયા, પછી રાજા પોતાની પુત્રીને જોવા વનમાં આવ્યો. કોઇ ઠેકાણે પુત્રી જોવામાં આવી નહીં. આથી હૃદયમાં મોટો આઘાત થયો, અને તેથી રાજા મૃત્યુ પામી ગયો.

શબે શ્રીચંદ્રને કહ્યું, રાજકુમાર ! કહો, એ રાજાની હત્યા કોને લાગી ? કન્યાને, રાજકુમારને, કે તેના મિત્રને ? જો તું જાણ્યા છતાં નહિ કહે, તો આ હત્યા તને લાગશે. શ્રીચંદ્ર વિચાર કરી બોલ્યો, અરે મુડદા ! મારા વિચાર પ્રમાણે તો એ હત્યા રાજાને પોતાને લાગી છે. તેણે પોતાની પુત્રીને શા માટે મોટી કરી ? એ રાજાનોજ અન્યાય છે.

શ્રીચંદ્રનાં આવાં વચન સાંભળી, તે શબ પાછું વડે જઇને ચોંટી ગયું. શ્રીચંદ્ર શબનો દુરાગ્રહ જોઇ આશ્ચર્ય પામ્યો, અને પાછો તેને લેવાને વડ ઉપર ગયો. પુનઃ શબને નીચે ઉતાર્યું, એટલે રાજકુમારની આગળ શબે નીચે પ્રમાણે બીજી વાર્તા કહેવા માંડી.

ભોગવતી નામે ભોગી લોકોને આનંદ આપનારી એક નગરી હતી. તેમાં **રૂપસેન** નામે રાજા હતો, તેને મનગમતી એક કન્યા પરણવી હતી. તે રાજાની પાસે પાંજરામાં એક કળાવાન્ અને વિચક્ષણ પોપટ રહેતો હતો. એક વખતે રાજાએ પોપટને પુછ્યું, અરે પક્ષી ! તું કાંઇ જાણે છે ? પોપટ બોલ્યો, રાજા ! હું સર્વ જાણું [illegible] રાજા બોલ્યો, તો કહે, કેવી કન્યા મને પ્રાપ્ત થશે ? પોપટ બોલ્યો, રાજા ! મગધ દેશના રાજાને **સુરસુંદરી** નામે સ્ત્રી અને મદનમંજરી નામે પુત્રી છે, તે તમારી સ્ત્રી

થશે તે રાજપુત્રીની પાસે એક **ચંદ્રપ્રભા** નામે સારિકા છે, તેણીએ પણ આજ પ્રમાણે સારિકાને પુછ્યું હતું કે, મારો ભર્ત્તા કોણ થશે ? ત્યારે સારિકાએ તમારૂં નામ આપ્યું છે, અને તમારા રૂપની પ્રશંસા કરી છે, આથી મદનમંજરીનો તમારી ઉપર રાગ થયો છે.

શ્રીચંદ્રકુમાર ! તે પછી એવું બન્યું કે, મદનમંજરીએ પોતાનો ઇરાદો સખીદ્વારા માતાને કહેવરાવ્યો માતાએ રાજાને જણાવ્યું, રાજાએ મંત્રિને ગોઠવણ કરવા કહ્યું, આથી મંત્રિએ **રૂપસેન** રાજાને સંકેતથી જણાવ્યું, અને છેવટે શુભ દિવસે મદનમંજરીની સાથે રૂપસેન રાજાનો વિવાહ થયો.

રાજા અનુક્રમે નગરમાં આવ્યો. મદનમંજરી પોતાની સાથે ચંદ્રપ્રભા સારિકાને લેતી આવી, શુક અને સારિકાને એક પાંજરામાં રાખ્યાં. રાજા મનવાંછિત રમણીનો યોગ થવાથી ઘણો આનંદ માનવા લાગ્યો, અને સુખે કાળ નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસે પાંજરામાં રહેલા પોપટે સારિકાને કહ્યું, પ્રિયા ! તું કેમ ભોગની ઉપેક્ષા રાખે છે ? મારી સાથે સ્વેચ્છાએ ભોગ ભોગવ. આ સંસારમાં ભોગજ સાર છે, આ યૌવન વય ચંચળ છે, ફરીથી તે પ્રાપ્ત થવાનું નથી. તે વિષે એક રસિક પુરૂષે કહેલું છે કે—

संसारे सर्व जीवानां भोगप्राप्तिः फलं शुभम् ।
गतं ते जीवितं भीरु जीवनं च निरर्थकम् ।
या न वेत्ति सदा पुंसां चतुराणां रतिप्रदम् ॥ १ ॥

હે બીકણ સ્ત્રી ! આ સંસારમાં સર્વ જીવોને ભોગની પ્રાપ્તિ થવી, તે શુભ ફળ છે. જે સ્ત્રી ચતુર પુરૂષોને રતિ આપનારૂં સુખ જાણતી નથી, તેનું જીવિત ચાલ્યું ગયેલું અને નિરર્થક છે.

શુકનાં આવાં વચન સાંભળી, સારિકા બોલી—શુકરાજ ! હું પુરૂષની સાથે ભોગની ઇચ્છા રાખતી નથી; પુરૂષ જાતિ ઘણી ખરાબ હોય છે, મેં શાસ્ત્રમાં તે વિષે નીચે પ્રમાણે સાંભળ્યું છે.

स्वार्थनिष्ठा मुखे मिष्ठा द्रोहिणः परवंचकाः ।
मायाविनः कृतघ्नाश्च निर्दयाः पुरुषाः पुनः ॥ १ ॥

પુરૂષો સ્વાર્થી, મોઢે મીઠા, દ્રોહ કરનારા, બીજાને છેતરનારા, માયાવી, કૃતઘ્ની અને નિર્દય હોય છે.

સારિકાના મુખથી પુરૂષ જાતિની નિંદા સાંભળી શુક બોલ્યો—સારિકા ! આ શું

ફરની સાથે પાછી પોતાના પીયરમા આવી. પોતાનાં માતપિતાની પાસે પણ તેણીએ તે કલ્પિત વૃત્તાત કહ્યો. માયાળુ માતાએ પુત્રીને હૃદય સાથે દાબીને કહ્યુ, બેટા ! ચિતા કરીશ નહી, વસ્ત્રાભૂષણનો જરા પણ શોક ન રાખીશ જો જમાઇ જીવતા હશે, તો પાછા મળશે, અને તુ સુખી થઇશ.

અહી ધનક્ષયે સ્ત્રીના આભૂષણ વસ્ત્ર વિગેરે વેચી દુર્વ્યસનમાં ઉડાવી દીધાં અલ્પ સમયમા તે પાછો નિર્ધન થઇ દુ ખી થવા લાગ્યો, એટલે તે નિર્લજ પાછો પોતાના સાસરાને ગામ આવ્યો તેના મનમા પોતે કરેલા કુકર્મને માટે શકા હતી, પણ તેનો કલ્પિત ઉત્તર કહેવા તે ઇચ્છતો હતો; તેવામા પોતાની સ્ત્રીને જોઇ સ્ત્રી પતિને જોઇ ખુશી થઇ, અને પોતાને ધન્ય માનવા લાગી સ્ત્રીને જીવતી જોઇ ધનક્ષયના મનમા વિચાર થયો કે, આ શ. મે મારી જાતે તે સ્ત્રીને કુવામા નાખેલ, તે અહી જીવતી કયાથી ? આવું વિ; એક નિશ્ચય કર્યો કે, કર્મની ગતિ વિચિત્ર છે, વખતે તેમાંથી કોઇએ બચાવી હશે.
લણુને
કરતા ન સ્ત્રી તેની ઉપર પ્રસન્નતા દર્શાવવા લાગી કોઇવાર પણ કુવાની વાત તેણીએ
જ હીં, કેટલાક દિવસ એમ ચાલ્યા ગયા, પછી એક દિવસે સ્ત્રી સુતી હતી, તેના શરીર ઉપરથી આભૂષણ ઉતારી, તેને મારી નાખી, ધનક્ષય રાત્રે સાસરાને ઘેરથી પાછો ચાલ્યો ગયો દુષ્ટ જન પોતાની દુષ્ટતા કદિપણ છોડતો નથી.

સારિકાએ કહ્યુ, હે રાજા ! પુરૂષોના કામ એવાં નઠારાં હોય છે. કેટલાંએક પ્રત્યક્ષ જોયેલા છે, અને કેટલાએક સાભળ્યા છે મીઠાઇમા મેળવેલા ઝેરના જેવા પુરૂષો થાય છે. આથી મે નિશ્ચય કર્યો છે કે, પુરૂષનો સગ કરવો નહી, અને તેથી આ શુકની સાથે મારે વાદ થાય છે

શુક પક્ષી બોલ્યો—રાજા ! તમે તટસ્થ છો, એક તરફી સાભળી નિર્ણય કરશો નહી એ સારિકાનુ કહેવુ ઘટિત નથી, બધા પુરૂષો તેવા હોતા નથી કોઈ પુરૂષ તેવા દુષ્ટ થાય, તેથી કાઈ પુરૂષજાતિ બધીને અપવાદ લાગતો નથી પાપની અનત રાશિ ઉદય આવવાથી સ્ત્રીવેદ બધાય છે, તે પણ કર્મથી પ્રાપ્ત થાય તો, લેવો પડે છે દુર્જનથી ડરી ગયેલા લોકો સજ્જનથી પણ ભય રાખે છે ગરમ દૂધથી દાઝેલો માણસ છાશને પણ ફુકીને પીએ છે. વચ્ચે સારિકા બોલી ઉઠી, શુકરાજ ! શું વધારે વાણીમાં પડિતાઇ બતાવો છો ? જો પુરૂષ જાતિના જેવી સ્ત્રીજાતિ હોય તો, તેનો કોઇ દાખલો આપો તમે મારી સાથે સરખા ઉતરશો ? કાઇ વાણીના વિલાસમા વિજય નથી ઘણા વાચાળ પુરૂષો બીજાને છેતરી પાડે છે; દુર્જનોથી છેતરાએલા પુરૂષો પછી સજ્જનનો પણ વિશ્વાસ કરતા નથી, તે વિષે સાહિત્યમા નીચે પ્રમાણે લખે છે.

ये वंचिता धूर्त्तजनेन लोकास्ते साधुसंगेऽपि न विश्वसंति ।
उष्णेन दग्धाः किल पायसेन पिबंतिफुत्कृत्य दधीनितक्रम् ॥ १ ॥

જેઓ ધૂર્ત્ત જનથી છેતરાયા હોય, તેઓ સાધુઓની ઉપર પણ વિશ્વાસ કરતા નથી. ઉના દુધથી દાઝેલા પુરૂષો દહીં અને છાશ ફુંકીને પીએ છે. વળી સ્ત્રી અને પુરૂષ વિશેષમાં ઘણો તફાવત છે, અને સ્ત્રીની યોગ્યતા તથા અયોગ્યતા પુરૂષ વિશેષને પ્રાપ્ત કરવાથી જણાય છે, તે વિષે સાહિત્યમા નીચેના પદ્ય લખે છે.

वाजिवारणलोहानां काष्ठपाषाणवाससाम् ।
नारी पुरुषतोयानामंतरं महदंतरम् ॥ १ ॥

અશ્વ, હાથી લોહ, કાષ્ટ, પાષાણ, વસ્ત્ર, સ્ત્રી, પુરૂષ અને જળમાં મોટુ અતર છે

દીવા

शस्त्रं शास्त्रं विद्या वाणी वीणा नरश्च नारी च ।
पुरुष विशेषं प्राप्ता भवंति योग्या अयोग्याश्च ॥ १ ॥

અને

શસ્ત્ર, શાસ્ત્ર, વિદ્યા, વાણી, વીણા, નર અને નારી, પુરૂષ વિશેષને પ્રાપ્ત થઈયોગ્ય અને અયોગ્ય થાય છે

આ પ્રમાણે ચતુર બુદ્ધિવાળા શુકે નીચેં પ્રમાણે વાર્ત્તા કહેવા માંડી·—

કાચનપુર નગરમા **સાગરદત્ત** નામે એક શેઠ રહેતો હતો, તેને **શ્રીદત્ત** નામે પુણ્યવાન્ અને પવિત્ર પુત્ર હતો, શ્રીપુર નગરનિવાસી સોમદત્ત શેઠની **જયશ્રી** નામે એક પુત્રીની સાથે શ્રીદત્ત પરણ્યો હતો શ્રીદત્ત જયશ્રીને પરણીનેજ તેના પીયરમાં મુકી કરીયાણા લઈ સમુદ્ર માર્ગે વેપાર કરવા ગયો પછવાડે જયશ્રી યૌવનવયને પ્રાપ્ત થઈ કામિ પુરુષોને નવનવા રંગ દર્શાવવા લાગી યૌવનવયમા વિશેષ લાવણ્ય જણાય છે કહ્યુ છે કે—

यौवनमुद्ग्रसमये करोति लावण्यगतिं कुरुपेऽपि ।
दर्शयति पाककाले निंबफलं चापि माधुर्यं ॥ १ ॥

કુરૂપ જનમા પણ યૌવનવય પોતાના ઉગ્ર સમયે લાવણ્યને ઉત્પન્ન કરે છે, લીંબડાના ફળ પણ પાકવા વખતે મધુરતા દર્શાવે છે

એક દિવસે જયશ્રી મંદિરના ગોખ ઉપર બેઠી હતી, ત્યાં કોઈ સ્વરૂપવાન્ પુરૂષ તેણીના દેખવામા આવ્યો કામની સ્ત્રીઓનું એવુ લક્ષણ છે કે, તે સુંદર પુરૂષને જોઈ વિકારી થઈ જાય છે કહ્યુ છે કે—

दृष्ट्वा पुरुषं [illegible] भ्रातरं पितरं सुतम् ।
[illegible] योनयः स्त्रीणामामपात्रमिवांभसा ॥ १ ॥

સ્વરૂપવાન્ પુરૂષ કદી તે ભાઇ, પિતા અને પુત્ર હોય, તોપણ તેને જોઇને સ્ત્રીઓની યોનિ પાણીવડે કાચા પાત્રની જેમ સ્ત્રવ્યા કરે છે.

अग्निकुंडसमानारी घृतकुंभसमो नरः ।
संपर्काद् द्रवते नित्यं किंपुनः स्ववशाः स्त्रियः ॥ १ ॥

સ્ત્રી અગ્નિકુંડના જેવી છે, અને પુરૂષ ઘીના ઘડા જેવો છે, તે સંપર્કથી હમેશાં દ્રવે છે, તો પોતાને વશ રહેનારી સ્ત્રીઓની શી વાત કરવી ?

યૌવનવતી જયશ્રીને તે સ્વરૂપવાન્ પુરૂષ જોઇ કુવિચાર આવ્યો તત્કાળ **માલતી** નામની એક પોતાની સખીને તે પુરૂષની પાસે મોકલી. પુરૂષે માલતીની મારફત કહેવરાવ્યું કે, એક માલણને ત્યા તે મને મળી શકશે બંનેએ સંકેત સ્થળ નક્કી કર્યું, અને માલણને ઘેર તેમનો યોગ થયો, ત્યારથી પ્રત્યેક દિવસે તેઓ મળતાં અને વિષયભોગ કરતા હતાં.

કેટલેક દિવસે શ્રીદત્ત સમુદ્રની મુસાફરીમાથી પાછો આવી, તે જયશ્રીને તેડવા સાસરાને ઘેર આવ્યો. પોતાના પતિને આવેલો જોઇ, પેલા જાર પુરૂષને મળવામાં અંતરાય થવાની જયશ્રીને ચિંતા થઈ પડી. જયશ્રીએ પોતાની ચિંતા સખીની આગળ જણાવી, ચિંતા એ કનિષ્ટ વસ્તુ છે, આનંદના માર્ગને રોધ કરનાર છે ચિંતાને માટે સાહિત્યમાં નીચેના પદ્યો લખે છે.

चिंता चिता समानास्ति चिंता चैव गरीयसी ।
सजीवं दहते चिंता निर्जीवं दहते चिता ॥ १ ॥

ચિંતા અને ચિતા સરખી નથી, ચિતાથી ચિંતા અતિ મોટી છે, ચિતા જીવ વિનાનાને બાળે છે, અને ચિંતા જીવવાળાને બાળે છે.

अति प्रलापो हि निरंकुशत्वं भर्तुःप्रवासः स्वरुचिस्तीर्थयात्रा ।
ईर्ष्यालुता स्वैरिणीसंगमता च स्वभावतः शीलविलुप्तकाइमे ॥ १ ॥

અતિ બોલવાપણું, નિરંકુશપણું, પતિનો પ્રવાસ, પોતાની રૂચિ પ્રમાણે પ્રવર્ત્તન, તીર્થયાત્રા, ઇર્ષ્યાળુપણું અને સ્વચ્છંદી સ્ત્રીનો સંગ, એ સ્વભાવથી શીલને લોપનારા છે.

સખીએ જયશ્રીને સમજાવી કે, વિશેષ ચિંતા રાખીશ નહીં જો લાગ મળે, તો પતિને છેતરી જારનો સમાગમ કરજે સખીના આવા વચન સાંભળી જયશ્રી જરા શાંત થઈ.

શ્રીદત્તને તેનાં સાસુ સસરાએ આગતસ્વાગત કરી ઘણુ માન આપ્યુ. ઉત્તમ પ્રકારે ભોજન કરાવી, એકાંતમાં શયન કરાવ્યુ જયશ્રી પતિની આગળ આવી, સ્નેહ દર્શાવી તેણીએ પોતાના પતિને અનુકૂળ કરી લીધો, સ્ત્રીઓ પુરૂષને અનુકૂળ કરવાને અનેક ચેષ્ટાઓ કરે છે. જેમકે.—

स्नेहं मनोभवकृतं जनयंति भावा
नाभिभुजस्तनविभूषणदर्शितानि ।
वस्त्राणि संयमन केशविमोक्षणानि
भ्रूक्षेपकंपितकटाक्षनिरीक्षणानि ॥ १ ॥

નાભિ, હાથ, સ્તન અને આભૂષણ બતાવવા, વસ્ત્ર બાધવા, કેશ છુટા મુકવા, ભ્રગુટી કંપાવવી, અને કટાક્ષથી જોવુ; એ સર્વ હાવભાવ કામદેવના સ્નેહને ઉત્પન્ન કરે છે.

જયશ્રી પતિને નિદ્રા આવી, એટલે ત્યાંથી ઉઠીને પોતાની સખીને ઘેર આવી માર્ગમાં કોઇ ચોરના જોવામા આવી, ચોરે લક્ષણ ઉપરથી તેણીને વ્યભિચારિણી જાણી લીધી તે દિવસે તેજ રાત્રે કોઇ સ્ત્રી પુરૂષ ચૌટાની એક તરફ પ્રથમ સમાગમ માટે મળવાનાં હતાં કર્મ યોગે જયશ્રી ત્યા આવી ચડી. રાહ જોઇ બેઠેલા રાજપુરૂષની સાથે તેનો યોગ થયો, તેવામા કોઇ કોટવાળ ત્યા આવ્યો, તેણે ચોરની ભ્રાંતિથી તે રાજપુરૂષને મારી નાંખ્યો. કામાતુર સ્ત્રી, તે પુરૂષના શબને આલિંગન અને ચુંબન કરવા લાગી, તથાપિ તેણીનો કામ શાંત થયો નહીં પેલો ચોર આ બધી ચેષ્ટા જોતો હતો, તેવામા તે સ્થાને એક યક્ષ હતો, તેને આ ચેષ્ટા જોઇ કામ ઉત્પન્ન થયો. તત્કાળ તે પેલા શબમા પેઠો, એટલે શબ બેઠુ થયુ, તેણે જયશ્રીના કામને શાંત કર્યો, અને તે પછી તે સ્ત્રીની નાસિકાને દાંતવડે તોડી નાંખી પછી પોતે શબમાથી નીકળી, કોઇ વૃક્ષ ઉપર બેશી ગયો. જયશ્રી રૂધિરથી લિંપાતી અને શોક કરતી પોતાની સખી આગળ આવી, તેણીએ બધી વીતેલી વાર્તા સખીને જણાવી કર્મની ગતિ કેવી વિચિત્ર છે ‘ માણુસ શુ ધારે અને કર્મ શું કરે છે?

अन्यथा चिंतितं कार्यं दैवेन कृतमन्यथा ।
मलिनीवशचूर्णेन भद्रिनी प्रलयं गता ॥ १ ॥

માણુસ અન્યરીતે કાર્ય ચિંતવે, અને દૈવ—કર્મ અન્યરીતે કરે છે. મલિનીના વશીકરણ ચૂર્ણથી ભદ્રિનીનો પ્રલય થયો હતો. જયશ્રીની સ્થિતી જોઇ, તેની સખીએ કહ્યુ, બ્હેન ! આમને આમ સૂર્ય ઉગ્યા પહેલા તારા પતિની પાસે જા, અને આ બધો આરોપ તેના ઉપર મુક. જયશ્રી સખીના કહેવાથી પતિ પાસે આવી, પેલો ચોર પણ ગુપ્તરીતે

તેણીની પાછળ પાછળ ત્યાં ગયો. ક્ષણવાર પછી જયશ્રીએ ઢોંગ કર્યો, ઉંચે સ્વરે રૂદન કરવા માંડયું તેણીનું રૂદન સાંભળી ઘરના માણસો એકઠાં થયા, શ્રીદત્ત જાગી ગયો સર્વેએ આવી જોયું, ત્યાં જયશ્રીનું નાક કાપેલું જોયું બધા એકી અવાજે બોલી ઉઠ્યા, અરે દુષ્ટ નિર્લજ ! તે આ શું કર્યું ? અમારી નિરપરાધી પુત્રીની નાસિકા શામાટે છેદી ? શ્રીદત્ત તો વિચારમાં પડયો કે, આ ધતિંગ ક્યાંથી જાગ્યું ? કહ્યું છે કે —

न विश्वसेन्नृपे शुद्रे कृष्णे चैव न ब्राह्मणे ।
न विश्वसेत्कृष्णसर्पे काये नैव च विश्वसेत् ॥ १ ॥

રાજા, શુદ્ર, કાળો બ્રાહ્મણ, કાળો સર્પ અને શરીર એટલાંનો વિશ્વાસ ન કરવો

मद्यपाः किं न जल्पंति किं न भक्षंति वायसाः ।
कवयः किं न बोधंति किं न कुर्वंवि पासुलाः ॥ १ ॥

મદિરા પીનાર શું નથી બોલતા ? કાગડાઓ શું નથી ખાતા ? કવિઓ શું નથી જાણતા ? અને દૂષિત સ્ત્રીઓ શું નથી કરતી ?

ચકિત થઇ ગયેલા અને ગભરાઇ ગયેલા શ્રીદત્તને તેના સાસરીઆએ રાજદ્વારમાં દોર્યો કહ્યું છે કે —

दुर्वलानामनाथानां वालवृद्धतपस्विनाम् ।
अन्याय परिभूतानां सर्वेषां पार्थिवो गतिः ॥ १ ॥

દુર્બળ, અનાથ બાળક, વૃદ્ધ, તપસ્વી અને અન્યાય કરનારા, એ સર્વની ગતિ રાજા છે

अश्वप्लुतं वारिदगर्जितं च
स्त्रीणां चरित्रं पुरुषस्य भाग्यम् ।
अवर्षणं चापि हि वर्षणं च
देवो न जानाति कुतो मनुष्यः ॥ १ ॥

ઘોડાનું ઠેકવું, વર્ષાદનું ગાજવું, સ્ત્રીઓનું ચરિત્ર, પુરૂષનું ભાગ્ય, મેઘનું વર્ષવું કે ન વર્ષવું, એ દેવ પણ જાણતા નથી, તો માણસ તો ક્યાંથી જાણે ?

સર્વેએ રાજાને શ્રીદત્તના અપરાધની વાત કહી, પણ તે રાજાના મનમાં ઉતરી

નહીં, તથાપિ રાજપુરૂષોએ સાક્ષી આપી કે, તે વાત સત્ય છે તે દુષ્ટે આ સતીને કલંક આપ્યું છે. તેમના કહેવા ઉપરથી રાજાએ શ્રીદત્તને દેહાંત શિક્ષા કરી, તેવામાં પેલો ગુપ્ત રીતે રહેલો ચોર પ્રગટ થયો, તેણે ખરેખરો સર્વ વૃત્તાંત રાજાની આગળ જાહેર કર્યો. અને જણાવ્યું કે, કોઇ રીતે આ પુરૂષ વધ્ય નથી, રાજાને તે નિશ્ચય થયો. જયશ્રીની ઉપર ગુસ્સો આવ્યો. શ્રીદત્તને છોડી મુકી સુખી કર્યો, અને દુષ્ટ કુલટા જયશ્રીને મસ્તક મુંડાવી ગધેડા ઉપર બેસારી બધા શહેરોમાં ફેરવી, અને આવા કુકર્મ કરનારી સ્ત્રીઓની આવી દશા થાય છે, એમ લોકોની આગળ દર્શાવી આપ્યું તેવી દુષ્ટ સ્ત્રીઓને માટે સાહિત્ય શાસ્ત્રમાં નીચેનું પદ્ય ગવાય છે.

(स्रग्धरा).

आवर्त्तः संशयानामविनयभवनं पत्तनं साहसानां
दोषाणां संनिधानं कपटशतमयं क्षेत्रमप्रत्ययानाम् ।
स्वर्गद्वारस्य विघ्नं नरकपुरमुखं सर्वमायाकरंडं
स्त्रीयंत्रं येन सृष्टं विषममृतमयं प्राणिनामेकपाशः ॥ १ ॥

સંશયનો આવર્ત્ત (ઘુમરી), અવિનયનું ઘર, સાહસનું શહેર, દોષનો ભંડાર, સેંકડો કપટે ભરેલ, અવિશ્વાસનું ક્ષેત્ર, સ્વર્ગદ્વારનું વિઘ્ન, નરકપુરનો દરવાજો, સર્વ કપટનો કંડીયો અને અમૃતમય ઝેરરૂપ એવું સ્ત્રીરૂપ યંત્ર કોણે સરજ્યું છે ? જે સર્વ પ્રાણીઓને એક પાશરૂપ છે.

શ્રીદત્ત પછી બીજી કુલીન સ્ત્રીને પરણી સુખી થયો. હે રાજા ! જુઓ, સ્ત્રી જાતિ કેવી અધમ હોય છે ? આપ પક્ષપાત વગર કહો કે, સ્ત્રી અને પુરૂષ દુરાચરણમાં સરખાંજ ઉતરે છે. રાજાએ તે વાત માન્ય કરી.

પેલા શખે શ્રીચંદ્રને જણાવ્યું, રાજકુમાર ! તું કહે, તે સ્ત્રી અને પુરૂષ દુરાચરણમાં સરખાં થયા, કે કાંઇ ન્યૂનાધિક છે ? શ્રીચંદ્રે કહ્યું, મને સ્ત્રી જાતિ વિશેષ પાપિણી લાગે છે લોકમાં અને શાસ્ત્રમાં સ્ત્રીને વધારે નિંદવા યોગ્ય કહેલી છે શાસ્ત્રમાં લખે છે કે—

गुरुरग्निर्द्विजातिनां वर्णानां ब्राह्मणो गुरुः ।
पतिरेव गुरुः स्त्रीणां सर्वस्याभ्यागतो गुरुः ॥ १ ॥

દ્વિજાતિ (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) નો ગુરૂ અગ્નિ છે, બધા વર્ણનો ગુરૂ બ્રાહ્મણ (જૈન બ્રાહ્મણ) છે, સ્ત્રીઓનો ગુરૂ પતિ છે, અને સર્વનો ગુરૂ અભ્યાગત છે.

निंद्या योषिन्न मर्त्यो हि यतो योषिद्विना नराः ।
धर्माधर्म विचारेषु तन्नियुक्ता भवंति यत् ॥ १ ॥

સ્ત્રી નિંદવા યોગ્ય છે, પુરૂષ નથી, કારણ કે, તેથી કરીને સ્ત્રી શિવાય પુરૂષો ધર્મ તથા અધર્મના વિચાર કરવાને નિમાય છે.

શ્રીચંદ્રના આવા વચન સાંભળી, શબ પાછુ પોતાને સ્થાનકે ચાલ્યુ ગયુ રાજકુમાર આશ્ચર્ય પામી પાછો તેને લઇ આવ્યો. શબે નીચે પ્રમાણે ત્રીજી વાર્તા શરૂ કરી.

વર્દ્ધમાન નગરમા શૂદ્રદેવ નામે રાજા હતો. એક વખતે રાજા દરબારમાં સભા સ્થાને બેઠો હતો, તેણે ચોપદારને પૂછ્યુ, ચોપદાર ! કોઇ રાજદ્વાર ઉપર છે કે નહીં ? ચોપદારે કહ્યું, મહારાજા ! બીજુ કોઇ નથી, પણ અર્થી જનો ઘણા ઉભા છે. શ્રીમંતના દ્વાર આગળ આશા ભરેલા અર્થીઓ અથડાય, તેમાં કાંઇ આશ્ચર્ય નથી. એક વિદ્વાન તે વિષે લખે છે—

एह्यागच्छ त्वमुत्तिष्ट वद मौनं समाचर ।
एवमाशाग्रहग्रस્तैः सेव्यंते धनिनोऽर्थिभिः ॥ १ ॥

" અહીં આવ, તું બેઠો થા, બોલ, ચુપ રહે " આ પ્રમાણે આશારૂપ ગ્રહોએ ગ્રસ્ત થયેલા અર્થીઓ શ્રીમંત જનના દ્વાર સેવે છે દ્વારપાળ રાજાને પ્રણામ કરી રાજદ્વાર આગળ આવ્યો. ત્યા કોઇ પુરૂષને ભેટ લઇ ઉભેલો જોયો દ્વારપાળ રાજાને ખબર આપી આજ્ઞા લઇ, તે પુરૂષને અંદર લઇ ગયો. પુરૂષ ભૂપતિને પ્રણામ કરી ઉભો રહ્યો રાજાએ પૂછ્યુ, તમે કોણ છો ? તે પુરૂષે કહ્યું, મહારાજા ! હુ દક્ષિણમાથી આવુ છુ તે દેશના રાજાનો **વીરવર** નામે હુ કુમાર છું, એમ કહી તેણે રાજાની આગળ ભેટ ધરી રાજાએ ભેટ સ્વીકારી કહ્યુ, અહીં આવવાનુ શું પ્રયોજન છે ? કુમારે કહ્યુ, મારે આપની નોકરી કરવી છે. ગુણી જનની સેવા તે કલ્પવૃક્ષની સેવા છે રાજાએ પૂછ્યુ, શુ પગાર લેશો ? કુમારે કહ્યુ, હમેશા એક હજાર ગદીયાણા સોનુ લઇશ રાજાએ કહ્યુ, તમારે તેટલો શો પરિવાર છે ? હાથી, ઘોડા, રથ કે બીજુ શુ છે ? કુમાર બોલ્યો—ના, તે કાંઇ નથી એક પુત્ર, એક પુત્રી, સ્ત્રી અને હું એમ ચાર માણસો છીએ તે સાભળી રાજાને આશ્ચર્ય થયુ તથાપિ રાજાએ વિચાર્યુ કે, તેના પગાર પ્રમાણે તે ફળ આપશે આવુ વિચારી ભંડારીને બોલાવીને કહ્યુ કે, આ વીરવરકુમારને પ્રતિદિવસ એક હજાર ગદીયાણા સુવર્ણ આપજો વીરવર ઘણો ઉદાર હતો, યાચકોને અગણિત દ્રવ્ય આપતો જે કોઇ દુખી આવે, તેને ભોજન વસ્ત્ર આપતો આવા મોટા ખર્ચમા તેના દ્રવ્યનો ઉપયોગ થતો હતો તે રાત્રે રાજાનો પહેરેગીર થઈ ફરી દરબારે ચોકી કરતો હતો

કોઇ વખતે અર્ધ રાત્રે રાજાએ મહેલમાથી પૂછ્યુ કે, કોણ પહેરેગીર જાગે છે ? ત્યારે વીરવર જવાબ આપતો હતો અતિ કષ્ટ ભોગવી સેવા કરતો હતો. સેવકને કેવું કષ્ટ હોય ? તેને માટે નીચેના પદ્ય સ્મરણ કરવા યોગ્ય છે.

कष्टं भो सेवकानां तु परार्थचानुवर्त्तिनः ।
स्वयं विक्रीतदेहस्य सेवकस्य कुतः सुखम् ।

સેવકોને ખરેખરૂ કષ્ટ છે. બીજાને માટે અનુસરનારા અને પોતે શરીરને વેચનારા જેવા સેવકને ક્યાથી સુખ હોય ?

मौनान्मूकः प्रवचनपटुर्वातुलोजल्पकोवा
क्षांत्या भीरुर्यदि न सहते प्रायशो नाभिजातः ।
धृष्टः पार्श्वे वसति च यदा दूरतो वा प्रमादी
सेवाधर्मः परमगहनो योगिनामप्यगम्यः ॥ १ ॥

જો સેવક મુંગો રહે, તો તેને મુગો કહે, વધારે બોલે તો બોલકો કે વાયડો કહેવાય, ક્ષમા રાખે તો બીકણ કહેવાય, જો સહન કરે નહિ, તો સારા કુળનો ન ગણાય, જો પાસે હાજર રહે તો ધીઠ કહેવાય, અને દૂર રહે તો પ્રમાદી કહેવાય; આ પ્રમાણે સેવા ધર્મ એવો ગહન છે કે, જે યોગિઓને પણ અગમ્ય છે —

એક વખતે રાજાએ મધ્ય રાત્રે વીરવરને બોલાવીને કહ્યુ કે, સ્મશાનમા કોઇ સ્ત્રી રૂદન કરે છે, માટે તેની તપાસ કરી લાવ. મુશ્કેલી વખતે સેવકને મોકલવામા તેની પરીક્ષા થાય છે કહ્યુ છે કે —

जानियात् प्रेषणे भृत्यान् बांधवान् व्यसनागमे ।
मित्रमापत्तिकाले च भार्यांच विभवक्षये ॥ १ ॥

સેવક મોકલવાથી જણાય છે, બંધુઓ દુઃખમાં જણાય છે, આપત્તિ વખતે મિત્ર ઓળખાય છે, અને વૈભવનો ક્ષય થાય, ત્યારે સ્ત્રી ઓળખાય છે.

વીરવર રાજાની આજ્ઞાથી સ્મશાનમાં ગયો. શબ્દને અનુસારે જ્યા સ્ત્રી રૂદન કરતી હતી, ત્યા આવ્યો. રૂદન કરતી તે સ્ત્રી રંભાના જેવી સ્વરૂપવાન્ હતી, તેની આગળ જઇ કુમારે પુછ્યુ, બાઇ ! તું કોણ છું ? અને શામાટે રૂદન કરે છે ? તે સ્ત્રી બોલી— હુ રાજલક્ષ્મી છું, આજથી ત્રીજે દિવસે આ નગરનો રાજા મૃત્યુ પામશે, તેથી હુ રૂદન કરૂ છુ કુમારે કહ્યુ, નગરપતિ રાજા મૃત્યુ ન પામે, તેવો કોઇ ઉપાય છે ? તે સ્ત્રી

બોલી, હા, એક ઉપાય છે. તે રાજા જેવા સ્વરૂપવાન્ પુરૂષનું જો નગરદેવીને બળિદાન આપવામા આવે, અને પિતા, પુત્રનું મસ્તક છેદે, તો રાજા સો વર્ષ સુધી જીવે.

આ ચર્ચા જોવાને રાજા ગુપ્ત રીતે વીરવરની પછવાડે આવ્યો હતો, વીરવર રાજલક્ષ્મીના વચન સાભળી પોતાને ઘેર આવ્યો. રાજા પણ ગુપ્ત રીતે તેની પાછળ આવ્યો. વીરવરે પોતાની સ્ત્રીને જગાડી પોતાની પાસે બોલાવી. ભદ્રે ! તું પતિવ્રતા અને સુજ્ઞ છુ, જેનું આપણે નિમક ખાઇએ છીએ, તે રાજાને માટે મારે પ્રાણ આપવાનો વખત આવ્યો છે. સ્ત્રીએ તે વિષે પુછ્યુ, એટલે રાજકુમારે સ્મશાનનો બધો વૃત્તાત કહી સભળાવ્યો. છેવટે જણાવ્યુ કે, પ્રિયા ! તું આ બાળકોને લઇ તારે પિયર જા તારે મારી આજ્ઞા માન્ય કરવી પડશે. પતિની આજ્ઞાને માને, તેજ ઉત્તમ સ્ત્રી કહેવાય છે તેવી સ્ત્રીઓને માટે સાહિત્યકારો નીચેનાં પદ્ય બોલે છે —

ते पुत्रा ये पितुर्भक्ताः सपिता यस्तु पोषकः ।
तन्मित्रं यत्र विश्वासः सा भार्या पतिवाक्यगा ॥ १ ॥

જે પિતાના ભક્ત હોય, તે **પુત્રો**, જે પોષણ કરે, તે **પિતા**, જે ઉપર વિશ્વાસ મુકાય, તે **મિત્ર** અને જે પતિના વચનને અનુસરે તે **સ્ત્રી** કહેવાય છે

आर्त्तेआर्त्ता द्विपिद्विष्टा प्रोषिते मलिना कृषा ।
मृते म्रियेतयानारी सा स्त्री ज्ञेया पतिव्रता ॥ १ ॥

પતિ દુ ખી હોય તો, જે સ્ત્રી દુ ખી રહે, પતિના દ્વેષી ઉપર દ્વેષ કરનારી થાય, પતિ પ્રવાસ કરે, તો મલિન અને દુબળી રહે, અને પતિ મૃત્યુ પામે, તો મરી જાય, તે સ્ત્રી પતિવ્રતા જાણવી.

मितं ददाति हि पिता मितं भ्राता मितं सुतः ।
अमितस्य हि दातारं भर्त्तारं का न पूजयेत् ॥ १ ॥

પિતા, ભાઇ અને પુત્ર મિત–માન પ્રમાણે આપે છે, અને ભર્તા અમિત–ઘણુ આપે છે, તો તેવા ભર્તાને કઇ સ્ત્રી પૂજે નહી ?

न दानैः शुध्यते नारीनोपवासशतैरपि ।
अत्रनापि भवेच्छुद्धा भर्तृमद्गनमानमा ॥ १ ॥

આ દાનો આપવાથી કે સેંકડો ઉપવાસ કરવાથી [illegible] [illegible] તો પતિ [illegible] તે સ્ત્રી શુદ્ધ [illegible]

[illegible]

त्यजेत्पुत्रं च बंधुं च पितरौ शोभनौ तथा ।
भर्त्तारमापदि गतं न त्यजेत्सा महासती ॥
अन्यं नरं न पश्यंति स्वभावगोचरैरपि ।
आकोपितानो कुप्येत शुच्यते सा महासती ॥
अंधं कुब्जत्वयुक्तं च कुष्टांगं व्याधिपीडितम् ।
आपद्गतं निजं नाथं न त्यजेत् सा महासती ॥
एष धर्मो मयाख्यातो नारीणां परमागतिः ।
ययान्यथा च क्रियते सा याति नरकं ध्रुवम् ॥

જે સ્ત્રી, પુત્ર, બંધુ અને સારાં માતાપિતાને છોડી દે, પણ આપત્તિમાં આવેલા પતિને ન છોડે, તે **મહાસતી** કહેવાય છે. જે બીજા પુરૂષને જુએ નહિ, અને સ્વભાવિકપણે કોપ કરાવે, તોપણ જે કોપ કરે નહી, તે **મહાસતી** કહેવાય છે. પોતાનો પતિ આંધળો, કુબડો, કોઢીયો, રોગી કે આપત્તિમાં આવેલો હોય, તોપણ જે સ્ત્રી તેનો ત્યાગ કરે નહીં, તે **મહાસતી** કહેવાય છે. આ સ્ત્રીઓનો ધર્મ કહેવામાં આવ્યો છે, તેજ ધર્મ સ્ત્રીઓની ગતિરૂપ છે. જે સ્ત્રી તે ધર્મને અન્યથા કરે, તે સ્ત્રી અવશ્ય નરકે જાય છે.

વીરવરનાં આવા વચન સાંભળી તેનાં બાળ પુત્ર અને પુત્રી બોલી ઉઠયાં—પિતાજી ! જો આપણા આશ્રયદાતા ચિરંજીવી રહેતા હોય, તો અમારો વધ ખુશીથી કરો. એથી અમારી કીર્તિ ફેલાશે.

વીરવરનાં કુટુંબનાં બાળકોનો આવો વિચાર જાણી, ગુપ્ત રહેલો રાજા આશ્ચર્ય પામી ગયો, અને તેમને મનમા ધન્યવાદ આપવા લાગ્યો. રાજાને તે પ્રસંગે નીચેનુ કાવ્ય સ્મરણમા આવ્યું.

सा सा संपद्यते बुद्धिः सा मतिः सा च भावना ।
सहायास्तादृशा ज्ञेया यादृशी भवितव्यता ॥

જેવી ભવિતવ્યતા હોય, તેવી બુદ્ધિ, તેવી મતિ, તેવી ભાવના અને તેવી સહાય મળે, એમ જાણવું.

સ્ત્રીએ પણ તે વાતને અનુમોદન આપ્યુ. પછી વીરવર બધાં કુટુંબને લઇને ન ગરદેવીના મંદિરમાં આવ્યો રાજા ગુપ્તરીતે ચર્યા જોતો હતો, શૂરવીર વીરવરે ખડ્ગ તૈયાર કરી દેવીને કહ્યુ, મહાદેવી ! અમારા રાજાને સો વર્ષનું આયુષ્ય આપજો, અને આ પુત્રનુ બળીદાન સ્વીકારજો, એમ કહી, ખડ્ગવડે પુત્રનુ મસ્તક છેદી નાખ્યુ. પોતાના ભાઇની દશા

જોઇ, તેની બહેન ખડ્ગ આગળ આવી ઉભી રહી વીરવરે તેણીની ઉપર ઘા કર્યો નહી, પછી તે પેટમા છરી મારી, પોતાની જાતે મરી ગઇ, તે જોઇ માતાને શૂર ચડયુ. પોતાનાં લાચાર બાળકોને મરતાં જોઇ, તેણીએ પણ આત્મઘાત કર્યો.

કુટુંબનો નાશ થયેલો જોઇ વીરવરે વિચાર્યુ કે, હવે મારે સુવર્ણને માટે જીવવું અનુચિત છે, આવુ ચિંતવી તેણે પોતાના શિર ઉપર ખડ્ગનો ઘા કર્યો; આ દેખાવ જોઇ રાજા પોતે કંપી ચાલ્યો, અને તે બોલ્યો કે, મારે માટે આ વીરવરે સર્વ કુટુંબનો ઘાત કર્યો; મારા રાજ્યને અને મને ધિક્કાર છે. તેના મનમા નીચેનું પદ્ય યાદ આવ્યુ.

परप्राणैर्निजप्राणान् सर्वे रक्षंति जंतवः ।
निजप्राणैः परप्राणान् रक्षंति विरला जनाः ॥

સર્વ પ્રાણી બીજાના પ્રાણથી પોતાના પ્રાણની રક્ષા કરે છે, પણ પોતાના પ્રાણથી બીજાના પ્રાણની રક્ષા કરનારા વિરલા પુરૂષો છે.

પછી રાજાએ પોતાના મસ્તક ઉપર ખડ્ગ ઉગામ્યું, ત્યા નગરદેવી પ્રસન્ન થયાં; તત્કાળ રાજાને બચાવ્યો, અને અમૃત છાંટીને વીરવર વિગેરે સર્વને સજીવન કર્યાં. રાજાએ વીરવરને શાબાશી આપી. વીરવર પ્રણામ કરી નીચેનું પૂર્વાર્દ્ધ બોલ્યો—

क्षमी दाता गुणग्राही स्वामी पुण्येन लभ्यते ।

ક્ષમાવાન, દાતાર, અને ગુણગ્રાહી સ્વામી, પુણ્યથી મળે છે રાજા પણ નીચેનું ઉત્તરાર્દ્ધ બોલ્યો—

अनुरक्तः शुचिर्दक्षः स्वामीन् भृत्योऽपि दुर्लभः ॥ १ ॥

અનુરાગી, પવિત્ર અને ડાહ્યો સેવક પણ મળવો દુર્લભ છે

પ્રાત કાળે રાજાએ તે વીરવરને પોતાનુ અર્ધ રાજ્ય આપ્યુ, અને મોટી ધામધૂમથી તેનું સન્માન કર્યું.

મુડદાએ શ્રીચંદ્રને પુછ્યુ—રાજકુમાર ! કહે, એ બધામા વધારે સત્વ કોનુ છે? કુમારે કહ્યુ—એ સર્વમાં રાજાનુ સાહસ પ્રશંસનીય છે, બીજાઓ તેનાથી ઉતરતા છે. કારણ કે, વીરવરે જે સાહસ કર્યું, તે તેની ફરજ છે સેવકે સ્વામીને માટે પ્રાણ આપવા જોઇએ સાહિત્યમા તેને માટે નીચેનુ કાવ્ય પ્રસિદ્ધ છે

स्वाम्यर्थे सेवकाः प्राणान् त्यजंति तृणवत् युगे ।
परं स्वामी स्वभृत्यार्थं प्राणान् त्यजति दुर्लभः ॥

સેવકો સ્વામીને માટે તૃણની જેમ પ્રાણ છોડે, પણ સેવકને માટે સ્વામી પ્રાણ છોડે તે દુર્લભ છે

આ ઉત્તર સાંભળતાં શબ પાછું ત્યાંથી ઉછળી પોતાને સ્થાને ચાલ્યું ગયું. ત્રણવાર તો શ્રીચંદ્રે ક્ષમા કરી, પણ આ વખતે તેણે પોતાનું પરાક્રમ બતાવ્યુ. શબને બળાત્કારે પકડયું, અને યોગીની પાસે તે લાવવા નીકળ્યો. રાજકુમારનું પરાક્રમ જોઇ, શબે કહ્યું—મહાવીર ! તમે ચતુર અને વિલક્ષણ છો; તે યોગી ઉપર આટલો બધો રાગ કેમ રાખો છો ? તે યોગી ધૂર્ત્ત, નિર્લજ, અને નિર્દય છે, કુડ કપટનો લિંગી છે, માયાનો ભંડાર છે, તમને ભોળવી મારાથી તે કાર્ય સાધવા તૈયાર થયો છે. તેવામાં કોઇ આધેડ વયની સ્ત્રી ત્યાં અશ્રુધારા વર્ષાવતી આવી, તેને કુમારે પુછ્યુ—તું કોણ છે ? સ્ત્રી બોલી, આ નગરથી દક્ષિણ દિશામાં નંદિગ્રામ નામે એક ગામ છે, તેમાં હુ રહું છું. મારો પતિ દરિદ્રી હતો, તે ચોરીનો ધંધો કરી, આજીવિકા ચલાવતો હતો. આ વડના વૃક્ષ ઉપર પોલીસ લોકોએ તેને બાંધીને મારી નાખ્યો છે, આ ખબર સાંભળીને હુ અત્યારે અહીં આવી છું. વડમાંથી મારા પતિનું શબ લઇ જતા મે તમને જોયા, એટલે અહીં આવી છું. આ શબને તમે શું કરશો ?

શ્રીચંદ્ર બોલ્યો—એક યોગીની પાસે સાધવા માટે તેને લઇ જવું છે, તેનો હોમ અગ્નિકુંડમાં કરી સુવર્ણ પુરૂષ કરવાનો છે; તારે આ શબનુ કાંઇ કામ છે ? જો હોય, તે કર. પછી તે સ્ત્રીએ શબની ઉપર જળની ધારા કરી, ચંદનનો લેપ કર્યો. તેવામાં શબે બેઠા થઇ, તે સ્ત્રીનું નાક કાપી ખાધુ. સ્ત્રી રૂદન કરતી પોતાના ગામ તરફ ચાલી ગઇ.

પછી શ્રીચંદ્ર શબને લઇ, યોગીની પાસે આવ્યો. અગ્નિકુંડની ડાબી તરફ શબને મુકયું. યોગીએ વિધિથી જળવડે શબને નવરાવ્યું, પછી ચંદન પુષ્પથી તેની પૂજા કરી, યોગી શબને લઇ, કુંડ પાસે ઉભો રહ્યો. તેણે શ્રીચંદ્રને કહ્યુ, રાજકુમાર ! હવે સાવધાન રહેજો. શ્રીચંદ્ર નવકાર મંત્રવડે અંગરક્ષા કરી બેઠો. યોગી કુંડમાં ચોખા, સરસવ વિગેરેનો હોમ કરવા લાગ્યો, અને તે દાણા શબ ઉપર છાંટવા લાગ્યો. જેમ જેમ છંટકાવ કરવા માંડયો, તેમ તેમ શબમાંથી દેવતાઇ પ્રભાવ પ્રગટ થવા લાગ્યો. તે વખતે યોગીએ પુછ્યું, રાજકુમાર ! શું કાંઇ જપો છો ? શ્રીચંદ્રે કહ્યુ, ત્રિકરણ શુદ્ધિથી જે જપવા યોગ્ય હોય, તે જપું છું. તે નવકાર મંત્રનો જાપ કરતો હતો કહ્યુ છે કે—

यथा चित्तं तथा वाचा यथा वाचा तथा क्रिया ।
चित्ते वाचि क्रियायांच साधूनामेकरूपता ॥

જેવું મનમાં, તેવું વાણીમાં, અને જેવું વાણીમાં, તેવુ ક્રિયામા. સાધુ પુરૂષોને ચિત્તમાં, વાણીમાં અને ક્રિયામાં એકરૂપતા હોય છે.

યોગીએ એકસો ને આઠવાર શબની ઉપર તંદુલ છાંટયું, પણ તે શબનો સુવર્ણ

પુરૂષ થયો નહી. કારણ કે, શબના મુખમા પહેલી સ્રીનુ નાક હતુ, તેથી મત્ર સફળ થયો નહીં પછી વિદ્યાનો દેવતા શબમા પેઠો, અને તે યોગી પ્રત્યે બોલ્યો— અરે દુષ્ટ યોગી ! તારા કુવિચાર મારા જાણવામા છે; આ ઉત્તરસાધક પુરૂષ ધાર્મિક છે, તેનો વિજય થશે. તેને નાશ કરવાનો તારો ઇરાદો છે, તો તુજ સુવર્ણ પુરૂષ થઇ જા, એમ કહી તે શબે યોગીને ઉપાડી, અગ્નિકુડમા નાખી દીધો. તે જોતાંજ શ્રીચદ્રે ખેદ સાથે ચિંતવ્યુ, અરે ! આ યોગીનું શુ થયુ ? તેના કાર્યની સિદ્ધિને બદલે હાનિ થઇ તેવામા તો યોગી પોતેજ સુવર્ણ પુરૂષ થઇ ગયો, અને દેવતા શબમાથી નીકળી ચાલ્યો ગયો. શ્રીચદ્રે શબનો અગ્નિસસ્કાર કર્યો, અને પાપાનુબધીરૂપ તે સુવર્ણ પુરૂષને કુડમાં ગોપવી, અને તેની ઉપેક્ષા કરી, તે ઉભો થયો પછી વૃક્ષ ઉપર વાનરીરૂપે રહેલી મદનસુદરીને અંજનવિધિથી માનુષી કરી, બન્ને સ્રી પુરૂષ નિર્વિઘ્ને પ્રેમથી ભેગા થયાં.

ધર્મનો પ્રભાવ કેવો ચમત્કારી છે ? યોગીની ઇચ્છા એવી હતી કે, તે શબ તથા શ્રીચદ્ર બન્નેના સુવર્ણ પુરૂષ કરવા, પણ તે કાંઇ બન્યુ નહીં, ધર્મિ ઉપર કુબુદ્ધિ કરનાર પોતેજ કુબુદ્ધિનો ભોગ થઇ પડે છે. ભયંકર આપત્તિમાંથી ધર્મિજન ક્ષણવારમા તરી જાય છે ત્રણ જગતમા ધર્મ ખરેખરો રક્ષક છે શ્રીચંદ્રનો ધર્મથી જય થયો, પોતાની પ્રિયાને પ્રેમથી મળ્યો બન્ને સ્રી પુરૂષે યોગીની વાર્ત્તા કરી, કેટલોક કાળ ત્યાં નિર્ગમન કર્યો

પ્રકરણ ૫૧ મું.

દેવદ્રવ્ય અને શક્રાવતાર તીર્થ.



ક ગગનતળ સ્પર્શી સુદર જૈન પ્રાસાદ ઉભો છે, અનેક વિદેશી યાત્રાળુઓના ટોળેટોળા તે તરફ આવે છે, અને જાય છે " जिनाय नमः " એવુ મહા વાક્ય દરેકના મુખમાથી ઉચ્ચરે છે, ચારે તરફ ધર્મનો ઉદ્યોત દેદીપ્યમાન લાગે છે, ચૈત્યની બાહેરની ભૂમિમા શ્રાવિકાઓ ધર્મના ગીત ગાય છે, લોકો દૂરથી આ મહા તીર્થના દર્શન કરી ગાઢ ઘેલા થઇ જાય છે, સર્વના હૃદયમા ધર્મની પ્રભાવિક છાપ પડી રહે છે, જૈન પ્રાસાદની બહાર શ્રેણીબંધ ધર્મશાળાઓ બની છે, જાણે બીજુ નગર હોય, તેવો તેનો દેખાવ લાગે છે. મદિરના ઘટનાદોથી દિશાઓ [illegible] રહે છે, વિવિધ સ્વરના માધુર્યથી સ્તવનોનો ધ્વનિ ગગનને ગજાવે છે, ભવિક [illegible] વિવિધ જાતની પૂજાઓ ભણાવે છે, મૃદગ, વીણા, [illegible], [illegible], [illegible], [illegible] અને [illegible] તાલબદ્ધ [illegible] રહ્યા છે, [illegible] [illegible] [illegible]

આ વખતે આપણી વાર્તાનો નાયક શ્રીચંદ્ર મદનસુંદરીને લઇ પેલા સ્મશાનમાંથી જુદો પડી અહીં આવે છે. દૂરથી આ મહા ચૈત્યને જોઇ તેના હૃદયમાં અપાર હર્ષ થઇ આવ્યો. તેણે મદનાને કહ્યું, પ્રિયા ! આજની મુસાફરી કૃતાર્થ થઇ છે. જુઓ, આ સુંદર જીન પ્રાસાદ કેવો ગગનની સાથે વાતો કરતો રમણીય દેખાય છે ? ચાલો, આપણે એ મહા પ્રાસાદનાં દર્શન કરી પવિત્ર થઇએ. જિન પ્રતિમાનું પવિત્ર ધ્યાન ધરી, માનવ ભવને કૃતાર્થ કરીએ. આસ્તિક શિરોમણી પ્રમદા તે સાંભળી હર્ષ પામી. બંને ઉતાવળે પગલે આગળ ચાલ્યાં. અનુક્રમે જીન પ્રાસાદની નજીક આવ્યાં. બંને શ્રાવક દંપતિ ત્રિકરણ શુદ્ધિથી પવિત્ર થઇ જિનાલયમાં પેઠાં. પરમ ભક્તિભાવથી પ્રતિમાને નીરખી, વંદન કરી, શ્રીચંદ્રે નીચેનું સ્તવન મધુર સ્વરે ગાવા માંડ્યુ—

સ્તવન.

રાગ બિહાગડો.

મનમાં આવજો રે નાથ, હું થયો આજ સનાથ. મન. (એ આંકણી.)
જયજિનેશ નિરંજનો, ભંજનો ભવદુ:ખ રાશિ,
રંજનો સવિ ભવિ ચિત્તનો, મંજણો પાપનાપાશ. મન૦ ૧

આદિ બ્રહ્મ અનૂપ તું, અબ્રહ્મ કીધા દૂર,
ભવભ્રમ સવિ ભાજી ગયા, તુહિ ચિદાનંદ સનૂર. મન૦ ૨

વીતરાગ ભાવ ન આવહી, જીહાં લગે મુજને દેવ,
તિહાં લગે તુમ પદ કમલની, સેવના રહો એ ટેવ. મન૦ ૩

યદ્યપિ તુમો અતુલી બળી. યશવાદ એમ કહેવાય,
પણ કુબજ આવ્યા મુજ મને, તે સહજથી ન જવાય. મન૦ ૪

મન મનાવ્યા વિણુ માહરૂં, કેમ બંધથી છુટાય,
મનવાંછિત દેતાં થકાં, કોઇ પાસવડે ન ઝલાય. મન૦ ૫

હઠ બાળનો હોયે આકરો, તે લહોછો જિનરાજ,
ઝાઝું કહાવે શું હોયે, ગિરૂઆ ગરિબનિવાજ. મન૦ ૬

જ્ઞાનવિમળ ગુણુથી લહો, સવિ ભવિક મનના ભાવ,
તો અક્ષયસુખ લીલા દિયો, જેમ હોવે સુજશ જમાવ. મન૦ ૭

ઉપર પ્રમાણે પ્રભુની સ્તુતિ કરી, રોમાંચિત શરીરે હૃદયની ભક્તિ દર્શાવી, બંને દંપતિ બાહેર નીકળ્યાં.

આ જિન પ્રાસાદ તે શકાવતાર નામે તીર્થ કહેવાતું હતું. તેની પાસે સિદ્ધપુર

जिणपवयण वुड्ढिकरं पभावगं नाण दंसण गुणाणं ।
वड्ढंतो जिणदव्वं तित्थयरत्तं लहइ जीवो ॥ ४ ॥
जिणपवयण वुड्ढिकरं पभावगं नाण दंसण गुणाणं ।
दोहंतो जिणदव्वं सो वहु संसारिओ होइ ॥ ५ ॥

હે ગૌતમ ! દેવદ્રવ્યનુ ભક્ષણ કરવાથી અને પરસ્ત્રીનો સગ કરવાથી માણસ, સાત વાર સાતમી નરકે જાય છે જિન પ્રવચનને વૃદ્ધિ કરનાર, અને જ્ઞાન તથા દર્શન ગુણનુ પ્રભાવક એવુ જિન દ્રવ્ય ભક્ષણ કરનાર પુરૂષ, અનત સસારી થાય છે. જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર, અને જ્ઞાન તથા દર્શન ગુણનુ પ્રભાવક એવુ જિન દ્રવ્ય રક્ષણ કરનાર પુરૂષ, સસારનો પારગામી થાય છે જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન તથા દર્શન ગુણનુ પ્રભાવક એવા જિન દ્રવ્યની વૃદ્ધિ કરનાર જીવ, તીર્થંકરપણુ પ્રાપ્ત કરે છે. જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન તથા દર્શન ગુણનુ પ્રભાવક એવા જિનદ્રવ્યને જે હાનિ પહોચાડે, તે અનત સસારી થાય છે, વળી એટલે સુધી જણાવે છે કે —

चेइयदव्वविणासे रिसिघाये पवयणस्स उड्डाहे ।
संजइ चउत्थभंगे मूलग्गी बोहिलाभस्स ॥ १ ॥

ચૈત્યદ્રવ્યનો નાશ કરવો પ્રવચનની નિદા કરવી, અને સયમીના ચોથા વ્રતનો ભગ કરવો, એ બોધિ લાભના મૂળમા અગ્નિરૂપ છે

બધુઓ ! દેવદ્રવ્યનુ ભક્ષણ કરવાથી, તેની ઉપેક્ષા કરવાથી પ્રાણી [illegible] છે, તે જીવ દરિદ્રી થાય છે, નિદાપાત્ર બને છે, અને [illegible] છે [illegible] દેવદ્રવ્યનુ રક્ષણ કરવુ જોઈએ, યત્નથી તેની વૃદ્ધિ [illegible], તેના ઉપાય [illegible] સાક્ષીએ દેવદ્રવ્યનો વ્યવહાર ચલાવવો અને [illegible] નહી દેવદ્રવ્યની આવક અને જાવકનો [illegible] દ્રવ્યની સાથે તેનો [illegible] ન રહે [illegible] દેવદ્રવ્ય [illegible], તે [illegible]

સાધર્મી બધુઓ ! [illegible] પ્રકાર [illegible] દેવદ્રવ્યની [illegible] તેને અનિ [illegible] એ [illegible] છે —

[illegible]

એક વખતે વિહાર કરતા કોઈ કેવળી ત્યાં આવી ચડ્યા એ દુઃખી જીવ મહા મુનિની પાસે આવ્યો તેણે મુનિને વંદના કરી પૂછ્યું, મહાનુભાવ ! મને આવી મહા વિપત્તિ કેમ પડી હશે ? જ્ઞાની મહારાજે ક્ષણવાર વિચારી કહ્યું, ભદ્ર ! તે પૂર્વ ભવે અગીયાર કાંકણી દેવદ્રવ્ય ખાધું છે, તેથી તું આવી મહા વિપત્તિનો પાત્ર થયો છું એટલું સાભળતાજ સંકાશના જીવે આત્મનિંદા કરવા માંડી અરે ! હું મહા પાપી થયો, મનુષ્ય ભવ પ્રાપ્ત કરી મેં જૈન ધર્મને આરાધ્યો નહીં, સિદ્ધાંત સાભળી મેં મારૂં જીવન સાર્થક કર્યું નહીં અહા ! હું કુળમા અંગાર થયો, દેવદ્રવ્યનું ભક્ષણ કરી મેં મહા પાપ ઉપાર્જન કર્યું, મારા જીવિતને ધિક્કાર છે પછી તેણે વિનયથી મુનિરાજને પૂછ્યું, મહારાજ ! હું આ મહા પાપ કર્મમાથી કેવી રીતે છુટું ? તે ઉપાય કૃપા કરી બતાવો જ્ઞાની બોલ્યા, ભદ્ર ! જો ન્યાયથી ઉપાર્જન કરેલા દ્રવ્યવડે દેવરૂણ આપી, તેમાંથી મુક્ત થા તો, તું પાછો સુખી થઈશ તે સાથે એવો અભિગ્રહ કરજે કે, તારે પોતાને માટે જેટલું અન્ન, વસ્ત્ર, જોઈએ, તેટલું દ્રવ્ય રાખવું, અને બાકીનું દ્રવ્ય કોટીગમે હોય, તોપણ તે ચૈત્યદ્રવ્યને અર્થે વાપરવું આવા ઉત્તમ અભિગ્રહના પ્રભાવથી તું સર્વ રીતે સુખી થઈ, ઉત્તમ પદનો અધિકારી થઈશ

જ્ઞાનીનાં આવાં વચનથી તેણે તેવો અભિગ્રહ ધારણ કર્યો મુનિરાજ ત્યાંથી વિહાર કરી ચાલ્યા ગયા, પછી સંકાશના જીવની સર્વ પ્રકારે ઉન્નતિ થવા માંડી વ્યાપારમાં તેણે અનગળ દ્રવ્ય પ્રાપ્ત કર્યું, અલ્પ સમયમાં તે કોટીધ્વજ થઈ પડ્યો પોતાના અભિમત પ્રમાણે નિર્વાહ જેટલું દ્રવ્ય રાખી, બાકીનું દ્રવ્ય તેણે ચૈત્ય અર્થે ખર્ચી નાખ્યું ભારતવર્ષ ઉપર ઘણે સ્થળે સુંદર જિન પ્રાસાદો બંધાવ્યા, દેવદ્રવ્યની વૃદ્ધિ થાય, તેવી મોટી મોટી દ્રવ્યની થાપણો મુકી, સંઘને સોંપી દીધી સાત ક્ષેત્રમાં પણ દ્રવ્યનો ઉપયોગ સારી રીતે કર્યો અનુક્રમે સંયમ લઈ, તપસ્યા કરી, સંકાશના જીવને કેવળજ્ઞાન ઉપજ્યું, અને મોક્ષના મહા માર્ગનો તે સંપૂર્ણ અધિકારી થઈ ગયો

પ્રિય બંધુઓ ! એ સંકાશનું દૃષ્ટાંત લઈ, તમારે [illegible] માત્ર અગીયાર કાંકણીના દેવદ્રવ્યથી સંકાશે કેટલી વિડંબના ભોગવી, તેનો [illegible] કુળમાં જન્મ લઈ દેવદ્રવ્ય ખાવું, તેના [illegible] મારી આજીવિકાના જગતમાં ઘણા સાધને છે, તે [illegible] દેવદ્રવ્યની [illegible] કરવું નહીં દેવદ્રવ્યને માટે [illegible]

देवद्रव्येण या वृद्धिर्गुरुद्रव्येण यद्धनम् ।
तद्धनं कुलनाशाय मृतोऽपि नरकं व्रजेत् ॥ १ ॥

[illegible] ।
[illegible] ॥ २ ॥

वरं च ज्वलने वेशो वरं च विषभक्षणम् ।
परं यल्लिंगि द्रव्येण संबंधं नैवं कारयेत ॥ ३ ॥

દેવદ્રવ્યથી અને ગુરૂદ્રવ્યથી જે દ્રવ્યની વૃદ્ધિ કરવી, તે દ્રવ્ય કુળના નાશ માટે થાય છે, અને મૃત્યુ પામ્યા પછી નરકે જાય છે. જે અન્યાય, દેવ અને પાખંડીના સંબંધથી દ્રવ્યની ઇચ્છા રાખે છે, તે મષના કુચડાથી પોતાનું ઘર ધોળવા ઇચ્છા રાખે છે. અગ્નિમાં પેસવું સારૂ, અને વિષ ભક્ષણ કરવુ સારૂ, પણ લિંગી મુનિના દ્રવ્યની સાથે સંબંધ કરવો સારો નહીં.

બંધુઓ ! દેવદ્રવ્ય વિષે બીજી એક જાણવા યોગ્ય કથા છે. સાકેત નગરમાં **સાગર** નામે એક શેઠ રહેતો હતો, તે શેઠની પ્રતિષ્ટા સારી હતી, તે ધર્મનો રાગી હતો, તે નગરમાં એક ભવ્ય દેરાસર હતુ, તેની અંદર પ્રતિમાજી પ્રભાવિક હતા, તેથી લોકો દુરથી તેની યાત્રા કરવાને આવતાં હતા. આથી તે જિન ચૈત્યનો વહીવટ મોટો થઇ પડયો હતો. સાકેત નગરના સંઘે મળી, તેના વહીવટનુ કામ સાગર શેઠને સોંપ્યુ હતુ. ચૈત્યની આવક, જાવક અને નોકરોની બધી વ્યવસ્થા સાગર શેઠ રાખતો હતો; સર્વ પંચે મળીને સાગર શેઠને કુલસત્તા આપી હતી.

સાગર શેઠને જુદા જુદા કરીયાણાનો વેપાર હતો, તેની દુકાન ઉપર જથ્થાબંધ માલ ખપતો હતો, માલમાં વિશેષ નાણું રોકવાથી તેને ઘણો લાભ આવતો હતો. પ્રથમ તો સાગર શેઠ ચોખ્ખો રહ્યો હતો, પણ પાછળથી લોભના ઉદયથી તેની વૃત્તિમાં ફારફેર થયો પોતાના વેપારમા તેણે દેવદ્રવ્ય રોકવા માંડયુ અને તેનો લાભ પોતે લેવા લાગ્યો દેવદ્રવ્યથી ગોળ, ઘી, અને વસ્ત્ર પ્રમુખ ખરીદી, તેને મોંઘે ભાવે, વેચી તેણે સારો લાભ મેળવ્યો. તે દેવદ્રવ્યનો આવો પોતાના વેપારમા ઉપયોગ કરતો, તથાપિ મનમાં જરાપણ શંકા લાવતો નહી કર્મયોગે તેના આયુષ્યનો અંત આવ્યો; આવુ ઘોર કર્મ ઉપાર્જન કરી, સાગર શેઠ મૃત્યુ પામ્યો. પ્રથમ તે નારકીમાં પડયો, ત્યાથી નીકળી તે જળ મનુષ્ય થયો, તે પછી બીજી નારકે ગયો, પછી મોટો મત્સ્ય થઇ અવતર્યો, કોઇ મ્લેચ્છે તે મત્સ્ય ખરીદ કર્યો તેના અંગનુ છેદન કરી, મ્લેચ્છે અતિ કષ્ટ પમાડયો પછી તે ચોથી નારકે ગયો, પાછો મત્સ્ય થયો, એમ બેવાર સાતે નરકમાં ભમ્યો એક હજાર કાકણી દેવદ્રવ્ય ખાધાથી તેણે ઘણી વિટંબના ભોગવી તે પછી શ્વાન, ભુંડ, બકરો, મેંઢો, દેડકો, મૃગલો, સસલો, શાબર, શીયાળ, માર્જાર, ઉંદર, નોળીઓ, ઘરોળી, ગુંડ, મત્સ્ય, સર્પ, વીંછી અને વિષ્ટાનો કીડો, એમ એકહજાર જાતના અવતાર તેને લેવા પડયા તે શિવાય પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશના જીવરૂપે થયો. તે પછી એકેંદ્રિય, બેઇંદ્રિ, તેઇંદ્રિ, ચૌરિંદ્રિ તથા પંચેંદ્રિય જીવ થયો. તેવા લાખો ભવ અનુભવી, પાછો મનુષ્ય ભવમા આવ્યો. વસંત નગરમાં વસુદત્ત નામના કોટી પતિની સ્ત્રી વસુમતિના ઉદરમા અવતર્યો, તે ગર્ભમા આવતાજ વસુદત્ત શેઠની બધી સમૃદ્ધિ નાશ પામી ગઇ. તેનો જન્મ થતા પિતા, અને પાંચ વર્ષની વય થતા માતા મૃત્યુ પામી ગઇ, આથી લોકો તેને નિઃપુણ્ય

કહેવા લાગ્યા, આખરે ઘણોજ દુઃસ્થિતિમા આવી પડયો એક દિવસે પરગામથી તેનો મામો આવ્યો, તેને દયા આવવાથી તે તેને પોતાને ઘેર લઇ ગયો, તેના આવવાથી મામાના ઘરમા મોટી ચોરી થઇ, ત્યાથી તે બીજા કોઇ સબંધીને ઘેર ગયો, ત્યા પણ તેમ બન્યુ, આથી લોકો તેને સંઘરતા નહી, અને અપમાન કરી તેને બાહેર કાઢી મુકવા લાગ્યા દુઃખી થઇ રઝળતો તે તામ્રલિપ્તી નગરીમા આવ્યો, ત્યા તે કોઇ શેઠને ઘેર નોકર રહ્યો, તેજ દિવસે શેઠના ઘરમા મોટી આગ લાગી, આથી તેને હડકાયા શ્વાનની જેમ કાઢી મુકયો પછી તે કોઇ વહાણે ચડી દ્વીપાંતર ગયો, જતા પ્રચંડ પવનથી તે વહાણ ડુબી ગયુ, પણ એક પાટીયુ મેળવી, તે તરી ગયો કાંઠે આવતા કોઇ ઠાકોરનુ ગામ આવ્યુ, ઠાકોરે દયા કરીને તેને રાખ્યો તેવામા કોઇ પલ્લીપતિએ હુમલો કરી ઠાકોરનુ ગામ ભાગ્યુ, અને મોટું નુકશાન પહોચાડયુ ત્યાથી તે નિઃપુણ્ય અપમાનથી દુર થયો. આવા પુણ્ય રહિત પુરૂષો જ્યા જાય છે, ત્યા આપત્તિઓ આવ્યા કરે છે તે વિષે સાહિત્યકાર આ પ્રમાણે લખે છે—

महोत्सवेऽप्यपुण्यानां विपदः स्युर्न संपदः ।
जना नंदंति दीपाल्यां घ्नंति सर्वेपि शर्पकम् ॥ १ ॥

મહોત્સવમા પણ પુણ્ય રહિત માણસોને વિપત્તિઓ આવે છે, સંપત્તિઓ આવતી નથી. સર્વ લોકો દીપોત્સવીમા ખુશી થાય છે, પણ સૂપડાને મારે છે (નવા વર્ષે આળસ કાઢવા વખતે લોકો સૂપડુ વગાડે છે.)

खल्वाटो दिवसेश्वरस्य किरणैः बिल्वस्य मूलंगतो
वांछन् स्थानमनातपं विधिवशात्संतापितो मस्तके ।
तत्राप्यस्य महाफलेन पतता भग्नं सशब्दं शिरः
प्रायो गच्छति यत्र दैवहतकस्तत्रैव यान्त्यापदः ॥ २ ॥

[illegible] ગરના સ્થાનમા [illegible] મોટુ એક તેના માથા ઉપર પડયુ, [illegible] તેથી જ્યા અભાગીઓ [illegible] છે.

[illegible]

એક એક પીછું લેવાથી તારૂ દારિદ્ર દૂર થઇ જશે યક્ષનાં આવાં વચન સાંભળી તે હર્ષ પામ્યો, અને તેણે મનવાંછિત પૂરા થવાની આશા બાંધી પછી પ્રતિદિન એક એક પીછુ લેતાં તેની પાસે નવાણુ પીછા એકઠાં થયા, ત્યારે તેણે વિચાર્યું કે, મારી પાસે સમૃદ્ધિ થઇ, હવે શામાટે જગલમા રહેવું ? હવે આજે તે મોરના બધા પીછાં એક સાથે પકડી લઉં, અને પછી જગલમાંથી ચાલ્યો જાઉં. આવુ વિચારી તે મોરના બધાં પીછા પકડવા ગયો, ત્યાં તે મોર કાગડો થઇ ગયો, અને જે પહેલાના નવાણુ પીછા હતા, તે પણ બદલી ગયા. તત્કાળ તે દુઃખમાં આવી પડ્યો, અને પોતાના કર્મને માટે પશ્ચાતાપ કરવા લાગ્યો.

નિઃપુણ્ય ચિંતાતુર થઇ આગળ ચાલ્યો, ત્યાં કોઇ જ્ઞાની મુનિ જોવામાં આવ્યા. તેમના ચરણમાં પડી તેણે પુછ્યું, સ્વામી ! મારા કર્મનો પાર ક્યારે આવશે ? મુનિએ પ્રથમથી તેનું પાપ, અને તેથી થયેલા બધા પૂર્વ ભવનુ સ્વરૂપ કહી સંભળાવ્યું. તે સાંભળી નિપુણ્યે કહ્યુ. કૃપાળુ મહામુનિ ! મને પ્રાયશ્ચિત આપો, દેવદ્રવ્યના ભક્ષણથી લાગેલ મહા પાપ દૂર થાય, તેવો ઉપાય દર્શાવો મુનિ બોલ્યા—દેવદ્રવ્યનું ઋણ મુક્ત થાય, તેટલું અધિક દ્રવ્ય આપવા વિચાર કરી વેપાર કર માત્ર તારો નિર્વાહ થાય, તેટલું અન્ન, વસ્ત્ર રાખી બાકીનું દ્રવ્ય દેવને અર્પણ કરવાનો અભિગ્રહ કર.

મુનિનાં વચનથી નિપુણ્યે તેવો અભિગ્રહ ધર્યો, અને પછી વ્યાપાર કરવા આરંભ કર્યો. તેની શુભ વાસનાથી દ્રવ્યનો લાભ મળ્યો, અને તે દ્રવ્યથી તે દેવ ઋણમાથી મુક્ત થયો પછી તે શ્રાવક ધર્મમાં નિશ્ચલ થયો અનુક્રમે પોતાના નગરમા આવી, રાજમાન્ય એવા ધનાઢ્ય નગરશેઠની પદ્વીને તે પ્રાપ્ત થયો. પ્રત્યેક પર્વે જિન પૂજા, મહોત્સવ, અને સાધર્મી વાત્સલ્ય કરી, તેણે જિન નામ કર્મ બાંધ્યુ. અવસરે સયમ લઇ, ગીતાર્થ થઇ, દેશના આપી, અરિહંતની ભક્તિ કરી, પ્રથમ સ્થાનક સેવી, સર્વાર્થસિદ્ધે દેવતા થઇ, મહા વિદેહ ક્ષેત્રમાં તે સિદ્ધિને પ્રાપ્ત થયો.

સાધર્મી બંધુઓ ! આ કથા ઉપરથી તમારે દેવદ્રવ્યને માટે ઘણો બોધ લેવાનો છે તેવી રીતે સાધારણ દ્રવ્ય, અને જ્ઞાનદ્રવ્ય વિષે પણ તમારે વિચારી લેવું. બને દ્રવ્ય પણ દેવદ્રવ્યની જેમ અભક્ષ્ય છે. શ્રાવકનો પુત્ર કદિ પણ સાધારણ અને જ્ઞાનદ્રવ્યની ઇચ્છા કરે નહીં. તે વિષે **કર્મસાર** અને **પુણ્યસાર**ની કથા જાણવા જેવી છે, તે કથા નીચે પ્રમાણે છે.

ભોગપુર નગરમા **ધન** નામે એક શેઠ હતો, તે ચોવીશ કોટી સુવર્ણનો અધિપતિ હતો, તેને **ધનવતી** નામે સ્ત્રી હતી, તેના ઉદરથી **કર્મસાર** અને **પુણ્યસાર** નામે બે પુત્ર થયા, તેઓને માતાપિતા ઉત્તમ લાડથી ઉછેરતાં હતા. એક વખતે ધનશેઠે કોઇ નિમિત્તિયાને પુછ્યું કે, આ બને પુત્રોમા ભાગ્યશાળી પુત્ર કયો છે ? અને ભાગ્ય રહિત કયો છે ? નિમિત્તિયાએ કહ્યું, શેઠજી ! આ તમારો **કર્મસાર** પુત્ર શઠ, બુદ્ધિ વગરનો, નિર્ધન અને ભાગ્ય રહિત છે, તે તમારૂ બધુ દ્રવ્ય ગુમાવશે, અને નવુ દ્રવ્ય ઉપાર્જન કરી શકશે

નહી આ પુણ્યસાર તેવોજ થશે, પણ તે કળામા કુશળ થશે. બને પુત્રો વૃદ્ધાવસ્થાએ સુખીયા થશે, તે વખતે તેમને ઘણુ ધન પ્રાપ્ત થશે.

નિમિત્તિયાના આવાં વચન સાંભળી ધનશેઠ મનમાં ખેદ પામ્યો. પછી તેણે બને પુત્રોને અભ્યાસ કરાવવા એક વિદ્વાન્ અધ્યાપકને સોપ્યા. પુણ્યસાર સર્વ કળા શીખી ગયો, અને કર્મસાર મૂઢ રહ્યો, તેના ઉપર શિક્ષકે ઘણો પ્રયાસ કર્યો, પણ તેને વિદ્યા ચડી નહી અનુક્રમે બને કુમારો યૌવનવયને પ્રાપ્ત થયા. કોઇ ઉત્તમ શેઠની કન્યાઓ સાથે તેમનો વિવાહ કર્યો. વિવાહ થયા પછી બને ભાઇઓ વચ્ચે કજીયો થવા માડયો. પછી ધનશેઠે તેમને બાર બાર કોટી સુવર્ણ વહેચી આપી જુદા કર્યા ત્યારબાદ ધન શેઠ સંયમ લઇ, વ્રત પાળી સ્વર્ગે ગયા કર્મસારને પૂર્વના દુષ્કૃત કર્મ ઉદય આવ્યાં, તેને વેપારમા ઘણી હાનિ થવા માડી અલ્પ દિવસમા તેનુ બાર કોટી દ્રવ્ય ઉડી ગયું પુણ્યસારને ત્યાં પણ ચોર લોકોએ ખાતર પાડયુ, તેમા તેના દ્રવ્યનો નાશ થયો બને ભાઇ નિર્ધન થઇ ગયા. સગાવહાલાંઓએ પણ તેમનો અનાદર કરવા માડયો તેમની સ્ત્રીઓ ભોજન વસ્ત્ર વિના દુખી થઇ પોતાને પીયર ચાલી ગઇ લોકોમા અભાગી અને નિર્ધન તરીકે તેમની ખ્યાતિ થઇ દ્રવ્ય વિના કોઇ તેમને માન આપતુ નહતું. આથી કટાળીને તેઓ દેશાંતરમાં ચાલ્યા ગયા કોઈ શહેરમા બને જુદા જુદા શેઠને ઘેર સેવક થઇ રહ્યા કર્મસાર કૃપણ અને જુઠો હતો, તેથી તેના શેઠને અપ્રિય થયો, અને તેને એક કોડી પણ મળી નહિં બીજા પુણ્યસારને સેવામા કાઇક દ્રવ્ય મળ્યુ, પણ ધૂર્તપણામા તેણે ગુમાવી દીધુ પછી ત્યાથી જુદા પડી તેઓ બીજે સ્થાને ગયા, ત્યા ધાતુવાદ, રસાયણ, સિદ્ધાંજન વિગેરે પ્રયોગ કરવા માડયા, તેમા પણ કર્મયોગે તેઓ નિષ્ફળ થયા.

પછી તેઓ તે કામ છોડી કોઇ જગલમા ગયા, અનુક્રમે કોઇ બંદર ઉપર આવ્યા ત્યાથી વાહાણ ઉપર ચડી રત્નદીપમા [illegible] ત્યા રત્નદેવિનુ મંદિર હતુ તેમા જઇ બને આરાધન કરવા બેઠા [illegible] ભગવાન [illegible], તેમણે અનશન કર્યુ અષ્ટમ થતા દેવીએ પ્રત્યક્ષ આવી કર્મસારને કહ્યુ, [illegible] તે કરીશ તોપણ દ્રવ્ય નથી. તે સાભળી [illegible], પુણ્યસારને [illegible] ઉપવાસ થયા, એટલે દેવીએ પ્રસન્ન થઇ તેને ચિંતામણિ રત્ન [illegible] પુણ્યસારે કર્મસારને કહ્યુ કે [illegible] ચિંતા [illegible] ચિંતામણિ રત્ન [illegible] છે પછી તે રત્ન લઇ તેઓ વાહણ [illegible] ગતિ આવી, એટલે પૂર્ણ ચંદ્રને ઉદય [illegible] જોવા તેઓએ ચિંતામણિ રત્ન [illegible] આવે પડ્યો, [illegible]

[illegible]

તમે બન્ને પૂર્વે ચંદ્રપુરમાં જનદત્ત અને જિનદાસ નામે શ્રાવક હતા જૈન ધર્મમા ઘણી પ્રીતીવાળા અને ઘણા આસ્તિક હતા તમારી શુદ્ધ વર્ત્તણુક જોઇ ચદ્રપુરના શ્રાવકોએ તમને સાધારણ દ્રવ્ય અને જ્ઞાનદ્રવ્યની વ્યવસ્થા કરવાનું સોપ્યુ. કેટલાએક વખત સુધી તમે એ દ્રવ્યની સારી રક્ષા કરી એક વખતે જિનદત્તે પોતાને માટે એક પુસ્તક લખવા આપ્યું. પોતાતી પાસે જ્ઞાનદ્રવ્ય કાઇ હતું નહી, એટલે સાધારણ દ્રવ્ય તેમા વાપર્યું. અને તેણે વિચાર્યું કે, આ દ્રવ્ય પણ જ્ઞાનદ્રવ્ય જેવુજ છે, આથી પુસ્તક લખનારને બાર દ્રામ તેમાથી આપ્યા બીજા જિનદાસે એકવાર એવુ વિચાર્યું કે, સાધારણ દ્રવ્ય સાતે ક્ષેત્રમાં કામ આવે છે, તેથી સાત ક્ષેત્ર માહેલો શ્રાવક પણ તેને વાપરી શકે છે તે વિષે આગમમાં નીચેની ગાથા લખેલી છે—

जिणभवण विंव पुथ्थय, संघ सरूवाइ सत्त खित्ताई ।
विविहं घणंपि जायं शिवफलयमहो अणंतगुणं ॥ १ ॥

જિનભવન, જનબિંબ, પુસ્તક, સઘ વગેરે સાત ક્ષેત્રોમાં જે વિવિધ દ્રવ્ય વાવે, તેને અનંત ગુણવાળુ મોક્ષફળ મળે છે. આવુ વિચારી તેણે નિશ્ચય કર્યો કે, હુ પણ સાત ક્ષેત્રમાં છુ, માટે તે દ્રવ્ય વાપરી શકુ. પછી તેણે પોતાના ઘરના વ્યવહારમા બાર દ્રામ સાધારણ ખાતામાથી વાપર્યો આ મહા પાપ લાગવાથી તેઓ બન્ને આયુષ્ય પૂરી કરી પેલી નારકીએ ગયા, એ મહા પાપને માટે વેદાંત પ્રમુખ અન્ય શાસ્ત્રો પણ નીચે પ્રમાણે લખે છે.—

प्रभास्वे मा मतिं कुर्यात् प्राणैः कंठगतैरपि ।
अग्निदग्धाः प्ररोहंति प्रभादग्धो न रोहति ॥
प्रभास्वं ब्रह्महत्या च दरिद्रस्य च यद्धनम् ।
गुरूपत्नी देवद्रव्यं स्वर्गस्थमपि पातयेत् ॥

અરે પ્રાણી ! તુ સાધારણ દ્રવ્ય ખાવાની બુદ્ધિ કરીશ નહી અગ્નિથી દગ્ધ થએલા ફરીવાર ઉગે, પણ સાધારણ દ્રવ્ય ખાઇને દગ્ધ થયેલો ફરીવાર ઉગતો નથી. સાધારણ દ્રવ્ય, બ્રહ્મહત્યા, દરિદ્રનું દ્રવ્ય, ગુરૂ પત્નીનો સગ અને દેવદ્રવ્ય તે સ્વર્ગમા રહેલાને પણ પાડે છે.

પહેલી નારકીનું દુખ ભોગવી તેઓ ભુજપરિસર્પ થયા, તે પછી બીજી નારકે ગયા, ત્યાંથી નીકળી ગીધપક્ષી થઇ ત્રીજી નારકે ગયા એમ એકાએક ભવ કરી સાત નારકે ગયા તે પછી એકેંદ્રીય, બેઇંદ્રી, વિગેરે તિર્યંચ ગતિમાં ભમ્યા—એકંદર બારહજાર ભવમા તેમણે ભ્રમણ કર્યું, ત્યાથી ચવીને તમે અત્યારે મનુષ્ય થયા છો. સાધારણ અને જ્ઞાનદ્રવ્યમાથી બાર દ્રામ દ્રવ્યનો દુરૂપયોગ કરવાથી તમે આવા કષ્ટ ભોગવોછો, જ્ઞાનદ્રવ્યની

આશાતનાથી કર્મસાર બુદ્ધિ વગરનો થયો છે હવે તમે તે પવિત્ર દ્રવ્યના ઋણમાંથી મુક્ત થવાનો અભિગ્રહ ધારણ કરો, અને તેનું પ્રાયશ્ચિત લ્યો.

જ્ઞાનીના આવાં વચન સાંભળી પુણ્યસાર અને કર્મસાર બંનેએ શ્રાવક ધર્મને આદર આપી, પ્રાયશ્ચિત લીધું બાર દ્રામને બદલે બારહજાર દ્રામ આપવાનો અભિગ્રહ કર્યો તે સાથે વીગનો ત્યાગ કરી વિવિધ જાતના નિયમો લેવા માંડ્યા અનુક્રમે તેઓ ધનવાન અને સુખી થયા તેમણે બાર કોટી સુવર્ણ જ્ઞાન ખાતામાં અને સાધારણ ખાતામાં અર્પણ કર્યું સાધર્મિ બંધુઓના ઉદ્ધારને માટે ઘણું દ્રવ્ય ખર્ચવા માંડ્યું શ્રાવક ધર્મને પાળી છેવટે તેમણે સંયમ લીધો સંયમ વ્રત પાળતાં તેમને કેવળજ્ઞાન થયું, અને અનુક્રમે તેઓ અજર, અમર, નિષ્કલંક મોક્ષ સુખને પ્રાપ્ત થયા

બંધુઓ ! આ કથા ઉપરથી તમારે વિચારવાનું છે કે, જ્ઞાનદ્રવ્ય, અને સાધારણ દ્રવ્ય વિષે પણ શ્રાવકે કેવી રીતે પ્રવર્તવું જોઈએ માત્ર થોડા દ્રવ્યની ભૂલ કરવાથી કર્મસાર અને પુણ્યસારને માથે કેવી વિપત્તિ થઈ ? જ્ઞાનદ્રવ્ય, અને [illegible] ઉપેક્ષા કરવાથી મહા પાપ છે, તો તેને ખાવાથી કેવું પાપ હોય તે તમો ઉપરની કથા [illegible] હશે મિત્રો ! તમારા હિતની ખાતર હું આ કહું છું, મારે તેમાં કાંઈ સ્વાર્થ નથી. તમે આજ સુધી મોટી ભુલ કરી, દેવદ્રવ્ય ખાધું છે હવે તેમાંથી મુક્ત થવાનો ઉપાય કરો, અને આજથી તે મહા પાપનો માર્ગ બંધ કરો, તે [illegible] તમારો [illegible] ઉદ્ધાર થશે દેવદ્રવ્યના ભક્ષણથી તમને આ ભવમાં કેવી શિક્ષા થઈ છે ? તેનો વિચાર કરો [illegible] જૈન પ્રજા પાયમાલ થતી જાય છે, તેનું કારણ દેવદ્રવ્યનું [illegible] છે તેને તમારી [illegible]નો વિચાર કરો, તમારી ત્રાસજનક સ્થિતિ જોઈ મારા [illegible] ખેદ થાય છે. આ શકાવતાર તીર્થમાં તમારો વાસ છે, તે તમારે ધન્યવાદ [illegible] છે [illegible] તીર્થમાં [illegible] શ્રાવક ધર્મ પાળ્યો હોય, તો તે સિદ્ધગતિ [illegible] છે [illegible] સ[illegible]પયોગ કરી, તમે તમારા માનવજીવનને [illegible] કરો [illegible] હવે હું મારી વાણીને વિરામ આપું છું. [illegible]

ચીત્રકનું આવું ભાષણ [illegible] તેઓ પોતાના પાપને માટે [illegible] શકાવતારના યાત્રા [illegible] કોઈ પણ [illegible]

પ્રકરણ ૫૨ મું.

મદના હરણ.



બ્રાહ્મ મુહૂર્તનો સમય હતો, શ્રાવકની દિનચર્યા પ્રમાણે જાગ્રત થવાનો અવસર હતો. આ પવિત્ર સમયે ધાર્મિક શ્રાવક જાગ્રત થઇ, આત્મચિંતવન કરે છે. હું પોતે કોણ છું ? કયાં સુતો છું ? ભૂમિ ઉપર છું, અધર છું, કે કયાં છું ? મારે આ વખતે શું કરવું જોઇએ ? એ વિચાર પવિત્ર શ્રાવકના હૃદયમાંથી ઉદ્ભવે છે. કાંઇપણ સંચાર કર્યા વગર યતનાપૂર્વક શ્રાવકપુત્ર તે સમયે જાગે છે, અને ધર્મક્રિયા આરાધે છે, રાત્રિરૂપ મહારાણી પોતાના મહારાજ્ય ઉપરથી વિદાયગીરી લે છે. તેનો પ્રકાશમાન તારારૂપી ઝમો અદૃશ્ય થતો જાય છે, ચંદ્રરૂપ પતિના વિયોગથી તે પોતાના શૃંગારને ત્યજી દે છે.

આ સમયે એક દંપતી અટવીમાં એક છાયાદાર વડના વૃક્ષ નીચે વાસ કરી રહ્યા છે, પ્રેમી પ્રિયાની રક્ષા માટે તેનો પ્રેમી પતિ પહેરેગીર થયો છે, રાત્રિના પ્રત્યેક પ્રહરે પતિ જાગ્રત રહે, તેને માટે પ્રેમપૂર્ણા પત્ની ચિંતાતુર રહે છે, અને પતિને સુવાડી પોતે જાગ્રત રહેવા પ્રયત્ન કરે છે, રાત્રિના કેટલાક સમય સુધી પતિને વિશ્રામ આપી, ચોથે પહોરે તે નિર્મળ હૃદયની નારીના નયન ઉપર નિદ્રાએ મોટો ધસારો કર્યો છે, ગૌર અંગવાળી ગૌરી ગાઢ નિદ્રામાં તલ્લીન થઇ ગઇ છે, બ્રાહ્મ મુહૂર્ત થયું છે, તથાપિ તે હજુ નિદ્રાનો મહાનંદ અનુભવે છે.

અનુક્રમે અરૂણોદય થવા આવ્યો, તથાપિ ઘટાદાર વડ નીચે હજુ અંધકાર ભરાઇ રહ્યો છે, તેની આસપાસ તેનો પહેરેગીર હાથમાં નગ્ન ખડ્ગ લઇ ફરે છે, તેના હૃદયમાં પ્રિયાને નિદ્રાનું પૂર્ણ સુખ લેવા દેવાની પ્રબળ ઇચ્છા પ્રગટી રહી છે, પ્રિયાને નિદ્રામાં ભરપૂર જોઇ તે વિદ્વાન્ નાયક નીચેની ગાથા સંભારે છે

> जननी जन्मभूमिश्च निद्रा पश्चिमरात्रिजा ।
> इष्टयोगः सुगोष्ठी च दुर्मोचाः पंच देहिनाम् ॥ १ ॥

જનની માતા, જન્મભૂમિ, પાછલી રાતની નિદ્રા, ઇષ્ટ જનનો યોગ અને સારી ગોષ્ટ-ગમત, એ પાંચ વાનાં પ્રાણીઓને છોડવા મુશ્કેલ છે.

"આથી પ્રિયા ગુલાબી નિદ્રા લેતી હશે, રાત્રીએ કેટલોક સમય તે જાગ્રત રહેલી છે" આ પ્રમાણે વિચાર કરતા શ્રાવકે કુકડાનો શબ્દ સાંભળ્યો, અરૂણની રક્તપ્રભા ઝાંખી થવા માંડી, એટલે તે નીચેનું પદ બોલ્યો—

प्रोज्जृंभते परिमलः कमलावलीनाम्
शब्दायते क्षितिरुहोपरि ताम्रचूडः ।
मार्गस्तथापि सुकरः खलु शीतलत्वा
दुत्थीयतां सुनयने रजनी जगाम ॥ १ ॥

કમળની શ્રેણીઓની ખુશ્બો વધતી જાય છે, વૃક્ષ ઉપરથી કુકડો શબ્દ કરે છે, વળી શીતળતાને લઇ ચાલવાનો માર્ગ સુગમ છે, માટે હે સુંદર નેત્રવાળી સ્ત્રી! તું ઉઠ, રાત્રિ ચાલી ગઇ એ પદ્ય બોલી ગયો, તથાપિ શ્રીચંદ્રે કાંઇ પણ પ્રિયાનો સંચાર કે શબ્દ સાંભળ્યા નહીં, તેવામાં ઘાસને ચરવાને નીકળેલાં હરણોને, ઉડતા પક્ષીઓને અને સૂર્યની રક્તવર્ણી મૂર્તિનો દેખાવ જોઇ ને નીચેનું પદ્ય બોલ્યો—

एते व्रजंति हरिणास्तृणभक्षणार्थं
तूर्णं विधातुमथ यांति पक्षिणोऽमी ।
शृंगं स्पृशत्युदयसानुमतो विवस्वान्
उत्थीयतां सुनयने रजनी जगाम ॥ १ ॥

આ હરણો ઘાસ ચરવાને ફરે છે, આ પક્ષીઓ [illegible] જાય છે, અને આ સૂર્ય ઉદયગિરિના શિખરને સ્પર્શ કરે છે, હે સુંદર નેત્રા! ઉઠો, રાત્રિ ચાલી ગઇ આ પદ્ય બોલી, પ્રિયાનો પ્રત્યુત્તર સાંભળવા તે તત્પર રહ્યો, તથાપિ કાંઇ પણ પ્રિયા તરફથી તેને પ્રત્યુત્તર મળ્યો નહી જેથી તે નિરાશ થઇ ગયો [illegible] પ્રિયાનું મુખ જોઇ પ્રભાત મંગળ કરવા તે ઉત્સુક હતો, [illegible] ભૂમિશય્યા શૂન્ય જોવામાં આવી, તે [illegible] તેના હૃદયને [illegible] પ્રિયા કયાં ગઇ? વાત્સલ્યની વિદ્યુત્ કયાં [illegible] અવલોકન કરવા માંડયું, તથાપિ કોઇ [illegible] [illegible]

यत्कदापि मनसा न चिंत्यते
यत्स्पृशंति न गिरः कवेरपि ।
स्वप्नवृत्तिरपि यत्र दुर्लभा
हेलयैव विदधाति तद्विधिः ॥ १ ॥

કદિ પણ જેનુ મનમાં ચિંતવન ન થાય, કવિની વાણી પણ જેને સ્પર્શ કરી શકે નહી, અને જેને માટે સ્વપ્નામાં પણ ખ્યાલ ન હોય, તેવો બનાવ વિધિ [કર્મ] હેલા માત્રમાં કરે છે. ૧

अघटित घटितानि घटयति
सुघटित घटितानि जर्जरीकुरुते ।
विधिरेव तानि घटयति
यानि पुमान् नैव चिंतयति ॥ २ ॥

વિધિ ન ઘટે તેવું ઘટાવે છે, સારી રીતે ઘટેલું હોય, તે શિથિલ કરી નાખે છે, અને જે પુરૂષના ચિંતવવામાં ન આવે, તેને પણ ઘટાવે છે ૨

जं चिय विहिणा लिहियं, तं चिय परिणमइ सयल लोयस्स ।
इय जाणे विणु धीरा, विहुरेविन कायरा हुंति ॥ ३ ॥

જે વિધિએ લખેલુ હોય, તેજ સર્વ લોકોને પરિણમે છે, એમ જાણી ધીર પુરૂષો કાયર થતા નથી. ૩

આ પદ્યનું ઉચ્ચારણ કરી તેણે વિચાર્યું કે, હવે વિશેષ ચિંતા ન કરવી, ચિંતા કરવાથી વિશેષ શોક થાય છે. હાનિ, લાભ સર્વ કર્મની સત્તાને આધીન છે. તેમાં બીજો તો માત્ર નિમિત્ત છે જે કર્મને ન માની બીજા ઉપર આધાર રાખે છે, તે કલ્પવૃક્ષને છોડી બાવળના વૃક્ષ સાથે બાથ ભીડે છે. કર્મની સત્તા મોટી છે. કોઇ પ્રાણી અખંડિત સુખ મેળવી શકતુ નથી. ઉદય અને અસ્ત સાથેજ છે આવું વિચારી તે નીચેનું એક પદ્ય બોલ્યો—

कस्य स्यान्न स्खलनं पूर्णाः सर्वे मनोरथाः कस्य ।
कस्येह सुखं नित्यं दैवेन न खंडितः कोवा ॥ १ ॥

કોણ ભૂલ કરતું નથી ? કોના મનોરથ પૂર્ણ થતા નથી ? આ જગતમાં નિત્ય સુખ કોને રહે છે ? દૈવથી ખંડિત કોણ નથી ?

વાચનાર અનુમાનથી આ દંપતીને જાણી શક્યા હશે, તથાપિ પુનરૂક્તિ કરવી પડે છે તે શ્રીચંદ્રકુમાર અને મદનસુંદરી હતા, તેઓ મુસાફરી કરતા આ અરણ્યમાં આવી ચડ્યા હતા, ત્યાં કોઈ દુષ્ટે મદનાનું હરણ કરેલું છે શ્રીચંદ્ર પ્રમાદમાં રહ્યો ન હતો, તે સર્વથા જાગ્રત હતો, તથાપિ કર્મની પ્રબળતાથી આ બનાવ બન્યો હતો, મદનાનું હરણ કોણે કર્યું, તે વાત આગળ સ્પષ્ટ થશે અત્યારે શ્રીચંદ્ર ધૈર્ય રાખી સાવધાન રહ્યો હતો, કર્મની ચમત્કૃતિ અને ભાવિની સત્તા ઉપર વિચાર કરી તેણે ધૈર્ય ધારણ કર્યું હતું, તે સાથે ધર્મ ભાવનામાં જાગ્રત થયો હતો, આર્હત ધર્મની ઉપાસનાને યોગે તેનામાં મદનાની મોહદશા વૃદ્ધિ પામી ન હતી, તેનામાં દ્રઢતા આવી હતી, અને તે કર્મ ઉપર આધાર ગણી તેમાં અચળ રહ્યો હતો શ્રીચંદ્ર મદનાને હૃદયમાં સ્થાપી, ભાવી ઉપર આશા બાંધી આગળ શું કરવું ? તે વિચાર બુદ્ધિની વિશાળતા ઉપર રાખી, શ્રીચંદ્ર ત્યાંથી આગળ ચાલ્યો ક્ષણે ક્ષણે પોતાની સહચારિણી મદના તેને યાદ આવતી હતી, પણ પોતાના ધૈર્યથી તેના હૃદયમાં શોક કે સંતાપ પ્રગટ થતો નહતો વળી કોઈ વેળા તે એવો વિચાર પણ કરતો કે, પ્રેમાળ હૃદયની મદના મારા સિવાય શી રીતે રહી શકશે ? તે પતિપ્રાણા પ્રમદાની શી ગતિ થશે ? તેના [illegible] કોઈ દુષ્ટ તેણીની ઉપર બળાત્કાર કરશે, તો તે સતી [illegible] શી રીતે પોતાનું [illegible] ધારણ કરશે ? સતી સ્ત્રીઓ પ્રાણ જતા પણ શીયળ [illegible] નથી શીયળવતી શાવિકાઓ પોતાના શીયળને પ્રાણથી [illegible] મહામૂલ્ય આપી તે શીયળરત્નને ખરીદ કરે છે [illegible] આ આર્ય દેશને દીપાવનારી છે મદનસુંદરી પણ તે માહેલી [illegible] નહીં. તે પ્રેમવતી પત્ની મારા સિવાય શી રીતે રહી શકશે [illegible] કરનાર કામી પુરૂષ તે સુશીલાને અતિ સંતાપ કરશે, તે વખતે તે [illegible] આવું વિચારી શ્રીચંદ્ર [illegible] રક્ષણ કરજો [illegible] હોય, અને મારામાં કાંઈ પણ [illegible] તેણીના શીયળનું સર્વદા [illegible]

હવે આપણને તેની [illegible]

પ્રકરણ ૫૩ મું.

મિત્રનો મેળાપ.



એક ઘોર જંગલમાં મોટું સૈન્ય છાવણી નાખી પડ્યું હતું, ચારે તરફ વીર પુરૂષોના શબ્દના પ્રતિધ્વની પડતા હતા, તેમના ત્રાસથી વનનાં પ્રાણીઓ ચકિત થઇ આમતેમ દોડતા હતાં, ફળવાળા વૃક્ષો ઉપર ક્ષુધાતુર સૈનીકો ચડી ચડી ફળ પાડતા હતા, કેટલાએક ફળના રાશિ કરી આસપાસ ભો-જન કરવા બેસી ગયા હતા, કોઇ જળાશય ઉપર સ્નાન–પાન કરતા હતા, કોઇ જળ ક્રીડા કરવાને જળાશયમાં મગરની જેમ પડતા હતા. કેટલાક અસ્વાર થઇ અટવીમાં અટન કરતા હતા, કોઇ ઉંટ, કોઇ હસ્તી, અને કોઇ ખચ્ચરપર આરૂઢ થઇ, વન શોભા જોવાને નીકળી પડ્યા હતા. આ વખતે એક તરૂણ પુરૂષ તે છાવણીની આગળ પ્રસાર થયો. દુરથી સેનાનો પડાવ જોઇ, તે મનમા આશ્ચર્ય પામી ગયો. તે પુરૂષની આકૃતિ વીર પુરૂષના જેવી હતી, તેની ખાધ ઉપર એક મજબુત લાકડી હતી. તેનું શરીર ધૂળથી ધૂસરૂં થઇ ગયુ હતુ, તેની પાસે ભિક્ષાપાત્ર અને જળનું કમંડળ હતુ; તેનો દેખાવ ખરેખર યોગીના જેવો હતો

આ મુસાફર જ્યારે છાવણીની પાસે થઇ નીકળ્યો, ત્યારે એક સૈનિક દોડતો દોડતો આવ્યો; તેણે મુસાફરને ઉભો રાખ્યો, અને વિનયથી કહ્યુ ભદ્ર, ! ચાલો તમને અમારા મહારાજા છાવણીમાં બોલાવે છે, મને ખાસ તમને તેડવા માટે મોકલ્યો છે. તે સાંભળી મુસાફર વિચારમાં પડયો, હું કોણ ? અને મહારાજા કોણ ? મને બોલાવવાનું કારણ શું હશે ? મારા જેવા અજાણ્યા માણસને મહારાજા ક્યાંથી ઓળખે ? આવુ હૃદયમાં ચિંતવી તે મુસાફરે કહ્યું, ભાઇ ! મને મહારાજા શામાટે બોલાવે છે ? હુ તમારા મહારાજાને ઓળખતો નથી, તેમ મારા હૃદયમાં કોઈ જાતની આશા નથી. હુ એક દુઃખી મુસાફર છું, મારી મુસાફરીનો હેતુ ગભીર છે, મારે કોઇ જાતની અપેક્ષા નથી. સૈનિકે ફરીથી જણાવ્યું, ભદ્ર ! રાજાઓની આજ્ઞા સર્વને માન્ય છે, તમે નિસ્પૃહ છો, તથાપિ રાજાની આજ્ઞા પ્રમાણે વર્તવું જોઇએ. અમારા મહારાજા કોઇ કારણ વિના પ્રવૃત્તિ કરતા નથી. તેઓ ધાર્મિક અને કૃતજ્ઞ છે, તેમની મનોવૃત્તિ સર્વદા નિર્મળ છે, તમારૂં દર્શન થતાંજ તેઓની મુખમુદ્રા ઉપર વિલક્ષણ દેખાવ થયો હતો; જાણે તમારા પૂર્વ પરિચિત હોય, તેમ તેઓ દેખાયા હતા. ભદ્ર ! સત્વર ચાલો, મહારાજા તમને મળવાને ઉત્સુક છે, વિલબ કરો નહીં.

સૈનિકનાં આવાં વચન સાંભળી તે મુસાફર છાવણી તરફ વળ્યો, છાવણીની પાસે આવેલા એક આમ્રવૃક્ષ નીચે બે પુરૂષો ઉભા હતા, અશ્વક્રીડા કરી તેઓ શાન્ત થઇ ગયા હતા. પેલો સૈનિક મુસાફરને લઇ, ત્યાં આવી ઉભો રહ્યો. આ બન્ને પુરૂષમા એક મ-

રાજા હતો, અને બીજો તેનો મંત્રી હતો. મંત્રી પોતાના મંત્રીપણાની સાથે મિત્રપણું ધરાવતો હતો. તેઓ છાવણીમાંથી અશ્વક્રીડા કરવાને બહાર ફરવા નીકળ્યા હતા. ક્રીડાથી શાંત થઈ અહીં આમ્રવૃક્ષ નીચે બેઠા હતા. તેઓમાંથી જે મહારાજા હતો, તે આ મુસાફરને જતો જોઈ ઉત્સુક થયો હતો.

જ્યારે મુસાફર પાસે આવી ઉભો રહ્યો, એટલે મહારાજા ઉત્સુક થઈ બેઠો થયો, તેના નેત્રમાંથી અશ્રુની ધારા ચાલવા લાગી, શરીરપર રોમાંચ ખડા થયા. તેણે બેઠા થઈ તે મુસાફરને પ્રેમથી આલિંગન કર્યું. પોતાના અંગને ઉમંગથી તેની સાથે સંલગ્ન કરી દીધું. વારંવાર ભેટ લઈ તેણે ચિરકાળનો વિયોગ [illegible] કર્યો, પછી પ્રેમ વચન બોલ્યો, મિત્ર ગુણચંદ્ર ! અહીં ક્યાંથી ? આ વેશ કેવો ? આ તરફ નીકળવાનું શું પ્રયોજન ? તમારા શરીરની પૂર્વ સ્થિતિ ક્યાં ગઈ ? તે [illegible] તે [illegible] તેજ, તે ઉત્સાહ અને તે રૂઆબ ક્યાં ગયો ? શું મારે માટે તમારી આ સ્થિતિ ! મિત્રની [illegible] શું તમે આ [illegible] કરી લીધી ! જગતમાં મિત્રધર્મની [illegible] [illegible] ? તેનું પ્રત્યક્ષ દૃષ્ટાંત તમે [illegible] મિત્ર ધર્મ સજીવન છે. [illegible] મિત્ર [illegible] તેને આલિંગન કર્યું.

મુસાફર ગુણચંદ્ર [illegible] તે તેના ચરણમાં નમી પડ્યો [illegible] મહારાજાએ તેને બેઠો કરી [illegible] આલિંગન [illegible] મિત્ર [illegible] અને બીજો મિત્ર [illegible] કરી [illegible], તે મિત્ર મહા[illegible] [illegible] તમારા [illegible] શ્રી [illegible] શ્રી સંપત્તિનું અને ચંદ્ર [illegible] નારી સંપત્તિની [illegible] [illegible]

કરી હતી એ પ્રભાવિક ધર્મના સ્મરણથી મદનસુંદરી વિગેરેની મારી મોહદશા તદન શીથિલ થઇ ગઇ. ભારી ઉપર આભાર ગણી હું તે સ્થળેથી આગળ ચાલ્યો, થોડે દૂર જતા કનકપુર નામે એક નગર આવ્યું, તેની પાસેના વનમા જઇ મે વિશ્રામ લીધો

એ કનકપુર નગરનો રાજા કનકધ્વજ પુત્ર રહિત અકસ્માત્ [illegible] રોગથી મૃત્યુ પામ્યો હતો, તેના લક્ષ્મણ નામના આસ્તિક મંત્રીએ રાજ્યની અધિષ્ઠાયક દેવીની આરાધના કરી, એટલે તે દેવીએ પ્રત્યક્ષ થઇ કહ્યું, મંત્રી ! ચિંતા કરો નહીં પંચદિવ્ય કરી કોઇ ઉત્તમ પુરૂષને શોધી રાજા બનાવો દેવીની આજ્ઞાથી મંત્રીએ પાંચદિવ્ય કર્યા એક હાથિણીની સુંઢમા સુવર્ણનો કળશ આપ્યો, તે હાથિણી વિગેરે પંચદિવ્ય ત્રણ દિવસ સુધી ગામમા ફર્યા, પણ કોઇ યોગ્ય પુરૂષ મળ્યો નહીં પછી તેઓ નગરની બાહેર આવ્યા. જે સ્થાને હું ધ્યાન થઇ બેઠો હતો, ત્યા તે પંચદિવ્ય આવ્યા [illegible] હાથિણી વિગેરે મારી ઉપર કળશવડે અભિષેક કર્યો અશ્વે ખોંખારો કર્યો છત્ર અને [illegible] મારી ઉપર [illegible] કર્યા [illegible] જયનાદ ઉચ્ચાર્યા તત્કાળ લક્ષ્મણ મંત્રી મારી પાસે આવી કહે [illegible]—મહાનુભાવ ! તમે આ [illegible] મહારાજા થયા છો, આ કનકપુર નગરની [illegible], [illegible] અમારા સ્વર્ગવાસી મહારાજા કનકધ્વજને કનકાવળી [illegible], [illegible] થાશો, અને આ મહારાજ્ય [illegible] આપ [illegible] મેરબાની [illegible]

મિત્ર ! લક્ષ્મણ મંત્રીના [illegible] હાથમા [illegible] આવ્યું ત્યારે મે હાથમા [illegible] પાણી સાર નામ [illegible] લીધું. [illegible] તેણે મોટા પાયા ઉપર [illegible] વધાવી લીધો તે પ્રસંગે [illegible] વાગવા લાગ્યા, અને [illegible] મોટા રાજમહિલમા [illegible]

મિત્ર ! [illegible]

[illegible]

આચાર કુળને કહી આપે છે, ભાષણ દેશને જણાવે છે, સંભ્રમ સ્નેહ દર્શાવે છે, અને રૂપ ભોજન–ખોરાક જણાવે છે.

મિત્ર ! વધારે શું કહું ? મારે માટે લોકોએ સારો વિચાર બાંધ્યો. દુર્બળ માછીની જેમ મારા પુણ્યે મને ઉન્નતિ ઉપર મુકી દીધો. કનકપુરની પ્રજાને અને રાજકુટુંબને હું ઘણોજ પ્રિય થઇ પડ્યો. એક વખતે કનકપુરમાં ગાયકોના વૃંદ આવી ચડ્યા, તેઓએ રાજ્યદ્વાર આગળ આવી ગાયન કરવા માંડ્યું. ગાયન પૂર્ણ કર્યા પછી એક ચતુર ગાયક નીચેનું કવિત ઉભો થઇને બોલ્યો—

છપ્પો.

નયર કુશસ્થલ ઇશ, સૂર્યવતી રાણી કાંત હાં,
પ્રતાપસિંહ જસ નામ, તેજ પ્રતાપ મહંત હાં,
શોક્ય પુત્રની ભીતિ, રીતિ જાણીને મૂકે;
નિજ વાડીમાં ફુલ, પગરમાં બુદ્ધિ ન ચૂકે,
લક્ષ્મીદત્ત શેઠે ગ્રહ્યા, લહી વૃદ્ધિ તિહાં અતિ ઘણી,
કર્યું નામ શ્રીચંદ્ર તસ, કળા સર્વ તેણે ભણી ૧

રાધાવેધ વિધાન, પદ્મિની વળી જેણે પરણી,
વીણારવને દાન, તુરગ રથ જાય ન વરણી,
નીસરિયો છે વિદેશ, ભાગ્યબલી ગુણનો આગર;
ઇત્યાદિક ગુણ રાશિ, સાંભળી હરખ્યા નાગર,
દેઇ દાન તેહને બહુ, કહે તુમો તસ ઓળખો,
વૃદ્ધ કહે અમ નાયકે, લેઇ દાન તસ જસ લખ્યો. ૨

આ કવિતા સાંભળતાં લક્ષ્મણ મંત્રીએ મારા સામુ જોયેલ, તે વખતે સ્વપ્રશંસા સાંભળી હું નીચું મુખ કરી રહ્યો હતો મને તેમ રહેલો જોઇ, લક્ષ્મણે ચિંતવ્યું કે, પોતાના ગુણની પ્રશંસા સાંભળી ઉત્તમ પુરૂષ નમ્રમુખ થાય છે, તેથી જરૂર આ પોતેજ શ્રીચંદ્ર હશે; આવું ચિંતવી મંત્રી હૃદયમાં સંતોષ પામ્યો. પછી અમો બંને આ વનમાં મોટી સેના લઇ અશ્વક્રીડા કરવાને ફરવા નીકળ્યા છીએ. અહીં તમારો સમાગમ થયો, તેથી અમારૂં આગમન કૃતાર્થ થયું છે. મિત્ર ! આ પ્રમાણે મારો આજ સુધીનો વૃત્તાંત છે. હવે ચાલો, આપણે કનકપુરની રાજધાનીમાં જઇએ. પછી લક્ષ્મણ મંત્રીએ ઉભા થઇ અંજલિ જોડી ગુણચંદ્રને કહ્યું, ભદ્ર ! તમારા દર્શનથી મને ઘણો આનંદ થયો છે, આપ અમારા મહારાજાના મિત્ર છો, તે જાણી વળી વિશેષ હર્ષ ઉત્પન્ન થાય છે, તમે કૃપા કરી મહારાજાની સાથે રાજધાનીમાં પધારો, અને મહારાજાના મુખ્ય મંત્રીની પદવી સ્વીકારો. તમારા જેવા ચતુર અને મિત્ર મંત્રીના યોગથી મહારાજા શ્રીચંદ્રનું રાજ્ય વિશેષ શોભા પ્રાપ્ત કરશે; એટલુંજ નહીં, પણ આ ભારતમંડળમાં તે સર્વોત્તમ ઉન્નતિ સંપાદન


કરશે લક્ષ્મણ મંત્રીના વચનને શ્રીચંદ્રે અનુમોદન આપ્યું અને ગુણચંદ્રને મંત્રીપદ લેવાનો અતિ આગ્રહ કર્યો. પોતાના ઇષ્ટ મિત્રના આગ્રહથી ગુણચંદે કનકપુરના રાજ્યનું મંત્રીપદ સ્વીકાર્યું. પછી તેઓ બધા કનકપુરમાં આવ્યા. શ્રીચંદ્રે મોટી દરબાર ભરી ગુણચંદ્રને મંત્રીશ્વરની પદવી આપી. પ્રજા વર્ગને પોતાના ઇષ્ટ મિત્રની ઓળખાણ કરાવી. સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો.

મહારાજા શ્રીચંદ્રે કનકપુરના રાજ્ય ઉપર સારી છાપ બેસારી. ગુણચંદે પણ પ્રધાનપદને ન્યાયથી દીપાવ્યું. મહારાજાની આજ્ઞાથી કનકપુરનું રાજ્ય એક નમૂનાદાર ધર્મરાજ્ય બની ગયું, રાજ્યમાં સર્વ પ્રખ્યાત સ્થળે દાનશાળાઓ, જ્ઞાનશાળાઓ અને ધર્મશાળાઓ સ્થાપી, જૈન પર્વના દિવસોમાં અમારી ઘોષણા કરાવવા માંડી, પોતાની પ્રજામાં સાત વ્યસનનો નાશ થાય, તેવા ઉપાયો ચલાવ્યા, સ્થળે સ્થળે દુઃખી લોકોના ઉદ્ધારને માટે નવાં ખાતાઓ ઉઘાડ્યા, જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કરાવ્યો [illegible] નવા જિનાલયો પણ સ્થાપિત કર્યા. મુનિઓના વાસ માટે ઉત્તમ [illegible] બંધાવી. જૈન બાળિકાઓને જ્ઞાન આપવાને જૈન કન્યાશાળાઓ [illegible] બોર્ડીંગો [illegible]

શ્રાવિકાઓને સદ્બોધ [illegible] આપી [illegible] ઉત્તમ રાજ્ય પદ્ધતી [illegible] શ્રીચંદ્ર [illegible], [illegible] ભારતવર્ષ ઉપર થવા લાગ્યા, [illegible] લાગી [illegible] થતો હતો

પ્રકરણ ૫૯ મું.

વસંત વિનોદ



પંચમ સ્વરનો મહાનાદ પ્રત્યેક સ્થળે થઇ રહ્યો છે, નવપલ્લવની શોભાથી સુશોભિત થયેલી વનશ્રેણી વસંતની શોભાને વધારે છે.

આ વખતે કનકપુરનો મહારાજા શ્રીચંદ્ર વસંતની વનલીલા જોવાને ઉત્સુક થયો હતો, તેના હૃદયમાં પોતાના પ્રિય મિત્ર ગુણચંદ્રને આનંદ આપવાની ઇચ્છા હતી, પોતાને માટે અથાગ શ્રમ લઇ દેશાટન કરનાર ગુણચંદ્રને વસંતના વિનોદથી આનંદ આપવો, આવો તેણે નિશ્ચય કર્યો હતો.

પ્રાતઃકાળની નિત્યક્રિયા કરી નિવૃત્ત થઇ શ્રીચંદ્રે પોતાના મિત્ર ગુણચંદ્રને સભામંડપમાં બોલાવ્યો. ગુણચંદ્ર વિનયથી નમ્ર થઇ ઉભો રહ્યો. શ્રીચંદ્રે કહ્યું મિત્ર ! આજ કાલ વસંતઋતુ ચાલે છે, સર્વ ઋતુઓમાં વસંતને ઋતુરાજની પદવી મળી છે, એ વિલાસી ઋતુમાં વનલીલાનો આનંદ મેળવવાની મારી ઇચ્છા થઇ છે તમારા જેવા પ્રેમી મિત્રને લઇ, વનલીલાનો અનુભવ કરવા અને આત્માને ઉત્તમ આનંદ આપવા મારી મનોવૃત્તિ પ્રવૃત્ત થઇ છે આજે ઘણે દિવસે આ મહા લાભ પ્રાપ્ત થયો છે. મિત્રગોષ્ટીની મહત્તા સર્વથી મોટી છે, મિત્રોનો આનંદ અલૌકિક છે, મિત્રધર્મની મહત્તા આવા મધુર સમયમાજ દેખાઇ આવે છે. આ સમયનો સુખાનંદ સંપાદન કરવાને આપણે સંપૂર્ણ ભાગ્યશાળી થયા છીએ. મિત્રવર્ય ! આ દિવ્ય સમયનો લાભ લેવા આપણે ચુકવું ન જોઇએ. વનલીલાની કુદરતી શોભા મિત્રની સાથે જોવાની મને ઘણી હોંશ છે, વનનું સૌંદર્ય વસંતને દીપાવે છે, વસંતનો મહાનંદ દિવ્ય દર્શન આપે છે. મિત્ર ! ચાલો, એ અલૌકિક આનંદ લઇએ. વનની મનોહર શોભા તમારાં નેત્રને તૃપ્ત કરશે, પુષ્પોની લીજ્જતદાર ખુશબો તમારી ઘ્રાણેંદ્રિયને સંતુષ્ટ કરશે, કોકિલાનો પંચમ સ્વર તમારા શ્રવણને આનંદ આપશે, સ્વાદિષ્ટ વનફળો તમારી રસનાને માધુર્ય આપશે, અને વનનો શીત, મંદ તથા સુગંધી પવન, તમારા અંગને સુખ સ્પર્શ થશે. મિત્ર ! વિવિધ જાતના વન, પશુઓ, અને પક્ષીઓની ક્રીડા જોઇ તમારૂં કૌતુક પૂર્ણ થઇ જશે. પાથેય ભોજન લઇ, અને ઝરણાના કુદરતી જળનું પાન કરી, તૃપ્ત થયેલા પથિકજનો છાયાદાર વૃક્ષોની નીચે બેઠેલા જોઇ, તમને અતિ આનંદ ઉત્પન્ન થશે આમ્ર વૃક્ષોની ઘટા નીચે રાસડા લઇ ગમત કરતી, ભીલની બાળિકાઓ તમારાં નયનને કૌતુક આપશે. વડના વૃક્ષ નીચે વડવાઇના હીંચકા ઉપર હીંચતા વાદરાંઓને જોઇ તમને ઘણી ગમત પડશે, વેણુમાથી નીકળતા મધુર સ્વર સાંભળી તમને અતિ વિનોદ થશે મિત્રમણિ ! ચાલો, સત્વર તૈયાર થાઓ. વસંતઋતુનો વિનોદ અનુભવી જીવનના સુખગા વધારો કરો, કનકપુરની વનશોભા દર્શનીય છે, આ દેશ ફળદ્રૂપ છે, અનેક જાતની અભિનવ ઔષધિઓ આ દેશમા ઉત્પન્ન થાય છે વનના વિલાસી વૈભવથી આ દેશ સર્વ દેશોથી ચડીયાતો છે, વિવિધ જાતની ફળ સમૃદ્ધિ આ દેશની ભૂમિને અલંકૃત કરે છે, કનકપુરની પ્રજા વસંતના વિલાસનો યથાર્થ અનુભવ કરે છે, અહીંના લોકોમાં વનવિલાસ પ્રધાનપણે રહેલો છે. વનની રમણીયતાનો લાભ લેવાને રમણીય વર્ગ વધારે ભાગ લે છે. વસંતનો વરિષ્ટ મિત્ર કામદેવ, આ ઋતુને શ્રૃંગારની સહાય આપે છે; પ્રેમી [illegible] વસંતનો વિલાસ ઉલ્લાસથી ભોગવે છે. કનકપુરની કામિનીઓ વસંત વિલાસ ભો-

ગ્રહવાને વિશેષ ભાગ લે છે મિત્ર ! જેવી રીતે આત્મિક સમૃદ્ધિ વસંતમા પ્રવર્તે છે, તેવી રીતે ધાર્મિક સમૃદ્ધિ પણ વસંતના લાભ મેળવે છે વસંતના વિકસિત પુષ્પો લઇ સદ્ગ્રહસ્થી શ્રાવકો જિન પ્રતિમાની પૂજા કરે છે, પુષ્પોની સુગંધી માળાઓથી જિન ભગવંતની પવિત્ર પ્રતિમાઓની આસપાસ ઉત્તમ પ્રકારની આંગી રચે છે. મહાજનની મહિલાઓ પચરંગી પુષ્પોની છાબડીઓ ભરી જિનાલય તરફ જાય છે

શ્રીચંદના આવા વચન સાંભળી ગુણચંદ બોલ્યો, પ્રિય મહારાજ ' તમે વસંતનું વર્ણન કર્યું, તેથી કાંઇ હું વનમા જવાને લલચાતો નથી. પણ તમારા જેવા પવિત્ર મિત્રના સહવાસનું સુખ સંપાદન કરવાની ઇચ્છાથીજ મને વનમા આવવાની ઉત્કંઠા થાય છે. પ્રિય મિત્રની સાથે રહી, વન શોભા જોવા ભાગ્યશાળી થશો, તેને માટે હું મારા અંતઃકરણને અભિનંદન આપુ છુ વસંતના વિલાસ કરતા મને મિત્ર [illegible] વધારે આનંદ આપે છે. ધન, ગૃહ વૈભવ, સ્ત્રી [illegible] મિત્ર [illegible] વત ગણુ છુ આપ મને [illegible] કારણ કે, તે [illegible] સંપાદન કરી, [illegible] વા વનમાં જવાનું [illegible] મિત્ર [illegible] પણ છે. મિત્ર ! [illegible] સેવા કરવાને [illegible]

[illegible]

વિયોગી દંપતિઓને ઉન્માદ, મોહ, અને શોષણ દશાને પમાડતો હતો, પંચમ સ્વરને શ્રવણ કરી સચેત પ્રાણીમાં વિકાર ઉત્પન્ન થતો હતો, સંયોગીને સુખ અને વિયોગીને દુઃખ પ્રાપ્ત થતાં હતાં, વસંતનો વન વૈભવ જોઇ માનિનીઓનું માન ઉતરી જતું હતુ, મેનાં, પોપટ, કોયલ, અને મોર સુંદર ક્રીડા કરતા હતા.

જળાશયોમાં દંપતિ જળક્રીડા કરતા હતાં, પરસ્પર જળની પીચકારી મારી અતિ આનંદ લેતાં હતાં, કોઇ કેશર જળની પીચકારી ભરી સૂક્ષ્મ વસ્ત્રપર છાટતાં હતા.

આ દેખાવ જોઇ બન્ને મિત્રો અતિ આનંદ પામ્યા, અનેક જાતની વનની ક્રીડાઓ કરી હૃદયને વિનોદ આપવા લાગ્યા. વસંતવડે પ્રદીપ્ત થયેલી વનની શોભા જોવાને વનભૂમિમાં ફરવા લાગ્યા. કોઇ સ્થેળે કોકિલાનો પંચમ સ્વર, કોઇ સ્થાને વનવાસીઓના મુખથી હોરીનાં ગીત, અને કોઇ સ્થળે વેણુ ગાન સાભળી, તેઓ અતિ હર્ષ પામ્યા. વસંતથી સુશોભિત વનભૂમિમાં વિચરતા બન્ને મિત્રો પરસ્પર વાર્ત્તાવિનોદ કરતા હતા, કોઇ સ્થળે અભિનવ કૌતુક જોઇ, તેઓના હૃદયમાં અતિ આનંદ આવતો હતો. વસંતના વિહારથી મનોવૃત્તિને પ્રસન્ન કરતા તેઓ ઘણીવાર સુધી વનભૂમિમા ફર્યા, અને ગીત નાદના વિનોદથી તેમણે પોતાનો કાળ નિર્ગમન કર્યો.

સત્પુરૂષોનો સમય શ્રેષ્ટ આનંદમાંજ વ્યતિત થાય છે; તેઓની મનોવૃત્તિમાં દુરાચાર પ્રવેશ કરી શકતો નથી દુરાચાર, અનીતિ, વ્યસન, દુઃશ્ચેષ્ટા, અને કુવિચારનાં પ્રતિબિંબ તેઓના હૃદયરૂપ દર્પણમા પડતાંજ નથી, કુસંગ તેમનાથી ઘણોજ દૂર રહે છે, આસક્તિ તેમના અંગનો સ્પર્શ કરી શકતી નથી, લંપટપણું તેમનાથી દૂર નાસે છે, ક્રોધ તેમનામાં આવી શકતો નથી, માન તેઓનુ માન રાખે છે, માયા-કપટ તેનાથી અંજાઇ જાય છે, અને વિરોધ તેમની સાથે વિરોધ કરે છે. આવા સત્પુરૂષોનો કાળ નીતિના, મૈત્રીના, અને શાસ્ત્ર તથા ગીતોના વિનોદથી નિર્ગમન થાય છે તેને માટે સાહિત્યકાર નીચેનું પદ્ય પોકાર કરી કહે છે.

गीत नाद विनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन हि मूर्खाणां निद्रया कलहेन च ॥ १ ॥

બુદ્ધિમાન્—સત્પુરૂષોનો કાળ ગીત નાદના વિનોદથી નિર્ગમન થાય છે, અને મૂર્ખ લોકોનો કાળ વ્યસન, નિદ્રા અને કલેશ—કંકાસથી જાય છે.

આ પ્રમાણે કનકપુરપતિ શ્રીચંદ્ર અને ગુણચંદ્ર મંત્રિનો સમય, વસંતના વિનોદથી પ્રસાર થતો હતો. તેઓ પૂર્વની વાર્ત્તાઓ કરી, પૂર્વ ચરિત્રો સંભારી, વિવિધ જાતની ગમત કરતા હતા; તે સાથે સમસ્યા, પાદપૂર્ત્તિ, અને ચમત્કારી કવિતાઓનો વિનોદ પણ કરતા હતા ઘણી વાર સુધી કનકપુરની વનભૂમિમા વિહાર કરી, તે બંને પોતાની રાજધાનીમાં પાછા ફર્યા. શ્રીચંદ્રે ગુણચંદ્રના આત્માને સર્વ પ્રકારે તૃપ્ત કરી દીધો. પોતે કરેલા

શ્રમનો બદલો તેણે અલ્પ સમયમાં વાળી આપ્યો ગન્ધર્વસેન, અને અધિકારના સુખનો સ્વાદ લઇ, ગુણચંદ્ર આત્મજીવનને કૃતાર્થ કરતો હતો. શ્રીચંદના પુણ્યનો પ્રભાવ જોઇ તેના હૃદયમાં આર્હત ધર્મ ઉપર અતિ શ્રદ્ધા થતી હતી. ધર્મનો પ્રભાવ, ધર્મની મહત્તા, ધર્મની દિવ્ય શક્તિ અને ધર્મનું ઉત્તમ પરિણામ જોઇ, ગુણચંદ્ર હૃદયમાં શક્તિ થઇ આનંદ પામતો હતો, અને તે નીચેનું ગીત ગાઇ ધર્મની પ્રશંસા કરતો હતો.—

ધર્મગીત.

[રાગ ધન્યાશ્રી]

આત્મા હિત કરી [illegible]
સફલ [illegible] ૧

ધર્મ [illegible]
ધર્મ તે [illegible] ૨

[illegible]
[illegible] ૩

ધર્મનું [illegible]
[illegible] ૪

[illegible]
[illegible]

[illegible]
[illegible]

[illegible]

[illegible]

[illegible]

વિયોગી દંપતિઓને ઉન્માદ, મોહ, અને શોષણ દશાને પમાડતો હતો, પંચમ સ્વરને શ્રવણ કરી સચેત પ્રાણીમાં વિકાર ઉત્પન્ન થતો હતો, સંયોગીને સુખ અને વિયોગીને દુઃખ પ્રાસ થતાં હતાં, વસંતનો વન વૈભવ જોઇ માનિનીઓનું માન ઉતરી જતું હતુ, મેનાં, પોપટ, કોયલ, અને મોર સુંદર ક્રીડા કરતાં હતા.

જળાશયોમાં દંપતિ જળક્રીડા કરતાં હતાં, પરસ્પર જળની પીચકારી મારી અતિ આનંદ લેતાં હતાં, કોઇ કેશર જળની પીચકારી ભરી સૂક્ષ્મ વસ્ત્રપર છાંટતાં હતા.

આ દેખાવ જોઇ બન્ને મિત્રો અતિ આનંદ પામ્યા, અનેક જાતની વનની ક્રીડાઓ કરી હૃદયને વિનોદ આપવા લાગ્યા. વસંતવડે પ્રદીપ્ત થયેલી વનની શોભા જોવાને વનભૂમિમાં ફરવા લાગ્યા. કોઇ સ્થેળે કોકિલાનો પંચમ સ્વર, કોઇ સ્થાને વનવાસીઓના મુખથી હોરીનાં ગીત, અને કોઇ સ્થળે વેણુ ગાન સાંભળી, તેઓ અતિ હર્ષ પામ્યા. વસંતથી સુશોભિત વનભૂમિમા વિચરતા બન્ને મિત્રો પરસ્પર વાર્ત્તાવિનોદ કરતા હતા, કોઇ સ્થળે અભિનવ કૌતુક જોઇ, તેઓના હૃદયમાં અતિ આનંદ આવતો હતો. વસંતના વિહારથી મનોવૃત્તિને પ્રસન્ન કરતા તેઓ ઘણીવાર સુધી વનભૂમિમાં ફર્યા, અને ગીત નાદના વિનોદથી તેમણે પોતાનો કાળ નિર્ગમન કર્યો.

સત્પુરૂષોનો સમય શ્રેષ્ટ આનંદમાજ વ્યતિત થાય છે; તેઓની મનોવૃત્તિમાં દુરાચાર પ્રવેશ કરી શકતો નથી. દુરાચાર, અનીતિ, વ્યસન, દુઃશ્ચેષ્ટા, અને કુવિચારનાં પ્રતિબિંબ તેઓના હૃદયરૂપ દર્પણમાં પડતાંજ નથી, કુસંગ તેમનાથી ઘણોજ દૂર રહે છે, આસક્તિ તેમના અંગનો સ્પર્શ કરી શકતી નથી, લંપટપણું તેમનાથી દૂર નાસે છે, ક્રોધ તેમનામાં આવી શકતો નથી, માન તેઓનુ માન રાખે છે, માયા-કપટ તેનાથી અળગાં જાય છે, અને વિરોધ તેમની સાથે વિરોધ કરે છે. આવા સત્પુરૂષોનો કાળ નીતિના, મૈત્રીના, અને શાસ્ત્ર તથા ગીતોના વિનોદથી નિર્ગમન થાય છે તેને માટે સાહિત્યકાર નીચેનું પદ્ય પોકાર કરી કહે છે.

गीत नाद विनोदेन कालो गच्छति धीमताम् ।
व्यसनेन हि मूर्खाणां निद्रया कलहेन च ॥ १ ॥

બુદ્ધિમાન—સત્પુરૂષોનો કાળ ગીત નાદના વિનોદથી નિર્ગમન થાય છે, અને મૂર્ખ લોકોનો કાળ વ્યસન, નિદ્રા અને કલેશ—કકાસથી જાય છે.

આ પ્રમાણે કનકપુરપતિ શ્રીચંદ્ર અને ગુણચંદ્ર મંત્રિનો સમય, વસંતના વિનોદથી પ્રસાર થતો હતો. તેઓ પૂર્વની વાર્ત્તાઓ કરી, પૂર્વ ચરિત્રો સંભારી, વિવિધ જાતની ગમત કરતા હતા; તે સાથે સમસ્યા, પાદપૂર્ત્તિ, અને ચમત્કારી કવિતાઓનો વિનોદ પણ કરતા હતા ઘણી વાર સુધી કનકપુરની વનભૂમિમાં વિહાર કરી, તે બંને પોતાની રાજધાનીમાં પાછા ફર્યા. શ્રીચંદ્રે ગુણચંદ્રના આત્માને સર્વ પ્રકારે તૃપ્ત કરી દીધો. પોતે કરેલા

શ્રમનો બદલો તેણે અલ્પ સમયમાં વાળી આપ્યો. રાજ્યવૈભવ, અને અધિકારના સુખનો સ્વાદ લઇ, ગુણચંદ્ર આત્મજીવનને કૃતાર્થ કરતો હતો શ્રીચંદ્રના પુણ્યનો પ્રભાવ જોઇ તેના હૃદયમાં આર્હત ધર્મ ઉપર અતિ શ્રદ્ધા થતી હતી. ધર્મનો પ્રભાવ, ધર્મની મહત્તા, ધર્મની દિવ્ય શક્તિ અને ધર્મનું ઉત્તમ પરિણામ જોઇ, ગુણચંદ્ર હૃદયમાં ચકિત થઇ આનંદ પામતો હતો, અને તે નીચેનું ગીત ગાઇ ધર્મની પ્રશંસા કરતો હતો—

ધર્મગીત.

[રાગ ધન્યાશ્રી]

આતમા હિત કરી ધૈર્ય ધરી ધર્મ કરી, કર્મના મર્મની કોડિ ભાજે,
સકલ સુખ અનુસરે, પ્રાણીઓ ભવ તરે, ધર્મ ભવતરણનો પ્રવર ઝહાજે. આતમા૦ ૧

ધર્મ તે ત્રિજગનો એક આધાર છે, સદુપયોગે કર્યો ધર્મ તારે;
ધર્મ તે દ્રવ્ય ને ભાવના યોગથી, અશુભ સવિ હેલમાત્રે નિવારે આતમા૦ ૨

સત તે સત્ય કરી ધર્મને સદ્દહે, ધર્મ તે સત આધાર કહિયે
એમ અન્યોન્ય આશ્રયથકી ધર્મની, વાસનાયે કર્મની કોડિ દહિયે. આતમા૦ ૩

ધર્મનું મૂળ તે પરમ સંતોષ છે, વિષય જયથી સદા તેહ થાવે,
વિષયનો જય હોવે તપ અને દાનથી, તેહ અભિદાન નિર્જર કહાવે. આતમા૦ ૪

તેહ તપ કીધલો પૂર્વ ભવ નિર્મળો, આંબિલ વર્દ્ધમાનાભિધાનો,
ઐરવત ક્ષેત્રમા તેહ શ્રીચંદ્ર નૃપ, સુખ લહ્યો ભરતમાં સાવધાનો. આતમા૦ ૫

સૂરી શ્રી જ્ઞાનવિમળે એમ ભાખીયુ, પૂર્ણ અધિકાર એ થયોય ત્રીજો,
શુદ્ધ ભાવે કરી ભવિ સુણો હિત ધરી, એહ સમ અવર રસ નહિય દૂજો આતમા૦ ૬

ઉપરનું ગીત ગાયા પછી તેના આત્મામા ધર્મભાવના વિશેષ પ્રગટ થઇ આવી, મનોવૃત્તિ ઉપર ધર્મની દૃઢતા પાછી સજીવન થઇ ગઇ, પુન તે નીચેનુ સંસ્કૃત પદ્ય બોલ્યો—

शिखरिणि.

जगद्धर्माधारं सचसदुपययोगास्थिरतनु
र्लसत्सत्याः संतस्तदपि सुखसंतोपवशगम् ।
स संतोषः प्रेपद्विपयविजयोपार्जितजय
स्तपः साध्यः सोऽपि प्रभवति तपोवैभवमिदम् ॥ १ ॥

આ જગત્ ધર્મને આધારે છે, તે ધર્મ સત્પુરૂષોના ઉપયોગમા સ્થિર છે, તે સત્પુરૂષો સત્યવાળા હોય છે, તે સત્ય સુખ તથા સંતોષને વશ છે, તે સંતોષ વિષયના વિજયથી જયવંત છે, અને તે વિષયનો વિજય તપને સાધ્ય છે, તેથી આ બધો તપનો વૈભવ છે. ૧

આ પ્રમાણે કનકપુરમાં શ્રીચંદ્ર અને ગુણચંદ્ર રાજ્ય વૈભવ ભોગવી આનંદ લેતા હતા, તે સાથે આર્હત ધર્મની ઉપાસના કરી જૈન જીવનને કૃતાર્થ કરતા હતા.

ખંડ ત્રીજો સમાપ્ત.

ચતુર્થ ખંડ.

પ્રકરણ ૫૫ મું.

માતૃ મેળાપ.



તઃકાળનો સમય હતો, વૃક્ષમાંથી પક્ષીઓ જાગ્રત થઇ પ્રભાત ગીત ગાતાં હોય તેમ દેખાતાં હતાં, પૂર્વ દિશાએ અરૂણને ઉત્સંગમાં લીધો હતો, આ સમયે બે મુસાફરો એક યક્ષ મંદિરમાં રાત્રિ વાસ કરી, જાગ્રત થયા હતા. મંદિરની બાહેર આવી તેઓ વનભૂમિનું સુંદર પ્રભાત અવલોકતા હતા, એક બીજાને વનનું પ્રાભાતિક સૌંદર્ય દર્શાવી વિનોદ મેળવતા હતા. યક્ષ મંદિરની જરા બાહેર આવી તે મુસાફરો આગળ ચાલ્યા; ત્યાં એક સુંદર પોશાકવાળી સ્ત્રી જોવામાં આવી. સ્ત્રીની વય પ્રૌઢ હતી, શરીર ઉપર સૌભાગ્યનુ તેજ પ્રકાશતુ હતુ, તેણીનો દેખાવ રાજકુટુંબની સ્ત્રીના જેવો દેખાતો હતો, તેણીએ ધારણ કરેલાં દિવ્ય વસ્ત્ર દ્રષ્ટાના નયનને આકર્ષતાં હતાં, તે પ્રૌઢ રમણી સગર્ભા હતી, ગર્ભના ગૌરવથી તે મંદમંદ ચાલતી હતી.

આ બને પુરૂષોને જોઇ તે રમણી તેમની તરફ વળી; જાણે તેમનુ શરણુ લેવા ઇચ્છતી હોય, તેમ તે અતિ પ્રયાસથી તેઓની સામે આવી. જેમ જેમ નજિક આવતી ગઇ, તેમ તેમ તે મુસાફરો તેની સામે વિલક્ષણ દૃષ્ટિએ જોવા લાગ્યા. તે જોતાંજ પેલા મુસાફરોમાંથી એક જણુ તેણીની આગળ ધસી આવ્યો, અને તરતજ તે પવિત્ર પ્રમદાના ચરણમાં નમી પડયો, અને વિનયથી બોલ્યો—માતા ! તમે અહી ક્યાંથી ? ઘણા દિવસ થયાં માતૃવિયોગથી પીડિત એવા આ પુત્રને આવો અચાનક લાભ ક્યાંથી હોય ? ખરેખર મારા પુણ્યનો ઉદય થયો છે. ગઇ રાત્રે એક ઉત્તમ સ્વપ્ન આવ્યુ હતુ, તે મને આજે

તરતજ સફળ થયુ. એ સ્વપ્નામાં ઇષ્ટ યોગનો મહા લાભ સૂચવેલો હતો, જે મહા લાભ મને અકસ્માત્ પ્રાપ્ત થઇ આવ્યો. માતુશ્રી ! આજે આ સેવક કૃતાર્થ થયો છે, મારા જીવનની સાર્થકતા થઇ છે માતા ! તમારો પૂર્ણ આભારી આ પુત્ર ખરેખર ધન્યતાના પાત્ર થયો છે, માતાનું દર્શન એ પુત્રને પરમ લાભકારી છે. ઉદરમાં ધારણ કરી જીવન આપનારી જનનીનો પુત્ર યાવજ્જીવિત આભારી છે, પુત્રની પુત્રતા માતૃભક્તિમાંજ ચરિતાર્થ છે, માતાની પૂર્ણ ભકિત કરનારા પુત્રોજ સદ્ગતિના પાત્ર છે. માયાળુ માતા ! હું તમારો પુત્ર શ્રીચંદ્ર છું, આ મારો મિત્ર ગુણચંદ્ર છે શ્રીચંદ્રનું નામ સાભળતાજ તે સ્ત્રી ચકિત થઇ ગઇ, તેના સ્તનમાંથી પયોધારા છુટવા લગી, પુત્રનો પવિત્ર પ્રેમ સ્તનના પયરૂપે દેખાયો. ક્ષણવાર સંભ્રમ પામતી અને નેત્રમાંથી પ્રેમાશ્રુ વર્ષાવતી, તે સ્ત્રી પુત્રને ભેટીને બોલી, વત્સ ! આ અરણ્યમા કયાંથી આવ્યો ? આજ એક વર્ષ થયાં તારા વિયોગથી પીડિત છુ, તારા વિના મારો રાજ્યવૈભવ અને રાજમહેલ શૂન્ય હતો, કુશસ્થલી રાજધાની મને સ્મશાન જેવી લાગતી હતી; આજે તારા દર્શન કરી સૂર્યવતીનું હૃદય સુધા કુંડમાં મગ્ન થયુ છે. જો કે હું અત્યારે રાજધાનીથી વિખુટી પડી છુ, તારા પિતા મારા માટે અતિ શોક કરતા હશે, તથાપિ તારા મેળાપથી મારૂં તે દુઃખ વિનષ્ટ થઇ ગયું છે. મારા દુઃખનો અંત શુભ પરિણામી થયો છે, મને દુઃખ આપનારનો હું અત્યારે ઉપકાર માનું છું કર્મની વિચિત્રતા અવર્ણનીય છે, તેના યોગથી કોઇવાર દુઃખ પણ હર્ષનું કારણ થઇ પડે છે. પુત્ર ! આ ચમત્કારી મેળાપનો હેતુ શો હશે ? ગમે તે હેતુ હોય, પણ તે આ વખતે આનંદદાયક થઇ પડયો છે.

આ પ્રમાણે કહી સૂર્યવતીએ ગુણચંદ્રને કહ્યું, વત્સ ! તારા મિત્ર ધર્મને ધન્યવાદ આપુ છુ તે શી રીતે મિત્ર સમાગમનો લાભ મેળવ્યો ? મિત્રની પાછળ ફકીરી લઇ, ચાલી નીકળનાર તારા જેવા મિત્ર વિશ્વમા વિરલા છે. મિત્રતાનું માહાત્મ્ય તું એકજ જાણે છે. વત્સ ! તારો વૃત્તાંત જાણવાની ઇચ્છા થાય છે, તે કોઇ પ્રસંગે જાણી લઇશ. આ પ્રમાણે સૂર્યવતીએ ગુણચંદ્રને કહ્યુ, એટલે ગુણચંદ્ર નમ્ર થઇ બોલ્યો, માતુશ્રી ! મને ધન્યવાદ આપો છો, તે કાંઇ યોગ્ય નથી, મે કાંઇ પણ કર્યું નથી, યથાશક્તિ મેં મારી ફરજ બજાવી છે તમારા પુત્ર શ્રીચંદ્રને માટે જેટલુ કરીએ તેટલુ થોડુ છે, તે મહાનુભાવે મને બાલ્યવયથી પોતાનો કરી માન્યો છે, તેમની પુણ્ય સમૃદ્ધિ મોટી છતાં તેઓ મારા જેવા ગરીબને પ્રેમથી બોલાવે છે, એટલુંજ નહીં, પણ એક પોતાના સહોદર બંધુ જેવો તે મને ગણે છે, તેમના પ્રતાપથીજ મારૂં જીવન કૃતાર્થ છે, શ્રીચંદ્ર જેવા કૃતજ્ઞ મિત્ર જગતમાં થોડાજ હશે, તે સાથે મિત્રતાની મમતા ધરનારા તેવા વીર મિત્રને ઘણો ધન્યવાદ ઘટે છે.

આ પ્રમાણે સૂર્યવતીની સાથે વાર્ત્તાલાપ થતો હતો, ત્યાં શ્રીચંદ્રે પ્રણામ કરી માતાને પુછ્યું, માતા ! તમે આ સ્થાને કયાંથી આવ્યાં ? મારા પિતાશ્રી ક્યાં છે ? કુશસ્થલીમાંથી અહીં આવવાનુ શુ પ્રયોજન છે ? તમારી સાથે કોઇ પણ રાજપરિવાર કેમ નથી ? સૂર્યવતી બોલી—પુત્ર ! તારો ખરો મેળાપ મને આજે બાર વર્ષે થયો છે. કોઇ જ્ઞાની મુ-

ऊढा गर्भप्रसवसमये दुःखमत्युग्रशूलं
पथ्याहारैः स्नपनविधिभिः स्तन्यपानप्रयत्नैः ।
विष्टामूत्रप्रभृतिमलिनैः कष्टमासाद्य मात्रा
त्रातः पुत्रः कथमपि यया स्तूयते सैव माता ॥ १ ॥

માતા ગર્ભના પ્રસવ વખતે અતિ ઉગ્ર શૂળ વિગેરેનુ દુ ખ વહન કરનારી છે, તે પછી પથ્ય આહાર કરાવવો, સ્નાન કરાવવુ, સ્તન પાન કરાવવુ, વિષ્ટા અને મૂત્ર વિગેરે મલિનપણામાથી રક્ષણુ કરવુ, એમ કષ્ટ પામી માતા પુત્રની રક્ષા કરે છે. તે માતાની સ્તુતિ કરાય તેમાં શી નવાઇ !

માતાજી ! તમારા ઉપકારનો બદલો પુત્રથી કોઇ રીતે વળે તેમ નથી. પુત્ર યાવજ્જીવિત સુધી માતાનો ઋણી છે. એવા ઉપકારી માતાના આજે મને દર્શન થયા એ મારા કેવાં ભાગ્ય ? આ પ્રમાણે કહી શ્રીચદ્ર પુન માતાના ચરણુમાં નમી પડયો માતાએ હાથ ઝાલી બેઠા કરી પુત્રને ઉત્સગમાં બેસાર્યો માતાએ પ્રેમથી પુછ્યું. વત્સ ! તારૂ વૃત્તાત શું છે ? અને આ ગુણુચંદ્ર તને ક્યાં મળ્યો ? તે કહે. પછી શ્રીચદ્રે ગુણુચદ્રના મુખ સામુ જોયુ, એટલે ગુણુચદ્રે તેનો સર્વ વૃત્તાંત જણાવ્યો પુન સૂર્યવતીએ પુછયુ, વત્સ ! આ સ્થાને તમે ક્યાંથી આવ્યા ? તે મને જણાવો ગુણુચંદ્ર બોલ્યો—માતા ! આ તમારા પુત્ર કનકપુરના રાજા થયા છે, અને હું તેમનો મત્રી થયો છું. લક્ષ્મણુ નામના એક જુના મત્રીને કનકપુરના રાજ્યની સત્તા આપી, અમે બન્ને મિત્ર ફરવાને નીકળ્યા હતા વેગવાળા અશ્વ ઉપર બેસી અમો બન્ને કનકપુરની બહાર નીકળ્યા, કેટલેક દૂર જતા એક જગલ આવ્યુ, જગલમાં ચાલતા એક વૃક્ષ નીચે સુતેલો વૃદ્ધ અવસ્થાવાળો કાપડી જોવામાં આવ્યો, તેને જગાડી અમે તેની સ્થિતિ વિષે પુછ્યું, એટલે તેણે દીન સ્વરે કહ્યુ, ભદ્ર ! હું દુખી છુ, મને અતિસાર (ઝાડા) નો રોગ થયો છે, તેથી પીડિત થઇ હુ આ વૃક્ષ નીચે અશક્ત થઇ પડયો છુ. અહીં મારી સાર સભાળ લેનાર કોઇ નથી, જો તમે કૃપા કરી મને સહાય કરો, તો હું તમારો ઉપકાર માનીશ મારા આ કષ્ટસાધ્ય રોગનો કાઇ પણ ઉપાય કરો હું વૃદ્ધાવસ્થાને લઇને તે રોગની પીડા સહન કરી શકતો નથી

તે વૃદ્ધ કાપડીનાં દીન વચન સાભળી અમને ઘણી દયા આવી, અમો બન્ને અશ્વ ઉપરથી ઉતરી પડયા; એ નિરાધાર કાપડીને રોગમુક્ત કરવાનો અમોએ નિશ્ચય કર્યો શ્રીચદ્રે તેને આશ્વાસન આપી કહ્યુ, ભદ્ર ! ચિતા કરશો નહીં, અમો બનતી મહેનત લઇ તમારા રોગનો ઉપાય કરીશુ આ નિર્જન વનમા બીજુ કાઇ સાધન નથી, પણ અહીંથી દૂર ભીલ લોકોનાં ગામ છે, ત્યાથી કાંઇ ઔષધી લાવી, તમારી પીડા દૂર થાય, તેવો યત્ન કરીશુ તે ડોસાએ કહ્યુ, વત્સ ! તમારૂ કલ્યાણ થાઓ મને અતકાળ તમારા જેવા સત્પુરૂષ મળી ગયા, તેથી હુ ભાગ્યવાન છુ. તમારા જેવા નિષ્કારણુ ઉપકારી જોઇ, મને

અને આ મારા મૃત્યુને સ્થાને એક જૈન વિહાર કરજો આ પ્રમાણે કહી તે વૃદ્ધે પોતાનો પ્રાણ છોડી દીધો

માતુશ્રી ! તેની ઉત્તરક્રિયા કરી અમે ત્યાંથી આગળ ચાલ્યા. થોડે દૂર જતા એક સુદર બાગ જોવામાં આવ્યો, અમે તેની અદર દાખલ થયા, ત્યાં એક વાંસનુ ઝાળ જોવામા આવ્યુ તે વાસને સો પર્વ હતાં, તે પક્વ, સરલ અને ઉન્નત હતો. શાસ્ત્ર પ્રમાણે તેનાં લક્ષણ જોઇ અમે તે વાસને ચીર્યો, તેમાંથી નર અને માદા એમ બે મણિ નીકળ્યા તેના લક્ષણ જોઇ શ્રીચદ્રે મને કહ્યુ, મિત્ર ! આ ઉત્તમ પ્રકારનાં વશમણિ છે, જે આ વૃદ્ધ મણિ છે, તે નર છે, અને જે આ લઘુ મણિ છે, તે માદા છે આ મણિઓમાં એવો ગુણ છે કે, જે આ માદા છે, તે દ્રવ્ય લઇને બીજાને આપીએ, તો પાછી તે માદા જ્યા નર હોય, ત્યા સત્વર આવે છે; પણ તે દ્રવ્ય ઘણુ દુષ્ટ કહેવાય છે કારણ કે તેથી બીજાને છેતરવાનુ થાય છે, માટે ઉત્તમ પુરૂષો એવું કામ કરતા નથી

જનની ! અમે ત્યાથી આગળ ચાલ્યા, ત્યા એક ઉંચો પર્વત જોવામાં આવ્યો, પર્વતની રચના જોઇ અમને જોવાની ઇચ્છા થઇ, તે ઉપર ચડતા એક ગુફા આવી, તે ગુફાનો દેખાવ જોવાને અમે અદર ગયા, તેમા ઘણીવાર ફર્યા, તેથી અમને ઘણી તૃષા લાગી, બાહેર નીકળી કોઇ જળાશય શોધવા માંડયુ જળાશય શોધતાં એક સ્ત્રીને રૂદન કરતી દીઠી, તેણીને અમે જળને માટે પુછ્યુ, એટલે તે સ્ત્રીએ એક લોઢાનો કુંભ અમારી આગળ લાવીને મુકયો તે સ્ત્રી કઇ જાતિની છે, તે જાણ્યા વિના અમને તેણીનું જળ પીવુ યોગ્ય લાગ્યુ નહીં, પછી તેણે બતાવેલા જળાશયમા જઇ અમે તૃપ્તિથી જળપાન અને સ્નાન કર્યું પાછા તે દુ:ખી સ્ત્રીની પાસે આવી તેના રોવાનું કારણ પુછ્યુ, એટલે તે સ્ત્રીએ નીચે પ્રમાણે પોતાનો વૃત્તાંત કહ્યો

ભદ્ર ! હુ ભીલ જાતિની સ્ત્રી છુ, આ પર્વતની નજીક વીણાપુર નામે નગર છે, તે નગરનો **પદ્મનાભ** નામે રાજા છે, તે રાજાના નગરની નજીક એક બીજુ નગર છે, તેમા એક રાજા છે, તેના દરબારમા એક સુવર્ણનો કુભ હતો એક વખતે કોઇ ચોરે તે રાજાનો સુવર્ણ કુભ ચોરી લીધો, પછી લોકોએ તે ચોરીનુ પગીરૂ કાઢયુ, દૈવયોગે તે પગ અહીં મારા સ્થાન આગળ આવ્યો તરતજ રાજપુરૂષોએ મારા પતિને કેદ કરી લીધો. અમે નિરપરાધી હતા, તે લોકોની આગળ ઘણા કાલાવાલા કર્યા, પણ તેઓએ માન્યું નહીં, અને મારા પતિને કારાગૃહમા લઇ ગયા રાજાએ એવી આજ્ઞા કરી છે કે, જ્યારે તે ભિલ સોનાનો કુભ આપે, ત્યારે તેને છોડવો ભદ્ર ! મારા ઘરમા તેવો કુભ કયાથી હોય ? અને મારો પતિ શી રીતે છુટે ? આ અફસોસથી હુ રૂદન કરૂ છુ.

તે ભીલડીની ઉપર શ્રીચદ્રને દયા આવી તત્કાળ તેણે તેણીના ઘરમાંથી પહેલો લોઢાનો કુભ મગાવ્યો, તેને સ્પર્શ મણીથી સુવર્ણનો કરી દીધો તે જોઇ ભિલડી આશ્ચર્ય પામી ગઇ, તત્કાળ તે સુવર્ણનો કુભ રાજાને આપી તેના પતિને છોડાવ્યો ભીલડીએ પોતાના પતિને શ્રીચદ્રકુમારના નિષ્કારણ ઉપકારની વાર્ત્તા જણાવી. ભીલે રાજકુમારનો ઘણો

આભાર માન્યો, અને પોતાનાથી તેનો બદલો વાળી શકાય તેમ નથી, તેને માટે અફ-સોસ કર્યો.

માયાળુ માતા ! ત્યાંથી અમો બન્ને ચાલીને વીણાપુર નગરમાં આવ્યા. તે પ્રખ્યાત નગરના ગઢની તથા મંદિરની શોભા જોઇ અમને અતિ આનંદ થયો ઘણી વાર ફરીને તે રમણીય નગરની રચના અમે જોવા નીકળ્યા, પછી શાંત થઇ એક રાજમાર્ગની વચમા બેઠા, તેવામાં એક અદ્ભુત બનાવ બન્યો વીણાપુરના રાજા પદ્મનાભને ઘેર **પદ્મશ્રી** નામે એક પુત્રી છે, તે પેલી [1]સારિકાનો જીવ હતો. સારિકા મૃત્યુ પામીને **પદ્મનાભ** રાજાને ઘેર જન્મી હતી, તે પદ્મશ્રીને તે રાજાના મંત્રીની પુત્રી **કમળશ્રી**ની સાથે મૈત્રી હતી કમળશ્રી સર્વદા **પદ્મશ્રી**ની સાથેજ રહેતી હતી, બંને સખીઓ ક્રીડા કરીને આવતી હતી જે માર્ગે અમે શાંત થઇ બેઠા હતા, ત્યાંથી પદ્મશ્રી સખી સાથે પ્રસાર થઇ. તત્કાળ પદ્મશ્રીની દૃષ્ટિ શ્રીચંદ્ર ઉપર પડી, પૂર્વ ભવના સંબંધને લઇ તેણીના હૃદયમાં તત્કાળ રાગ ઉત્પન્ન થયો. પવિત્ર પ્રેમનું બીજ તેણીના હૃદય ક્ષેત્રમાં અંકુરિત થઇ ગયું તે રાજબાળાએ બાવના ચંદનથી શિખા સુધી ભરેલુ એક કચોળું પોતાની સખીની સાથે શ્રીચંદ્રકુમારની આગળ મોકલ્યું. સખીએ નમ્ર થઇ રાજકુમારને કહ્યું, મહાનુભાવ ! આ નગરના રાજા પદ્મનાભની કુંવરી પદ્મશ્રીએ આ ચંદનપાત્ર આપને ભેટ મોકલ્યુ છે. ચતુર કુમારે તે કચોળું જોઇ વિચાર્યું કે, આ વસ્તુ ભોગની છે, પણ તે ભોગને માટે મોકલ્યુ નથી, મારો આશય જાણવાને મોકલ્યું છે. આવું ચિંતવી રાજકુમારે તે કચોળામાં પોતાની મુદ્રિકા મુકી, અને સખીને વિદાય કરી. સખીએ પદ્મશ્રીને તે આપ્યું, એટલે રાજકુમારી ખુશી થઇ, અને પોતાનું કાર્ય સિદ્ધ થયુ, એમ તેણીને નિશ્ચય થયો. પછી રાજપુત્રીએ કેટલાએક છુટા પુષ્પ મોકલ્યાં ચતુર શ્રીચંદ્રે તેની માળા ગુંથીને સામી મોકલી આ સમસ્યા જોઇ મને આશ્ચર્ય થયું. મેં તે વિષે સ્પષ્ટ જાણવા રાજકુમારને વિનંતિ કરી, એટલે રાજકુમારે મને જણાવ્યું, મિત્ર ! આ સમસ્યાનો ભાવાર્થ એવો છે કે, તે ચતુરાએ ચંદનનું ભરેલ પાત્ર મોકલી એમ જણાવ્યુ કે, આ ચંદન પાત્રની જેમ મારામાં ઉત્તમ પ્રેમ ભર્યો છે, આપ સ્વીકારો. મેં મુદ્રિકા મુકી એમ જણાવ્યું કે, આ મારા મુદ્રારત્નની જેમ મારૂ પણ તેમાં સ્થાન છે, આથી સંતુષ્ટ થઇ રાજબાળાએ છુટાં પુષ્પ મોકલી જણાવ્યું કે, હું આ છુટાં પુષ્પની જેમ નિર્ગુણ અને સહાય વગરની છુ, મે તેની માળા ગુંથી જણાવ્યુ કે, પુષ્પરૂપ ગુણની સંગતથી આ માળા મસ્તકપર ધારણ કરવાને યોગ્ય છે. આ ભાવાર્થ જાણી મને ઘણો આનંદ થયો, પછી પરસ્પર દ્રષ્ટિરાગ દર્શાવી, રાજકુમારી તેની સખી સાથે પોતાને સ્થાને ચાલી ગઇ. પૂર્વ ભવના સંબંધને લઈ તે પ્રેમ વૃક્ષ પલ્લવિત થવાને યોગ્ય થયુ. પદ્મશ્રીએ સખીદ્વારા તે વિચાર પોતાના પિતાને જણાવ્યો, રાજા પદ્મનાભે પણ તેને હૃદયથી અનુમોદન આપ્યું.

માતા ! તે દરમીયાન પેલો વનનો ભીલ અમારી પાછળ શોધતો શોધતો આવ્યો,

---

૧ આ સારિકા સૂર્યવતીની પાસે રહેતી હતી, જેનો સંબંધ આગળ કહેવામા આવ્યો છે.

મુસાફર બોલ્યો, ભદ્ર ! નંદનગરમાં હરિષેણ નામે રાજા છે, તે ઘણો ગુણવાન્ અને કૃતજ્ઞ છે, તેમને તારાલોચના નામે એક કુમારી છે, વીણાપુરના રાજાની પદ્મશ્રી નામે એક ગુણવાન્ પુત્રી છે, તેની તે તારાલોચના પ્રેમપાત્ર સખી છે, તે બાળાએ પોતાની સખી પદ્મશ્રીને માટે આ બે પક્ષીઓ ભેટ મોકલ્યાં છે, અને મારી સાથે તેણીએ કહેવરાવ્યું છે કે, સખી ! તે સ્વયવરમા જે પતિને પસંદ કરવા ધાર્યો છે, તેજ મારો પતિ છે. આપણ બને એકજ પતિને વરી, યાવજ્જીવિત સાથે રહેશુ. મારો સ્નેહ તારી સાથે સલગ્ન છે, મારૂં જીવન તારા જીવનની સાથે અભેદપણે રહે, એવી મારી ઇચ્છા છે આ પ્રમાણે કહી તે મુસાફર અમને પ્રણામ કરી, અને રજા લઇ ચાલ્યો ગયો

તે ગયા પછી મેં રાજકુમારને જણાવ્યુ કે, મિત્ર ! વિણાપુરના સ્વયંવરમાં આપણે જઇએ. એ મહા સ્વયંવર જોવા જેવો થશે દેશ દેશના રાજાઓ તેમાં સામેલ થશે. અમે આમ વાર્ત્તાલાપ કરતા હતા, તેવામા કોઇ પુરૂષે આવી જણાવ્યુ કે, વીણાપુરનો સ્વયવર જોવા જેવો છે. રાજકુમારી પદ્મશ્રીએ અમુક પુરૂષને વરવાની પ્રતિજ્ઞા કરી છે, સ્વયંવરનો મંડપ ઘણો સુશોભિત બનાવવામાં આવ્યો છે, રાજા પદ્મનાભે અતિ આદરથી મોટા મોટા મહીપતિઓને બોલાવ્યા છે, આ સાંભળી અમને ત્યાં જવાની વધારે ઉત્કંઠા થઇ, પછી અમો બને મિત્રો વેગથી વીણાપુરમાં આવી પહોચ્યા.

માતા ! જ્યારે સ્વયવરનો દિવસ આવ્યો, તે વખતે રાજકુમારોથી ભરપૂર થયેલા મડપમાં અમે દાખલ થયા. શ્રીચદ્રકુમાર જ્યારે મંડપમા આવ્યા. એટલે બીજો કોઇ રાજવીર તેમને ઓળખી શક્યો નહીં, પણ પ્રથમ મળેલા હરિ નામના એક ચારણે તેમને ઓળખી લીધા. તત્કાળ તે ઉભો થઇ, નીચે પ્રમાણે પ્રાકૃત કાવ્ય બોલ્યો—

दाने कीर्त्ति वधे घणी, दाने दोलत होय,
दान किहांए दीधुं हतुं, अफल न थाये कोय ॥ १ ॥

તે પછી તે નીચેનું સંસ્કૃત પદ્ય બોલ્યો—

पात्रे पुण्यनिबंधनं तदितरे दीने दयाख्यापकम्
मित्रे प्रीति विवर्द्धनं रिपुजने वैरापहार क्षमम् ।
भट्टादौ च यशस्करं नरपतौ सन्मानसंपादकं ।
भृत्ये भक्त्यतिशायि दान मफलं श्रीचंद्र न क्कापिते ॥ १ ॥

પાત્રમાં આપેલું દાન પુણ્યને બાંધનારૂ થાય છે, બીજા દીન જનને આપેલું દાન દયા જણાવે છે, મિત્રમાં આપેલું હોય તો, પ્રીતિ વધારે છે, શત્રુજનને આપેલુ હોય તો, વૈરનો નાશ કરવામાં સમર્થ થાય છે, ભાટ, ચારણ વિગેરેને આપેલું દાન યશ વધારે છે,

રાજાને આપેલું દાન સન્માન અપાવે છે, અને સેવકને આપેલું દાન અતિશે ભક્તિ કરાવે છે હે શ્રીચંદ્ર ! તમારૂ આપેલું દાન કયાંઇ પણ નિષ્ફળ થતું નથી.

તે કાવ્ય બોલ્યા પછી તે નીચેનો છંદ બોલ્યો —

જે પરનારી સહોદર સુંદર, દુઃસ્થિત જન આધાર;
જે કાયર નર શરણાગત વર, વજ્રપંજર અનુકાર. ૧

જે નિષ્કારણ મેઘ તણીપરે, કરતા બહુ ઉપકાર;
તે શ્રીચંદ્ર સદા જયવંતો, અર્થિત સુર સહકાર ૨

આ કાવ્યો સાંભળી રાજકુમારે તે હરિ ચારણને ગુપ્ત રીતે ઇનામ આપ્યું, પછી કુમારે મને કહ્યું કે, મિત્ર ગુણચંદ્ર ! આ ચારણ આપણને છતા કરશે, માટે ચાલો અહીંથી ચાલ્યા જઇએ પછી અમો એકમત કરી ત્યાંથી ચાલી નીકળ્યા અનુક્રમે આ અરણ્યમાં આવી યક્ષમંદિરમાં રાત્રી રહ્યા. પ્રાતઃકાળે આપ પરમ પવિત્ર માતુશ્રીનાં અમોને દર્શન થયા; જેનો અતુલ આનંદ અત્યારે અનુભવીએ છીએ માતા ! શ્રીચંદ્રકુમારની પુણ્યસમૃદ્ધિ ઘણી બળવાન્ છે, જેમાં અમે વિઘ્નની શંકા કરતા, તેમાંથી અમને લાભ થતો હતો તમારા પ્રતાપી પુત્રે સર્વ સ્થળે અત્યાર સુધીમાં વિજયજ મેળવ્યો છે, તેમના ધાર્મિક વિચારો, શ્રાવક ધર્મપર દઢતા, અને પવિત્ર ભાવનાઓ સર્વ સ્થળે તેમનું યશોગાન કરાવે છે.

આ પ્રમાણે શ્રીચંદ્ર, ગુણચંદ્ર અને સૂર્યવતી વાર્ત્તાલાપ કરતા હતા, ત્યાં એક પુરૂષ અશ્વ ઉપર બેસી, પગલાં જોતો ત્યાં આવ્યો તે પુરૂષની આકૃતિ વીરનરના જેવી હતી, તેના હાથમાં ચળકતું ભાલું રહેલું હતું, મુખમુદ્રા ઉપર વિચારમાળાના ચિન્હ દેખાતા હતાં, પોશાક સાદો હતો, તથાપિ તેનો દેખાવ રાજકીય પુરૂષના જેવો લાગતો હતો તે શ્રીચંદ્રને જોતાંજ અશ્વ ઉપરથી ઉતરી પડયો, તેના હૃદયમાં શ્રીચંદ્રની ઓળખાણ આવી ગઇ પાસે આવી તેણે શ્રીચંદ્રને પ્રણામ કર્યો શ્રીચંદ્રે તેનો પ્રણામ સ્વીકારી પુછયું, તમે કોણ છો ? તે વિનયથી બોલ્યો, રાજકુમાર ! હું વીણાપુરના રાજા પદ્મનાભનો **બુદ્ધિસાગર** નામે મંત્રી છું, આપને મળવાને માટે ખાસ અહીં આવ્યો છું અમારા રાજકુમારી પદ્મશ્રીએ આપને જોયા છે, ત્યારથી તે તમારીપર અનુરાગી થયા છે. તેમની સાથે રહેનારી મારી પુત્રી તમારા મિત્ર આ ગુણચંદ્ર ઉપર રાગી થયેલી છે. આ વૃત્તાંત જાણી અમારા મહારાજાએ મને તમારી શોધને માટે મોકલ્યો હતો. હું ઘણે સ્થળે ફર્યો, પણ કોઇ ઠેકાણે મને તમારો પત્તો મળ્યો નહીં છેવટે આ તરફ જોઇને મારે પાછા જવું હતું, ત્યાં અહીં તમારા દર્શન થયા, તેથી મારા મનને ઘણો આનંદ થયો છે હવે કૃપા કરીને મારી સાથે વીણાપુરમાં પધારો. ત્યાં મહારાજાએ પદ્મશ્રીનો સ્વયંવર રચ્યો હતો, ઘણા રાજકુમારોએ તેમાં ભાગ લીધો હતો, પણ પદ્મશ્રીએ કોઇ રાજકુમારને પસંદ કર્યો નહીં આશાભરેલા રાજકુમારો પદ્મશ્રીના અનાદરથી નિરાશ થઇ ચાલતા થયા પોતે કરેલ સ્વયંવર વ્યર્થ થવાથી

અમારા મહારાજાને ઘણો ક્ષોભ થઇ પડ્યો છે. મહારાજા ચિંતાતુર થઇ "હવે શું કરવું" એવા વિચારમાં મગ્ન થઇ ગયા છે, ભારતભૂમિમાં વીણાપુરના રાજાની સ્વયંવરને માટે ચર્ચા થઇ પડી છે. પદ્મશ્રીને યોગ્ય કોઇ રાજવીર મળશે નહી, અને તે રાજકુમારી કુંવારીજ રહેશે, એમ લોકવાર્ત્તા થવા લાગી છે. મહાનુભાવ! હવે કૃપા કરી પધારો. વીણાપુરના અધીશ્વરની પ્રતિષ્ઠાનો સત્વર ઉદ્ધાર કરો, રાજાઓની કીર્ત્તિ રાજાઓએજ વધારવી જોઇએ. કોઇ પણ ક્ષત્રિયની ચર્ચા થાય, તે દરેક ક્ષત્રિયબંધુને લજ્જા કરનારૂં છે.

મહાનુભાવ! જ્યારે હું અહીં આવવા તૈયાર થઇ રાજા આગળ આવ્યો, ત્યાં એક અદ્દ્ભુત બનાવ બન્યો હતો. કોઇ પુરૂષ મેના પોપટની જોડ લઇ પદ્મશ્રીને ભેટ કરવા આવ્યો. પદ્મશ્રી પિતાના ઉત્સંગમાં બેઠા હતાં, ત્યાં તે પુરૂષ આવી બોલ્યો, મહારાજા! આ મેના પોપટની જોડ અમારી રાજકુમારી તારાલોચનાએ રાજકુમારી પદ્મશ્રીને માટે ભેટ મોકલાવી છે. તત્કાળ પદ્મશ્રીએ હર્ષ પામી, એ પક્ષીની જોડ હાથમાં લીધી. તેમને જોતાંજ રાજકુમારી મૂર્છા ખાઇ ભૂમિ ઉપર પડી ગયા. મહારાજાએ શીતળ ઉપચાર કરી પદ્મશ્રીને સાવધાન કર્યાં, અને પછી મૂર્છા આવવાનું કારણ પુછ્યું. રાજકુમારીએ પોતાના પિતાને કહ્યું, પિતાજી! આ પક્ષીઓને જોઇ મને જાતિસ્મરણ થઇ આવ્યું છે. પૂર્વે કુશસ્થળી નગરીમાં રાણી સૂર્યવતીની પાસે હું મેનારૂપે હતી, મને જૈન ધર્મ ઉપર ઘણી આસ્તા હતી. એક વખતે નગરની બાહેરના ઉદ્યાનમાં આવેલ આદિનાથ પ્રભુના મંદિરમાં હું પૂજા કરવાને ગઇ હતી, ત્યાં મેં એક રાજકુમારને જોયો, અને તેની ઉપર રાગ કરી, અનશન લઇ, નિયાણું કરી, મેં મારા દેહને છોડી દીધો; ત્યાર પછી હું અહીં તમારે ઘેર અવતરી છું. પૂર્વે ધારેલા તેજ રાજકુમારના મારે પુનઃ દર્શન થયા છે, તેથીજ મેં તેને વરવાનો નિશ્ચય કર્યો છે. હવે આજથી હું ભોજન પાનનો ત્યાગ કરૂં છું, તે પ્રથમ ધારેલા પતિને મેળવ્યા પછીજ હું અન્ન, જળ લઇશ. પછી મહારાજાએ મને સત્વર આજ્ઞા કરી, અને હું આપની શોધ કરવાને નીકળી પડ્યો, મહાનુભાવ! હવે સત્વર તૈયાર થાઓ. આ રાજકુમારીના જીવનને ટેકો આપો.

મંત્રી બુદ્ધિસાગરના આવા વચન સાંભળી શ્રીચંદ્ર કાંઇ પણ બોલ્યો નહીં. લજ્જાવાળા મુખે રાજકુમારે માતાની સામું જોયું, એટલે સૂર્યવતી બોલી, વત્સ! તૈયાર થા, રાજકુમારી પદ્મશ્રીના જીવનને અવલંબન આપ. ભાઇ ગુણચંદ્ર! તું પણ ઉભો થા. આ મંત્રીની સુતા કમળશ્રીનું પાણિગ્રહણ કર. મને પુત્રનો વિવાહ કરવાની ઘણી હોંશ થઇ છે. તમારા બંનેનો વિવાહોત્સવ જોઇ, હું હૃદયમાં આનંદ પામી મારા જીવનને કૃતાર્થ કરૂં. પુત્રનું વિવાહ માંગલ્ય જોઇ કઇ માતા ખુશી ન થાય? માટે પુત્રો! મારો મારા મનોરથ પૂર્ણ કરો. માતાની આજ્ઞા માન્ય કરવી એ વિનયી પુત્રનો ધર્મ છે.

માતાના વચન સાંભળી શ્રીચંદ્રના હૃદયમાં અસર થઇ આવી. તરત તેણે ગુણચંદ્રને સમસ્યા કરી. બંને કુમારો માતાને લઇ મંત્રીની સાથે વીણાપુરમાં આવ્યા. મંત્રીની સલાહથી સ્વયંવરને માટે કેટલાક ઉતારાની ગોઠવણ કરી. વીણાપુરના રાજા પદ્મના

અંતપુર તરફથી સૂર્યવતીને ભારે માન મળ્યું હજુ સ્વયંવરની શોભા તેમની તેમ રાખી હતી, પદ્મરાજા પોતાની પુત્રી પદ્મશ્રીને લઇ સ્વયંવર મંડપમાં આવ્યો, અવશિષ્ટ રહેલા સર્વ રાજમંડળમાં શ્રીચંદ્ર પોતાના મિત્રની સાથે દાખલ થયો શ્રીચંદ્રને જોતા પેલો પૂર્વનો હરિ ચારણ નીચેનું કવિત બોલ્યો—

છપ્પો.

પૂર્વ કુશસ્થળ નયર, પ્રથમ જિનભવને દેખી,
સારિકા કરે નિદાન, ચારૂ જિન ધર્મને પેખી,
અણસણ કરી થઇ હર્ષ, નયર વીણાપુર રાજા,
પદ્મ પદ્માવતી કંત, **પદ્મશ્રી** પુત્રી તાજા,
પ્રથમા નિજ બુદ્ધે કરી, પછી જાતિસ્મરણથી પેખીયો,
તે શ્રીચંદ્ર જયોચિર, આજ નયણે મે નિરખિઓ ૧

આ કવિતા સાભળી સૂર્યવતીને અતિ આનંદ ઉત્પન્ન થયો, તેણીએ તરતજ એક કીમતી હાર તે કવિને ભેટ કર્યો શ્રીચંદ્રકુમારને દેખતાજ પદ્મશ્રીની મુખમુદ્રા પ્રસન્ન થઇ ગઇ, અંગપર રોમોદ્ગમ થઇ આવ્યો, સાત્વિક ભાવના અંકુર સ્ફુરણાયમાન થઇ ગયા, પવિત્ર પ્રેમની છાયા છવાઇ ગઇ, રાજબાળાએ આવી અંતરથી પતિની પ્રેમ પૂજા કરી, કંઠમાં વરમાળા આરોપણ કરી, તે વખતે હર્ષની ગર્જનાથી સ્વયંવર મંડપ ગાજી રહ્યો વાજીત્રોએ મધુર નાદ સાથે અનુમોદન આપ્યું વીણાપુરનું રાજકુટુંબ હર્ષમાં મગ્ન થઇ ગયું આ ક્રિયા પૂર્ણ થઇ, ત્યાંજ વિવાહની માંગલ્ય ક્રિયાનો આરંભ થયો બુદ્ધિસાગર મંત્રીની પુત્રી કમળશ્રી મોટા ઠાઠમાઠથી ત્યાં આવી, તેણીએ સર્વ સમક્ષ ગુણચંદ્રની કંઠમાં વરમાળા આરોપણ કરી, બંને મિત્રોની લગ્ન ક્રિયા ત્યાંજ કરવામાં આવી જૈન વિવાહ સંસ્કારના પવિત્ર મંત્રોથી લગ્ન મંડપ ગાજી રહ્યો આ પ્રસંગે પદ્મશ્રીની સખી તારાલોચના આવેલ, તે પણ શ્રીચંદ્રને વરી હતી પુત્રનો વિવાહોત્સવ જોઇ, સૂર્યવતી ઉલ્લાસમાં આવી ગઇ તેણીએ વર કન્યાના ઓવારણા લઇ, હૃદયથી આશીષ આપી વિવાહિત વર કન્યા માતાના ચરણમાં નમી પડયા પદ્મ રાજાએ પણ આનંદપૂર્વક લગ્નની ભેટ અર્પણ કરી વિવાહ ક્રિયા પૂર્ણ થયા પછી શ્રીચંદ્ર ચડી સ્વારીએ રાજબાળાની સાથે ગાજતે વાજતે પોતાના ઉતારામાં આવ્યો ગુણચંદ્ર પણ કમળશ્રીને લઇ સાથેજ આવ્યો બંને મિત્રોએ વિવાહ વિજય કરી, માતા સૂર્યવતીને હર્ષ પમાડી, અને પોતાના વડિલની આજ્ઞાને માન્ય કરી

વાચનારને અહીં શંકા થઇ હશે કે, શ્રીચંદ્ર અને પદ્મશ્રીનો યોગ પૂર્વ ભવના સંબંધને લઇને જેમ થયો, તેમ ગુણચંદ્ર અને કમળશ્રીનો સંબંધ કેવી રીતે થયો? તેમાં કાંઇ પણ હેતુ હોવો જોઇએ પૂર્વના સંબંધ વિના વિવાહનો યોગ થતો નથી, એ આર્હત ધર્મનો સિદ્ધાંત છે તે શંકાના સમાધાનમાં કહેવાનું કે, ગુણચંદ્ર અને કમળશ્રીનો યોગ પણ પૂર્વના સંબંધથીજ છે જેનો પૂર્વ વૃત્તાંત નીચે પ્રમાણે છે

પ્રથમના ખંડમા ધરણ નામના એક જોષીનો વૃત્તાંત આવ્યો હતો ધરણ પોતાને લાગેલ સ્ત્રીહત્યાના પાપને દૂર કરવા શત્રુંજય તીર્થે ગયો હતો, ત્યા એ મહાનુભાવ જપ, તપ, અને ધ્યાન કરી, હત્યા પાપમાથી મુક્ત થયો. ધરણને સ્ત્રીહત્યાનુ પાપ લાગ્યું હતું, પોતાની પહેલી સ્ત્રી શ્રીદેવીને તેણે જીવથી મારી નાખી હતી, શ્રીદેવી આર્હત ધર્મની ભક્તા હતી, તેથી તે સમાધિ મરણથી મૃત્યુ પામી પુન માનુષ ભવને પ્રાપ્ત થઇ, નંદપુરમાં સુંદર શેઠને ઘેર જિનદત્તા નામે તે પુત્રી થઇને અવતરી હતી પૂર્વનાં સુકૃતથી જિનદત્તા પરમ શ્રાવિકા થઇ હતી. તે યૌવનવયને પ્રાપ્ત થઇ, તથાપિ તેનામાં પતિની ઇચ્છા થતી નહતી. એક વખતે જિનદત્તા પિતાના સંઘ સાથે શત્રુંજય તીર્થની યાત્રાએ આવી હતી, તીર્થમાં પોતાના પૂર્વ પતિ ધરણને તપસ્યા કરતો જોઇ, પૂર્વ ભવના સંબંધને લઇ, તેના હૃદયમાં પ્રેમ ઉત્પન્ન થઇ આવ્યો. તેણીનુ હૃદય અત્યંત પ્રસન્ન થઇ ગયું, તરતજ તેણીને જાતિસ્મરણ થઇ આવ્યુ. ધરણને પણ જિનદત્તાને જોઇ પ્રેમ ઉત્પન્ન થયો, અને જાતિસ્મરણ થઇ આવ્યું. પરસ્પર ખમતખામણાં કર્યા પછી તેણે નિયાણ કરી, અનશન લઇ, પોતાના દેહને છોડી દીધો. તીર્થ ભક્તિના મહિમાથી ત્યાથી મૃત્યુ પામીને તે ધરણ આ ગુણચંદ્ર થઇ અવતર્યો છે, અને જિનદત્તા પણ બ્રહ્મચર્યને ધારણ કરી, ચિત્તની સમાધિથી મૃત્યુ પામી કમલશ્રી થઇ છે. એ પૂર્વના સંબંધથી ગુણચંદ્ર અને કમલશ્રીનો વિવાહ થયેલો છે. એ પ્રેમી દંપતિ પૂર્વના પવિત્ર પ્રેમના પાત્ર થયા છે. આર્હત સિદ્ધાંતમા " પ્રેમનો પ્રવાહ પૂર્વના સંબંધથી છુટે છે. " એ કથન તેમણે સાર્થક કર્યુ છે.

રાજમાતા સૂર્યવતી, પુત્રવધૂ પદ્મશ્રીને જોઇ અતિ પ્રસન્ન થયાં છે, કેટલેક સમયે પોતાને પુત્ર તથા પુત્રવધૂ પ્રાપ્ત થવાના મહા ભાગ્યને ભોગવવાને પોતે પૂર્ણ ભાગ્યશાળી થયાં છે. આ ઉત્તમ સુખનું પાત્ર મહારાજા પ્રતાપસિંહ ક્યારે થાય ? એ વિચાર સૂર્યવતીના હૃદયમાં આવ્યા કરે છે, પોતે સ્વામીથી વિખૂટાં પડી એકાકી દુ:ખી થયા, પણ પોતાના પતિ હજુ દુઃખી છે, તેને માટે તેઓ હૃદયમાં પરિતાપ કરતા હતા પોતાની રાજધાની કુશસ્થલપુરીમાં પુત્રવધૂ સાથે પ્રવેશ કરવાના મનોરથ સૂર્યવતીના હૃદયસાગરમા તરંગની જેમ ઉછળી રહેતા હતા.

પ્રકરણ ૫૬ મું.

ચંદ્રપુર નગર.



શ્રી ચંદ્રકુમારે પોતાની માતાને આનંદ પમાડવાનો નિશ્ચય કર્યો માતા પુત્રનો વૈભવ જોઇ હૃદયમાં સંતોષ પામે, એવો વિચાર શ્રીચંદ્રને સ્ફુરવા લાગ્યો માતાના મનોરથ પૂર્ણ કરવાને શ્રીચંદ્ર સાવધાન રહેવા લાગ્યો, માતા જે કહે તે વચન પૂર્ણ કરવાને શ્રીચંદ્ર તત્પર થતો. તેણે વીણાપુરમાં રહી માતાને પ્રસન્ન કરવા ધાર્મિક ઉત્સવો કરવા માંડયા અરિહંત પ્રભુની ભક્તિને માટે તે અનેક પ્રકારના પર્વ ઉત્સવ કરવા લાગ્યો

પદ્મશ્રી પણ પોતાની સાસુની સેવા કરવાને તત્પર રહેતી હતી, સાસુ ઉપર માતૃભક્તિ રાખી, તે તેમની સાથે વર્ત્તતી હતી, કુલીન શ્રાવિકાનો ખરેખરો ધર્મ પદ્મશ્રી દર્શાવતી હતી, સાસુની આજ્ઞા પુષ્પમાળાની જેમ મસ્તકપર ધારણ કરતી હતી, પુત્ર વધૂનો પવિત્ર પ્રેમ જોઇ, સૂર્યવતી હૃદયમાં હર્ષ પામતી હતી, તે પણ પુત્રીની દ્રષ્ટિએ પદ્મશ્રીને જોતી હતી, કુલીન પુત્ર વધૂનો વિનય જોઇ, તેની પવિત્ર ભક્તિ જોઇ, સૂર્યવતીના હૃદયને પરમ શાન્તિ મળતી હતી

ચતુર અને પરાક્રમી શ્રીચંદ્રે શ્રીગિરિની પાડોશમાં **ચંદ્રપુર** નામે એક નગર વસાવ્યું શ્રીચંદ્રના પૂર્વ ઉપકારનું સ્મરણ કરનાર પેલા ભિલની ઇચ્છા તેમ કરીને તેણે પૂર્ણ કરી હતી પૂર્વે પોતાને પ્રાપ્ત થયેલ સ્પર્શમણિના યોગથી તેણે એ નગરને સુવર્ણની ખાણ બનાવ્યું હતું નગરની આસપાસ ઉંચો અને મજબૂત કીલ્લો બાંધવામાં આવ્યો હતો, પ્રત્યેક સ્થળે લોકોનાં નિવાસગૃહો ઘણી સુંદર રચનાથી રચવામાં આવ્યા હતા વિવિધ આકૃતિવાળી વિશાળ શેરીઓને ગોઠવવામાં આવી હતી, શહેરના દરવાજા ઘણા તોરણીદાર અને રમણીય બનાવ્યા હતા, સાત સાત માળની હવેલીઓ અને વિમાનના જેવા જિનાલયો આકાશની સાથે વાતો કરતા હોય, તેવા ઉભા કરવામાં આવ્યા હતાં, જેવી શહેરની અંદર શોભા કરવામાં આવી હતી, તેવીજ બાહેર પણ શોભા કરવામાં આવી હતી સરોવર, વાપિકાઓ અને સુંદર બગીચા બનાવવામાં આવ્યા હતા, કુવાઓ, જાહેર સ્થાનો, અને મોટા સ્તૂપો ગોઠવવામાં આવ્યા હતાં, શ્રીગિરિના મધ્ય શિખર ઉપર એક સુંદર જિનાલય કરવામાં આવ્યું હતું, તેનું નામ **ચંદ્રમહોદય** રાખ્યું હતું ભિલ લોકોના નિર્વાહને માટે તે નગરમાં અનેક યોજનાઓ કરવામાં આવી હતી સર્વ યાત્રાળુઓના સુખને માટે દાનશાળા, ધર્મશાળા, અને જ્ઞાનશાળા કરવામાં આવી હતી શહેરના મધ્ય ભાગે રાજમહેલ અને તેની આસપાસ અંતપુરને રહેવા માટે નવીન પ્રાસાદો કરવામાં આવ્યા હતા, લોકોને ન્યાય આપવાને માટે સારી ન્યાયશાળા કરી, તેની અંદર ફરીયાદીને દાદ મેળવવાના માટે નરૂપ ઘંટ બાંધવામાં આવ્યો હતો તે સિવાય પ્રજા વર્ગની ઉન્નતિને જ્ઞાન મેળવવાને

માટે પાઠશાળાઓ સ્થાપવામાં આવી હતી, તેને લગતી પુસ્તકશાળાઓ મોટા પાયા ઉપર રચવામા આવી હતી વિવિધ જાતની કળાઓને મેળવવાને જાતજાતની ઉદ્યોગશાળાઓ ઉઘાડવામા આવી હતી

આ પ્રમાણે શ્રીગિરિની નજીક ચદ્રપુર વસાવી, તેમા શ્રીચદ્રે પણ રાજાની આજ્ઞાથી નિવાસ કર્યો. રાજમાતા સૂર્યવતીને માટે નવીન મહેલ તૈયાર કરાવ્યો, પોતાના રાજમહેલની પાસે મત્રી ગુણચદ્ર અને કમળશ્રીને રહેવાને એક ભવ્યાકાર મહેલ જુદો બધાવ્યો મહારાજા શ્રીચદ્ર આ ચદ્રપુરના રાજ્યને નીતિથી ચલાવતો હતો ચદ્રપુરની રાજભક્ત પ્રજા શ્રીચદ્રને દેવની જેમ માનતી હતી પ્રત્યેક ક્ષણે શ્રીચદ્ર સાવધાન થઇ પ્રજાની સર્વ પ્રકારની ખબર લેતો હતો જૈન ધર્મના ઉદ્યોતને માટે તેણે અનેક ખાતાઓ સ્થાપ્યાં હતાં, દેવદ્રવ્ય, ગુરૂદ્રવ્ય, અને સાધારણ દ્રવ્યની વ્યવસ્થા કરવાને તેણે જુદી જુદી સભાઓ સ્થાપી હતી પ્રત્યેક ખાતાઓને આબાદ કરવાને રાજ્ય તરફથી તે મોટી મદદ આપતો હતો પર્વના દિવસોમાં આર્હત શાસનનો ઉદ્યોત થાય, તેવા મહોત્સવો કરવાને તે ઉમગથી પ્રવર્ત્તતો હતો એક વખતે સૂર્યવતી રાજમહેલમા બેઠી હતી, શ્રીચંદ્ર જેવા પુત્રની સમૃદ્ધિ અને માતૃ ભક્તિ જોઇ તે અતિ આનદમા મગ્ન થતી હતી, તથાપિ તેના હૃદયમાં પોતાના પ્રાણેશ પ્રતાપસિંહના વિયોગનુ દુ ખ તેને શલ્ય જેમ સાલતુ હતુ.

આ વખતે એકાંતમાં બેઠેલી સૂર્યવતીને કુશસ્થલીનું સ્મરણ થઇ આવ્યુ પોતાના પ્રતાપી પ્રાણનાથના દર્શન કરવાની તેને ઇચ્છા થઇ. શ્રીચદ્રકુમારની સાથે પોતાના રાજકુટુબની ભેટ લેવાની તેણીને પ્રબળ વાસના જાગૃત થઇ રાજરમણીએ વિચાર્યું કે, મારા પ્રતાપી પતિની શી સ્થિતિ હશે ? મારા વિયોગથી એ મહાનુભાવને અતિ દુ ખ થઇ પડયુ હશે. તેમનો પવિત્ર પ્રેમ મને બહુ યાદ આવે છે, હુ આટલો વખત સુધી પુત્રના મોહમા પતિને ભુલી ગઈ, તે મે સારૂ કર્યું નહી પુત્ર ગમે તેવો પ્રતાપિ, પડિત અને માતૃભક્ત હોય, પણ તે પતિથી બીજે દરજ્જે છે પુત્રરૂપ મનોરથને પૂરનાર, કલ્પવૃક્ષ તો કાન્તને કાન્તજ છે દંપતીરૂપ પ્રેમવૃક્ષનુ એ બીજ છે. પુત્રના લાભમા લુબ્ધ બની લલનાઓ પોતાના પતિથી વિમુખ બની, પુત્ર પ્રેમમાજ પોતાના સ્વાર્થને સિદ્ધ થયેલો માને, એ કેવી મૂર્ખતા ? હુ તેવી મૂર્ખ મહિલા બની છુ આજ દિન સુધી પતિના દુ ખનો ઉપાય મે કાઇ પણ યોજ્યો નહી વનિતાના વિયોગથી વિપત્તિમા પડેલા પતિને મે કાઇ પણ શુભ સદેશો કહાવ્યો નહી, તેમજ શ્રીચદ્રકુમારને પિતાની સભાળ લેવાને કાંઇ પણ કહ્યુ નહી, એ મારી કેવી અજ્ઞતા ?

આવો પશ્ચાતાપ કરી સૂર્યવતી સત્વર બેઠી થઇ, શ્રીચદ્રની પાસે આવી માતાને આવતી જોઇ શ્રીચદ્ર વિનયથી બેઠો થઇ સામો આવ્યો, ઉત્તમ આસન ઉપર માતાને બેસાડી, શ્રીચદ્ર—શી આજ્ઞા છે ? એમ કહી સન્મુખ ઉભો રહ્યો સૂર્યવતીએ પુત્રને સામો બેસારી નીચે પ્રમાણે કહ્યું.—

વ્હાલા પુત્ર ! આજે મને મારી અજ્ઞાનતાનું ભાન થયું છે. તારી સમૃદ્ધિ, તારૂ

પરાક્રમ અને તારી ધર્મિષ્ઠતા જોઇ મને પૂર્ણ સંતોષ થાય છે, તે સાથે તારી અપ્રતિમ માતૃભક્તિએ મને વશ કરી લીધી છે, જે ભક્તિથી તું આટલા સમયમાજ માતાના ઋણમાથી મુક્ત થવા પામ્યો છુ પુત્ર ! હવે તે વિશે તારી કૃતાર્થતા પૂર્ણ થઇ છે, પણ હવે તારી જન્મભૂમિ, તારા ઉપકારી પિતા, અને પાળક માતા પિતા તરફ દૃષ્ટિ કર કુશસ્થલીની જન્મભૂમિને સ્મરણમા લાવ, તારા દુખી પિતાને શાંતિ આપવા તત્પર થા. આપણે અહી સર્વ પ્રકારના સુખમા મગ્ન છીએ, પણ તારા પિતાની શી સ્થિતિ હશે ? તે તુ વિચારી જો હુ અચાનક ભારંડપક્ષીનો ભોગ થઇ છુ, મારા વિયોગથી તારા પિતા પૂર્ણ દુખી છે પુત્ર અને પત્ની બનેના વિયોગથી કુશસ્થલીપતિ પૂર્ણ રીતે પીડિત હશે વત્સ ! તારા હૃદયમા રહેલી પિતૃભક્તિને જાગ્રત કર, પિતા તરફની તારી પવિત્ર ભાવના હૃદય ઉપર આરૂઢ કર, તારા જેવો સત્પુત્ર પિતાની પિડાને સહન કરી શકે નહિ, પિતાને દુખે દુખી થનારા કુલીન પુત્રોથીજ આ ભારતભૂમિ ભૂષિત છે

સૂર્યવતીના આવા વચન સાભળી શ્રીચંદ્રના હૃદયપર ઘણી અસર થઇ આવી. પિતૃભક્તિરૂપ કલ્પલતા તેના હૃદયરૂપ ક્યારામા તત્કાળ અંકુરિત થઇ ગઇ. શરીર ઉપર રોમાચ થઇ આવ્યા, નયનમાથી પ્રેમઅશ્રુની ધારા ચાલવા લાગી, પ્રેમી હૃદયમા પશ્ચાતાપ થઇ આવ્યો ક્ષણવાર વિચાર કરી શ્રીચદ્ર અજલિ જોડી માતા પ્રત્યે બોલ્યો, માતા ! આપે તેનુ સ્મરણ આપી મને પાપમાથી બચાવ્યો છે મારા પિતાની સ્થિતિનુ ભાન આજ સુધી મારા હૃદયમા આવ્યુ નહી, તેને માટે અતિ ખેદ ઉત્પન્ન થાય છે. મારા જેવા અલ્પમતિ પુત્રો આ જગતને કલંકિત કરે છે માતા ! મારો અપરાધ ક્ષમા કરો આ સ્વાર્થી પુત્રે પિતાને જે દુખ આપ્યુ છે, જે કષ્ટ ભોગવાવ્યુ છે, તે મહા પાપ માથી હુ ક્યારે મુક્ત થઇશ ? માતા ! તમારો મેળાપ થયો, ત્યારેજ મે પિતાની સ્થિતિ જાણી હતી, તે છતા આટલો વિલબ કર્યો, તેને માટે મને અતિ પશ્ચાતાપ થાય છે. શ્રીચદ્રનાં આવા પશ્ચાતાપ ભરેલા વચન સાભળી સૂર્યવતીને સતોષ થયો. પુત્રની પિતૃભક્તિ માટે તેણીને હૃદયમા સારૂ લાગ્યુ તે બોલી—વત્સ ! હવે વિશેષ પશ્ચાતાપ કરીશ નહીં, જે બનવાનુ હતુ તે બન્યુ છે મોહ એ અતિ નિંદવા યોગ્ય પદાર્થ છે, મોહરૂપ ભયકર રાક્ષસ સર્વનો પરાભવ કરી શકે છે અને પુત્ર મોહ થયો, અને તને માતૃમોહ થયો, એ મોહનુજ આ પરિણામ છે, દુષ્ટ મોહના પરિણામ સદા વિપરીત હોય છે.

જેના હૃદય ઉપર મોહરાજાની સત્તા પ્રવર્તી, તે પુરૂષ છતા છતા અંધ જેવા થઇ જાય છે, તેની સ્મરણશક્તિ અને વિચારશક્તિ નિમગ્ન થઇ જાય છે મોહરૂપ મહા વિષ જેના અંગમા વ્યાપ્ત થાય, તે પુરૂષના હૃદયમાથી તીવ્ર દુખરૂપ જ્વાળાઓ નીકળે છે [illegible] તુ [illegible] પ્રચડ છે કે, જે [illegible] પ્રાણીને પાતાળમા નાખી દે છે, મોહ એ [illegible] વિપરીત [illegible] છે, તે [illegible] દુર્ગ [illegible] મોહ [illegible] કરનારો [illegible] ઉત્પત્તિનો [illegible] છે [illegible] દુષ્ટ મોહને [illegible]

જૈન મહર્ષિઓએજ મોહ ઉપર વિજય મેળવ્યો છે. પંચમહાવ્રતરૂપ વજ્ર પંજરમાં બેસી, તે મહાશયો એ મહાન્ યોદ્ધાનો પરાભવ કરી શક્યા છે, તથાપિ તેઓ ક્ષણે ક્ષણે કેશરીસિંહની જેમ તેનાથી ડરતા રહેલા છે, એ મોહ રાજા સંસારરૂપ છાવણી નાખીને આ જગતમાં પડ્યો છે. પ્રત્યેક સ્થળે અને પ્રત્યેક પદાર્થે એ ક્રૂર યોદ્ધાથી સર્વને ચેતતા રહેવાનું છે. આ વિશ્વરૂપ અરણ્યમાં મોહરૂપ કેશરી જ્યાં સુધી ગર્જના કરી રહ્યો છે, ત્યાં સુધી પ્રત્યેક સંસારી પ્રાણીને સાવધાન રહેવાનું છે, તે પ્રચંડ કેશરી હરિણની જેમ ધર્મ રહિત એવા પામર પ્રાણીઓનો ક્ષણમાં શીકાર કરી શકે છે.

વત્સ શ્રીચંદ્ર ! એવા સમર્થ અને દુષ્ટ મોહના પ્રભાવથી આપણે આ મોટી ભુલ કરી છે. હવે બન્યું તે ખરૂં, તેનો વિશેષ અફસોસ નહી કરતા જે કર્તવ્ય છે, તેમાં પરાયણ થા તારા દુઃખી પિતાને સત્વર આપણા શુભ સમાચાર પહોંચે તેવો ઉપાય કર એ શુભ સમાચાર સાંભળી તારા પિતાને ઘણું આશ્વાસન મળશે એટલુંજ નહીં પણ તેમના હૃદયમાં પ્રગટેલી ચિંતારૂપ મહા જ્વાળા તરત નિર્વાણ પામી જશે માતા સૂર્યવતીના આવા વચન સાંભળી શ્રીચંદ્રે સત્વર બુદ્ધિસાગર મંત્રીને બોલાવી, આ પ્રમાણે કહ્યું, મંત્રી ! તમે મારા વિશ્વાસી મંત્રી છો, એક વેગવાળી સાંઢ ઉપર બેસીને કુશસ્થળીમાં જાઓ માર્ગમાં કનકપુર આવે, ત્યારે ત્યાં લક્ષ્મણ નામના મંત્રીને મારા ખબર આપી, કુશસ્થળીમાં જજો. મારા પિતાશ્રી પ્રતાપસિંહને અમારા શુભ સમાચાર આપજો તેમને મારા પ્રણામ કહી જણાવજો કે, તમારો સ્વાર્થી પુત્ર થોડા સમયમાં આવી તમને મળશે, તેની માતા સૂર્યવતી કુશળ છે, અને તેઓ તેગની સાથે શ્રીગિરિમાં ચંદ્રપુર નગરે રહે છે આ પ્રમાણે પિતાજીને ખબર આપી તેમના હૃદયની ચિંતા દૂર કરાવજો તમે અમારી જે સ્થિતિ પ્રત્યક્ષ જુવો છો, તે તેમને સત્ય રીતે જણાવજો

શ્રીચંદ્રની આજ્ઞા થતાજ મંત્રિ બુદ્ધિસાગર તૈયાર થયો તેણે ઉષ્ટ્ર શાળામાંથી એક પવનવેગી સાંઢ મંગાવી મુસાફરીમાં ઘટે તેવો સામાન લઇ, બુદ્ધિસાગર શ્રીચંદ્રને પ્રણામ કરી ચાલી નીકળ્યો. બુદ્ધિસાગર ચાલતી વખતે કેટલાએક શુભ શુકનો થયા હતા પોતાના સ્વામીની આજ્ઞા સંપાદન કરી તેને સફળ થવાની આશા રાખી, તે ઉમંગમાં રહી ચાલતો હતો

બુદ્ધિસાગર મંત્રિ ગયા પછી શ્રીચંદ્ર માતાની આજ્ઞા લઇ, રાજમહેલમાં આવ્યો. તે વખતે ગુણચંદ્ર મંત્રિની સાથે તે રાજધાનીમાં ફરવા નીકળ્યો અનેક સ્થળે ફરતા તે પોતે સ્થાપેલી દાનશાળામાં આવી ચડ્યો. દાનશાળામાં વિદેશી યાત્રાળુઓ અને મુસાફરોને માટે ઉત્તમ પ્રકારની ગોઠવણ કરવામાં આવી હતી સર્વ પ્રકારની સામગ્રીવડે ત્યાં ઉત્તમ પ્રકારનું આતિથ્ય થતું હતું. એ પવિત્ર ભૂમિ સાધર્મિ બંધુઓની સેવાનું એક સ્થળ થઇ પડી હતી વિદેશમાંથી આવતા મુસાફરોના સત્કાર માટે તેમાં ઉત્તમ યોજના કરવામાં આવી હતી. તે સ્થળે ખાસ એક આસ્તિક અધિકારીને નિમ્યો હતો દાનશાળાનો વહિવટ કરવામાં બીજા પણ કેટલાએક સહાયકારી નોકરો નિમવામાં આવ્યા હતા. આવી ઉત્તમ પ્રકારની

હે પવિત્ર દેવી ! મારા કુમારોમા જે રાજ્યને લાયક કુમાર છે, તેની તમે રક્ષા કરજો મારા રાજ્યની પ્રજાનું પાલન કરવાને એ કુમારને પ્રેરણા કરી મોકલજો, જય વિગેરે કુમારોમા સદ્‌બુદ્ધિને આરોપજો, આ રાજ્ય વૈભવની ઉન્નતિ થાય, તેવી યોજના કરવા સદા તત્પર થજો મહાદેવી ! તમે અમારા કુળના ત્રાતા છો, અમારા વંશપરંપરાના રક્ષક છો, તમારા પ્રભાવથી અમારો વંશ પ્રકાશિત છે, અમારૂ ઐશ્વર્યરૂપ રાજતેજ, તમારા ભુજાબળને આશ્રીને ટકે છે, મારા રાજમહેલની ઉપર તમારા પવિત્ર નામના નિશાનરૂપ ચઢેલી ધ્વજા તરફ તમે સર્વદા દ્રષ્ટિ રાખજો, ભારતવર્ષમા પ્રસરેલી મારી નીતિમય રાજ્યની કીર્ત્તિને તેવી ને તેવી આબાદ રાખજો.

આ પ્રમાણે કહી તેણે પાસે ઉભેલા મંત્રિવર્ગ અને પ્રજાવર્ગને જણાવ્યુ, મહારા વફાદાર મંત્રિઓ ! મારી ઇચ્છા પ્રમાણે રાજ્યની ઉપર મે મારા યોગ્ય કુમારને નિમવા જણાવ્યુ છે, તે પ્રમાણે બરાબર કરજો, અને તેની આજ્ઞામા પ્રવર્ત્તજો, તે રાજકુમારને ઉત્તમ પ્રકારની સલાહ આપજો, રાજા અને પ્રજાની ઐક્યતા કરવાનોજ સદા ઉપદેશ આપજો, રાજનીતિના પવિત્ર માર્ગે પ્રવર્ત્તાવવા સર્વદા પ્રયત્ન કરજો, નવીન રાજાને ઉત્સાહ વધે, તેવા કામ કરવાને હમેશા પ્રેરણા કર્યા કરજો. દુરાચાર, વ્યસન, અને અનીતિથી તેને દુર રાખજો. સદાચારની શિક્ષા સંપાદન થાય, તેવા સાધનો તેની પાસે ગોઠવજો, દુર્ગુણી માણસોના પ્રસંગમા તે ન આવે, તેનુ ધ્યાન રાખજો. જગતમા સર્વમાન્ય થએલા જૈન ધર્મની ઉપાસના કરવાનો તેને હમેશા ઉપદેશ મળે, તેવી ગોઠવણ કરજો આર્હત ધર્મના તત્વો અને આચારોથી તે કદિ પણ વિમુખ ન થાય, અને તે ધર્મનો પૂર્ણ રાગી થાય, તેવી યોજના કરવાના ઉપાય સર્વદા સજ્જ રાખજો. પ્રિય મંત્રિઓ ! મારા થએલા અપરાધ ક્ષમા કરજો, કોઇ પણ ગર્હણીય કામને લઇ, મેં કાંઇ પણ તમારે માટે અયોગ્ય કર્યું હોય, તેને ક્ષમા કરી, મારા રાજ્યને અને મારી પ્રજાને એકનિષ્ઠાથી જાળવજો, હવે હુ તમને છેલ્લા પ્રણામ કરૂં છુ

આ પ્રમાણે કહી, તે પુરૂષ ચિતામાં પડવા જતો હતો, ત્યાં એકાએક પછવાડેથી શબ્દ થયો “ બુદ્ધિમાન્ મહારાજા ! સાહસ કરો નહીં આપને શુભ સમાચાર આપવા આવ્યો છુ. ” આ વચન સાભળી, રાજાએ વિસ્મય પામી, પછવાડે જોયુ. બીજા પ્રેક્ષકો ચકિત થઇ જોવા લાગ્યા, ત્યા એક પુરૂષ નિમિત્તિઆને વેષે આવ્યો, તેના એક હાથમા જ્યોતિષપત્ર હતુ, બીજો હાથ રાજાને અટકાવવાને ઉંચો કર્યો હતો, લલાટ ઉપર તિલક કર્યું હતું, તેના શરીરની આસપાસ બ્રહ્મતેજ પ્રકાશી રહ્યુ હતુ, તેને જોતાજ સર્વ ખુશી થયા મરણોન્મુખ થએલા રાજાએ તેને પ્રણામ કર્યો, બીજા મંત્રી વિગેરે પણ તેના ચરણમા નમી પડયા તે પંડિત શિરોમણિ સર્વને આશીર્વાદ કહી ઉભો રહ્યો તેના મુખમાંથી શું વચન નીકળશે, તે સાંભળવાની રાહ જોતાં, સર્વ કર્ણેન્દ્રિયને સાવધાન કરી ઉભા રહ્યા

પ્રિય વાચકવૃંદ ! આ સમયનુ સ્પષ્ટીકરણ હવે [illegible] હૃદયમા [illegible] અધૈર્ય રાખશો નહી જે ચિત્રમિત્ર મરવાને તૈયાર થયો છે, તે [illegible]

ચડી બેઠો હાથમાં ચકચકિત ખડ્ગ ધારણ કર્યું હતુ, પર્વતના શિખર ઉપર જેમ કેશરી શોભે તેમ તે શોભવા લાગ્યો, તેની પાસે નાગરવેલના પત્રનો એક ભરેલો થાળ પડ્યો હતો, તેમાથી એક તાંબૂલનો સ્વાદ કરી, રાજકુમાર દર્પણમા મુખાવલોકન કરવા લાગ્યો આ અવસરે પડદામા બેઠેલા કેટલાક ચતુર પુરૂષો જયજય શબ્દ કરતા બાહેર આવ્યા તેમણે આવીને કહ્યુ, તમે પ્રત્યક્ષ થયા, તે ઘણુ સારૂં થયુ. એમ કહી તેઓમાથી કોઇ વાજીંત્રો વગાડવા લાગ્યા, કોઇ સંગીત કરવા લાગ્યા અને કોઇ પોતાના ભાગ્યની પ્રશંસા કરવા લાગ્યા. તેવામા સુભટોથી વીટાએલો તે નગરનો અધીશ ત્યાં આવ્યો, તેણે શ્રીચંદ્રકુમારને ઉત્સંગમા લીધો, તેની તેજસ્વી મૂર્ત્તિ જોઇ તે જનપતિને અતિશય આનંદ થયો તે ઉમંગમાથી બોલ્યો—રાજકુમાર ! અમારા ભાગ્યથી તમારૂં આગમન વાદળ અને ગાજવીજ વિના જેમ વરસાદ થાય તેમ થયુ છે. હું આ કર્કેટક દ્વીપનો **રવિપ્રભ** નામે રાજા છુ, મારે નવ પુત્રીઓ છે, તેમના **૧ કનકસેના, ૨ કનકપ્રભા, ૩ કનકમંજરી, ૪ કનકાભા, ૫ કનકસુંદરી, ૬ કનકમાળા, ૭ કનકરમા, ૮ મનોરમા, અને ૯ સુવર્ણાભા** એવા નામ છે. એ નવ પુત્રીઓ યૌવનવતી થઇ, એટલે તેની ચિંતાથી હુ ચિંતાતુર રહેતો હતો, યૌવનવતી પુત્રીનો પિતા સર્વદા ચિંતાતુરજ રહે છે તેને માટે શાસ્ત્રકાર નીચેનો શ્લોક લખે છે—

जातेति पूर्वं महतीव चिंता
कस्यै प्रदेयेति ततः प्रवृद्धा ।
दत्ता सुखं स्थास्यति वा नवेति
कन्यापितृत्वं किल हंत कष्टम् ॥ १ ॥

જ્યારથી પુત્રીનો જન્મ થાય, ત્યારથીજ મોટી ચિંતા થાય છે. જ્યારે તે મોટી થઇ, એટલે 'આ પુત્રી કોને આપવી ? એવી ચિંતા વધે છે, અને કદિ તે કોઇને આપી, તો પછી તેને સુખ મળશે કે નહી ? એમ ચિંતા થાય છે, તેથી કન્યાના પિતાને વહુ કષ્ટ છે ' ૧

વળી કહ્યુ છે કે —

निजघर सोसा परघर मंडणी कुल कलंक कलि भवणं ।
जेहिं न जाया धूया ते सुहिया जीवलोगं मि ॥ १ ॥

પોતાના ઘરને શોષનારી, બીજાના ઘરને શોભાવનારી, [illegible], [illegible] ન થઇ, એવી પુત્રી જેને થઇ નથી, તે પુરૂષ આ [illegible] સુખી છે

રાજપુત્ર ! એક વખતે મે કોઇ નિમિત્તિયાને [illegible] [illegible], [illegible] કન્યાનો [illegible] કોણ થશે ? તે સર્વેનો [illegible] [illegible]

તે વખતે એ જોષીએ મને કહ્યુ કે, આ નવે કન્યાનો એકજ પતિ થશે. બીજા દ્વીપમાથી કોઇ મહારાજા આવીને તેમને પરણશે. તે મહારાજાનુ નામ કહેવાને મારામા જ્ઞાન નથી, પણ એટલુ તો કહુ છુ કે, આવતી દશમીની મધ્યરાત્રે તે આવીને તમને મળશે તે દિવસ લગ્નનો છે, માટે લગ્નની તૈયારી કરી રાખજો તે પછી અમોએ લગ્ન મંડપ કરાવીને આ સિંહાસન તૈયાર રાખ્યુ હતુ તેજ પ્રમાણે આજે તમે અકસ્માત્ આવ્યા છો અમારી ધારણા સફળ થઇ છે. અત્યારનું નિર્દોષ લગ્ન છે, માટે જેમ ચંદ્ર રોહિણીનું પાણિગ્રહણ કરે, તેમ તમે આ કન્યાનું પાણિગ્રહણ કરો.

રાજા રવિપ્રભનાં આવાં વચન સાંભળી, શ્રીચંદ્રે હર્ષથી તેનું પાણીગ્રહણ કર્યું. આ વખતે નગરના લોકોની સાથે પહેલા સુધન શેઠની પુત્રવધૂઓ ત્યાં જોવાને આવી હતી; તેમને જોઇ કુમારે ચિંતવ્યુ કે, આ સ્ત્રીઓ જો ચાલી જશે, તો મારે પછી અહીંજ રહેવુ પડશે, માટે અહીથી આજજ રાત્રે યુક્તિ કરી ચાલ્યા જવુ જોઇએ મારા વિના મારી માતા સહિત શ્રીગિરિનો દેશ શૂન્ય છે. આવુ ચિંતવી કુમારે એક રાજકન્યાના પાનેતર ઉપર કુંકુમના અક્ષરે લખ્યુ કે, હુ પ્રતાપસિંહનો પુત્ર શ્રીચંદ્ર છુ, કુશસ્થળીમાં કુશળ ક્ષેમ રહેવાનો છુ " પછી તે શરીર ચિંતાનું બહાનું કરી, વેષ ધરીને ચાલ્યો ગયો. તે પેલી પુત્રવધૂઓના શમી વૃક્ષની પાસે આવી ઉભો રહ્યો, તેવામા **ખર્પરા** અને **ઉમા** નામે યોગિણિઓ પરસ્પર વાર્ત્તાલાપ કરતી ત્યાં આવી. ખર્પરાએ ઉમા યોગિણીને કહ્યુ કે, બહેન ઉમા ! આ શેઠની ચારે પુત્રવધૂને મેં પ્રસન્ન થઇને વિદ્યા આપેલી છે ઉમાએ પુછ્યુ, તુ શામાટે પ્રસન્ન થઇ હતી ? ખર્પરા બોલી, એક વખતે હું અતિ ક્ષુધાતુર હતી, તે **સુધન** શેઠને ઘેર ભિક્ષા લેવા ગઇ, તે સમયે આ પુત્રવધૂઓએ મને ભોજન કરાવી અતિ તૃપ્ત કરી. તે પછી મે તેમની ઉપર પ્રસન્ન થઇને આ વિદ્યા આપી છે. યોગિનીનો આ વાર્ત્તાલાપ સાંભળી તે પુત્રવધૂઓ ત્યાં આવી, અને તેમના ચરણમાં નમી પડી. તેઓ બોલી, માતા ! અહીં ક્યાંથી પધાર્યાં, અને ક્યાં જાઓ છો ? યોગિનીએ કહ્યું, ભદ્રે ! અમે આજે કુશસ્થલી નગરીમાં જવાનાં છીએ વધૂઓ બોલી, ત્યાં આજે શુ કાંઇ કૌતુક છે? ખર્પરા બોલી, કુશસ્થલીનો રાજા પ્રતાપસિંહ, તેને સૂર્યવતી નામે રાણી છે, તે સગર્ભા થતાં તેને રૂધિરવડે સ્નાન કરવાનો દોહદ થયો, તે પૂરવાને મંત્રીની બુદ્ધિથી રાજાએ ગોઠવણ કરી જ્યારે તે રૂધિર જેવા રંગના જળમા સ્નાન કરતી હતી, તેવામાં ભારંડ પક્ષી તેને રૂધિરનો પિંડ જાણી ઉપાડી ઉડી ગયુ આથી રાજા પ્રતાપસિંહ ઘણો શોક કરવા લાગ્યો. કેટલોક વખત રાણીની શોધમાં નિર્ગમન કરી, છેવટે એ રાજા આજે ચિતાગ્નિમાં પ્રવેશ કરી, આત્મઘાત કરવા તૈયાર થયો છે. તેનુ રાજકુટુંબ, મંત્રીઓ અને પ્રજાજન શોકાશ્રુ વર્ષાવે છે; આ કૌતુક જોવાને અમારે આજે કુશસ્થલી જવાનુ છે.

યોગિનીના આ વચન સાંભળી સુધનશેઠની પુત્રવધૂઓએ વિનતિ કરી કે, તે કૌતુક જોવાને અમને પણ સાથે લ્યો. આ બધો વૃત્તાંત સાભળી શ્રીચંદ્રકુમાર ચિંતાતુર થયો હતો. તે પોતાના પિતાના પ્રાણની રક્ષા કરવાને તે વધૂઓની સાથે શમીવૃક્ષને અવલંબી

કુશસ્થલીમાં આવ્યો હતો અને તેણે નિમિત્તિઆનો વેષ લઇ, પોતાના પિતાને ચિતાગ્નિમાં પડતા અટકાવ્યા, જે વૃત્તાંત આ વાર્તાના પ્રસંગમાં ઉપર કહેવામાં આવ્યો છે

અહીં રાજા પ્રતાપસિંહ અને તેનો મંત્રીવર્ગ તથા પ્રજાવર્ગ તે નિમિત્તિયાની શુભ વાણી સાભળવાને ઈંતેજાર થઇ ઉભા હતા. પછી ચતુર નિમિત્તિએ પ્રસન્નતાથી જણાવ્યુ, " મહારાજા ! હું બ્રાહ્મણ છુ, નિમિત્તિયાની વિદ્યા જાણું છુ, તિથિપત્ર અને સ્વર જ્ઞાનથી ભવિષ્ય કહી શકું છુ જે મનમા ચિંતવ્યું હોય, તે ક્ષણમા જાણી શકુ છુ તમારે માટે મેં જોયુ છે, તમારા રાણી સૂર્યવતી પુત્ર સહિત જીવતા છે, કોઇ સારા સ્થાન ઉપર સુખે રહ્યા છે, હવે અલ્પ સમયમા તમારે તેમનો મેળાપ થશે પ્રાયે કરીને આઠ દિવસમાજ તેઓ આવી પહોચશે તેથી ધૈર્યને ધારણ કરી રાહ જુઓ મારી વાણીમા કાઇ પણ શંકા રાખશો નહિ " તેના આવા વચન સાંભળી રાજા અને મંત્રી વિગેરે ઘણાજ ખુશી થયા જ્યોતિષીના વચનામૃત સાભળી, તેમને પરમ આનંદ પ્રાપ્ત થયો મંત્રીઓ પુનઃ પ્રણામ કરી બોલ્યા, મહાનુભાવ ! તમારી વાણીરૂપ સુધાએ અમને જીવન આપ્યુ છે મહારાજાની ગોત્રદેવીએ તમારા જેવા પંડિતરત્ન મોકલ્યા હોય, તેમ લાગે છે કુશસ્થલીની પ્રજાની ભાગ્યદેવી આજે અમારી ઉપર પ્રસન્ન થયા અમારા શિરછત્ર મહારાજા પ્રતાપસિંહને આપે યોગ્ય અવસરે નવુ જીવન આપ્યુ છે. આપનો આ મહોપકારનો બદલો અમારાથી કદિપણ અપાય તેમ નથી કુશસ્થલીના પ્રતાપી ઇંદ્રને આપે બચાવી, અમારા જીવનને સુધાર્યું છે

આ પ્રમાણે કહી તેઓએ ફરીથી એ નિમિત્તિયાની પુજા કરી મહારાજા પ્રતાપે તેનો અતિ આભાર માની, સત્કાર કર્યો પછી મહારાજાએ આનંદ ઉત્સવ સાથે પુરમા પ્રવેશ કર્યો જેમ મૃત્યુ પામ્યા પછી સ્મશાનમાથી સજીવન થઇ ઘેર આવે, અને જેવો આનંદોત્સવ થાય તેવો કુશસ્થલીની પ્રજાએ આનંદ ઉત્સવ પ્રવર્ત્તાવ્યો સઘળી નગરીમા ઘેરઘેર મંગળ ગીત ગવાયા, રાજકુટુંબમા હર્ષ સાથે જયધ્વનિ થઇ રહ્યો, મહારાજા મોટા સન્માનપૂર્વક નિમિત્તિયાને રાજદ્વારમા લઇ ગયા. મોટા માન સાથે તેનું આતિથ્ય કરવાની ગોઠવણ કરવામાં આવી

તે ચતુર નિમિત્તિયો કે જે શ્રીચંદ્ર પોતેજ છે, તેણે વિચાર્યું કે, જો પેલી યોગિણીઓ ચાલી જશે, તો પછી અહીંજ રહેવુ પડશે શમીવૃક્ષમાં રહેલા સૂર્યવતી માતાને ઘણો સંતાપ થશે, માટે આજની રાત્રીમાજ ત્યાં જવું યોગ્ય છે આવુ ચિંતવી તે વીર કુમાર છાની રીતે જ્યા પેલી યોગિનીનું શમીવૃક્ષ હતુ, ત્યાં આવ્યો [illegible] તે શમીવૃક્ષ જોવામા આવ્યુ નહીં તેના હૃદયમા ચિંતા થઇ, [illegible] પિતાના જીવિતને ઉગારવાનુ મહા કાર્ય સિદ્ધ થવાથી તે હૃદયમા પૂર્ણ સંતોષ માની, [illegible]

આવી રીતે ચતુર [illegible]

[illegible]

માન કરતો હતો. હમેશાં વિવિધ જાતનો શાસ્ત્રીય વિનોદ લઇ, તેની સાથે દિવસ નિર્ગમન કરતો હતો કર્મની વિચિત્રતા કેવી ચમત્કારી છે ? કુશસ્થલીનો યુવરાજ પોતાનીજ રાજધાનીમાં પિતાનો ઉપકારી થઇ, એક જોષીરૂપે પૂજાય છે પિતા પુત્રને ઓળખી શકતો નથી, અને પુત્ર પિતાને ઓળખતા છતા ગુપ્ત રીતે રહી, પિતાનુ શુભ ચિંતન ચિતવે છે.

પ્રકરણ ૫૮ મું.

યોગવિદ્યાનો ઉપદેશ.



ધ્યાન્હનો સમય હતો, શરીરના નિર્વાહને માટે જનસમૂહ આહારની ક્રિયામાં પ્રવર્ત્તી રહ્યો હતો, ઉદ્યોગની પ્રવૃત્તિમા વિશ્રાતિ લેવાનો એ વખત હતો, આસ્તિકો ધર્મક્રિયામાથી, ઉદ્યોગીઓ ઉદ્યોગમાંથી અને અભ્યાસીઓ અભ્યાસમાથી નિવૃત્ત થઇ ભોજનની ક્રિયામાં પ્રવર્ત્તતા હતા આ સમયે મહારાજા પ્રતાપસિંહ ભોજન લઇ, તે નવીન નિમિત્તિયાના ઉતારામા આવ્યો કાંઇ પણ ધર્મચર્ચા કરવાની તેની ઇચ્છા હતી તેને આવતા જોઇ સેવકોએ ખબર આપ્યા કે, આજે જોષીજી પ્રાત કાળથી ધ્યાન લગાવી બેઠા છે, તેમની મનોવૃત્તિમા આજે સમાધિ કરવાની ઇચ્છા થઇ છે. તેમણે અમોને પ્રથમથી જણાવ્યુ છે કે, હુ મધ્યાન્હ સુધી ધ્યાન કરીશ. જે કોઇ આવે, તેને સૂચના આપજો. સેવકનાં વચન સાંભળી મહારાજા પૂજાગૃહમાં ગયા, ત્યાં તેની ધ્યાનમૂર્ત્તિ જોવામાં આવી જોષી દૃઢ આસન ઉપર બેઠા હતા, તેમણે યોગમુદ્રા ધરી હતી, શરીર કાષ્ટવત્ થઇ સ્થિરભાવે રહ્યુ હતુ, લલાટ ઉપર ધ્યેય વસ્તુની એકતાનુ તેજ ચળકતુ હતુ. આવી ધ્યાનાવસ્થા જોઇ પ્રતાપસિંહને આશ્ચર્ય થયુ તેણે વિચાર્યુ કે, આ કોઇ મહાયોગી લાગે છે, તેના ત્રિકાળ જ્ઞાનનો હેતુ આ યોગવિદ્યાજ હશે. આ મહા વિદ્યાને માટે ઘણુ જાણવા યોગ્ય હોય છે ઉત્તમ ધ્યાનના પ્રકાર એ વિદ્યાથીજ જાણી શકાય છે. સિદ્ધ પરમાત્માના સ્વરૂપને પ્રત્યક્ષ ઓળખવાનુ મહા સાધન સમાધિવિદ્યા એકજ છે, માટે આ પુરૂષની પાસેથી તે યોગવિદ્યાનુ શ્રવણ કર્યુ હોય, તો ઘણો લાભ થાય. રાજા આમ ચિંતવતો હતો, ત્યાં તે જોષીજી ધ્યાનમાથી જાગ્રત થયા તત્કાળ તેની દૃષ્ટિ મહારાજાની ઉપર પડી સસ્મિત વદને બેઠા થઇ, તે ચતુર જોષી પૂજાલયમાંથી બાહેર નીકળી પ્રતાપસિંહની પાસે આવ્યા પ્રતાપસિંહે પ્રણામ કરી કહ્યુ—મહાશય ! તમે યોગવિદ્યા જાણો છો, એ આજેજ જાણ્યુ. તમારી ધ્યાનાવસ્થા જોઇ, મને ઘણો આનંદ થયો છે. આર્હત ગ્રથોમાં યોગ વિષે મે ઘણી વાર સાંભળ્યુ છે, પણ તે વિષય બરાબર સાભળવામાં આવ્યો નથી, તેથી તે જાણવાની મારી ઘણી ઇચ્છા છે. જો કૃપા કરી મને તે વિષે વિવેચન કરી સમજાવો, તો આપનો આભાર માનીશ. મારા ચૈતન્ય જીવનને તમે જીવન

આપ્યુ છે, પણ પરમાત્માના સ્વરૂપના જ્ઞાનરૂપ જીવનને આપવા માટે જો યોગવિદ્યાનો ઉપદેશ કરો, તો આપના સમાગમનું મને પૂર્ણ ફળ પ્રાપ્ત થશે. પ્રથમ આપ ભોજન કરીલ્યો, અને પછી તમારા વચનામૃતથી મારા કર્ણને તૃપ્તિ આપો.

વિદ્વાન્ શ્રીચંદ્રકુમાર હાસ્ય કરી બોલ્યો—મહારાજા ! આપની આવી ઉત્તમ ઇચ્છા જાણી મને અતિ આનંદ ઉદ્ભવે છે, હવે ભોજન કરવાની મારી ઇચ્છા નથી. સમાધિનો ઉત્તમ સ્વાદ લઇ મને અપૂર્વ તૃપ્તિ મળી છે જો કે, શરીરના નિર્વાહ માટે યોગીને ભોજનની અપેક્ષા રાખવી પડે છે, પણ તેના કરતા યોગામૃતની તૃપ્તિ વધારે આનંદકારક છે. આ ઉદર, કે જે અપાર ભક્ષ્ય મેળવતા છતાં હમેશા અપૂર્ણ રહેનારૂ, અને ભોજનની વાસના રાખનારૂ છે, તેને અન્નનુ બળિદાન આપ્યા વિના ચાલે તેમ નથી. સર્વ પ્રકારે જઠરરૂપ મહાગર્ત્ત પૂર્યા વિના કાઇ પણ કાર્ય થઇ શકતુ નથી, તેને માટે શાસ્ત્રમા નીચે પ્રમાણે લખે છે.

देहः स्नेहः स्वरमधुरता बुद्धिलावण्यलज्जाः
प्राणानंगः पवनसमता क्रोधहानिर्विलासाः ।
धर्मः शास्त्रं सुरगुरुनतिः शौचमाचारचिंता
भक्तापूर्णे जठरपिठरे प्राणिनां संभवंति ॥ १ ॥

" મનુષ્યનું પેટ જો ભાતથી ભર્યું હોય, તો દેહ સ્નેહ, સ્વરની મધુરતા, બુદ્ધિ, લાવણ્ય, લજ્જા, પ્રાણ, કામદેવ, વાયુની સમાનતા, ક્રોધનો અભાવ, વિલાસ, ધર્મ શાસ્ત્ર, દેવગુરૂને પ્રણામ, શૌચ અને આચારની ચિંતા, એ સર્વ સંભવે છે "

આથી યોગીએ પણ અન્નને આદર આપવો પડે છે તે વિષે પ્રાકૃતમા પણ કહેવત છે કે—

જઠર પિઠર કેરે પડયુ, તે પૂરે હોય સમ[illegible]
અન્ન તે દેહ આધાર છે, દેહથી બુદ્ધિ [illegible] ૧
તેથી તત્વ ચિંતા અને તેથી ઉપજે ધ્યાન,
ધ્યાનથી લયગુણ ઉપજે, તેથી હે[illegible] ૨

મહારાજા ! અન્ન વિના કોઇને ચાલે તેમ નથી, [illegible]
તેની [illegible] પણ અપેક્ષા નથી હવે આપ એક [illegible]
[illegible] સર્વ [illegible] છે, એ [illegible]
[illegible]
[illegible]

છે, જે યોગવિદ્યાના ગ્રંથોમાં વિસ્તારથી દર્શાવ્યા છે વાયુ-પ્રાણની સાધના, નિદ્રા, વિકથા તથા આહારનો આસનના ભેદથી જય કરી, ધ્યાનારંભનો વિચાર કરવો જોઇએ, અને તે સર્વથી બ્રહ્મ બીજનુ સ્મરણ કરવાનુ છે, તેમા મુખ્યપણે આધાર લિંગ, નાભિ, હૃદય, કરકમલ, કંઠ, તથા લલાટ એ સ્થાનકોમા રહેલા પત્ર સહિત કમળ અને ચક્રોનાં સ્થાન જાણવાં જોઇએ. તેનું વર્ણન આ પ્રમાણે છે. ગુદાના મૂળમા ચાર દળવાળુ આધાર ચક્ર છે. તેમાં श, ष, स, અને મધ્યે ह કાર છે. લિંગ મૂળમાં સ્વાધિષ્ટાન ચક્ર છે, તે ષટ્કોણાકૃતિ છ દળવાળું છે, નાભિમાં દશ પત્રવાળુ મણિચક્ર છે, હૃદયમા બાર દળનું અનાહત ચક્ર છે, કંઠમાં સોળ ચક્રવાળુ વિશુદ્ધિ ચક્ર છે, અને લલાટમા બત્રીશ દળવાળું પ્રણવ-બીજ ચક્ર છે. એ છ ચક્રોનું સ્વરૂપ યથાર્થ જાણવાથી યોગી યોગવિદ્યાનો પરમ ઉપાસક થઇ શકે છે. એજ ભાવાર્થને દર્શાવનારૂ નીચેનુ પદ્ય યોગવિદ્યામા ગવાય છે.

> " आधारे लिंगनाभौ हृदि करकमले कंठदेशे ललाटे
> द्वे पत्रे षोडशारे द्विदश दशदले द्वादशार्द्धे चतुष्टे ।
> नासांते बालमध्ये डफकठसहिते कंठदेशे स्वराणा
> मित्येवं ब्रह्मबीजं सकलजनहितं ब्रह्मरूपं नमामि " ॥ १ ॥

આ યોગવિદ્યાની ઉપાસનાથી સર્વ પ્રકારની લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, યોગવિદ્યાનું મૂળ કર્ત્તવ્ય મનનો નિગ્રહ કરવો, તે છે. જ્યારે ધર્મવીર યોગારાધક અષ્ટાંગ યોગની ઉપાસના કરવા તત્પર થાય છે, ત્યારે તે મન, વચન અને કાયાના યોગની પરમ શુદ્ધિ પ્રાપ્ત કરે છે. દ્રઢ આસન ઉપર આરૂઢ થઇ બેઠેલો યોગી જે અસાધ્ય હોય, તે પણ સાધવાને સમર્થ થઇ શકે છે. આસનની દ્રઢતાથી તેના મનની દ્રઢતાને પુષ્ટિ મળે છે, યમ નિયમના ઉત્તમ માર્ગમા પ્રવેશ કરવાથી યોગી મનની શુદ્ધિ પ્રાપ્ત કરી, પરબ્રહ્મનુ દર્શન મેળવી શકે છે, આ લોકની ક્ષણિકતા, કે જે સાંસારિક પદાર્થો તરફ વૈરાગ્ય ભાવને પ્રગટ કરનારી છે, તેને સમર્થ યોગસાધક પુરૂષ અલ્પ સમયમાં જાણી લઇ, આત્મ સાધન કરી શકે છે.

મહારાજા ! તે યોગવિદ્યાનો પ્રભાવ અલૌકિક છે, આત્માનંદના દિવ્ય સુખને આપનારો છે, આર્હત ધર્મનુ બોધિબીજ, કે જેને માટે જૈન સાધકો અનેક પ્રયત્ન કરી, મેળવવાને અતિ કષ્ટ સહન કરે, તે બોધિબીજ યોગ સાધનના પ્રભાવથી પ્રાપ્ત થાય છે. ગજેંદ્ર ! તે યોગવિદ્યાનું સ્વરૂપ સંક્ષેપમા કહું, તે આપ ધ્યાન આપીને શ્રવણ કરો છદ્મસ્થ યોગિઓ એક મુહૂર્ત્ત સુધી મનને સ્થિરતા આપે, એ ધ્યાન કહેવાય છે તે ધર્મ ધ્યાન અને શુક્લ ધ્યાન એવા બે પ્રકારનું છે. જેઓ સયોગી કેવળી છે, તેમને તો મન, વચન, અને કાયાના નિરોધનો જે કાળ, તેજ ધ્યાન ગણાય છે. કારણ કે, તેઓ એક દેશે ઉણી એવા પૂર્વ કોટી સુધી મન, વચન અને કાયાના વ્યાપાર સાથે વિહાર કરે છે, અને મોક્ષને વખતે તે વ્યાપારનો નિરોધ કરે છે એક મુહૂર્ત વાર પછી ચિંતા અથવા ધ્યાનાંતર

હોઇ શકે, અને ઘણા અર્થનો જો સક્રમ હોય, તો લાંબા કાળ સુધી પણ ધ્યાનની પરંપરા થઇ શકે છે.

ધર્મ ધ્યાનની પુષ્ટિને માટે યોગીએ મૈત્રી, પ્રમોદ, કારુણ્ય, અને મધ્યસ્થપણારૂપ ભાવનાની યોજના કરવી જોઇએ. મૈત્રી ભાવનામા સર્વ જગતને મોક્ષ મેળવવાની બુદ્ધિ કરવાની, અને સર્વ પ્રાણીઓને સુખી જોવાની ઇચ્છા રહેલી છે પ્રમોદ ભાવનામાં નિર્દોષ અને જ્ઞાન તથા ક્રિયાએ યુક્ત એવા મુનિઓના ગુણમાં પક્ષપાત રાખવાની યોજના છે કરુણા ભાવનામા દીન, પીડિત, ભયભીત અને જીવિતની યાચના કરનારા પ્રાણીઓ તરફ પ્રતિકાર કરવાની બુદ્ધિની ઘટના છે, અને મધ્યસ્થ ભાવનામા ક્રૂર કર્મ કરનારા, નિઃશંકપણે દેવગુરૂની નિંદા કરનાર અને આત્માની પ્રશંસા કરનાર પ્રાણી તરફ ઉપેક્ષા રાખવાનુ છે આ ઉત્તમ ભાવનાથી યોગી જ્યારે આત્માને વિષે ભાવ ધરે છે, ત્યારે તેની તુટી ગયેલી શુદ્ધ ધ્યાનની પરંપરા પાછી સધાય છે આ ઉત્તમ ધ્યાન કોઇ તીર્થ અથવા પોતે સ્વસ્થ રહી શકે, તેવા સ્થાનમા કરવાનુ છે તે યોગ ધ્યાન કરવાને માટે કેટલા આસનોનો અભ્યાસ કરવો જોઇએ જેઓમાં પર્યંકાસન, વીરાસન, વજ્રાસન, કમળાસન, ભદ્રાસન, દંડાસન, ઉત્કટિકાસન, ગોદોહિકાસન અને કાયોત્સર્ગ એ મુખ્ય આસનો છે જે આસનથી મન સ્થિર થઇ શકે તેમ લાગે, તે આસન ઉપર યોગીએ આરૂઢ થવુ જોઇએ

મહારાજ ! સમાધિ સુખની ઇચ્છા રાખનારા યોગીએ તે આસન ઉપર બેસી, કેવી સ્થિતિ રાખવી જોઇએ ? તે વિષે સાભળો પ્રથમ સુખાસને બેસી, શરીરની અને મનની સ્વસ્થતા સંપાદન કરવી, બને હોઠ જોડી દેવા, નાસિકાના અગ્ર ભાગ ઉપર દૃષ્ટિ રાખવી, ઉપલા અને નીચલા દાત જુદા રાખવા મુખ પ્રસન્ન રાખવુ, પૂર્વ અને ઉત્તરાભિમુખે બેસવુ આવી સ્થિતિ સંપાદન કર્યા પછી મન અને પવનનો જય કરવાને પ્રાણાયામ કરવો મન અને વાયુ દુધ જળની જેમ જોડાઇ રહે છે, જ્યા મન ત્યા વાયુ, અને જ્યાં વાયુ ત્યા મન હમેશા હોય છે. એ બનેમાથી જો એકનો નાશ થાય, તો બીજાનો પણ નાશ થાય છે જો એક વિદ્યમાન હોય તો બીજો પણ વિદ્યમાન હોય, અને જ્યારે બનેનો નાશ થાય, એટલે ઇંદ્રિય અને મતિનો નાશ થાય છે, તે વખતે પરમાનંદ [illegible] મહા માર્ગ પ્રકાશિત થાય છે ત્યારે શ્વાસ અને ઉચ્છ્વાસની ગતિ [illegible] આવે, તે પ્રાણાયામ થાય છે તે રેચક, પૂરક અને કુંભક એવા ત્રણ ભેદથી [illegible] છે [illegible] પ્રત્યાહાર, શાંત ઉત્તર અને અધર, એ ચાર ભેદ [illegible] છે ઉદરમાથી યત્નપૂર્વક વાયુને નાસિકા [illegible] બહાર [illegible], તે રેચક પ્રાણાયામ કહેવાય છે બહારના વાયુને આકર્ષણ કરી, [illegible] ભરવુ, તે પૂરક પ્રાણાયામ કહેવાય છે, અને તે વાયુને નાભિ [illegible] સ્થિર કરી [illegible], તે કુંભક પ્રાણાયામ કહેવાય છે [illegible], તે પ્રત્યાહાર કહેવાય છે [illegible] શાંત પ્રાણાયામ કહેવાય છે [illegible]

ધારી રાખવો, તે **ઉત્તર** પ્રાણાયામ કહેવાય છે, અને તેથી જે વિપરીત તે **અધર** પ્રાણાયામ કહેવાય છે, અર્થાત્ તેમાં વાયુને ઉંચેથી નીચે લાવવામાં આવે છે.

રાજેંદ્ર ! આ પ્રાણાયામની ક્રિયા શારીરિક સંપત્તિમાં વધારો કરે છે, શારીરિક બળને અર્પણ કરી ઉત્તમ પ્રકારની દિવ્ય સ્ફુર્તિ આવે છે, રેચક પ્રાણાયામ ઉદરની પીડા તથા કફનો નાશ કરે છે, **પૂરક** વ્યાધિઓનો નાશ કરી પુષ્ટિ બક્ષે છે, કુંભક હૃદય કમળને વિકસ્વર કરી, અંદરની ગ્રંથિ તોડી બળની સ્થિરતામાં વધારો કરે છે, પ્રત્યાહાર બળ અને કાંતિ વધારે છે, શાંત પ્રાણાયામ સર્વ જાતના દોષને દૂર કરે છે, અને **ઉત્તર** તથા **અધર** કુંભકને સ્થિર કરવાનું સામર્થ્ય અર્પે છે. એવી રીતે પ્રાણાયામના જુદાજુદા પ્રકારથી જુદાજુદા ગુણ થાય છે. જો યોગી પ્રાણ પ્રમુખનાં સ્થાન, વર્ણ, ક્રિયા અર્થ અને બીજને જાણે છે, તો તે પ્રાણાયામની ક્રિયાથી પ્રાણવાયુને, વિષ્ટાદિકને દુર કરનારા અપાનવાયુને, રસ પ્રમુખને ઉંચે લઇ જનારા ઉદાનવાયુ, અને શરીરમાં બધે વ્યાપનારા વ્યાનવાયુને જીતી શકાય છે. પ્રાણવાયુ નાસિકાના અગ્રમાં, હૃદયમા, નાભિમાં અને પગના અંગુઠાના અગ્ર ભાગમાં રહે છે, તેનો રંગ લીલો છે, ગમનાગમનના પ્રયોગથી અથવા ધારણ કરવાથી તેનો જય થાય છે. અપાન વાયુ ગળાની પાછળની નાડીઓમાં, ગુદામા, અને પગના પાછલા ભાગમાં રહે છે, તેનો રંગ કાળો છે, તે વારવાર રેચન અને પૂરણથી જીતી શકાય છે સમાન વાયુ હૃદય, નાભિ અને સર્વ સાંધાઓમાં રહે છે, તેનો રંગ શ્વેત છે, અને તે વારંવાર રેચન અથવા પૂરણથી જીતી શકાય છે ઉદાન વાયુ હૃદય, કંઠ, તાળુ અને ભ્રકુટીના મધ્ય ભાગમાં તથા મસ્તકમાં રહે છે; તેનો રંગ રાતો છે, તે ગમનાગમનના નિયોગથી જીતી શકાય છે. નાસિકાને ખેંચી ઉદાન વાયુને હૃદયાદિકમા સ્થાપવો, અને બળથી ઉંચે ચડતા એવા, તેને રોકીને વશ કરવો. વ્યાન વાયુ ત્વચામાં રહે છે, તેનો રંગ ઇંદ્ર ધનુષ્યના જેવો છે, તેને સંકોચ અને પ્રસરે કરીને કુંભકના અભ્યાસથી જીતી લેવાનો છે.

મહારાજા ! એ વાયુનું સ્વરૂપ પૂર્ણ રીતે જાણી પ્રાણ, અપાન, સમાન, ઉદાન અને વ્યાન વાયુમા અનુક્રમે “ यैं पैं वैं लैं ” એ બીજોનું ધ્યાન કરવુ. અને જે સ્થાને પ્રાણીને પીડા કરનારો રોગ થયો હોય, તે રોગની શાંતિને માટે તે તે સ્થાને પ્રાણાદિક વાયુઓને ધારણ કરવા. એવી રીતે પ્રાણાયામ કર્યા પછી મનની સ્થિરતાને માટે ધારણા વિગેરેનો અભ્યાસ કરવો જોઇએ. ધારણાનો પ્રયોગ આ રીતે છે કે, વાયુને ધીરે ધીરે રેચકથી રેચી ડાબી નાડીથી મનની સાથે પગના અંગુઠાથી માંડીને છેક બ્રહ્મદ્વાર સુધી લાવી, તેવડે શરીરને પુરવુ. તેમા પહેલા પગના અંગુઠામાં, પછી પગના તળીયામાં, પછી પાછલા ભાગમાં, પછી ઘુંટીમા, પછી જંઘામાં, પછી ઘુંટણમાં, સાથળમાં, ગુદામાં, લિંગમા, નાભિમાં, ઉદરમા, હૃદયમાં, કંઠમા, જિલ્હામા, તાળુમા, નાસિકાના અગ્ર ભાગમા, નેત્રમા, ભ્રકુટીમા, કપાળમા અને મસ્તકમાં, એમ અનુક્રમે વાયુની સાથે મનને લઇને છેક બ્રહ્મદ્વાર સુધી તેને જવો પછી અનુક્રમે તેવીજ રીતે છેક ઉતારી ઉતારીને પગના અંગુઠા સુધી લાવવો, અને નાભિ કમળમા લાવીને પવનનું વિરેચન કરવુ, આનુ

નામ ધારણા કહેવાય છે મહારાજા ! આ ધારણા ઉત્તમ ફળને આપનારી છે. પગના અંગુઠા વિગેરેમા ધારણ કરેલો વાયુ શીઘ્ર ગતિ અને બળને માટે ગુણકારી છે, નાભિમા રહેલો જ્વરાદિ રોગ શમાવે છે, જઠરમા રહેલો કાયાની શુદ્ધિ કરે છે, હૃદયમાં રહેલો જ્ઞાન આપે છે, કૂર્મ નાડીમાં રહેલો રોગ તથા જ્વરને દુર કરે છે, કંઠમા ક્ષુધા તૃષાને શમાવે છે, જીવ્હાને અગ્ર ભાગે રસનુ જ્ઞાન અર્પે છે, નાસિકાના અગ્રભાગે ગંધનુ જ્ઞાન વધારે છે, ચક્ષુમાં રહેલો રૂપનું જ્ઞાન દર્શાવે છે, કપાળમાં ત્યાના રોગનો નાશ, અને ક્રોધરૂપ કષાયને શમાવે છે અને બ્રહ્મદ્વારમા રહેલો વાયુ સાક્ષાત્ સિદ્ધોના દર્શન કરાવે છે. તે વાયુના ચાર ગમન અને સ્થાનના જ્ઞાનથી અભ્યાસને યોગે શુભ અશુભ ફળના ઉદય-વાળા કાળ અને આયુષ્ય જાણી શકાય છે. આ પ્રમાણે પ્રાણાયામ અને ધારણાથી યોગી-એ પવનની સાથે મનને ખેચી, હૃદયકમળની અંદર સ્થાપિત કરી કબજે કરવુ જ્યારે મનનો નિગ્રહ થયો, એટલે અવિદ્યાઓ લય પામે છે, વિષયની ઇચ્છા નાશ પામી જાય છે, વિકલ્પો નિવૃત્ત થાય છે, અને અંદર જ્ઞાનનું જ્યોતિ પ્રગટ થાય છે જ્યારે હૃદયકમળમાં મન સ્થિર થયુ, એટલે 'વાયુની ગતિ કયા મંડળમા છે? વાયુનું સંક્રમણ અને વિશ્રમણ કયા થાય છે? તથા નાડી કઇ ચાલે છે? એ સઘળું જાણવામા આવે છે. યોગવિદ્યાને અંગે એ ચમત્કારી સ્વરોદય જ્ઞાન પૂર્ણ રીતે પ્રકાશે છે. નાસિકાના છિદ્રોમાં અનુક્રમે ભૂમિ, વરુણ, વાયુ અને અગ્નિ સબંધી ચાર મંડળો કહેલાં છે, તે ચારે મંડળમા સંચાર કરતો વાયુ, ચાર પ્રકારનો થાય છે. તે વાયુ જુદાં જુદાં શુભા-શુભ ફળ સૂચવે છે, એ સર્વ જ્ઞાનનુ મૂળ મનનો નિગ્રહજ છે આ વિદ્યાને અંગે કેટલીક સિદ્ધિ—લબ્ધિઓ પ્રાપ્ત થાય છે, જે કર્મની ઉત્પાદક થઇ, મોક્ષમા વિઘ્નરૂપે થઇ પડે છે.

રાજેંદ્ર ! એ ધ્યાન કરવામા ઘણી સાવચેતી રાખવી પડે છે ધ્યાન ધરનાર કેવા જોઇએ ? તે પણ અવશ્ય મનન કરવા જેવુ છે પ્રાણ જાય, તોપણ જે સંયમનું અવલંબન પણ ત્યજે નહી, પોતાના આત્મસ્વરૂપથી જુદો થયા વિના જે બીજાને પણ પોતાની જેમ જુએ છે, જે શીત, પવન અને તડકાથી કદી પરિતાપને પામતે નથી, જે [illegible] અમૃતને પીવાની ઇચ્છા કરે છે, જે પોતાના મનને રાગાદિ, [illegible] અને આત્મારામરૂપ બનાવે છે, તે સર્વ કર્મમા નિર્લેપ રહે છે; [illegible] થાય છે. પોતાના શરીરમા પણ નિસ્પૃહ રહે છે, સર્વત્ર [illegible] મગ્ન રહે છે, રાજા અને રંકનું સરખી રીતે કલ્યાણ ઇચ્છે છે, [illegible] ભરપૂર સાગર ઉછળ્યા કરે છે, [illegible] નથી, મેરૂની જેમ નિષ્કંપ, ચંદ્રની જેમ આનંદદાયક, અને [illegible] પ્રવર્તે છે, એવો સદ્બુદ્ધિ [illegible] રીતે [illegible] છે.

[illegible]
[illegible]
[illegible]

મહારાજા પ્રતાપસિંહ! એ પદસ્થ ધ્યેયમાં 'ૐ હ્રીં' એ પદનું ધ્યાન કરવામાં આવે છે એ પદ પ્રાણ પ્રાંતને સ્પર્શ કરનારૂં તથા પાપને દહન કરનારૂં છે એમાં મસ્તકને વિષે સ્ફટિક જેવા નિર્મળ પરમેષ્ટી અર્હંતનું ધ્યાન થાય છે તે વખતે ધ્યાનના આવેશથી " सोहं सोहं " એમ વારવાર ઉચ્ચારતા નિઃશંકપણે પરમાત્માની સાથે આત્માની એકતા થઇ શકે છે રાગ, દ્વેષ, અને મોહથી રહિત, સર્વદર્શી દેવતાઓને પૂજનીય એવા પરમાત્મા ધર્મદેશના આપતા હોય, તે વખતની સ્થિતિનું ધ્યાન કરવામાં આવતા તે યોગી ક્લેશને નાશ કરતા પરમાત્માપણાને પ્રાપ્ત થાય છે

રાજેંદ્ર! ધ્યેયના ત્રીજા પ્રકારમાં રૂપસ્થ ધ્યેય આવે છે તે રૂપસ્થ ધ્યાનમાં મોક્ષ લક્ષ્મીની સન્મુખ રહેનારા, સર્વ કર્મને નાશ કરનારા, સર્વ જગતને અભય આપનારા, ચાર મુખવાળા, ચંદ્ર મંડળ જેવા ત્રણ છત્રોથી સુશોભિત ભામંડળથી સૂર્યને અનુસરનારા, દિવ્ય દુંદુભિના શબ્દોથી અને સંગીતની સંપત્તિથી વિરાજિત, ભમરાના ઝંકારથી શબ્દાયમાન એવા અશોક વૃક્ષથી સુશોભિત સિંહાસનપર બેઠેલા, ચામરોથી વીંજાતા, સુર અસુરના મુગટ રત્નની કાન્તીથી પ્રકાશિત ચરણવાળા, દિવ્ય પુષ્પોના સમૂહથી ભરપૂર એવી પરિષદમાં રહેલા, અને મૃગ અને સિંહાદિ પ્રાણિઓ સ્થિર રહી જેમના મધુર શબ્દને સાંભળે છે, એવા શ્રી કેવળ જ્ઞાનથી પ્રકાશિત અર્હંત પ્રભુને સમવસરણમાં રહેલા ધ્યાન કરવામાં આવે છે એ ધ્યાનમાં રાગ દ્વેષ તથા મોહ વિકારોથી રહિત, નિષ્કલંક, શાંત, સુંદર, મનોહર, સર્વ લક્ષણોથી યુક્ત, યોગમુદ્રાથી સુશોભિત, નેત્રને અત્યંત આનંદ આપતું જિનેંદ્ર પ્રતિમાનું સ્વરૂપ અનિમેષ દ્રષ્ટિએ ચિંતવવામાં આવે છે

સતત અભ્યાસના યોગથી તન્મય થયેલો રૂપસ્થ ધ્યાની યોગી પોતાના આત્માને સર્વજ્ઞરૂપ જુએ છે જે સર્વજ્ઞ ભગવાન છે, તે હું પોતેજ છું, [illegible] તન્મયતાને દર્શાવે છે આ ધ્યાનના પ્રભાવથી યોગીની સ્થિતિ ઉત્તરોત્તર ઉન્નત [illegible] મોક્ષને આલગી રહેલી સર્વ જાતની સિદ્ધિઓ તેને [illegible] સિદ્ધ [illegible] છે, [illegible] કરીને તે મોક્ષના સુખનો પૂર્ણ અધિકારી થઈ શકે છે

રૂપાતીત નામના ધ્યેયનો [illegible] છે અમૂર્ત્ત ચિદાનંદ, અને [illegible] કહેવાય છે તે ધ્યેયનો ધ્યાન [illegible] કરે છે. તે [illegible] ધ્યાન [illegible] સ્થિતિ તેજ સમરસી [illegible]

અમૃતમાં જે મુનીનું મન મગ્ન થાય, તે મહાશય આ વિશ્વ તત્વને સાક્ષાત્ કરી, આત્મશુદ્ધિ ધારણ કરે છે. મહારાજા ! તે પ્રમાણે **આજ્ઞા, અપાય વિપાક** અને **સંસ્થાન,** એ ચાર પ્રકારના બીજા પણ ધ્યેય કહેવાય છે, અને તે પ્રમાણે ચતુર્વિધ ધર્મનું ધ્યાન થઇ શકે છે. સર્વજ્ઞ પ્રભુનાં આજ્ઞા વચનને માન્ય કરી, તત્વથી જે અર્થ ચિંતવન કરવું, તે **આજ્ઞાધ્યાન** કહેવાય છે. આ આજ્ઞાધ્યાનમાં એવો નિશ્ચય કરવામા આવે કે, સર્વજ્ઞનું સૂક્ષ્મ વચન હેતુઓથી અબાધિત છે. કારણ કે, શ્રી જિનેશ્વરો મૃષાવાદી હોતા નથી. રાગ, દ્વેષ, અને કષાય વિગેરેથી ઉત્પન્ન થતા અપાયોનુ જ્યા ચિંતવન થાય, તે **અપાયધ્યાન** કહેવાય છે. આ ધ્યાનમાં આલોક અને પરલોક સબધી અપાયો દૂર કરવામાં તત્પર થઇ, ચોતરફના પાપમાથી પાછા હઠવાનુ મુખ્ય કર્ત્તવ્ય છે. ક્ષણે ક્ષણે કર્મનાં ફળનો વિચિત્ર ઉદય જેમાં ચિંતવવામાં આવે, તે **વિપાકધ્યાન** કહેવાય છે. એ ધ્યાનમાં એમ ચિતવાય છે કે, અરિહંત પદની સમૃદ્ધિ તે પુણ્યનું પ્રબળ, અને નારકીની વિપત્તિ, તે પાપનું પ્રબળ છે. અનાદિ, અનંત, સ્થિતિ, ઉત્પત્તિ, અને નાશના સ્વભાવવાળા લોકની આકૃતિ જેમા ચિંતવાય, તે **સસ્થાન** ધ્યાન કહેવાય છે. એ ધ્યાનથી વિવિધ જાતનાં દ્રવ્યની અદર રહેલા અનંતા પર્યાય ફર્યા કરે છે, એવું જ્ઞાન થવાથી તેમા રક્ત થએલુ મન રાગાદિકથી આકુળવ્યાકુળ થતું નથી. આ ધર્મધ્યાન કરવાથી ક્ષયોપશમિક વિગેરે ભાવ થાય છે, અને તે પછી અનુક્રમે પીત, પદ્મ, અને શિત એવી લેશ્યાઓ પણ પ્રાપ્ત થાય છે, અને તે શિવાય જ્યારે તે ધર્મધ્યાન વૈરાગ્યની સાથે તરગિત થાય, ત્યારે ધ્યાતા પ્રાણીને, ઇંદ્રિયોને અગોચર એવું આત્મસવેદ્ય સુખ પ્રાપ્ત થાય છે.

તે ધર્મધ્યાનને માટે અનુભવી મહાત્માઓ એમ પણ લખે છે કે, નિઃસગ યોગીઓ ધર્મ ધ્યાનથી ગ્રૈવેયક વિગેરે દેવલોકમાં દેવતા થાય છે. તે દેવપણામાં મોટા મહિમાવાળું, શરદ ઋતુના ચંદ્ર જેવુ, તેજસ્વી અને અલકાર તથા દિવ્ય વસ્ત્રોથી સુશોભિત એવા શરીરને સંપાદન કરે છે, તે પછી તેઓ વિશેષ વીર્ય તથા બોધ મેળવી કામ પીડાથી રહિત થઇ અંતરાય રહિત એવા અનુપમ સુખને સેવે છે. પોતાની ઇચ્છા પ્રમાણે સર્વ અર્થથી મનોહર એવા તે સુખરૂપ અમૃતને નિર્વિઘ્ને ભોગવતા, તેઓ પોતાના ગત જન્મને જાણતા નથી. તે દિવ્ય સુખનો ભોગ કર્યા પછી તેઓ દેવલોકમાથી ચવીને ઉત્તમ શરીરમાં જન્મ લઇ, પૃથ્વી ઉપર અવતરે છે; ત્યાં દિવ્ય વશમાં ઉત્પન્ન થઇ, અખંડીત મનોરથવાળા થઇ વિવિધ ભોગને ભોગવે છે. પછી વિવેકનો આશ્રય કરી, બધા ભોગથી વિરક્ત થઇ ધ્યાનરૂપ અગ્નિથી કર્મને દહન કરી, અવ્યયપદને પ્રાપ્ત થાય છે.

મહારાજા ! એ ધર્મ ધ્યાનનું સ્વરૂપ આપના જાણવામાં આવ્યું. હવે શુક્લ ધ્યાનનુ સ્વરૂપ ધ્યાનમા લ્યો. જેવું ધર્મધ્યાન સ્વર્ગ ને મોક્ષનુ કારણ છે, તેવુજ શુક્લ ધ્યાન મોક્ષનુંજ કારણ છે. વજ્રઋષભ નારાચની સંઘયણવાળા પૂર્વધારીઓજ આ ધ્યાનના અધિકારી થાય છે. અલ્પ સત્વવાળા તેના અધિકારી થતા નથી. આ મહા ધ્યાન વર્તમાનકાળે થઇ શકતુ નથી. **નાનાત્વ શ્રુત વિચાર, ઐકય શ્રુત વિચાર, સૂક્ષ્મક્રિય,** અને **ઉત્સન્નક્રિય** એવા શુક્લ ધ્યાનના ચાર ભેદ છે તે અનુક્રમે એકત્ર યોગી,

એક યોગી, તનુ યોગી, અને નિર્યોગીને પ્રાપ્ત થાય છે. આ શુકલ ધ્યાનરૂપ અગ્નિ જ્યારે તીવ્ર રીતે પ્રજ્વલિત થાય, ત્યારે યોગીંદ્રના ઘાતી કર્મોને તે દહન કરી નાખે છે ઘાતી કર્મનો નાશ થયા પછી તે યોગી કેવળજ્ઞાન અને કેવળદર્શન પ્રાપ્ત કરીને, આ લોકાલોકને યથાર્થ રીતે જાણી શકે છે, અને જોઇ શકે છે તીર્થંકર, કેવળી વિગેરેના અતિશય તથા ચમત્કારી પ્રભાવના મહિમાનુ કારણ એજ ધ્યાન હોઈ શકે છે. રાજેંદ્ર ! એવી રીતે અનુક્રમે અભ્યાસના આવેશથી નિરાલંબ ધ્યાનને ભજનારો અને સમતા રસના સ્વાદને પ્રાપ્ત કરનાર મહા યોગી છેવટે દુર્લભ એવા પરમ આનંદને અનુભવે છે બાહ્ય આત્માનો ત્યાગ કરી, પ્રસક્ત ભાવે અંતરાત્માથી તે યોગીંદ્ર તન્મય થઈને પરમાત્માનુ ચિંતવન કરી શકે છે આત્મબુદ્ધિથી ગ્રહણ કરેલ કાયાદિ તે બહિરાત્મા અને કાયાદિ પ્રત્યે અધિષ્ઠાયક તે અંતરાત્મા એવા બેનુ તેને યથાર્થ ભાન થાય છે ચિદ્રુપ, આનંદમય, નિરુપાધિ, શુદ્ધ, દ્રષ્ટિને અગોચર, અને અનંતગુણી પરમાત્માનુ સ્વરૂપ તે સૂક્ષ્મ રીતે જાણી શકે છે તે પરિપક્વ યોગી કાયાથી આત્માને અને આત્માથી કાયાને પૃથક જાણી આત્માના નિશ્ચયમા વિરામ પામે છે જ્યારે તે યોગી આત્માને વિષે આત્મજ્ઞાનની [illegible] કરે, ત્યારે જ્ઞાની પુરુષો તે [illegible] પ્રાપ્ય મોક્ષ [illegible]

મહારાજા ! આવી યોગવિદ્યા મોક્ષ આપવાની [illegible] છે, તેને પ્રાપ્ત થાય, તો માનવ જીવન કૃતાર્થ થાય છે મહારાજા ! આપ [illegible], દયા ધર્મના રાગી છો. તમારા હૃદયમા શુદ્ધ સમ્યક્ત્વ સર્વદા વાસ કરી રહ્યું છે, તેથી આ મહા વિદ્યાની ઉપાસના કરજો પ્રત્યેક ક્ષણે નિરંજન [illegible] ધ્યાન ધરવા તત્પર રહેજો [illegible] યોગવિદ્યાના પ્રભાવથી ત્રિકાળી જ્ઞાન ધારણ [illegible] મહા વિદ્યાએ પોતાનો દિવ્ય પ્રભાવ [illegible] છે

તે નિમિત્તિયાનો આ ઉપદેશ [illegible] સમાધિના તત્ત્વાનંદરૂપ અમૃતથી તેને [illegible] સાગર ઉછળી રહ્યો, [illegible] ભક્તિથી વંદના કરી [illegible] [illegible]

[illegible]

ત્રિ.

[illegible] સાક્ષાત્ કરી, આજ્ઞા, અપાય વિપાક અને સંસ્થાન, [illegible] પ્રમાણે ચતુર્વિધ ધર્મનું ધ્યાન [illegible] અર્થ ચિંતવન કરવુ, તે [illegible] કરવામા આવે કે, સર્વજ્ઞ [illegible] મૃષાવાદી હોતા નથી. રાગ, [illegible] ચિંતવન થાય, તે અપાયધ્યાન [illegible] અપાયો દૂર કરવામા તત્પર થઈ, [illegible] ક્ષણે કર્મના ફળનો વિચિત્ર ઉ[illegible] એ ધ્યાનમાં એમ ચિંતવાય [illegible] વિપત્તિ, તે પાપનું [illegible] નાશના સ્વભાવવાળા લોકની આકૃતિ [illegible] ધ્યાનથી વિવિધ જાતનાં દ્રવ્યની [illegible] થવાથી તેમા રક્ત થએલુ મન [illegible] વાથી ક્ષયોપશમિક વિગેરે ભાવ [illegible] લેશ્યાઓ પણ પ્રાપ્ત થાય [illegible] તરંગિત થાય, ત્યારે ધ્યાતા [illegible] પ્રાપ્ત થાય છે


[illegible] એમ પણ લખે છે કે, નિસર્ગ [illegible] દેવતા થાય છે. તે દેવપણામાં મોટા [illegible] અલંકાર તથા દિવ્ય વસ્ત્રોથી સુશો[illegible] વિશેષ વીર્ય તથા બોધ મેળવી કામ [illegible] સુખને સેવે છે. પોતાની ઇચ્છા પ્રમાણે [illegible] ભોગવતા, તેઓ પોતાના ગત [illegible] પછી તેઓ દેવલોકમાથી ચવીને ઉ[illegible] છે, ત્યા દિવ્ય વંશમા ઉત્પન્ન થઈ, [illegible] પછી વિવેકનો આશ્રય કરી, બધા [illegible] કરી, અવ્યયપદને પ્રાપ્ત થાય છે.

[illegible] જાણવામાં આવ્યુ. હવે શુક્લ [illegible] ને મોક્ષનુ કારણ છે, તેનુજ [illegible] સંઘયણવાળા પૂર્વધારીઓ [illegible] અધિકારી થતા નથી. આ મહા [illegible] વિચાર, એકત્વ શ્રુત વિચાર, સૂક્ષ્મ [illegible] ચાર ભેદ છે. તે અનુક્રમે [illegible]

પોતાના કર્ત્તવ્યમાં પરાયણ થઇ પ્રવર્તવા લાગ્યો. શ્રીગિરિમા રહેલાં માતુશ્રી સૂર્યવતીને મળવાની તેને ઉત્કંઠા થતી, અને પોતાના વિયોગથી માતુશ્રીની શી સ્થિતી થઇ હશે ? તેને માટે અપાર ચિંતા થતી હતી

પ્રકરણ ૫૯ મું.

નિમિત્તિયાનુ બીજું પરાક્રમ.



કુશસ્થલીની બહાર એક સુંદર મેહેલ બનાવવામા આવ્યો હતો, તે મેહેલની રચના ઉત્તમ પ્રકારની કરવામાં આવી હતી, તેનો દેખાવ ઘણો સુંદર હતો, તેના ગોખ, જાળિયા વિગેરેમા નકશીદાર કામ કરવામા આવ્યુ હતું, મેહેલની રચના થોડી મુદ્દતમા તૈયાર થઇ હતી, તથાપિ જાણે લાંબા કાળ સુધી તેનું કામ ચાલ્યુ હોય, તેવો તેનો દેખાવ હતો.

આ મેહેલમા બે પુરૂષો આવ્યા, તેમાથી એક પુરૂષ બોલ્યો—મહારાજા ! મેહેલ ઘણો સુંદર બનાવ્યો છે, તેની કારીગરી અને વિચિત્ર શોભા જોઇ, પ્રેક્ષકને અતિ આનંદ ઉપજે છે. તે સાભળી બીજા પુરૂષે જવાબ આપ્યો, મહાનુભાવ ! તમારા કહેવા પ્રમાણે મેહેલની રચના સારી છે, પણ મને આ મેહેલ જોઇને શંકા આવે છે કે, આવો સુંદર મેહેલ ક્ષણ વારમા શી રીતે બનાવ્યો હશે ? આજથી આઠ દિવસ પહેલા આજ માર્ગે હુ ફરવા નીકળ્યો હતો, ત્યારે અહી કાંઇ પણ ન હતું, આ સ્થળ શૂન્ય દેખાતુ હતું; આજે અહી મેહેલ થઇ ગયો, એ કેવુ આશ્ચર્ય ?

આ પ્રમાણે તે બને પુરૂષો વાતચિત કરતા હતા, ત્યાં અકસ્માત્ અગ્નિનો ભડકો જોવામા આવ્યો. તેની દેદીપ્યમાન જ્વાળાથી તેઓ બને ભયભીત થઇ ગયા તરતજ તે બને પુરૂષોમાથી એક પુરૂષ બીજા પુરૂષનો હાથ ઝાલી નીચે લઇ ગયો, અને એક વિશાળ ભૂમિ ગૃહમા થઇ તેને બીજે માર્ગે પસાર કરી દીધો એકના રક્ષણથી બીજાનુ પણ રક્ષણ થયુ. બને પુરૂષો મૃત્યુના મુખમાથી બચી ગયા.

વાચનાર ! શંકામા મગ્ન થશો નહીં, આ બાબતનુ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે—જ્યારે કુશસ્થલીના પ્રતાપી પ્રતાપસિંહને આપણા વેષધારી નિમિત્તિયાએ ચિતાગ્નિમાથી બચાવ્યો, અને તે આનંદ કુશસ્થલીની પ્રજામા પ્રવર્ત્યો હતો, પણ તેના જય, વિજય, અપરાજિત. અને જયંત એ ચાર કુમારોને તે આનંદ થયો ન હતો, તેઓ ઉલટા વિરોધ

શોકાગ્રસ્ત થયા હતા ત્યારે પ્રતાપ પુનર્જીવન મેળવી પાછો આવ્યો, અને તેની વડદાર પ્રજાએ તેને પ્રેમથી વધાવી લીધો, તે પછી ઉપરથી આનંદ દર્શાવી, તે કપટી કુમારો એકાંતમાં એકઠા થયા હતા તેઓમાંથી એક કુમારે જણાવ્યું કે, બધુઓ ! આપણી ધારણા નિષ્ફળ થઇ છે. પિતા પ્રતાપસિંહને મૃત્યુમાંથી નિમિત્તિયાએ બચાવી લીધો, એટલુંજ નહી, પણ તેણે સૂર્યવતી તથા શ્રીચંદ્ર આઠ દિવસમાં કુશળક્ષેમ પાછા આવશે, એમ પણ જણાવ્યું હવે આપણે શું કરવું ? જો પિતા ચિતાગ્નિમાં નાશ પામ્યા હોત, તો આપણો અર્થ સિદ્ધ થાત ત્યારબાદ કદિ શ્રીચંદ્ર આવત, તોપણ તેનું કાંઇ ચાલત નહી કુશસ્થલીના રાજ્યાસન ઉપર જયકુમારને બેસારી દેત, પણ આપણી એ ધારણા નિષ્ફળ ગઇ હવે શું કરવું ? ત્યારે તેમાંથી એક બીજો કુમાર બોલ્યો, બધુઓ ! મને એક ઉપાય સૂઝી આવ્યો છે આપણે નગરની બહાર એક લાક્ષાપ્રાસાદ—લાખનો મહેલ ઉભો કરીએ [illegible] ...

[illegible]

[illegible]

[illegible]

નારી માતાઓનાં જીવિત કલંકિત છે, તેવાં સંતાનથી માતા પિતાને અધોમુખ થવાનું છે. એટલુજ નહીં, પણ તેના જીવને માટે પશ્ચાતાપના પાત્ર થવાનુ છે.

લાક્ષામહેલ બળી ગયો, અને તેમા રાજા અને નિમિત્તિઓ પણ સાથે બળી ગયા, આ વાતની લોકોમા જાણ થવાથી કુશસ્થલીમાં હાહાકાર થઇ રહ્યો, બાળકથી તે વૃદ્ધ સુધી સર્વ પ્રજાવર્ગ અપાર શોક કરવા લાગ્યો, સર્વના નેત્રમાથી અશ્રુધારા ચાલવા લાગી, લોકોનાં ટોળેટોળાં રાજદ્વાર આગળ એકઠા થવા લાગ્યા મંત્રીઓ, સામંતો અને બીજા હજુરનાં માણુસો આક્રંદ કરી રૂદન કરવા લાગ્યાં, પ્રતાપસિંહના સદ્ગુણોનું સ્મરણ કરી, તેઓના હૃદયને વધારે આઘાત થતો હતો. કપટી હૃદયના જય વિગેરે કુમારો પણ ઉપરથી શોક બતાવતા હતા.

હવે આ તરફ જે રાજા પ્રતાપસિંહ સુરંગ દ્વારથી બીજે સ્થાને કુશળ ક્ષેમ નીકળ્યો હતો, તેના હૃદયમાં " આ શું થયુ ? આ સુરંગા કોણે કરી ? આવો ભયંકર અગ્નિ ક્યાંથી જાગ્યો ? " ઇત્યાદિ અનેક તર્ક વિતર્ક થતા હતા રાજાને ચિંતાતુર જોઇ, નિમિત્તિઓ બોલ્યો, મહારાજા ! ચિંતા કરશો નહી. શુભ કર્મના પરિણામથી આપણે બચી ગયા છીએ. આ બનાવની હકીકત તમારા જાણવામા છે ? નિમિત્તિયાના આવા વચન સાંભળી રાજા પ્રતાપસિંહ સભ્રમથી બોલી ઉઠ્યો, ઉપકારી મહાશય ! કહો, આ શું થયુ ? નિમિત્તિયાએ અંજલી જોડી જણાવ્યું, મહારાજા ! તમારા હૃદયમા જેમને માટે શંકા પણ ન આવે, જેઓને તમે સર્વથા હિતકારી જાણો છો, જેમના તમે પરમ ઉપકારી છો, અને જેઓનો ઉદય, વૈભવ અને સર્વ જાતનાં સુખ તમારાથીજ પ્રાપ્ત થાય છે, તેવા તમારા જય, વિજય, જયંત અને અપરાજિત એ ચાર કુમારોનું આ ચરિત્ર છે. તેમણે રાજ્યલોભને લઇનેજ આ વિપરીત કામ કરેલુ છે તેઓ લોભાંધ થઇ તમારા મહાન્ ઉપકારને ભુલી ગયા છે. રાજેંદ્ર ! તમારો નાશ કરવાને માટે તેમણે તે લાખનો મહેલ કરાવ્યો હતો, તે મહેલમાં તમને મારવાને માટેજ બોલાવ્યા હતા આ તેમનો કુવિચાર પ્રથમથીજ મારા જાણવામાં આવ્યો હતો. મે તમને ચિતાગ્નિમાથી બળતા બચાવ્યા, તેથી તેઓને મારી ઉપર પણ ઇર્ષ્યા થઇ હતી તમારી સાથે મારો પણ ઘાત કરવાની તેમની ધારણા હતી

જોષીના આવા વચન સાભળી પ્રતાપસિંહને રોષ ઉત્પન્ન થયો તેના હૃદયમાં આશ્ચર્ય સાથે અનેક વિચારો થવા લાગ્યા તે ક્રોધાવશથી બોલ્યો, જોષી મહારાજ ! આ કેવો જુલમ ? જેમને હુ પૂર્ણ વાત્સલ્ય ભાવથી રાખુ છુ, તે છતા તેઓ મારી સાથે વૈર બુદ્ધિથી વર્ત્તે, તે કેવી વાત ? આવા પિતૃઘાતી પુત્રોને સહસ્ત્રવાર ધિક્કાર છે, આવા પુત્રો ખરેખર શિક્ષાને પાત્ર છે. મહાશય ! હુ એ દુષ્ટ પુત્રોને પૂર્ણ શિક્ષા કરીશ, તેમને મારા રાજ્યની હદપાર કરીશ, અથવા તેમને શારીરિક શિક્ષા કરી મહાન્ દંડ આપીશ આવા દુર્બુદ્ધિ પુત્રોની પ્રત્યે પિતાએ પુત્રવાત્સલ્ય રાખવુ, તે અનુચિત છે. કદિ આવા કુમતિ પુત્રોનું દૃષ્ટાંત લઇ, બીજા પુત્રો પણ આવા દુરાચરણો કરવા શીખે, તેથી આ પુત્રોને ખરેખરી શિક્ષા આપવી જોઇએ

પ્રતાપસિંહના આવા વચન સાભળી ચતુર જોષી બોલ્યા—મહારાજા ! આપના વચન યથાર્થ છે, તેવા પુત્રો શિક્ષાને લાયક છે, પણ હવે આપણે શુ કરવુ ? તેનો આપ વિચાર કરો મારી ઇચ્છા એવી છે કે, આપ સત્વર નગરમા પધારો, કુશસ્થલીમા હાહાકાર થઇ રહ્યો હશે, આપના મૃત્યુના ખબર જાણી, મત્રી, સામત, અને બીજા રાજસેવકો અતિ શોકમા આવી પડ્યા હશે, કપટી રાજપુત્રો અને તેના માણુસો રાજ્યના પદાર્થોને હાની કરવા માડશે, તેઓ લુટારાની જેમ રાજ્યની રીયાસત લુટી જશે, રાજ્યના મોટા ભડાર અને ખજાનાની ખુવારી કરશે, માટે હવે આપને સત્વર ત્યાં જવુ જોઇએ. જોષીના કહેવા ઉપરથી રાજાએ પોતાના અગરક્ષકોને બોલાવ્યા અંગરક્ષકો રાજાને જોઇ આશ્ચર્ય પામી ગયા, પોતાનો સ્વામી જીવતો છે, એ ખબર જાણી બીજા પણ હજુરી માણુસો આવી એકઠા થઇ ગયા, પરસ્પર એ વાર્ત્તા ચર્ચાણી અને તમામ મત્રીવર્ગને તથા પ્રજાવર્ગને પણ જાણ થઇ ગઇ

જેમ મૃત્યુ પામેલ પુન સજીવન થઇ આવે, તેમ રાજાને જોઇ સર્વના મનમાં અતિ આનદ ઉત્પન્ન થયો કુશસ્થલીની પ્રજા અતિ આનદમાં આવી ગઇ; તે આશ્ચર્ય પામી પોતાના મહારાજાનાં દર્શન કરવાને ઉમગથી ચાલી નીકળી, આખા નગરમા એ વાતનીજ ચર્ચા થઇ પડી. આ પ્રસગનો હર્ષ બતાવવાને જય વિગેરે કપટી કુમારો રાજાની સામે આવવા તૈયાર થયા પોતાની ધારણા સફળ ન થઇ, તેને માટે તેઓને હૃદયમા અપાર શોક થયો

સર્વ સમાજ મહારાજાને સામે મળ્યો, અને તેઓ તેમને જોઇ, નેત્રમા પરમ તૃપ્તિ પ્રાપ્ત કરી, ચરણમા નમી પડ્યા પ્રજાની ઉત્તમ ભક્તિ જોઇ મહારાજાની મનોવૃત્તિમા પરમ આનંદ ઉત્પન્ન થયો પ્રજાવર્ગ, મત્રિવર્ગ, અને સામતવર્ગના મોટા સમાજ સાથે પ્રતાપસિહ પોતાના દરબારમાં આવ્યો સભામડપમા આવી, તેણે સર્વની વચ્ચે પોતાના ચાર કુમારોને બોલાવ્યા તે વખતે રાજાની મુખમુદ્રા ઉપર ક્રોધના અકુરો સ્ફુરતા હતા, નેત્રો રક્તતાને ધારણ કરતા હતા, અને હોઠ કપતા હતા. આવો ક્રોધ દર્શાવી, પ્રતાપે ગર્જનાથી કહ્યું દુષ્ટ પુત્રો ! તમને ધિક્કાર છે, તમે મારી તરફ જે વર્ત્તણુક ચલાવી છે તે મારા જાણવામા આવી છે મારો ઘાત કરવાને માટેજ તમે લાક્ષામહેલ કર્યો હતો આ ઉપકારી જોષી મહારાજ ન હોત તો, અગ્નિની ભયકર જ્વાલામા મારૂ અપમૃત્યુ થાત દુષ્ટો ! હુ મૃત્યુથી ડરતો નથી, પણ તમારા આવાં દુષ્ટ કાર્યને માટેજ મને તમારી તરફ તિરસ્કાર આવ્યો છે તમારા જેવા કુળાગાર અને પિતૃઘાતી પુત્રોને મોટી શિક્ષા થવી જોઇએ, તમારા જેવા દુરાચારી પુત્રોનુ જીવન જગતમાં નકામુ છે, તમને દેહાત શિક્ષા આપવી જોઇએ, પણ આ જોષીરાજના વચનથી અને દયા ધર્મના અવલબનથી હું તમને ભયકર શિક્ષા કરતો નથી, પણ જાઓ મારાથી વિમુખ થાઓ, અને કાષ્ટના પાજરામા મારી બીજી આજ્ઞા થાય, ત્યા સુધી પડ્યા રહો આ પ્રમાણે કહી રાજાએ સેનાપતિને આજ્ઞા કરી, એટલે તે ચારેને કાષ્ટના પાજરામા પુરી દીધા

રાજા પ્રતાપસિંહ શાંત થયો, એટલે મંત્રીઓએ આવી તેમને તખ્ત ઉપર બેસારી પુન. માંગલ્ય કર્યું, તેની બન્ને બાજુ ચામર વીંઝાવા લાગ્યા, અને પૂર્ણચંદ્રના જેવું ઉજ્વલ છત્ર મસ્તકપર ધારણ કરવામાં આવ્યું તે વખતે હૃદયમા પ્રસન્ન થએલા પ્રતાપસિંહે પોતાના ઉપકારી નિમિત્તિયાને પોતાના તખ્તની પાસે અતિ આગ્રહ કરી બેસાર્યો. લોકોએ હર્ષના નાદ કર્યા, સર્વત્ર આનંદ મંગળ વર્તાઇ રહ્યો

સર્વ સમાજ શાંત પડયા પછી પ્રતાપસિંહે આના કરી, અમૂલ્ય રત્નો અને મહામૂલ્ય વસ્રોથી ભરેલા થાળ મંગાવ્યા, તરતજ તે હાજર કરવામા આવ્યા મહારાજાએ ઉભા થઇ, તે થાળ જોષી મહારાજની આગળ ધર્યા જેના હૃદયમા દ્રવ્યની સ્પૃહા નથી, એવા નિમિત્તિઆએ ઉભા થઇને કહ્યું, મહારાજા ! આ શું કરો છો ? આવો વિવેક કરવાનું કાંઇ કારણ નથી મે આપને પ્રથમથીજ કહ્યું છે કે, મારે કોઇ જાતની લાલસા નથી. બીજાનો ઉપકાર કરી તેનો બદલો લેવો, એવી અધમ પદ્ધતિ મને પસંદ નથી, તેને માટે નીચેની કહેવત મેં યાદ રાખી છે.—

" કરિ ઉપકારને ઇચ્છે, તસ ઉપકારડો;
તે તો ન સંત કહાય, હોય લોભીજડો,
વળી કરી યોગનો દંભ, હોય જો લોભીઓ;
તે તો ધર્મ પિશાચ, મોહાદિકે થોભિયો " ૧

મહારાજા ! આ કહેવત મારા હૃદયમાં સતત રહ્યા કરે છે. કોઇ જાતની સ્પૃહા રાખ્યા વિના પરોપકાર કરવો, એજ ખરો પરોપકાર છે, અને મારા જીવનમા એવોજ પરોપકાર કરવાની મેં પ્રતિજ્ઞા કરી છે. જોષીના આવાં વચન સાંભળી પ્રતાપસિંહ હૃદયમાં આનંદ પામ્યો, તેણે આનંદના આવેશમા જણાવ્યું, મહાનુભાવ ! તમારા વિચાર પવિત્ર છે, મહાત્માઓની એ સુંદર પ્રકૃતિ છે પ્રત્યુપકારની આશા રાખ્યા વિનાજ મહાત્માઓ ઉપકાર કરે છે, તથાપિ મને સંતોષ આપવાને મારા તરફથી કાંઇક ભેટ સ્વિકારો, તો વધારે સારૂં. આપનો મારી ઉપર મહાન્ ઉપકાર છે, આપે બે એ વાર મને છવિતદાન આપ્યુ છે, ધર્મ સાધનમાં ઉપયોગી એવા મારા માનવ જીવનને મોટા ધતમાથી બચાવ્યુ છે, તેનો બદલો ગમે તેટલો આપુ, તોપણ મારાથી વળે તેમ નથી હવે કૃપા કરી જે કાંઇ હું આપું છુ તે સ્વીકારો, અને મારા અર્ધા રાજ્યના સ્વામી થાઓ, મને કાંઇ પણ આપના ઋણમાંથી મુક્ત કરો મહા પુરૂષોનો પ્રત્યુપકાર કોઇનાથી થઇ શકતો નથી આપના જેવા પરોપકારી પુરૂષોથીજ આ પૃથ્વી બહુરત્ના છે. સ્વાર્થી અને દુષ્ટ પ્રાણીઓને વહન કરી, ભારવતી થયેલી ભારતભૂમિ આપ જેવા મહાનુભાવને વહન કરવાથી આશ્વાસન મેળવે છે.

આ પ્રમાણે રાજા પ્રતાપ, અને જોષી વચ્ચે વાર્તાલાપ થતો હતો, ત્યાં અકસ્માત છડીદારે આવી ખબર આપ્યા કે, કોઇ પુરૂષ સાંઢ ઉપર બેસીને આવ્યો છે, અને

તે સત્વર આપને મળવા ઇચ્છે છે રાજાએ પ્રવેશ કરાવવાની આજ્ઞા આપી, એટલે દ્વારપાળ તેને અદર લઇ ગયો. આ પુરૂષ ઉપર નિમિત્તિઆની દ્રષ્ટિ પડી, તુરત તેણે તેને ઓળખી લીધો આવનાર પુરૂષ જોષીના મૂળ સ્વરૂપને ઓળખી શકયો નહી

તે પુરૂષે આવી પ્રણામ કરી પ્રતાપના હાથમા એક પત્ર આપ્યો રાજાએ પત્ર હાથમા લઇ તેને પુછ્યુ, કયાંથી આવો છો ? તે આનદપૂર્વક બોલ્યો—મહારાજા ! આપના પુત્ર શ્રીચદ્ર રાજાનો હુ બુદ્ધિસાગર નામે મત્રી છુ, તેઓ મારી ઉપર સારી કૃપા રાખે છે, આપને ખબર આપવાને મને મોકલ્યો છે. રાણી સૂર્યવતી તેમની સાથે છે. માતા અને પુત્ર ક્ષેમ કુશળ છે, તેમના મિત્ર ગુણચંદ્ર પણ તેમની સાથે છે ગિરિનિવાસમા તેમનુ નીતિ રાજ્ય પ્રવર્ત્તે છે, તેમના સદ્ગુણો તે સ્થળમા બધે પ્રસરી ગયા છે, તેથી કરીને તેમની ચદ્રના જેવી ઉજ્વળ કીર્ત્તિ ચોતરફ પ્રવર્તી છે, તેમના યશોગાનને વિદ્વાન કવિઓ ઉંચે સ્વરે ગાય છે મહારાજા ! તે તમારા પુત્રની પ્રેરણાથી હુ ત્યાથી અહી આવ્યો છુ એ શ્રીચદ્ર રાજાના તાબામા કનકપુર નામે એક બીજું નગર છે, તે નગરમાં શ્રીચદ્ર રાજાની આજ્ઞાથી લક્ષ્મણ નામે એક મંત્રી રહે છે, તેને મળવાની મને તેમના તરફથી ભળામણ થઇ હતી, તેથી તેને મળીને આજે હું અહિ આવ્યો છુ. પછી તે કનકપુરના રાજ્યને શ્રીચદ્રે કેવી રીતે મેળવ્યુ, અને ત્યા બે કન્યાનુ શ્રીચદ્રે, અને એક કન્યાનું ગુણચદ્રે કેવી રીતે પાણિગ્રહણ કર્યું, એ બધો વૃત્તાત બુદ્ધિસાગરે પ્રતાપસિહને સવિસ્તર જણાવ્યો

પછી પ્રતાપસિહે શ્રીચંદ્રનો પત્ર વાચ્યો આ ખબર કુશસ્થળીમા પ્રસરી ગઇ સર્વ પ્રજા આનંદ મગ્ન થઇ ગઇ મહારાજા પ્રતાપે તે ખુશાલીમાં યાચકોને અગણિત દાન આપ્યા, જૈન મદિરોમા પૂજા ભણાવવામા આવી, વિદ્વાન્ મુનિઓને પ્રતિલાભિત કરવા પ્રયત્ન કરવા માડયા, મોટા મોટા આડબરથી ધાર્મિક વાત્સલ્ય કરવામા આવ્યા, દિન તથા દુખી જનનો ઉદ્ધાર કરવા માડયો. કારાગૃહમાથી બદીવાનોને છોડી મુકયા, અવાચક પ્રાણીઓને છુટા મુકી તૃપ્ત કરાવવા માડયા, કુશસ્થળીમા ઘેર ઘેર આનદ મગળ વર્ત્તાઇ રહ્યો લોકોએ મોટો ઉત્સાહ દર્શાવી, અનેક જાતના ઉત્સવો કર્યા મહારાજાના દરબારમાં ઉપરાઉપર વધામણીઓ આવવા લાગી. ચારણ, ભાટો, રસાલકારવાળાં કવિત બોલી, મોટા મોટા ઇનામો મેળવવા લાગ્યા પ્રત્યેક ચકલે અને શેરીએ લોકોનાં વૃદ એકઠા થઇ, મહારાજાની આગળ હર્ષ બતાવવા લાગ્યા કુશસ્થળીમા આ બનાવ અદ્ભુત હતો મહારાજાના પુનર્જિવનથી પણ તે વધારે હતો ઘણો કાળ થયા શ્રીચદ્રરૂપ ચંદ્રના દર્શન કરવાને ચકોરની ચેષ્ટા કરતી, કુશસ્થળીની પ્રજાને એવો આનદ થાય, તેમાં શુ આશ્ચર્ય ? શ્રીચંદ્ર જેવા રાજકુમારને કઇ પ્રજા ન ચાહે ? કોણ તેના દર્શનથી તૃપ્ત ન થાય ? તે મહાનુભાવ કુમારે બાલ્ય વયથીજ સારા ગુણો ધારણ કરેલા છે, તેનામા ધાર્મિકતા ઉત્તમ પ્રકારની છે, અને તે ખરેખરો દયા ધર્મનો ઉપાસક છે, આથી તેનું શુદ્ધ પ્રવર્ત્તન સર્વને વશીકરણરૂપ થાય, તેમા શુ આશ્ચર્ય ?

પ્રકરણ ૬૦ મું.

મોહિનીનો મેળાપ.



આરે તરફ ધુંબારવ થઇ રહ્યો છે, લોકો આમતેમ દોડાદોડ કરી રહ્યા છે, ' પકડો ' ' મારો ' એવા શબ્દો ચોતરફ સંભળાય છે, પ્રચંડ પવનથી જેમ સમુદ્ર ક્ષોભ પામે, તેમ આખુ નગરક્ષોભ પામી ખળભળી રહ્યુ છે, વૃદ્ધો પોતાની અશક્તિની નિંદા કરતા અને ક્ષણે ક્ષણે અથડાઇ પડતા દેખવામાં આવતા હતા, બાળકો વેગથી દોડાદોડ કરી પોતાના આશ્રય તરફ રવાના થતા હતા, માતાઓ પોતાના શિશુઓને સંભાળી લેવા શેરીએ શેરીએ ભયભીત થઇ ભમતી હતી, પતિવ્રતાઓ બહાર ગએલા પોતાના પતિઓને માટે ચિંતાતુર થઇ, દ્વાર આગળ ચકિત દૃષ્ટિએ અવલોકતી હતી, પાઠશાળામાં ગયેલાં બાળકોની કુશળતાને માટે માતાપિતાને અપાર ચિંતા થઇ પડી હતી, પિતા પુત્રને અને પુત્ર પિતાને શોધતા હતા, ગૃહદ્વારને બંધ કરવામાં લોકો એકતાને લાગ્યાં હતાં, સર્વને આશ્રય લેવાની અકસ્માત્ જરૂર પડતી હતી, જે જ્યાં આવી ચડયું, તે ત્યાંજ ભરાઇ રહ્યુ હતુ.

જ્યારે એક તરફ લોકોની દોડાદોડ થતી હતી, ત્યારે બીજી તરફ રાજાના સેવકોની અને સૈનિકોની દોડાદોડ થઇ રહી હતી કોઇ શસ્ત્રો લઈ, કોઇ સાંકળો લઇ, કોઇ શંઢવા લઇ, કોઇ ચીપીયા લઇ, કોઇ સાણસા લઇ, કોઇ વીછીના આકાર જેવા સાધનો લઇ, અને કોઇ મોટાં ભાલાઓ લઇ, આમતેમ ભમતા હતા કોઇ ઘોડેસ્વાર થઇ, અને કોઇ ઉટપર આરૂઢ થઈ હોકારા કરતા દોડતા હતા, કોઇ પોતાનુ શૌર્ય દર્શાવવા, કોઇ પોતાની હિમ્મત બતાવવા, કોઇ પોતાનુ અતુલ પરાક્રમ દેખાડવા, કોઇ મહાન્ શક્તિ બતાવવા, કોઇ રાજભક્તિ દર્શાવવા, અને કોઇ પ્રજા પ્રેમ પ્રગટ કરવા આગળ પડી દોડતા હતા તેમની દોડાદોડીથી પૃથ્વી ઉપરની રજ ઉડતી હતી, આકાશમાર્ગ ધૂમ્રવર્ણો થઇ ગયો હતો. આ વખતે મહારાજા પ્રતાપસિંહ, કે જે પોતાના કુમાર શ્રીચંદ્રના શુભ સમાચાર જાણી અતિ અનંદમા હતો, અને એ ખબર લાવનાર મંત્રિ બુદ્ધિસાગરને અમૂલ્ય પોષાક આપી, પોતાની કૃતજ્ઞતા દર્શાવતો હતો; તેની પાસે આવી એક સેવકે પ્રણામ કરી ખબર આપ્યા, મહારાજા ! આપણી ગજશાળામાંથી **જયકળશ** નામે હાથી તોફાનમા આવ્યો છે, તે પોતાનો બાંધવાનો ખીલો ઉખેડી, અને મહાવતોને પાડી, ઉન્મત્ત થઇ ગામમાં ફરવા નીકળ્યો છે. જે કોઇ સામું આવે, તેની ઉપર મારવા ધસી પડે છે; ક્ષણ વારમાં તો તેણે અનેક પ્રકારની રંજાડ કરી મુકી છે કેટલાએક ઘરનાં છાપરાં અને મેહેલાતોને તે ભાંગતો જાય છે, મોટી ભયંકર ગર્જનાથી લોકોને ભયભીત કરી દે છે, આથી કુશસ્થળીમા હાહાકાર થઇ રહ્યો છે, લોકોમા ભારે ત્રાસ વર્ત્તાઇ રહ્યો છે, અનેક સૈનિકો, ચતુર મહાવતો, અને ઘોડેસ્વારના ઉસ્તાદો તેની પુઠે પડયા છે, તથાપિ તેનો જરા પણ પરાભવ થઇ શકતો નથી. તે

મોટી દોટ કરી સર્વને નસાડી મુકે છે, તેની આગળ જવાને કોઇની પણ હિમ્મત ચાલતી નથી આ ભયકર ઉત્પાતથી બધી કુશસ્થલીની પ્રજા કપી ચાલી છે સર્વને જીવિતને માટે સશય થઇ પડયો છે, આપ સહાય કરી સર્વનુ રક્ષણ કરો

આ પ્રમાણે તે સેવકે ખબર આપ્યા, ત્યા કોઇ બીજો સેવક દોડતો આવ્યો. સ્વામી ! સાવધાન રહો, તે ઉન્મત્ત હાથી આપણા દરબારમાં આવે છે. તે સાભળતાજ પ્રતાપસિહ બેઠો થયો. તેણે મહેલના દ્વાર આગળ જોયુ, ત્યાં મદથી ભરેલો, પોતાની સુઢને આમતેમ ઉછાળતો, ધુરી કરી ઉછળતો, પોતાના દતુશળથી પૃથ્વીને ખોદતો, રાતાં નેત્રોથી ચારે તરફ અવલોકતો અને પોતાના પગને ઉંચા કરી કુદતો, તે ગજેદ્ર રાજાના જોવામા આવ્યો. તેની ભયકર મૂર્ત્તિ જોઇ, પ્રતાપના હૃદયમા જરા ભય ઉત્પન્ન થયો, તેવામા તો તે હાથી રાજાની નજીક આવી પહોચ્યો. તેનો ઉગ્ર દેખાવ જોઇ, રાજા પોતાના જીવિતની શકા રાખવા લાગ્યો. તેના હૃદયમા વિચાર થયો કે, “ આ ભયંકર ગજેદ્ર અવસ્ય મારો સંહાર કરશે. તેની પ્રચડ શક્તિ અત્યારે વિશ્વનો પ્રલય કરે તેવી છે, તેના દાતનો આઘાત જ્યારે પૃથ્વી ઉપર થાય છે, ત્યારે પૃથ્વી કપાયમાન થાય છે. ” આ પ્રમાણે રાજા ભય સહિત મૃત્યુની ચિતા કરતો હતો, ત્યા અકસ્માત્ તે પરાક્રમી નિમિત્તિયો ગજેંદ્રની સામે ચાલ્યો સિહની જેમ તલપ મારી, તે હાથીના સ્કધ ઉપર ચડી ગયો. રાજા તેને દુરથી અટકાવતો રહ્યો. ગજશિક્ષામા ચતુર એવો શ્રીચંદ્ર પોતાના પરાક્રમથી અને બળના પ્રભાવથી ગજેદ્રને ખૂબ દમન કરવા લાગ્યો, દમન કરવાની ચતુરાઇથી તે હાથીને નગરની બહાર લાવ્યો. ઉન્મત્ત અને પ્રબળતાથી વધેલો ગજેદ્ર તેની પ્રેરણાને વશ થઇ ગયો. ક્ષણવાર ગજેદ્ર પોતાનુ પ્રૌઢ બળ દર્શાવવા જતો, પણ જોષીરૂપ રાજકુમારની સામર્થ્ય ભરેલી કળા આગળ તેનું કાંઇ પણ ચાલતુ નહીં. નગરની બહાર નીકળી ગજેદ્રને રાજકુમાર દૂર ખેચી ગયો. કેટલેક દૂર જતા તે મદોન્મત્ત હાથી તદ્દન શિથિળ થઇ ગયો, તેનાં સર્વ અગ અતિ નમ્ર થઇ ગયાં, તેની ઉપર શ્રીચદ્રની સર્વ સત્તા પ્રવર્ત્તવા લાગી, આગળ જતાં એક ઘાટા વૃક્ષોથી ભરપૂર અને શિકારી પ્રાણીઓના નિવાસથી ભયકર એવી અટવી આવી, તેમાં એક ઉંચો પર્વત અને તેની તળેટીમાં એક સરોવર જોવામા આવ્યુ. સરોવરની અદર ભ્રમરાઓના ગુજારવથી શબ્દાયમાન કમળવન આવેલું હતુ, બને તટ ઉપર શ્વેત હસોની શ્રેણી જાણે રૂપાની કટીમેખળા હોય, તેમ ચાલતી હતી. આ સુદર દેખાવ જોઇ, જોષીએ તે સ્થળે વશીભૂત થયેલા ગજેંદ્રને ઉભો રાખ્યો. પોતે તેના સ્કધ ઉપરથી ઉતરી પડયો. પછી નિમિત્તિયાનો વેષ ફેરવી, પોતે સ્વાભાવિક વેષે થઇ ગયો, ખરેખર શ્રીચદ્ર બની ગયો. તે સુદર સરોવરમાં સ્નાનપાન કરી, કુમારે ગજેંદ્રને તેના નામથી બોલાવ્યો. ગજેદ્રે પોતાના પૂર્વ પરિચિત રાજકુમારને ઓળખી લીધો. વાહ્ય અને વાહક ભાવથી પવિત્ર એવો સ્વામી—સેવક ભાવ પ્રગટ થયો. ગજેદ્ર જાણે પોતાના અપરાધની ક્ષમા માગતો હોય, તેમ સુઢ નમાવી, તેની આગળ વિનયથી ઉભો રહ્યો.

આ વખતે એક બીજો બનાવ બન્યો. તે અટવીમા ભીલ લોકોનો મોટો સમૂહ રહેતો હતો. તે ભીલો અટવીનાં ફળફુલથી અને લુટના દ્રવ્યથી જીવનનો નિર્વાહ કરતા હતા. તેઓની ઉત્તમમાં ઉત્તમ સમૃદ્ધિ વનભૂમિ હતી, વનની રમણીયતામાજ તેઓ વિલાસ સુખ ભોગવતા હતા, અરણ્યની અવનીમાં તેમનુ સામ્રાજ્ય હતુ, વનના કુદરતી ભોગના તેઓ ઉત્તમ ભોગી હતા, તે ભીલના રાજાએ આ ગજેદ્રને સરોવરના તીર ઉપર ફરતો જોયો. ગજેંદ્રનો દેખાવ, તેનાં લક્ષણો અને તેનુ સૌંદર્ય જોઇ, શબરપતિને મોહ થયો. પોતાના વનરાજ્યમાં આવું પ્રાણી સપાદિત થાય, તેને માટે તેને પ્રબળ ઇચ્છા થઇ તત્કાળ તે ભીલ લોકોનુ મોટુ સૈન્ય લઇ, તે ગજેદ્રને લેવા આવ્યો. ગજેદ્ર ચમત્કારી હતો, તેનામાં હેય ઉપાદેયનું જ્ઞાન હતું, આથી તે ભીલની સામે થયો સર્વ ભીલો એકઠા થઇ ગજેદ્રની ઉપર ધસી આવ્યા, એટલે રાજકુમાર યુદ્ધ કરવાને સજ્જ થયો. ભીલ લોકોના સૈનિકો તેના ઉપર તુટી પડ્યા, પણ મોટા પરાક્રમથી શ્રીચદ્રે તેમનો પરાભવ કરવા માડ્યો. તે બાહુબળી કુમાર એકલાએ ભીલોના પ્રચડ સૈન્યને ક્ષણમા પરાસ્ત કરી દીધું. સિંહની આગળ જેમ શિયાળીયાં નાશી જાય, તેમ તેની આગળ ભીલ લોકો નાશી ગયા. તેના અદ્ભૂત પરાક્રમે સર્વ વનવાસીઓને ચકિત કરી દીધા. પરાજિત થયેલા ભીલડા તેના વીર્યને વખાણતા પોતપોતાને સ્થાને ચાલ્યા ગયા.

કુમાર શ્રીચંદ્ર ભીલ લોકોને હરાવી, વિશ્રામ લેવાને એક વૃક્ષ નીચે જરા વાર બેઠો, ત્યા ભીલડીઓનુ એક વૃદ તેની પાસે આવ્યુ કિરાત સ્ત્રીઓએ વિચાર્યું હતુ કે, " આપણા બળવાન્ ભીલોને ક્ષણમાં હરાવનાર કોણ વીર છે ? તે દર્શનીય વીરનું આપણે અવલોકન કરીએ." આવી ધારણાથી સર્વ કિરાતીઓ જ્યાં શ્રીચંદ્ર વૃક્ષ નીચે બેઠો હતો, ત્યાં આવી હતી આ કિરાતીઓના વૃદમાં ભીલોના રાજાની **મોહિની** નામે એક કન્યા આવી હતી, તે ભીલકન્યા છતાં તેનામાં યૌવનવયના વકાશથી સારૂ સૌદર્ય દેખાતુ હતુ, વનવાસિની છતાં તે નાગરી નવવધૂના ચાતુર્યને ધારણ કરતી હતી. આ કિરાત કન્યા શ્રીચંદ્રને જોઇ મોહિત થઇ ગઇ. તે પ્રભાવિક વીરની સુદર આકૃતિએ કિરાતબાળા કામને વશ થઇ ગઇ શ્રીચદ્રના અલૌકિક સૌન્દર્યે તેને દૃઢ રીતે આકર્ષી, અને પરાધીન કરી દીધી. તેના અંતરંગમા શ્રીચંદ્રને તેણે સ્થાપિત કર્યો, અને તેની સાથે પવિત્ર પ્રેમનુ બધન કરવાનો સકલ્પ કર્યો.

કિરાતીઓ રાજકુમારને નિરખી સાનદાશ્ચર્ય થઇ પાછી ફરી. બીજી કિરાતીઓ માનસરૂપ આસન ઉપર શ્રીચદ્રને અવકાશ આપી, પોતપોતાના કાર્યમાં પ્રવર્ત્તી, પણ એકલી મોહિની શ્રીચંદ્રની મોહિની થઇ ગઇ, અને તે શ્રીચદ્રને પ્રેમાલયનો મનથી પતિ બનાવી મનમગ્ન થતી પોતાના પિતાની પાસે આવી. ભીલબાળા જરા લજ્જા ધરતી પિતા પ્રત્યે બોલી—પિતાજી ! તમને અને તમારા સૈન્યને પરાભવ કરનાર તે વીર પુરૂષને હું હૃદયથી વરી ચુકી છુ, આ ભવમા એ કુમારજ મારા પતિ છે, બીજા પુરૂષને હું પતિપદ આપવાને ઇચ્છતી નથી. મોહિનીના આવાં મોહિત વચન સાભળી, કિરાતપતિ વિચારમાં

શ્રીચંદ્ર મૃદુવાણીથી આર્દ્ર થઇ બોલ્યો—મારા પ્રેમી પ્રાણી ! તમારૂ અહી અચાનક દર્શન થવાથી મને અતિ આનંદ ઉપજે છે, ઘણે દિવસે તમારો સયોગ મારા પૂર્વના વિયોગને વિસરાવે છે. મારા પ્રિય વાહનો ! તમારા વિયોગનુ કારણ હુ પોતેજ છું. મારો ઉદારતાનો ગુણ તમોને દોષરૂપ થઇ પડ્યો છે, તેને માટે ક્ષમા કરજો તમારી પૂર્વની સેવાનુ સ્મરણ મને સતત રહેતું હતુ, તે સ્મરણનો શ્રમ આજે સફળ થયો છે. વ્હાલા વાજી ! હવે આપણા સયોગ વિયોગનું કારણ ન થાય, તેવી મારી ઇચ્છા છે. મારાં પૂર્વના સત્કર્મે જે તમારો સંયોગ, અને વિયોગ કરાવ્યો હતો, તેણેજ પાછો પુન. સંયોગ કરાવ્યો છે, તે ખાતે મને પૂર્ણ સતોષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે કહી શ્રીચદ્રે અશ્વોને આલિગન આપ્યું.

પ્રિય વાચકવૃદ ! તમે તમારી બુદ્ધિના પ્રભાવથી જાણ્યુ તો હશે, તથાપિ ન જણાયું હોય, તો પુનઃ સ્મરણ કરો વાયુવેગ, અને મહાવેગ નામના અશ્વથી યુક્ત એવો આ શ્રીચદ્રનો પૂર્વનો **સુવેગ** રથ હતો. એ દિવ્ય રથ તેને કેવી રીતે પ્રાપ્ત થયેલો ? અને તેનામાં કેવું સામર્થ્ય છે, તે તમારા જાણવામાં છે. પોતે ઉદારતાના મહાન્ ગુણથી એ રથ એક ઉત્તમ કવિને ભેટ આપ્યો હતો, તે પણ તમે જાણો છો આ રથની ઉદાર-તાજ શ્રીચંદ્રને મોટી મુસાફરી કરવાનું કારણ થયુ હતુ, એ રથ તેને કર્મના ચમત્કારી યોગે અહીં પ્રાપ્ત થયો છે. દરેક વસ્તુનો સંયોગ, અને વિયોગ કર્મની મહાન્ સત્તાને આ-ધીન છે. કર્મની સૂક્ષ્મ પ્રકૃતિઓની આગળ વિશ્વના બધા પદાર્થો રાંક છે. કયાં શ્રીચદ્રનું આ અરણ્યમાં જોગીરૂપ બદલાવી આવવું ! કયાં મદોન્મત્ત હાથીનો યોગ થવો ! કયાં ભિલ લોકોનું યુદ્ધ ! કયા ભિલ્લ કન્યા મોહિનીનો મેળાપ ! અને કયા સુવેગ રથનો અ-ચાનક લાભ ! આ દેખાવ જોઇ ભિલ્લ લોકો આશ્ચર્ય પામતા હતા. તે વખતે શ્રીચદ્રે કહ્યુ, કિરાતરાજ ! કહો, આ ઉત્તમ રથ તમને કયાથી પ્રાપ્ત થયો ? તે અદ્ભુત વાર્ત્તા જાણવાની મારી પૂર્ણ ઇચ્છા છે. કિરાતરાજા બોલ્યો–મહારાજ ! આપ મારા પૂર્ણ સંબધી થયા છો, હવે આપની આગળ જે યથાર્થ હોય, તે કહેવામાં કાઇ પણ શકા નથી. રાજેદ્ર ! અહીથી થોડે દૂર કુંડલપુર નગર છે, તે નગરના રાજાના તાબા નીચે અમે આ અરણ્યમાં રહીએ છીએ, ચોરી કરવાની અમારી આજીવિકા છે. જે કોઇ માર્ગે પ્ર-સાર થતું હોય, તેને લુટી તે દ્રવ્યથી અમારો નિર્વાહ ચાલે છે કુડલપુર પતિને જ્યારે યુદ્ધનો પ્રસગ આવે, ત્યારે અમે તેમને સહાય કરવા જઇએ છીએ. એક વખતે આ માર્ગે ગાયકોનું વૃંદ જતુ હતુ, તેઓની આગળ આ રથ હતો. અમો તેમને લુટીને આ રથ લાવ્યા છીએ. અમારા ત્રાસથી તે ગાયકો જીવ લઇને નાસી ગયા, ત્યારથી આ અંશ્વ સહિત રથ અમારા તાબામાં આવી ગયો. તે રથ આજે શુભ પ્રસગે તમને ભેટ કરવામાં આવ્યો છે. રાજકુમાર ! એક બીજી વિચિત્ર વાત એ છે કે, જયારથી અમે આ રથ અમારા તાબામાં લાવ્યા છીએ, ત્યારથી આ રથના ઘોડા દુર્બળ થતા જાય છે, દુઃખથી નિશ્વાસ મુકે છે, તેમના નેત્રમાથી અહોરાત્ર નિર ધારા ચાલે છે, આજે તમારા

મહાભારતમા વળી લખે છે—

यूकामत्कुणदंशादीन् ये सदा ज्ञानिनस्तथा ।
पुत्रवत्परिरक्षंति ते नराः स्वर्गगामिनः ॥ १ ॥
आतपादौ च येघ्नन्ति ते वै नरकगामिनः ।
जीवानां सर्वथा कार्या रक्षा चैवापराधिनाम् ॥ २ ॥

જે જ્ઞાની પુરૂષો જુ, માકડ, અને ડાંસ વિગેરેની પુત્રની જેમ રક્ષા કરે, તે પુરૂષો સ્વર્ગે જાય છે. જેઓ જું, માકડને તડકા વિગેરેમા મારે છે, તેઓ પણ અવશ્ય નરકે જાય છે અપરાધી જીવોની પણ સર્વદા રક્ષા કરવી

જીવોની રક્ષાને માટે પાણી ગળવાની યતના રાખવી જોઇએ, અને તેને માટે પુરાણોમાં નીચે પ્રમાણે કહેલુ છે.—

विंशत्यंगुलमानं तु त्रिंशदंगुलमायतौ ।
तद्वस्त्रंद्विगुणी कृत्य गालयित्वा पिबेज्जलम् ॥ १ ॥
तस्मिन् वस्त्रस्थितान् जीवान् स्थापये ज्जलमध्यतः
एवं कृत्वा पिबेत्तोयं स याति परमांगतिम् ॥ २ ॥
दृष्टिपूतं न्यसेत्पादं वस्त्रपूतं पिबेज्जलम् ।
सत्यपूतं वदेद्वाक्यं मनःपूतं समाचरेत् ॥ ३ ॥
सप्तग्रामेण यत्पापं अग्निना भस्मसात्कृतम् ।
तत्पापं जायते तस्य मधुबिंदुप्रभक्षणात् ॥ ४ ॥

વીશ આગળ પહોળુ, અને ત્રીશ આગળ લાબુ વસ્ત્ર લઇ, તેને બેવડું કરી, તેવડે ગાળીને પાણી પીવુ તે ગરણામા રહેલા જીવને જળની અદર પરઠવવા આ પ્રમાણે કરીને જે જળપાન કરે, તે પરમ ગતિને પ્રાપ્ત થાય છે દ્રષ્ટિથી પવિત્ર કરી પગ મુકવો, વસ્ત્રથી પવિત્ર [ગળેલુ] પાણી પીવુ, સત્યથી પવિત્ર વાણી બોલવી, અને મનની પવિત્રતાથી પ્રવર્ત્તવુ સાત ગામને અગ્નિ લગાડી બાળવાથી જે પાપ થાય, તેટલુ પાપ મધનુ એક બિદુ ખાવાથી થાય છે

વિષ્ણુપુરાણમાં લખે છે કે—

" ग्रामाणां सप्तके दग्धे यत्पापं जायते किल ।
तत्पापं जायते पार्थ जलस्यागलिते सति ॥ १ ॥
संवत्सरेण यत्पापं कैवर्त्तस्यैव जायते ।
एकाहेन तदाप्नोति अपूतजलसंग्रही ॥ २ ॥
यः कुर्यात्सर्वकर्माणि वस्त्रपूतेन वारिणा ।
स मुनिः स महासाधुः स योगी स महाव्रतः ३ ॥ "

હે અર્જુન ! સાત ગામ બાળવાથી જે પાપ થાય, તે પાપ ગળ્યા વિના જળ પીનારને લાગે છે. ઢીમરને એક વર્ષમાં જેટલું પાપ લાગે, તેટલું પાપ ગળ્યા વિના જળ પીનારને લાગે છે, ગળેલા જળથીજ બધાં કાર્યો કરે છે, તેજ ખરો મુનિ, ખરો સાધુ, ખરો યોગી અને ખરો મહાવ્રતધારી છે.

ઇતિહાસ પુરાણમાં અહિંસાને માટે નીચે પ્રમાણે લખે છેઃ—

" अहिंसा परमं ध्यानं अहिंसा परमं तपः ।
अहिंसा परमं ज्ञानं अहिंसा परमं सुखम् ॥ १ ॥
अहिंसा परमं दानं अहिंसा परमो दमः ।
अहिंसा परमो यज्ञो अहिंसा परमं शुभम् ॥ २ ॥
तमेव ह्युत्तमं धर्मं अहिंसा धर्मलक्षणम् ।
ये चरंति महात्मानो विष्णुलोकं व्रजंति ते ॥ ३ ॥

અહિંસા એ પરમ ધ્યાન છે, અહિંસા પરમ તપ છે, અહિંસા પરમ જ્ઞાન છે, અહિંસા પરમ સુખ છે, અહિંસા પરમ દાન છે, અહિંસા પરમ દમ છે, અહિંસા પરમ યજ્ઞ છે, અને અહિંસા પરમ શુભ છે. જે મહાત્માઓ તે અહિંસા લક્ષણ ઉત્તમ ધર્મને આચરે છે, તે મહાત્માઓ વિષ્ણુલોકમાં જાય છે.

કૂર્મ પુરાણમાં નગપડલ પ્રથમમાં લખે છે—

" अभक्ष्याणि ह्यभक्ष्याणि कंदमूले विशेषतः ।
नूतनोदयपत्राणि वर्जनीयानि सर्वतः ॥ १ ॥

मद्यपाने मतिभ्रंशो नराणां जायते खलु ।
न धर्मो न दया तेषां न ध्यानं न च सत्क्रिया ॥ २ ॥

मद्यपाने कृते क्रोधो मानो लोभश्च जायते ।
मोहश्च मत्सरश्चैव दुष्टभाषणमेव च ॥ ३ ॥

वारुणीपानतो यांति कीर्त्तिकांतिमतिश्रियः ।
विचित्रा चित्ररचना वांछंति कज्जलादिव ॥ ४ ॥

भूतार्त्तवन्नरीनर्त्ति रारटीति सशोकवत् ।
दाहज्वरार्त्तवद् भूमौ सुरापो लोलुटीति च ॥ ५ ॥ ”

સઘળા અભક્ષ્ય ભક્ષણ કરવા યોગ્ય નથી, તેમા કંદ, મૂળ અને જેમને નવાં પત્ર આવ્યાં હોય, તે વિશેષ વર્જવા યોગ્ય છે. મદ્યપાન કરવાથી પુરૂષોની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, તેમને ધર્મ, દયા, ધ્યાન અને સત્કારની ક્રિયાઓ રહેતી નથી. મદ્યપાન કરવાથી ક્રોધ, માન, લોભ, મોહ, મત્સર, અને દુષ્ટ ભાષણ થાય છે. વારૂણી–મદિરાનુ પાન કરવાથી કીર્ત્તિ, કાંતિ, મતિ, અને લક્ષ્મી ચાલી જાય છે કાજળીની જેમ વિચિત્ર ચિત્ર રચનાની ઇચ્છા થાય છે. મદિરાપાની પુરૂષ જાણે ભૂત વળગ્યુ હોય, તેમ અતિ નાચે છે, શોકવાળો હોય, તેમ અતિશે રૂવે છે, અને દાહજ્વરથી પીડિત હોય, તેમ પૃથ્વી ઉપર આળોટે છે. યોગશાસ્ત્રમા પણ નીચે પ્રમાણે લખે છે —

“ मद्यं पित्वा ततः कश्चित् मांसं च स्पृहयेन्नरः ।
कश्चिद्वधं करोत्युक्तजंतुसंघात घातकः ॥ १ ॥

मद्ये मांसे मधुनि नवनीते तक्रतो बहिः ।
उत्पद्यंते विपद्यन्ते सुसूक्ष्मा जंतुराशयः ॥ २ ॥

पुत्रमांसं वरं भुक्तं नतुमूलकभक्षणम् ।
भक्षणान्नरकं याति वर्जनात्स्वर्गमाप्नुयात् ॥ ३ ॥

મદ્યનુ પાન કર્યા પછી કોઇ પુરૂષ માસની સ્પૃહા કરે છે, અને કોઇ હિંસા કરે છે, અને જંતુઓના સમૂહનો ઘાતક થાય છે. મદ્ય, માસ, મધુ તથા છાશમાથી બહાર કાઢેલા માખણમા અતિ સૂક્ષ્મ જંતુઓનો સમૂહ ઉત્પન્ન થાય છે, અને વિલીન થઇ જાય

मद्यपाने मतिभ्रंशो नराणां जायते खलु ।
न धर्मो न दया तेषां न ध्यानं न च सत्क्रिया ॥ २ ॥

मद्यपाने कृते क्रोधो मानो लोभश्च जायते ।
मोहश्च मत्सरश्चैव दुष्टभाषणमेव च ॥ ३ ॥

वारुणीपानतो यांति कीर्त्तिकांतिमतिश्रियः ।
विचित्रा चित्ररचना वांछंति कज्जलादिव ॥ ४ ॥

भूतात्तवन्नरीनर्त्ति रारटीति सशोकवत् ।
दाहज्वरार्त्तवद् भूमौ सुरापो लोलुटीति च ॥ ५ ॥ ”

સઘળા અભક્ષ્ય ભક્ષણ કરવા યોગ્ય નથી, તેમા કંદ, મૂળ અને જેમને નવાં પત્ર આવ્યા હોય, તે વિશેષ વર્જવા યોગ્ય છે. મદ્યપાન કરવાથી પુરૂષોની બુદ્ધિ ભ્રષ્ટ થાય છે, તેમને ધર્મ, દયા, ધ્યાન અને સત્કારની ક્રિયાઓ રહેતી નથી મદ્યપાન કરવાથી ક્રોધ, માન, લોભ, મોહ. મત્સર, અને દુષ્ટ ભાષણ થાય છે વારૂણી–મદિરાનું પાન કરવાથી કીર્ત્તિ, કાંતિ, મતિ, અને લક્ષ્મી ચાલી જાય છે કાજળીની જેમ વિચિત્ર ચિત્ર રચનાની ઇચ્છા થાય છે. મદિરાપાની પુરૂષ જાણે ભૂત વળગ્યુ હોય, તેમ અતિ નાચે છે, શોકવાળો હોય, તેમ અતિશે રૂવે છે, અને દાહજ્વરથી પીડિત હોય, તેમ પૃથ્વી ઉપર આળોટે છે. યોગશાસ્ત્રમા પણ નીચે પ્રમાણે લખે છે —

“ मद्यं पित्वा ततः कश्चित् मांसं च स्पृहयेन्नरः ।
कश्चिद्वधं करोत्युक्तजंतुसंघात घातकः ॥ १ ॥

मद्ये मांसे मधुनि नवनीते तक्रतो वहिः ।
उत्पद्यते विपद्यन्ते सुसूक्ष्मा जंतुराशयः ॥ २ ॥

पुत्रमांसं वरं भुक्तं नतुमूलकभक्षणम् ।
भक्षणान्नरकं याति वर्जनात्स्वर्गमाप्नुयात् ॥ ३ ॥

મદ્યનુ પાન કર્યા પછી કોઇ પુરૂષ માસની સ્પૃહા કરે છે, અને કોઇ હિંસા કરે છે, અને જંતુઓના સમૂહનો ઘાતક થાય છે. મદ્ય, માસ, મધુ તથા છાશમાથી બહાર કાઢેલા માખણમા અતિ સૂક્ષ્મ જંતુઓનો સમૂહ ઉત્પન્ન થાય છે, અને વિલીન થઇ જાય

છે. પુત્રનુ માસ ખાવું સારૂ, પણ મૂળીયાનું ભક્ષણ કરવુ સારૂં નહી. તે ભક્ષણ કરવાથી માણસ નરકે જાય છે, અને તેને વર્જવાથી સ્વર્ગે જાય છે

તેને માટે જૈન સિદ્ધાન્તમા પણ લખે છે—

“ मज्जंमिय मसंमिय णवनीयंमि चउथ्थए ।
उपज्जंति असंखेया तवन्ना तत्थ जंतुओ ॥ १ ॥ ”

મદિરામાં, માસમા, માખણમા અને મધમા તેના જેવા રગવાળા અસંખ્ય જીવો ઉત્પન્ન થાય છે

કિરાત મિત્રો ! આ વાત ધ્યાનમાં રાખજો. તે શિવાય અન્ય મતના માર્કંડેય પુરાણમા એવો પણ લેખ છે કે, જે પુરૂષ શ્રાદ્ધમા ધર્મ મેળવવાની ઇચ્છાથી મધ આપે છે, તે તે ભોજન કરનારા લપટ પુરૂષોની સાથે ઘોર નરકમાં જાય છે કદ મૂળને ખાનારા મિથ્યાત્વીઓના શાસ્ત્રમા પણ તે વાતનો નિષેધ છે ઇતિહાસ પુરાણમા લખ્યુ છે કે, જે વતાક, કાલિંગા અને મૂળાનું ભક્ષણ કરે છે, તે મૂઢ પુરૂષ અતકાળે દુખ પામશે જેના ઘરમા સારૂ અન્ન છતા મૂળા રંધાય તો તેનું ઘર સ્મશાન જેવુ છે, અને તેના ઘરમા પિત્રિઓ રહેતા નથી પદ્મ પુરાણમા લખે છે કે, અડદ અથવા મગ વિગેરે +ગોરસની સાથે ભક્ષણ કરે, તો તે માસ તુલ્ય છે સૂર્ય અસ્ત થયા પછી જળ, રૂધિર સમાન અને અન્ન, માસ સમાન ગણાય છે, એમ માર્કંડેય મુનિએ કહેલુ છે વળી તે લખે છે કે, રાત્રિ ભોજન, પરસ્ત્રી ગમન, સંધાન (બોળ અથાણુ) અને અનત કાયનુ ભક્ષણ, એ ચાર નરકના દ્વાર છે

હે કિરાતલોકો ! કેટલાએક અભક્ષ્ય પદાર્થો છે, તે તમારે જાણવા જોઇએ. જેમા સક્ષેપથી મદ્ય, માસ, માખણ, મધ, બહુબીજી, કદ, મૂળ વિગેરેને સર્વથા ત્યાગ કરવા. તેની અદર સૂક્ષ્મ જીવો ઉત્પન્ન થાય છે તે અન્ય મતમા પણ એટલે સુધી કહે છે કે —

पृथिव्यामप्यहं पार्थ वायावग्नौ जलेऽप्यहम् ।
वनस्पतिगतश्चाहं सर्वमात्ममयं जगत् ॥ १ ॥
तस्मां सर्वगतं ज्ञात्वा न हिंस्येत कदाचन ।
अहं सर्वस्य तुल्यत्वं भजामि कल्पमोज्झितः ॥ २ ॥

હે અર્જુન ! પૃથ્વીમા, વાયુમા, અગ્નિમા, જળમા અને વનસ્પતિમા હુ પોતે જીવ રૂપે રહેલ છુ એવી આ બધુ જગત આત્મમય છે મને સર્વવ્યાપક જાણીને કોઇની હિંસા કરવી નહીં હુ કલ્પ રહિત થઇને સર્વની તુલ્યતાને ભજુ છુ ૧-૨

+ [illegible]

કિરાત મિત્રો ! તમે અરણ્યમા રહો છો, માટે તમને ભક્ષ્યાભક્ષ્યની ખબર હોતી નથી. તેથી તમારે અજાણ્યા ફળ, બરફ, માટી વિગેરે અભક્ષ્ય વસ્તુનો ત્યાગ કરવો અનંતકાયનો ત્યાગ કરવાને માટે શાસ્ત્રમા લખે છે કે, વજ્રકંદ, સૂરણ, આદુ, હળદર, આલુ, કચુરો, કુંઆર, લસણ, થોહાર, ગિરિકર્ણી, વાસ, કારેલા, લુણી, સતાવરી, લીલી મોથ, ગાજર, ગતાળુ, પિંડાળુ, મૂળા, અમૃતવેલ, વૃક્ષની અંતર છાલ, થેગ, સુરિ, આમળી, ખિલોડા, બધા કોમળ પાન, ગળો અને ભૂમિછત્ર, એ બધાને જે પુરૂષ તજી દે છે, તે આ સંસાર સાગરને તરી જાય છે

મિત્રો ! તમે તમારી આજીવિકા લુંટવા ઉપર ગણી છે, તે ઘણી અધમ આજીવિકા છે. હવેથી તેવી આજીવિકાનો ત્યાગ કરજો તે અદત્તાદાનથી મહા પાપ લાગે છે, ચોરીનુ વ્યસન એ નરકનુ દ્વાર છે બીજાની વસ્તુ હરી લેવાથી તેનો અંતરાત્મા પરિતાપ પામે છે, તેની શુભ વાસનાનો વિચ્છેદ થાય છે, અને તે સર્વદા તેને માટે અતિ દુ:ખ રાખ્યા કરે છે, તેવુ કામ કરવામા કેટલુ પાપ ? તેનો વિચાર કરો. હવે ચોરીરૂપ મહાપંકની સાથે તમે તમારા આત્માને લિપ્ત કરશો નહીં તે મહા પાપનું ફળ કેવળ પરલોકમાં મળે છે, એટલુજ નહીં, પણ આ લોકમા પણ તે મળે છે

ભિલ્લરાજ ! જેવુ ચોરીના વ્યસનનું પાપ છે, તેવા બીજા પણ પાપના કારણો ઘણા છે મિત્રનો દ્રોહ, સ્વામીનો દ્રોહ, વિશ્વાસઘાત, કરેલા ગણનો ઘાત, અને છળકપટ, એ નરકની ગતિને આપનારા છે તેથી તેવા બધા પાપનો ત્યાગ કરજો નીતિરૂપ કલ્પલતાનુ સર્વદા સેવન કરજો તમે વનવાસી છો, નાગરિક જનના આચારથી અજ્ઞાત છો, તથાપિ નાગરિક જનના કરતા તમારા હૃદય વિશેષ નિર્મળ હોય છે જે દ્રઢતા તમારામાં છે, તેવી નગરવાસીઓમા હોતી નથી તમારી બુદ્ધિ અલ્પ હોય. પણ તમારા હૃદયમાં નિર્મળતાનો પ્રકાશ વિશેષ હોય છે, તેથી તમે અલ્પ સમયમા સારી ગતિના પાત્ર થવાની યોગ્યતા મેળવી શકો છો

કિરાત ગૃહસ્થો ! હવે છેવટે એટલુજ કહેવાનું કે, તમે મનુષ્ય છો, તમારી શક્તિ ઉત્તમ છે, તમારૂ જીવન જેવી ઉન્નતિ મેળવવી હોય, તેવી મેળવવાને લાયક છે, તમારો વાસ અરણ્યમા હોવાથી તમે સદાચારની યોગ્યતાના અધિકારી થઇ શકયા નથી, તેમ તમને તેવી યોગ્યતા સંપાદન કરાવે, તેવા કોઇ ધાર્મિક પુરૂષનો સમાગમ પણ થયો નથી, તેથી તમે આજ સુધી અજ્ઞતામા મગ્ન થઇ રહ્યા હતા. હવે ઉદયનો સમય આવ્યો છે, તમારી કન્યાનો સ્વીકાર કરી, મે તમારી સાથે પવિત્ર સંબંધ જોડયો છે. મારા સંબંધને કૃતાર્થ કરવો, એ તમારા હાથમાં છે તમારા સંબંધથી મને લોકોમા લજ્જા થવી ન જોઇએ ? તમે વનરાજ્યના રાજા છો, તમારી કન્યા એક રાજકન્યા છે, તે સ્થિતીનો વિચાર કરી મે જોડેલો આ સંબંધ જેવી રીતે લોકોમા પ્રશંસાપાત્ર થાય, તેવી રીતે તમે પ્રવર્તન કરજો, અને અતિ દુર્લભ એવા આ માનવ જીવનને સંપૂર્ણ રીતે કૃતાર્થ કરજો

આ પ્રમાણે શ્રીચંદ્રકુમારે ઉપદેશ આપ્યો, તે સાભળી ભિલ્લ લોકો ઘણા ખુશી

થઇ ગયા. તેમના જંગલી વિચારોમાં ઘણો ફેરફાર થઇ ગયો, તેમના મલિન સંસ્કારોમાં ઉત્તમ પ્રકારનો સુધારો થઇ આવ્યો, તેઓના હૃદયમા માનવ જીવન કાંઇક ઉત્તમ પદાર્થ છે, એવું ભાન આવ્યું. તેઓ બધાએ વિનયથી નમન કરી, શ્રીચંદ્રનો ઉપકાર માન્યો, અને તેમના વિયોગને માટે હૃદયનો શોક પ્રદર્શિત કર્યો.

તેમનામાંથી જયકુંજર નામના એક ઉત્તમ જાતના ક્ષત્રિયને પોતાના સુવેગ રથનો સારથિ નિમી અને ભિલકન્યા તથા બીજા પરિવારને કુશસ્થલીપુરીમા જઇ અંગીકાર કરવાની પ્રતિજ્ઞાના વચન આપી, શ્રીચંદ્ર માર્ગે રવાને થયો. પ્રેમી કિરાત વર્ગ અને કિરાત કાંતાઓ તેને વળોટાવાને કેટલેક દૂર આવ્યાં શ્રીચંદ્રનો રથ જ્યા સુધી દેખાયો, ત્યાં સુધી તેઓ એક દ્રષ્ટિએ તેની સામે જોઇ રહ્યાં, અને જ્યારે અદર્શન થયું, ત્યારે નયનમાથી અશ્રુધારા ચાલવા લાગી. મોહિની અને તેનો પરિવાર બીજે માર્ગે ગયો હતો. શ્રીચંદ્ર અને મોહિનીના માર્ગ અત્યારે જુદા હતા, પણ તેમના પ્રેમનો માર્ગ એકજ હતો તે પ્રેમયજ્ઞની સમાપ્તિ આખરે કુશસ્થળી નગરીની રાજધાનીમાં થવાની છે. સુવેગરથનો દિવ્ય પ્રભાવ પોતાના મૂળ નાયકને મળવાથી વિશેષ પ્રદીપ્ત થયો હવે તે રથ અને તેના નાયકનો ચરિતાનુયોગ ક્યાં થશે, અને તેમાં બીજો શો ચમત્કાર આવશે ? તે વાચકોને આગળ જણાશે

પ્રકરણ ૬૧ મું.

સરસ્વતી.



એક સુંદર યક્ષ મંદિર આવેલું છે, મંદિરની શોભા વિમાનના જેવી છે, તેના મનોહર સ્તંભ ઉપર અદ્ભુત કારીગરી રચેલી છે, પ્રત્યેક સ્તંભ ઉપર નમુનાદાર પુતળીઓ ગોઠવેલી છે, મંદિરના મધ્ય ભાગે ઉંચો અને મોટા ઘેરાવવાળો ઘુમટ આવેલો છે, ઘુમટની ચારે બાજુ જુદાં જુદા ચમત્કારી ચિત્રો ચિતરેલા છે, કોઇ દેવતાનાં, કોઇ દેવીઓના, કોઇ રાજાઓના, કોઇ શૂરવીરોના, અને કોઇ શાસન દેવતાઓનાં છે, પ્રત્યેક ચિત્રો જાણે પ્રત્યક્ષ રૂપે હોય, તેવા દેખાય છે.

આવા સુંદર મંદિરમા એક રાજકન્યા બે સખીઓની સાથે ફરે છે રાત્રિનો સમય છે, મંદિરમાં જડેલા રત્નોના પ્રકાશથી અંધકાર દૂર થઇ ગયુ છે, તેમાં વળી આ રાજકન્યાના તેજથી અને તેનાં રત્નમય આભૂષણોથી એ પ્રકાશમાં વધારો થાય છે તે ત્રણે બાળાઓ ફરતી ફરતી મંદિરના એક ભાગમાં આવી, ત્યાં એક તરૂણ પુરૂષ સૂતેલો જોવામા આવ્યો. તેની આકૃતિ મોહક હતી, તથાપિ રાત્રિના ઝાંખા પ્રકાશથી તે જોતાંએ તેની દેખાતી નહતી નિદ્રાએ તેના મનોબળને મૂઢ બનાવી દીધુ હતું, તેની બધી શારીરિક

ચેષ્ટાઓ શાંત પડી ગઇ હતી, નિદ્રાની ગહન શક્તિએ તેને નિશ્ચેષ્ટ અને મૂઢ કરી દીધો હતો, રાત્રિનો સમય અને મંદિર એકાંત હતું, તથાપિ તે નિર્ભયપણે નિદ્રાનો સ્વાદ લેતો હતો

ત્યાં ફરતી તે ત્રણ બાળાઓમાં એક મુખ્ય હતી, અને બીજી બે તેની આશ્રિત સખીઓ હતી, બીજી બે તેની આશ્રિત છતાં તે મુખ્ય નાયિકાની સમાનતાને ધારણ કરતી હતી. મુખ્ય નાયિકા તેઓનું માન સાચવતી, અને ક્ષણે ક્ષણે તેઓની તરફ પ્રેમદૃષ્ટિએ જોતી હતી

તે સૂતેલા પુરૂષને જોતાંજ મુખ્ય નાયિકાને સંભ્રમ થઇ ગયો પોતાની મનોવૃત્તિની ધારણા સફળ થવાથી તેણી અત્યંત આનંદ પામી ગઇ તત્કાળ તેણીએ પોતાની બંને સખીઓને કહ્યું, સખીઓ ! યક્ષની વાણી સફળ થઇ જેને માટે યક્ષ દેવે પ્રેરણા કરી આપણને અહીં મોકલ્યાં, તેજ આ વીર પુરૂષ છે સખીઓ ! આ સૂતેલા વીર પુરૂષને જગાડવો જોઇએ, જરૂર તેજ પુરૂષ છે **સખીઓ** બોલી, પ્રિય સખી ! તમારૂં કહેવું યથાર્થ છે, તમારા મનની ઇચ્છા પૂર્ણ કરનાર અને તમારા મનોરથને સફળ કરનાર, આ વીર નરજ છે સખી ! હવે તેને જગાડો, અને તમારૂં સુંદર દર્શન કરાવો. હજુ તે ગાઢ નિદ્રામાં તલ્લીન છે. આ મહાશયના સત્કર્મનો પડદો જ્યાં સુધી પડયો નથી, ત્યાં સુધી તે અજ્ઞાન દશારૂપ નિદ્રા સુખને અનુભવે છે. તેને ખબર નથી કે, મારે માટે એક સુંદર રાજકુમારી વરવાને તૈયાર થઇ ઉભી છે. ભાગ્યના ઉંચા શિખર ઉપર મારે હમણાંજ ચડવાનું છે, મારે પૂર્વ કર્મનાં મહા ફળ અનુભવવાનો સમય નજીક આવ્યો છે, અને મારી આશાલતા નવપલ્લવ થઇ મધુર ફળ આપવાને ઉન્મુખ થઇ રહી છે.

સખીઓના આવા વચન સાભળી રાજબાળા બોલી, પ્રાણનાથ ! જાગ્રત થાઓ. આ રાજપુત્રી પોતાની ભાગ્યદેવીની પૂજા કરી, આપની પૂજા કરવાને તૈયાર થઇ ઉભી છે. આપ મહાશયને મળવાનો મહા માર્ગ એ ભાગ્યદેવીએ મને દર્શાવ્યો છે તે માર્ગને અનુસારેજ હું આપની સન્મુખ આવી ઉભી છું પ્રાણેશ ! જાગ્રત થાઓ, આપની પહેલા મારાં અને તમારાં સદ્ભાગ્ય જાગ્રત થઇ ગયાં છે. આવા રાજબાળાના શબ્દો તે રાજકુમારના કર્ણ માર્ગમાં થઇ અંતરમા પેઠા તરતજ નિદ્રાનો મહા મોહ પવનથી વાદળની જેમ વીંખાઇ જવા લાગ્યો, મૂર્છા અને જાગ્રતિ વચ્ચે યુદ્ધ ચાલ્યુ, જાગ્રતિએ જોર કરી મલિન મૂર્છાને દબાવી દીધી તે પુરૂષ તરતજ જાગ્રત થઇ બેઠો થયો, આગળ અવલોકન કરતા રાજબાળા અને તેની બે સખીઓ દૃષ્ટિએ પડી

વાચનાર ! ચાલતા પ્રસંગને લઇ તમે આ જાગેલા પુરૂષને ઓળખી લીધો હશે. એ પુરૂષ તમારો ઘણો પરિચિત છે, તેના ઉન્નતિ ભરેલાં ચરિત્રો તમે પ્રથમથીજ વાંચતા આવો છો એટલે તે પુરૂષના જ્ઞાનનું પ્રતિબિંબ તમારા હૃદય દર્પણમાં પડી ગયુ હશે. બીજી જે ત્રણ સુંદરીઓ છે, તેઓને તમે ઓળખી શકશો નહીં કારણ કે, તેઓ તમારી

પરિચિત નથી. તેમનાં ચરિત્રનું, કે તેમની ઉત્પત્તિ તથા આ પ્રવૃત્તિનુ તમને બીલકુલ જ્ઞાન નથી, ચાલો હવે તમને એ બધા પાત્રો ઓળખાવીએ આ યક્ષ મંદિરમા સૂનેલો પુરૂષ તે આપણો ધાર્મિક નાયક શ્રીચંદ્ર છે, તે આ યક્ષ મંદિરમા આવી સૂતો છે આ યક્ષ મંદિર કુંડલપુરના ઉદ્યાનમા આવેલુ છે. રાજકુમાર શ્રીચંદ્ર સુવેગ રથ તથા કુંજર સારથિને સાથે લઇ કુંડલપુર આવ્યો હતો. પોતાનો કાફલો બીજે સ્થળે રાખી, તે કુંડલપુર જોવાને ગયો હતો સંધ્યાકાળ થયો, એટલે ત્યાથી પાછો ફરી તે આ યક્ષ મંદિરમા આવી સૂતો હતો આ વખતે કુંડલપુરની રાજકુમારી **સરસ્વતી** પોતાની બે સખીઓની સાથે અહી આવી છે તે બંને સખીઓના નામ **સુનામિકા** અને **સુરૂપિણિ** છે આ વીર પુરૂષને સુતો જોઇ, તેઓ આશ્ચર્ય પામી જાય છે, અને જે જાગ્રત કરવાનો પ્રયત્ન કરે છે

કર્મની ગતિ કેવી વિચિત્ર છે ? સુકૃતની પ્રબળતા કેવી અદ્ભુત છે ? પુરૂષ ગમે ત્યા ગયો હોય, અને ગમે ત્યા છુપી રીતે રહ્યો હોય, પણ સુકૃતની શ્રેણી નૃત્ય કરતી કરતી શુભ ફળ લઇને તેની પાસે આવે છે. સાહિત્યકાર તેને માટે નીચેનું પદ્ય લખે છે.—

यद्यपि कृतसुकृतलवः प्रयाति गिरिकंदरांतरेषु नरः ।
करकलितदीपकलिका विलोक्य लक्ष्मीस्तमनु याति ॥ १ ॥

ભાવાર્થ—એક થોડું સુકૃત કરી પુરૂષ પર્વતની ગુફામાં ચાલ્યો જાય, તથાપિ લક્ષ્મી હાથમાં દીવી લઇને તેને જોતી જોતી તેની પાછળ જાય છે ૧

તે વિષે જ્ઞાનવિમળસૂરિ પણ પોતાના રાસમાં તેને મળતુજ નીચે પ્રમાણે લખે છે —

જેહને સાથે સુકૃત છે, તે જાણો તિહાં જાય,
કરતલ દિપકની પરે, લક્ષ્મી હોય સહાય.

ભણવાર પછી રાજકુમાર સાનંદાશ્ચર્ય થઇ બોલ્યો, સુંદરીઓ ! તમે કોણ છો ? આવા એકાંત સ્થળમાં રાત્રે ક્યાથી આવો છો ? તમારી સાહસ શક્તિ બળવાન્ લાગે છે, આવા સ્થળમાં અબળા જાતિ આવે, તે જોઇ કોને આશ્ચર્ય ન થાય ? આ વખતે તમે અહીં આવ્યા, તેનુ શું પ્રયોજન છે ? વળી મારી ગાઢ નિદ્રાનો ભંગ કરવાનુ કારણ શુ છે ? મંદિરની બહાર કોઇ તમારી સાથે આવેલ છે કે નહીં ? રાજકુમાર શ્રીચંદ્રના આવા વચન સાંભળી, તેઓમાંથી એક સ્ત્રી બોલી— મહાવીર ! આ સુંદરી અરિમર્દન રાજાની પુત્રી સરસ્વતી છે, તે હમેશા યક્ષની પૂજા કરે છે, પોતાના સૌભાગ્યની વૃદ્ધિને માટે તેણીની આસ્થા યક્ષની ઉપર વધારે છે, યક્ષના પ્રભાવથી તેના ભાગ્યનો મહિમા [illegible] એક વખતે રાજકુમારી પોતાના પિતાના ઉત્સંગમા બેઠી હતી, પુત્રીનુ સૌંદર્ય [illegible], રાજાએ મંત્રીને જણાવ્યુ કે, આ પુત્રીના વરને માટે તપાસ કરો

કોઇ વીર માનવ રત્નને શોધી કાઢો રાજા આ પ્રમાણે મંત્રીને કહેતો હતો, ત્યાં એક યાચક નીચે પ્રમાણે બોલી ઉઠયો—

“ કુશસ્થળપુરનો રાજકુમાર શ્રીચંદ્ર છે, તે દાતા, ભોક્તા, સાહસી અને ગુણરૂપ મણિરત્નનો ભંડાર છે, તે મહાવીર કોઇ કારણથી રીસાઇને બહાર ચાલ્યો ગયો છે ”

યાચકના આ શબ્દો કવિતારૂપે સાંભળી, રાજા આશ્ચર્ય પામી ગયો, પોતાને એ વાત અનુકુળ હતી, તથાપિ તે મૌન ધરીને બેસી રહ્યો.

આજ દિવસે રાજકન્યાને સ્વપ્નમા આવી યક્ષે કહ્યુ કે, રાજકુમારી ! ચિંતા કરશો નહી, આજથી પાંચમે દિવસે હુ તને મનોવાંછિત વરની સાથે ભેટાડીશ યક્ષના આવા વચનથી રાજકન્યા ઘણી ખુશી થઇ તે વાત તેણીએ અમો, કે જે તેમની સખીઓ છીએ, તેમને જણાવી આ અરસામા એવું બન્યુ કે, નગરમા **શ્રીદત્ત** નામે મંત્રીનો પુત્ર હતો, તે રાજકુમારીના સૌંદર્યથી તેણીની ઉપર રાગી થયો હતો, તેણે રાજકન્યા મેળવવાને અનેક ઉપાયો કરવા માંડયા મંત્રીના કહેવાથી અરિમર્દન રાજાના મનમા પણ એમ થયું કે, આ રાજકન્યા મંત્રીપુત્ર શ્રીદત્તનેજ આપવી આ ખબર જાણી દૃઢ હૃદયની રાજબાળાએ અમોને તે વાત જણાવી, અને યક્ષના કહેવા પ્રમાણે આજે વિવાહની સામગ્રી લઇને અમો અહી છુપી રીતે આવેલા છીએ, અને એ મહાશયાના મહા ભાગ્યથી આજે તમારા દર્શન થયા છે રાજપુત્ર ! હવે સત્વર તૈયારી કરો, આ બાળાના મનોરથ પૂરા કરો જો આ ખબર અમારા મહારાજાને કાને આવશે તો, વિપરીત થશે.

આ બધો વૃત્તાંત સાંભળી, શ્રીચંદ્રે નિશ્ચય કર્યો કે, “ આશા ધરી આવેલી આ રાજકન્યાને નિરાશ કરવી નહી, વળી તેણીની સાથે મારો સંબંધ કર્મજનિત છે ” આવા નિશ્ચયથી શ્રીચંદ્રે તે રાજકન્યાનું પાણિગ્રહણ કર્યું. સદ્ભાગ્યના પ્રભાવથી અને પુણ્યના પ્રતાપથી શ્રીચંદ્ર સરસ્વતીનો પતિ થયો. એક સદ્ગુણરૂપ સરસ્વતીથી તે પ્રથમ તો સુશોભિત હતો, તે આ સદ્ગુણી સરસ્વતીથી વિશેષ સુશોભિત થયો શ્રીચંદ્ર જેવા સદ્ગુણી પતિને સંપાદન કરી, સરસ્વતીએ પોતાના સૌભાગ્યને સાર્થક કર્યું. જેવી રીતે આ મહાન્ લાભથી રાજકુમારી સરસ્વતીના હૃદયમા આનંદ થયો હતો, તેવીજ રીતે તેને આનંદની સાથે ચિંતા પણ થઇ હતી તે રાજબાળાએ વિચાર્યું કે, “ આ વિવાહ વિધિ ગુપ્તરીતે કરવામાં આવ્યો છે, તેથી પિતાને અતિશય કોપ થશે કોપે પ્રેરાયલા પિતા જો ચડાઇ કરીને આવશે તો, આ સહાય વગરના રાજકુમારનો નિગ્રહ થઇ જશે મારા નિમિત્તે રાજકુમાર અતિશય કષ્ટ પામશે, તેથી હવે અહીથી સહીસલામત ચાલ્યા જવુ જોઇએ આવુ વિચારી રાજકન્યા બોલી—“ પ્રાણનાથ ! સત્વર તૈયારી કરો, હવે અહી રહેવુ સલામત નથી. આપણે માટે યક્ષ મંદિરની બહાર સાંઢડી ઉભી રાખી છે, એ પવનવેગા સાંઢડી આપણને ક્ષણમા ઘણે દૂર લઇ જશે ’

તમારૂ ને વચન કાંઇક હેતુ સહિત લાગે છે. સરસ્વતીએ પુન. જણાવ્યું, પ્રાણાધીશ ! આપ જેવા ચતુર પુરૂષથી તે અજ્ઞાત રહે, એ અસભવિત છે. તથાપિ આપની ઇચ્છા મારે મુખે સાભળવાની છે, એમ જણાય છે સ્વામી ! એ પ્રકાશમા અધકાર તે મારા હૃદયની ચિતા છે. હવે ક્ષણવારમા મારા પિતા આવી તમારો નિગ્રહ કરશે, અને તમે સહાય વગરના એકલા શુ કરી શકશો ? આ ચિતાના અધકારે મારા આનદના પ્રકાશને ઝાંખો કરી દીધો છે. સ્વામીનાથ ! તમારા પુણ્યના પ્રકાશથી એ ચિતારૂપ અધકાર દૂર થઇ જાઓ. શ્રીચંદ્રે ઉત્સાહથી કહ્યુ, " પ્રિયા ! હિમ્મત રાખો, તમારા પિતાથી શું અનર્થ થઇ શકે તેમ છે ? તે માનવરૂપે છે, અને હું પણ માનવરૂપ છુ; તેમા શો ભય રાખવાનો છે ? જે ભાવી હશે તે બનશે, કર્મની પ્રબળ સત્તા આગળ હું અને તે બંને રાક છીએ. ક્ષાત્રતેજમાં ભયનો અધકાર પેસી શકતો નથી જગતમા ક્ષાત્રબળ અપ્રતિહત છે, સાહસની સીમા ક્ષાત્રતેજમાજ સમાપ્ત થાય છે " આવા શ્રીચદ્રના વચન સાંભળી સરસ્વતીના હૃદયમાથી ચિંતાધકાર દૂર થઇ ગયો, હૃદયના સર્વ પ્રદેશમા આનદનો પ્રકાશ પડી રહ્યો. પતિના ક્ષાત્રતેજની છાયા તેણીના ઉપર આરૂઢ થઇ ગઇ.

જ્યારે પ્રાતઃકાળ થયો, એટલે યક્ષના પૂજારીએ આ સર્વ બનાવ જોઇ લીધો કોઇ અજાણ્યા પુરૂષની સાથે રાજકન્યા પરણી, એ વાત તેના જાણવામા આવી તરતજ તે કુંડલપુરના દરબારમાં દોડી આવ્યો, તેણે આ વાત રાજા અરિમર્દનને જણાવી. તે સાભળતાજ કુડળપુરના પતિને અતિશય ક્રોધ ચડી આવ્યો. યક્ષમદિરમાં બનેલા આ ગુપ્ત બનાવથી પોતાની પ્રતિષ્ઠાની હાની થવાનો વિચાર આવ્યો. તરતજ તેણે પોતાના મત્રીને બોલાવ્યો, અને પોતે જાતે યક્ષમદિરમા જવાને તૈયાર થયો ચતુર મત્રીએ રાજાને ત્યાં જતા અટકાવ્યો, અને ચતુરંગ સૈન્યને લઇ સેનાપતિને મોકલવાનો ઠરાવ કર્યો. રાજાની આજ્ઞાથી સેનાપતિ ચતુરગ સેના લઇ યક્ષમદિર ઉપર ચડી આવ્યો. ઉછળતા સમુદ્ર જેવા સૈન્યને આવતું જોઇ, રાજકન્યા કપી ચાલી. તેણે સ્વામીને કહ્યું કે, પ્રાણનાથ ! હવે કોનુ શરણ લેવુ ? શ્રીચદ્રે વીરતા દર્શાવી કહ્યુ, પ્રિયા ! નાહીંમત થાઓ નહીં, આપણે ધર્મનુ શરણ છે, તમે જરાપણ ગભરાશો નહીં. આ મોટા સૈન્યના શા ભાર છે ? હુ તેને ક્ષણમાત્રમા વીખેરી નાખીશ આ પ્રમાણે પ્રિયાને શાંત કરી શ્રીચંદ્ર ગર્જના કરી સૈન્યની ઉપર તુટી પડ્યો ક્ષણમાત્રમાં તો તેણે બધા સૈન્યને સર કરી દીધુ તેના ઉત્કૃષ્ટ પુણ્યથી મોટી બળવાન્ સેના વીખાઇ ગઇ. સૈન્યનો પરાભવ જોઇ મત્રી પોતે સા આવ્યો; તેણે હાક મારીને શ્રીચદ્રને પૂછ્યુ, અરે ચોર ! તુ કોણ છે ? રાજકન્યાનું હરણ કરી કયાં જઇશ ? તારૂ નામ, કુળ અને વાસસ્થાન જણાવ. શ્રીચદ્રે સામી હાક મારી જણાવ્યુ, અરે ગર્વિષ્ટ ! તારા જેવા અધમની આગળ મારે નામ ઠામ જણાવવાની કાંઇ જરૂર નથી મે મારા પરાક્રમથીજ રાજકન્યાનુ હરણ કર્યું છે, તારે યુદ્ધ કરવાની ઇચ્છા હોય તો, સામો આવ. આ પ્રમાણે કહી શ્રીચદ્ર મત્રીની સામો થયો, અને તેણે પોતાના અતુલ બળથી મત્રીને સૈન્ય સહીત પાછો હઠાવ્યો.

આ વૃત્તાંત જાણી રાજા અરિમર્દન મોટું સૈન્ય લઇ ચડી આવ્યો. પોતાના પિતાને આવતા જોઇ સરસ્વતીએ શ્રીચંદ્રને કહ્યું. પ્રાણેશ ! હવે મારા પિતા જાતે આવે છે, તેમની સાથે મોટી સેના છે, આવી મહાન્ સેના લઇ આવેલા મારા પિતાને આપ શીરીતે જીતી શકશો ? શ્રીચંદ્ર બોલ્યો—પ્રિયા ! ચિંતા કરો નહીં, પુણ્યની પ્રબળતા હશે, તો તમારા પિતાને પણ ક્ષણમાં જીતી લઇશ. આ પ્રમાણે કહી શ્રીચંદ્રે પોતાના નામની **રત્નમુદ્રિકા** સરસ્વતીને આપી, અને પોતાની સર્વ જાતની ઓળખાણ કરાવી. પછી પોતે એક અંજન ગુટીકાના પ્રયોગથી સરસ્વતીને વાનરી બનાવી દીધી. તે ચપળ વાનરી શ્રીચંદ્રની સામે જોતી જોતી ઉભી રહી. તેની સખીઓ તે જોઇ આશ્ચર્ય પામી ગઇ. ક્ષણમાત્રમાં રાજા અરિમર્દને યક્ષ મંદિરને ઘેરી લીધું, અને શ્રીચંદ્રને પકડવાને પોતે ગજેંદ્ર ઉપર બેસી નજીક આવ્યો. શૂરવીર શ્રીચંદ્ર રાજાને ગજેંદ્ર ઉપર આવતો જોઇ, તરતજ પરાક્રમ દર્શાવવા કુદી પડયો, અને અતિ જોરથી રાજાને ખેંચી ગજેંદ્ર ઉપરથી પાડી નાખ્યો. તે પછી રાજાને બાંધીને બંધીવાન કરી દીધો. આ વખતે રાજાના સૈનિકોએ કોલાહલ કરી મુકયો, અને રાજકુમારનું અતુલ પરાક્રમ જોઇ સર્વે ચકિત થઇ ગયા.

આવું મહા પરાક્રમ દર્શાવી શ્રીચંદ્ર રણભૂમિમાંથી પસાર થઇ ગયો. તે કયાં ગયો ? અને શી રીતે ગયો ? એ કોઇના પણ જાણવામા આવ્યુ નહીં. શીયાળનાં ટોળામાથી જેમ કેશરીસિંહ ચાલ્યો જાય, તેમ તે ધીરવીર મહા પુરૂષ સૈનિકોના સમૂહમાંથી ચાલ્યો ગયો. પછી મંત્રી વિગેરે બંધનમા પડેલા રાજાની પાસે આવ્યા. મંત્રીએ પોતાના મહારાજાને બંધનમાંથી મુક્ત કર્યો, અને કોમળ વચનોથી તેના ઉશ્કેરાયેલા હૃદયને શાંત કર્યું. શાંત થયેલો રાજા યક્ષમંદિરમાં પોતાની પુત્રીને મળવા અને શોધવા જતો હતો, ત્યા એક ચારણના મુખથી નીચેની કવિતા સાંભળવામાં આવી.

गाहामांहे गुण कहे, जेहना सत्य चरित्र ।
गुणीना गुण पढता थका, रसना होय पवित्र ॥ १ ॥

चोरगिहाओ जेणं वंभपिया बालपुत्र विरहहया ।
वद्दिया नियपियरहिया सो धीरो जयउसिरिचंदो ॥ २ ॥

कुंडलपुरस्स रज्जं चंदमुहारायकनि परिणयणं ।
जक्खवयणओ विहिय चंदपुरं वासियं जेण ॥ ३ ॥

सो कुंडलपुरअहिवइ, सिरिचंदो जयउ पयावसिंहसुओ ।
मंफुसइ जस्स नइया, जग्गो भत्तीइ पायतले ॥ ४ ॥

જેના મન અરિમર્દન ગુણ ગાથાઓ [illegible] આવે છે, તેના ગુણી પુરૂષ [illegible]